તર્કસંગ્રહ

★ વિવરણકાર ★
પં. સંતોષાનંદ શાસ્ત્રી
M.A. (Philosophy),
(U.G.C.) NET Vedant Acharya

★ સંશોધિકા - સંપાદિકા ★
પૂ.સા.શ્રી શ્રુતવર્ષાશ્રીજી મ.સા.
પૂ.સા.શ્રી પરમવર્ષાશ્રીજી મ.સા.

॥ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥

આગમોદ્ધારક પ. પૂ. સાગરાનંદસૂરિગુરવે નમઃ

न्यायबोधिनी-पदकृत्यव्याख्योपेत-

तर्कसङ्ग्रहः

(સવિવરણ)

વિવરણકાર

પંડિત શ્રી સંતોષાનન્દશાસ્ત્રી

M.A. (Philosophy), N.E.T.

(U.G.C.) Vedantacharya

સંશોધિકા - સંપાદિકા

પ. પૂ. મૃગેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા

પૂ. શ્રુતવર્ષાશ્રીજી મ., પૂ. પરમવર્ષાશ્રીજી મ.



- : પ્રાપ્તિ સ્થાન :-

શ્રી ઉમરા શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

સોમનાથ મહાદેવ મંદિર રોડ, મલબાર હીલ,

સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,

ઉમરા, સુરત (ગુજરાત)

ફોન : (૦૨૬૧) ૬૫૫૨૬૧૪, ફેક્સ : ૨૬૬૯૭૧૨

મોબાઈલ: ૯૦૯૯૫ ૬૫૯૪૪, ૯૮૯૮૧ ૨૬૩૬૨ (રમેશભાઈ)

મૂલ્ય : પઠન-પાઠન

(પુસ્તક જ્ઞાનદ્રવ્યનું હોવાથી શ્રાવકે

આ પુસ્તકની માલિકી કરવી નહીં.)

આવૃત્તિ - પ્રથમ

નકલ : ૧૨૦૦

વિ.સં. : ૨૦૭૨



અનુમોદના...

અનુમોદના... અનુમોદના...

જ્ઞાન દ્રવ્યની રાશિનો સદ્વ્યય
કરીને પ્રસ્તુત પુસ્તકના
પ્રકાશનનો મહાન લાભ

શ્રી ઉમરા શ્વે.મૂ.પૂ જૈન સંઘે
(સુરત)

મેળવ્યો છે
તે બદલ ખૂબ ખૂબ

ધન્યવાદ

ॐ पातु वः काशीपतिः

किञ्चिद् प्रास्ताविकम्

प्रस्तुत तर्कसंग्रहः ग्रंथका प्रकाशन होने पर अतीव हर्षकी अनुभूति हो रही है। 'काणादं पाणिनीयञ्च सर्वशास्त्रोपकारकम्' इस प्रसिद्ध उक्ति के अनुसार न्यायशास्त्रका उपकारकत्व सर्व विदित ही है। और इसी कारण से न्याय-वैशेषिक दर्शनका सम्मिलित प्रकरणग्रंथ 'तर्कसंग्रह', न्यायके प्रारंभिक छात्रो के हृदयमें अपना स्थान बनाये रखने में सफल रहा है।

तर्कसंग्रह के उपर यद्यपि संस्कृत और हिन्दी, नाना प्रकारकी व्याखयाए प्रचलित हुइ है। परंतु पूज्य जैन साधु-साध्वीजीकी अध्ययन जिज्ञासा को लक्ष्य में रखकर, अत्यंत सरळतासे ग्रंथ विदित हो शके इस प्रकारकी भाषा शैली इस व्याख्यामे रखी गई है। अत एव कही कही थोडा बहुत विस्तार भी किया गया है।

व्याकरण-शास्त्र 'गौ मुख सिंह' है अर्थात् ऐसा सिंह जीसका मुख गौ की तरह है। इसका आशय यह प्रतीत होता है कि व्याकरण-शास्त्र प्रारंभमें सरळ किन्तु उत्तरोतर कठिन होता है। जबकि नव्यन्याय को 'सिंह मुख गौ' की उपमा दी गई है। अर्थात् न्याय-शास्त्र प्रारंभ में कठिन होता है परंतु जैसे जैसे छात्र गण उसका अभ्यास करते जाते है वो एकदम सरळ हो जाता है। आशा है कि मोक्षमार्गानुगामी पू. साधु-साध्वीजी गण ग्रंथ के इस स्वभाव-भेद और उपयोगिता को जानकर न्याय-अध्ययन की और प्रेरित होंगे।

प्रस्तुत व्याख्या हिन्दीमें ही लिखी गई थी किंतु उपयोगिता को देखते हुए पू. साध्वीजी श्रुतवर्षाश्रीजी तथा पू.सा. परमवर्षाश्रीजीने (सागर समुदाय) बहुत ही मनोयोगपूर्वक इसका गुजराती अनुवाद तथा

संशोधन किया। वस्तुतः इस व्याख्याकी प्रेरणा, अनुमोदना तथा लेखनमें जो भी श्रम है वो उनका ही है, मेरा योगदान तो न के बराबर है। उनकी इस सद्रुचि, धैर्य ओर औदार्य के प्रति में अपनी हार्दिक कृतज्ञता व्यक्त करता हुं। उनकी स्वाध्याय वृत्तिको अनेकशः नमन।

श्री उमरा जैनसंघ के ट्रस्टी के प्रति अपना अनेकशः हार्दिक आभार व्यकत करता हुं। उनके बिना यह ग्रंथ प्रकाशित नहीं हो पाता।

अंत में स्वाध्याय-रत सभी जैन साधु-साध्वीजी भगवन्तो को हृदय से नमन करता हुं, जिनकी कृपा-वर्षा का अनुभव हंमेशा होता रहेता है। स्याद्वाद की उस महान अविरत धारा को कोटिशः श्रद्धापूर्वक नमन। जो अत्यंत दुर्लभ है, और जिसको समझने से ग्रन्थि-भेद निश्चित है ऐसी अनेकान्तवाद की करुणामयी, समन्वयक द्रष्टि को अनेकशः प्रणाम।

प्रकृत गुजराती व्याख्या का परिशीलन मेरे द्वारा किया गया है फीर भी कोई त्रुटि हो तो परिमार्जनार्थ अवश्य सूचित करें।

दिनांक
30-3-2016
अर्पण
नानपुरा, सूरत.

पं. संतोष आनंद शास्त्री
M.A. (Philosophy), NET (U.G.C.)
Vedant - Acharya

વિષયાનુક્રમ

વિષય	પૃ.	વિષય	પૃ.
અનુબંધચતુષ્ટય	૨	આત્મદ્રવ્ય નિરૂપણ	૫૯
બાલનું લક્ષણ	૫	મનદ્રવ્ય નિરૂપણ	૬૧
પદાર્થ નિરૂપણ	૬	રૂપ નિરૂપણ	૬૩
શક્તિવાદ	૮	રસ નિરૂપણ	૬૮
સપ્તપદ ગ્રહણ	૯	ગન્ધ નિરૂપણ	૬૯
અન્યતમત્વ	૧૧	સ્પર્શ નિરૂપણ	૭૦
દ્રવ્ય નિરૂપણ	૧૨	પાકજ નિરૂપણ	૭૧
તમોવાદ	૧૩	પાકજ પ્રક્રિયા	૭૩
દ્રવ્યનું લક્ષણ	૧૫	સંખ્યા નિરૂપણ	૭૫
ગુણાદિનો સામાન્ય પરિચય	૧૮	પરિમાણ નિરૂપણ	૭૬
પૃથિવી નિરૂપણ	૨૧	પૃથક્ત્વ નિરૂપણ	૭૮
પૃથિવીનું લક્ષણ	૨૨	સંયોગ નિરૂપણ	૭૯
લક્ષણના ત્રણ દોષ	૨૬	વિભાગ નિરૂપણ	૮૦
ત્રણ દોષથી રહિત		પરત્વાપરત્વ નિરૂપણ	૮૩
લક્ષણની આવશ્યકતા	૨૬	ગુરૂત્વ નિરૂપણ	૮૪
નિત્યનું લક્ષણ	૨૮	દ્રવત્વ નિરૂપણ	૮૬
અનિત્યનું લક્ષણ	૨૮	સ્નેહ નિરૂપણ	૮૬
શરીરનું લક્ષણ	૩૦	શબ્દ નિરૂપણ	૮૮
ઘ્રાણેન્દ્રિયનું લક્ષણ	૩૧	બુદ્ધિ નિરૂપણ	૯૨
વિષયનું લક્ષણ	૩૨	સ્મૃતિ નિરૂપણ	૯૩
જલ નિરૂપણ	૩૩	અનુભવ નિરૂપણ	૯૫
તેજો નિરૂપણ	૩૪	યથાર્થ અનુભવ	૯૬
વાયુ નિરૂપણ	૩૬	સમૂહાલમ્બન જ્ઞાનનું પદકૃત્ય	૯૯
વાયુનું પરિષ્કૃત લક્ષણ	૩૮	અયથાર્થ અનુભવ	૧૦૦
અતિવ્યાપ્તિનું નિષ્કૃષ્ટ લક્ષણ	૪૭	યથાર્થાનુભવના પ્રકાર	૧૦૨
અવ્યાપ્તિનું નિષ્કૃષ્ટ લક્ષણ	૪૯	પ્રમાણના પ્રકાર	૧૦૪
અસંભવનું નિષ્કૃષ્ટ લક્ષણ	૫૦	અસાધારણ - સાધારણકારણ	૧૦૫
આકાશદ્રવ્ય નિરૂપણ	૫૨	પદકૃત્ય સહિત વ્યાપારનું લક્ષણ	૧૦૭
કાલદ્રવ્ય નિરૂપણ	૫૫	કારણ નિરૂપણ	૧૦૮
દિક્‌દ્રવ્ય નિરૂપણ	૫૮	કાર્ય નિરૂપણ	૧૧૧

વિષયાનુક્રમ

વિષય	પૃ.
સમવાયિકારણ	૧૧૨
અસમવાયિ કારણ	૧૧૫
નિમિત્તકરણ	૧૨૦
કરણ નિરૂપણ	૧૨૧
પ્રત્યક્ષપ્રમાણ નિરૂપણ	૧૨૩
પ્રત્યક્ષપ્રમા નિરૂપણ	૧૨૪
નિર્વિકલ્પક જ્ઞાન	૧૨૬
સવિકલ્પક જ્ઞાન	૧૨૭
સન્નિકર્ષ નિરૂપણ	૧૨૯
અનુમાન પરિચ્છેદ	
અનુમાન નિરૂપણ	૧૪૨
અનુમિતિ નિરૂપણ	૧૪૪
પરામર્શ નિરૂપણ	૧૪૬
વ્યાપ્તિ નિરૂપણ	૧૪૯
વ્યાપ્તિનું લક્ષણ	૧૫૧
પક્ષધર્મતા	૧૫૮
સ્વાર્થાનુમાન	૧૬૦
પરાર્થાનુમાન	૧૬૧
પંચાવયવવાક્ય	૧૬૩
લિંગપરામર્શ	૧૬૪
અન્વયવ્યતિરેકી હેતુ	૧૬૫
કેવલાન્વયી હેતુ	૧૬૮
કેવલવ્યતિરેકી હેતુ	૧૭૧
પક્ષ નિરૂપણ	૧૭૪
સપક્ષ નિરૂપણ	૧૭૬
વિપક્ષ નિરૂપણ	૧૭૭
હેત્વાભાસ નિરૂપણ	૧૭૮
સાધારણ અનૈકાન્તિક	૧૮૩
અસાધરણ અનૈકાન્તિક	૧૮૪
અનુપસંહારી અનૈકાન્તિક	૧૮૬
વિરુદ્ધ હેતુ	૧૮૭
સત્પ્રતિપક્ષ હેતુ	૧૮૯
અસિદ્ધ હેતુ	૧૯૦
સ્વરૂપાસિદ્ધ હેતુ	૧૯૧
વ્યાપ્યત્વાસિદ્ધ હેતુ	૧૯૩
ઉપાધિભેદ નિરૂપણ	૧૯૯
બાધિત હેતુ	૨૦૧
ઉપમાન પરિચ્છેદ	૨૦૨
શબ્દ પરિચ્છેદ	
લક્ષણા નિરૂપણ	૨૦૮
આકાંક્ષાદિ નિરૂપણ	૨૧૧
વાક્ય નિરૂપણ	૨૧૪
વાક્યાર્થજ્ઞાન	૨૧૫
સંશય નિરૂપણ	૨૧૬
વિપર્યય નિરૂપણ	૨૧૮
તર્ક નિરૂપણ	૨૧૮
સુખ નિરૂપણ	૨૨૦
દુઃખ નિરૂપણ	૨૨૨
ઈચ્છા-દ્વેષ-પ્રયત્ન નિરૂપણ	૨૨૩
ધર્માધર્મ નિરૂપણ	૨૨૪
સંસ્કાર નિરૂપણ	૨૨૫
કર્મ નિરૂપણ	૨૩૨
સામાન્ય નિરૂપણ	૨૩૪
વિશેષ નિરૂપણ	૨૩૫
સમવાય નિરૂપણ	૨૩૬
અભાવ નિરૂપણ	૨૩૮
પદાર્થોનો ઉપસંહાર	૨૪૪
તર્કસંગ્રહનું પેપર	૨૪૭

॥ श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

श्रीमदन्नम्भट्टप्रणीतः ।

श्रीतर्कसंग्रहः ।

न्यायबोधिनी - पदकृत्यव्याख्योपेतः ।

ભૂમિકા : આ તર્કસંગ્રહ એક દાર્શનિક ગ્રન્થ છે. દર્શન ઘણા છે પરંતુ હમણા પ્રચલનમાં નવદર્શન છે. તે આ પ્રમાણે...



જેમ જૈનોનું મૂળ સૂત્ર તત્ત્વાર્થ છે અને સ્યાદ્વાદમંજરી, પ્રમાણનયાદિ પ્રકરણ ગ્રન્થ છે તેમ છ વૈદિક દર્શનમાંથી ન્યાય અને વૈશેષિક દર્શનના સમન્વયરૂપ આ તર્કસંગ્રહ એક પ્રકરણ ગ્રન્થ છે.

શંકા : આ ગ્રન્થ ન્યાય અને વૈશેષિકના સમન્વય રૂપ કઈ અપેક્ષાએ છે ?

સમા. : ન્યાયદર્શન ચાર પ્રમાણને અને સોળ પદાર્થને માને છે, જ્યારે વૈશેષિકદર્શન બે જ પ્રમાણને અને સાત પદાર્થને સ્વીકારે છે. આ તર્કસંગ્રહ ગ્રન્થમાં પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણો બતાવ્યા છે, જે ન્યાયદર્શનના આધારે છે અને દ્રવ્યાદિ સાત પદાર્થોનું પણ નિરૂપણ કર્યું છે, જે વૈશેષિકદર્શનના આધારે છે. આના પરથી સમજી શકાય છે કે, આ તર્કસંગ્રહ ગ્રન્થ ન્યાય-વૈશેષિક ઉભયને જણાવનારો પ્રકરણ ગ્રન્થ છે.

શંકા : તર્કસંગ્રહ વગેરે ઈતરદર્શનના ગ્રન્થો શા માટે ભણવા જોઈએ ?

સમા. : ન્યાયશાસ્ત્ર ભણવાથી બુદ્ધિ સૂક્ષ્મ થાય છે અને તર્કશક્તિ ખીલે છે, જેના કારણે સર્વદાર્શનિક ગ્રન્થોમાં સહેલાઈથી પ્રવેશ કરી શકાય છે. એટલે છાત્ર જૈનદર્શનાદિના તાત્વિક ગ્રન્થોને સમજવામાં પણ સફળ બની શકે છે. કહેવાયું છે કે **'काणादं पाणिनीयं च सर्वशास्त्रोपकारकम्'**

★ મૂલ તર્કસંગ્રહ ગ્રન્થ ઉપર ઘણી ટીકાઓ લખાઈ છે જેમકે → દીપિકા, સિદ્ધાન્તચન્દ્રોદય, લઘુબોધિની, નિરુક્તિ, ન્યાયબોધિની, પદકૃત્ય, વિગેરે. એમાંથી આ મૂલગ્રન્થ ઉપર ન્યાયબોધિની અને પદકૃત્ય એમ બે ટીકાનું વિવરણ કરવાનો પ્રયાસ કરાય છે. તેમાં મૂલગ્રન્થના રચયિતા અન્નંભટ્ટાચાર્ય, ન્યાયબોધિનીના ગોવર્ધન પંડિત અને પદકૃત્યના ચંદ્રજસિંહ છે.

હવે એ મૂલ ગ્રન્થનો પ્રારંભ કરતા પહેલા મૂલકારશ્રી મંગલાચરણ કરે છે. કહેવાયું પણ છે કે 'मङ्गलादीनि मङ्गलमध्यानि मङ्गलान्तानि च शास्त्राणि प्रथन्ते वीरपुरुषकाणि च भवन्ति।' આ ઉક્તિ અનુસાર શાસ્ત્રગ્રન્થની આદિમાં મંગલાચરણ રૂપી શિષ્ટાચારનું પાલન કરવું જોઈએ. તેથી તર્કસંગ્રહ ગ્રન્થના પ્રણેતા અન્નંભટ્ટ ઈષ્ટદેવને નમસ્કાર કરવા રૂપ મંગલાચરણ કરવા દ્વારા પોતાના ગ્રન્થની રચનાનો પ્રારંભ કરે છે.

निधाय हृदि विश्वेशं विधाय गुरुवन्दनम्।
बालानां सुखबोधाय क्रियते तर्कसंग्रहः॥ १॥

શ્લોકાર્થ: વિશ્વેશ = સમસ્ત જગતના સ્વામી એવા ભગવાન્ શંકરને હૃદયમાં ધારણ કરીને અર્થાત્ ધ્યાન કરીને અને ગુરુને વંદન કરીને બાળજીવોને સુખપૂર્વક અર્થાત્ અલ્પ પ્રયાસ દ્વારા ન્યાયશાસ્ત્રનું જ્ઞાન કરાવવા માટે મારાવડે 'તર્કસંગ્રહ' ગ્રન્થની રચના કરાય છે.

વિશેષાર્થ :

ગ્રન્થની આદિમાં મંગલ કરવામાં મુખ્ય બે પ્રયોજન છે (૧) ગ્રન્થમાં પ્રતિબંધકીભૂત જે વિઘ્નો છે, તેના નાશ દ્વારા ગ્રન્થની સમાપ્તિ થાય. (૨) અનુબંધચતુષ્ટયનું કથન થાય.

★ મંગલ એ વિઘ્નના ધ્વંસ પ્રતિ કારણ છે કે સમાપ્તિ પ્રતિ કારણ છે? આ વિષયનું તર્કબદ્ધ પ્રતિપાદન મુક્તાવલી, દિનકરી વગેરે ગ્રન્થોમાં વિસ્તારથી કર્યું છે. જિજ્ઞાસુએ વધુ જાણવા માટે તત્ તત્ ગ્રન્થોનું અવલોકન કરવું જોઈએ.

અનુબંધચતુષ્ટય

શંકા : અનુબંધચતુષ્ટય કોને કહેવાય?

સમા. : ' ग्रन्थाध्ययनप्रवृत्तिप्रयोजकज्ञानविषयत्वमनुबन्धत्वम् ' અર્થાત્ ગ્રન્થને ભણવા માટેની જે પ્રવૃત્તિ કરાય છે. એમાં પ્રયોજકીભૂત = કારણીભૂત જે જ્ઞાન છે, તેનો વિષય એ અનુબંધ છે.

શંકા : ગ્રન્થના પ્રારંભમાં અનુબંધચતુષ્ટયનું કથન શા માટે કરવું ?

સમા. : 'विषयश्चाधिकारी च सम्बन्धश्च प्रयोजनम्
विनानुबन्धं ग्रन्थादौ मंगलं नैव शस्यते॥'

વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી રૂપ અનુબંધચતુષ્ટય વિના ગ્રન્થનો જિજ્ઞાસુ વ્યક્તિ ગ્રન્થને ભણવા માટે પ્રવૃત્ત થઈ શકતો નથી. કારણ કે ગ્રન્થને ભણવાની ઈચ્છા રાખતા વ્યક્તિને સ્વાભાવિક રીતે ચાર જિજ્ઞાસા થાય છે. (૧) આ ગ્રન્થમાં કયા વિષયનું પ્રતિપાદન કર્યું છે ? (૨) ગ્રન્થને ભણવાનું પ્રયોજન શું છે ? (૩) ગ્રન્થને ભણવા માટેનો અધિકારી કોણ છે ? (૪) ગ્રન્થ અને તેમાં નિરૂપણ કરાતા પદાર્થો વચ્ચે કયો સંબંધ છે ? વસ્તુતઃ આ ચાર જિજ્ઞાસાઓ શાંત થયા પછી જ શિષ્ય ગ્રન્થને ભણવામાં પ્રવૃત્ત થાય છે. તેથી આદિમાં અનુબંધચતુષ્ટયનું કથન અનિવાર્ય છે.

શંકા : શ્લોકમાં કયા પદ દ્વારા અનુબંધચતુષ્ટય દર્શાવ્યો છે ?

સમા. : શ્લોકના પૂર્વાર્ધમાં મંગલાચરણ કરીને ઉત્તરાર્ધમાં (૧) 'તર્કસંગ્રહ' પદ દ્વારા કહેવાયું કે દ્રવ્યાદિપદાર્થ આ ગ્રન્થનો વિષય છે. (કારણ કે 'तर्क्यन्ते=प्रमितिविषयीक्रियन्ते इति तर्काः' આ વ્યુત્પત્તિ દ્વારા પ્રમિતિનો = યથાર્થજ્ઞાનનો વિષય દ્રવ્યાદિ સાત પદાર્થ છે.) (૨) 'सुखबोधाय' પદ દ્વારા સૂચિત કરાયું કે બાળ જીવોને અલ્પપ્રયત્ન દ્વારા બોધ કરાવવો એ પ્રયોજન છે. (૩) 'बालानाम्' પદ દ્વારા સૂચિત કરાયું કે જેને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી અને જે ન્યાય શાસ્ત્રમાં પ્રવેશ કરવાની ઈચ્છા રાખે છે, તેવા જીવ આ ગ્રન્થને ભણવા માટે અધિકારી છે. (૪) સંબંધ જો કે કોઈ પણ પદ દ્વારા સૂચિત થતો નથી. પરંતુ ગ્રન્થના પદાર્થો પ્રતિપાદ્ય હોવાથી અને ગ્રન્થ એનો પ્રતિપાદક હોવાથી સ્વાભાવિક જ ગ્રન્થ અને પદાર્થો વચ્ચે પ્રતિપાદ્ય - પ્રતિપાદક સંબંધ જણાઈ જ જાય છે.

શંકા : ન્યાયશાસ્ત્રના ન્યાયસૂત્ર, ભાષ્યાદિ ઘણા ગ્રન્થ ઉપલબ્ધ છે જેનું અધ્યયન કરી શકાય છે છતાં આ નવા ગ્રન્થના નિર્માણનું પ્રયોજન શું છે?

સમા. : આનો ઉત્તર 'बालानाम् सुखबोधाय' પદ દ્વારા અપાઈ ગયો છે. આશય એ છે કે → પ્રાચીન ન્યાયસૂત્ર અતિવિસ્તૃત છે. એની ભાષા-શૈલી પણ ક્લિષ્ટ છે. તથા એ ગ્રન્થમાં રહેલા વિષયની પ્રતિપાદનશૈલી પણ પ્રાચીન છે. જ્યારે તર્કસંગ્રહ ગ્રન્થ એક પ્રકરણ ગ્રન્થ છે. એની ભાષા-શૈલી સરળ છે, વિષયવસ્તુ ક્રમબદ્ધ છે, તથા પદાર્થોનું પ્રતિપાદન સંક્ષિપ્ત હોવા છતાં પણ ન્યાય અને વૈશેષિક ગ્રન્થોના સારભૂત તત્ત્વોને સહેલાઈથી જણાવે છે. તેથી આ ગ્રન્થનું નિર્માણ યોગ્ય જ છે.

ન્યાયબોધિની

अखिलागमसंचारि-श्रीकृष्णाख्यं परं महः ।
ध्यात्वा गोवर्धनसुधीस्तनुते न्यायबोधिनीम् ॥ १ ॥

શ્લોકાર્થ : ચતુર્વેદાદિ સમસ્ત આગમોમાં (વર્ણનરૂપે) સંચાર છે જેનો એવા શ્રીકૃષ્ણ નામના પરમ તેજનું ધ્યાન કરીને ગોવર્ધન નામના વિદ્વાન્ પંડિત ન્યાયબોધિની નામની ટીકાને રચે છે.

(ન્યા૦) चिकीर्षितस्य ग्रन्थस्य निर्विघ्नपरिसमाप्त्यर्थमिष्टदेवतानमस्कारात्मकं मङ्गलं शिष्यशिक्षार्थं ग्रन्थादौ निबध्नाति - निधायेति ॥ १ ॥

કરવાની ઈચ્છાનો વિષયભૂત જે ગ્રન્થ છે, તે ગ્રન્થની નિર્વિઘ્ન પરિસમાપ્તિ થાય તે માટે કરેલા ઈષ્ટદેવતાનમસ્કારાત્મક મંગલને, શિષ્યશિક્ષા માટે = પોતાની પરંપરામાં આવેલા શિષ્યવૃન્દને પોતાનો આચાર જણાવવા માટે ગ્રન્થની આદિમાં 'નિધાય...' ઇત્યાદિ શ્લોકવડે કરે છે.

વિશેષાર્થ :

શંકા : આશીર્વાદાત્મક, વસ્તુનિર્દેશાત્મક અને નમસ્કારાત્મક એમ ત્રણ પ્રકારે મંગલ

હોવા છતાં પણ ગ્રન્થકારશ્રીએ નમસ્કારાત્મક મંગલની વિવક્ષા શા માટે કરી ?

સમા. : ગ્રન્થકારશ્રીએ નમસ્કારાત્મક મંગલ 'स्वापकर्षबोधानुकूलव्यापार' અર્થાત્ 'પોતાના ઈષ્ટ દેવતાની અપેક્ષાએ મારામાં ઘણા અલ્પગુણો રૂપી સંપત્તિ છે' એવું જણાવવા માટે કર્યું છે.

पदकृत्यम्

श्रीगणेशं नमस्कृत्य पार्वतीशंकरं परम्।
मया चन्द्रजसिंहेन क्रियते पदकृत्यकम् ॥ १ ॥
यस्मादिदमहं मन्ये बालानामुपकारकम्।
तस्माद्धितकरं वाक्यं वक्तव्यं विदुषा सदा ॥ २ ॥

श्लोकार्थ : श्री અર્થાત્ લક્ષ્મી સહિત ગણેશને નમસ્કાર કરીને, પરમ્ = ત્યાર પછી પાર્વતી સહિત શંકરને નમસ્કાર કરીને ચન્દ્રજસિંહ એવા મારા વડે આ પદકૃત્ય કરાય છે.

જે કારણથી હું આ તર્કસંગ્રહ ગ્રન્થના પદકૃત્યને બાળજીવો માટે ઉપકારક માનું છું, તે કારણથી હિતકર એવું પદકૃત્યસ્વરૂપ વાક્ય વિદ્વાનોએ હંમેશા કહેવું જોઈએ. અર્થાત્ બાળજીવોને ભણાવવું જોઈએ.

विशेषार्थ :

★ પદકૃત્યકારે મંગલશ્લોકમાં 'चन्द्रजसिंह' એ રીતે પોતાનું નામ પ્રગટ કર્યું છે. જ્યોતિષ શાસ્ત્રમાં બુધને 'चन्द्रज' કહેવાય છે. કારણ કે બુધની ઉત્પત્તિ ચંદ્રથી થઈ છે, એવું મનાય છે. આથી જ કેટલાક વિદ્વાનોનું માનવું છે કે પદકૃત્યકારનું નામ 'બુધસિંહ' પણ સંભવ છે.

(प०) विश्वेशं = जगत्कर्तारं श्रीसाम्बमूर्तिं, हृदि=मनसि। निधाय=नितरां धारयित्वा, गुरुवन्दनं च विधाय = कृत्वेत्यर्थः। बालेति। अत्राधीतव्याकरणकाव्यकोशोऽनधीतन्यायशास्त्रो बालः। व्यासादावतिव्याप्तिवारणाय अनधीतन्यायेति। स्तनंधयेऽतिप्रसक्तिवारणाय अधीतव्याकरणेति। सुखेति। सुखेन=अनायासेन, बोधाय=पदार्थतत्त्वज्ञानायेत्यर्थः। तर्क्यन्ते=प्रमितिविषयीक्रियन्ते इति तर्काः=द्रव्यादिपदार्थास्तेषां सङ्ग्रहः=संक्षेपेणोद्देश-लक्षण-परिक्षा यस्मिन् स ग्रन्थः। नाममात्रेण वस्तुसंकीर्त्तनमुद्देशः। यथा 'द्रव्यं, गुणा' इति। असाधारणधर्मो लक्षणम्। यथा 'गन्धवत्त्वं पृथिव्याः'। लक्षितस्य लक्षणं संभवति न वेति विचारः परीक्षा। अत्रोद्देशस्य पक्षज्ञानं फलं, लक्षणस्येतरभेदज्ञानं, परिक्षाया लक्षणे दोषपरिहार इति मन्तव्यम्॥

* પદકૃત્ય *

विश्वेशं..... कृत्वेत्यर्थः। વિશ્વેશ = જે જગત્ના કર્તા છે = અમ્બા (પાર્વતી) સહિત જે શંકરની મૂર્તિ છે, તેને હૃદયમાં = મનમાં અત્યંત ધારણ કરીને તથા ગુરુને વંદન કરીને...

વિશેષાર્થ :

શંકા : વિશ્વેશનો અર્થ 'જગત્કર્તા' શા માટે કર્યો ?

સમા. : વિશ્વનું નિર્માણ કરનારને વિશ્વેશ કહેવાય છે અને વિશ્વને પોતાના બળથી જીતનાર ચક્રવર્તીને પણ વિશ્વેશ કહેવાય છે. અહીં 'વિશ્વેશ' પદથી જગત્સર્જક જ ઈષ્ટ છે. તેથી અહીં વિશ્વેશનો અર્થ 'જગત્કર્તા' કર્યો છે.

શંકા : 'જગત્કર્તા' અર્થ કર્યા પછી વિશ્વેશનો અર્થ 'સામ્બમૂર્તિ' શા માટે કર્યો?

સમા. : જગત્કર્તા અરૂપી હોવાથી તેનું ધ્યાન કરવું અશક્ય છે. અને જો ધ્યાન જ ન થઈ શકે તો મૂળ ગ્રન્થનો 'નિધાય હૃદિ વિશ્વેશં' = 'વિશ્વેશને હૃદયમાં ધારણ કરીને' આવો અર્થ અસંગત થશે. તે કારણથી 'વિશ્વેશ' પદનો અર્થ, 'સામ્બમૂર્તિ' કર્યો છે. 'સામ્બમૂર્તિ' રૂપી હોવાથી મૂર્તિનું ધ્યાન થઈ શકે છે.

અને હા, ધ્યાન એ મનનો વિષય છે. તેથી મૂળગ્રન્થના 'નિધાય હૃદિ' એ પદને સંગત કરવાના આશયથી 'હૃદિ'નો અર્થ 'મનસિ' કર્યો છે.

બાલનું લક્ષણ

बालेति.....व्याकरणेति। અહીં 'જે વ્યાકરણ, કાવ્ય અને કોશ ભણ્યા છે અને ન્યાયશાસ્ત્ર નથી ભણ્યા તેને બાલ કહેવાય છે. (પરંતુ ધાવતા બાળકોને અથવા જે થોડું થોડું સમજે છે તેને બાલ તરીકે સમજવાના નથી.)

★ જો માત્ર 'વ્યાકરણ, કાવ્ય અને કોશનું અધ્યયન જેને કર્યું હોય તેને બાલ કહેવાય' એવું જ કહીએ તો વ્યાસાદિમાં અતિવ્યાપ્તિ આવશે. અર્થાત્ વ્યાસ વગેરે જે વ્યાકરણ, કાવ્ય, કોશના મહાન વેત્તા છે તે પણ બાલ કહેવાશે. પરંતુ 'अनधीतन्यायशास्त्रः' એ પદ મૂકવાથી બાલનું લક્ષણ વ્યાસાદિમાં નહીં જાય. કારણ કે વ્યાસ વગેરે જેમ વ્યાકરણાદિને ભણેલા છે તેમ ન્યાયશાસ્ત્રને પણ ભણેલા છે.

★ જો માત્ર 'अनधीतन्यायशास्त्रः बालः' અર્થાત્ 'જે ન્યાયશાસ્ત્ર ન ભણ્યા હોય તે બાલ કહેવાય' આટલું જ બાલનું લક્ષણ કરીએ તો સ્તનંધય = ધાવતું બાળક પણ ન્યાયશાસ્ત્રને ભણ્યો ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'अधीतव्याकरण...' એ પદ મૂકશું તો સ્તનંધયમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ધાવતું બાળક ભલે ન્યાય શાસ્ત્ર ન ભણ્યો હોય પરંતુ વ્યાકરણ, કાવ્ય તથા કોશ પણ ભણ્યો નથી.

सुखेति.....मंतव्यम्॥ सुखेन = અનાયાસેન = અલ્પપ્રયત્નવડે. बोधाय = પદાર્થોનું તત્ત્વજ્ઞાન કરવા માટે. યથાર્થજ્ઞાનનો વિષય 'તર્ક' કહેવાય છે. તાદૃશ વિષય દ્રવ્યાદિ સાત પદાર્થ જ છે અને એ પદાર્થોનો સંગ્રહ = તર્કસંગ્રહ અર્થાત્ સંક્ષેપથી જેમાં ઉદ્દેશ, લક્ષણ અને પરીક્ષાનો સમાવેશ હોય એવો ગ્રંથ તે તર્કસંગ્રહ ગ્રન્થ છે. નામમાત્રથી વસ્તુનું કથન કરવું તે ઉદ્દેશ કહેવાય છે. દા.ત. → 'દ્રવ્ય, ગુણ, કર્મ...' ઈત્યાદિ. વસ્તુના અસાધારણ ધર્મને લક્ષણ કહેવાય છે. દા.ત. → 'गन्धवत्त्वम्' આ પૃથ્વીનો અસાધારણધર્મ હોવાથી લક્ષણ છે અને લક્ષિત = જેનું લક્ષણ કર્યું હોય, તેમાં લક્ષણ ઘટે

છે કે નહીં... એવું વિચારવું તેને પરીક્ષા કહેવાય છે.

ઉદ્દેશના કથનથી પક્ષનું જ્ઞાન થાય છે, લક્ષણથી ઈતરભેદનું જ્ઞાન થાય છે અને પરીક્ષા કરવાથી લક્ષણમાં દોષનો પરિહાર થાય છે. (દા.ત.→ પૃથિવી, જલ... ઇત્યાદિથી પૃથિવીનું નામમાત્રથી કથન કર્યા પછી 'पृथ्वी, इतरभेदवती, गन्धवत्त्वात्' એવું અનુમાન કરીએ ત્યારે પૃથિવીરૂપ ઉદ્દેશ 'પક્ષ' તરીકે ભાસિત થાય છે, 'ગન્ધવત્ત્વ' રૂપી લક્ષણ અનુમાન કરતી વખતે હેતુ તરીકે ભાસિત થાય છે, અને તેના દ્વારા 'ઈતરભેદ' રૂપ સાધ્યની સિદ્ધિ થાય છે તથા પરીક્ષા દ્વારા 'ગન્ધાત્મક' લક્ષણના દોષનો પરિહાર થાય છે.)

વિશેષાર્થ :

શંકા : 'ગન્ધ'ને જ પૃથ્વીનો અસાધારણધર્મ કેમ કહ્યો, 'નીલત્વાદિ' ધર્મને કેમ નહીં ? કારણ કે નીલત્વાદિ પણ પૃથિવી માત્રમાં જ રહે છે...

સમા. : જે લક્ષ્યતાવચ્છેદકનો સમનિયત ધર્મ બને તે જ અસાધારણધર્મ = લક્ષણ કહેવાય છે. નીલત્વાદિ ધર્મ પૃથિવી માત્રમાં રહેવા છતાં લક્ષ્યતાવચ્છેદક જે પૃથિવીત્વ છે, એનો સમનિયત ન હોવાથી પૃથિવીનો અસાધારણ ધર્મ ન કહી શકાય.

શંકા : સમનિયત ધર્મ કોને કહેવાય?

સમા. : જ્યાં 'A' વસ્તુ રહેતી હોય ત્યાં 'B' વસ્તુ પણ અવશ્ય રહે, અને જ્યાં 'B' વસ્તુ રહેતી હોય ત્યાં 'A' વસ્તુ પણ અવશ્ય રહે તો 'A' અને 'B' વસ્તુ બન્ને પરસ્પર સમનિયત કહેવાશે. પ્રસ્તુતમાં લક્ષ્યતાવચ્છેદકીભૂત પૃથિવીત્વનો સમનિયત 'ગન્ધ' છે કારણ કે જ્યાં જ્યાં પૃથિવીત્વ છે ત્યાં ત્યાં ગન્ધ છે, અને જ્યાં જ્યાં ગન્ધ છે ત્યાં ત્યાં પૃથિવીત્વ પણ છે. પરંતુ 'નીલત્વ' ધર્મ પૃથિવીત્વ ધર્મનો સમનિયત નથી કારણ કે જ્યાં જ્યાં નીલત્વ છે ત્યાં ત્યાં પૃથિવીત્વ રહેવા છતાં પણ જ્યાં જ્યાં પૃથિવીત્વ છે ત્યાં ત્યાં નીલત્વ નથી, શ્વેતવસ્ત્રમાં 'પૃથિવીત્વ' તો છે પરંતુ 'નીલત્વ' નથી.

પદાર્થ - નિરૂપણ

मूलम् : द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायाभावाः सप्त पदार्थाः।

દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ આ સાત પદાર્થ છે.

વિશેષાર્થ :

શંકા : उद्दिष्टस्य लक्षणम्, लक्षितस्य विभागः 'ગ્રન્થમાં ઉદિષ્ટ = નામ માત્રથી જણાવાયેલી વસ્તુનું સૌ પ્રથમ લક્ષણ કરવું જોઈએ અને પછી વિભાગ કરવો જોઈએ' આ નિયમાનુસાર મૂળમાં પદાર્થનું લક્ષણ ન કરતા પદાર્થનો સીધો વિભાગ શા માટે કર્યો છે ?

સમા. : પદાર્થનો જે સામાસિક વિગ્રહ છે તે જ પદાર્થનું લક્ષણ છે. આશય એ છે કે 'पदस्य अर्थाः = पदार्थाः' અહીં 'અર્થ' શબ્દ ગત્યર્થક 'ऋ' ધાતુ પરથી બનેલો છે અને ગત્યર્થક ધાતુ જ્ઞાનાર્થક પણ કહેવાતો હોવાથી અહીં 'ऋ' ધાતુ જ્ઞાનાર્થક સમજવો, 'અર્થ' પદનો વાચ્યાર્થ 'પ્રતીતિવિષયત્વ' કરવો, અને વિગ્રહમાં જે ષષ્ઠી છે તેનો અર્થ 'જન્યત્વ'

કરવો. આ રીતે 'પદાર્થ' શબ્દની વ્યુત્પત્તિ દ્વારા 'पदजन्यप्रतीतिविषयत्वम्' રૂપ પદાર્થનું લક્ષણ જણાય જ જાય છે તેથી પદાર્થનો સીધો વિભાગ કર્યો છે.

શંકા : આ સાતેય પદાર્થોને સહેલાઈથી સમજી શકાય એવું કોઈ દ્રષ્ટાંત ખરૂં ?

સમા. : હા, કેમ નહીં... આપણે 'ઘટ'ના દ્રષ્ટાંતથી સાતેય પદાર્થને સમજીશું.



(૧) દ્રવ્ય : ગુણ અને ક્રિયાનો જે આશ્રય હોય તે દ્રવ્ય છે. દા.ત. → રક્તરૂપ અને હલન વગેરે ક્રિયા ઘટમાં રહેલી હોવાથી ઘટ એ દ્રવ્ય છે. (૨) ગુણ : દ્રવ્યને જે આશ્રિત હોય તે ગુણ છે. દા.ત.→ ઘટમાં રૂપ, રસાદિ (૩) કર્મ : ઊંચે ફેંકવું, નીચે ફેંકવું, ગમન કરવું વગેરે ક્રિયાઓને ન્યાયમતે કર્મ કહેવાય છે. (૪) સામાન્ય : વસ્તુમાં અનુગતાકાર = એકાકારની પ્રતીતિ કરાવનાર પદાર્થને સામાન્ય કહેવાય છે. દા.ત. → 'આ પણ ઘટ છે' 'આ પણ ઘટ છે' આ રીતે અનેક જુદા જુદા ઘડા અંગે પણ જે સમાન = અનુગત આકારવાળી બુદ્ધિ થાય છે, તેનું કારણ 'ઘટત્વ' નામનું સામાન્ય = જાતિ છે. (૫) વિશેષ : જે ભેદની બુદ્ધિ કરાવે તે વિશેષ છે. દા.ત. → 'આ પરમાણુથી આ પરમાણુ જુદો છે' આવું જે જણાવે તે વિશેષ છે. આ વિશેષ નામનો પદાર્થ ઘટના દરેક પરમાણુમાં અલગ અલગ છે. (૬) સમવાય : અયુતસિદ્ધ = અપૃથક્ સિદ્ધ = એક બીજાથી જુદા પાડીને બતાવી ન શકાય તેવા ધર્મ-ધર્મી ભાવને પામેલા બે પદાર્થો વચ્ચેનો જે સંબંધ, તે સમવાય છે. દા.ત. → ઘટમાં રહેલા રૂપાદિ ગુણને ઘટથી અલગ પાડી શકાતા નથી તેથી તે ઘટ અને રૂપાદિ ગુણ અયુતસિદ્ધ પદાર્થ છે અને બંને વચ્ચેનો સંબંધ સમવાય છે. (૭) અભાવ : ઈતરધર્મના નિષેધને અભાવ કહેવાય છે. દા.ત. → ઘટમાં પટત્વાભાવ.

આમ, જીજ્ઞાસુઓ સાતેય પદાર્થને સહેલાઈથી સમજી શકે એ માટે આ પદાર્થોનો સામાન્ય પરિચય આપ્યો છે.

(न्या०) अथ पदार्थान्विभजते-द्रव्येति। तत्र समग्रहणं 'पदार्थत्वं द्रव्यादिसमान्यतमत्वव्याप्य' मिति व्याप्तिलाभाय। ननु शक्तिपदार्थस्याष्टमस्य सत्त्वात्कथं सप्तैवेति ?

तथा हि-वह्निसंयुक्तेन्धनादौ सत्यपि मणिसंयोगे दाहो न जायते, तच्छून्येन तु जायते। अतो 'मणिसमवधाने शक्तिर्नश्यति, मण्यभावदशायां दाहानुकूला शक्तिरुत्पद्यत' इति कल्प्यते। तस्माच्छक्तिरतिरिक्तः पदार्थ इति चेत्। न। मणेः प्रतिबन्धकत्वेन मण्यभावस्य कारणत्वेनैव निर्वाहे मणिसमवधानासमवधानाभ्यामनन्तशक्ति - तद्ध्वंस-तत्प्रागभाव - कल्पनाया अन्याय्यत्वात्। तस्मात्सप्तैवेति सिद्धम् ॥

હવે પદાર્થનો વિભાગ કરે છે - દ્રવ્ય, ગુણ, કર્મ ઈત્યાદિ દ્વારા. तत्र = મૂલમાં 'સપ્ત' શબ્દનું ગ્રહણ 'પદાર્થત્વ ધર્મ દ્રવ્યાદિસપ્તાન્યતમત્વથી વ્યાપ્ય છે' આવા પ્રકારની વ્યાપ્તિના બોધમાટે કર્યું છે.

शक्तिवाद

मीमांसक : શક્તિ નામનો આઠમો પદાર્થ હોવા છતાં તમે 'સાત જ પદાર્થ છે' એવું શા માટ કહો છો ? કારણ કે કાષ્ઠાદિરૂપ ઈન્ધનમાં અગ્નિનો સંયોગ હોવા છતાં પણ જો, ત્યાં ચંદ્રકાન્તમણિ મૂકવામાં આવે તો દાહ થતો નથી અને ત્યાંથી જો ચંદ્રકાન્તમણિને લઈ લેવામાં આવે તો દાહ ઉત્પન્ન થાય છે. આથી અમારું માનવું છે કે, મણિ જ્યારે હાજર હોય ત્યારે વહ્નિમાં દાહને અનુકુલ શક્તિ = દાહને ઉત્પન્ન કરનારી શક્તિ નાશ પામે છે. (તેથી દાહ થતો નથી.) અને મણિને જ્યારે દૂર લઈ જવામાં આવે ત્યારે, દાહને અનુકુલ શક્તિ ઉત્પન્ન થાય છે. (તેથી દાહ થાય છે.) આથી એ સિદ્ધ થાય છે કે શક્તિ નામનો અતિરિક્ત પદાર્થ છે.

नैयायिक : મીમાંસક! ચલો, એક ક્ષણ માટે 'શક્તિ' નામના પદાર્થને માની પણ લઈએ, છતાં અમે જે સાત પદાર્થો માન્યા છે તેમાં જ તેનો સમાવેશ કરી લઈશું.

मीमांसक : અરે ભાઈ! 'શક્તિ'નો સાત પદાર્થોમાંથી એકેયમાં સમાવેશ થતો નથી. તે આ પ્રમાણે → (૧) शक्तिः द्रव्य-गुण-कर्मभिन्ना गुणवृत्तित्वात्। શક્તિ દ્રવ્ય, ગુણ અને કર્મથી ભિન્ન છે કારણ કે શક્તિ ગુણમાં રહે છે અને દ્રવ્ય, ગુણ, કર્મ તો ગુણમાં રહેતા નથી. શક્તિ ગુણમાં કેવી રીતે રહે છે ? 'कपालरूपे घटरूपस्य उत्पादिका शक्तिः वर्तते' અર્થાત્ 'કપાલરૂપમાં ઘટરૂપની ઉત્પાદક શક્તિ છે' એવું મનાય છે. આથી 'શક્તિ' દ્રવ્ય, ગુણ, કર્મ સ્વરૂપ નથી.

(૨) शक्तिः सामान्यादिचतुष्टयभिन्ना उत्पत्तिमत्त्वे सति विनाशशालित्वात्। સામાન્ય, વિશેષ અને સમવાય તો નિત્ય છે અને શક્તિ ઉત્પત્તિમદ્ અને વિનાશી છે તેથી શક્તિ સામાન્ય, વિશેષ અને સમવાય સ્વરૂપ નથી. હવે રહ્યો અભાવ પદાર્થ. તે પણ ચાર પ્રકારે છે. એમાંથી અત્યંતાભાવ અને અન્યોન્યાભાવ નિત્ય હોવાથી ઉત્પાદ અને વિનાશશાલી નથી. પ્રધ્વંસાભાવ ઉત્પત્તિમદ્ હોવા છતાં વિનાશી નથી. તથા પ્રાગભાવ વિનાશી હોવા છતાં ઉત્પત્તિમદ્ નથી. જ્યારે શક્તિ તો ઉત્પન્ન પણ થાય છે અને નાશ પણ પામે છે. તેથી 'શક્તિ' અભાવ સ્વરૂપ પદાર્થના પ્રત્યેક ભેદથી પણ ભિન્ન છે.

આ રીતે શક્તિનો સાતેય પદાર્થમાં ક્યાંય સમાવેશ થતો ન હોવાથી, શક્તિને સાત

પદાર્થથી અતિરિક્ત અષ્ટમ પદાર્થ માનવો જોઈએ.

નૈયાયિક : તમારી વાત યોગ્ય નથી કારણ કે સૌપ્રથમ તો શક્તિપદાર્થને માનવાની જ કોઈ જરૂર નથી. કેમ? કાર્ય માત્રની પ્રત્યે પ્રતિબંધકનો અભાવ કારણ મનાય છે. જેવી રીતે ઘટ બનાવવો હોય તો જેમ ચક્ર, ચીવર, પાણી, માટી, દોરી, દંડ વગેરે કારણો છે તેમ વર્ષારૂપ પ્રતિબંધકનો અભાવ પણ કારણ છે. વર્ષા હોય તો ઘટ ન બની શકે. તેવી જ રીતે દાહ પ્રતિ જેમ વહ્નિ કારણ છે તેમ દાહ પ્રતિ મણિને પ્રતિબંધક માનીને મણિના અભાવ (=પ્રતિબંધકાભાવ)ને કારણ માની લેવાથી પણ નિર્વાહ થઈ જ જાય છે. શક્તિ નામના નવા પદાર્થની કલ્પના શા માટે કરવી ? (જેની હાજરીમાં કાર્ય ન થાય તેને પ્રતિબંધક કહેવાય છે. આ સામાન્યથી સ્વરૂપ બતાવ્યું પરંતુ શાસ્ત્રીય પરિભાષા તો ' कारणीभूताभावप्रतियोगित्वं प्रतिबंधकत्वम्' આ પ્રકારની છે. દા.ત. → કારણીભૂત અભાવ = ઘટ પ્રતિ વર્ષાભાવ, એનો પ્રતિયોગી વર્ષા એ ઘટ પ્રતિ પ્રતિબંધક છે.)

મીમાંસક : તમે દાહ પ્રતિ વહ્નિ અને ચંદ્રકાન્તમણિનો અભાવ= પ્રતિબંધકાભાવ રૂપ બે કારણ માનીને સમાધાન આપ્યું અને અમે દાહ પ્રતિ વહ્નિમાં રહેલી દાહાનુકુલ શક્તિ માનીને જવાબ આપ્યો. તો આમાં તમારો મત શ્રેષ્ઠ છે એવું કઈ રીતે કહી શકાય.

નૈયાયિક : જો દાહ પ્રતિ ચંદ્રકાન્તમણિરૂપ પ્રતિબંધકના અભાવને બદલે શક્તિને કારણ માનવામાં આવે તો મણિના સમવધાનમાં (=હાજરીમાં) અનંતશક્તિનો નાશ, મણિના અસમવધાનમાં (=ગેરહાજરીમાં) અનંતશક્તિની ઉત્પત્તિ અને ઉત્પત્તિ પૂર્વે અનંતશક્તિનો પ્રાગભાવ માનવો પડશે. આટલી બધી કલ્પના કરવી એ અનુચિત છે. તેમાં મહાગૌરવ છે. આથી પદાર્થો દ્રવ્ય, ગુણ, કર્મ વગેરે સાત જ છે. તેવું માનવું જ યુક્તિયુક્ત છે.

વિશેષાર્થ : **સપ્તપદ ગ્રહણ**

तत्र सप्तग्रहणं.....

શંકા : મૂલકારશ્રીએ જે 'સપ્ત'પદનું ગહણ કર્યું છે તે વ્યર્થ છે. કારણ કે 'સપ્ત'પદ વિના જ ન્યૂનાધિક સંખ્યાનો વ્યવચ્છેદ તો થઈ જ જાય છે.

★ ન્યૂન સંખ્યાનો વ્યવચ્છેદ આ પ્રમાણે → નિયમ છે 'असति बाधके उद्देश्यतावच्छेदकव्यापकत्वं विधेये भासते' અર્થાત્ કોઈ બાધક ન હોય તો ઉદ્દેશ્યતાવચ્છેદકનો વ્યાપક વિધેય બને છે.

અહીં દ્રવ્યાદિ સાતને ઉદ્દેશીને પદાર્થત્વનું વિધાન કરવાનું હોવાથી 'દ્રવ્યાદિ સાત'એ ઉદ્દેશ્ય છે અને 'પદાર્થત્વ' એ વિધેય છે અને દ્રવ્યાદિ સાતમાં રહેલી ઉદ્દેશ્યતાનો અવચ્છેદક (=અન્યૂનાનતિરિક્ત ધર્મ) જે 'દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ' છે તે ઉક્તનિયમથી વ્યાપ્ય (= ન્યૂન દેશમાં રહેનારો) બનશે અને વિધેય જે 'પદાર્થત્વ' છે તે વ્યાપક (=અધિકક્ષેત્રી) બનશે. તેથી 'यत्र यत्र द्रव्यादिसप्तान्यतमत्वं तत्र तत्र पदार्थत्वम्' આવા પ્રકારની વ્યાપ્તિનો લાભ થશે. એટલે

કે વ્યાપ્યના દરેક અધિકરણમાં પદાર્થત્વ રહેશે. અહીં વ્યાપ્ય દ્રવ્યાદિસપ્તાન્યતમત્વના સાત અધિકરણ નિશ્ચિત છે. તેથી પદાર્થત્વ વ્યાપક હોવાથી તેના પણ સાત અધિકરણ તો માનવા જ પડશે. સાતથી ઓછા ન માની શકાય. આ રીતે 'સપ્ત'પદના ગ્રહણ વિના જ 'असति बाधके...' એ નિયમથી પદાર્થની ન્યૂનસંખ્યાનો વ્યવચ્છેદ થઈ જાય છે અને

★ મૂલકારશ્રીએ અભાવથી આગળ કોઈ પદાર્થ કહ્યો નથી. તેથી અધિક સંખ્યાનો પણ વ્યવચ્છેદ થઈ જ જાય છે. માટે 'સપ્ત' પદનું ગ્રહણ વ્યર્થ છે.

સમા. : અરે ભાઈ! 'असति बाधके...' એ ઉક્તનિયમથી ભલે ન્યૂનસંખ્યાનો વ્યવચ્છેદ થાય છે પરંતુ અધિક સંખ્યાની સંભાવના તો ઊભી છે. તે આ પ્રમાણે → 'तीर्थंकराः केवलिनः' આ દ્રષ્ટાંતમાં તીર્થંકરને ઉદ્દેશીને કેવલિત્વનું વિધાન કરવાનું હોવાથી ઉદ્દેશ્યતાવચ્છેદક 'તીર્થંકરત્વ' બનશે અને તેનો વ્યાપક 'કેવલિત્વ' વિધેય બનશે. હવે જેવી રીતે 'કેવલિત્વ' ધર્મ વ્યાપક હોવાથી જ્યાં જ્યાં તીર્થંકરત્વ રહેશે તે તે અધિકરણમાં પણ કેવલિત્વ રહેશે અને જ્યાં તીર્થંકરત્વ નથી ત્યાં પણ કેવલિત્વ રહેશે. એવી જ રીતે 'असति बाधके...' એ ઉક્ત નિયમથી દ્રવ્યાદિસપ્તાન્યતમત્વનો વ્યાપક પદાર્થત્વ હોવાથી દ્રવ્યાદિસપ્તાન્યતમત્વના સાતેય અધિકરણમાં તો પદાર્થત્વ રહેશે જ પણ જ્યાં દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ નથી રહેતું ત્યાં પણ પદાર્થત્વને રહેવાની સંભાવના આવશે. તેથી પદાર્થની એ અધિક સંખ્યાના વ્યવચ્છેદ માટે 'સપ્ત' પદનું ગ્રહણ કર્યું છે.

શંકા : આ 'સપ્ત' પદના ગ્રહણથી અધિક સંખ્યાનો વ્યવચ્છેદ કેવી રીતે કરશો?

સમા. : ન્યાયબોધિનીકારે કહ્યું છે કે 'સપ્ત'પદના ગ્રહણથી 'पदार्थत्वं द्रव्यादि-सप्तान्यतमत्वव्याप्यम्' અર્થાત્ 'પદાર્થત્વધર્મ દ્રવ્યાદિસપ્તાન્યતમત્વનો વ્યાપ્ય છે' એવા પ્રકારની વ્યાપ્તિનો લાભ થાય છે. તેથી 'પદાર્થત્વ' ધર્મ વ્યાપ્ય હોવાથી વ્યાપક એવા 'દ્રવ્યાદિસપ્તાન્યતમત્વના' જેટલા પણ અધિકરણ છે, તે અધિકરણથી વધુ અધિકરણમાં ન રહી શકે. હા! વ્યાપક જેટલા જ વ્યાપ્યના અધિકરણ હોય તો વાંધો નથી. હવે વ્યાપક એવા દ્રવ્યાદિસપ્તાન્યતમત્વના અધિકરણ સાત છે. તેથી વ્યાપ્ય એવા પદાર્થત્વ ધર્મના પણ સાતથી વધારે અધિકરણ ન માની શકાય. માટે 'પદાર્થની સાતથી અધિક સંખ્યા નથી' એ નક્કી થયું. આમ 'સપ્ત' પદથી પદાર્થની અધિક સંખ્યાનો વ્યવચ્છેદ થાય છે.

શંકા: હા! તમારી વાત બરાબર છે પરંતુ પૂર્વે તમે જે 'असति बाधके.....' નો જે નિયમ આપ્યો છે એમાં 'असति बाधके' પદનું પ્રયોજન શું છે?

સમા. : જો કોઈ બાધક ન હોય તો જ ઉદ્દેશ્યતાવચ્છેદકનો વ્યાપક (=અધિકદેશવૃત્તિ) વિધેય બનશે, બાધક હોય તો અધિકદેશવૃત્તિત્વસ્વરૂપ વ્યાપકત્વ વિધેયમાં ન રહી શકે. દા.ત. → तीर्थंकराः एव अष्टप्रातिहार्यवन्तः અહીં 'एव' કાર વિધેયને અધિકદેશવૃત્તિસ્વરૂપ વ્યાપક બનવામાં બાધક છે.

તે આ રીતે..... ઉપરોક્ત નિયમથી તો જ્યાં જ્યાં ઉદ્દેશ્યતાવચ્છેદક તીર્થંકરત્વ છે ત્યાં ત્યાં

વિધેય અષ્ટપ્રાતિહાર્ય છે અને જ્યાં જ્યાં તીર્થંકરત્વ ન હોય ત્યાં પણ અષ્ટપ્રાતિહાર્યએ રહેવું જોઈએ. અર્થાત્ અષ્ટપ્રાતિહાર્યમાં અધિકદેશવૃત્તિત્વસ્વરૂપ વ્યાપકત્વની પ્રાપ્તિ થવી જોઈએ. પરંતુ એવું થતું નથી. કારણ કે અષ્ટપ્રાતિહાર્ય, તીર્થંકર સિવાય બીજે ક્યાંય પણ રહેતું નથી. તેથી '**एव**' કાર વડે ઉપરોક્ત નિયમનો બાધ થાય છે. અર્થાત્ ઉદ્દેશ્યતાવચ્છેદક જે તીર્થંકરત્વ છે, તેનું અધિકદેશવૃત્તિત્વસ્વરૂપ વ્યાપકત્વ વિધેય એવા અષ્ટપ્રાતિહાર્યમાં પ્રાપ્ત થતું નથી. સમદેશવૃત્તિત્વસ્વરૂપ વ્યાપકત્વ મળી શકશે.

અન્યતમત્વ

શંકા : દ્રવ્યાદિસપ્તનિષ્ઠ 'દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ'માં 'અન્યતમત્વ'નો અર્થ શું કરશો?

સમા. : 'દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ'='દ્રવ્યાદિસપ્તભિન્નભિન્નત્વ' કરશું. તેથી દ્રવ્યાદિ સાતથી ભિન્ન જગત્ની કોઈ પણ વસ્તુ અને એનાથી ભિન્ન પાછા દ્રવ્યાદિ સાત થશે.

શંકા : 'દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ'નો અર્થ 'દ્રવ્યાદિસપ્તભિન્નભિન્નત્વ' નહીં કરી શકાય કારણ કે દ્રવ્યાદિ સાતથી ભિન્ન જગત્માં બીજી કોઈ વસ્તુ જ ન હોવાથી 'દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ' અપ્રસિદ્ધ બનશે અને તે કારણે પદાર્થત્વ પણ દ્રવ્યાદિસપ્તાન્યતમત્વનો વ્યાપ્ય નહીં બની શકે.

સમા. : અમે નવીન નૈયાયિકોએ કલ્પેલા પ્રતિયોગિતા, વિષયતા વગેરે સાપેક્ષ પદાર્થમાં દ્રવ્યાદિસપ્તભિન્નત્વને બતાવીશું અને તાદશ 'દ્રવ્યાદિસપ્તભિન્નભિન્નત્વ' પાછું દ્રવ્યાદિ સાતમાં બતાવીશું. આ રીતે 'દ્રવ્યાદિસપ્તાન્યતમત્વ' અપ્રસિદ્ધ નહીં બને.

શંકા : પ્રતિયોગિતા, વિષયતા વગેરે માટે ન્યાયમાં બે પક્ષ છે. કેટલાક નૈયાયિકો પ્રતિયોગિતા વગેરેને ઘટાદિ પ્રતિયોગીથી અલગ પદાર્થ માને છે. અને કેટલાક અતિરિક્ત પદાર્થ નથી માનતા અર્થાત્ સ્વરૂપસંબંધાત્મક માને છે.

હવે જો ૧લા પક્ષનો સ્વીકાર કરશો અર્થાત્ પ્રતિયોગિતા વગેરેને અતિરિક્ત પદાર્થ માનશો તો '**सप्तैव पदार्थाः**' એ પ્રમાણેની તમારી પ્રતિજ્ઞાનો ભંગ થશે. અને બીજા પક્ષનો સ્વીકાર કરશો અર્થાત્ પ્રતિયોગિતા વગેરેને અતિરિક્ત પદાર્થ નહીં માનો તો પાછો ઉપરોક્ત દોષ આવીને ઊભો રહેશે એટલે કે દ્રવ્યાદિ સાતથી ભિન્ન જ પ્રસિદ્ધ નથી તો દ્રવ્યાદિ સાતથી ભિન્નભિન્નત્વ ક્યાંથી પ્રસિદ્ધ થાય? ટૂકમાં બન્ને પક્ષના સ્વીકારમાં દોષ છે.

સમા. : '**द्रव्यादिसप्तान्यतमत्वं नाम द्रव्यादिभेदसप्तकाभाववत्त्वम्**' (દીપિકા-ટીકા) અર્થાત્ દ્રવ્યાદિસપ્તાન્યતમત્વને અમે 'દ્રવ્યાદિભેદસપ્તકાભાવવત્ત્વ' સ્વરૂપ માનશું. તેથી દોષ આવશે નહીં. કારણ કે 'દ્રવ્યાદિભેદસપ્તકાભાવવત્ત્વ'= દ્રવ્યાદિ ભેદનો જે સમૂહ છે તેનો અભાવ દ્રવ્યાદિ સાતેય પદાર્થોમાં મળી જાય છે. તે આ પ્રમાણે → જેવી રીતે ઘટ પટસ્વરૂપે ક્યારેય થવાનો નથી તેથી ઘટમાં પટનો ભેદ મળે છે અને પટ પણ ઘટસ્વરૂપે ક્યારેય થવાનો નથી તેથી પટમાં ઘટનો ભેદ મળે છે. તેવી રીતે દ્રવ્ય પણ ગુણાદિ છ સ્વરૂપે ક્યારેય થવાનો નથી તેથી ગુણભેદ, કર્મભેદ વગેરે છએ પદાર્થનો ભેદ દ્રવ્યમાં મળશે અને ગુણાદિ છ પણ

ક્યારેય દ્રવ્ય સ્વરૂપે થવાના નથી. તેથી દ્રવ્યનો ભેદ પણ ગુણાદિ છમાં મળશે. આ રીતે દ્રવ્યાદિભેદસમક પ્રસિદ્ધ થયું. એ દ્રવ્યાદિભેદસમક દ્રવ્યાદિ સાતમાંથી એકેયમાં મળશે નહીં = દ્રવ્યાદિભેદસમક દ્રવ્યમાં, ગુણમાં, કર્મમાં એમ સાતમાંથી એકમાં પણ નહીં મળે, કારણ કે સ્વમાં સ્વનો ભેદ રહેતો નથી. તેથી દ્રવ્યાદિ ભેદસમકનો અભાવ દ્રવ્યાદિ પ્રત્યેકમાં મળશે. તેથી દ્રવ્યાદિભેદસમકાભાવવાન્ દ્રવ્યાદિ સાત થશે. આ પ્રમાણે 'દ્રવ્યાદિસમાન્યતમત્વ' અપ્રસિદ્ધ નહીં બનવાથી 'પદાર્થત્વ' એનું વ્યાપ્ય બની શકશે.

દ્રવ્ય - નિરૂપણ

मूलम् : तत्र द्रव्याणि पृथिव्यप्तेजोवाय्वाकाशकालदिगात्ममनांसि नवैव ॥

तत्र = દ્રવ્યાદિ સાતપદાર્થમાં પૃથ્વી, અપ્ (=જલ), તેજ, વાયુ, આકાશ, કાલ, દિશા આત્મા અને મન આ નવ જ દ્રવ્યો છે.

विशेषार्थ :

शंका : દ્રવ્યના વિભાગનો બોધ તો પૃથ્વી, અપ્, તેજ, વાયુ વગેરેના પૃથક્ , પૃથક્ નામોલ્લેખથી જ થઈ જાય છે તો 'નવ' પદનું ગ્રહણ શા માટે કર્યું ? દા.ત. → 'ચૈત્ર, મૈત્ર, યજ્ઞદત્ત મિત્ર મારા ઘરે આવ્યા છે' આવું બોલવાથી ખ્યાલ આવી જ જાય છે કે ત્રણ મિત્ર આવ્યા છે. તેથી 'ત્રણ' શબ્દ બોલવાની જરૂર રહેતી નથી.

समा. : 'पृथिव्यप्तेजोवाय्वात्मन इति पञ्चैव द्रव्याणि व्योमादेरीश्वरात्मन्येवान्तर्भूतत्वात् मनसश्चासमवेतभूतेऽन्तर्भावादित्याहुर्नवीनाः' (મુક્તા. દિનકરી) નવીનો પૃથિવી, જલ, તેજ, વાયુ અને આત્મા એમ પાંચ જ દ્રવ્યો માને છે. આકાશ, કાલ અને દિશાનો ઈશ્વરાત્મામાં સમાવેશ કરે છે અને મનનો પરમાણુમાં સમાવેશ કરે છે. તે નવીનોના મતનું નિરાકરણ કરવા માટે એટલે કે 'દ્રવ્યો પાંચ નથી પરંતુ દ્રવ્યો નવ છે' એ રીતે ન્યૂન સંખ્યાનો વ્યવચ્છેદ કરવા માટે સંખ્યા વાચી 'નવ' પદનું ગ્રહણ છે.

અને હા, પૃથ્વી વગેરે દ્રવ્યો નવ જ છે, અધિક નથી. એ રીતે અધિક સંખ્યાનો વ્યવચ્છેદ કરવા માટે 'एव' પદનું ગ્રહણ છે.

(न्या०) द्रव्याणि विभजते-पृथिवीति। नन्वन्धकारस्य दशमद्रव्यस्य सत्त्वात्कथं नवैवेति?। तथा हि-'नीलं तमश्चलती' ति प्रतीतेर्नीलरूपाश्रयत्वेन क्रियाश्रयत्वेन च द्रव्यत्वं सिद्धम्। न च क्लृप्तद्रव्येष्वन्तर्भावात्कुतो दशमद्रव्यत्वमिति वाच्यम्। आकाशादिपञ्चकस्य वायोश्च नीरूपत्वान्न तेष्वन्तर्भावः। तमसो निर्गन्धत्वान्न पृथिव्यामन्तर्भावः। जलतेजसोः शीतोष्णस्पर्शवत्त्वान्न तयोरन्तर्भावः। तस्मात्तमसो दशमद्रव्यत्वं सिद्धमिति चेत्। न । तेजोऽभावरूपत्वेनैवोपपत्तावतिरिक्ततत्कल्पनायां मानाभावात्। न च विनिगमनाविरहात्तेज एव तमोऽभावस्वरूपमस्त्विति वाच्यम्। तेजसोऽभावस्वरूपत्वे सर्वानुभूतोष्णस्पर्शाश्रयद्रव्यान्तरकल्पने गौरवात्। तस्मादुष्णस्प-

र्शगुणाश्रयतया तेजसो द्रव्यत्वं सिद्धम्। तमसि नीलत्वादिप्रतीतिस्तु भ्रान्तिरेव, दीपापसरणक्रियाया एव तत्र भानात् ॥

ન્યાયબોધિની - તમોવાદ

દ્રવ્યનો વિભાગ કરે છે પૃથિવી... ઇત્યાદિ દ્વારા. (પૃથિવી વગેરે નવ દ્રવ્યો સિવાય પણ અંધકાર નામનું દશમું દ્રવ્ય મીમાંસક માને છે એટલે'ननु' પદથી મીમાંસક શંકા કરે છે.)

મીમાંસક : અંધકાર નામનું દશમું દ્રવ્ય વિદ્યમાન હોવા છતાં 'દ્રવ્ય નવ જ છે' એવું શા માટે કહો છો?

નૈયાયિક : હે મીમાંસક! અંધકારની દશમા દ્રવ્ય તરીકે સિદ્ધિ કરવી હોય તો પહેલા અંધકારની પદાર્થ તરીકે સિદ્ધિ કરવી પડે, ત્યાર પછી અંધકારની દ્રવ્ય તરીકે સિદ્ધિ કરવી પડે અને ત્યાર પછી દશમા ભેદ તરીકે સિદ્ધિ કરી શકાય.

મીમાંસક : 'अन्धकारः पदार्थः पदजन्यप्रतीतिविषयत्वात् यथा घटः ' અર્થાત્ જેમ ઘટપદથી જન્ય ઘટજ્ઞાનનો વિષય ઘટ બને છે તેથી ઘટ પદાર્થ છે. તેવી જ રીતે અંધકારપદથી જન્ય અંધકારજ્ઞાનનો વિષય પણ અંધકાર બને જ છે. તેથી અંધકાર એ પદાર્થ છે.

વળી 'अन्धकारः द्रव्यं गुणक्रियावत्त्वात् यथा घटः' અર્થાત્ જેવી રીતે ઘટમાં રક્તતા ગુણ તથા હલનચલનાદિ ક્રિયા છે તેથી ઘટ દ્રવ્ય છે. તેવી જ રીતે અંધકારમાં પણ 'नीलं तमश्चलति' અર્થાત્ 'નીલ = કાળો અંધકાર ચાલે છે' એ પ્રમાણેની પ્રતીતિ સહુને થાય છે. તેથી નક્કી થાય છે કે અંધકાર નીલરૂપ અને ચલનાત્મક ક્રિયાનો આશ્રય છે. આ પ્રમાણે 'અંધકાર' દ્રવ્ય તરીકે પણ સિદ્ધ થયું.

નૈયાયિક : અંધકારને દ્રવ્ય તરીકે ભલે માનો પરંતુ અમે અંધકારને કલ્પ્ત(= સ્વીકારેલા) પૃથિવ્યાદિ નવ દ્રવ્યોમાં જ અંતર્ભાવ કરશું. માટે દશમા દ્રવ્યની સિદ્ધિ થશે નહીં.

મીમાંસક : નવ દ્રવ્યોમાં તો અંધકારનો સમાવેશ થઈ શકશે નહીં. તે આ પ્રમાણે →

★ तमो न आकाशादिषड्द्रव्यरूपं रूपवत्त्वात् घटादिवत्। અંધકારનો આકાશ, કાળ, દિશા, આત્મા અને મન આ પાંચ તથા વાયુ એમ ૬ દ્રવ્યોમાં સમાવેશ થતો નથી કારણ કે આ ૬ દ્રવ્યો નીરૂપ = રૂપરહિત છે, જ્યારે અંધકાર તો નીલરૂપવાળો છે.

★ तमो न पृथिवीरूपं गन्धशून्यत्वात् जलादिवत्। અંધકારનો પૃથિવીમાં પણ સમાવેશ થતો નથી કારણ કે પૃથિવી ગન્ધવાળી છે જ્યારે અંધકાર ગન્ધરહિત છે.

★ तमो न जलरूपं शीतस्पर्शाभावात् पुस्तकादिवत्।

तमो न तेजोरूपं उष्णस्पर्शाभावात् घटादिवत्। અંધકારનો જલ અને તેજમાં પણ સમાવેશ થતો નથી કારણ કે જલ શીતસ્પર્શવાળું છે અને તેજ ઉષ્ણસ્પર્શવાળું છે જ્યારે અંધકારમાં તો કોઈ પણ જાતનો સ્પર્શ મનાતો નથી.

આ પ્રમાણે અંધકારનો ૯ દ્રવ્યોમાંથી એક પણ દ્રવ્યમાં સમાવેશ થતો ન હોવાથી અંધકાર

એ દશમા દ્રવ્ય તરીકે સિદ્ધ થાય છે.

નૈયાયિક : અંધકારનો ભલે ૯ દ્રવ્યોમાં સમાવેશ ન હો... પરંતુ અંધકારને તેજના અભાવસ્વરૂપ માની લેવાથી તેનો, અભાવ નામના પદાર્થમાં જ સમાવેશ થઈ જાય છે તેથી તેની અતિરિક્ત દ્રવ્ય તરીકે કલ્પના કરવામાં કોઈ પ્રમાણ નથી.

મીમાંસક : તમારું વચન યુક્તિયુક્ત નથી. કારણ કે અહીં વિનિગમનાનો વિરહ છે = એક પક્ષને સાધનારી યુક્તિનો અભાવ છે. તેથી અંધકારને તેજના અભાવસ્વરૂપ માનવા કરતાં તેજ જ અંધકારના અભાવ સ્વરૂપ થાઓ.....

નૈયાયિક : ભલા ભાઈ! અમારી પાસે વિનિગમના છે = સચોટ ઉપાય છે. જો તેજને અંધકારના અભાવસ્વરૂપ માનીશું તો સર્વને અનુભવમાં આવનારો ઉષ્ણસ્પર્શરૂપ જે ગુણ છે તેનો આશ્રય કયું દ્રવ્ય થશે? (અંધકારના અભાવરૂપ તેજ તો ઉષ્ણસ્પર્શનો આશ્રય બની ન શકે કારણ કે અભાવમાં કોઈ પણ ગુણ રહેતો નથી.) માટે ઉષ્ણસ્પર્શના આશ્રયભૂત કોઈ બીજા દ્રવ્યની કલ્પના કરવી પડશે. આમ માનવાથી ગૌરવ થશે. તેથી ઉષ્ણસ્પર્શ સ્વરૂપ ગુણના અધિકરણ તરીકે તેજ જ દ્રવ્ય છે. એમ સિદ્ધ થયું. (વળી તમસ્ને તેજના અભાવ સ્વરૂપ ન માનીએ અને દશમું અતિરિક્ત દ્રવ્ય માનીએ તો તમસ્ દ્રવ્યના અનંતા અવયવો, તેના અનંતા પ્રાગભાવ, અનંતા ધ્વંસ વગેરે માનવા પડશે તેમાં મહાગૌરવ છે. માટે તમસ્ને અભાવ સ્વરૂપ જ માનવું જોઈએ.)

મીમાંસક : તમારી વાત બરાબર છે. પરંતુ તેજના અભાવસ્વરૂપ અંધકારને માનશો તો અંધકારમાં તો ગુણ અને ક્રિયાની પ્રતીતિ થાય છે જ્યારે અભાવ તો ગુણ અને ક્રિયાથી રહિત છે.

નૈયાયિક : અંધકારમાં નીલરૂપ અને ક્રિયાની જે પ્રતીતિ થાય છે તે ભ્રમ જ છે કારણ કે કોઈ વ્યક્તિ જ્યારે દીવો લઈને જાય છે ત્યારે 'અંધકાર ચાલે છે' એવું જે જ્ઞાન થાય છે તે અંધકારના અપસરણથી નથી થતું પરંતુ દીવાને લઈ જવારૂપ ક્રિયાનું ભાન અંધકારમાં થાય છે.

વિશેષાર્થ :

મીમાંસક : દોરી દૂર પડી હોય તો એમાં સર્પની ભ્રાન્તિ થાય છે પરંતુ સમીપમાં રહેલી દોરીમાં સર્પની ભ્રાન્તિ થતી નથી. જ્યારે 'नीलं तमश्चलति' આવી અંધકારની પ્રતીતિ તો સર્વજન સિદ્ધ છે. તો પછી આને ભ્રાન્તિ કેવી રીતે કહી શકાય?

નૈયાયિક : ભ્રાન્તિ બે પ્રકારની હોય છે. નિરુપાધિક અને સોપાધિક (૧) રજ્જુમાં સર્પનું જ્ઞાન નિરુપાધિક છે કારણ કે સર્પમાં જે ગુણ અને ક્રિયા છે તેનું રજ્જુમાં આધાન થતું નથી. એવી જ રીતે શુક્તિમાં રજતનો ભ્રમ પણ સમજવો. આ નિરુપાધિક ભ્રમ એ જનસાધારણ નથી. (૨) 'स्वसमीपवर्तिपदार्थे स्वस्य गुणस्याधानं करोति एतादृशः पदार्थ उपाधिः' અર્થાત્ પોતાની સમીપમાં રહેલા પદાર્થમાં પોતાના ગુણોનું જે આધાન કરે છે તે પદાર્થ ઉપાધિ કહેવાય છે. અને તે ઉપાધિથી જનિત ભ્રમને સોપાધિક કહેવાય છે. આ ભ્રમ સર્વજનસાધારણ છે. દા.ત. → જેમ જપાકુસુમરૂપી ઉપાધિ દ્વારા બધી જ વ્યક્તિને સ્ફટિકની રક્તત્વેન પ્રતીતિ

થાય છે. અર્થાત્ 'સ્ફટિક લાલ છે' એવો સોપાધિક ભ્રમ થાય છે. તેવી જ રીતે દીપમાં રહેલી હલન-ચલનાત્મક ક્રિયા અંધકારમાં જે ભાસે છે તે સોપાધિકભ્રમ છે. તેથી 'અંધકાર ચાલે છે' એવી પ્રતીતિ બધાને એક જેવી થાય છે. આમ, સિદ્ધ થાય છે કે અંધકારને અતિરિક્ત દશમું દ્રવ્ય માની શકાશે નહીં.

(પ૦) तत्रेति। तत्र = सप्तपदार्थमध्ये इत्यर्थः। द्रव्याणि नवैवेत्यन्वयः। एवं 'तत्रे' तिपदं 'चतुर्विंशतिर्गुणा' इत्यादिनाऽप्यन्वेति। द्रव्यत्वजातिमत्त्वं गुणवत्त्वं समवायिकारणत्वं वा द्रव्यसामान्यलक्षणम्॥

* પદકૃત્ય *

અહીં 'तत्र' પદનો અર્થ 'સાત પદાર્થની મધ્યમાં' એવો કરવાનો છે અને પછી 'દ્રવ્ય, ગુણ, કર્માદિ સાતે પદાર્થોમાં દ્રવ્યો નવ જ છે' એ રીતે અન્વય કરવાનો છે. એ પ્રમાણે तत्र रूप-रस-गन्ध-स्पर्श... चतुर्विंशतिर्गुणाः। અર્થાત્ દ્રવ્ય, ગુણ વગેરે સાતે પદાર્થોમાં ગુણો ૨૪ છે. तत्र परम... सामान्यम्। અર્થાત્ દ્રવ્ય, ગુણ વગેરે સાતે પદાર્થોમાં પર અને અપરના ભેદથી સામાન્ય બે પ્રકારે છે. આ રીતે અભાવ પદાર્થ સુધી 'तत्र' પદનો અન્વય કરવો.

દ્રવ્ય કોને કહેવાય? જે દ્રવ્યત્વ જાતિવાળું છે, અથવા જે ગુણવાળું છે, અથવા જે સમવાયિકારણ છે તેને દ્રવ્ય કહેવાય છે.

વિશેષાર્થ : દ્રવ્યનું લક્ષણ

પદકૃત્યકારશ્રી એ દ્રવ્યના ત્રણ લક્ષણ બતાવ્યા છે. (૧) द्रव्यत्वजातिमत्त्वं द्रव्यस्य लक्षणम् (૨) गुणवत्त्वं द्रव्यस्य लक्षणम् (૩) समवायिकारणत्वं द्रव्यस्य लक्षणम्। સામાન્યથી એવું કહેવાય છે કે પહેલા લક્ષણમાં કોઈ દોષ આવતો હોય ત્યારે બીજું લક્ષણ બનાવવામાં આવે છે અને બીજા લક્ષણમાં જો દોષ આવતો હોય તો ત્રીજા લક્ષણ સુધી જવું પડે છે. તો ચલો જોઈએ, પ્રથમ લક્ષણમાં શું દોષ છે...

(૧) દ્રવ્યનું **'द्रव्यत्वजातिमत्त्वम्'** એવું લક્ષણ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ જે લક્ષણના મુખ્ય દોષ કહેવાય છે, (જેનું વર્ણન આગળ આવશે) તેના વાળું તો નથી. પરંતુ ઉપરોક્ત લક્ષણ કરવાથી 'लक्षण-लक्ष्यतावच्छेदकयोः ऐक्यम्' (પ્રતિબિંબ-ટીકા) અર્થાત્ લક્ષણ અને લક્ષ્યતાવચ્છેદક બન્ને એક થઈ જવાની આપત્તિ આવશે. તે આ પ્રમાણે → જેનું લક્ષણ કરવાનું હોય તે લક્ષ્ય કહેવાય છે અને લક્ષ્યના અસાધારણ ધર્મને લક્ષણ કહેવાય છે. અહીં દ્રવ્યનું લક્ષણ કર્યું હોવાથી દ્રવ્ય એ લક્ષ્ય બનશે. દ્રવ્યમાં રહેલી લક્ષ્યતાનો અવચ્છેદક ધર્મ (લક્ષ્ય કરતા ન્યૂન કે અધિક દેશમાં ન રહેતો ધર્મ) દ્રવ્યત્વ જાતિ બનશે અને અહીં *દ્રવ્યનું લક્ષણ પણ દ્રવ્યત્વ જાતિ છે. તેથી લક્ષ્યતાવચ્છેદક અને લક્ષણ બન્ને એક બની જશે.*

આમ તો સામાન્યથી જોવા જઈએ તો લક્ષણ હંમેશા લક્ષ્યતાવચ્છેદકથી ભિન્ન જ હોય છે.

દા.ત. → 'घातिकर्मक्षयवत्त्वम् केवलिनो: लक्षणम्' અહીં લક્ષ્ય કેવલી હોવાથી, લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વ અને લક્ષણ ઘાતિકર્મક્ષય છે. તેથી બન્ને પરસ્પર ભિન્ન છે. તેવી રીતે 'गन्धवत्त्वम् पृथिव्या लक्षणम्' અહીં પણ લક્ષ્યા પૃથ્વી હોવાથી લક્ષ્યતાવચ્છેદક પૃથ્વિત્વ જાતિ અને લક્ષણ ગન્ધાત્મક છે, જે ગુણ છે. તેથી બંને પરસ્પર ભિન્ન છે.

શંકા : લક્ષ્યતાવચ્છેદક અને લક્ષણને એક માનવું દોષરૂપ કેમ છે?

સમા. : 'लक्षणलक्ष्यतावच्छेदकयोरैक्येनोद्देश्यतावच्छेदकविधेयतावच्छेदकयोरभेदाच्शाब्दबोधानुमित्योरसिद्धि:' (પ્રતિબિમ્બટીકા) અર્થાત્ લક્ષણ અને લક્ષ્યતાવચ્છેદકની એકતા વડે ઉદ્દેશ્યતાવચ્છેદક અને વિધેયતાવચ્છેદકમાં અભેદ થાય છે. અહીં વિધેયતાવચ્છેદકથી વિધેય પણ સમજવું. અને તેથી શાબ્દબોધ અને અનુમિતિ થતી નથી.

તે આ પ્રમાણે → જે લક્ષ્ય છે તેને ઉદ્દેશ્ય કહેવાય છે અને લક્ષ્યતાવચ્છેદકને ઉદ્દેશ્યતાવચ્છેદક કહેવાય છે, જે જ્ઞાત હોય છે. તથા લક્ષણને વિધેય કહેવાય છે જે અજ્ઞાત હોય છે. (નહીં જણાયેલા અર્થનું વિધાન કરવું તે જ વિધેય છે.) હવે જો લક્ષ્યતાવચ્છેદક અને લક્ષણ બન્ને એક હોય તો ઉદ્દેશ્યતાવચ્છેદક અને વિધેય બન્ને એક થઈ જશે. આમ ઉદ્દેશ્યતાવચ્છેદક દ્રવ્યત્વજાતિ જે જ્ઞાત છે તેનું જ પુનર્વિધાન કરવાથી પુનરુક્તિ થશે. જે દોષપ્રદ મનાશે. અને અર્થને જાણવાની ઈચ્છા નહીં હોવાથી શાબ્દબોધ = વાક્યાર્થ બોધ ન થવાની આપત્તિ આવશે.

(૨) સારું, તો અમે દ્રવ્યનું લક્ષણ **'गुणवत्त्वम्'** કરશું. તેથી લક્ષ્યતાવચ્છેદક 'દ્રવ્યત્વજાતિ' અને લક્ષણ 'ગુણ' બન્ને ભિન્ન હોવાથી પૂર્વોક્ત દોષ નહીં આવે. અને આ લક્ષણ અવ્યાપ્તિ વગેરે દોષવાળું પણ નથી કારણ કે ભલેને આકાશ વગેરે અમુક દ્રવ્યમાં ક્રિયા ન રહેતી હોય તો પણ આકાશમાં શબ્દ નામનો ગુણ, આત્મામાં જ્ઞાન વગેરે ગુણ તો રહે જ છે. હા, કાલ અને દિશા દ્રવ્યમાં રૂપ, રસ વગેરે ગુણો ભલે દ્રષ્ટિગોચર થતા ન હોય પરંતુ સંયોગ, વિભાગ, સંખ્યા, પરિમાણ અને પૃથક્ત્વ આ પાંચ ગુણો તો બધા જ દ્રવ્યોમાં રહેતા હોવાથી કાલ અને દિશામાં પણ દ્રવ્યનું 'गुणवत्त्वम्' લક્ષણ સુતરાં ઘટી જશે.

શંકા : 'गुणवत्त्वम्' લક્ષણ હજી પણ અવ્યાપ્તિ દોષથી દૂષિત છે. 'જે લક્ષણ લક્ષ્યના એક દેશમાં ન ઘટે તે લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું કહેવાય છે.' 'गुणवत्त्व' આ દ્રવ્યનું લક્ષણ લક્ષ્યના એક દેશમાં નથી ઘટતું કારણ કે નિયમ છે 'उत्पन्नं क्षणं द्रव्यं निर्गुणं निष्क्रियं च तिष्ठति' અર્થાત્ ઉત્પન્ન થયેલું દ્રવ્ય આદ્યક્ષણે ગુણ વિનાનું અને ક્રિયા વિનાનું હોય છે. તેથી આદ્યક્ષણમાં રહેનારા ઘટાદિ દ્રવ્યમાં ગુણની ઉત્પત્તિ થતી નથી. તેથી દ્રવ્યનું 'गुणवत्त्व' લક્ષણ ઉચિત નથી.

પ્રતિશંકા : પરંતુ ભાઈ, તમારા 'उत्पन्नं क्षणं द्रव्यं....' આ નિયમમાં પ્રામાણ્ય શું છે?

સમા. : ન્યાયદર્શન એ દ્રવ્ય અને ગુણ વચ્ચે કાર્યકારણભાવ માન્યો છે. અર્થાત્ દ્રવ્ય

કારણ છે અને ગુણ એ દ્રવ્યનું કાર્ય છે એવું સ્વીકારે છે. હવે જે કારણ હોય તે કાર્યની પૂર્વક્ષણમાં રહેવું જોઈએ કારણ કે 'कार्यनियताव्यवहितपूर्ववर्त्तित्वं कारणत्वम्' કાર્યની ઉત્પત્તિમાં જે હંમેશા વ્યવધાન વગર કાર્યની પૂર્વક્ષણમાં રહે છે તે કારણ કહેવાય છે. માટે જ્યારે ઘટાદિ દ્રવ્ય ઉત્પન્ન થશે તે સમયે ગુણાદિરૂપ કાર્યની ઉત્પત્તિ નહીં થઈ શકે. નહિતર ઘટાદિ દ્રવ્ય અને ગુણ વચ્ચે કાર્ય-કારણ ભાવના નાશની આપત્તિ આવશે કારણ કે જે બે વસ્તુઓ એક જ કાળમાં ઉત્પન્ન થયેલી હોય છે તે બે વસ્તુઓ વચ્ચે કાર્ય-કારણભાવ માની શકાતો નથી. દા.ત. → ગાયના બે શિંગડા. આથી જ દ્રવ્ય અને ગુણમાં પૂર્વોત્તર ભાવ માનવો પડશે.

શંકા : પરંતુ જ્યારે ઘટાદિ ઉત્પન્ન થાય છે તે ક્ષણે ઘટાદિ સર્વથા ગુણ વિનાનો જણાતો તો નથી જ. તેથી તમારી વાત યુક્તિયુક્ત હોવા છતાં પણ તમે ''દ્રવ્ય અને ગુણમાં પૂર્વોત્તરભાવ હોય છે'' એવું જે કહ્યું એ વાતનો પ્રત્યક્ષની સાથે વિરોધ આવે છે.

સમા. : ઘટ જે ક્ષણે ઉત્પન્ન થાય છે તે ક્ષણે જે રૂપાદિ ભાસિત થાય છે તે રૂપાદિ ઘટના નથી પરંતુ ઘટના અવયવ જે કપાલ છે તેના છે. આથી દ્રવ્ય અને ગુણના પૂર્વાપરભાવનો પ્રત્યક્ષની સાથે કોઈ વિરોધ નથી.

સાર એ નીકળ્યો કે દ્રવ્યનું 'गुणवत्त्वम्' લક્ષણ ઉત્પત્તિ કાલીન ઘટાદિ દ્રવ્યોમાં ન જતું હોવાથી અવ્યાપ્તિ દોષથી દૂષિત છે.

(૩) સારું, તો અમે દ્રવ્યનું લક્ષણ **'समवायिकारणत्वम्'** 'જે સમવાયિ કારણ છે તેને દ્રવ્ય કહેવાય' એવું કરશું. તેથી પ્રથમ દોષ નહીં આવે કારણ કે અહીં લક્ષ્યતાવચ્છેદક 'द्रव्यत्व' અને લક્ષણ 'समवायिकारणत्व' બન્ને ભિન્ન ભિન્ન ધર્મો છે. તથા આ લક્ષણમાં બીજા લક્ષણની જેમ અવ્યાપ્તિ દોષ પણ આવતો નથી. કારણ કે પ્રથમ ક્ષણે ઉત્પન્ન થયેલું દ્રવ્ય ભલે ગુણવાળું ન હોય છતાં સમવાયિ કારણ તો બનશે. કારણ કે જેમાં સમવાયસંબંધથી કાર્ય ઉત્પન્ન થાય તેને સમવાયિ કારણ કહેવાય છે. દા.ત. → ઘટરૂપ ઘટમાં સમવાય સંબંધથી ઉત્પન્ન થતું હોવાથી ઘટરૂપ પ્રતિ ઘટ સમવાયિકારણ છે.

અહીં પણ = આદ્યક્ષણવૃત્તિ ઘટાદિ દ્રવ્યમાં પણ બીજી ક્ષણે સમવાયસંબંધથી ઘટરૂપ ઉત્પન્ન થવાનું જ છે, તેથી આદ્યક્ષણવૃત્તિ ઘટાદિ દ્રવ્ય સમવાયિકારણ કહેવાશે.

શંકા : પરંતુ જો ઘટાદિ દ્રવ્ય ઉત્પન્ન થતા જ નાશ પામી જાય તો એમાં સમવાયસંબંધથી ગુણ ઉત્પન્ન થવાનો જ નથી તો પછી એ ઘટાદિદ્રવ્ય સમવાયિકારણ કેવી રીતે કહેવાશે?

સમા. : જેવી રીતે વનમાં રહેલો દંડ ઘટને ઉત્પન્ન કરતો નથી છતાં પણ એ દંડમાં ઘટને ઉત્પન્ન કરવાનું સામર્થ્ય તો પડેલું જ છે. તેથી વનનો દંડ સ્વરૂપયોગ્ય કારણ કહેવાય છે. તેવી રીતે આવા ઘટાદિ દ્રવ્યો કાર્યને ભલે ઉત્પન્ન ન કરે છતાંય તેમાં ગુણાદિને ઉત્પન્ન કરવાની શક્તિ હોવાથી તે આદ્યક્ષણવૃત્તિ ઘટાદિ દ્રવ્યને સ્વરૂપયોગ્ય કારણ કહેવાય છે.

ગુણાદિનો સામાન્ય પરિચય

मूलम् : रूपरसगन्धस्पर्शसंख्यापरिमाणपृथक्त्वसंयोगविभागपरत्वापरत्व-गुरुत्वद्रवत्वस्नेहशब्दबुद्धिसुखदुःखेच्छाद्वेषप्रयत्नधर्माधर्मसंस्काराश्चतुर्विंशतिर्गुणाः ॥

રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, શબ્દ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ અને સંસ્કાર આ ચોવીસ ગુણો છે.

વિશેષાર્થ :

'ગુણ' શબ્દના ભિન્ન ભિન્ન અર્થો થાય છે. જેમકે સુકૃતિ, ઉત્તમતા, ખ્યાતિ, પુનરાવૃત્તિ, ગૌણ વગેરે. સાંખ્યદર્શનમાં પ્રકૃતિનો ધર્મ ગુણ માનેલો છે અને તે ગુણ સત્ત્વ, રજસ્ અને તમસ્ નામથી પ્રસિદ્ધ છે. વ્યાકરણશાસ્ત્રમાં ए, ओ, अर् તથા अल् ગુણ છે. જ્યારે નીતિશાસ્ત્રમાં સન્ધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સંશ્રયને ગુણ કહે છે.

અહીં 'द्रव्यकर्मभिन्नत्वे सति सामान्यवान्' અર્થાત્ દ્રવ્ય અને કર્મથી જે ભિન્ન હોય અને સત્તા જાતિવાળો હોય તેને ગુણ કહ્યો છે. ન્યાયાનુસાર સત્તાજાતિ દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણ પદાર્થોમાં જ રહે છે. તેથી દ્રવ્ય અને કર્મથી ભિન્ન અને સત્તાજાતિવાળો ગુણ જ પકડાશે. તેથી ગુણનું લક્ષણ નિર્દોષ છે. (આનું વિસ્તૃત વર્ણન આગળ આવશે.)

શંકા : નવ દ્રવ્યોમાંથી કયા કયા દ્રવ્યોમાં કેટલા કેટલા ગુણો રહે છે ?

સમા. : ' वायोर्नवैकादशतेजसोगुणाः, जलक्षितिप्राणभृताम् चतुर्दशादिक्कालयोः पञ्च षडेव चाम्बरे महेश्वरेऽष्टौ मनसस्तथैव च ॥ '

(૧) વાયુમાં ૯ ગુણો રહે છે → સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ તથા વેગ નામક સંસ્કાર. (૨) તેજમાં ૧૧ ગુણો રહે છે → વાયુના પ્રથમ આઠ ગુણ તથા રૂપ, દ્રવત્વ અને વેગ. (૩) જલમાં ૧૪ ગુણો રહે છે → તેજના અગ્યાર ગુણ તથા ગુરુત્વ, રસ અને સ્નેહ. (૪) પૃથિવીમાં ૧૪ ગુણો રહે છે → જલના પ્રથમ તેર ગુણ અને ગન્ધ. (૫) આત્મામાં ૧૪ ગુણો રહે છે → બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, સંસ્કાર, ધર્મ અને અધર્મ. (૬) દિશા અને કાળમાં ૫ ગુણો રહે છે → સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ અને વિભાગ. (૭) આકાશમાં ૬ ગુણો રહે છે → ઉપરોક્ત ૫ ગુણ તથા શબ્દ. (૮) ઈશ્વરમાં ૮ ગુણો રહે છે → ઉપરોક્ત ૫ ગુણ તથા નિત્યજ્ઞાન, નિત્યઈચ્છા અને નિત્યપ્રયત્ન. (૯) મનમાં ૮ ગુણો રહે છે → ઉપરોક્ત ૫ ગુણ તથા પરત્વ, અપરત્વ અને વેગ.

मूलम् : उत्क्षेपणापक्षेपणाकुञ्चनप्रसारणगमनानि पञ्च कर्माणि ॥

કર્મ ઉત્ક્ષેપણ (ઊંચે ફેંકવું), અપક્ષેપણ (નીચે ફેંકવું), આકુંચન (એકઠું કરવું), પ્રસારણ

(ફેલાવવું) અને ગમન (ગતિ કરવી) એમ પાંચ પ્રકારે છે.

વિશેષાર્થ : આ પાંચે કર્મથી અતિરિક્ત ભ્રમણ, રેચન, સ્પન્દન, ઉર્ધ્વજ્વલન, તિર્યગ્ગમન વગેરે જેટલી પણ ક્રિયાઓ છે તેનો ગમનમાં અન્તર્ભાવ કરવો.

શંકા : તો પછી ઉત્ક્ષેપણ વગેરે ક્રિયાઓનો પણ ગમન ક્રિયામાં અન્તર્ભાવ કેમ ન કર્યો?

સમા. : ' स्वतन्त्रेच्छस्य मुनेर्नियोगपर्यनुयोगानर्हत्वादिति।' (મુક્તાવલી-દીનકરી) અર્થાત્ ઋષિ સ્વતંત્ર ઈચ્છાવાળા છે. તેથી તેમને તમે આવું શા માટે કહ્યું? એ રીતે નિયોગ = પ્રશ્ન અને પર્યનુયોગ = તેમની નિંદા કરી ન શકાય.

मूलम् : परमपरं चेति द्विविधं सामान्यम्॥

સામાન્ય બે પ્રકારે છે (૧) પરસામાન્ય અને (૨) અપરસામાન્ય

(प०) परमपरं चेति । परसामान्यमपरसामान्यमित्यर्थः । परत्वं चाधिकदेश-वृत्तित्वम् । अपरत्वं न्यूनदेशवृत्तित्वम् ॥

*** पदकृत्य ***

પર અને અપરના ભેદથી સામાન્ય બે પ્રકારે છે. જે સામાન્ય અધિક દેશમાં રહે છે તે પરસામાન્ય અને જે સામાન્ય ન્યૂનદેશમાં રહે છે તે અપર સામાન્ય કહેવાય છે.

વિશેષાર્થ :



આ પરાપર સામાન્યને દ્રષ્ટાંતથી સમજીએ... જૈન ધર્મને પામેલા જીનેન્દ્ર નામના મનુષ્યમાં 'अयं जैनः','अयं मनुष्यः', 'अयं पार्थिवः', 'इदं द्रव्यम्', 'अयं सन्' વગેરે ઘણા પ્રકારે સમાન આકારની બુદ્ધિ થાય છે. તેમાં કારણભૂત જૈનત્વ, મનુષ્યત્વ વગેરે ઘણી જાતિઓ છે. તેમાં જૈનત્વ જાતિ મનુષ્યત્વની અપેક્ષાએ અપરસામાન્ય કહેવાય છે, કારણ કે જ્યાં જ્યાં જૈનત્વ હોય ત્યાં ત્યાં મનુષ્યત્વ મળશે. પરંતુ મનુષ્યત્વનાં દરેક અધિકરણમાં જૈનત્વ જાતિ નથી રહેતી, કારણ કે દરેક મનુષ્ય જૈન હોતા નથી અને મનુષ્યત્વ જાતિ જૈનત્વજાતિની અપેક્ષાએ અધિક દેશમાં રહેનારી હોવાથી પરસામાન્ય કહેવાય છે. એ રીતે આગળ વિચારવું.

શંકા : સત્તાજાતિ કોની અપેક્ષાએ અપરસામાન્ય મનાશે?

સમા. : દ્રવ્ય, ગુણ અને કર્મ આ ત્રણ સિવાય બીજે ક્યાંય જાતિ રહેતી નથી અને સત્તા જાતિ દ્રવ્ય, ગુણ, કર્મ એમ ત્રણેયમાં રહેલી હોવાથી માત્ર 'પર' જ છે, એની એપક્ષાએ બીજી બધી જાતિઓ અલ્પદેશ વૃત્તિ હોવાથી 'અપર' જ છે.

मूलम् : नित्यद्रव्यवृत्तयो विशेषास्त्वनन्ता एव ।

પૃથ્વી, અપ્, તેજ, વાયુ, આ ચારના પરમાણુ નિત્ય છે. તેમજ આકાશ કાલ, દિશા, આત્મા અને મન એ પાંચ પણ નિત્ય છે. આ પ્રમાણે નિત્ય દ્રવ્યો અનંતા છે અને તે પ્રત્યેક નિત્ય દ્રવ્યમાં 'વિશેષ' રહે છે. તેથી વિશેષ પણ અનંતા છે.

विशेषार्थ :

शंका : 'વિશેષ' નામના પદાર્થની કલ્પના કરવાનું કારણ શું છે ?

समा. : નૈયાયિકો એવું માને છે કે એક પદાર્થથી બીજા પદાર્થને જુદો બતાવવો હોય તો વ્યાવર્તક કોઈ પદાર્થ જોઈએ. દા.ત. → આ બંને સાડી જુદી કેમ છે? કારણ કે બંનેની સામગ્રી જુદી છે એટલે વ્યાવર્તક સામગ્રી છે, તેની જેમ એક ઘટથી બીજો ઘટ જુદો કેમ છે ? તો કહેવું પડે કે બન્નેના અવયવો = કપાલો જુદા છે. તો બે કપાલ જુદા કેમ છે? તો કહેવું પડે કે બંનેની કપાલિકા જુદી છે. બે કપાલિકા જુદી કેમ છે? તો એ કપાલિકાના અવયવ જુદા છે. એમ કરતા પ્રશ્ન થશે કે એક દ્વયણુકથી બીજો દ્વયણુક જુદો કેમ છે? તો કહેવાય કે દરેક દ્વયણુકના પરમાણુ જુદા છે. હવે પ્રશ્ન થાય છે બે પરમાણુ જુદા કેમ છે ? અહીં તેના અવયવો જુદા છે, એવું તો કહી શકાતું નથી કારણ કે પરમાણુ નિત્ય છે અને નિરવયવ છે. તેથી બે પરમાણુમાં ભેદ પાડનાર = વ્યાવર્તક એવા 'વિશેષ' નામના પદાર્થની કલ્પના કરી છે.

હજી પણ પ્રશ્ન થશે કે બે વિશેષોમાં ભેદ કરનાર કોણ ? જો અન્ય વિશેષ માનીએ તો એ અન્ય વિશેષનો ભેદ કરનાર કોણ ? આ પ્રમાણે અનવસ્થા (=પરંપરા) ચાલશે. તેથી લાઘવ થાય અને અનવસ્થા ન આવે માટે વિશેષને સ્વતઃ વ્યાવર્તક માન્યો છે.

मूलम् : समवायस्त्वेक एव ।

વળી સમવાય તો એક જ છે.

विशेषार्थ :

शंका : 'સમવાય' નામના પદાર્થની કલ્પના કેમ કરી?

समा. : નૈયાયિક એવું માને છે કે કોઈ પણ જગ્યાએ વિશેષણથી વિશિષ્ટ બુદ્ધિ થાય છે તે કોઈને કોઈ સંબંધને લઈને જ થાય છે. તેથી તંતુમાં પટ, ઘટમાં નીલરૂપ, નર્તકમાં નૃત્યક્રિયા, ઘટમાં ઘટત્વ, નિત્યદ્રવ્યમાં વિશેષ આવા આવા પ્રકારની જે પ્રતીતિ થાય છે તે પણ સંબંધ માન્યા વગર ઘટી શકે નહીં. તો 'તંતુમાં પટ' વગેરે ઉપરોક્ત દૃષ્ટાંતોમાં કયો સંબંધ માનવો? સંયોગાદિ સંબંધ તો ન માની શકાય કારણ કે અવયવ-અવયવીથી ભિન્ન બે દ્રવ્ય વચ્ચે સંયોગ સંબંધ હોય છે અને સ્વમાં સ્વનો તાદાત્મ્યસંબંધ હોય છે તેથી આવા અયુત = અપૃથક્ સિદ્ધ પદાર્થો કે જેને જુદા પાડી ન શકાય એ બેની વચ્ચે સમવાયસંબંધ માન્યો છે.

मूलम् : अभावश्चतुर्विधः - प्रागभावः प्रध्वंसाभावोऽत्यन्ताभावोऽन्योन्याभावश्चेति॥

અભાવ ચાર પ્રકારે છે-પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અત્યંતાભાવ અને અન્યોન્યાભાવ.

વિશેષાર્થ : વસ્તુની અવિદ્યમાનતા એ અભાવ છે. કેટલાક દર્શનકારો અભાવને સ્વતંત્ર પદાર્થ માને છે. તેઓનું કહેવું છે અભાવ જો વસ્તુ જ ન હોય તો તે આકાશકુસુમ જેવી અસત્ વસ્તુ બની જવી જોઈએ, અસત્ વસ્તુની જેમ અભાવનું પણ ભાન ન થવું જોઈએ. પરંતુ એવું દેખાતું નથી. જેવી રીતે 'ભૂતલ ઉપર ઘડો છે' એવું જ્ઞાન સૌને થાય છે, તેવી જ રીતે 'ભૂતલ ઉપર ઘડાનો અભાવ છે', 'વાયુમાં રૂપનો અભાવ છે' એવું જ્ઞાન પણ સૌને થાય જ છે. અને જ્ઞાન, વિષય વિના ન થઈ શકે. તેથી માનવું જોઈએ કે જ્ઞાનના વિષય તરીકે ઘટાભાવ, રૂપાભાવ વગેરે વસ્તુ છે જ અને તે સ્વતંત્ર અલગ પદાર્થ છે.

તે અભાવ ચાર પ્રકારે છે. (૧) પ્રાગભાવ : વસ્તુની ઉત્પત્તિ પહેલા વસ્તુનો અભાવ તે પ્રાગભાવ છે. દા.ત. → જ્યાં સુધી ઘટ ઉત્પન્ન થયો નથી, ત્યાં સુધી ઘટનો પ્રાગભાવ. (૨) પ્રધ્વંસાભાવ : વસ્તુના નાશ દ્વારા વસ્તુનો જે અભાવ થાય, તે ધ્વંસસ્વરૂપ અભાવ છે. દા.ત. → ઘડો ફૂટી ગયા પછી ઘડાનો અભાવ તે પ્રધ્વંસાભાવ છે. (૩) અત્યંતાભાવ : એક વસ્તુમાં બીજી વસ્તુનો નિષેધ કરવો તે અત્યંતાભાવ છે. દા.ત. → ભૂતલ ઉપર ઘડાનો અભાવ. (૪) અન્યોન્યાભાવ : 'એક વસ્તુ બીજી વસ્તુ સ્વરૂપે ન હોવી' આવા અભાવને અન્યોન્યાભાવ કહેવાય છે. દા.ત. → ઘટ એ પટ સ્વરૂપ નથી.

શંકા : અન્યોન્યાભાવ અને અત્યંતાભાવમાં ફરક શું?

સમા. : અન્યોન્યાભાવ પ્રથમા વિભક્તિમાં બતાવાય છે. જેમ → ઘટો ન પટ: અને અત્યંતાભાવ સપ્તમી વિભક્તિમાં બતાવાય છે. જેમ → ભૂતલે ઘટાભાવ:

॥ **द्रव्यलक्षणप्रकरण** ॥

પૃથિવી - નિરૂપણ

मूलम् : तत्र गन्धवती पृथिवी । सा द्विविधा-नित्याऽनित्या च । नित्या परमाणुरूपा। अनित्या कार्यरूपा । पुनस्त्रिविधा शरीरेन्द्रियविषयभेदात् । शरीरमस्मदादीनाम् । इन्द्रियं गन्धग्राहकं घ्राणं नासाग्रवर्त्ति । विषयो मृत्पाषाणादिः ॥

तत्र = પૃથિવી, જલ, તેજ વગેરે નવદ્રવ્યોમાં જે પૃથિવી છે તે ગન્ધવાળી છે. તે નિત્ય અને અનિત્ય ભેદથી બે પ્રકારની છે. પરમાણુરૂપે પૃથિવી નિત્ય છે અને દ્વયણુક વગેરે કાર્યરૂપે પૃથિવી અનિત્ય છે. આ અનિત્ય પૃથિવી શરીર, ઇન્દ્રિય અને વિષય ભેદે ત્રણ પ્રકારની છે. (૧) આપણા બધાનું જે શરીર અર્થાત્ મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ વગેરેના જે શરીર એ શરીરરૂપ અનિત્ય પૃથિવી છે. (૨) નાસિકાના અગ્ર ભાગે રહેલી, ગન્ધ નામના ગુણને ગ્રહણ કરનારી ઘ્રાણેન્દ્રિય, તે ઇન્દ્રિયરૂપ અનિત્ય પૃથિવી છે. (૩) માટી, પથ્થર, ઘટ, પટ વગેરે વિષયરૂપ

અનિત્ય પૃથિવી છે.

(ન્યા૰) गन्धवतीति । गन्धवत्त्वं पृथिव्या लक्षणम् । लक्ष्या पृथिवी । पृथिवीत्वं लक्ष्यतावच्छेदकम् । यद्धर्मावच्छिन्नं लक्ष्यं स धर्मो लक्ष्यतावच्छेदकः । यो धर्मो यस्यावच्छेदकः स तद्धर्मावच्छिन्नः । तथा च लक्ष्यतावच्छेदकं पृथिवीत्वं चेल्लक्ष्यता पृथिवीत्वावच्छिन्ना । गन्धसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वं पृथिव्या लक्षणम् । एवं शीतस्पर्शवत्त्वादिलक्षणेषु जलादीनां लक्ष्यता जलत्वादीनां लक्ष्यतावच्छेदकत्वं च बोध्यम्॥

* ન્યાયબોધિની *

'गन्धवत्त्वम्' એ પૃથિવીનું લક્ષણ છે. (જેનું લક્ષણ કરવામાં આવે તે લક્ષ્ય કહેવાય છે. અહીં પૃથિવીનું લક્ષણ કરવામાં આવે છે તેથી અહીં) પૃથિવી એ લક્ષ્ય છે અને પૃથિવી લક્ષ્ય બનવાથી પૃથિવીમાં લક્ષ્યતા નામનો ધર્મ આવ્યો. તે લક્ષ્યતાનો અવચ્છેદક ધર્મ 'પૃથિવીત્વ' બનશે કારણ કે જે ધર્મથી યુક્ત લક્ષ્ય હોય છે, તે ધર્મ લક્ષ્યતાનો અવચ્છેદક કહેવાય છે. હવે 'જે ધર્મ જેનો અવચ્છેદક હોય છે, તે ધર્મથી તે અવચ્છિન્ન કહેવાય છે.' અહીં લક્ષ્યતાનો અવચ્છેદક પૃથિવીત્વ છે, માટે લક્ષ્યતા પૃથિવીત્વથી અવચ્છિન્ન કહેવાય છે.

મૂલોક્ત 'गन्धवत्त्व' લક્ષણ અવ્યાપ્તિદોષથી ગ્રસ્ત છે. તેથી ન્યાયબોધિનીકારે 'गन्धसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्' અર્થાત્ 'ગન્ધના સમાન અધિકરણમાં રહેલી દ્રવ્યત્વની વ્યાપ્ય (=ન્યૂનદેશ વૃત્તિ) પૃથિવીત્વજાતિ જેમાં રહે છે તે પૃથિવી છે' આવું પૃથિવીનું નિર્દોષ લક્ષણ બનાવ્યું છે. (વિસ્તૃત વર્ણન માટે જુઓ વિશેષાર્થ.)

એવી રીતે 'शीतस्पर्शवत्त्वं जलस्य लक्षणम्', 'उष्णस्पर्शवत्त्वं तेजसोर्लक्षणम्', 'रूपाभावविशिष्टस्पर्शवत्त्वं वायोर्लक्षणम्' આ જે જલ, તેજ તથા વાયુના લક્ષણો છે તેમાં જલ, તેજ અને વાયુ લક્ષ્ય હોવાથી તેમાં લક્ષ્યતા જાણવી અને જલત્વ, તેજસ્ત્વ અને વાયુત્વ એ લક્ષ્યતાવચ્છેદક ધર્મો જાણવા. (પછી જલાદિના પણ પૃથિવીની જેમ નિર્દોષ લક્ષણ વિચારવા.)

વિશેષાર્થ : પૃથિવીનું લક્ષણ

'गन्धवत्त्वं पृथिव्या लक्षणम्' આ લક્ષણમાં ગન્ધ પદને જે મતુ (મત્) પ્રત્યય લાગ્યો છે, તે અધિકરણ અર્થને જણાવે છે તેથી गन्धः अस्ति अस्य = गन्धवत् = 'ગન્ધનું અધિકરણ' એ પ્રમાણેનો અર્થ થશે. આવો અર્થ થવાથી ગન્ધ આધેય અને પૃથિવી અધિકરણ બનશે. માટે ગન્ધમાં આધેયતા ધર્મ અને પૃથિવીમાં અધિકરણતા ધર્મ આવશે. તેથી પૃથિવીનું લક્ષણ આ પ્રમાણે બનશે... 'गन्धनिष्ठाधेयतानिरूपिताधिकरणतावत्त्वं पृथिव्या लक्षणम्' અર્થાત્ ગન્ધમાં રહેલી આધેયતાથી નિરૂપિત=ઓળખાયેલ અધિકરણતા જેમાં છે તે પૃથિવી છે.

આધેયતાવચ્છેદક સંબંધનો નિવેશ

શંકા : તમે જે પૃથિવીનું લક્ષણ કર્યું છે તે કાલમાં અતિવ્યાપ્ત થાય છે. કારણ કે કહ્યું છે 'जन्यानां जनकः कालो जगतामाश्रयो मतः' (મુક્તાવલી) અર્થાત્ કાલિક સંબંધથી કાળ જગતનો આધાર મનાયો છે, તેથી કાલિક સંબંધથી કાલ એ ગન્ધનો પણ આધાર બનશે. આ રીતે કાલિક સંબંધેન 'गन्धनिष्ठाधेयतानिरूपिताधिकरणतावान्' કાળ પણ બની જશે. લક્ષણ હતું પૃથિવીનું અને કાળમાં પણ ગયું તેથી અતિવ્યાપ્તિ દોષ આવશે.

સમા. : આ અતિવ્યાપ્તિને દૂર કરવા માટે અમે લક્ષણમાં આધેયતાવચ્છેદક સંબંધનો નિવેશ કરશું કારણ કે અવચ્છેદક સંબંધ અને અવચ્છેદક ધર્મથી જ વસ્તુનો સ્પષ્ટ બોધ થાય છે.

આધેયતાનો અવચ્છેદક સંબંધ કોને કહેવાય? 'આધેય પોતાના અધિકરણમાં જે સંબંધથી રહે છે તે સંબંધને આધેયતાનો અવચ્છેદક સંબંધ કહેવાય છે.' અહીં ગન્ધ આધેય પૃથિવીરૂપ અધિકરણમાં સમવાયસંબંધથી રહે છે કારણ કે ગુણ અને ગુણી વચ્ચે સમવાયસંબંધ છે. માટે આધેયતાનો અવચ્છેદક સબંધ સમવાય બનશે. અને તેથી આધેયતા પણ 'यः संबन्धो यस्यावच्छेदकः स तद्संबन्धावच्छिन्नः' આ નિયમથી સમવાયસંબંધથી અવચ્છિન્ન બનશે. માટે લક્ષણ આ પ્રમાણે થશે → समवायसंबन्धावच्छिन्नगन्धनिष्ठाधेयतानिरूपिताधिकरणतावत्त्वं पृथिव्या लक्षणम् આવું પૃથિવીનું લક્ષણ કરવાથી કાળમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે સમવાયસંબંધથી તો ગન્ધ માત્ર પૃથિવીમાં જ રહે છે.

આધેયતાવચ્છેદક ધર્મનો નિવેશ

શંકા : તમારું આવું પણ પૃથિવીનું લક્ષણ અતિવ્યાપ્તિ વગેરે દોષવાળું છે. તે આ પ્રમાણે... જેમ ગન્ધમાં ગન્ધત્વ ધર્મ રહે છે તેમ ગુણત્વ, સુરભિત્વ, દુરભિત્વ વગેરે બીજા પણ ઘણા ધર્મો રહે છે. એમાંથી જે ધર્મને આગળ કરીએ તેવા આકારનું જ્ઞાન થાય છે. જેમ કે - ગન્ધત્વ ધર્મને આગળ કરીએ તો 'આ ગન્ધ છે' એવું જ્ઞાન થાય, સુરભિત્વ ધર્મને આગળ કરીએ તો 'આ સુરભિગન્ધ છે' એવું જ્ઞાન થાય.....

હવે કોઈ વ્યક્તિ ગુણત્વધર્મને આગળ કરીને ગન્ધનું ગુણ તરીકે ભાન કરે તો સમવાયસંબંધથી ગુણવાળા પૃથિવી વગેરે નવેય દ્રવ્ય બની જશે. લક્ષણ હતું પૃથિવીનું અને જતું રહ્યું નવેય દ્રવ્યોમાં, તેથી અતિવ્યાપ્તિદોષ આવશે. તેમજ કોઈ સુરભિત્વધર્મને આગળ કરીને ગન્ધનું સુરભિગુણ તરીકે ભાન કરે તો સમવાયસંબંધથી સુગંધવાળી બધી જ પૃથિવી હોતી નથી. આ રીતે પૃથિવીનું લક્ષણ સર્વપૃથિવીમાં ન જવાથી અવ્યાપ્તિ દોષ પણ આપશે.

સમા. : લક્ષણમાં આવેલી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિદોષને દૂર કરવા અમે લક્ષણમાં

આધેયતાના અવચ્છેદકધર્મનો નિવેશ કરશું. તે આ પ્રમાણે..... આધેયની ઉપસ્થિતિ વક્તાને જે ધર્મથી ઈષ્ટ હોય, તે ધર્મ આધેયતાનો અવચ્છેદક ધર્મ કહેવાય. અહીં વક્તાને ગન્ધની ઉપસ્થિતિ ગન્ધત્વ ધર્મથી ઈષ્ટ છે. તેથી આધેયતાવચ્છેદક ધર્મ ગન્ધત્વ થશે અને આધેયતા 'यो धर्मो यस्यावच्छेदकः स तद्धर्मावच्छिन्नः' આ નિયમથી ગન્ધત્વ ધર્મથી અવચ્છિન્ન બનશે. તેથી લક્ષણ આ પ્રમાણે થશે → 'समवायसंबंधावच्छिन्न-गन्धत्वावच्छिन्न-गन्धनिष्ठाधेयतानिरूपिताधिकरणतावत्त्वम्' આવું પૃથિવીનું લક્ષણ કરતા અતિવ્યાપ્તિ કે અવ્યાપ્તિ દોષ આવશે નહીં કારણ કે, સમવાયસંબંધથી ગન્ધત્વાવચ્છિન્ન ગન્ધ લક્ષ્યભૂત ઘટ, પટાદિ બધી જ પૃથિવીમાં રહે છે અને અલક્ષ્યભૂત જલાદિ દ્રવ્યોમાં રહેતો નથી.

જાતિઘટિત લક્ષણ

શંકા : અરે ભઈ! પૃથિવીનું આવું લક્ષણ પણ દોષપ્રદ છે. કારણ કે, નિયમ છે 'उत्पन्नं क्षणं द्रव्यं निर्गुणं निष्क्रियञ्च तिष्ठति' અર્થાત્ કોઈ પણ દ્રવ્ય પોતાની ઉત્પત્તિની પ્રથમક્ષણમાં ગુણ અને ક્રિયા વગરનું હોય છે. પૃથિવી પણ દ્રવ્ય છે તેથી ઉત્પત્તિના પ્રથમક્ષણે પૃથિવીમાં પણ સમવાયસંબંધથી ગન્ધ રહેશે નહીં. આમ પૃથિવીનું લક્ષણ પૃથિવીના એકભાગરૂપ આદ્યક્ષણની પૃથિવીમાં નહીં જવાથી અવ્યાપ્તિદોષ આવશે.

સમા. : 'गन्धसमानाधिकरणद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्' અર્થાત્ 'ગન્ધના અધિકરણમાં રહેલી દ્રવ્યત્વની જે વ્યાપ્ય જાતિ છે તે જાતિવાળી પૃથિવી છે' આવું જાતિઘટિત લક્ષણ કરવાથી પૂર્વોક્ત આપત્તિ નહીં આવે. કારણ કે ગન્ધનું અધિકરણ દ્વિતીયાદિક્ષણમાં રહેલી જે પૃથિવી છે, એમાં રહેનારી દ્રવ્યત્વની વ્યાપ્ય જાતિ પૃથિવીત્વ મળશે. (દ્રવ્યત્વ નવે નવ દ્રવ્યમાં રહે છે, જ્યારે પૃથિવીત્વ માત્ર એક પૃથ્વીમાં જ રહે છે.) અને તે પૃથિવીત્વ જાતિ તો આદ્યક્ષણમાં ઉત્પન્ન થયેલી પૃથિવીમાં પણ છે. આ રીતે પ્રથમક્ષણ તથા દ્વિતીયાદિ ક્ષણની બધી જ પૃથિવીમાં લક્ષણ જવાથી અવ્યાપ્તિદોષ આવશે નહીં.

અવચ્છેદક-અવચ્છિન્નથી યુક્ત પૃથિવીનું જાતિઘટિત લક્ષણ → 'समवायसंबंधावच्छिन्न-गन्धत्वावच्छिन्न-गन्धनिष्ठाधेयतानिरूपिताधिकरणतावद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वं पृथिव्या लक्षणम्'



શંકા : પૃથિવીના લક્ષણમાં 'દ્રવ્યત્વવ્યાપ્ય' આ અંશ આપવાનું પ્રયોજન શું છે ?

સમા. : જો 'સમવાયસંબંધથી ગન્ધના અધિકરણમાં રહેનારી જાતિવાળી જે હોય તે પૃથિવી છે' આટલું જ પૃથિવીનું લક્ષણ કરવામાં આવે તો સમવાયસંબંધથી ગન્ધાધિકરણ પૃથિવીમાં જેમ પૃથિવીત્વ જાતિ રહે છે તેમ દ્રવ્યત્વ જાતિ પણ રહે છે અને તે દ્રવ્યત્વ જાતિવાળા તો બધા જ દ્રવ્યો છે. તેથી તાદૃશ દ્રવ્યત્વજાતિમત્ત્વ બધા જ દ્રવ્યોમાં જતું રહેશે. આમ લક્ષણ હતું માત્ર પૃથિવી દ્રવ્યનું અને ગયું નવેય દ્રવ્યોમાં. અતિવ્યાપ્તિ આવશે.

પરંતુ લક્ષણમાં 'દ્રવ્યત્વવ્યાપ્યજાતિ' પદના નિવેશથી દ્રવ્યત્વજાતિને લઈને દોષ આવશે નહીં કારણ કે, દ્રવ્યત્વજાતિ ગન્ધના અધિકરણમાં રહેલી હોવા છતા પણ દ્રવ્યત્વની વ્યાપ્ય = ન્યૂનદેશવૃત્તિ જાતિ નથી. (કારણ કે દ્રવ્યત્વજાતિ દ્રવ્યત્વના તમામ અધિકરણમાં રહેલી છે.)

શંકા : અરે ભલા ભાઈ! વ્યાપ્યની પરિભાષાથી તો દ્રવ્યત્વની વ્યાપ્યજાતિ દ્રવ્યત્વ પણ બની શકે છે. તે આ પ્રમાણે → વ્યાપ્ય = 'તદભાવવદવૃત્તિત્વમ્' અર્થાત્ તદ્ના અભાવવાળામાં જે ન રહે તે વ્યાપ્ય કહેવાય છે. દા.ત. 'ધૂમ વહ્નિનનો વ્યાપ્ય છે.' આ સ્થલમાં તદ્ = વહ્નિન, તદાભાવ = વહ્નિન અભાવ, તદાભાવવદ્ = વહ્નિનના અભાવવાળો જલસરોવર, તેમાં ધૂમ રહેતો નથી. એટલે કે તેમાં ધૂમની અવૃત્તિ છે. તેથી ધૂમ એ વહ્નિનનો વ્યાપ્ય બનશે.

એવી જ રીતે તદ્ = દ્રવ્યત્વ, તદાભાવ = દ્રવ્યત્વાભાવ, તદાભાવવદ્ = દ્રવ્યત્વના અભાવવાળા જે ગુણાદિ છે, એમાં જેમ પૃથિવીત્વજાતિ નથી તેમ દ્રવ્યત્વજાતિ પણ રહેલી નથી જ. તેથી આ પરિભાષા દ્વારા દ્રવ્યત્વની વ્યાપ્ય 'દ્રવ્યત્વ' જાતિ બની જશે અને તાદૃશ દ્રવ્યત્વજાતિવાળા બધા જ દ્રવ્યો હોવાથી લક્ષણમાં 'દ્રવ્યત્વવ્યાપ્યજાતિ' એ પદનું ઉપાદાન કરવા છતા અતિવ્યાપ્તિદોષ તો ઊભો જ છે.

સમા. : 'દ્રવ્યત્વવ્યાપ્યજાતિ' આ સ્થલમાં અમે વ્યાપ્યની 'તદાધિકરણવૃત્ત્યત્યંતાભાવપ્રતિયોગિત્વ' એ પરિભાષા કરશું તેથી દોષ નહીં આવે. તે આ પ્રમાણે → તદ્ = દ્રવ્યત્વ, તદાધિકરણ = જલાદિ, એમાં રહેનારો અભાવ = પૃથિવીત્વનો અભાવ, એ અભાવનો પ્રતિયોગી પૃથિવીત્વ બનશે અને તાદૃશ પ્રતિયોગિત્વ પૃથિવીત્વમાં જશે. આ રીતે વ્યાપ્યની ઉક્ત પરિભાષાથી પૃથિવીત્વ જાતિ દ્રવ્યત્વની વ્યાપ્ય જાતિ બનશે.

જ્યારે દ્રવ્યત્વના કોઈ પણ જલાદિ અધિકરણમાં દ્રવ્યત્વનો અભાવ મળશે નહીં. તેથી દ્રવ્યત્વ એ અભાવનો પ્રતિયોગી પણ બનશે નહીં. આમ વ્યાપ્યની ઉક્ત પરિભાષાથી દ્રવ્યત્વની વ્યાપ્ય જાતિ દ્રવ્યત્વ બની નહીં. આ રીતે દ્રવ્યત્વની વ્યાપ્યજાતિ પૃથિવીત્વ બનવાથી તાદૃશ પૃથિવીત્વજાતિવાળી પૃથિવી છે. આથી ઉપરોક્ત જાતિઘટિત પૃથિવીનું લક્ષણ નિર્દુષ્ટ છે.

(પ૦) તદેવ હિ લક્ષણં યદવ્યાપ્ત્યતિવ્યાપ્ત્યસંભવરૂપદોષત્રયશૂન્યમ્। યથા ગોઃ

सास्नादिमत्त्वम्। अव्याप्तिश्च लक्ष्यैकदेशावृत्तित्वम्। अत एव गोर्न कपिलत्वं लक्षणं तस्याव्याप्तिग्रस्तत्वात्। अतिव्याप्तिश्च लक्ष्यवृत्तित्वे सत्यलक्ष्यवृत्तित्वम्। अत एव गोर्न शृङ्गित्वं लक्षणं तस्यातिव्याप्तिग्रस्तत्वात्। असंभवश्च लक्ष्यमात्रावृत्तित्वम्। यथा गोरेकशफवत्त्वं न लक्षणं तस्यासंभवग्रस्तत्वात्। नित्येति। ध्वंसभिन्नत्वे सति ध्वंसाप्रतियोगित्वं नित्यत्वम्। ध्वंसेऽतिव्याप्तिवारणाय ध्वंसभिन्नेति विशेषणम्। घटादावतिव्याप्तिवारणाय विशेष्यदलम्। ध्वंसप्रतियोगित्वं प्रागभावप्रतियोगित्वम् वाऽनित्यत्वम्। यद्भोगायतनं तदेव शरीरं चेष्टाश्रयो वा। इन्द्रियमिति। चक्षुरादावतिव्याप्तिवारणाय गन्धग्राहकमिति। कालादावतिप्रसक्तिवारणाय इन्द्रियमिति। विषय इति। शरीरेन्द्रियभिन्नत्वे सत्युपभोगसाधनं विषयः। शरीरादावति-व्याप्तिनिरासाय सत्यन्तम्। परमाण्वादावतिव्याप्तिवारणाय विशेष्यदलम्। कालादिवारणाय जन्यत्वे सतीत्यपि बोध्यम् ॥

પદકૃત્ય - લક્ષણના ત્રણ દોષ

અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ આ ત્રણ દોષથી જે રહિત હોય તેને લક્ષણ કહેવાય છે.

શંકા : અવ્યાપ્તિ આદિ ત્રણ દોષો કોને કહેવાય?

સમા. : (૧) અવ્યાપ્તિ : લક્ષ્યના એક દેશમાં લક્ષણનું ન રહેવું તે અવ્યાપ્તિ દોષ કહેવાય છે. આથી જ ગાયનું ' कपिलत्व ' = 'માંજરાવર્ણવાળી હોય તે ગાય' આવું લક્ષણ ન કરી શકાય કારણ કે ગાયનું આ લક્ષણ ગાયના એક દેશમાં = શ્વેતાદિ ગાયમાં જતું ન હોવાથી અવ્યાપ્તિ દોષવાળું છે. (कपिलत्व, कपिलरूपवत्त्व, कपिलरूप આ પર્યાયવાચી શબ્દ છે.) (૨) અતિવ્યાપ્તિ : લક્ષણનું લક્ષ્યમાં પણ રહેવું અને અલક્ષ્યમાં પણ રહેવું તે અતિવ્યાપ્તિ દોષ કહેવાય છે. આથી જ ગાયનું ' शृङ्गित्व ' = 'શિંગવાળી હોય તે ગાય' આવું લક્ષણ પણ ન કરી શકાય કારણ કે ગાયનું આ લક્ષણ ગાયમાં તો જાય છે પરંતુ અલક્ષ્ય એવા ભેંસાદિમાં પણ જતું હોવાથી અતિવ્યાપ્તિ દોષવાળું છે. (शृङ्गित्व, शृङ्गाश्रयत्व અને शृङ्ग આ પર્યાયવાચી શબ્દ છે.) (૩) અસંભવ : યાવદ્ ગાયમાં લક્ષણનું ન રહેવું તે અસંભવ દોષ કહેવાય છે. આથી જ ગાયનું ' एकशफवत्त्वम् ' = 'એક ખુરવાળી હોય તે ગાય' આવું લક્ષણ પણ ન કરી શકાય કારણ કે ગાયનું આ લક્ષણ કોઈ પણ ગાયમાં સંભવતું ન હોવાથી અસંભવ દોષવાળું છે. જ્યારે ' सास्नादिमत्त्व ' = 'ગોદડીવાળી હોય તે ગાય' આવા પ્રકારનું ગાયનું લક્ષણ જ અવ્યાપ્તિ વગેરે ત્રણ દોષોથી રહિત નિર્દોષ છે. કારણ કે ગાયનું આ લક્ષણ યાવદ્ ગાયમાં ઘટે છે અને ગાયથી ભિન્ન અલક્ષ્ય એવા ભેંસાદિમાં પણ જતુ નથી.

વિશેષાર્થ : ત્રણ દોષથી રહિત લક્ષણની આવશ્કતા

શંકા : લક્ષણ અવ્યાપ્તિ વગેરે ત્રણ દોષથી રહિત હોવું કેમ જરૂરી છે ?

સમા. : લક્ષણનું પ્રયોજન (= ફળ) 'લક્ષ્યને ઇતરથી વ્યાવૃત્ત કરવું' એ છે. દીપિકા ટીકામાં પણ કહ્યું છે કે 'व्यावृत्ति व्यवहारो वा लक्षणस्य फलम्'. જો લક્ષણ અવ્યાપ્તિ વગેરે ત્રણ દોષોથી રહિત હોય તો અનુમાન કરતી વખતે લક્ષણ 'સદ્હેતુ' બની જશે. અને હા, લક્ષ્ય'પક્ષ' બને અને ઇતરભેદ 'સાધ્ય' બને અને તે સદ્હેતુ ઇતરભેદ રૂપ સાધ્યની સિદ્ધિ કરશે. જેમ કે કેવલીનું લક્ષણ ' घातिकर्मक्षयवत्त्वम् ' એવું કરીએ તો, અનુમાનાકાર આ પ્રમાણે થશે.... केवली(पक्ष) इतरभिन्नः(साध्य) घातिकर्मक्षयात् (हेतु) અર્થાત્ કેવલીએ ઘાતિકર્મનો ક્ષય કર્યો હોવાથી ઇતરથી ભિન્ન છે.

પરંતુ જો લક્ષણમાં ત્રણ દોષ દૂર કરવામાં ન આવે તો અનુમાન કરતી વખતે લક્ષણ અસદ્ હેતુ બનીને ઇતરભેદરૂપી સાધ્યને સિદ્ધ નહીં કરી શકે. અર્થાત્ લક્ષણનું મુખ્ય પ્રયોજન જે 'ઇતર વ્યાવૃત્તિ' છે તે સિદ્ધ નહીં થઈ શકે. તે આ પ્રમાણે....

(૧) લક્ષણ જો અવ્યાપ્તિ દોષવાળું હશે તો અનુમાન કરતી વખતે અવ્યાપ્તિદોષ એ ભાગાસિદ્ધદોષ = હેત્વાભાસ બની જશે અને એનાથી હેતુ દૂષિત બનશે. (હેતુનું પક્ષના એક દેશમાં ન રહેવું તે ભાગાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે.) દા.ત. → કેવલીનું અવ્યાપ્તિ દોષવાળું 'अष्टप्रातिहार्यवत्त्व' લક્ષણ કરશું તો અનુમાન પ્રયોગ થશે.....'केवली इतरभेदवान् अष्टप्रातिहार्यवत्त्वात्' અહીં સામાન્ય કેવલી અષ્ટપ્રાતિહાર્યવાળા ન હોવાથી 'अष्टप्रातिहार्य' હેતુ કેવલી રૂપ પક્ષના સામાન્ય કેવલી રૂપ એક ભાગમાં ઘટતો નથી. તેથી 'अष्टप्रातिहार्य' હેતુ ભાગાસિદ્ધ નામના દોષથી દૂષિત બનશે. એના કારણે ઇતરભેદરૂપ સાધ્યને સિદ્ધ નહીં કરી શકે. અર્થાત્ અનુમિતિ નહીં થઈ શકે.

(૨) લક્ષણ જો અતિવ્યાપ્તિ દોષવાળું હશે તો અનુમાન કરતી વખતે અતિવ્યાપ્તિદોષ એ વ્યભિચાર હેત્વાભાસ બની જશે અને એ દોષથી હેતુ દૂષિત બનશે. (સાધ્યના અભાવવાળામાં હેતુનું રહેવું એ વ્યભિચાર દોષ કહેવાય છે.) દા.ત. → કેવલીનું અતિવ્યાપ્તિ દોષવાળું 'उपयोगवत्त्व' લક્ષણ કરશું તો અનુમાન પ્રયોગ થશે.....'केवली इतरभेदवान् उपयोगवत्त्वात्' અહીં 'उपयोगवत्त्व' હેતુ કેવલીથી ભિન્ન બીજા જીવોમાં પણ હોવાથી 'उपयोगवत्त्व' હેતુ વ્યભિચાર દોષથી દૂષિત બનશે. એના કારણે હેતુ ઇતરભેદરૂપ સાધ્યને સિદ્ધ નહીં કરી શકે.

(૩) લક્ષણ જો અસંભવ દોષવાળું હશે તો અનુમાન કરતી વખતે અસંભવદોષ એ સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ બની જશે અને એ દોષથી હેતુ દૂષિત બનશે. (હેતુનું પક્ષમાત્રમાં ન રહેવું તે સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે.) દા.ત. → કેવલીનું અસંભવ દોષવાળું 'मोहनीयकर्मवत्त्व' આ લક્ષણ કરશું તો અનુમાન પ્રયોગ થશે.....'केवली इतरभेदवान् मोहनीयकर्मवत्त्वात्' મોહનીયકર્મવાળા કોઈ પણ કેવલી હોતા નથી. તેથી 'मोहनीयकर्म' રૂપ હેતુ પક્ષરૂપ કેવલી માત્રમાં ન રહેતું હોવાથી સ્વરૂપાસિદ્ધ દોષથી દૂષિત બનશે. તેથી હેતુ

ઈતરભેદરૂપ સાધ્યને સિદ્ધ નહીં કરી શકે. તેથી લક્ષણ ત્રણ દોષથી રહિત હોવું જરૂરી છે.

મૂલકારે પૃથિવી બે પ્રકારની કહી છે નિત્ય, અનિત્ય. અહીં પ્રશ્ન થાય કે નિત્ય કોને કહેવાય? અનિત્ય કોને કહેવાય? માટે જ ટીકાકારે નિત્ય તથા અનિત્યનું લક્ષણ જણાવ્યું છે.

* નિત્યનું લક્ષણ *

नित्येति । ध्वंसभिन्नत्वे.....विशेष्यदलम् । 'જે ધ્વંસથી ભિન્ન હોય અને જે ધ્વંસનો અપ્રતિયોગી હોય તેને નિત્ય કહેવાય છે.' દા.ત. → પરમાણુ, આકાશ વગેરે પદાર્થ ધ્વંસથી ભિન્ન પણ છે અને 'यस्याभावः स प्रतियोगी' અર્થાત્ જેનો નાશ થાય તે ધ્વંસનો પ્રતિયગી = વિરોધી છે અને જેનો નાશ થતો નથી તે ધ્વંસનો અપ્રતિયોગી છે. પરમાણુ, આકાશ વગેરેનો નાશ થતો નથી તેથી તેઓ ધ્વંસના અપ્રતિયોગી પણ છે. આમ નિત્યનું લક્ષણ નિત્ય એવા પરમાણુ વગેરેમાં જતું હોવાથી લક્ષણ સમન્વય થયું.

નિત્યલક્ષણનું પદકૃત્ય

શંકા : નિત્યના લક્ષણમાં 'ध्वंसभिन्नत्व' એ વિશેષણ પદ ન મૂકીએ અને માત્ર 'ध्वंसाप्रतियोगित्व' આટલું જ નિત્યનું લક્ષણ કરીએ તો પણ ચાલી શકે તેમ છે, કારણ કે પરમાણુ, આકાશ વગેરે દરેક નિત્ય પદાર્થનો નાશ ન થતો હોવાથી તેઓ ધ્વંસના અપ્રતિયોગી જ બનવાના છે.

સમા. : નિત્યનું ઉપરોક્ત લક્ષણ કરતા ધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે અનિત્ય એવા ધ્વંસનો પણ નાશ ન થતો હોવાથી ધ્વંસ પણ ધ્વંસનો અપ્રતિયોગી બનશે. પરંતુ નિત્યના લક્ષણમાં 'ध्वंसभिन्नत्वे सति' પદના નિવેશથી ધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે ધ્વંસ એ ધ્વંસનો અપ્રતિયોગી હોવા છતાં પણ ધ્વંસ એ ધ્વંસથી ભિન્ન નથી કારણ કે સ્વમાં સ્વનો ભેદ રહી શકતો નથી.

શંકા : સારું, તો પછી 'જે ધ્વંસથી ભિન્ન હોય તે નિત્ય કહેવાય' આટલું જ નિત્યનું લક્ષણ કરો કારણ કે નિત્ય એવા પરમાણુ વગેરે તમામ પદાર્થ ધ્વંસથી તો ભિન્ન જ છે.

સમા. : 'ध्वंसभिन्नत्व' આટલું જ નિત્યનું લક્ષણ નિત્ય એવા પરમાણુ વગેરેમાં તો ઘટી જાય છે પરંતુ અનિત્ય એવા ઘટ, પટ વગેરેમાં પણ ઘટી જાય છે કારણ કે ઘટ, પટ વગેરે પણ ધ્વંસથી તો ભિન્ન જ છે. પરંતુ 'ध्वंसाऽप्रतियोगित्व' પદના નિવેશથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે ઘટાદિનો નાશ થતો હોવાથી ઘટાદિ ધ્વંસના પ્રતિયોગી છે, અપ્રતિયોગી નથી.

* અનિત્યનું લક્ષણ *

ध्वंसप्रतियोगित्वं..... वाऽनित्यत्वम् । 'જે ધ્વંસનો પ્રતિયોગી હોય અથવા જે પ્રાગભાવનો પ્રતિયોગી હોય તેને અનિત્ય કહેવાય છે.' તો ધ્વંસ અને પ્રાગભાવનો પ્રતિયોગી કોણ બને? જેનો ધ્વંસ થાય તે ધ્વંસનો પ્રતિયોગી બને છે અને જેની ઉત્પત્તિ થાય તે

પ્રાગભાવનો પ્રતિયોગી બને છે. ઘટ, પટાદિ દરેકનો ધ્વંસ પણ થાય છે અને ઉત્પત્તિ પણ થાય છે માટે ઘટાદિ ધ્વંસના પણ પ્રતિયોગી છે અને પ્રાગભાવના પણ પ્રતિયોગી છે. તેથી ઘટાદિ અનિત્ય પદાર્થ કહેવાય છે. તેમજ પ્રાગભાવની ઉત્પત્તિ થતી ન હોવાથી પ્રાગભાવ ભલે પ્રાગભાવનો પ્રતિયોગી ન બને પરંતુ પ્રાગભાવ ધ્વંસનો પ્રતિયોગી બની જશે કારણ કે 'ઘટપ્રાગભાવો નષ્ટ:' અર્થાત્ 'ઘટપ્રાગભાવનો ધ્વંસ થયો' એવી પ્રતીતિ થાય છે. તેવી જ રીતે ધ્વંસનો ધ્વંસ થતો ન હોવાથી ધ્વંસ ભલે ધ્વંસનો પ્રતિયોગી ન બને પરંતુ ધ્વંસ એ પ્રાગભાવનો પ્રતિયોગી બની જશે. કારણ કે 'ઘટધ્વંસો ભવિષ્યતિ' અર્થાત્ 'ઘટનો ધ્વંસ થશે' એવી પ્રતીતિ થાય છે. આ રીતે પ્રાગભાવ અને ધ્વંસ આ બન્ને ક્રમશ: ધ્વંસ તથા પ્રાગભાવના પ્રતિયોગી બનવાથી બન્ને અનિત્ય છે. આ રીતે ઘટાદિ, ધ્વંસ અને પ્રાગભાવ સ્વરૂપ અનિત્યોમાં અનિત્યનું લક્ષણ જવાથી લક્ષણ સમન્વય થયું.

અનિત્ય લક્ષણનું પદકૃત્ય

★ જો 'ધ્વંસપ્રતિયગિત્વમ્'ને જ અનિત્યનું લક્ષણ ગણીએ તો ધ્વંસ એ ધ્વંસનો પ્રતિયોગી ન હોવાથી ઉપરોક્ત અનિત્યનું લક્ષણ અનિત્ય એવા ધ્વંસમાં જશે નહીં. પરંતુ 'પ્રાગભાવપ્રતિયોગિત્વમ્' પદ બોલશું તો અનિત્ય એવા ધ્વંસનું પણ ગ્રહણ થઈ જશે કારણ કે ધ્વંસની ઉત્પત્તિ થતી હોવાથી અનિત્ય એવો ધ્વંસ પ્રાગભાવનો તો પ્રતિયોગી છે જ.

★ એવી જ રીતે માત્ર 'प्रागभावप्रतियोगित्वम्'ને જ અનિત્યનું લક્ષણ ગણીએ તો પ્રાગભાવની ઉત્પત્તિ ન થતી હોવાથી પ્રાગભાવ એ પ્રાગભાવનો પ્રતિયોગી ન બની શકે તેથી ઉપરોક્ત અનિત્યનું લક્ષણ અનિત્ય એવા પ્રાગભાવમાં જશે નહીં. પરંતુ 'ધ્વંસપ્રતિયોગિત્વમ્' પદ બોલશું તો અનિત્ય એવા પ્રાગભાવનું પણ ગ્રહણ થઈ જશે કારણ કે પ્રાગભાવ ભલે પ્રાગભાવનો પ્રતિયોગી ન બને પણ પ્રાગભાવનો ધ્વંસ થતો હોવાથી પ્રાગભાવ ધ્વંસનો પ્રતિયોગી તો છે જ.

ટૂંકમાં અનિત્યના લક્ષણનું 'ધ્વંસપ્રતિયોગિત્વ' પદ અનિત્ય એવા પ્રાગભાવને ગ્રહણ કરવા માટે અને 'પ્રાગભાવપ્રતિયોગિત્વ' પદ અનિત્ય એવા ધ્વંસને ગ્રહણ કરવા માટે જરૂરી છે.

શંકા : 'ધ્વંસપ્રાગભાવોભયપ્રતિયોગિત્વમનિત્યસ્ય લક્ષણમ્' આવું અનિત્યનું લક્ષણ કરો. 'વા' પદની જરૂર શું છે ?

સમા. : 'જે ધ્વંસ તથા પ્રાગભાવ એમ બન્નેના પ્રતિયોગી હોય તે અનિત્ય છે' એવું કહેવામાં આવે તો ઘટાદિનો નાશ તથા ઉત્પત્તિ પણ થાય છે તેથી ઘટાદિ ધ્વંસ અને પ્રાગભાવ એમ બન્નેનો પ્રતિયોગી બનવાથી ઉપરોક્ત લક્ષણ ઘટાદિમાં તો ઘટી જશે. પરંતુ અનિત્ય એવા ધ્વંસ કે પ્રાગભાવમાં નહીં ઘટે કારણ કે ધ્વંસ એ પ્રાગભાવનો પ્રતિયોગી છે, પરંતુ ધ્વંસનો પ્રતિયોગી નથી તથા પ્રાગભાવ એ ધ્વંસનો પ્રતિયોગી છે પણ પ્રાગભાવનો પ્રતિયોગી નથી. ધ્વંસ કે પ્રાગભાવ આ બન્નેમાંથી એક પણ ધ્વંસ તથા પ્રાગભાવ એમ બન્નેના એકી સાથે પ્રતિયોગી બનતા નથી. તેથી અનિત્ય એવા ધ્વંસ અને પ્રાગભાવમાં

અવ્યાપ્તિ ન આવે તે માટે લક્ષણમાં 'વા' પદનું ઉપાદાન કર્યું છે. તેથી લક્ષણ થશે → 'ध्वंसप्रतियोगित्वं प्रागभावप्रतियोगित्वं वाऽनित्यत्वम्' અર્થાત્ 'ધ્વંસ અથવા પ્રાગભાવ આ બન્નેમાંથી ગમે તે એકના પણ પ્રતિયોગીને અનિત્ય કહેવાય છે.' આવું લક્ષણ કરવાથી અનિત્ય એવા ધ્વંસ તથા પ્રાગભાવ બન્નેનું ગ્રહણ થઈ જશે. કારણ કે પ્રાગભાવ ધ્વંસનો પ્રતિયોગી બનવાથી 'ध्वंसप्रतियोगित्व' પદ પ્રાગભાવમાં જશે અને ધ્વંસ પ્રાગભાવનો પ્રતિયોગી બનવાથી 'प्रागभावप्रतियोगित्व' પદ ધ્વંસમાં જશે. આમ ઉપરોક્ત અનિત્યના લક્ષણથી અનિત્ય એવા ઘટાદિ, ધ્વંસ તથા પ્રાગભાવ બધાનું ગ્રહણ થઈ જશે. તેથી આ લક્ષણ નિર્દુષ્ટ છે.

* શરીરનું લક્ષણ *

यद्भोगायतनं.....चेष्टाश्रयो वा । 'भोगायतनं शरीरं' અર્થાત્ જે ભોગોનું = સુખ-દુઃખના સાક્ષાત્કારનું આયતન = સ્થાન છે એટલે કે જેમાં સુખ દુઃખનો અનુભવ થાય છે તે શરીર છે.

શંકા : સુખ કે દુઃખની પ્રતીતિ તો જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાનનું અધિકરણ તો આત્મા છે. તેથી શરીરનું આ લક્ષણ શરીરમાં ન જતા આત્મામાં જતું રહેશે.

સમા. : જે પદાર્થ આખા અધિકરણમાં ન રહીને કોઈ ભાગ વિશેષમાં રહે તે ભાગ વિશેષને ન્યાયમાં અવચ્છેદક કહેવાય છે. દા.ત. → કપિસંયોગ સંપૂર્ણ વૃક્ષમાં રહેતો નથી પરંતુ શાખા જેટલા ભાગમાં = શાખા અવચ્છેદેન રહે છે. તેથી શાખા અવચ્છેદક કહેવાય. શબ્દ આકાશનો ગુણ હોવા છતાં પણ સંપૂર્ણ આકાશમાં ઉત્પન્ન થતો નથી પરંતુ ભેરીનો અવાજ જેટલા ભાગમાં હોય તેટલા ભાગમાં = ભેરી અવચ્છેદેન શબ્દ ઉત્પન્ન થાય છે. તેથી ભેરી અવચ્છેદક કહેવાય.

એવી રીતે આત્મા વિભુ હોવાથી બધી જ જગ્યાએ રહેલા આત્મામાં સુખ કે દુઃખની અનુભૂતિ થતી નથી. પરંતુ શરીર જેટલા ભાગે રહેલા આત્મામાં = શરીર અવચ્છિન્ન આત્મામાં જ સુખ દુઃખની અનુભૂતિ થાય છે તેથી શરીર અવચ્છેદક બનશે અને શરીરમાં અવચ્છેદકતા આવશે. તેથી ભલે સમવાયસંબંધથી સુખ-દુઃખનો સાક્ષાત્કાર = જ્ઞાન આત્મામાં રહે છે પરંતુ શરીરમાં રહેલી અવચ્છેદકતા સંબંધથી તો તાદૃશ જ્ઞાન શરીરમાં રહેશે. આમ શરીરનું લક્ષણ શરીરમાં ઘટી જવાથી અમને કોઈ આપત્તિ નથી.

શંકા : અરે ભાઈ! આવો લાક્ષણિક પ્રયોગ કરવામાં ગૌરવ થશે.

સમા. : સારું, **'चेष्टाश्रयः शरीरं'** અર્થાત્ 'ચેષ્ટાનો જે આશ્રય છે તે શરીર છે' એવું શરીરનું લક્ષણ કરશું જે લાઘવ છે. સમવાય સંબંધથી ભોગ = સુખ-દુઃખનો સાક્ષાત્કાર ભલે શરીરમાં ન રહી શકે પરંતુ સમવાય સંબંધથી ચેષ્ટારૂપ ક્રિયાનું અધિકરણ તો શરીર સુતરાં બની જશે.

ચેષ્ટાની પરિભાષા શું છે? 'હિતાહિતપ્રાપ્તિપરિહારાનુકૂલક્રિયા'ને ચેષ્ટા કહેવાય છે અર્થાત્

હિતની પ્રાપ્તિ માટે અથવા અહિતના ત્યાગ માટે જે ક્રિયા કરાય છે તે ચેષ્ટા છે. આવી ક્રિયા સમવાય સંબંધથી શરીરમાં જ દેખાય છે. આત્મા તો અરૂપી અને વિભુ છે તેથી તેવા પ્રકારની ચેષ્ટા આત્મામાં સંભવતી નથી તથા ઘટાદિ નિર્જીવ પદાર્થોને કોઈક હલાવે ત્યારે ઘટાદિમાં હલન ચલન વિગેરે ક્રિયા હોવા છતાં પણ ઉપર કહેલી ચેષ્ટા ઘટાદિમાં પણ સંભવતી નથી, કારણ કે ઘટ પોતાની નજીકમાં લાવેલા ઈષ્ટ એવા મોદક વિગેરેને લેવા માટે અને નજીકમાં આવેલા અનિષ્ટ એવા સર્પ વિગેરેને દૂર કરવા માટે પણ કોઈ ક્રિયા કરતો નથી. આમ 'चेष्टाश्रयः शरीरं' શરીરનું આ લક્ષણ શરીરમાં જ જશે પરંતુ આત્મા કે ઘટાદિમાં જશે નહીં.

શંકા : 'चेष्टावत्त्वम्' આ શરીરનું લક્ષણ મનુષ્ય, પશુ, પક્ષી વગેરેના શરીરોમાં તો જાય છે, પરંતુ વૃક્ષ વગેરેના શરીરોમાં ઉપર કહ્યા પ્રમાણેની કોઈ ચેષ્ટા દેખાતી ન હોવાથી તેઓના શરીરોમાં લક્ષણ કેવી રીતે ઘટશે?

સમા. : વૃક્ષ વગેરે પણ હિતકારી એવા જલને ગ્રહણ કરે છે અને અહિતકારી એવા પથ્થર વગેરેને ગ્રહણ નથી કરતા અર્થાત્ પરિત્યાગ કરે છે એવું દેખાય છે આથી વૃક્ષમાં પણ 'चेष्टावत्त्व' લક્ષણ જશે. (અહીં એટલું સમજવું કે મનુષ્ય, પશુ વગેરેમાં ચેષ્ટા ઉત્કટ = પ્રગટરૂપે દેખાય છે જ્યારે વૃક્ષાદિમાં ચેષ્ટા અનુત્કટ = અપ્રગટરૂપે દેખાય છે.) આમ શરીરનું 'चेष्टावत्त्व' લક્ષણ નિર્દોષ છે.

* પદકૃત્ય સહિત ઘ્રાણેન્દ્રિયનું લક્ષણ *

चक्षु.....इन्द्रियमिति । 'गन्धग्राहकत्वे सति इन्द्रियत्वं घ्राणस्य लक्षणम्' અર્થાત્ જે ઇન્દ્રિય ગન્ધને ગ્રહણ કરે છે તેને ઘ્રાણેન્દ્રિય કહેવાય છે.

★ હવે જો 'गन्धग्राहकत्वं घ्राणस्य लक्षणम्' આટલું જ ઘ્રાણેન્દ્રિયનું લક્ષણ કરશું તો કાલ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. તે આ પ્રમાણે → ગન્ધગ્રાહકનો અર્થ અહીં 'ગન્ધજ્ઞાનનું કારણ' એવો થાય છે. ○ બધી જ વસ્તુ કોઈને કોઈ કાલમાં ઉત્પન્ન થાય છે. તેથી નૈયાયિક કાર્ય માત્ર પ્રતિ કાલને કારણ માને છે. આદિ પદથી ○ બધી જ વસ્તુ કોઈને કોઈ દિશામાં ઉત્પન્ન થાય છે તેથી દિશા પણ કારણ છે. તેમજ ○ પ્રતિબંધકની હાજરીમાં પણ કોઈ પણ કાર્ય ન થઈ શકે. દા.ત. → વર્ષારૂપ પ્રતિબંધકની હાજરીમાં ઘટ કાર્ય ન થઈ શકે તેથી પ્રતિબંધકનો અભાવ પણ કાર્ય પ્રતિ કારણ છે. તથા ○ વસ્તુનું ન હોવું એ સ્વરૂપ વસ્તુનો પ્રાગભાવ પણ કાર્ય પ્રતિ કારણ છે. તથા ○ વ્યક્તિનું પોતાનું અદૃષ્ટ ગન્ધજ્ઞાન પ્રતિ કારણ છે. તેમજ ○ ઈશ્વર, ઈશ્વરનું જ્ઞાન, ઈશ્વરની ઈચ્છા, ઈશ્વરકૃતિ પણ કાર્ય માત્ર પ્રતિ કારણ છે. આમ, કાર્ય માત્ર પ્રતિ આ નવેય કારણ હોવાથી સાધારણ કારણ છે. ○ તેમજ સમવાયથી આત્મામાં ગન્ધજ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી ગન્ધજ્ઞાન પ્રતિ આત્મા પણ કારણ છે તથા ○ ગન્ધરૂપ વિષય ન હોવાથી ગન્ધજ્ઞાન થતું નથી. તેથી ગન્ધજ્ઞાન પ્રતિ ગન્ધ સ્વરૂપ વિષય પણ કારણ છે. તથા ○ ગન્ધ અને ઘ્રાણેન્દ્રિયનો સન્નિકર્ષ પણ ગન્ધજ્ઞાન પ્રતિ કારણ છે.

એમ કાલાદિ વગેરે ૧૨ કારણો ગન્ધના જ્ઞાન પ્રતિ કારણ હોવાથી આ બારે બાર કારણોમાં લક્ષણ જતું રહેશે તેથી અતિવ્યાપ્તિ આવશે. તેના નિવારણ માટે લક્ષણમાં 'इन्द्रियत्वं' પદનો નિવેશ કર્યો છે. કાલાદિ ઈન્દ્રિય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

★ હવે જો 'इन्द्रियत्वं घ्राणस्य लक्षणम्' આટલું જ કહો તો ચક્ષુ વગેરે પણ ઈન્દ્રિય હોવાથી એમાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે. તેના વારણ માટે લક્ષણમાં 'गन्धग्राहकत्वे सति' પદનો નિવેશ કર્યો છે. ચક્ષુ રૂપને ગ્રહણ કરે છે, ગન્ધને ગ્રહણ કરતી નથી. તેથી આ લક્ષણ ચક્ષુ વગેરે ઈન્દ્રિયોમાં જશે નહીં.

* વિષયનું લક્ષણ પદકૃત્ય સહિત *

विषय इति.....बोध्यम् ॥ મૂલકારે શરીર, ઈન્દ્રિય અને વિષયના ભેદથી અનિત્ય પૃથિવી ત્રણ પ્રકારે બતાવી છે. તેમાં વિષય રૂપ પૃથિવીનું લક્ષણ આ પ્રમાણે છે....शरीरेन्द्रियभिन्नत्वे सति उपभोगसाधनत्वं विषयस्यलक्षणम् અર્થાત્ જે શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન હોય અને ઉપભોગનું સાધન હોય તેને વિષય કહેવાય છે. દા.ત.→ઘટ વગેરે શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન છે તથા ઉપભોગ = સુખ અને દુઃખના સાક્ષાત્કારનું = જ્ઞાનનું સાધન પણ છે. તેથી ઘટ એ વિષયરૂપ પૃથિવી છે.

★ જો 'उपभोगसाधनत्व' આટલું જ વિષયનું લક્ષણ કરીએ તો શરીર અને ઈન્દ્રિય પણ ઉપભોગના સાધન છે. તેથી તેમાં પણ લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે. તે અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'शरीर-इन्द्रियभिन्नत्वे सति' પદનું ઉપાદાન કર્યું છે. શરીર અને ઈન્દ્રિય, ઉપભોગના સાધન હોવા છતાં પણ શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન તો નથી જ તેથી અતિવ્યાપ્તિ નહીં આવે.

★ જો 'शरीरेन्द्रियभिन्नत्वम्' આટલું જ વિષયનું લક્ષણ કરીએ તો શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન પરમાણુ, આકાશ, કાલ, દિશા, આત્મા, મન આ બધા છે. તેમાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે. માટે લક્ષણમાં 'उपभोगसाधनत्व' એ પદનું ઉપાદાન કર્યું છે. પરમાણુ વગેરે ઉપભોગના સાધન ન હોવાથી એમાં અતિવ્યાપ્તિ આવશે નહીં.

★ 'शरीरेन्द्रियभिन्नत्वे सति उपभोगसाधनत्वम्' એ પ્રમાણે પણ વિષયનું લક્ષણ કરશું તો પણ કાલ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કાલ વગેરે શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન પણ છે અને કાર્ય માત્રનું કારણ હોવાથી ઉપભોગનું કારણ પણ છે.

પરંતુ લક્ષણમાં 'जन्यत्वे सति' પદના ઉપાદાનથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલાદિ શરીર અને ઈન્દ્રિયથી ભિન્ન તથા ઉપભોગના સાધન ભલે હોય પણ નિત્ય હોવાના કારણે જન્ય નથી. (આનું વિસ્તૃત વર્ણન મુક્તાવલીમાંથી જોવું)

શંકા : શરીર અને ઈન્દ્રિય પણ ઉપભોગના સાધન હોવાથી વિષય તો છે જ. તો મૂલકારશ્રીએ અનિત્ય પૃથિવીના ભેદ તરીકે શરીર અને ઈન્દ્રિયને અલગ શા માટે ગ્રહણ કર્યા?

સમા. : 'वस्तुतस्तु शरीरादिकमपि विषय एव। भेदेन कीर्तनं तु बालधीवैशद्याय।' અર્થાત્ શિષ્યોની બુદ્ધિ વિશદ્ કરવા માટે શરીર અને ઈન્દ્રિયને અલગ ગ્રહણ કર્યા છે.

જલ - નિરૂપણ

मूलम् : शीतस्पर्शवत्य आपः। ता द्विविधाः - नित्याः अनित्याश्च। नित्याः परमाणुरूपाः। अनित्याः कार्यरूपाः। पुनस्त्रिविधाः - शरीरेन्द्रियविषयभेदात्। शरीरं वरुणलोके प्रसिद्धम्। इन्द्रियं रसग्राहकं रसनं जिह्वाग्रवर्ति। विषयः सरित्समुद्रादिः॥

ઠંડા સ્પર્શવાળું જે હોય તે જલ છે. તે જલ નિત્ય અને અનિત્ય એમ બે પ્રકારે છે. પરમાણુરૂપે જલ નિત્ય છે અને કાર્યરૂપે જલ અનિત્ય છે. આ અનિત્ય જલ શરીર, ઇન્દ્રિય અને વિષયના ભેદથી ત્રણ પ્રકારે છે. (૧) વરૂણ લોકમાં જે જીવો છે, તેનું શરીર જલીય છે. (૨) જીહ્વાના અગ્રભાગે રહેનારી, રસને ગ્રહણ કરનારી રસના નામની ઇન્દ્રિય જલસ્વરૂપ છે. (૩) નદી, સમુદ્ર, તળાવ વિગેરે વિષયો જલસ્વરૂપ છે.

(प०) शीतेति। तेजआदावतिव्याप्तिवारणाय शीतेति। (आकाशवारणाय स्पर्शेति।?) कालादावतिप्रसक्तिवारणाय समवायसंबन्धेनेति पदं देयम्। इन्द्रियमिति। त्वगादावतिव्याप्तिवारणाय रसग्राहकमिति । रसनेन्द्रियरससंनिकर्षादावतिव्याप्तिनिरासाय इन्द्रियमिति । सरिदिति । आदिना तडागहिमकरकादीनां संग्रहः॥

* પદકૃત્ય *

शीतेति.....देयम् । પૃથિવી, જલ, તેજ વગેરે જે નવ દ્રવ્યો છે તેમાંથી પૃથિવી દ્રવ્યનું નિરૂપણ પૂર્ણ થયું. હવે જલ દ્રવ્યનું નિરૂપણ કરતા સૌ પ્રથમ જલનું લક્ષણ બતાવે છે. 'शीतस्पर्शवत्त्वं जलस्य लक्षणम्' અર્થાત્ 'જે શીતસ્પર્શવાળું હોય તેને જલ કહેવાય છે.'

★ હવે 'જે સ્પર્શવાળુ હોય તે જલ છે' એવું જો જલનું લક્ષણ કરીએ તો આ લક્ષણ તેજ, વાયુ તથા પૃથિવીમાં પણ અતિવ્યાપ્ત થશે કારણ કે તેજ ઉષ્ણસ્પર્શવાળું છે તથા વાયુ અને પૃથિવી અનુષ્ણાશીતસ્પર્શવાળા છે. પરંતુ લક્ષણમાં 'शीत' પદના ઉપાદાનથી તેજાદિમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે તેજાદિ સ્પર્શવાળા હોવા છતાં શીતસ્પર્શવાળા નથી.

★ હવે જો જલના લક્ષણમાં 'સ્પર્શ' પદનો નિવેશ ન કરીએ, 'शीतवत्यः आपः' એટલે કે 'જે શીતવાળું હોય તે જલ' આટલું જ કહીએ તો આકાશમાં અતિવ્યાપ્તિ આવશે.

તે આ પ્રમાણે..... કહ્યું છે કે 'अर्थाभिधानप्रत्ययाः तुल्यनामधेयाः' (ઉપદેશરહસ્યની મોક્ષરત્ના ટીકા) અર્થાત્ વાચ્યાર્થ, પદ અને જ્ઞાન આ ત્રણેયનો એક જ શબ્દથી બોધ થઈ શકે છે. દા.ત. → ઘટ શબ્દથી ઘટપદાર્થ, ઘટ શબ્દ અને ઘટજ્ઞાન આ ત્રણેયનો બોધ થઈ શકે છે. તેવી રીતે અહીં કોઈ 'शीत' પદને શબ્દરૂપે ગ્રહણ કરી લે તો ન્યાયમતે શબ્દ આકાશનો ગુણ હોવાથી શીતશબ્દવાળો આકાશ બની જશે. લક્ષણ હતું જલનું અને આકાશમાં પણ ઘટી જવાથી અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ લક્ષણમાં 'સ્પર્શ' પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે આકાશ શીતશબ્દવાળું

હોવા છતાં પણ શીતસ્પર્શ સ્વરૂપ ગુણવાળું તો નથી જ. અહીં 'आकाशादिवारणाय स्पर्शेति' આવો જે પાઠ મળે છે, તેને સંગત કરવા માટે આ રીતે સમાધાન આપ્યું છે.

નોંધ :- પરંતુ વાસ્તવિક રીતે તો લક્ષણમાં 'સ્પર્શ' પદનો નિવેશ કરવા છતાં પૂર્વવત્ દોષ ઊભો જ છે. જેમ 'શીત' પદને શબ્દરૂપે ગ્રહણ કરી શકાય છે તેમ 'શીતસ્પર્શ'ને પણ કોઈ શબ્દરૂપે ગ્રહણ કરે તો શીતસ્પર્શરૂપ શબ્દવાળો ફરી આકાશ બની જશે.

મારું માનવું એવું છે કે જલના અવયવમાં આવતી અવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'સ્પર્શ' પદનો નિવેશ છે. તે આ પ્રમાણે → જેવી રીતે 'રક્ત' શબ્દ દ્રવ્ય અને ગુણ બન્નેને જણાવે છે, તેવી જ રીતે 'શીત' શબ્દ પણ દ્રવ્યવાચી અને ગુણવાચી છે. કોઈ 'શીત' શબ્દને દ્રવ્યવાચી તરીકે ગ્રહણ કરી લે તો શીત = જલ થશે અને સમવાયસંબંધથી તે જલવાળા જલના અવયવો થશે. લક્ષણ હતું જલનું અને ગયું જલના એક દેશ = જલાવયવમાં. તેથી અવયવીભૂત જલમાં અવ્યાપ્તિ દોષ આવે છે. પરંતુ લક્ષણમાં 'સ્પર્શ' પદના ઉપાદાનથી અવ્યાપ્તિ દોષ આવતો નથી. કારણ કે 'શીત' શબ્દ ભલે દ્રવ્ય અને ગુણને જણાવે છે પરંતુ 'શીતસ્પર્શ' આ પદ તો ગુણને જ જણાવે છે. તેથી શીતસ્પર્શવાળું જલ જ બનશે.

★ 'शीतस्पर्शवत्त्वम्' આવું પણ જલનું લક્ષણ કરવા છતા કાલાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે કાલિક સંબંધથી શીતસ્પર્શ કાલમાં અને આદિથી અનિત્ય પદાર્થમાં પણ રહે છે. તેથી શીતસ્પર્શવાળા કાલાદિ પણ થઈ જશે. પરંતુ સમવાયસંબંધથી 'શીતસ્પર્શવત્ત્વ' લઈશું તો કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સમવાયસંબંધથી શીતસ્પર્શ તો માત્ર જલમાં જ રહે છે.

इन्द्रियमिति.....संग्रहः ॥ ઈન્દ્રિયના લક્ષણનું પદકૃત્ય જણાવે છે → 'रसग्राहकत्वे सति इन्द्रियत्वं रसनेन्द्रियस्य लक्षणम्' અર્થાત્ 'જે ઈન્દ્રિય રસને ગ્રહણ કરે છે તેને રસનેન્દ્રિય કહેવાય છે.' ત્વગાદિ ઈન્દ્રિયોમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'रसग्राहकत्वे सति' પદનું ઉપાદાન છે. અને રસનેન્દ્રિયની સાથે રસનો જે સન્નિકર્ષ છે, તેમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'ઇન્દ્રિયત્વ' પદનું ઉપાદાન છે. તથા મૂલમાં 'सरित्समुद्रादि' લખ્યું છે, તેમાં આદિ પદથી તળાવ, હિમ, કરા વગેરેને પણ વિષય રૂપે ગ્રહણ કરવા.

વિશેષાર્થ :

અહીં જલના 'शीतस्पर्शवत्त्वम्' લક્ષણમાં આવતા દોષોનો પરિહાર કરતા 'समवायसंबंधेन शीतस्पर्शवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्' આ પ્રમાણે જલનું નિર્દુષ્ટ લક્ષણ પૃથિવીના નિર્દુષ્ટ લક્ષણ પ્રમાણે જાણવું તથા રસનેન્દ્રિયનું લક્ષણ પણ ઘ્રાણેન્દ્રિયના લક્ષણ પ્રમાણે જાણવું.

તેજો - નિરૂપણ

मूलम् : उष्णस्पर्शवत्तेजः। तच्च द्विविधम्-नित्यमनित्यं च। नित्यं परमाणुरूपम्। अनित्यं कार्यरूपम्। पुनस्त्रिविधं-शरीरेन्द्रियविषयभेदात्। शरीरमादित्यलोके प्रसिद्धम्।

इन्द्रियं रूपग्राहकं चक्षुः कृष्णतारााग्रवर्ति। विषयश्चतुर्विधो-भौमदिव्योदर्याकरजभेदात्। भौमं वह्न्यादिकम्। अबिन्धनं दिव्यं विद्युदादि। भुक्तस्य परिणामहेतुरुदर्यम्। आकरजं सुवर्णादि॥

જેનો ઉષ્ણસ્પર્શ છે તેને તેજ કહેવાય છે. તે તેજ નિત્ય અને અનિત્ય એમ બે પ્રકારે છે. પરમાણુરૂપે તેજ નિત્ય છે અને કાર્યરૂપે તેજ અનિત્ય છે. તે અનિત્ય તેજ પણ શરીર, ઇન્દ્રિય અને વિષયના ભેદથી ત્રણ પ્રકારે છે. (૧) આદિત્ય લોકના = સૂર્ય લોકના જીવોનું જે શરીર છે તે તૈજસ શરીર છે. (૨) જે ઇન્દ્રિય કીકીના અગ્ર ભાગે રહે છે અને રૂપને ગ્રહણ કરે છે તે ચક્ષુરિન્દ્રિય પણ તૈજસ = તેજ સંબંધી ઇન્દ્રિય કહેવાય છે. (૩) વિષયરૂપ તેજ ચાર પ્રકારે છે.

★ **ભૌમ તેજ** = ભૂમિ સંબંધી તેજ તે ભૌમ તેજ છે. દા.ત. → લાકડા વગેરે ઇન્ધનમાંથી જે અગ્નિ પેદા થાય છે તે ભૌમ તેજ છે. (भूमौ भवं = भौमं)

★ **દિવ્ય તેજ** = આકાશ સંબંધી તેજ તે દિવ્ય તેજ છે. દા.ત. → પાણી છે ઇન્ધન જેનું અર્થાત્ પાણીથી ઉત્પન્ન થનાર વિજળી વગેરે દિવ્ય તેજ છે. (दिवि भवं = दिव्यं)

★ **ઉદર્ય તેજ** = ઉદર સંબંધી તેજ તે ઉદર્ય તેજ છે. દા.ત. → ખાધેલી વસ્તુઓને પચાવવામાં કારણભૂત જે પેટનો અગ્નિ છે. તે ઉદર્ય તેજ છે. (उदरे भवं = उदर्यं)

★ **આકરજ તેજ** = ખાણ સંબધી તેજ તે આકરજ તેજ છે. દા.ત. → ખાણમાં જે સુવર્ણાદિ સાત ધાતુઓ ઉત્પન્ન થાય છે. તે આકરજ તેજ છે. (आकरे जातं =आकरजं)

વિશેષાર્થ :

શંકા : હે નૈયાયિક! હળદર પીળી અને વજનમાં ભારે હોવાથી જો તમે એને પાર્થિવ માનો છો તો સોનાને પણ હળદરની જેમ પાર્થિવ દ્રવ્ય જ કહો ને..... અને બીજી વાત તમે તો તેજમાં ઉષ્ણસ્પર્શ અને ભાસ્વરશુક્લરૂપ માન્યું છે. જ્યારે સોનામાં ન તો ઉષ્ણસ્પર્શ છે અને ન તો ભાસ્વરશુક્લરૂપ છે, તેથી પણ સોનાને પાર્થિવ દ્રવ્ય માનવું જ યોગ્ય છે.

સમા. : અમે સોનાને પુરા અંશમાં તેજસ્વરૂપ નથી સ્વીકારતા. જેવી રીતે મનુષ્ય વગેરેનું આખું શરીર પાર્થિવ તત્ત્વથી નથી બન્યું, પરંતુ એમાં જલાદિતત્ત્વોનું પણ મિશ્રણ છે. તેવી જ રીતે સોનામાં પણ જે પીળો ભાગ અને ભારેપણુ છે તે પૃથિવીના અંશ છે. અર્થાત્ સોનુ પણ તૈજસ અને પાર્થિવ એમ બે તત્ત્વના મિશ્રણથી બન્યું છે, પરંતુ સુવર્ણ છે તો તૈજસ પદાર્થ જ અને સુવર્ણનો જે ઉષ્ણસ્પર્શ છે તે પાર્થિવ પદાર્થોની અધિકતામાં અન્તર્ભૂત થઈ ગયો છે.

સુવર્ણનો અમુક અંશ તૈજસ છે એમાં શું પ્રમાણ છે? એના કરતા સુવર્ણને સંપૂર્ણ અંશમાં પાર્થિવ જ માની લો ને...આનો ઉત્તર મુક્તાવલી વિગેરે ગ્રન્થોમાં વિસ્તારથી આવશે.

(પ૦) उष्णेति। जलादावतिव्याप्तिनिरासाय उष्णेति। कालादावतिप्रसङ्गवारणाय ***समवायसंबन्धेनेति पदं देयम्। इन्द्रियमिति। घ्राणादावतिव्याप्तिवारणाय रूपग्राहकमिति।***

कालादावतिव्याप्तिनिरसनाय इन्द्रियमिति। भेदादिति पदं प्रत्येकमभिसंबध्यते। भौममिति। आदिपदेन खद्योतगततेजःप्रभृतेः परिग्रहः। विद्युदादीति। आदिनाऽर्कचन्द्रादीनां परिग्रहः। भुक्तेति। भुक्तस्यान्नादेः पीतस्य जलस्य परिणामो जीर्णता, तस्य हेतुरुदर्यमित्यर्थः। सुवर्णादीति। आदिना रजतादिपरिग्रहः।

* પદકૃત્ય *

उष्णेति... 'उष्णस्पर्शवत्त्वम्' આ પ્રમાણે જે તેજનું લક્ષણ છે. એમાં જલ, પૃથિવી અને વાયુમાં અતિવ્યાપ્તિ દૂર કરવા માટે 'उष्ण' પદનું ઉપાદાન છે. તથા કાલાદિમાં અતિવ્યાપ્તિ દૂર કરવા માટે 'समवायसंबंधेन' પદનો નિવેશ કરવો. **इन्द्रियमिति....** 'रूपग्राहकत्वे सति इन्द्रियत्वम्' આ ચક્ષુરિન્દ્રિયનું લક્ષણ છે. એમાં ઘ્રાણેન્દ્રિય વગેરે ઇન્દ્રિયોમાં અતિવ્યાપ્તિ દૂર કરવા માટે 'रूपग्राहकत्वे सति' પદનો નિવેશ છે. તથા કાલાદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'इन्द्रिय' પદનો નિવેશ છે.

મૂલમાં આપેલા 'भेदात्' પદનો ભૌમ, દિવ્ય, ઉદર્ય અને આકરજ આ એક એકની સાથે અન્વય કરવાનો છે. દા.ત. ભૌમભેદાત્, દિવ્યભેદાત્ ઇત્યાદિ. **भौममिति....** મૂલમાં ભૂમિ સંબંધી તેજમાં 'वह्नि વગેરે'માં આદિ પદથી ખજુઆ = આગિયા (જીવડું)નો તેજ વગેરે પણ ભૌમ તેજ સ્વરૂપ ગણવા. તથા વિદ્યુદાદિમાં જે આદિ પદ છે, તેનાથી અર્ક = સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાને દિવ્ય તેજ સ્વરૂપ ગણવા તથા મૂલમાં 'भुक्तस्य परिणामहेतुरुदर्यम्' આ જે પંક્તિ આપી છે તેનો 'ખાધેલા અન્નાદિના તથા પીધેલા પાણીના પરિણામમાં = જીર્ણતામાં = પાચન થવામાં કારણભૂત ઉદર્ય તેજ છે' એવો અર્થ સમજવો. અને સુવર્ણાદિમાં આદિ પદથી રજત વગેરે બધી જ ધાતુને આકરજ તેજ સ્વરૂપ ગણવા.

વિશેષાર્થ :

અહીં તેજના 'उष्णस्पर्शवत्त्वम्' લક્ષણમાં આવતા દોષોનો પરિહાર કરતા 'समवायेन संबंधेन उष्णस्पर्शवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्' આ પ્રમાણેનું તેજનું નિર્દુષ્ટ લક્ષણ પૃથિવીના નિર્દુષ્ટ લક્ષણ પ્રમાણે જાણવું તથા ચક્ષુરિન્દ્રિયનું લક્ષણ પણ ઘ્રાણેન્દ્રિય પ્રમાણે જાણવું.

વાયુ - નિરૂપણ

मूलम् : रूपरहितः स्पर्शवान्वायुः। स द्विविधः - नित्योऽनित्यश्च। नित्यः परमाणुरूपः। अनित्यः कार्यरूपः। पुनस्त्रिविधः - शरीरेन्द्रियविषयभेदात्। शरीरं वायुलोके। इन्द्रियं स्पर्शग्राहकं त्वक् सर्वशरीरवर्ति। विषयो वृक्षादिकम्पनहेतुः। शरीरान्तःसंचारी वायुः प्राणः। स चैकोऽप्युपाधिभेदात् 'प्राणापानादि' संज्ञां लभते॥

રૂપથી રહિત હોય અને સ્પર્શવાળો હોય તેને વાયુ કહેવાય છે. તે વાયુ નિત્ય અને અનિત્ય એમ બે પ્રકારે છે. પરમાણુ રૂપે વાયુ નિત્ય અને કાર્યરૂપે વાયુ અનિત્ય છે. તે અનિત્ય વાયુ પણ

શરીર, ઇન્દ્રિય અને વિષયના ભેદથી ત્રણ પ્રકારનો છે. (૧) વાયુલોકમાં જીવોનું જે શરીર છે તે વાયુ સંબંધી છે. (૨) જે ઇન્દ્રિય સંપૂર્ણ શરીરમાં રહે છે અને સ્પર્શને ગ્રહણ કરે છે તે ત્વક્ ઇન્દ્રિય પણ વાયુ સંબંધી છે. અને (૩) વૃક્ષ વિગેરેને કંપાવવામાં જે વાયુ કારણ છે તે વાયુને વિષયરૂપ વાયુ કહેવાય છે.મનુષ્યાદિના શરીરમાં ફરનારા વાયુને પ્રાણવાયુ કહેવાય છે. તે એક હોવા છતાં ઉપાધિના ભેદથી પ્રાણ, અપાનાદિ જુદા જુદા નામોને પ્રાપ્ત કરે છે.

(ન્યા૦) एवं पृथिव्यादित्रिकं निरूप्य वायुं निरूपयति - रूपरहित इति। रूपरहितत्वे सति स्पर्शवत्त्वं वायोर्लक्षणम्। सतिसप्तम्या विशिष्टार्थकतया रूपरहितत्वविशिष्टस्पर्शवत्त्वं वायोर्लक्षणम्। विशेषणांशानुपादाने स्पर्शवत्त्वमात्रस्य लक्षणत्वे पृथिव्यादित्रिकेऽतिव्याप्तिः, तद्वारणाय विशेषणोपादानम्। तावन्मात्रोपादाने आकाशादावतिव्याप्तिः, तद्वारणाय विशेष्योपादानम्।

* ન્યાયબોધિની *

એ પ્રમાણે પૃથિવી, જલ અને તેજ આ ત્રણનું નિરૂપણ કરીને હવે મૂલકારશ્રી વાયુનું નિરૂપણ કરે છે. 'रूपरहितत्वे सति स्पर्शवत्त्वम्' આ વાયુનું લક્ષણ છે. લક્ષણમાં જે સતિસપ્તમી આવેલી છે, તેનો અર્થ 'વિશિષ્ટ' કરવો અને તેથી 'रूपरहितत्वविशिष्टस्पर्शवत्त्वम्' આ પ્રમાણે વાયુનું લક્ષણ થશે. (વાયુનું પરિષ્કૃત લક્ષણ વિશેષાર્થમાં જોવું.) ★ હવે જો વાયુના લક્ષણમાં 'રૂપરહિતત્વ' વિશેષણ ન આપીએ અને 'સ્પર્શવાળો હોય તે વાયુ' એટલું જ કહીએ તો પૃથિવી, જલ અને તેજ આ ત્રણેયમાં અતિવ્યાપ્તિ આવશે. (કારણ કે સ્પર્શવાળા તો પૃથિવી વગેરે પણ છે.) પરંતુ લક્ષણમાં 'રૂપરહિતત્વ' એ વિશેષણના નિવેશથી પૃથિવી વગેરેમાં લક્ષણ જશે નહીં. કારણ કે પૃથિવી વગેરે રૂપરહિત નથી. ★ હવે જો 'રૂપાભાવવાળો હોય તે વાયુ' આટલું જ વાયુનું લક્ષણ કરો તો આકાશ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. (કારણ કે આકાશ વગેરે પણ રૂપાભાવવાળા છે.) પરંતુ લક્ષણમાં 'સ્પર્શવત્ત્વમ્' એ વિશેષ્ય પદના ઉપાદાનથી આકાશાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે (કારણ કે આકાશાદિ સ્પર્શવાળા નથી.)

अतिव्याप्तिर्नाम अलक्ष्ये लक्षणसत्त्वम्। यथा गोः शृङ्गित्वं लक्षणं कृतं चेल्लक्ष्यभूतगोभिन्नमहिष्यादावतिव्याप्तिस्तत्रापि शृङ्गित्वस्य विद्यमानत्वात्। अव्याप्तिर्नाम लक्ष्यैकदेशावृत्तित्वम्, लक्ष्यैकदेशे लक्ष्यतावच्छेदकाश्रयीभूते क्वचिल्लक्ष्ये लक्षणासत्त्वमव्याप्तिरित्यर्थः। यथा गोर्नीलरूपवत्त्वं लक्षणं कृतं चेल्लक्ष्यतावच्छेदकाश्रयीभूतश्वेतगवि अव्याप्तिः, तत्र नीलरूपाभावात्। असंभवो नाम लक्ष्यमात्रे कुत्रापि लक्षणासत्त्वम्। यथा गोरेकशफवत्त्वम्। गोसामान्यस्य द्विशफवत्त्वेन एकशफवत्त्वस्य कुत्राप्यसत्त्वात्। ***अतिव्याप्त्यव्याप्त्यसंभवानां निष्कृष्टलक्षणानि - लक्ष्यतावच्छेदकावच्छिन्न-***

प्रतियोगिताकभेदसामानाधिकरण्यमतिव्याप्तिः। अव्याप्तिस्तु लक्ष्यतावच्छेदकसमानाधिकरणात्यन्ताभावप्रतियोगित्वम्। असंभवस्तु लक्ष्यतावच्छेदकव्यापकीभूताभावप्रतियोगित्वम् ॥

લક્ષણના ત્રણ દોષ હોય છે. **(૧) अतिव्याप्ति** : 'અલક્ષ્યમાં લક્ષણનું રહેવું' તે અતિવ્યાપ્તિ દોષ છે. દા.ત. → જો ગાયનું લક્ષણ 'शृङ्गित्व' કરવામાં આવે તો આ લક્ષણ ગાયથી ભિન્ન ભેંસ વગેરેમાં પણ જતુ રહેશે. કારણ કે ભેંસ વગેરે પણ શિંગવાળા છે. **(૨) अव्याप्ति** : 'લક્ષ્યના એક ભાગમાં લક્ષણનું ન રહેવું' = લક્ષ્યતાવચ્છેદકના આશ્રયભૂત કોઈક લક્ષ્યમાં લક્ષણનું ન રહેવું તે અવ્યાપ્તિ દોષ છે. દા.ત. → જો ગાયનું લક્ષણ 'नीलरूपवत्त्व'કરીએ તો લક્ષ્યતાવચ્છેદક જે ગોત્વ છે, તેના આશ્રયભૂત શ્વેતગાયમાં લક્ષણ નહીં જવાથી અવ્યાપ્તિ આવશે. કારણ કે શ્વેતગાયમાં નીલરૂપનો અભાવ છે. **(૩) असंभव** : 'લક્ષ્ય માત્રમાં ક્યાંય પણ લક્ષણનું ન રહેવું' તે અસંભવ દોષ છે. દા.ત. → જો ગાયનું લક્ષણ 'एकशफवत्त्व' = 'એક ખુરવાળી હોય તે ગાય' એવું કરીએ તો આ લક્ષણ અસંભવ દોષવાળું બનશે. કારણ કે બધી જ ગાય બે ખુરવાળી હોવાથી 'एकशफवत्त्व' લક્ષણ કોઈ પણ ગાયમાં રહેશે નહીં.

નવ્યન્યાયની શૈલીમાં અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવનું નિષ્કૃષ્ટ લક્ષણ આ પ્રમાણે છે.... (૧) લક્ષણનું લક્ષ્યતાવચ્છેદકના અધિકરણમાં પણ રહેવું અને લક્ષ્યતાવચ્છેદકાવચ્છિન્ન-પ્રતિયોગિતાકભેદના અધિકરણમાં પણ રહેવું તે અતિવ્યાપ્તિ દોષ કહેવાય છે. (૨) લક્ષ્યતા-વચ્છેદકના અધિકરણમાં રહેલા અભાવનો પ્રતિયોગી થવું અર્થાત્ લક્ષ્યમાં જ ક્યાંક લક્ષણનો અભાવ રહેવો તે અવ્યાપ્તિ દોષ કહેવાય છે. (૩) લક્ષ્યતાવચ્છેદકના વ્યાપકીભૂત અભાવનો પ્રતિયોગી બનવું તે અસંભવ દોષ છે. (આનું વિસ્તૃત વર્ણન વિશેષાર્થમાં જુઓ.)

विशेषार्थ : **વાયુનું પરિષ્કૃત લક્ષણ**

મૂળમાં 'रूपरहितस्पर्शवान् वायुः' આવું જ વાયુનું લક્ષણ કર્યું છે. આ લક્ષણનો પરિષ્કાર ન્યાયબોધિની કે પદકૃત્ય ટીકામાં કર્યો નથી. તો પણ શિષ્ય બુદ્ધિ વૈશદ્યાય વાયુનું પરિષ્કૃત લક્ષણ કરાય છે.

'रूपरहितत्वे सति स्पर्शवत्त्वम्' વાયુના આ લક્ષણમાં જે સતિસપ્તમી છે, તેનો અર્થ વિશિષ્ટ કરવાથી 'रूपरहितत्वविशिष्टस्पर्शवत्त्वम्' એ પ્રમાણે વાયુનું લક્ષણ થશે.

અહીં 'રહિત' શબ્દનો અર્થ અત્યંતાભાવવાન્ સમજવો. દા.ત.→ धनरहितपुरुषः = 'ધનના અભાવવાળો પુરુષ' આવો અર્થ થશે. તેવી રીતે 'રૂપરહિત' પદનો 'રૂપના અભાવવાળો' એવો અર્થ થશે. હવે यस्याभावः स प्रतियोगी = જેનો અભાવ હોય તે અભાવનો પ્રતિયોગી કહેવાય. અહીં રૂપનો અભાવ છે માટે રૂપ પ્રતિયોગી (વિરોધી) બન્યું, રૂપમાં પ્રતિયોગિતા

આવી અને એ પ્રતિયોગિતાને જણાવનાર અભાવ છે. તેથી રૂપાભાવને 'रूपनिष्ठप्रतियोगिताकाभावः' કહી શકાય.

અતઃ વાયુનું લક્ષણ થશે..... 'रूपनिष्ठप्रतियोगिताकाभावविशिष्टस्पर्शवत्त्वं वायोर्लक्षणम्' અર્થાત્ રૂપમાં રહેલી પ્રતિયોગિતાને જણાવનાર જે રૂપાભાવ છે, તેનાથી વિશિષ્ટ સ્પર્શવાળો જે હોય તેને વાયુ કહેવાય છે.

શંકા : જેવી રીતે સ્વપિતૃત્વસંબંધથી રામવિશિષ્ટ દશરથ કહેવાય છે, સંયોગસંબંધથી ઘટવિશિષ્ટ ભૂતલ કહેવાય છે, તેવી રીતે રૂપરહિતત્વથી વિશિષ્ટ સ્પર્શ કયા સંબંધથી કહ્યો છે?

સમા. : નિયમ છે 'सतिसप्तम्या बोधितं वैशिष्ट्यं सर्वत्र सामानाधिकरण्येन बोध्यम्' અર્થાત્ સતિસપ્તમીથી જણાવાયેલું વૈશિષ્ટ્ય બધી જગ્યાએ સામાનાધિકરણ્ય સંબંધથી જાણવું જોઈએ. અહીં પણ સતિસપ્તમી દ્વારા રૂપાભાવનું વૈશિષ્ટ્ય સ્પર્શમાં જણાવાયું હોવાથી સામાનાધિકરણ્ય સંબંધથી રૂપાભાવવિશિષ્ટ સ્પર્શ થશે. અર્થાત્ રૂપાભાવ અને સ્પર્શ આ બંને વાયુમાં રહે છે. એવું સૂચિત થશે.

શંકા : અરે ભાઈ! 'सतिसप्तम्या....' આ નિયમમાં શું પ્રામાણ્ય છે? અર્થાત્ સામાનાધિકરણ્ય સંબંધથી જ વૈશિષ્ટ્ય કેમ લેવું... યેન કેન સંબંધથી વૈશિષ્ટ્ય લેવામાં શું હાનિ છે?

સમા. : જો રૂપાભાવનું વૈશિષ્ટ્ય સ્પર્શમાં કોઈ બીજા જ સંબંધથી લેશું તો પૃથિવી વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. તે આ પ્રમાણે→ પૃથિવી વગેરેમાં જે સ્પર્શ છે, એ સ્પર્શમાં રૂપાભાવ સ્વરૂપ સંબંધથી (= અભાવીયવિશેષણતા સંબંધથી) રહે છે.



આમ, સ્વરૂપ સંબંધથી રૂપાભાવવિશિષ્ટ સ્પર્શ જેમ વાયુમાં છે, તેમ પૃથિવી વગેરેમાં પણ છે. લક્ષણ કર્યું છે વાયુનું અને ગયું પૃથિવી વગેરેમાં. તેથી અતિવ્યાપ્તિ આવશે.

પરંતુ સતિસપ્તમી દ્વારા જણાવાયેલું વૈશિષ્ટ્ય સામાનાધિકરણ્ય સંબંધથી લઈશું તો લક્ષણ પૃથિવી વગેરેમાં જશે નહીં. કારણ કે સામાનાધિકરણ્ય સંબંધથી પૃથ્વીનો જે સ્પર્શ છે તે ત્યારે જ રૂપાભાવ વિશિષ્ટ બને જ્યારે પૃથ્વીમાં સ્વરૂપસંબંધથી રૂપાભાવ રહે. પરંતુ એવું ક્યારેય બનતું નથી કારણ કે પૃથ્વીમાં કોઈને કોઈ રૂપ તો રહે જ છે. જ્યારે વાયુમાં રૂપાભાવ અને સ્પર્શ બંને હોવાથી સામાનાધિકરણ્ય સંબંધથી રૂપાભાવવિશિષ્ટ સ્પર્શવાન્ વાયુ જ બનશે.



તેથી લક્ષણ બનશે... सामानाधिकरण्यसंबंधेन रूपनिष्ठप्रतियोगिताकाभावविशिष्टस्पर्शवत्त्वं वायोर्लक्षणम्

રૂપનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદક સંબંધનો નિવેશ

શંકા : ઉપરોક્ત વાયુનું લક્ષણ દોષવાળું છે. કારણ કે નિયમ છે 'एकसंबंधेन तद्वस्तु सत्त्वेऽपि अपरसंबंधेन तद्वस्तुनोऽभावः' અર્થાત્ 'એક સંબંધથી તે વસ્તુ હોવા છતાં પણ બીજા સંબધથી તે વસ્તુનો અભાવ પણ કહેવાય.' આ નિયમથી સમવાયસંબંધથી રૂપ ભલે પૃથિવી વગેરેમાં રહે છે. પરંતુ સંયોગસંબંધથી રૂપ, પૃથિવી વગેરેમાં રહેતું નથી.



આથી સંયોગસંબંધથી પૃથિવી વગેરેમાં રૂપાભાવ પણ છે અને સ્પર્શ પણ છે. આમ લક્ષણ કર્યું છે વાયુનું અને ગયું પૃથિવી વગેરેમાં. अतः પૃથિવી વગેરેમાં ફરી अतिव्याप्ति દોષ આવશે.

સમા. : અમે લક્ષણમાં પ્રતિયોગિતાના અવચ્છેદક સંબંધનો નિવેશ કરશું તેથી ઉપરોક્ત આપત્તિ નહીં આવે.

પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ કોને કહેવાય? 'येन संबंधेन यन्नास्तीत्युच्यते स संबंधः तन्निष्ठप्रतियोगिताया अवच्छेदकसंबंधः' અર્થાત્ જે સંબંધથી જે વસ્તુનો નિષેધ કરાય છે તે સંબંધને વસ્તુમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ કહેવાય છે. દા.ત. → જેવી રીતે 'भूतले घटो नास्ति' અહીં ભૂતલ ઉપર ઘડો સંયોગસંબંધથી નથી એવું કહેવું છે. તેથી ઘટમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક સંયોગ સંબંધ થશે. તેવી રીતે 'वायौ रूपं नास्ति' અહીં વાયુમાં સમવાયસંબંધથી રૂપ નથી એવું કહેવું ઈષ્ટ છે. તેથી રૂપમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ સમવાય થશે.

આ સમવાયસંબંધથી રૂપનો અભાવ પૃથિવી વગેરેમાં મળતો નથી કારણ કે સમવાય

સંબંધથી તો રૂપ પૃથિવીમાં રહે છે. જ્યારે સમવાયસંબંધથી રૂપનો અભાવ વાયુમાં મળશે અને ત્યાં સ્પર્શ તો છે જ.





આમ વાયુનું લક્ષણ વાયુમાં જ જવાથી નાતિવ્યાપ્તિ. તેથી લક્ષણ આ પ્રમાણે છે→ समवायसंबंधावच्छिन्नरूपनिष्ठप्रतियोगिताकाभावविशिष्टस्पर्शवत्त्वं वायोर्लक्षणम्

રૂપનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદક ધર્મનો નિવેશ

શંકા : જેમ વાયુમાં સમવાયસંબંધથી રૂપનો અભાવ છે. તેવી રીતે લાલ ઘડામાં પણ સમવાયસંબંધથી નીલરૂપ રહેતું ન હોવાથી નીલરૂપનો અભાવ મળશે અને ત્યાં સ્પર્શ તો છે જ.





આમ, લક્ષણ હતું વાયુનું અને ગયું રક્તઘટમાં. તેથી અતિવ્યાપ્તિ આવશે.

સમા. : કંઈ વાંધો નહીં, અમે વાયુના લક્ષણમાં રૂપનિષ્ઠ પ્રતિયોગિતાવચ્છેદક ધર્મનો નિવેશ કરીશું. પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ = પ્રતિયોગીમાં રહેતો અન્યુનાનતિરિક્તધર્મ = જે પ્રતિયોગીથી અધિક દેશમાં પણ ન રહેતો હોય અને ન્યૂન દેશમાં પણ ન રહેતો હોય એવો ધર્મ. અને એવા ધર્મ તરીકે અહીં રૂપત્વ મળશે. હવે વાયુનું લક્ષણ રક્ત ઘટમાં જશે નહીં. કારણ કે રક્તઘટમાં રક્તરૂપ વિદ્યમાન હોવાથી નીલરૂપનો જ અભાવ મળશે પરંતુ રૂપત્વાવચ્છિન્ન રૂપનો અભાવ એટલે કે દરેક રૂપનો અભાવ નહીં મળે. જ્યારે વાયુમાં નીલ, પીતાદિ એક પણ રૂપ ન હોવાથી રૂપત્વાવચ્છિન્ન રૂપનો અભાવ મળશે અને સ્પર્શ તો છે જ. આમ, વાયુનું લક્ષણ વાયુમાં જ જશે. તેથી નાતિવ્યાપ્તિ.

अतः વાયુનું લક્ષણ આ પ્રમાણે થશે..... 'समवायसंबंधावच्छिन्नरूपत्वावच्छिन्नरूपनिष्ठ-प्रतियोगिताकाभावविशिष्टस्पर्शवत्त्वम्'

ઈતરધર્માનવચ્છિન્ન એવી પ્રતિયોગિતાનો નિવેશ

શંકા : તમારી વાત બરાબર છે. પરંતુ પૃથિવીમાં પણ તો 'रूप-शब्दोभयं नास्ति' આવા

પ્રકારનો અભાવ તો દેખાય જ છે. કારણ કે સમવાયસંબંધથી ભલે રૂપ પૃથિવીમાં રહેતુ હોય પરંતુ શબ્દ આકાશનો ગુણ હોવાથી પૃથિવીમાં રહેતો નથી અને 'एक सत्त्वेऽपि द्वयं नास्ति' 'એક હોવા છતાં પણ બંને નથી' આ નિયમથી પૃથિવીમાં રૂપ હોવા છતાં પણ 'રૂપ-શબ્દ ઊભયનો અભાવ' કહેવાશે. અને એ ઊભયાભાવથી નિરૂપિત રૂપ- શબ્દમાં રહેલી પ્રતિયોગિતા પણ રૂપત્વથી તો અવચ્છિન્ન કહેવાશે જ.



અને હા! જો તમે એમ કહેતા હોવ કે આ રૂપ-શબ્દ ઊભયાભાવીય પ્રતિયોગિતા જેમ રૂપત્વથી અવચ્છિન્ન છે, તેમ શબ્દત્વ અને ઊભયત્વ ધર્મથી પણ અવચ્છિન્ન તો છે જ ને...

તો સાંભળો! 'अधिकं प्रविष्टं न तद् हानि' આ નિયમથી રૂપ-શબ્દ ઊભયાભાવીય પ્રતિયોગિતા ભલે શબ્દત્વ, ઊભયત્વ એવા અધિક ધર્મથી અવચ્છિન્ન હોય પરંતુ એમાં રૂપત્વાવચ્છિન્નનો અપલાપ તો ન જ કરી શકાય.

આથી समवायसंबंधावच्छिन्नरूपत्वावच्छिन्नरूपनिष्ठप्रतियोगिताकाभाव કહેવાથી માત્ર રૂપાભાવ નહીં પરંતુ રૂપશબ્દ ઊભયાભાવ પણ ગ્રહણ થઈ જશે જે પૃથિવીમાં રહે છે અને ત્યાં સ્પર્શ તો છે જ. આમ લક્ષણ હતું વાયુનું અને ગયું પૃથિવીમાં તેથી અતિવ્યાપ્તિ આવશે.

સમા. : આ આપત્તિને દૂર કરવા અમે લક્ષણમાં રૂપાભાવની પ્રતિયોગિતા ઈતરધર્મથી અનવચ્છિન્ન લઈશું. અર્થાત્ પ્રતિયોગિતા માત્ર રૂપત્વ ધર્મવાળી જ હોવી જોઈએ, બીજા ધર્મોવાળી ન હોવી જોઈએ. આમ કરવાથી હવે લક્ષણ પૃથિવીમાં નહીં જાય કારણ કે પૃથિવીમાં રહેલા રૂપ-શબ્દ ઊભયાભાવની પ્રતિયોગિતા જો કે રૂપત્વધર્મથી યુક્ત છે. પરંતુ સાથે સાથે શબ્દત્વ વગેરે બીજા ધર્મોથી પણ યુક્ત છે. જ્યારે વાયુમાં રહેલા રૂપાભાવની પ્રતિયોગિતા રૂપત્વ ધર્મથી જ યક્ત છે. ઈતરધર્મથી યક્ત નથી.



આ રીતે વાયુનું લક્ષણ વાયુમાં જવાથી નાતિવ્યાપ્તિ. अतः વાયુનું લક્ષણ થશે.....
'समवायसंबंधावच्छिन्न-रूपत्वावच्छिन्न-इतरधर्मानवच्छिन्नरूपनिष्ठप्रतियोगिताकाभाव-विशिष्टस्पर्शवत्त्वम्'

રૂપાભાવનિષ્ઠ આધેયતાવચ્છેદક સંબંધનો નિવેશ

શંકા : જેવી રીતે સંયોગસંબંધથી વહ્નિ પર્વત પર રહેવા છતા કાલિકસંબંધથી વહ્નિ હ્રદ્માં પણ રહે છે એવું કહેવાય છે, કારણ કે 'हृद्काले वह्निः' એટલે કે 'જે કાલમાં સરોવર છે તે કાલમાં વહ્નિ છે' આવી પ્રતીતિ થાય છે. તેવી રીતે રૂપાભાવ અભાવીયવિશેષણતા સંબંધથી ભલે વાયુમાં રહેતો હોય પરંતુ 'घटकाले रूपाभावः' એટલે 'જે કાલે ઘટ છે તે કાલે રૂપાભાવ છે' આવી પણ પ્રતીતિ થાય છે. તેથી રૂપાભાવ કાલિક સંબંધથી જન્ય પૃથિવી વગેરેમાં રહી જશે. અને જન્ય પૃથિવી વગેરે સ્પર્શવાળી તો છે જ.

આમ લક્ષણ હતું વાયુનું અને ગયું જન્ય પૃથિવી વગેરેમાં તેથી અતિવ્યાપ્તિ આવશે.

સમા. : અમે વાયુના લક્ષણમાં રૂપાભાવમાં રહેલી આધેયતાના અવચ્છેદક સંબંધનો નિવેશ કરશું તેથી આપત્તિ નહીં આવે. તે આ પ્રમાણે → રૂપાભાવ વાયુમાં રહેતો હોવાથી રૂપાભાવ એ આધેય છે તેથી તેમાં આધેયતા આવશે. હવે નિયમ છે કે 'આધેય પોતાના અધિકરણમાં જે સંબંધથી વિવક્ષિત હોય તેને આધેયતાનો અવચ્છેદક સંબંધ કહેવાય છે અને આધેયતા તે સંબંધથી અવચ્છિન્ન કહેવાય છે.' અભાવ મુખ્યતયા અભાવીયવિશેષણતા સંબંધથી પોતાના અધિકરણમાં રહેલો મનાય છે. તેથી રૂપાભાવમાં રહેલી આધેયતાનો અવચ્છેદક સંબંધ અભાવીયવિશેષણતા સંબંધ થશે. આ અભાવીયવિશેષણતા સંબંધથી રૂપાભાવ જન્યપૃથિવી વગેરેમાં નહીં પરંતુ વાયુમાં મળશે અને ત્યાં સ્પર્શ તો છે જ. આમ, લક્ષણ હતું વાયુનું અને ગયું પણ વાયુમાં તેથી નાતિવ્યાપ્તિ.

अतः વાયુનું લક્ષણ આ પ્રમાણે થશે..... 'समवायसंबंधावच्छिन्नरूपत्वावच्छिन्नइतरधर्मानवच्छिन्नरूपनिष्ठप्रतियोगिताकाभावनिष्ठअभावीयविशेषणतासंबंधावच्छिन्नाधेयतानिरूपिताधिकरणतावत्त्वे सति स्पर्शवत्त्वम्' અર્થાત્ સમવાયસંબંધથી રૂપત્વેન રૂપ માત્રનો અભાવ, અભાવીયવિશેષણતા સંબંધથી જ્યાં રહે અને સ્પર્શ પણ રહે તે વાયુ છે.

નિરવચ્છિન્નાધિકરણતાનો નિવેશ

શંકા : વાયનું તાદૃશ લક્ષણ કરવા છતાં પણ 'उत्पन्नं क्षणं द्रव्यं निर्गुणं निष्क्रियञ्च तिष्ठति' અર્થાત્ 'પ્રથમ ક્ષણે ઉત્પન્ન થયેલું દ્રવ્ય એ ગુણ અને ક્રિયા વગરનું હોય છે' આ નિયમથી પ્રથમ ક્ષણના ઘટમાં રૂપાભાવ (અભાવીયવિશેષણતાનામક સ્વરૂપસંબંધથી) છે. અને દ્વિતીયાદિ ક્ષણના એ જ ઘટમાં સ્પર્શ પણ છે. આમ ઘટમાં પણ રૂપાભાવ અને સ્પર્શ બન્ને રહે છે. अतः લક્ષણ હતું વાયુનું અને ગયું અલક્ષ્ય એવા ઘટમાં તેથી ફરી અતિવ્યાપ્તિ આવશે.

સમા. : અમે વાયુના લક્ષણમાં રૂપાભાવની અધિકરણતા નિરવચ્છિન્ન લઈશું તેથી અમને કોઈ દોષ આવશે નહીં. તે આ પ્રમાણે → જે પદાર્થ પોતાના અધિકરણમાં અમુક દેશ અને અમુક કાળમાં રહેતો હોય તે પદાર્થની અધિકરણતા સાવચ્છિન્ન કહેવાય છે અને જે પદાર્થ પોતાના અધિકરણમાં સર્વદેશ કે સર્વકાળમાં વ્યાપીને રહેતો હોય તે પદાર્થની અધિકરણતા

નિરવચ્છિન્ન કહેવાય છે.

અહીં = પ્રકૃતમાં પ્રથમ ક્ષણના ઘટમાં ભલે રૂપ નથી રહેતું પરંતુ દ્વિતીયાદિ ક્ષણના ઘટમાં તો રૂપ આવી જાય છે. તેથી ઘટમાં રૂપાભાવની અધિકરણતા સાવચ્છિન્ન છે અને વાયુના લક્ષણમાં તો રૂપાભાવની અધિકરણતા નિરવચ્છિન્ન કહી છે. આવી રૂપાભાવની નિરવચ્છિન્ન અધિકરણતા તો વાયુમાં મળશે. કારણ કે વાયુમાં પ્રથમ ક્ષણમાં પણ રૂપ નથી રહેતું અને દ્વિતીયાદિ ક્ષણમાં પણ રૂપ નથી રહેતું.



આમ, લક્ષણ હતુ વાયુનું અને ગયુ પણ વાયુમાં. તેથી કોઈ દોષ નથી. अतः વાયુનું લક્ષણ આ પ્રમાણે થશે..... ' समवायसंबंधावच्छिन्नरूपत्वावच्छिन्नइतरधर्मानवच्छिन्नरूपनिष्ठप्रतियोगिताकाभावनिष्ठा, या अभावीयविशेषणतासंबंधावच्छिन्नाधेयता तन्निरूपितनिरवच्छिन्नाधिकरणतावत्त्वे सति स्पर्शवत्त्वम् '

સ્પર્શનિષ્ઠ આધેયતાવચ્છેદક સંબંધનો નિવેશ

શંકા : વાયુનું ઉપરોક્ત લક્ષણ કરશું તો આ લક્ષણ કાલમાં જતું રહેવાથી અતિવ્યાપ્તિ આવશે. કારણ કે રૂપાભાવ જેમ અભાવીયવિશેષણતા સંબંધથી (સ્વરૂપસંબંધથી) વાયુમાં રહે છે તેમ રૂપાભાવ અભાવીયવિશેષણતા સંબંધથી કાલમાં પણ રહે છે. (કારણ કે જ્યાં સ્વાભાવિક રીતે રૂપ નથી અર્થાત્ અધિકરણ અરૂપી છે ત્યાં રૂપાભાવ અભાવીયવિશેષણતા સંબંધથી રહે છે.) અને સંપૂર્ણ કાલને વ્યાપીને રૂપાભાવ રહેલો હોવાથી કાલમાં રૂપાભાવની અધિકરણતા પણ નિરવચ્છિન્ન જ છે. આમ રૂપાભાવનું અધિકરણ કાલ બની જશે અને 'अस्मिन् काले स्पर्शः' આવી પ્રતીતિ પણ થાય છે. તેથી કાલિક સંબંધથી કાલ સ્પર્શનું પણ અધિકરણ છે.



આમ, કાલમાં રૂપાભાવ અને સ્પર્શ બન્ને રહે છે તેથી લક્ષણ હતું વાયુનું અને ગયું કાલમાં. તેથી અતિવ્યાપ્તિ આવશે.

સમા. : વાયુના લક્ષણમાં સ્પર્શમાં રહેલી આધેયતાના અવચ્છેદક સંબંધનો નિવેશ કરશું. અર્થાત્ સ્પર્શ જે સંબંધથી વાયુમાં રહે છે તે સંબંધને જણાવશું. તેથી કોઈ આપત્તિ આવશે નહીં. કારણ કે રૂપાભાવ ભલે અભાવીયવિશેષણતા સંબંધથી કાલમાં રહેતો હોય પરંતુ

સ્પર્શ એ ગુણ છે. તેથી વાયુમાં સમવાયસંબંધથી રહેતો હોવાથી સ્પર્શમાં રહેલી આધેયતાનો અવચ્છેદક સંબંધ સમવાય છે. તે સમવાયસંબંધથી સ્પર્શનું અધિકરણ કાલ નહી બને પરંતુ વાયુ જ બનશે. આમ, રૂપાભાવ અને સ્પર્શ બન્નેનું એક અધિકરણ વાયુ બનવાથી નાતિવ્યાપ્તિ.

અતઃ વાયુનું લક્ષણ આ પ્રમાણે થશે....' समवायसंबंधावच्छिन्न-रूपत्वावच्छिन्न-इतरधर्मानवच्छिन्न-रूपनिष्ठप्रतियोगिताकाभावनिष्ठअभावीयविशेषणतासंबंधावच्छिन्नाधेयता-निरूपितनिरवच्छिन्नाधिकरणतावत्त्वे सति समवायसंबंधावच्छिन्नस्पर्शनिष्ठाधेयता-निरूपिताधिकरणताश्रयत्वम् '

स्पर्शनिष्ठ आधेयतावच्छेदक धर्मनो निवेश

शंका : વાયુનું ઉપરોક્ત લક્ષણ પણ દોષવાળું છે. કારણ કે તાદૃશ રૂપાભાવ વિશિષ્ટ એતદ્ વાયવીય સ્પર્શ = અમુક સ્પર્શ પણ છે અને તેનાવાળો એતદ્ કાલીન વાયુ થશે. આમ લક્ષણ હતું યાવદ્ વાયુનું અને ગયું વાયુના એક ભાગમાં તેથી અવ્યાપ્તિ આવે છે.

સમા. : અમે વાયુના લક્ષણમાં સ્પર્શમાં રહેલી આધેયતાના અવચ્છેદક ધર્મનો નિવેશ કરશું તેથી અવ્યાપ્તિ દોષ આવશે નહીં. તે આ પ્રમાણે → આધેયમાં રહેલો અન્યૂનાનતિરિક્ત ધર્મ આધેયતાનો અવચ્છેદક ધર્મ કહેવાય છે. આ નિયમથી સ્પર્શમાં રહેલી આધેયતાનો અવચ્છેદક ધર્મ 'સ્પર્શત્વ' બનશે અને આધેયતા સ્પર્શત્વાચ્છિન્ન બનશે.

હવે જેમ ગન્ધત્વેન ગન્ધ બોલવાથી સુરભિ અને દુરભિ બન્ને ગન્ધનું ગ્રહણ થાય છે. તેવી રીતે સ્પર્શત્વેન સ્પર્શ બોલવાથી બધા જ વાયવીય સ્પર્શનું ગ્રહણ થશે અને એ યાવદ્ સ્પર્શવાળો એતદ્કાલીન વાયુ નહીં પરંતુ યાવદ્ વાયુ થશે. તેમજ અભાવીયવિશેષણતા સંબંધથી રૂપાભાવ તો વાયુમાં રહ્યો જ છે. તેથી નાવ્યાપ્તિ.

અતઃ વાયુનું લક્ષણ આ પ્રમાણે થશે.... 'समवायसंबंधावच्छिन्न-रूपत्वावच्छिन्न-इतरधर्मानवच्छिन्नरूपनिष्ठप्रतियोगिताकाभावनिष्ठाभावीयविशेषणतासंबंधाविच्छिन्नाधेयतानिरूपितनिर-वच्छिन्नाधिकरणतावत्त्वे सति समवायसंबंधावच्छिन्नस्पर्शत्वावच्छिन्नस्पर्शनिष्ठाधेयता-निरूपिताधिकरणताश्रयत्वम्'

जाति घटित लक्षणनो निवेश

शंका : અરે ભાઈ, વાયુનું આટલું મોટું લક્ષણ કરવા છતા પણ હજી તમારા લક્ષણમાં અવ્યાપ્તિ દોષ ઊભો તો છે જ કારણ કે 'उत्पन्नं क्षणं द्रव्यं निर्गुणं निष्क्रियञ्च तिष्ठति' આ નિયમથી પ્રથમ ક્ષણે ઉત્પન્ન થયેલો વાયુ ગુણ અને ક્રિયા વગરનો છે. તેથી પ્રથમ ક્ષણના વાયુમાં રૂપાભાવ તો રહે છે. પરંતુ સ્પર્શ એ ગુણ હોવાથી નથી રહેતો. તેથી વાયુનું લક્ષણ વાયુના જ એક દેશમાં નહીં ઘટવાથી અવ્યાપ્તિ દોષ આવે છે.

સમા. : વાયુનું 'तादृशरूपाभावविशिष्टस्पर्शवद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वं वायोर्लक्षणम्' આ પ્રમાણે જાતિઘટિત લક્ષણ કરશું. તેથી અવ્યાપ્તિદોષ નહીં આવે કારણ કે રૂપાભાવથી

વિશિષ્ટ સ્પર્શવાળો દ્વિતીયાદિ ક્ષણનો જે વાયુ છે, તેમાં રહેલી દ્રવ્યત્વની વ્યાપ્ય જાતિ વાયુત્વ છે. તે વાયુત્વ જાતિવાળો જેમ દ્વિતીયાદિ ક્ષણનો વાયુ છે તેમ આદ્યક્ષણનો પણ વાયુ છે. આમ આવું જાતિઘટિત લક્ષણ દ્વિતીયાદિક્ષણના વાયુની સાથે સાથે પ્રથમ-ક્ષણના વાયુમાં પણ જવાથી અવ્યાપ્તિ આવશે નહીં.

આથી વાયુનું લક્ષણ આ પ્રમાણે થશે..... सामानाधिकरण्यसंबंधेन समवायसंबंधावच्छिन्न-रूपत्वावच्छिन्नइतरधर्मानवच्छिन्नरूपनिष्ठप्रतियोगिताक-अभावीयविशेषणतासंबंधावच्छिन्ना-धेयतावानभावविशिष्टसमवायसंबंधावच्छिन्नस्पर्शत्वावच्छिन्ना या आधेयता, तन्निरूपिता-धिकरणतावद्वृत्तिद्रव्यत्वव्याप्यजातिमत्त्वम्' અર્થાત્ સમવાય સંબંધથી રહેલા રૂપમાત્રનો અભાવ સ્વરૂપસંબંધથી જ્યાં છે અને તે અભાવથી નિરૂપિત નિરવચ્છિન્ન અધિકરણતા જ્યાં છે તથા સમવાયસંબંધથી સ્પર્શત્વેન સ્પર્શથી નિરૂપિત અધિકરણતા જ્યાં છે ત્યાં રહેલી દ્રવ્યત્વની વ્યાપ્ય જાતિવાળો જે છે તે વાયુ કહેવાય છે.



શંકા : અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને અસંભવ દોષનાં લક્ષણ તો પહેલા કરી લીધા છે તો પછી ન્યાયબોધિનીકારે તેઓના નિષ્કૃષ્ટ લક્ષણ શા માટે કર્યા ?

સમા. : ન્યાયબોધિનીકારે અતિવ્યાપ્તિ વગેરે ત્રણેયના નિષ્કૃષ્ટ લક્ષણ કર્યા છે એ જ બતાવે છે કે મૂળ લક્ષણમાં ક્યાંક ક્યાંક દોષ રહેલો છે. તે આ પ્રમાણે.....

★ 'નીલરૂપ' શ્વેતગાયમાં ન રહેતું હોવાથી ગાયનું 'नीलरूपवत्त्वम्' લક્ષણ જેમ અવ્યાપ્તિ દોષવાળું છે તેમ અતિવ્યાપ્તિ દોષવાળું પણ છે. કારણ કે નીલરૂપ જેમ ગાયમાં રહે છે તેમ ગાયથી ઈતર ભેંસાદિમાં પણ રહે છે. આ રીતે 'नीलरूपवत्त्वम्' આ એક જ લક્ષણમાં બંને દોષનો સંકર થયો.

★ એવી જ રીતે યાવદ્ કેવલીને મોહનીયકર્મનો ઉદય ન હોવાથી કેવલીનું 'मोहनीयकर्मवत्त्वम्' આ લક્ષણ જેવી રીતે અસંભવ દોષવાળું છે, તેવી રીતે અવ્યાપ્તિ દોષવાળું પણ છે. કારણ કે લક્ષણ જો યાવદ્ લક્ષ્યમાં ન ઘટતું હોય તો લક્ષ્યના એકદેશમાં પણ ન જ ઘટે. આ રીતે 'मोहनीयकर्मवत्त्वम्' આ એક જ લક્ષણમાં બંને દોષનો સંકર થયો.

આમ અતિવ્યાપ્તિ વગેરે દોષો પરસ્પર સંકરીત થાય છે, તેથી ન્યાયબોધિનીકારે અતિવ્યાપ્તિ વગેરેનું પરસ્પર અસંકીર્ણ એવું નિષ્કૃષ્ટ લક્ષણ બનાવ્યું છે.

* અતિવ્યાપ્તિનું નિષ્કૃષ્ટ લક્ષણ *

' लक्ष्यतावच्छेदकसामानाधिकरण्ये सति लक्ष्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकभेद-सामानाधिकरण्यमतिव्याप्तिः। ' અર્થાત્ જે લક્ષણ લક્ષ્યતાવચ્છેદકના અધિકરણમાં રહેતું હોય અને લક્ષ્યતાવચ્છેદકથી અવચ્છિન્ન જે પ્રતિયોગિતા છે, તે પ્રતિયોગિતાનો નિરૂપક જે ભેદ છે તેનાં અધિકરણમાં પણ જો રહેતું હોય તો તે લક્ષણ અતિવ્યાપ્તિ દોષથી દૂષિત કહેવાય છે.

દા.ત. → ગાયનું લક્ષણ 'शृङ्गित्व' કરીએ તો લક્ષ્ય ગાય છે, લક્ષ્યતા ગાયમાં છે, લક્ષ્યતાનો અવચ્છેદક ગોત્વ છે. તેના અધિકરણ એવા ગાયમાં 'शृङ्गित्व' રહે છે, કારણ કે ગાય શિંગવાળી હોય છે. તથા લક્ષ્યતાવચ્છેદક જે ગોત્વ છે, તેનાથી અવચ્છિન્ન પ્રતિયોગિતાને જણાવનાર ભેદ તે ગોર્ન=ગોભેદ થશે. કારણ કે જેવી રીતે ન્યાયની ભાષામાં ઘટાભાવને ઘટત્વાવચ્છિન્ન ઘટનિષ્ઠ પ્રતિયોગિતાક અભાવ કહેવાય છે. તેવી રીતે ગો-ભેદને ગોત્વાચ્છિન્ન ગોનિષ્ઠ પ્રતિયોગિતાક ભેદ કહેવાય છે. તેનું અધિકરણ મહિષાદિ બનશે. કારણ કે સ્વમાં સ્વનો ભેદ નહીં રહેતો હોવાથી ગોનો ભેદ ગોમાં નહીં મળે, પરંતુ ગોને છોડીને મહિષાદિ દરેકમાં મળશે. તેમાં પણ 'शृङ्गित्व' લક્ષણ રહી જાય છે. કારણ કે મહિષ વગેરે પણ શિંગવાળા છે.



તેથી ગાયનું 'शृङ्गित्व' લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું છે.

શંકા : અતિવ્યાપ્તિનું આવું પણ પરિષ્કૃત લક્ષણ અવ્યાપ્તિ દોષથી દૂષિત ગાયના 'नीलरूपवत्त्व' લક્ષણમાં ઘટી જાય છે. તે આ પ્રમાણે → 'नीलरूपवत्त्व' લક્ષણ લક્ષ્યતાવચ્છેદક ગોત્વના અધિકરણ ગાયમાં રહે છે, કારણ કે અમુક ગાય નીલ હોય જ છે અને 'नीलरूपवत्त्व' લક્ષ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદ = ગોભેદના અધિકરણ ઘટપટાદિમાં પણ રહે છે.



આ રીતે એક જ લક્ષણમાં બંને દોષનો પુનઃ સંકર થયો.

સમા. : ભાઈ! તમારી વાત બરાબર છે. તેથી જ અમે અતિવ્યાપ્તિના લક્ષણમાંથી 'सामानाधिकरण्ये सति' પદને દૂર કરી 'व्यापकत्वे सति' પદનો નિવેશ કરશું. તેથી લક્ષણ

બનશે → ' लक्ष्यतावच्छेदकव्यापकत्वे सति लक्ष्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकभेद-सामानाधिकरण्यमतिव्याप्तिः। ' અર્થાત્ જે લક્ષણ લક્ષ્યતાવચ્છેદકનું વ્યાપક હોવા સાથે લક્ષ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિતાક ભેદના અધિકરણમાં પણ રહેતું હોય તે લક્ષણને અતિવ્યાપ્તિ દોષવાળું કહેવાય છે.

આવું લક્ષણ કરવાથી હવે દોષ નહીં આવે કારણ કે ગોત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદ = ગોભેદના અધિકરણ ઘટ, પટ વગેરેમાં નીલરૂપ રહેવા છતાં પણ લક્ષ્યતાવચ્છેદક ગોત્વનું વ્યાપક નીલરૂપ નથી, કારણ કે જ્યાં જ્યાં ગોત્વ છે ત્યાં ત્યાં બધે જ નીલરૂપ નથી. આમ, અવ્યાપ્તિ દોષથી દૂષિત 'नीलरूपवत्त्व' લક્ષણમાં અતિવ્યાપ્તિનું લક્ષણ જશે નહીં.

જ્યારે લક્ષ્યતાવચ્છેદક 'गोत्व' જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં 'शृङ्गित्व' છે. તેથી शृङ्गित्व માં જ લક્ષ્યતાવચ્છેદકનું વ્યાપકત્વ મળશે. તેથી ગાયનું 'शृङ्गित्व' લક્ષણ જ અતિવ્યાપ્તિ દોષવાળું કહેવાશે. જે આપણે ઈષ્ટ છે.

અતિવ્યાપ્તિના લક્ષણનું પદકૃત્ય

★ 'लक्ष्यतावच्छेदकव्यापकत्व' જો આટલું જ અતિવ્યાપ્તિનું લક્ષણ કરીએ તો સાચુ લક્ષણ પણ અતિવ્યાપ્તિ દોષવાળું કહેવાશે. કારણ કે કેવલીનું સાચું લક્ષણ જે 'घातिकर्मक्षयवत्त्व = घातिकर्मक्षय' છે, તે પણ જ્યાં જ્યાં કેવલિત્વ છે ત્યાં ત્યાં મળતું હોવાથી લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વનું વ્યાપક બને છે. (વ્યાપક બે પ્રકારના હોય છે (૧) અધિકદેશવૃત્તિ વ્યાપક અને (૨) સમનિયતવ્યાપક. અહીં સમનિયતવ્યાપકતા લેવાની છે કારણ કે અહીં વ્યાપ્ય અને વ્યાપકના સમાન અધિકરણ છે.)

પરંતુ અતિવ્યાપ્તિના લક્ષણમાં વિશેષ્યાંશનું ગ્રહણ કરવાથી સદ્લક્ષણમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે લક્ષ્યતાવચ્છેદકાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદ = જે કેવલીભેદ છે, તેનું અધિકરણ જે છદ્મસ્થ મનુષ્યાદિ છે, તેમાં ઘાતિકર્મક્ષય ન રહેવાથી કેવલીભેદનું સામાનાધિકરણ્ય 'ઘાતિકર્મક્ષય'રૂપ સદ્લક્ષણમાં નહીં જશે.

★ 'लक्ष्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकभेदसामानाधिकरण्यम्' આટલું જ અતિવ્યાપ્તિનું લક્ષણ કરીએ, તો આ લક્ષણ અસંભવદોષથી ગ્રસ્ત એવા કેવલીના 'मोहनीयकर्मवत्त्व' લક્ષણમાં ચાલ્યું જશે કારણ કે 'મોહનીયકર્મ' રૂપ લક્ષણ લક્ષ્યતાવચ્છેદકકેવલિત્વાવચ્છિન્નપ્રતિયોગિતાકભેદ = કેવલિભેદ, તેનું અધિકરણ જે છદ્મસ્થમનુષ્યાદિ છે, તેમાં પણ રહી જાય છે. અર્થાત્ કેવલીભેદનું સામાનાધિકરણ્ય' मोहनीयकर्मवत्त्व' રૂપ અસંભવદોષવાળા લક્ષણમાં જતું રહે છે. પરંતુ લક્ષણમાં 'लक्ष्यतावच्छेदकव्यापकत्वे सति' પદનું ઉપાદાન કરવાથી કોઈ દોષ આવશે નહીં, કારણ કે જ્યાં જ્યાં કેવલિત્વ હોય ત્યાં ત્યાં મોહનીયકર્મ ક્યારેય સંભવતું ન હોવાથી લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વનો વ્યાપક 'મોહનીયકમ' ન બની શકે. આ રીતે અસંભવદોષથી દૂષિત એવા કેવલીના 'મોહનીયકર્મ' રૂપ લક્ષણમાં અતિવ્યાપ્તિનું લક્ષણ જશે નહીં.

આમ, અતિવ્યાપ્તિ દોષના લક્ષણના બન્ને પદો સાર્થક છે.

* અવ્યાપ્તિનું નિષ્કૃષ્ટ લક્ષણ *

' लक्ष्यतावच्छेदकसामानाधिकरण्ये सति लक्ष्यतावच्छेदकसमानाधिकरणात्यन्ताभाव-प्रतियोगित्वमव्याप्तिः । ' અર્થાત્ જે લક્ષણ લક્ષ્યતાવચ્છેદકના અધિકરણમાં રહેતુ હોય અને લક્ષ્યતાવચ્છેદકના અધિકરણમાં રહેલો જે અત્યંતાભાવ છે, તેનો પ્રતિયોગી હોય તે લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું કહેવાય છે.

દા.ત. → ગાયનું લક્ષણ 'नीलरूपवत्त्व = नीलरूप' કરીએ તો લક્ષ્યતાવચ્છેદક ગોત્વના અધિકરણ એવા ગાયમાં 'નીલરૂપ' રહેતું હોવાથી 'નીલરૂપ' ગોત્વનું સમાનાધિકરણ છે. તથા આ નીલરૂપ, લક્ષ્યતાવચ્છેદક ગોત્વના જેટલા અધિકરણો છે = જેટલી ગાયો છે તે બધામાં નથી. અર્થાત્ શ્વેતાદિગાયમાં નીલરૂપાભાવ મળશે. તે નીલરૂપાભાવનો પ્રતિયોગી પણ નીલરૂપ બનશે.



આમ, 'नीलरूपवत्त्व = नीलरूपમાં' અવ્યાપ્તિનું લક્ષણ ઘટી જવાથી ગાયનું 'नीलरूपवत्त्व' લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું બને છે.

અવ્યાપ્તિલક્ષણનું પદકૃત્ય

★ અવ્યાપ્તિનું 'लक्ष्यतावच्छेदकसमानाधिकरणात्यन्ताभावप्रतियोगित्वम् ' આટલું જ લક્ષણ કરીએ, તો અસંભવ દોષથી દૂષિત 'मोहनीयकर्मवत्त्व' લક્ષણમાં આ અવ્યાપ્તિનું લક્ષણ જતું રહેશે. તે આ રીતે → 'મોહનીયકર્મ' લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વના અધિકરણ કેવલીમાં નથી. એટલે કે કેવલીમાં 'મોહનીયકર્મ'નો અભાવ છે. અને એ અભાવનો પ્રતિયોગી મોહનીયકર્મ બનશે. તેથી લક્ષ્યતાવચ્છેદકસમાનાધિકરણાત્યન્તાભાવનું પ્રતિયોગિત્વ 'મોહનીયકર્મ'માં જશે. આમ, અવ્યાપ્તિનું લક્ષણ અસંભવદોષથી દૂષિત 'મોહનીયકર્મવત્ત્વ' લક્ષણમાં જવાથી અતિવ્યાપ્તિ દોષવાળું બને છે.

પરંતુ લક્ષણમાં ન્યાયબોધિનીકારે નહીં આપેલા અને પાઠાન્તરમાં મળતા એવા 'लक्ष्यतावच्छेदकसामानाधिकरण्ये सति' પદના નિવેશથી પૂર્વોક્ત આપત્તિ આવશે નહીં. કારણ કે 'મોહનીયકર્મ' લક્ષ્યતાવચ્છેદક જે કેવલિત્વ છે તેના અધિકરણ એવા કેવલીમાં રહેતું નથી.

★ જો અવ્યાપ્તિનું 'लक्ष्यतावच्छेदकसामानाधिकरण्यम्' આટલું જ લક્ષણ કરીએ તો અતિવ્યાપ્તિ દોષથી દૂષિત લક્ષણમાં તથા સદ્લક્ષણમાં આ અવ્યાપ્તિનું લક્ષણ જતુ રહેશે. કારણ કે કેવલીનું અતિવ્યાપ્તિ દોષથી દૂષિત 'उपयोगवत्त्व' લક્ષણ અને કેવલીનું ત્રણે ત્રણ દોષથી રહિત 'घातिकर्मक्षयवत्त्व' એ સદ્લક્ષણ લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વના અધિકરણ એવા

કેવલીમાં રહેતા હોવાથી લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વના સમાનાધિકરણ છે.

પરંતુ લક્ષણમાં 'लक्ष्यतावच्छेदकसमानाधिकरणात्यन्ताभावप्रतियोगित्व' આ પદના નિવેશથી પૂર્વોક્ત આપત્તિ નહીં આવે, કારણ કે લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વનું અધિકરણ જે કેવલી છે, તે કેવલી ઉપયાગવાળા અને ઘાતિકર્મક્ષયવાળા હોવાથી કેવલીમાં 'ઉપયોગવત્ત્વ' અને 'ઘાતિકર્મક્ષયવત્ત્વ' તે બન્ને લક્ષણનો અત્યંતાભાવ મળતો નથી. આથી તાદેશ અત્યંતાભાવના પ્રતિયોગી 'ઉપયોગવત્ત્વ' તથા 'ઘાતિકર્મક્ષયવત્ત્વ' આ લક્ષણો બનતા નથી.

આમ, અવ્યાપ્તિ દોષના બન્ને પદો સાર્થક છે.

* અસંભવનું નિષ્કૃષ્ટ લક્ષણ *

'लक्ष्यतावच्छेदकव्यापकीभूताभावप्रतियोगित्वमसंभवः' અર્થાત્ જે લક્ષણ લક્ષ્યતાવચ્છેદકના વ્યાપકીભૂત અભાવનો પ્રતિયોગી હોય, તે લક્ષણ અસંભવદોષવાળું કહેવાય છે.

દા.ત. → ગાયનું લક્ષણ 'एकशफवत्त्व' કરીએ તો લક્ષ્ય ગાય છે, લક્ષ્યતા ગાયમાં છે, લક્ષ્યતાવચ્છેદક ગોત્વ છે. આ લક્ષ્યતાવચ્છેદક 'गोत्व' જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં 'एकशफवत्त्व'નો = એકખુરનો અભાવ હોવાથી, લક્ષ્યતાવચ્છેદકનો વ્યાપક એવો અભાવ 'एकशफवत्त्वाभाव' છે. તે અભાવનો પ્રતિયોગી 'एकशफवत्त्व' હોવાથી તાદેશપ્રતિયોગિત્વ 'एकशफवत्त्व' માં જશે. આમ 'एकशफवत्त्व'માં અસંભવનું લક્ષણ ઘટી જવાથી ગાયનું 'एकशफवत्त्व' લક્ષણ અસંભવદોષવાળું છે.

★ અસંભવના લક્ષણમાં 'વ્યાપકીભૂતાભાવ' ને બદલે 'સમાનાધિકરણાભાવ' પદ લખીએ એટલે કે 'लक्ष्यतावच्छेदकसमानाधिकरणाभावप्रतियोगित्वम्' આવું લક્ષણ કરીએ તો આ અસંભવનું લક્ષણ અવ્યાપ્તિદોષથી દૂષિત એવા લક્ષણમાં જતું રહેવાથી અતિવ્યાપ્તિ દોષવાળું બને છે.

તે આ રીતે → કેવલીનું 'अष्टप्रातिहार्यवत्त्व' આ લક્ષણ અવ્યાપ્તિ દોષવાળું છે. કારણ કે બધાં જ કેવલી અષ્ટપ્રાતિહાર્યવાળા હોતા નથી પરંતુ કેવલીનો એકદેશ=તીર્થકર જ અષ્ટપ્રાતિહાર્યવાળા હોય છે. હવે લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વનું અધિકરણ જે સામાન્યકેવલી છે, તે અષ્ટપ્રાતિહાર્યવાળા ન હોવાથી તેમાં 'अष्टप्रातिहार्यवत्त्व'નો અભાવ છે. અને એ અભાવનો પ્રતિયોગી 'अष्टप्रातिहार्यवत्त्व' છે. તેથી તેમાં તાદેશપ્રતિયોગિત્વ સ્વરૂપ અસંભવદોષનું લક્ષણ જતું રહશે. પરંતુ લક્ષણમાં 'સમાનાધિકરણ' પદને બદલે 'વ્યાપક' પદ મૂકવાથી અસંભવનું લક્ષણ અવ્યાપ્તિ દોષવાળા 'अष्टप्रातिहार्यवत्त्व' લક્ષણમાં નહીં જાય. કારણ કે જ્યાં જ્યાં કેવલિત્વ છે ત્યાં બધે જ કંઈ 'अष्टप्रातिहार्यवत्त्व'નો અભાવ ન હોવાથી લક્ષ્યતાવચ્છેદક કેવલિત્વનો વ્યાપક 'अष्टप्रातिहार्यवत्त्व' નહીં બની શકે. વળી,

★ અસંભવના લક્ષણમાં 'અભાવ' પદથી અન્યોન્યાભાવ લેવામાં આવે તો આ અસંભવદોષનું લક્ષણ સદ્લક્ષણમાં જવાથી ફરી અતિવ્યાપ્તિદોષવાળું બનશે. તે આ રીતે → 'गन्धवत्त्व = गन्ध' એ પૃથ્વીનું સદ્લક્ષણ છે. લક્ષ્ય પૃથ્વી છે, લક્ષ્યતાવચ્છેદક જે પૃથ્વીત્વ છે

તેનો વ્યાપક એવો અભાવ = ગન્ધભેદ છે. કારણ કે જેવી રીતે ભૂતલ ઉપર ઘટ રહેવા છતાં પણ ઘટ એ ભૂતલ સ્વરૂપ નથી. તેથી ઘટનો ભેદ (અન્યોન્યાભાવ) ભૂતલમાં મળે છે. તેવી રીતે પૃથ્વી એ ગન્ધ સ્વરૂપ ન હોવાથી પૃથ્વીમાં પૃથ્વીત્વની સાથે ગન્ધભેદ પણ રહેશે. તે ભેદ સ્વરૂપ અભાવનો પ્રતિયોગી ગન્ધ છે. તેથી તાદૃશપ્રતિયોગિત્વ સ્વરૂપ અસંભવદોષનું લક્ષણ 'ગન્ધ' રૂપ સદ્‌લક્ષણમાં જતું રહેશે.

પરંતુ 'અભાવ' પદથી અત્યન્તાભાવનું ગ્રહણ કરશું તો કોઈ આપત્તિ નહીં આવે કારણ કે લક્ષ્યતાવચ્છેદક પૃથ્વીત્વનો વ્યાપકીભૂત અત્યંતાભાવ તરીકે ગન્ધનો અભાવ નહીં લઈ શકાય. કારણ કે જ્યાં જ્યાં પૃથ્વીત્વ છે ત્યાં ત્યાં ગન્ધનો અભાવ તો નહીં જ મળે. (ગન્ધ એ પૃથ્વીને છોડીને બીજે ક્યાંય રહેતી નથી.) તેથી તાદૃશઅભાવનું પ્રતિયોગિત્વ 'ગન્ધ' રૂપ સદ્‌લક્ષણમાં ન જવાથી નાતિવ્યાપ્તિ.

(પ૦) રૂપેતિ । ઘટાદિવારણાય વિશેષણમ્। આકાશાદિવારણાય વિશેષ્યમ્। ઇન્દ્રિયમિતિ। ચક્ષુરાદિવારણાય સ્પર્શગ્રાહકમિતિ। કાલેઽતિવ્યાપ્તિવારણાય ઇન્દ્રિયમિતિ। વૃક્ષેતિ। આદિપદેન જલાદિપરિગ્રહઃ। શરીરાન્તરિતિ। મહાવાય્વાદાવતિવ્યાપ્તિવારણાય વિશેષણમ્। મનઆદિવારણાય વિશેષ્યમ્। ધનંજયવારણાય સંચારીતિ। ઉપાધીતિ। મુખનાસિકાભ્યાં નિર્ગમનપ્રવેશનાત્પ્રાણઃ, જલાદેરધોનયનાદપાનઃ, ભુક્તપરિણામાય જાઠરાનલસ્ય સમુન્નયનાત્સમાનઃ, અન્નાદેરુર્ધ્વનયનાદુદાનઃ, નાડીમુખેષુ વિતનનાદ્‌વ્યાન ઇતિ ક્રિયારૂપોપાધિભેદાત્તથા વ્યવહ્રિયત ઇત્યર્થઃ ॥

* પદકૃત્ય *

★ 'રૂપરહિતત્વે સતિ સ્પર્શવત્ત્વમ્' વાયુના આ લક્ષણમાં માત્ર, 'જે સ્પર્શવાળો છે તે વાયુ કહેવાય છે' આટલું જ કહીએ તો ઘટાદિ પણ સ્પર્શવાળા હોવાથી તેમાં લક્ષણ જતું રહેશે પરંતુ 'રૂપરહિતત્વે સતિ' આ વિશેષણાંશના નિવેશથી ઘટાદિમાં વાયુનું લક્ષણ જશે નહીં કારણ કે ઘટાદિમાં રૂપનો અભાવ નથી. જો 'રૂપરહિતત્વ' આટલું જ કહીએ તો આકાશ, કાલ, આત્મા અને મન પણ રૂપરહિત હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'સ્પર્શવત્ત્વ' પદના નિવેશથી આકાશાદિમાં વાયુનું લક્ષણ જશે નહીં. કારણ કે આકાશાદિ સ્પર્શવાળા નથી.

★ *'સ્પર્શગ્રાહકત્વે સતિ ઇન્દ્રિયત્વમ્' ત્વગિન્દ્રિયના આ લક્ષણમાં 'ઇન્દ્રિયં ત્વક્' આટલું* જ કહીએ તો ચક્ષુ વગેરે પણ ઈન્દ્રિય હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. 'સ્પર્શગ્રાહક' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ચક્ષુ વગેરે ઈન્દ્રિય સ્પર્શગ્રાહક નથી. જો 'ઇન્દ્રિય' પદનું ઉપાદાન ન કરીએ તો કાર્યમાત્રમાં કારણભૂત કાલ, દિશા, પ્રતિબંધકાભાવ વગેરે સ્પર્શગ્રાહક હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. 'ઇન્દ્રિય' પદના નિવેશથી કાલ વગેરે ઈન્દ્રિય ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.'વૃક્ષાદિકમ્પન હેતુઃ' આ પ્રમાણે મૂળમાં જે

'વૃક્ષાદિ' પદ છે, તેમાં આદિપદથી જલ વગેરેને પણ ગ્રહણ કરવું.

'शरीरान्तरिति ..... संचारीति ।

★ 'शरीरान्तः संचारी वायुः प्राणः' પ્રાણવાયુના આ લક્ષણમાં જો 'वायुः प्राणः' અર્થાત્ 'જે વાયુ છે તેને પ્રાણવાયુ કહેવાય' આટલું જ કહીએ તો મહાવાયુ = વંટોળીયો વગેરે પણ વાયુ હોવાથી તેને પણ પ્રાણવાયુ કહેવાની આપત્તિ આવશે. 'शरीरान्तः संचारी' આ વિશેષણ પદના નિવેશથી મહાવાયુમાં પ્રાણવાયુનું લક્ષણ જશે નહીં કારણ કે મહાવાયુ શરીરમાં સંચાર કરતો નથી.

★ જો લક્ષણમાં 'शरीरान्तः संचारी' આટલું જ કહીએ તો મન, રૂધિર વગેરે પણ શરીરની અંદર સંચાર કરતા હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'वायुः' આ વિશેષ્ય પદના ઉપાદાનથી ઉપરોક્ત આપત્તિ આવશે નહીં કારણ કે મન વગેરે વાયુ સ્વરૂપ નથી.

★ 'शरीरान्तः वायुः प्राणः' અર્થાત્ 'શરીરની અંદર રહેનારા વાયુને પ્રાણવાયુ કહેવાય છે' આટલું લક્ષણ કરીશું તો ધનંજય નામનો વાયુ પણ શરીરની અંદર રહેતો હોવાથી તેમાં પણ પ્રાણવાયુનું લક્ષણ જતું રહેશે. 'संचारी' પદના નિવેશથી ઉપરોક્ત આપત્તિ નહીં આવે. કારણ કે ધનંજય વાયુ શરીરમાં રહેલો જરૂર છે પરંતુ સ્થિર રહેલો છે, સંચાર કરતો નથી.

उपाधीति.....इत्यर्थः ॥ મુખ અને નાસિકાવડે નીકળતા અને પ્રવેશ કરતા વાયુને 'પ્રાણવાયુ' કહેવાય છે, પીધેલા પાણીને તથા ખાધેલા અન્નને નીચે લઈ જતા વાયુને 'અપાનવાયુ' કહેવાય છે, ખાધેલા અન્નનું પાચન થાય તે માટે જઠરાગ્નિને જે પ્રદિપ્ત કરે તે વાયુને 'સમાનવાયુ' કહેવાય છે, અન્ન વગેરેને ઉપર લઈ જતા વાયુને 'ઉદાનવાયુ' કહેવાય છે, નાડીઓના મુખમાં વિસ્તૃતરૂપથી વ્યાપેલા વાયુને 'વ્યાનવાયુ' કહેવાય છે. આ રીતે જુદી જુદી ક્રિયારૂપ ઉપાધિથી એક જ પ્રકારના આ પ્રાણવાયુનો અપાન, ઉદાન વગેરે રીતે વ્યવહાર કરાય છે.

આકાશદ્રવ્ય - નિરૂપણ

मूलम् : शब्दगुणकमाकाशम् । तच्चैकं विभु नित्यं च ॥

શબ્દ છે ગુણ જેનો, તેને આકાશ કહેવાય છે. તે આકાશ એક, વિભુ અને નિત્ય છે.

વિશેષાર્થ : * આકાશની દ્રવ્ય તરીકે સિદ્ધિ *

ચાર્વાક : હે નૈયાયિક! તમારે આકાશને અલગ દ્રવ્ય માનવાની જરૂર જ નથી કારણ કે પૃથિવી વગેરેનું ન હોવું એ જ તો આકાશ છે. એટલે કે પૃથિવી વગેરેનો અભાવ જ્યાં મળે તેને આકાશ કહેવાય છે. વળી જ્યોતિષચક્રની જે બાર રાશિ છે તે રાશિ વિભાગમાં પણ ચાર જ તત્ત્વ બતાવ્યા છે. પાંચમું આકાશ તત્ત્વ બતાવ્યું નથી. તેથી આકાશને અભાવ સ્વરૂપ જ માનવું જોઈએ.

નૈયાયિક : જુઓ! શબ્દ એ ગુણ છે અને ગુણ કયારેય પણ પોતાના દ્રવ્યને (=આશ્રયને) છોડીને રહેતા નથી. તેથી જયારે મુખથી બોલાયેલો શબ્દ વીચીતરઙ્ગ ન્યાયથી કાન સુધી પહોંચે છે, તે વખતે પણ તે શબ્દ નિરાશ્રિત તો નહીં જ પહોંચે. એનો કોઈને કોઈ તો આશ્રય હોવો જ

જોઈએ. તેથી શબ્દના આશ્રય તરીકે અમે આકાશને માનીએ છીએ.

શંકા : પૃથિવી વગેરે આઠમાંથી કોઈપણ એકને શબ્દનો આશ્રય માની લ્યો ને...

સમા. : શબ્દ, પૃથિવી વગેરે ચારનો (= પૃથિવી, અપ્, તેજ, વાયુ) અને આત્માનો ગુણ નથી કારણ કે આ પાંચના રૂપાદિ વિશેષગુણો શ્રોત્રથી ગ્રાહ્ય નથી, જયારે શબ્દ તો શ્રોત્રથી ગ્રાહ્ય છે. તેમજ દિશા, કાળ અને મન આ ત્રણ દ્રવ્યોમાં પણ શબ્દ નથી રહેતો કારણ કે દિશા, કાળ અને મનમાં કોઈ વિશેષગુણ રહેતો નથી, જયારે શબ્દ તો વિશેષગુણ છે. તેથી આઠથી ભિન્ન શબ્દગુણ માટે ગુણી તરીકે આકાશ દ્રવ્ય માનવું જોઈએ.

(न्या०) आकाशं लक्षयति - शब्दगुणकमिति। गुणपदम् 'आकाशे शब्द एव विशेषगुण' इति द्योतनाय न त्वतिव्याप्तिवारणाय, समवायेन शब्दवत्त्वमात्रस्य सम्यक्त्वात्। तच्चैकमिति। अनेकत्वे मानाभावादिति भावः। विभ्विति। सर्वमूर्तद्रव्यसंयोगित्वं विभुत्वम्। मूर्तत्वं च क्रियावत्त्वम्। पृथिव्यप्तेजोवायुमनांसि मूर्तानि। पृथिव्यप्तेजोवाय्वाकाशेति पञ्चकं भूतपदवाच्यम्। भूतत्वं नाम बहिरिन्द्रियग्राह्यविशेषगुणवत्त्वम् ॥

* ન્યાયબોધિની *

(પૃથિવી વગેરેના લક્ષણમાં ક્યાંય 'ગુણ' પદનો નિવેશ નથી કર્યો. દા.ત. 'गन्धवती पृथिवी' કહ્યું છે પરંતુ 'गन्धगुणवती पृथिवी' નથી કહ્યું. તેની જેમ) 'समवायेन शब्दवत्त्वमाकाशस्य लक्षणम्' ફક્ત આટલું જ આકાશનું લક્ષણ સમ્યક્ હોવા છતાં પણ, આકાશના લક્ષણમાં 'ગુણ' પદનો નિવેશ અમે અતિવ્યાપ્તિના વારણ માટે નથી કર્યો. પરંતુ (પૃથિવી વગેરેમાં રૂપ, રસ વગેરે ઘણાં વિશેષગુણો રહે છે જ્યારે) આકાશમાં એકમાત્ર 'શબ્દ' જ વિશેષગુણ છે, એવું બતાવવા માટે કર્યો છે.

तच्चैकमिति..... ઘટાકાશ, પટાકાશ દ્વારા આકાશને અનેક માનવામાં કોઈ પ્રમાણ નથી. કારણ કે ઘટાકાશ, પટાકાશ વગેરે આકાશના ભેદો ઘટ, પટ વગેરે ઉપાધિથી કરાયા છે, વાસ્તવિક ભેદો નથી. તેથી આકાશ એક છે.

विभ्विति..... વિભુ કોને કહેવાય ? સર્વ મૂર્તદ્રવ્યોની સાથે જેનો સંયોગ હોય તેને વિભુ કહેવાય છે. આકાશનો પણ સર્વમૂર્તદ્રવ્યોની સાથે સંયોગ છે, તેથી આકાશ વિભુ છે.

मूर्तत्वं..... મૂર્તદ્રવ્ય કોને કહેવાય ? જે દ્રવ્ય ક્રિયાવાળું છે તેને મૂર્તદ્રવ્ય કહેવાય છે. પૃથિવી, જલ, તેજ, વાયુ અને મન આ પાંચ દ્રવ્યો ક્રિયાવાળા હોવાથી મૂર્તદ્રવ્યો કહેવાય છે.

भूतत्वं.... ભૂતદ્રવ્ય કોને કહેવાય ? જેનો વિશેષગુણ મનથી અતિરિક્ત ચક્ષુ વગેરે બહિરિન્દ્રિયથી ગ્રાહ્ય હોય તે દ્રવ્યોને ભૂત કહેવાય છે. બહિરિન્દ્રિય જે પાંચ છે, એમાંથી ચક્ષુ દ્વારા રૂપ, સ્નેહ અને સાંસિદ્ધિક દ્રવત્વનું, ઘ્રાણ દ્વારા ગન્ધનું, રસનેન્દ્રિય દ્વારા રસનું, શ્રોત્ર દ્વારા શબ્દનું, ત્વક્ દ્વારા *સ્પર્શ, સ્નેહ અને સાંસિદ્ધિકદ્રવત્વનું જ્ઞાન થાય છે અને એ વિશેષગુણવાળા પૃથિવી, જલ,* તેજ, વાયુ અને આકાશ જ છે. તેથી પૃથિવ્યાદિ પાંચ જ ભૂતદ્રવ્યો છે.

વિશેષાર્થ :

શંકા : વિશેષગુણો કયા કયા છે ?

સમા. : रूपं गन्धो रसः स्पर्शः स्नेहः सांसिद्धिको द्रवः।
बुद्ध्यादिभावनान्ताश्च शब्दो वैशेषिका गुणाः ॥

'રૂપ, રસ, ગન્ધ, સ્પર્શ, સ્નેહ, સાંસિદ્ધિકદ્રવત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ, પ્રયત્ન ધર્મ, અધર્મ, ભાવનાત્મક સંસ્કાર અને શબ્દ' આ વિશેષગુણો છે. આ વિશેષગુણનું કોઇ સ્વતંત્ર લક્ષણ નથી. તે માત્ર એક પારિભાષિક સંજ્ઞા છે.

શંકા : 'આકાશમાં એકમાત્ર શબ્દ જ વિશેષગુણ છે' એવું દ્યોતન કરવા માટે આકાશના લક્ષણમાં તમે 'ગુણ' પદ લખ્યું છે, તો પછી વાયુમાં પણ 'સ્પર્શ' નામનો એક જ વિશેષગુણ હોવાથી વાયુના લક્ષણમાં 'ગુણ' પદનો નિવેશ કેમ નહીં ?

સમા. : તમારી વાત બરાબર છે. તેથી જ તર્કસંગ્રહની વાકયવૃત્તિ, સિદ્ધાંતચંદ્રોદય વગેરે ટીકામાં કહ્યું છે કે 'भट्टानां मते शब्दस्य द्रव्यत्वेन तन्निरासार्थं गुणपदमुपात्तम्' અર્થાત્ ભાટ્ટ મીમાંસકો શબ્દને દ્રવ્ય માને છે. તેમના મતનું નિરાસન કરવા માટે આકાશના લક્ષણમાં 'ગુણ' પદનો નિવેશ છે. આવું કહેવું વધારે યોગ્ય છે.

વિભુદ્રવ્ય..... ★ વિભુના લક્ષણમાં 'મૂર્તદ્રવ્યસંયોગિત્વ' આટલું જ કહીએ તો ઘટાદિને પણ વિભુ કહેવાની આપત્તિ આવશે. કારણ કે ઘટાદિનો પણ પૃથિવી, જલ, તેજ અને વાયુની સાથે સંયોગ તો છે જ. જ્યારે એક જ સમયમાં સર્વ દેશમાં રહેલા પૃથિવી વગેરે બધા જ મૂર્ત દ્રવ્યોની સાથે સંયોગ તો આકાશાદિ વિભુ દ્રવ્યો જ કરી શકે. માટે લક્ષણમાં 'सर्व' પદ જરૂરી છે.

★ જો 'સર્વ દ્રવ્યનો જે સંયોગ કરે છે તે વિભુ છે' આટલું જ કહીએ તો કેટલાક નૈયાયિકોની માન્યતા છે કે, વિભુનો વિભુની સાથે સંયોગ ન હોય અર્થાત્ આકાશનો આકાશ, કાલ અને દિશા આ ત્રણ દ્રવ્યની સાથે સંયોગ ન હોય, તેવી રીતે કાલ અને દિશાનો પણ આકાશાદિ ત્રણની સાથે સંયોગ ન હોય. આમ આકાશ, કાલ અને દિશા જે વિભુ છે એમાં વિભુનું લક્ષણ ન ઘટવાથી અસંભવ દોષ આવશે. પરંતુ વિભુના લક્ષણમાં 'મૂર્ત' પદના નિવેશથી અસંભવ દોષ નહીં આવે કારણ કે આકાશ, કાલ અને દિશા આ ત્રણ મૂર્તદ્રવ્યો નથી.

નોંધ : ન્યાયદર્શનમાં વિભુ અને વ્યાપક એ બન્ને શબ્દમાં ફરક છે. વ્યાપક = વ્યાપ્યનો 'સાપેક્ષ' પદાર્થ. જેવી રીતે વહ્નિ ધૂમની અપેક્ષાએ વ્યાપક છે. જ્યારે વિભુ = સર્વત્ર સ્થિતિવાન્, સર્વત્ર અસ્તિત્વવાન્, સર્વત્ર વિદ્યમાન એવો અર્થ જાણવો.

ભૂતદ્રવ્ય..... 'ઈન્દ્રિયથી ગ્રાહ્ય વિશેષગુણવાળાને ભૂત કહેવાય છે' એટલું જ ભૂતદ્રવ્યનું લક્ષણ કરીએ તો, મન-ઇન્દ્રિય દ્વારા પણ સુખ, દુઃખ વગેરે વિશેષગુણોનો અનુભવ થતો હોવાથી સુખ, દુઃખાદિવાળા આત્માને પણ ભૂતદ્રવ્ય કહેવાની આપત્તિ આવશે. તેથી ભૂતના લક્ષણમાં 'બહિર્' પદનો નિવેશ છે.

શંકા : ભૂતનું 'બહિરિન્દ્રિય.....' ઇત્યાદિ લક્ષણ કરવા છતાં પણ પરમાણુમાં અવ્યાપ્તિ આવે છે. કારણ કે પરમાણુનું રૂપ વિશેષગુણ હોવા છતાં પણ બહિરિન્દ્રિય એવી

ચક્ષુ દ્વારા ગ્રાહ્ય નથી, તેથી તે વિશેષગુણવાળા પરમાણુને ભૂત કહી શકાશે નહીં.

સમા. : તમારી વાત બરાબર છે. તેથી અમે 'आत्माऽवृत्तिविशेषगुणवान् भूतः' અર્થાત્ આત્મામાં નહીં રહેનારા એવા વિશેષગુણવાળાને ભૂત કહીશું. તેના કારણે ઉપરોક્ત આપત્તિ નહીં આવે. કારણ કે આત્મામાં નહીં રહેનારા એવા વિશેષગુણથી પરમાણુનું રૂપ પકડાશે અને તદ્વાન્ પરમાણુ એ ભૂત કહેવાશે.

(આ રીતેનો ભૂતના લક્ષણનો પરિષ્કાર અન્ય ગ્રંથોમાં બતાવ્યો છે.)

(પ૦) शब्देति। शब्दो गुणो यस्य तत्तथा। असंभववारणाय शब्दगुणोभयम् । विभ्विति। सर्वमूर्तद्रव्यसंयोगि ॥

* પદકૃત્ય *

મૂલકારે 'शब्दगुणकमाकाशम्' આવું જે આકાશનું લક્ષણ કર્યું છે તેમાં 'શબ્દ છે ગુણ જેનો તેને આકાશ કહેવાય છે' આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થયો છે. (અને બહુવ્રીહિ સમાસના કારણે 'कप्' પ્રત્યય થયો છે.)

★ લક્ષણમાં 'શબ્દ' અને 'ગુણ' આ બંને પદમાંથી એક જ પદનું ઉપાદાન કરીએ તો, બહુવ્રીહિ સમાસ થઈ શકતો ન હોવાથી 'શબ્દ એ જ આકાશ છે', 'ગુણ એ જ આકાશ છે' એ પ્રમાણે આકાશનું લક્ષણ થશે. જયારે આકાશ એ શબ્દ કે ગુણ સ્વરૂપ તો નથી. તેથી આકાશના આ લક્ષણો આકાશ માત્રમાં ઘટતા ન હોવાથી અસંભવ દોષ આવે છે. જયારે લક્ષણમાં બન્ને પદોનું ઉપાદાન કરીએ તો બહુવ્રીહિ સમાસથી 'શબ્દગુણવાળો આકાશ છે' આવું આકાશનું લક્ષણ થવાથી અસંભવ દોષ નહીં આવે.

કાલદ્રવ્ય - નિરૂપણ

મૂલમ્ : अतीतादिव्यवहारहेतुः कालः । स चैको विभुर्नित्यश्च ॥

અતીતાદિ વ્યવહારનું = શબ્દપ્રયોગનું જે કારણ છે તેને કાલ કહેવાય છે. તે એક, વિભુ અને નિત્ય છે.

વિશેષાર્થ :

★ **કાલનું અસ્તિત્વ છે :** (૧) 'પટ ઉત્પન્ન થયો,' 'પટ વિદ્યમાન છે,' 'પટ ઉત્પન્ન થશે' આ રીતે જગત્માં અતીતાદિનો જે શબ્દાત્મક વ્યવહાર થાય છે, (૨) 'આ વસ્તુ જૂની છે,' 'આ વસ્તુ નવી છે' આવી પરાપરત્વની જે પ્રતીતિ થાય છે, (૩) 'આ વ્યક્તિ આયુષ્યમાં મોટો છે', 'આ વ્યક્તિ આયુષ્યમાં નાનો છે' આવી જે જયેષ્ઠત્વ-કનિષ્ઠત્વની બુદ્ધિ થાય છે, તેમજ (૪) કોઈપણ કાર્યની ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ થાય છે, તેના કારણ તરીકે નૈયાયિકો કાલદ્રવ્યને માને છે.

★ **કાલ એક જ છે :** જેવી રીતે એક જ વ્યક્તિ જયારે ભણાવતો હોય ત્યારે તે પંડિત,

કાર ચલાવતો હોય ત્યારે તે ચાલક, રસોઈ બનાવતો હોય ત્યારે તે પાચક કહેવાય છે, અર્થાત્ વ્યક્તિ એક હોવા છતાં પણ ઉપાધિના વશથી એની જુદી જુદી સંજ્ઞા થાય છે. તેવી રીતે ક્ષણ વગેરે ઉપાધિના કારણે 'આ શુભ દિવસ છે', 'આ અશુભ દિવસ છે' વગેરે કાલના જુદા જુદા ભેદો ભાસિત થાય છે. પરંતુ કાલ તો એક જ છે.

★ **કાલ વિભુ છે :** કાલની પ્રતીતિ બધી જ જગ્યાએ થાય છે, તેથી કાલ વિભુ છે.

★ **કાલ નિત્ય છે :** અતીતાદિ વ્યવહારની પ્રતીતિ ત્રણેય કાલમાં થાય છે. તેથી કાલ નિત્ય છે.

પૂર્વે સમવાયસંબંધથી પૃથિવી વગેરેમાં કોઈને કોઈ ગુણ રાખીને તેના સમવાયિકારણ તરીકે લક્ષણો કર્યા છે. દા.ત. → 'જે ગન્ધવાળી હોય તે પૃથિવી છે' વગેરે. પરંતુ કાલમાં કોઈ વિશેષગુણ રહેતો ન હોવાથી તેનું સમવાયિકારણ તરીકે લક્ષણ ન થઈ શકે.

(न्या०) कालं लक्षयति-अतीतेति । व्यवहारहेतुत्वस्य लक्षणत्वे 'घट' इति व्यवहारहेतुभूतघटादावतिव्याप्तिः । तद्वारणाय अतीतादीति विशेषणोपादानम् ॥

* ન્યાયબોધિની *

જો 'व्यवहारहेतुत्वम् ' આટલું જ કાલનું લક્ષણ કરીએ અને 'अतीतादि' ન લખીએ તો 'આ ઘટ છે' એ પ્રમાણે શબ્દાત્મક વ્યવહારનું કારણ ઘટાદિ વસ્તુ પણ હોવાથી એમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ કાલના લક્ષણમાં 'अतीतादि' પદના નિવેશથી ઘટાદિ વસ્તુમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે અતીતાદિ વ્યવહારનું કારણ ઘટાદિ નથી પણ કાલ જ છે.

(प०) अतीतेति। 'अतीत' इत्यादिर्यो व्यवहारोऽतीतो भविष्यन्वर्तमान इत्यात्मकस्तस्यासाधारणहेतुः काल इत्यर्थः । नन्विदं लक्षणमाकाशेऽतिव्याप्तं, व्यवहारस्य शब्दात्मकत्वादिति चेत् । न, अत्र हेतुपदेन निमित्तहेतोर्विवक्षितत्वात्। न चैवं कण्ठताल्वाद्यभिघातेऽतिव्याप्तिरिति वाच्यम्, विभुत्वस्यापि निवेशात् ।

* પદકૃત્ય *

મૂલમાં જે કાલનું લક્ષણ આપ્યું છે તેનો અર્થ આ પ્રમાણે સમજવો → 'આ થઈ ગયું', 'આ થાય છે', 'આ થશે' એ પ્રમાણેના વ્યવહારનું જે અસાધારણકારણ છે તેને કાલ કહેવાય છે.

★ ઉપરોક્ત કાલનું લક્ષણ આકાશમાં અતિવ્યાપ્ત થશે. કારણ કે અતીતાદિ વ્યવહાર એ શબ્દાત્મક હોવાથી તેનું (અતીતાદિ શબ્દનું), અસાધારણ સમવાયિકારણ આકાશ પણ થશે. પરંતુ હેતુ પદથી 'નિમિત્તકારણ' લેવાથી આકાશમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે અતીતાદિ શબ્દાત્મકવ્યવહારનું આકાશ નિમિત્તકારણ નથી.

★ હા, આવું પણ કાલનું લક્ષણ કરવા છતાં કંઠ અને તાલુ વગેરેનો જે અભિઘાત = સંયોગવિશેષ છે, તેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે શબ્દાત્મક વ્યવહારનું નિમિત્તકારણ તો કંઠ

અને તાલ્વાદિનો સંયોગ પણ છે. પરંતુ લક્ષણમાં 'विभुत्व' પદના નિવેશથી કંઠતાલ્વાદિના સંયોગમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે કંઠતાલ્વાદિનો સંયોગ 'વિભુ' નથી. તેથી કાલનું લક્ષણ આ પ્રમાણે થશે → ' विभुत्वे सति अतीतादिव्यवहारनिमित्तकारणत्वम् '

વિશેષાર્થ :

★ આટલું લક્ષણ કરવા છતાં પણ ઈશ્વર અને દિશામાં કાલનું લક્ષણ જતું રહેશે. કારણ કે યાવદ્ કાર્ય પ્રતિ ઈશ્વર અને દિશા નિમિત્તકારણ છે અને વિભુ પણ છે. જયારે 'असाधारण' પદના નિવેશથી લક્ષણ ઈશ્વરાદિમાં નહીં જાય. કારણ કે ઈશ્વરાદિ, અતીતાદિ વ્યવહારનું સાધારણ નિમિત્તકારણ છે.

તેથી કાલનું નિર્દુષ્ટ લક્ષણ આ પ્રમાણે થશે - 'विभुत्वे सति अतीतादिव्यवहारासाधारण-निमित्तकारणत्वम्' અથવા તો 'वाच्यतासंबंधावच्छिन्न-अतीतादिव्यवहारत्वावच्छिन्न-कार्यतानिरूपिततादात्म्यसंबंधावच्छिन्नकारणतावत्त्वं कालस्य लक्षणम्' આ પ્રકારે કાલનું લક્ષણ કરવાથી કોઈ દોષ નહીં આવે, અને વિભુત્વાદિનો પણ નિવેશ કરવાની જરૂર રહેશે નહીં.

તે આ પ્રમાણે → 'व्यवहारं प्रति व्यवहर्तव्यं कारणम्' અર્થાત્ 'શબ્દપ્રયોગ પ્રતિ પદાર્થ કારણ છે' આ નિયમથી 'અતીતકાલનો આ ઘટ છે' એવા શબ્દપ્રયોગ પ્રતિ ઘટ પદાર્થ પણ કારણ કહેવાશે. આમ કાલનું લક્ષણ ઘટાદિ પદાર્થમાં જવાથી અતિવ્યાપ્તિ આવે છે.

પરંતુ જો ઉપરોક્ત કાલનું લક્ષણ કરશું તો આ આપત્તિ નહીં આવે કારણ કે જેવી રીતે ઘટશબ્દ સમવાયસંબંધથી આકાશમાં, કાલિકસંબંધથી કાલમાં, દૈશિકસંબંધથી દિશામાં રહેશે. પરંતુ ઘટશબ્દથી વાચ્ય તો ઘટપદાર્થ જ છે તેથી વાચ્યતાસંબંધથી ઘટપદ એ ઘટપદાર્થમાં જ રહેશે. અર્થાત્ વાચ્યતાસંબંધથી ઘટપદનું કારણ ઘટપદાર્થ જ બનશે.









તેવી રીતે અતીતાદિવ્યવહારાત્મક શબ્દપ્રયોગ સમવાયસંબંધથી આકાશમાં, દૈશિકસંબંધથી દિશામાં રહેશે. પરંતુ અતીતાદિપદથી વાચ્ય તો કાલ જ છે. તેથી વાચ્યતાસંબંધથી અતીતાદિ શબ્દ એ કાલમાં જ રહેશે અર્થાત્ વાચ્યતાસંબંધથી અતીતાદિ શબ્દનું કારણ કાલ જ બનશે.



આમ વાચ્યતાસંબંધથી અતીતાદિ વ્યવહારરૂપ કાર્યમાં રહેલી કાર્યતાથી નિરૂપિત તાદાત્મ્ય સંબંધાવચ્છિન્ન કારણતાવાળો કાલ જ બનશે. તેથી ઘટપદાર્થ, આકાશ અને કંઠ-તાલુ સંયોગમાં હવે અતિવ્યાપ્તિ આવશે નહીં.

દિક્‌દ્રવ્ય - નિરૂપણ

મૂલમ્ : प्राच्यादिव्यवहारहेतुर्दिक् । सा चैका नित्या विभ्वी च ॥

પ્રાચ્યાદિ વ્યવહારનું જે કારણ છે તેને દિશા કહેવાય છે. એ પણ (કાલની જેમ) એક, નિત્ય અને વિભુ છે.

વિશેષાર્થ :

★ **દિશાનું અસ્તિત્વ છે :** 'આ પૂર્વ દિશા છે', 'આ પશ્ચિમ દિશા છે' આદિ જગત્‌માં જે વ્યવહાર થાય છે તથા 'આ દૂર છે', 'આ નજીક છે' એવી દૈશિક પરાપરત્વની બુદ્ધિ થાય છે. તેના કારણ તરીકે નૈયાયિક દિશાને માને છે.

★ **દિશા એક જ છે :** જો દિશાને એક ન માનીએ તો પૂર્વ દિશામાં હંમેશા પૂર્વ દિશાનો જ, પશ્ચિમ દિશામાં હંમેશા પશ્ચિમ દિશાનો જ વ્યવહાર થવો જોઈએ, પરંતુ એવું થતું નથી. દા.ત. → સુરત, મુંબઈની અપેક્ષાએ ઉત્તર દિશામાં છે તથા અમદાવાદની અપેક્ષાએ દક્ષિણ દિશામાં છે. તેથી દિશાના પૂર્વ, પશ્ચિમ વગેરે જે ભેદો છે તે પણ કાલના ભેદોની જેમ માનસિક કલ્પના છે. વસ્તુતઃ 'દિશા એક જ છે.' તથા દિશામાં નિત્યત્વ અને વિભુત્વ કાલની જેમ સમજવું.

(ન્યા૰) दिशो लक्षणमाह - प्राच्येति । उदयाचलसन्निहिता या दिक् सा प्राची । अस्ताचलसन्निहिता या दिक् सा प्रतीची । मेरोः सन्निहिता या दिक् सोदीची । मेरोर्व्यवहिता या दिक् साऽवाची ॥

* ન્યાયબોધિની *

(સૂર્યોદય વગેરે ઉપાધિના કારણે દિશાના નાના ભેદો આ પ્રમાણે જાણવા →) સૂર્ય જે તરફ ઉદય પામે છે તેની નજીકની દિશાને પૂર્વ દિશા કહેવાય છે, સૂર્ય જે તરફ અસ્ત પામે છે તેની નજીકની દિશાને પશ્ચિમ દિશા કહેવાય છે, મેરુ પર્વતની નજીકની દિશાને ઉત્તર દિશા

કહેવાય છે અને મેરુ પર્વતની સામેની દિશાને દક્ષિણ દિશા કહેવાય છે.

(પ૰) प्राचीति । 'इयं प्राची' 'इयमवाची' 'इयं प्रतीची' 'इयमुदीची' त्यादिव्यवहारासाधारणं कारणं दिगित्यर्थ : । हेतुर्दिगित्युच्यमाने परमाण्वादावतिव्याप्तिः स्यात्तद्वारणाय प्राच्यादिव्यवहारहेतुरिति । आकाशादिवारणायासाधारणेत्यपि बोध्यम्।

* પદકૃત્ય *

મૂળમાં આપેલા દિશાના લક્ષણનો આ પ્રમાણે અર્થ કરવો → 'આ પૂર્વ, આ દક્ષિણ, આ પશ્ચિમ અને આ ઉત્તર દિશા છે' આવા વ્યવહારના અસાધારણ કારણને દિશા કહેવાય છે.

★ દિશાનું 'हेतुर्दिग्' = 'જે કારણ હોય તેને દિશા કહેવાય' આટલું લક્ષણ કરીએ તો પરમાણુ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે પરમાણુ વગેરે પણ દ્વયણુકાદિના કારણ છે. પરંતુ લક્ષણમાં 'प्राच्यादिव्यवहार' પદના નિવેશથી પરમાણુ વગેરેમાં લક્ષણ જશે નહીં. કારણ કે પરમાણુ વગેરે પ્રાચ્યાદિવ્યવહારના કારણ નથી.

★ 'प्राच्यादिव्यवहारहेतुर्दिग्' આવું પણ દિશાનું લક્ષણ કરીએ તો આકાશ, કાલ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે પ્રાચ્યાદિવ્યવહાર એ શબ્દ સ્વરૂપ હોવાથી તેનું સમવાયિકારણ આકાશ થશે અને કાલાદિ તો કાર્ય માત્રનું કારણ હોવાથી પ્રાચ્યાદિવ્યવહારનું પણ કારણ બનશે. પરંતુ લક્ષણમાં 'असाधारण' પદ મૂકવાથી આકાશ, કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

નોંધ : જેવી રીતે પદકૃત્યકારે પૂર્વે કાલના લક્ષણ સમયે આકાશમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે 'હેતુ'નો અર્થ 'નિમિત્તકારણ' કર્યો હતો. તેવી રીતે અહીં પણ 'असधारणहेतु' પદનો અર્થ 'असाधारणनिमित्तकारण' કરશું તો દિશાનું લક્ષણ આકાશાદિમાં જશે નહીં કારણ કે આકાશ એ પ્રાચ્યાદિવ્યવહારનું અસાધારણ સમવાયિકારણ છે અને કાલાદિ પ્રાચ્યાદિવ્યવહારનું સાધારણ નિમિત્તકારણ છે.

વિશેષાર્થ :

કાલની જેમ દિશાનું પણ ' विभुत्वे सति प्राच्यादिव्यवहारासाधारणनिमित्तकारणत्वम् ' આવા પ્રકારનું અથવા તો 'वाच्यतासंबंधावच्छिन्न-प्राच्यादिव्यवहारत्वावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसंबंधावच्छिन्न-कारणतावत्त्वम् ' આવા પ્રકારનું નિર્દુષ્ટ લક્ષણ જાણવું.

આત્મદ્રવ્ય - નિરૂપણ

मूलम् : ज्ञानाधिकरणमात्मा । स द्विविधः जीवात्मा परमात्मा चेति । तत्रेश्वरः सर्वज्ञः परमात्मा एक एव । जीवस्तु प्रतिशरीरं भिन्नो विभुर्नित्यश्च ।

જ્ઞાન ગુણનું જે અધિકરણ છે તેને આત્મા કહેવાય છે. તે આત્મા જીવાત્મા અને પરમાત્મા રૂપ બે પ્રકારનો છે. તેમાં પરમાત્મા ઈશ્વર, સર્વજ્ઞ અને એક જ છે. જયારે જીવાત્મા પ્રત્યેક

શરીરમાં ભિન્ન ભિન્ન, વિભુ અને નિત્ય છે.

વિશેષાર્થ :

★ **આત્માનું અસ્તિત્વ છે :** આત્માથી ભિન્ન જે આઠ દ્રવ્ય છે, એમાં પૃથિવી વગેરે પાંચ ભૂત દ્રવ્યોના ગન્ધ વગેરે ગુણોનું જ્ઞાન બાહ્ય ઇન્દ્રિયથી થાય છે, અને આત્માના બુદ્ધિ વગેરે જે વિશેષગુણો છે, તેનું જ્ઞાન મનથી થાય છે. આ ભેદના કારણે બુદ્ધિ વગેરે ગુણો, પાંચભૂત દ્રવ્યોના તો નહીં હોઇ શકે. તેમજ વિશેષગુણ હોવાથી દિશા, કાલ અને મન આ ત્રણના પણ નહીં માની શકાય. કારણ કે આ ત્રણમાં તો સામાન્યગુણ જ રહે છે. તેથી બુદ્ધિ વગેરે ગુણોનો આશ્રય પૃથિવી વગેરે આઠ દ્રવ્યોથી ભિન્ન આત્મા જ છે.

★ **આત્મા (જીવાત્મા) અનેક છે :** જીવાત્મા પ્રત્યેક વ્યક્તિમાં ભિન્ન ભિન્ન છે. કારણ કે બધી જ વ્યક્તિને એક સાથે સુખ-દુઃખની અનુભૂતિ થતી નથી. તેમજ કોઇ વ્યક્તિ ધનવાન્ તો કોઇ ગરીબ, કોઇ મૂર્ખ તો કોઇ પંડિત દેખાય છે.

★ **આત્મા (જીવાત્મા) વિભુ છે :** ન્યાયવૈશેષિકનું કહેવું છે કે વ્યક્તિ જે વસ્તુનો ઉપભોગ કરે છે, તે વસ્તુની ઉત્પત્તિમાં અન્ય કારણોની સાથે એ વ્યક્તિનું 'અદૃષ્ટ = પુણ્ય - પાપ' પણ એક કારણ છે.

હવે જીવને ઉપભોગમાં આવતી વસ્તુ બધી જ જગ્યાએ રહેલી છે. એ વસ્તુની ઉત્પત્તિમાં એ વ્યક્તિનું 'અદૃષ્ટ' કારણ છે માટે એમ માનવું પડશે કે બધી જ જગ્યાએ અદૃષ્ટનો સંબંધ છે અને એ અદૃષ્ટ આત્માનો ગુણ હોવાથી ગુણી વગર રહી ન શકે. માટે આત્માની સત્તા પણ બધી જ જગ્યાએ માનવી જોઈએ. તેથી આત્મા વિભુ જ છે.

★ **આત્મા (જીવાત્મા) નિત્ય છે :** નવું જન્મેલું બાળક કોઇ વસ્તુને જોઇને હસે છે અથવા તો રડે છે, એના પરથી જાણી શકાય છે કે અમુક વસ્તુ એને ગમે છે અને અમુક વસ્તુ નથી ગમતી. પૂર્વના ભવોમાં પાડેલા સંસ્કારના કારણે જ એ બાળક હસવાની, રડવાની પ્રવૃત્તિ કરે છે. તેથી સિદ્ધ થાય છે કે 'આત્મા નિત્ય છે'

(ન્યા૦) આત્માનં નિરૂપયતિ - જ્ઞાનાધિકરણમિતિ । અધિકરણપદં સમવાયેન જ્ઞાનાશ્રયત્વલાભાર્થમ્ ।

---

* ન્યાયબોધિની *

'જ્ઞાનાધિકરણત્વ'આ આત્માનું લક્ષણ છે. અહીં 'અધિકરણ' પદ એ સમવાયસંબંધથી જ્ઞાનાશ્રયત્વના લાભ માટે છે. કહેવાનો આશય એ છે કે આત્માના લક્ષણમાં 'અધિકરણ' પદ ન મૂકીએ તો પૃથિવી વગેરેની જેમ 'જ્ઞાનવાન્ આત્મા' એ પ્રમાણે મતુપ્ પ્રત્યયાંત લક્ષણ થશે. અને આવું લક્ષણ કરશું તો કાલિકસંબંધથી જ્ઞાન કાલમાં રહી જતા તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેને દૂર કરવા માટે સમવાયસંબંધથી જ્ઞાનનો આશ્રય લેવો.

નોંધ : સાંખ્ય, યોગ, વેદાન્ત, મીમાંસક, બૌદ્ધ આ બધા જ દર્શનકારો જ્ઞાન અને આત્માનો અભેદ માને છે. અર્થાત્ 'આત્મા એ જ્ઞાન સ્વરૂપ છે' એવું માને છે. જ્યારે નૈયાયિક આત્મા અને જ્ઞાનમાં ભેદ માને છે. બધા દર્શનકારોથી આ મત અલગ છે એવું વિશેષ દ્યોતન કરવા માટે 'જ્ઞાનાવાન્ આત્મા' એ પ્રમાણે આત્માનું લક્ષણ ન કરતાં 'જ્ઞાનાધિકરણાત્મા' એ પ્રમાણેનું લક્ષણ કર્યું છે એવું લાગે છે.

(પ૦) ज्ञानाधिकरणेति । भूतलादिवारणाय ज्ञानेति । कालादिवारणाय समवायेनेत्यपि देयम् । ईश्वर इति । समवायसम्बन्धेन नित्यज्ञानवानीश्वरः । जीव इति। सुखादिसमवायिकारणं जीव इत्यर्थः ॥

★ 'જ્ઞાન' શબ્દ ન લખીએ અને 'જે અધિકરણ છે તે આત્મા છે' આ પ્રમાણે આત્માનું લક્ષણ કરીએ તો ભૂતલ વગેરે પણ અધિકરણ હોવાથી ભૂતલ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'જ્ઞાન' પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ભૂતલાદિ જ્ઞાનના અધિકરણ નથી.

★ કાલ, વિષયાદિમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે આત્માના લક્ષણમાં 'સમવાયેન' પદનો નિવેશ કરવો. (ન્યાયબોધિનીમાં જણાવ્યું છે.) સમવાયસંબંધથી નિત્ય જ્ઞાનવાળા ઈશ્વર છે, અને સુખ-દુઃખનું જે સમવાયિકારણ છે તે જીવાત્મા છે.

વિશેષાર્થ :

શંકા : મૂલકારે ઈશ્વરને જ પરમ = શ્રેષ્ઠાત્મા કહ્યો, જીવને કેમ નહીં?

સમા. : (૧) ઈશ્વર અનાદિ મુક્ત છે. કયારેય પણ બંધનોથી બંધાયેલા ન હતા અને બંધાશે પણ નહીં, જયારે જીવ અમુક બદ્ધ અને અમુક મુક્ત હોય છે. તેથી પરમ = શ્રેષ્ઠ નથી. (૨) ઈશ્વરમાં અનાદિ સર્વજ્ઞતા અને સૃષ્ટિકર્તૃત્વ છે, જયારે જીવ મુક્ત થાય તો પણ એમાં સર્વજ્ઞતા કે સૃષ્ટિકર્તૃત્વ નહીં આવે. તેથી જીવ પરમ નથી. (૩) ઈશ્વરમાં નિત્ય જ્ઞાન છે, જયારે બદ્ધાવસ્થામાં જીવમાં અનિત્ય જ્ઞાન છે, અને જીવ મોક્ષમાં જાય ત્યારે જીવમાં જ્ઞાનનો અભાવ હોય છે. માટે જીવ પરમ નથી. (૪) ઈશ્વર જ જીવોને કર્મ પ્રમાણે ફળ આપે છે જીવ ન આપી શકે. તેથી પણ જીવ શ્રેષ્ઠ નથી. (૫) ઈશ્વર એક જ છે, અદ્વિતીય છે, એમના જેવું બીજું કોઈ નથી જયારે જીવ નાના છે. તેથી ઈશ્વર પરમ છે, જીવ નહીં. (૬) ઈશ્વર શરીર વગર સૃષ્ટિને ઉત્પન્ન કરવારૂપ કાર્ય કરી શકે, જયારે જીવ શરીર રૂપ ઉપાધિ દ્વારા જ નાનામાં નાનું કાર્ય કરી શકે. તેથી પણ જીવ શ્રેષ્ઠ નથી. (૭) જીવ મુક્ત અવસ્થામાં પણ આવા પરમતત્ત્વને પ્રાપ્ત નહીં કરી શકે તેથી પણ જીવ શ્રેષ્ઠ નથી.

મનદ્રવ્ય - નિરૂપણ

मूलम् : सुखाद्युपलब्धिसाधनमिन्द्रियं मनः। तच्च प्रत्यात्मनियतत्वादनन्तं परमाणुरूपं नित्यं च ॥

સુખ અને દુઃખની ઉપલબ્ધિ = સાક્ષાત્કારનું જે કારણ છે અને ઇન્દ્રિય છે, તેને મન કહેવાય છે. તે મન પ્રત્યેક આત્મામાં નિયત = ચોક્કસ રીતે હોવાથી (આત્માની જેમ) અનંત છે, પરમાણુ સ્વરૂપ છે અને નિત્ય છે.

વિશેષાર્થ :

★ **મનનું અસ્તિત્વ છે :** આત્મા, ઇન્દ્રિય અને પદાર્થનો સન્નિકર્ષ હોવા છતાં પણ વસ્તુનું જ્ઞાન થતું નથી. તેથી બીજું પણ એવું તત્ત્વ છે કે જે હોય તો જ્ઞાન થાય અને જે ન હોય તો જ્ઞાન ન થાય, તે તત્ત્વ મન છે. 'आत्मेन्द्रियार्थसंनिकर्षे ज्ञानस्य भावोऽभावश्च मनसो लिङ्गम् ।' કણાદ.

★ **મન અનેક છે :** સુખ-દુઃખ વિગેરેની અનુભૂતિઓ બધાને જુદી જુદી થાય છે. તેથી સિદ્ધ થાય છે કે પ્રત્યેક આત્માની સાથે જોડાયેલું મન પણ જુદું જુદું જ છે.

★ **મન અણુ છે :** મન જે ઇન્દ્રિયની સાથે જોડાયેલું હોય તે ઇન્દ્રિયના જ વિષયનું જ્ઞાન કરે છે. જો મન વિભુ હોય તો દરેક ઇન્દ્રિયના વિષયનું જ્ઞાન કરવું જોઈએ. પરંતુ એવું થતું નથી. તેથી મન અણુ છે.

★ **મન નિત્ય છે :** આ મન પરમ અણુરૂપ છે, તેથી નિત્ય છે. જો આ મન પરમાણુરૂપ નહીં હોત અને મધ્યમપરિમાણવાળું હોત તો ઉત્પન્ન થતું હોવાથી અનિત્ય બની જાત.

(न्या०) मनो निरूपयति - सुखादीति। उपलब्धिर्नाम साक्षात्कारः । तथा च सुखदुःखादिसाक्षात्कारकारणत्वे सति इन्द्रियत्वं मनसो लक्षणम्।'इन्द्रियत्वं' मात्रोक्तौ चक्षुरादावतिव्याप्तिरतः सुखादिसाक्षात्कारकारणत्वविशेषणम् । विशेष्यानुपादाने आत्मन्यतिव्याप्तिः, आत्मनः सुखादिकं प्रति समवायिकारणत्वात्। अत 'इन्द्रियत्व' रूपविशेष्योपादानम् ॥

* ન્યાયબોધિની *

મૂળમાં મનના લક્ષણમાં જે 'ઉપલબ્ધિ' પદ આપ્યું છે, તેનો અર્થ સાક્ષાત્કાર છે. તેથી લક્ષણ થશે - 'સુખ-દુઃખાદિસાક્ષાત્કારનું જે કારણ છે અને જે ઇન્દ્રિય છે તે મન છે.'

★ જો લક્ષણમાં 'જે ઇન્દ્રિય છે, તે મન છે' આટલું જ કહીએ તો ચક્ષુ વગેરે પણ ઇન્દ્રિય હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ ચક્ષુ વગેરે સુખદુઃખાદિ સાક્ષાત્કારનું કારણ ન હોવાથી 'सुखदुःखादिसाक्षात्कारकारणत्व'આ પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે.

★ જો લક્ષણમાં 'જે સુખ-દુઃખાદિસાક્ષાત્કારનું કારણ છે, તે મન છે.' આટલું જ કહીએ તો આત્મા, ઉપલક્ષણથી આત્મ-મનસંયોગ, પ્રતિબંધકાભાવ, વ્યક્તિનું અદૃષ્ટ, ઘટાદિ વિષય આ બધા પણ સુખાદિના જ્ઞાન પ્રતિ કારણ છે. તેથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. 'ઇન્દ્રિયત્વ' પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે આત્મા વગેરે ઇન્દ્રિય નથી.

(प०) सुखेति । आत्ममनःसंयोगादिवारणाय इन्द्रियमिति । चक्षुरादिवारणाय

सुखेति ॥ इति द्रव्यनिरूपणम् ।

પદકૃત્ય સ્પષ્ટ છે.

વિશેષાર્થ : મનના લક્ષણમાં 'જ્ઞાનનું જે કારણ છે અને ઇન્દ્રિય છે તે મન છે' આટલું જ કહીએ તો ચક્ષુ વગેરે ઇન્દ્રિય પણ રૂપાદિ જ્ઞાનનું કારણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'સુખદુઃખાદિ' પદના નિવેશથી ચક્ષુ વગેરે ઇન્દ્રિયોમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણકે, ચક્ષુ વગેરે ઇન્દ્રિયો જ્ઞાનનું કારણ તો છે પરંતુ સુખ, દુઃખ વગેરે જે આત્માના વિશેષ ગુણો છે તેના જ્ઞાનનું કારણ નથી.

॥ अथ गुणलक्षणप्रकरण ॥

નવ દ્રવ્યનું નિરૂપણ પૂર્ણ થયું. હવે ૨૪ ગુણમાંથી પ્રથમ રૂપનું નિરૂપણ કરાય છે. કારણ કે 'सर्वपदार्थानामभिव्यक्तिनिमित्तत्वादादौ रूपं निरूपयति' (न्या.कं.)

રૂપ - નિરૂપણ

मूलम् : अथ गुणा निरूप्यन्ते-चक्षुर्मात्रग्राह्यो गुणो रूपम्। तच्च शुक्लनीलपीतरक्तहरितकपिशचित्रभेदात्सप्तविधम् । पृथिवीजलतेजोवृत्ति । तत्र पृथिव्यां सप्तविधम्। अभास्वरशुक्लं जले। भास्वरशुक्लं तेजसि ॥

જે ગુણ, માત્ર ચક્ષુ ઇન્દ્રિયથી ગાહ્ય છે તેને 'રૂપ' કહેવાય છે. આ રૂપ સફેદ, કાળું, પીળું, લાલ, લીલું, ભૂખરું તથા કાબરચિતરું એમ સાત પ્રકારનું છે. (આ રૂપ ક્યાં રહે છે?) આ રૂપ પૃથિવી, જલ અને તેજમાં રહે છે. તેમાં પૃથિવીમાં સાત પ્રકારનું રૂપ છે. જલમાં અભાસ્વર શુક્લ રૂપ છે અને તેજમાં ભાસ્વર શુક્લ રૂપ છે. (ભાસ્વર = દેદીપ્યમાન)

વિશેષાર્થ : સાતેય પ્રકારનું રૂપ દરેક પૃથિવીમાં હોતું નથી પરંતુ સાતેય પ્રકારનું રૂપ મળે તો પૃથિવીમાં જ મળે જલાદિમાં ન જ મળે એવો અર્થ કરવો.

શંકા : નીલાદિ છએ પ્રકારના રૂપનું મિશ્રણ જ તો ચિત્રરૂપ છે. તો પછી તમે સાતમું ચિત્રરૂપ શા માટે માનો છો?

સમા. : રૂપ પોતાના અધિકરણના સર્વ અંશમાં વ્યાપિને જ રહે છે. હવે એક જ વસ્ત્રમાં ત્રણ, ચાર વર્ણ હોય તો એક પણ વર્ણ વસ્ત્રમાં સંપૂર્ણ વ્યાપિને રહ્યો ન કહેવાય. તેથી સંપૂર્ણ વ્યાપિને રહેનારો કોઇ એક વર્ણ તો માનવો પડશે. તે જ ચિત્રરૂપ છે.

(न्या०) रूपं लक्षयति - चक्षुरिति । चक्षुर्मात्रग्राह्यत्वविशिष्टगुणत्वं रूपस्य लक्षणम्। विशेष्यमात्रोपादाने रसादावतिव्याप्तिः । अत 'श्चक्षुर्मात्रग्राह्यत्वं' विशेषणम् । तावन्मात्रोपादाने रूपत्वेऽतिव्याप्तिः ।'यो गुणो यदिन्द्रियग्राह्यस्तन्निष्ठा जातिस्तदिन्द्रियग्राह्यो' ति नियमात्, तद्वारणाय विशेष्योपादानम्।'चक्षुर्मात्रग्राह्यत्वं' नाम चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्वे सति

चक्षुर्ग्राह्यत्वम्। मात्रपदानुपादाने संख्यादिसामान्यगुणेऽतिव्याप्तिः, संख्यादावपि चक्षुर्ग्राह्यत्वविशिष्टगुणत्वस्य सत्त्वात्। अतस्तद्वारणाय मात्रपदं, संख्यादेश्चक्षुर्भिन्नत्वगिन्द्रियग्राह्यत्वाच्चक्षुर्मात्रग्राह्यत्वं नास्ति। अतीन्द्रियगुरुत्वादावतिव्याप्तिवारणाय चक्षुर्ग्राह्येति। अत्र लक्षणे 'ग्राह्यत्वं' नाम प्रत्यक्षविषयत्वम्।'अग्राह्यत्वं' नाम तदविषयत्वम्। तथा च 'चक्षुर्भिन्नेन्द्रियजन्यप्रत्यक्षाविषयत्वे सति चक्षुर्जन्यप्रत्यक्षविषयत्व' मिति फलितोऽर्थः। ननु प्रभाघटसंयोगे रूपलक्षणस्यातिव्याप्तिः, तस्य चक्षुर्मात्रग्राह्यगुणत्वादिति चेन्न। गुणपदस्य विशेषगुणपरत्वात्। न चैवं विशेषगुणत्वघटितलक्षणे संख्यादावतिव्याप्त्यभावान्मात्रपदवैयर्थ्यमिति वाच्यम्। जलमात्रवृत्तिसांसिद्धिकद्रवत्वादावतिव्याप्तिवारणाय तदुपादानात्। अथवा चक्षुर्मात्रग्राह्यजातिमद्गुणत्वस्य लक्षणत्वान्न प्रभाघटसंयोगादावतिव्याप्तिः। संयोगत्वजातेश्चक्षुर्मात्रग्राह्यत्वाभावात्। घटपटसंयोगस्य त्वगिन्द्रियग्राह्यत्वात्तद्गतजातेरपि त्वगिन्द्रियग्राह्यत्वात्। यो गुणो यदिन्द्रियग्राह्यस्तन्निष्ठजातेरपि तदिन्द्रियग्राह्यत्वात्। अत्र जातिघटितलक्षणे गुणत्वानुपादाने चक्षुर्मात्रग्राह्यजातिमति सुवर्णादावतिव्याप्तिरतस्तद्वारणाय तदुपादानम्। एवं रसादिलक्षणे विशेषणानुपादाने लक्ष्यभिन्नगुणादावतिव्याप्तिः। विशेष्यानुपादाने लक्ष्यमात्रवृत्तिरसत्वगन्धत्वादावतिव्याप्तिः। अतो विशेषणविशेष्ययोरुपादानम्।

* ન્યાયબોધિની *

रूपं लक्षयति..... चक्षुर्ग्राह्येति। 'चक्षुर्मात्रग्राह्यत्वविशिष्टगुणत्वं रूपस्य लक्षणम्' અહીં વિશિષ્ટ પદ સતિસપ્તમીના અર્થમાં છે માટે 'चक्षुर्मात्रग्राह्यत्वे सति गुणत्वम्' આ પ્રમાણે રૂપનું લક્ષણ થશે.

★ રૂપના આ લક્ષણમાં વિશેષ્યપદનું જ ઉપાદાન કરીએ એટલે કે 'જે ગુણ છે તે જ રૂપ છે' આટલું જ કહીએ તો રસાદિ પણ ગુણ હોવાથી રૂપનું લક્ષણ રસાદિમાં જતું રહેવાથી અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'चक्षुर्मात्रग्राह्यत्व' આ વિશેષણ પદના નિવેશથી રસાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે રસાદિ ગુણ ચક્ષુર્માત્રગ્રાહ્ય નથી.

★ જો 'चक्षुर्मात्रग्राह्यत्व' આ વિશેષણ પદનું જ ઉપાદાન કરીએ તો 'જે ઈન્દ્રિયથી જે ગુણનું જ્ઞાન થાય છે, તે ઈન્દ્રિયથી તે ગુણમાં રહેલી જાતિ અને તે ગુણના અભાવનું પણ જ્ઞાન થાય છે' આ નિયમથી રૂપત્વજાતિ, ઉપલક્ષણથી રૂપાભાવ, રૂપત્વાભાવ, નીલત્વ, નીલાભાવ, નીલત્વાભાવ આ દરેક પણ ચક્ષુર્માત્રગ્રાહ્ય છે. તેથી રૂપત્વાદિમાં લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'गुणत्व' પદના ઉપાદાનથી રૂપત્વજાતિ વિગેરેમાં લક્ષણ જશે નહી. કારણ કે રૂપત્વજાતિ વગેરે ગુણ નથી. આમ રૂપના લક્ષણમાં બંને પદની આવશ્યકતા છે.

(નિયમ તો 'येनेन्द्रियेण या व्यक्तिगृह्यते तद्गतजातिस्तदभावश्च तेनैवेन्द्रियेण गृह्यते' આ પ્રમાણે છે. એટલે **'या'** વ્યક્તિથી દ્રવ્ય, ગુણ અને કર્મ ત્રણેય આવશે. પરંતુ ન્યાયબોધિનીકારે 'यो गुणो...' આ નિયમ એટલા માટે લખ્યો છે કે અહીં ગુણનું લક્ષણ હોવાથી આટલો જ અંશ ઉપયોગી છે.)

(**શંકા** : 'ચક્ષુર્માત્રથી જે ગ્રાહ્ય હોય અને ગુણ હોય તે રૂપ છે' આવું પણ રૂપનું લક્ષણ અસંભવ દોષવાળું છે. કારણ કે ચક્ષુરિન્દ્રિયથી જ રૂપનું જ્ઞાન થાય છે, એવું નથી. 'आम्रः एतद्रूपवान् एतद्रसात्' આ અનુમાન દ્વારા પણ એતદ્રસ હેતુથી એતદ્ રૂપનું જ્ઞાન થાય છે.)

સમા. : અરે ભાઈ! 'चक्षुर्मात्रग्राह्यत्व' નો અર્થ 'ચક્ષુરિન્દ્રિયથી ગ્રાહ્ય હોય અને ઈતરસર્વથી અગ્રાહ્ય હોય એવો લેવાનો નથી. ન્યાયબોધિનીકારે 'માત્ર' પદનો 'चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्व' કર્યો છે. અર્થાત્ 'જે ચક્ષુથી ગ્રાહ્ય હોય અને ચક્ષર્ભિન્ન ઈન્દ્રિયથી અગ્રાહ્ય હોય તેને રૂપ કહેવાય છે' એવો અર્થ કર્યો છે. આથી રૂપનું જ્ઞાન અનુમાનથી ભલે થતું હોય પરંતુ ચક્ષુથી ભિન્ન ઈન્દ્રિયથી રૂપનું જ્ઞાન થતું ન હોવાથી કોઈ ક્ષતિ આવતી નથી.

તેથી રૂપનુ લક્ષણ આ પ્રમાણે થશે.'चक्षुर्ग्राह्यत्वे सति चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्वे सति गुणत्वं रूपस्य लक्षणम्'

★ જો 'માત્ર' પદનું ઉપાદાન ન કરીએ અને 'જે ચક્ષુથી ગ્રાહ્ય હોય અને ગુણ હોય તેને રૂપ કહેવાય છે' આટલું જ કહીએ તો સંખ્યા, સંયોગ, વિભાગ, પરિમાણ વગેરે સામાન્ય ગુણમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે આ બધા ચક્ષુથી ગ્રાહ્ય પણ છે અને ગુણ પણ છે. પરંતુ 'चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्व' પદના ઉપાદાનથી સંખ્યાદિ ગુણોમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે સંખ્યાદિ ગુણો માત્ર ચક્ષુથી ગ્રાહ્ય છે એવું નથી પરંતુ ચક્ષુથી ભિન્ન ત્વગેન્દ્રિયથી પણ ગ્રાહ્ય છે.

★ તો પછી 'चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्वे सति गुणत्वम्' આટલું જ રૂપનું લક્ષણ કરીએ તો રૂપ, ચક્ષુથી ભિન્ન એવી રસનેન્દ્રિય વગેરેથી અગ્રાહ્ય છે અને ગુણ પણ છે. તેથી રૂપના લક્ષણમાં અવ્યાપ્તિ ભલે ન આવે પરંતુ ગુરૂત્વ, સંસ્કાર, ધર્મ, અધર્મ વગેરે જે અતીન્દ્રિય ગુણો છે તે કોઈ પણ ઈન્દ્રિયથી ગ્રાહ્ય ન હોવાથી ચક્ષુર્ભિન્ન ઈન્દ્રિયથી પણ અગ્રાહ્ય જ કહેવાય અને ગુણ તો છે જ, તેથી ગુરૂત્વ વગેરે ગુણોમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'चक्षुर्ग्राह्यत्व' પદના નિવેશથી ગુરૂત્વ વગેરેમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે ગુરૂત્વ વગેરે ગુણો કોઈપણ ઈન્દ્રિયથી ગ્રાહ્ય ન હોવાથી ચક્ષુથી પણ ગ્રાહ્ય નથી.

अत्र लक्षणे.....तदुपादानम्।

શંકા : 'चक्षुर्मात्रग्राह्यत्वे सति चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्वे सति गुणत्वम्' આવું જે રૂપનું લક્ષણ કર્યું છે એમાં 'ગ્રાહ્યત્વ' કોને કહેવાય અને 'અગ્રાહ્યત્વ' કોને કહેવાય ?

સમા. : 'ગ્રાહ્યત્વ'='પ્રત્યક્ષવિષયત્વ' જેનું પ્રત્યક્ષ થાય તે પ્રત્યક્ષનો વિષય કહેવાય છે. દા.ત. ઘટાદિ પદાર્થોનું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે, માટે ઘટાદિ પદાર્થો પ્રત્યક્ષના વિષય કહેવાય છે. એ જ પ્રમાણે 'અગ્રાહ્યત્વ'='પ્રત્યક્ષાવિષયત્વ' જેનું પ્રત્યક્ષ ન થાય તે પ્રત્યક્ષનો અવિષય કહેવાય છે. દા.ત. રૂપનું જ્ઞાન ચક્ષુ સિવાય કોઈપણ ઈન્દ્રિયથી થતું નથી, માટે રૂપ એ ત્વગાદિ પ્રત્યક્ષનો અવિષય છે. તેથી રૂપનું 'चक्षुर्जन्यप्रत्यक्षविषयत्वे सति, चक्षुर्भिन्नेन्द्रियजन्यप्रत्यक्षाविषयत्वे सति गुणत्वम्' આ પ્રમાણે લક્ષણ થશે. અર્થાત્ ચક્ષુથી જન્ય જ્ઞાનનો જે વિષય હોય અને ચક્ષુથી ભિન્ન ઈન્દ્રિયથી જન્ય જ્ઞાનનો જે અવિષય હોય અને જે ગુણ હોય તેને

રૂપ કહેવાય છે.

શંકા : રૂપનું આવું લક્ષણ કરવા છતા પણ પ્રભા-ઘટના સંયોગમાં અતિવ્યાપ્તિ આવશે, કારણ કે પ્રભા-ઘટનો સંયોગ ચક્ષુથી ગ્રાહ્ય છે, ચક્ષુથી ભિન્ન ત્વગાદિ ઈન્દ્રિયથી અગ્રાહ્ય છે તથા ગુણ પણ છે. (પ્રભા=એવો પ્રકાશ જે માત્ર ચક્ષુ દ્વારા ગ્રાહ્ય હોય અને જેમાં ઉષ્ણસ્પર્શની અનુભૂતિ ન હોય તે.)

સમા. : રૂપના લક્ષણમાં જે 'ગુણ' પદ છે, તેનો અર્થ વિશેષગુણ કરવાથી પ્રભા - ઘટસંયોગમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે સંયોગ એ સામાન્યગુણ છે જ્યારે રૂપાદિ વિશેષગુણ છે.

શંકા : 'ગુણ' પદનો અર્થ 'વિશેષગુણ' કરવાથી જ સંખ્યા, પરિમાણાદિની અતિવ્યાપ્તિ દૂર થઈ જાય છે કારણ કે તે સામાન્યગુણ છે, તો હવે સંખ્યાદિની અતિવ્યાપ્તિ દૂર કરવા માટે 'मात्र=चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्व' પદની આવશ્યક્તા નથી.

સમા. : તમારી વાત બરાબર છે. પરંતુ જલમાત્રમાં સાંસિદ્ધિક દ્રવત્વ નામનો જે ગુણ રહેલો છે તે ચક્ષુર્ગ્રાહ્ય પણ છે અને વિશેષગુણ પણ છે માટે સાંસિદ્ધિક દ્રવત્વમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'मात्र=चक्षुर्भिन्नेन्द्रियाग्राह्यत्व' પદ મૂકવાથી સાંસિદ્ધિક દ્રવત્વમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સાંસિદ્ધિક દ્રવત્વ જેમ ચક્ષુથી ગ્રાહ્ય છે તેમ ચક્ષુથી ભિન્ન એવી ત્વગેન્દ્રિયથી પણ ગ્રાહ્ય છે. ('આ પાણી થીજેલું છે કે પ્રવાહીરૂપ છે' એવું ત્વગેન્દ્રિયથી પણ જણાઈ જાય છે.) તેથી 'मात्र' પદ પણ આવશ્યક છે.

શંકા : રૂપનું આવું નિર્દોષ લક્ષણ કરવા છતાં પણ પરમાણુ આદિના રૂપમાં અવ્યાપ્તિ આવશે. (આદિપદથી દ્વયણુક લેવું) કારણ કે પરમાણુ આદિમાં મહત્ પરિમાણ નહીં હોવાથી પરમાણુ વગેરે ચક્ષુથી ગ્રાહ્ય નથી.

સમા. : અમે પરમાણુ આદિના રૂપમાં આવતિ અવ્યાપ્તિને દૂર કરવા માટે રૂપનું જાતિ ઘટિત લક્ષણ કરશું → 'चक्षुर्मात्रग्राह्यजातिमत्त्वे सति गुणत्वं रूपस्य लक्षणम्' અર્થાત્ 'ચક્ષુર્માત્રથી ગ્રાહ્ય જાતિવાળું હોય અને ગુણ હોય તે રૂપ છે.' હવે પટાદિના શુક્લાદિ રૂપ ચક્ષુર્માત્રથી ગ્રાહ્ય છે માટે 'यो गुणो .....' આ નિયમથી શુક્લાદિરૂપમાં રહેનારી રૂપત્વ જાતિ પણ ચક્ષુર્માત્રથી ગ્રાહ્ય બનશે. અને તે રૂપત્વજાતિવાળું પરમાણુ આદિનું રૂપ પણ છે વળી તે રૂપ ગુણ તો છે જ. તેથી રૂપનું જાતિઘટિત લક્ષણ કરવાથી પરમાણુ આદિ રૂપમાં અવ્યાપ્તિ આવશે નહીં.

(**નોંધ :-** ન્યાયબોધિનીકારે પરમાણુના રૂપમાં અવ્યાપ્તિ જણાવી નથી પરંતુ 'અથવા' કરીને આગળનો ગ્રંથ લખ્યો છે.) અથવા તો આ જાતિઘટિત લક્ષણ કરવાથી જ પ્રભા-ઘટના સંયોગની અતિવ્યાપ્તિ દૂર થઈ જાય છે કારણ કે સંયોગત્વજાતિ ચક્ષુર્માત્રથી ગ્રાહ્ય નથી. તે આ પ્રમાણે..... પ્રભા-ઘટનો સંયોગ ભલે ચક્ષુર્માત્ર ગ્રાહ્ય હોય પરંતુ ઘટ-પટ વગેરેના કેટલાક સંયોગ માત્ર ચક્ષુરિન્દ્રિયથી ગ્રાહ્ય નથી, ત્વગેન્દ્રિયથી પણ ગ્રાહ્ય છે માટે 'यो गुणो यदिन्द्रिय.....'

આ નિયમથી સંયોગત્વજાતિનું ગ્રહણ ચક્ષુ અને ત્વગ્ બન્ને ઈન્દ્રિયથી થશે.

આ રીતે જાતિ ઘટિત લક્ષણ કરવાથી પૂર્વે પ્રભા-ઘટ સંયોગમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે જે 'ગુણ'પદનો અર્થ 'વિશેષગુણ' કર્યો હતો તે કરવાની હવે જરૂર રહેતી નથી. તેથી 'चक्षुर्मात्रग्राह्यजातिमत्त्वे सति गुणत्वम्' આ રૂપનું પર્યવસિત લક્ષણ છે.

★ જો લક્ષણમાં 'गुणत्व' પદ ન મૂકીએ અને રૂપનું લક્ષણ 'चक्षुर्मात्रग्राह्यजातिमत्त्व' આટલું જ કરીએ તો સુવર્ણ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે સુવર્ણ એ તેજ હોવાથી તેનું જ્ઞાન ચક્ષુરિન્દ્રિયથી જ થાય છે. તેથી 'येनेन्द्रियेण या व्यक्ति...' આ નિયમથી સુવર્ણત્વજાતિ પણ ચક્ષુરિન્દ્રિયથી ગ્રહણ થશે અને તે સુવર્ણત્વ જાતિવાળા સુવર્ણમાં આ લક્ષણ ઘટી જશે. પરંતુ 'गुणत्व' પદનું ઉપાદાન કરવાથી સુવર્ણાદિમાં લક્ષણ નહીં જાય કારણ કે સુવર્ણ એ દ્રવ્ય છે ગુણ નથી. (સુવર્ણાદિમાં આદિ પદથી રજત, ત્રણુક વગેરેનું ગ્રહણ કરવું)

एवं.....विशेष्ययोरुपादानम्। આ જ પ્રમાણે રસાદિનું પણ લક્ષણ કરવું. જેમ કે 'रसनमात्र-ग्राह्यत्वे सति गुणत्वं रसस्य लक्षणम्' ઈત્યાદિ. અહીં પણ 'रसनमात्रग्राह्यत्व' ઈત્યાદિ વિશેષણ પદનું ઉપાદાન ન કરીએ તો લક્ષ્ય એવા રસાદિથી ભિન્ન ગુણાદિમાં અતિવ્યાપ્તિ આવશે અને વિશેષ્ય એવા 'गुणत्व'પદનું ઉપાદાન ન કરીએ તો લક્ષ્ય એવા રસાદિમાં રહેનારી રસત્વ, ગન્ધત્વ વગેરે જાતિ અને ઉપલક્ષણથી રસાભાવ, રસત્વાભાવ વગેરેમાં પણ અતિવ્યાપ્તિ આવશે. માટે લક્ષણમાં વિશેષણ અને વિશેષ્ય બન્ને પદ આવશ્યક છે. (આમ તો રસાદિના ઉપરોક્ત લક્ષણમાં પણ દોષો આવે છે. તેથી રસાદિનું લક્ષણ પણ રૂપની જેમ જાતિઘટિત સમજવું.)

(प०) चक्षुरिति। रूपत्वादिवारणाय गुणपदम्। रसादिवारणाय चक्षुर्ग्राह्य इति। संख्यादिवारणाय मात्रपदम् । यद्यपि प्रभाभित्तिसंयोगवारणाय गुणपदेन विशेषगुणस्य विवक्षणीयतया तत एव संख्यादिवारणं संभवतीति मात्रपदं व्यर्थं, तथापि सांसिद्धिकद्रवत्ववारणाय तदावश्यकम्। वस्तुतस्तु परमाणुरूपेऽव्याप्तिवारणाय चक्षुर्मात्रग्राह्यजातिमत्त्वस्य विवक्षणीयतया विशेषपदं न देयम्। त्र्यणुकादिवारणाय गुणपदं तु देयम्। सप्तेति। 'रूप' मित्यनुषज्यते॥

---

* પદકૃત્ય *

'चक्षुरिति.....न देयम् । આ સ્પષ્ટ છે. **त्र्यणुकादिति** ..... 'चक्षुर्मात्रग्राह्यजातिमत्त्व' આટલું જ રૂપનું લક્ષણ કરીએ તો ત્રસરેણુ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે ત્રસરેણુ માત્ર ચક્ષુથી જ ગ્રાહ્ય છે. તેથી તેમાં રહેલી 'ત્રણુકત્વ' જાતિ પણ ચક્ષુર્માત્રથી ગ્રાહ્ય બનશે. તે અતિવ્યાપ્તિને દૂર કરવા માટે રૂપના લક્ષણમાં 'गुणत्व' પદનું ઉપાદાન છે.

નોંધ → ન્યાયબોધિનીકારે 'गुणत्व' પદના અનુપાદાનમાં સુવર્ણમાં જે અતિવ્યાપ્તિ આપી છે તે ઉચિત લાગતી નથી કારણ કે ચક્ષુ દ્વારા જોવા માત્રથી 'આ સોનુ છે' એવું ક્યાં જાણી શકાય

છે. અને કદાચ ચક્ષુ દ્વારા સોનું પ્રત્યક્ષનો વિષય બનવા છતાં પણ 'આ સોનાના અલંકાર છે કે ખોટા છે' એવો સંશય તો રહે જ છે. તેથી ચક્ષુર્માત્ર ગ્રાહ્ય સુવર્ણ ના કહી શકાય. એ વિચારતા જ પદકૃત્યકારે 'गुणत्व' પદના અનુપાદાનમાં ત્રણુકમાં અતિવ્યાપ્તિ આપી હશે એવું લાગે છે અને તે વધારે ઉચિત પણ છે. કારણ કે સૂર્યના પ્રકાશની ધારા સાથે જે રજકણો આવે છે તેને ત્રણુક કહેવાય છે. તે ત્રણુક સ્પર્શ દ્વારા જાણી શકાતા નથી, માત્ર ચક્ષુથી જ જાણી શકાય છે.

રસ - નિરૂપણ

मूलम् : रसनग्राह्यो गुणो रसः। स च मधुराम्ललवणकटुकषायतिक्तभेदात् षड्विधः। पृथिवीजलवृत्तिः। तत्र पृथिव्यां षड्विधः। जले मधुर एव॥

જે ગુણ રસનેન્દ્રિયથી ગ્રહણ થાય તેને રસ કહેવાય છે તે. રસ મધુર = મીઠો, આમ્લ = ખાટો, લવણ = ખારો, કટુક = કડવો, કષાય = તુરો, તિક્ત = તિખો આમ છ પ્રકારે છે. આ રસ ગુણ પૃથિવી અને જલમાં રહે છે. પૃથિવીમાં છ પ્રકારનો રસ છે, જ્યારે જલમાં મધુર જ રસ છે.

(★ છ એ પ્રકારના રસ દરેક પૃથિવીમાં હોતા નથી પરંતુ છ પ્રકારના રસ મળે તો પૃથિવીમાં જ મળે છે. તથા જલમાં મધુર જ રસ છે પરંતુ કેટલીક વખત ખારા પાણીનો જે અનુભવ થાય છે તે પાણીમાં ભળી ગયેલા પૃથિવીનાં અંશને કારણે છે.)

(પ૦) रसनेति। रसत्वादिवारणाय गुण इति। रूपादावतिव्याप्तिवारणाय रसनेति। तत्रेति पृथिवीजलयोरित्यर्थः। षड्विध इति। अत्र 'रस' इत्यनुवर्तते॥

* પદકૃત્ય *

★ રસત્વ, આદિથી રસાભાવ, રસત્વાભાવ, મધુરત્વ, મધુરાભાવ, મધુરત્વાભાવ વગેરેમાં અતિવ્યાપ્તિ દૂર કરવા માટે રસના લક્ષણમાં 'गुण' પદનું ઉપાદાન છે. ★ રૂપાદિ ૨૩ ગુણમાં અતિવ્યાપ્તિ દૂર કરવા માટે 'रसनग्राह्य' પદનું ઉપાદન છે. બાકીનું સ્પષ્ટ છે.

વિશેષાર્થ :

શંકા : 'चक्षुर्मात्रग्राह्यो गुणो रूपम्' આ પ્રમાણે રૂપના લક્ષણમાં 'માત્ર' પદનું ગ્રહણ કર્યું હતુ તો રસના અને હવે પછી આવતા ગન્ધના લક્ષણમાં 'માત્ર' પદનું ગ્રહણ કેમ ન કર્યું?

સમા. : સાંસિદ્ધિક દ્રવત્વ, સંયોગ, પરિમાણ વગેરે ગુણો ચક્ષુથી તો ગ્રાહ્ય હતા પણ સાથે સાથે ચક્ષુથી ભિન્ન ઈન્દ્રિયથી પણ ગ્રાહ્ય હતા. તેથી સાંસિદ્ધિક દ્રવત્વ વગેરે ગુણોમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે રૂપના લક્ષણમાં 'માત્ર' પદ જરૂરી હતું. પરંતુ એવો એક પણ ગુણ નથી કે જે રસનેન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોય અને રસનેન્દ્રિયથી ભિન્ન ઈન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોય અથવા જે ઘ્રાણેન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોય અને ઘ્રાણેન્દ્રિયથી ભિન્ન ઈન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોય. તેથી રસ અને ગન્ધના લક્ષણમાં 'માત્ર' પદની આવશ્યકતા જ નથી. કહ્યું પણ છે 'व्यभिचारेण विशेषणमर्थवद्' જ્યાં વ્યભિચાર દોષ આવતો હોય ત્યાં વિશેષણ સાર્થક છે.

ગન્ધ - નિરૂપણ

मूलम् : घ्राणग्राह्यो गुणो गन्धः । स द्विविधः । सुरभिरसुरभिश्च । पृथिवीमात्रवृत्तिः ॥

જે ગુણ ઘ્રાણેન્દ્રિયથી ગ્રાહ્ય છે તેને ગન્ધ કહેવાય છે. તે ગન્ધ સુરભિ = સુગંધ અને અસુરભિ = દુર્ગંધ ભેદથી બે પ્રકારનો છે અને તે ફકત પૃથિવી દ્રવ્યમાં જ રહે છે.

(પ૦) घ्राणग्राह्य इति । गन्धत्वादावतिव्याप्तिवारणाय गुण इति । रूपादावतिव्याप्तिवारणाय घ्राणग्राह्य इति । पृथिवीति । 'पृथिवीसंबन्धसत्त्वे गन्धप्रतीतिसत्त्वं' 'पृथिवीसंबन्धाभावे गन्धप्रतीत्यभाव' इत्यन्वयव्यतिरेकाभ्यां पृथिवीगन्धस्यैव जले प्रतीतिर्बोध्या । एवं वायावपि । ननु देशान्तरस्थकस्तूरीकुसुमसंबद्धपवनस्यैतद्देशे सत्त्वात्कुसुमादिसंबन्धाभावाद् गन्धप्रतीत्यनुपपत्तिः। न च वाय्वानीतत्र्यणुकादिसंबन्धोऽस्त्येवेति वाच्यं, कस्तूर्या न्यूनतापत्तेः, कुसुमस्य च सच्छिद्रत्वापत्तेरिति चेन्न । भोक्त्रदृष्टविशेषेण पूर्ववत्र्यणुकान्तराद्युत्पत्तेः । कर्पूरादौ तु तदभावान्न तथात्वमिति ॥

* પદકૃત્ય *

મૂળમાં 'घ्राणग्राह्यो गुणो गन्धः' આવું જે ગન્ધનું લક્ષણ કર્યું છે ત્યાં ગન્ધત્વ અને આદિથી ગન્ધાભાવ, ગન્ધત્વાભાવ, સુરભિત્વ, સુરભ્યાભાવ, સુરભિત્વાભાવ વગેરેમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા 'गुण' પદનું ઉપાદાન છે. રૂપાદિ ૨૩ ગુણમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'घ्राणगाह्यो' પદનું ઉપાદાન છે. (તેથી ગન્ધના લક્ષણમાં બંને પદ સાર્થક છે.) જ્યાં પૃથિવીનો સંબંધ હોય છે ત્યાં ગન્ધની પ્રતીતિ થાય છે. (અન્વય) અને જ્યાં પૃથિવીનો સંબંધ ન હોય ત્યાં ગન્ધની પ્રતીતિ થતી નથી. (વ્યતિરેક) આ પ્રમાણે પૃથિવીની સાથે ગન્ધનો અન્વય - વ્યતિરેક હોવાથી જલમાં ક્યારેક જે ગન્ધની પ્રતીતિ થાય છે, તે પૃથિવીના ગન્ધની પ્રતીતિ જાણવી. તથા વાયુમાં પણ ગન્ધની પ્રતીતિ પૃથિવીના સંબંધને કારણે થાય છે.

શંકા : દેશાન્તરમાં રહેલી કસ્તૂરી અથવા તો પુષ્પને સ્પર્શીને આવેલો પવન આ દેશમાં છે અને અહીં તો કસ્તૂરી અને પુષ્પરૂપ પૃથિવી નથી. તેથી ગન્ધની પ્રતીતિ ન થવી જોઈએ. પરંતુ એવું બનતું નથી. તેથી પૃથિવી સિવાય વાયુમાં પણ ગન્ધ રહે છે. એવું માનવું જોઈએ.

સમા. : અન્યદેશમાં રહેલા કસ્તૂરી અને પુષ્પને સ્પર્શીને આવેલો પવન કસ્તૂરી વગેરેના ત્ર્યુણકને લઈને આ દેશમાં આવે છે. તેનો ઘ્રાણેન્દ્રિય સાથે સંબંધ હોવાથી ગન્ધની પ્રતીતિ આ દેશમાં થાય છે. માટે ગન્ધ એ પૃથિવીમાં જ રહે છે.

★ 'કસ્તૂરી વગેરેને સ્પર્શીને આવેલો પવન ત્ર્યણુક, ચતુર્ણુક વગેરે લઈને જ જો આવતો હોય તો કસ્તૂરી ઓછી થઈ જવી જોઈએ અને પુષ્પ વગેરેમાં છિદ્રો પડી જવા જોઈએ' એવું જો તમે કહેતા હોવ તો ન કહેવું કારણ કે ભોક્તાના અદૃષ્ટવિશેષ (= પુણ્ય)ના કારણે નવા નવા ત્રસરેણુ વગેરે ત્યાં આવી જાય છે. તેથી કસ્તૂરી પણ ન્યૂન થતી નથી અને પુષ્પ વગેરેમાં પણ

છિદ્રો દેખાતા નથી. વળી, કર્પૂર, ડામરની ગોળી વગેરેમાં ભોક્તાનો અદૃષ્ટવિશેષ ન હોવાથી કર્પૂર વગેરેમાં નવા ત્રસરેણુ આવતા નથી. તેથી કર્પૂર વગેરેમાં ન્યૂનતા દેખાય છે. માટે વાયુમાં ગન્ધની જે પ્રતીતિ થાય છે તે વાયુની નહીં પણ પૃથિવીની જ છે. (અદૃષ્ટ = પુણ્ય અને પાપ, અદૃષ્ટવિશેષ = પુણ્ય અથવા પાપ કોઈ પણ લઈ શકાય. અહીં અદૃષ્ટવિશેષથી પુણ્ય ઈષ્ટ છે.)

નોંધ : ઉપરોક્ત બાબતમાં પ્રશ્ન એ થાય છે કે એવું તે કેવું ભોક્તાનું સામૂહિક કર્મ કે જેનાથી કર્પૂર વગેરેમાં નવા ત્રણુકની ઉત્પત્તિ ન થાય અને કસ્તૂરી વગેરેમાં થાય? શું એક પણ ભોક્તાનું એવું પુણ્ય નથી કે જે કર્પૂર વગેરેમાં ત્રણુકની ઉત્પત્તિ કરાવી શકે? તે વિદ્વાનોને પુછવું જોઈએ. અમે તો યથાશ્રુત વ્યાખ્યા કરી છે.

સ્પર્શ - નિરૂપણ

મૂલમ્ : ત્વગિન્દ્રિયમાત્રગ્રાહ્યો ગુણઃ સ્પર્શઃ। સ ચ ત્રિવિધઃ, શીતોષ્ણાનુષ્ણાશીતભેદાત્। પૃથિવ્યમ્તેજોવાયુવૃત્તિઃ। તત્ર શીતો જલે। ઉષ્ણસ્તેજસિ। અનુષ્ણાશીતઃ પૃથિવીવાય્વોઃ॥

જે ગુણનું જ્ઞાન માત્ર ત્વગિન્દ્રિય = સ્પર્શેન્દ્રિયથી જ થતું હોય તે ગુણને સ્પર્શ કહેવાય છે. તે સ્પર્શ શીત, ઉષ્ણ અને અનુષ્ણાશીત ભેદથી ત્રણ પ્રકારનો છે. આ સ્પર્શગુણ પૃથિવી, જલ, તેજ અને વાયુમાં છે. તત્ર = પૃથિવી વગેરે ચારમાંથી જલમાં શીતસ્પર્શ છે, તેજમાં ઉષ્ણસ્પર્શ છે, તથા પૃથિવી અને વાયુમાં અનુષ્ણાશીતસ્પર્શ છે.

(ન્યા૦) સ્પર્શં લક્ષયતિ-ત્વગિન્દ્રિયમાત્રગ્રાહ્ય ઇતિ। અત્રાપિ માત્રપદં સંખ્યાદિસામાન્ય-ગુણાદાવતિવ્યાપ્તિવારણાય। અન્યવિશેષણકૃત્યં પૂર્વવદ્ બોધ્યમ્। 'ગ્રાહ્યત્વ' પદાર્થોઽપિ પૂર્વવદેવ પ્રત્યક્ષવિષયત્વરૂપ એવ બોધ્યઃ॥

'ત્વગિન્દ્રિયમાત્રગ્રાહ્યત્વે સતિ ગુણત્વમ્' આ સ્પર્શનું લક્ષણ છે. અહીં પણ પૂર્વે રૂપના લક્ષણમાં જણાવ્યા મુજબ સંખ્યાદિ સામાન્ય ગુણોમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'માત્ર' પદનું ઉપાદાન છે. આ 'માત્ર' પદ સિવાયના પણ સ્પર્શના લક્ષણમાં જે વિશેષણો તથા વિશેષ્ય છે, તેનું પ્રયોજ્ય રૂપના લક્ષણમાં જણાવ્યા મુજબ સમજી લેવું. 'ગ્રાહ્યત્વ' પદાર્થનો અર્થ પણ પૂર્વની જેમ 'પ્રત્યક્ષવિષયત્વ' જ જાણવો.

(૫૦) સ્પર્શત્વાદાવતિવ્યાપ્તિવારણાય ગુણ ઇતિ। રૂપદાવતિવ્યાપ્તિવારણાય ત્વગિન્દ્રિયેતિ। સંખ્યાદિવારણાય માત્રપદમ્। તત્રેતિ। પૃથિવ્યાદિચતુષ્ટયે । શીત ઇતિ-શીતસ્પર્શઃ । ઉષ્ણ ઇતિ-ઉષ્ણસ્પર્શઃ॥

* પદકૃત્ય *

★ સ્પર્શના લક્ષણમાં સ્પર્શત્વ, આદિથી સ્પર્શાભાવ, સ્પર્શત્વાભાવ વિગેરેમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે 'ગુણત્વ' પદનું ઉપાદાન છે. રૂપાદિમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'ત્વગિન્દ્રિયમાત્રગ્રાહ્યત્વ' પદનું ઉપાદાન છે. સંખ્યાદિમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે 'માત્ર' પદનું ઉપાદાન છે. મૂળમાં જે 'તત્ર' શબ્દ આપ્યો છે તેનો

'પૃથિવી, જલ, તેજ અને વાયુ આ ચારને વિષે' એવો અર્થ છે. શીત શબ્દનો શીતસ્પર્શ અને ઉષ્ણ શબ્દનો ઉષ્ણસ્પર્શ અર્થ છે.

વિશેષાર્થ :

★ પરમાણુના સ્પર્શમાં આવતી અવ્યાપ્તિને દૂર કરવા માટે 'त्वगिन्द्रियमात्रग्राह्यजातिमत्त्वे सति गुणत्वम्' આવુ સ્પર્શનું જાતિઘટિત લક્ષણ નિર્દુષ્ટ છે.

★ આ જાતિઘટિત લક્ષણમાં 'ગુણત્વ' પદનું ઉપાદાન ન કરીએ તો વાયુમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે વાયુમાં બે મત છે :- પ્રાચીન વાયુને અનુમેય માને છે તેથી એમના મતમાં વાયુત્વ જાતિ ત્વગિન્દ્રિયમાત્ર ગ્રાહ્ય નથી. પરંતુ નવીન વાયુને ત્વગિન્દ્રિય માત્ર ગ્રાહ્ય માને છે તેથી નવીન મતે તો વાયુત્વ જાતિ પણ ત્વગિન્દ્રિય માત્ર ગ્રાહ્ય છે. પરંતુ લક્ષણમાં 'ગુણત્વ' પદના ઉપાદાનથી વાયુમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ વાયુ ગુણ નથી.

પાકજ - નિરૂપણ

૨૪ ગુણમાંથી રૂપાદિ ચાર જ પાકજ છે = તેજ સંયોગથી જન્ય છે. તેથી રૂપાદિ ચારનું વર્ણન સમાપ્ત થતાં જ પ્રસંગોપાત વચ્ચે પાકજનું સ્વરૂપ જણાવે છે.

मूलम् : रूपादिचतुष्टयं पृथिव्यां पाकजमनित्यं च । अन्यत्रापाकजं नित्यमनित्यं च । नित्यगतं नित्यम् । अनित्यगतमनित्यम् ॥

પરમાણુ સ્વરૂપ નિત્ય પૃથિવીમાં અને ઘટાદિ સ્વરૂપ અનિત્ય પૃથિવીમાં જે રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ છે તે પાકજ અને અનિત્ય છે. જયારે પરમાણુ સ્વરૂપ નિત્ય જલાદિમાં રૂપાદિ અપાકજ અને નિત્ય છે તથા દ્વયણુકાદિ સ્વરૂપ અનિત્ય જલાદિમાં રૂપાદિ અપાકજ અને અનિત્ય છે.

(न्या०) रूपादिचतुष्टयमिति । एतत्तत्त्वनिर्णयश्चेत्थम् -पाको नाम विजातीयस्तेजः-संयोगः । स च नानाजातीयरूपजनको विजातीयस्तेजःसंयोगः। तदपेक्षया रसजनको विजातीयः । एवं गन्धजनकोऽपि ततो विजातीय एव । एवं स्पर्शजनकोऽपि तथैव । एवं प्रकारेण भिन्नभिन्नजातीयाः पाकाः कार्यवैलक्षण्येन कल्पनीयाः। यथा तृणपुञ्जनिक्षिप्ते आम्रादौ ऊष्मलक्षणविजातीयतेजःसंयोगात्पूर्वहरितरूपनाशेन रूपान्तरस्य पीतादेरुत्पत्तिर्न तु रसादेरुपत्तिः । पूर्वरसस्याम्लस्यैवानुभवात् । क्वचित्पूर्वहरितरूपसत्त्वेऽपि रसपरावृत्तिर्दृश्यते । विजातीयतेजःसंयोगरूपपाकवशात्पूर्वतनाम्लरसनाशेन मधुररसस्यानुभवात् । तस्माद्रूपजनकापेक्षया रसजनको विलक्षण एवाङ्गीकार्यः । एवं गन्धजनको विलक्षण एव, *रूपरसयोरपरावृत्तावपि पूर्वगन्धनाशे विजातीयपाकवशात्सुरभिगन्धोपलब्धेः* । एवं स्पर्शजनकोऽपि, पाकवशात्कठिनस्पर्शनाशेन मृदुस्पर्शानुभवात् । तस्माद्रूपादिजनका विजातीया एव पाकाः। अत एव पार्थिवपरमाणूनामेकजातीयत्वेऽपि पाकमहिम्ना विजातीयद्रव्यान्तरानुभवः। यथा गोभुक्ततृणादीनामापरमाण्वन्तभङ्गे तृणारम्भकपरमाणुषु

विजातीयतेजःसंयोगात्पूर्वरूपादिचतुष्टयनाशे तदनन्तरं दुग्धे यादृशं रूपादिकं वर्तते तादृशरूपरसगन्धस्पर्शजनकास्तेजःसंयोगा जायन्ते । तदुत्तरं तादृशरूपरसादय उत्पद्यन्ते। तादृशरूपरसादिविशिष्टपरमाणुभिर्दुग्धद्व्यणुकमारभ्यते ततस्त्र्यणुकादिक्रमेण महादुग्धारम्भः । एवं दुग्धारम्भकैः परमाणुभिरेव दध्यारभ्यते। एवं पाकमहिम्ना दध्यारम्भकैरेव परमाणुभिर्नवनीतादिकमिति दिक् ॥

* ન્યાયબોધિની *

પૃથિવીમાં રહેનારા રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ પાકજ અને અનિત્ય છે. પાક કોને કહેવાય ? વિજાતીય તેજના સંયોગને પાક કહેવાય છે. વિજાતીય એટલે વિલક્ષણ = જુદા પ્રકારનો તેજ સંયોગ. જેમકે અનેક પ્રકારના રૂપને ઉત્પન્ન કરનાર જે તેજસંયોગ છે તે વિલક્ષણ છે, તેની અપેક્ષાએ રસને ઉત્પન્ન કરનાર તેજસંયોગ જુદો છે. એ જ પ્રમાણે રસજનક જે તેજસંયોગ છે, તેની અપેક્ષાએ ગન્ધને ઉત્પન્ન કરનાર તેજસંયોગ જુદો. એ જ પ્રમાણે ગન્ધજનક જે તેજસંયોગ છે, તેની અપેક્ષાએ સ્પર્શને ઉત્પન્ન કરનાર તેજસંયોગ જુદો છે. (આમ 'જુદા'ના અર્થમાં વિજાતીયનો પ્રયોગ કર્યો છે.)

(**शंका :** રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ આ ચારેય એક જ તેજસંયોગથી ઉત્પન્ન થાય છે એવું માની લઈએ, જુદા જુદા તેજસંયોગને માનવાની શી જરૂર છે ?)

समा. : કાર્યની વિલક્ષણતાને જોઈને જુદા જુદા તેજસંયોગની કલ્પના કરવામાં આવે છે. **दा.त.** → જ્યારે કેરીને પકવવા માટે ઘાસના ઢગલામાં કેરીને નાખવામાં આવે છે ત્યારે કેટલીક વખત ઘાસમાં રહેલા ઉષ્મા = બાફ સ્વરૂપ વિલક્ષણ તેજસંયોગથી કેરીમાં જે પહેલા લીલું રૂપ હતું તેનો નાશ થાય છે અને પીળું રૂપ ઉત્પન્ન થાય છે પરંતુ રસ, ગન્ધ અને સ્પર્શનું પરાવર્તન થતું દેખાતું નથી. રસ પૂર્વની જેમ ખાટો જ રહે છે, ગન્ધ પૂર્વની જેમ અસુરભિ જ રહે છે અને સ્પર્શ પણ પૂર્વની જેમ કઠીન જ રહે છે. કેટલીક વખત વિલક્ષણ તેજસંયોગથી કેરીમાં જે પહેલા ખાટો રસ હતો તેનો નાશ થાય છે અને મધુર રસની ઉત્પત્તિ થાય છે જ્યારે પૂર્વના હરિત રૂપ, ગન્ધ અને સ્પર્શનું પરાવર્તન દેખાતું નથી. તેથી માનવું જ પડે કે રૂપને ઉત્પન્ન કરનાર તેજસંયોગથી રસને ઉત્પન્ન કરનાર તેજસંયોગ જુદો જ છે. એ પ્રમાણે ગન્ધ જનક તેજસંયોગ પણ જુદો જ છે. કારણ કે કેટલીક વખત એવું પણ જોવા મળે છે કે વિજાતીય તેજસંયોગથી કેરીમાં જે અસુરભિ ગન્ધ હતી તેનો નાશ થાય છે અને સુરભિ ગન્ધની ઉત્પત્તિ થાય છે અને એ વખતે પૂર્વના રૂપ, રસ, અને સ્પર્શમાં કોઈ ફેરફાર થતો દેખાતો નથી. એવી જ રીતે સ્પર્શ જનક તેજસંયોગ પણ વિલક્ષણ જ છે. કારણ કે કેટલીક વખત એવું પણ જોવા મળે છે કે વિજાતીય તેજસંયોગથી કેરીના કઠિન સ્પર્શનો નાશ થાય છે અને કોમળ સ્પર્શ ઉત્પન્ન થાય છે અને એ વખતે પૂર્વના રૂપ, રસ અને ગન્ધમાં કોઈ ફેરફાર દેખાતો નથી.તેથી

માનવું જ પડે કે રૂપ વગેરેને ઉત્પન્ન કરનારા તેજસંયોગો જુદા જુદા જ છે.

આ કારણથી જ પાર્થિવ પરમાણુઓ સમાન હોવા છતાં પણ વિજાતીય તેજસંયોગરૂપ પાકના મહિમાથી વિજાતીય દ્રવ્યાન્તરરૂપે = ભિન્ન જાતિવાળા અન્ય દ્રવ્યરૂપે અનુભવાય છે. **દા.ત.** → ગાયે ખાધેલા જે તૃણાદિ છે તે દાંત દ્વારા ચવાઈ જવાના કારણે તૃણાદિનો પરમાણુ સુધી ભંગ થાય છે. (આ પરમાણુઓથી તૃણનો આરંભ થયો હોય છે. તેથી આ પરમાણુઓ તૃણારંભક કહેવાય છે.) આ તૃણારંભક પરમાણુઓમાં જઠરાગ્નિ સ્વરૂપ વિજાતીય તેજસંયોગથી પહેલાના રૂપાદિ ચતુષ્ટય છે તે નાશ પામે છે. ત્યાર પછી દુધમાં જેવા પ્રકારના રૂપાદિ હોય છે તેવા પ્રકારના રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શને ઉત્પન્ન કરનારા તેજસંયોગો ઉત્પન્ન થાય છે. અને ત્યાર પછી તાદેશ રૂપ, રસાદિ ઉત્પન્ન થાય છે. તૃણારંભક પરમાણુઓમાં દુધના જેવા રૂપ, રસાદિ ઉત્પન્ન થવાથી હવે તે પરમાણુઓ તૃણારંભક રહેતા નથી પરંતુ દુગ્ધારંભક બની જાય છે. આમ, પાર્થિવ પરમાણુ સમાન હોવા છતાં પહેલા તે તૃણારંભક હતા અને હવે તે દુગ્ધારંભક રૂપ ભિન્ન દ્રવ્યરૂપે અનુભવાય છે. તે દુગ્ધારંભક પરમાણુઓથી દુધના દ્વયણુકની ઉત્પત્તિ થાય છે. તેનાથી ત્રયણુક..... આમ ક્રમથી મહાદૂધની ઉત્પત્તિ થાય છે. એ પ્રમાણે દુધના પરમાણુઓથી દહીંની ઉત્પત્તિ થાય છે. એ પ્રમાણે દહીંના પરમાણુઓથી માખણની ઉત્પત્તિ થાય છે અને તે ઉત્પત્તિ વિજાતીય તેજના સંયોગરૂપ પાકના કારણે થાય છે. (તે પણ ઉપર પ્રમાણે સમજી લેવું.)

વિશેષાર્થ :

શંકા : અગ્નિના સંયોગને પાક ન કહેતાં તેજના સંયોગને પાક કેમ કહ્યો ?

સમા. : જો પાકનો અર્થ અગ્નિનો સંયોગ કરવામાં આવે તો કાચા ઘડામાં તો વાંધો નહીં આવે કારણ કે જ્યારે કાચા ઘડાને અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે કાચા ઘડામાં તો અગ્નિના સંયોગ રૂપ પાક મનાશે. પરંતુ કાચી કેરીને તો ઘાસમાં મૂકવામાં આવે છે, ત્યાં અગ્નિનો સંયોગ ન હોવાથી પાક કેવી રીતે મનાશે... તેથી અગ્નિને બદલે તેજ કહ્યો છે. એના કારણે અગ્નિ, મુખની ઉષ્મા, ઘાસની ઉષ્મા, ભઠ્ઠાનો અગ્નિ, જઠરાગ્નિ વગેરે સર્વનું ગ્રહણ થઈ જાય છે.

શંકા : 'પૃથિવીના જે રૂપાદિ ગુણો છે તે પાકજ છે, જલાદિના નહીં' આવું મૂલમાં કહ્યું છે પરંતુ પાણીને ગરમ કરવામાં આવે છે ત્યારે ઠંડા સ્પર્શના સ્થાને ઉષ્ણ સ્પર્શનો અનુભવ તો સૌને થાય છે તો પછી જલાદિના ગુણો પાકજ કેમ નહીં?

સમા. : જલમાં જે ઉષ્ણસ્પર્શ દેખાય છે તે પાકજ નથી, ઔપાધિક છે. જો જલમાં પાકજ ઉષ્ણસ્પર્શ માનીએ તો જલ હંમેશા ગરમ જ રહેવું જોઈએ. જેવી રીતે કાચી કેરીમાં તેજના સંયોગથી કઠીન સ્પર્શના સ્થાને એકવાર મૃદુ સ્પર્શ ઉત્પન્ન થયા પછી હંમેશા એનો સ્પર્શ મૃદુ જ રહે છે તેવું પાણીમાં બનતું નથી. પાણી ગરમ કર્યા પછી ફરી પૂર્વની અવસ્થાને પ્રાપ્ત કરી લે છે અર્થાત્ ફરી ઠંડુ થઈ જાય છે માટે જલાદિના રૂપાદિ ઔપાધિક છે.

* પાકજ - પ્રક્રિયા *

★ ક્યારેક તેજના સંયોગરૂપ પાકથી વસ્તુ મૂળભૂતસ્વરૂપથી તદ્દન બદલાઈ ગઈ હોય છે - જેમ કે અન્નનું મળ બની જવું, દૂધનું દહીં બની જવું ઈત્યાદિ. ★ ક્યારેક તેજના સંયોગરૂપ પાકથી વસ્તુના મૂળભૂત સ્વરૂપમાં બહું ફરક દેખાતો નથી - જેમ કે કાચા ઘડાને અગ્નિમાં તપાવવામાં આવે ત્યારે પણ એ વસ્તુ ઘડાને આકારે જ રહે છે.

આ બંને પ્રકારના પાકને ન્યાય અને વૈશેષિક બંને દર્શન માને છે. પરંતુ કેવી રીતે પરાવર્તન પામે છે એ પ્રક્રિયા વિષયક સિધ્ધાંતમાં ફરક છે.

(૧) વૈશેષિક પીલુપાકવાદી છે. પીલુમાં = પરમાણુમાં પાક માને છે. ★ તેજના સંયોગથી વસ્તુના મૂળભૂત સ્વરૂપમાં ફેરફાર દેખાતો હોય ત્યાં પણ પીલુપાક માને છે. તે આ પ્રમાણે → વ્યક્તિએ ખાધેલું જે અન્ન છે તે દાંત દ્વારા ચવાઈ જવાના કારણે તે અન્નના દરેક પરમાણુ છૂટા પડી જાય છે અને એ પરમાણુમાં જઠરાગ્નિરૂપ તેજ દ્વારા પૂર્વના રૂપાદિનો નાશ થાય છે અને મળને યોગ્ય રૂપાદિની ઉત્પત્તિ થાય છે અને પછી એ પરમાણુના સંયોગથી મળ ઉત્પન્ન થાય છે. ★ તેમજ તેજના સંયોગથી વસ્તુના મૂળભૂત સ્વરૂપમાં ફેરફાર દેખાતો ન હોય ત્યાં પણ પરમાણુમાં જ પાક માને છે. તે આ પ્રમાણે → જ્યારે ઘડાને અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે ઘડો નષ્ટ થતાં પરમાણુરૂપે બને છે અને એ પરમાણુમાં તેજસંયોગથી શ્યામરૂપનો નાશ થાય છે અને લાલરૂપની ઉત્પત્તિ થાય છે અને પછી એ લાલ પરમાણુઓના સંયોગથી લાલ ઘડાની ઉત્પત્તિ થાય છે.

(૨) નૈયાયિક પીલુપાકવાદી તથા પિઠરપાકવાદી એમ ઊભયપાકવાદી છે. અર્થાત્ ક્યાંક પરમાણુમાં અને ક્યાંક અવયવીમાં પાક માને છે. ★ તેજના સંયોગથી વસ્તુના મૂળભૂત સ્વરૂપમાં ઘણો ફેરફાર દેખાતો હોય ત્યાં તો વૈશેષિકની જેમ પરમાણુમાં જ પાક માને છે કારણ કે ત્યાં નવા દ્રવ્યની અનુભૂતિ થાય છે. પરંતુ ★ તેજના સંયોગથી વસ્તુના મૂળભૂત સ્વરૂપમાં ફેરફાર દેખાતો ન હોય ત્યાં પિણ્ડમાં પાક માને છે. તે આ પ્રમાણે → કાચા ઘડાને જ્યારે અગ્નિમાં તપાવવામાં આવે છે ત્યારે ઘડો નષ્ટ થતો નથી પરંતુ ઘડાની સાથે અગ્નિના સંયોગથી કાળા રૂપનો નાશ થાય છે અને લાલ રૂપ ઉત્પન્ન થાય છે. આમ ઘટ પિણ્ડમાં જ પાકપ્રક્રિયા થાય છે.

(આ બાબતમાં નૈયાયિકની સામે વૈશેષિક શંકા કરે છે.)

વૈશેષિક : જો અવયવી ઘટમાં જ પાક માનો તો ઘટની અંદર રહેલા પરમાણુઓમાં અગ્નિનો પ્રવેશ થઈ શકશે નહીં તેથી અંદરના અવયવો લાલ નહીં થવા જોઈએ. પરંતુ ઘડાને તોડવામાં આવે તો અંદરના પણ અવયવો લાલ જ દેખાય છે. તેથી પરમાણુમાં જ પાક માનવો ઉચિત છે.

નૈયાયિક : અરે ભાઈ! અવયવી રન્ધ્ર= છીદ્રવાળું હોય છે. તેથી તેમાં સૂક્ષ્મ એવો અગ્નિ અંદરના અવયવો સુધી પહોંચી જાય છે. માટે ઘટના ધ્વંસ વગર જ ઘટ અંદરથી પણ લાલ થઈ જાય છે. અને બીજી વાત એ છે કે શ્યામ ઘટનો નાશ થયા પછી રક્ત ઘટની ઉત્પત્તિ માનીએ તો જે વખતે અગ્નિના ભઠ્ઠામાં શ્યામ ઘડો પડયો હોય છે તે વખતે કુંભાર ત્યાં નવો ઘડો બનાવવા તો જતો નથી તો ત્યાં લાલ ઘડાની ઉત્પત્તિ કેવી રીતે થાય છે? અને કદાચ નવો જ

ઘડો ઉત્પન્ન થયો છે એવું માની પણ લઈએ તો **'सोऽयम्'**= 'તે આ જ ઘડો છે' એવી પ્રતીતિ ન થવી જોઈએ. પરંતુ થાય તો છે જ. તેથી ઘડો એ નો એ જ છે, માત્ર એમાં તેજસંયોગથી શ્યામરૂપનો નાશ થાય છે અને લાલરૂપની ઉત્પત્તિ થાય છે, એવું માનવું વધારે ઊચિત છે.

સંખ્યા - નિરૂપણ

मूलम् : एकत्वादिव्यवहारहेतुः संख्या। सा नवद्रव्यवृत्तिः। एकत्वादिपरार्धपर्यन्ता। एकत्वं नित्यमनित्यं च। नित्यगतं नित्यम्। अनित्यगतमनित्यम्। द्वित्वादिकं तु सर्वत्रानित्यमेव॥

'એક', 'બે' ઈત્યાદિ વ્યવહારના કારણને સંખ્યા કહેવાય છે. તે સંખ્યા પૃથિવી, જલ, તેજ વગેરે નવેય દ્રવ્યોમાં રહે છે. (તે સંખ્યા કેટલી છે?) એકત્વથી લઈને પરાર્ધ સુધીની સંખ્યા છે. તેમાંથી નિત્ય દ્રવ્યમાં રહેનારી એકત્વ સંખ્યા નિત્ય છે અને અનિત્ય દ્રવ્યમાં રહેનારી એકત્વ સંખ્યા અનિત્ય છે. આમ, એકત્વ સંખ્યા નિત્ય પણ છે અને અનિત્ય પણ છે જ્યારે નિત્ય અને અનિત્ય દ્રવ્યોમાં રહેનારી દ્વિત્વ, ત્રિત્વ વગેરે સંખ્યા તો અનિત્ય જ છે.

વિશેષાર્થ :

એકત્વ સંખ્યાનો નાશ દ્રવ્યના નાશથી થાય છે. આકાશાદિ દ્રવ્યનો નાશ થતો નથી તેથી નિત્ય એવા આકાશાદિ દ્રવ્યોમાં રહેલી એકત્વ સંખ્યા નિત્ય જાણવી અને ઘટાદિ દ્રવ્યોનો નાશ થાય છે તેથી અનિત્ય એવા ઘટાદિ દ્રવ્યોમાં રહેલી એકત્વ સંખ્યા અનિત્ય જાણવી. જ્યારે **દ્વિત્વ વગેરેનો નાશ અપેક્ષા બુદ્ધિથી થાય છે.** તે આ પ્રમાણે → જ્યારે કોઈ વ્યક્તિને આકાશ અને કાલ એવા બે નિત્ય દ્રવ્યમાં 'अयमेकोऽयमेकः' એવી જે બુદ્ધિ થાય છે તે જ અપેક્ષા બુદ્ધિ છે. આવા પ્રકારની બુદ્ધિથી નિત્ય એવા આકાશ અને કાલ બંને દ્રવ્યમાં અથવા અનિત્ય એવા બંને ઘટમાં દ્વિત્વ સંખ્યા ઉત્પન્ન થાય છે અને આ અપેક્ષા બુધ્ધિ નાશ પામે ત્યારે દ્વિત્વસંખ્યા પણ નાશ પામે છે. આમ, નિત્યદ્રવ્ય કે અનિત્યદ્રવ્યમાં રહેનારી દ્વિત્વ સંખ્યા અનિત્ય જ છે. એવી રીતે ત્રિત્વ વગેરે સંખ્યા પણ સમજવી.

(प०) एकत्वादीति। 'एकत्व' मित्यादिर्यो व्यवहारः- 'एको द्वा' वित्याद्यात्मकस्तस्य हेतुः संख्या इत्यर्थः। घटादिवारणाय एकत्वादीति। कालादिवारणाय असाधारणेत्यपि देयम्। ननु संख्याया अवधिरस्ति न वेत्यत आह-एकत्वादीति। तथा च 'एकं दश शतं चैव सहस्रमयुतं तथा। लक्षं च नियुतं चैव कोटिर्बुदमेव च॥ वृन्दं खर्वो निखर्वश्च शङ्खः पद्मश्च सागरः। अन्त्यं मध्यं परार्धं च दशवृद्ध्या यथाक्रमम्॥ इति महदुक्तेः परार्धपर्यन्तैव संख्या इति भावः ॥

* પદકૃત્ય *

★ 'વ્યવહારનો જે હેતુ છે તે સંખ્યા છે' આટલું જ સંખ્યાનું લક્ષણ કરીએ તો 'अयं घटः' વગેરે વ્યવહારનું કારણ ઘટાદિ હોવાથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'એકત્વાદિ' પદના નિવેશથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહી આવે. કારણ કે ઘટાદિ એકત્વાદિ વ્યવહારનું

કારણ નથી. ★ અને હા! 'એકત્વાદિ વ્યવહારનું જે કારણ છે તે સંખ્યા છે' જો આટલું જ લક્ષણ કરીએ તો કાલ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કાલ વગેરે કાર્ય માત્ર પ્રતિ સાધારણકારણ છે તેથી એકત્વાદિ વ્યવહારનું પણ કારણ મનાશે. તે અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'असाधारण' પદનો નિવેશ કરવો.

ક્રમસર એકત્વાદિ સંખ્યાને ૧૦ વડે ગુણવાથી એક, દશ, સો, હજાર, દશહજાર, લાખ, દશલાખ, કરોડ, દશકરોડ, વૃન્દ, ખર્વ, નિખર્વ, શંખ, પદ્મ, સાગર, અન્ત્ય, મધ્ય, અને પરાર્ધ સુધીની સંખ્યા આપ્તપુરુષોએ કહી છે.

વિશેષાર્થ : પદકૃત્યમાં સંખ્યાનું 'एकत्वादिव्यवहारासाधारणकारणत्व' આ જે લક્ષણ આપ્યું છે તે પણ નિર્દુષ્ટ નથી તેથી આકાશમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે કાલના લક્ષણની જેમ સંખ્યાના લક્ષણમાં પણ 'निमित्त' પદનો નિવેશ કરવો તથા કણ્ઠ-તાલુ અભિઘાતમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે કાલના લક્ષણની જેમ સંખ્યાના લક્ષણમાં 'विभुत्व' પદનો નિવેશ ન કરતા 'कण्ठ-ताल्वभिघातभिन्नत्व' પદનો નિવેશ કરવો. તેથી સંખ્યાનું નિર્દુષ્ટ લક્ષણ આ પ્રમાણે થશે..... 'कण्ठताल्वभिघातभिन्नत्वे सति एकत्वादिव्यवहारासाधारणनिमित्तकारणत्वम्' અથવા તો



'वाच्यतासंबंधावच्छिन्न-एकत्वव्यवहारत्वावच्छिन्नकार्यतानिरूपिततादात्म्यसंबंधावच्छिन्नकारणतावत्त्वम्'

કાલના લક્ષણ પ્રમાણે સંખ્યાના અને હવે પછી આવતા પરિમાણ અને પૃથક્ત્વના પણ નિર્દુષ્ટ લક્ષણો જાણવા.

પરિમાણ - નિરૂપણ

मूलम् : मानव्यवहारासाधारणं कारणं परिमाणम्। नवद्रव्यवृत्ति। तच्चतुर्विधम्- अणु महद् दीर्घं ह्रस्वं चेति॥

'આનું માપ નાનું છે', 'આનું માપ મોટું છે' એ પ્રમાણે માન વ્યવહારના અસાધારણ કારણને પરિમાણ કહેવાય છે. આ પરિમાણ પૃથિવી વગેરે નવેય દ્રવ્યોમાં રહે છે. તે અણુ, મહત્, દીર્ઘ અને હ્રસ્વ એમ ચાર પ્રકારનું છે. (અણુ = નાનું, મહત્ = મોટું, દીર્ઘ = લાંબુ, હ્રસ્વ = ટૂંકુ)

નોંધ : જેવી રીતે 'નીલ' પદ દ્રવ્યવાચી પણ છે અને ગુણવાચી પણ છે તેવી રીતે અણુ વગેરે શબ્દ પણ દ્રવ્યવાચી અને ગુણવાચી બંને છે. પ્રસ્તુતમાં ગુણનું નિરૂપણ ચાલુ છે માટે અહીં કોઈ અણુ વગેરે પરિમાણને દ્રવ્યવાચી ન સમજી લે તેથી મૂલમાં અણુ, મહત્, વગેરે જે લખ્યું છે તેનાથી અણુત્વ, મહત્ત્વ, દીર્ઘત્વ, હ્રસ્વત્વ પરિમાણ સમજવું. (દીપિકા, સિદ્ધાન્તચન્દ્રોદય વગેરે ટીકા)

(प०) मानेति। मानं-परिमितिस्तस्या यो व्यवहारः-'इदं महदिदमणु' इत्याद्यात्मकः, तस्य कारणं परिमाणमित्यर्थः। दण्डादिवारणाय मानेति। कालादिवारणाय असाधारणेति। शब्दत्ववारणाय कारणमिति। नवद्रव्येति। चतुर्विधमपि परममध्यमभेदेन द्विविधम्। तत्र परमाणुह्रस्वत्वे परमाणुमनसोः। मध्यमाणुह्रस्वत्वे द्वयणुके। परममहत्त्वदीर्घत्वे गगनादौ। मध्यममहत्त्वदीर्घत्वे घटादौ। 'एतन्मौक्तिकादिदं मौक्तिकमण्वि' ति व्यवहारस्यापकृष्टमहत्त्वाश्रयत्वाद् गौणत्वं बोध्यम्। एवमेव 'केतनाद् व्यजनं ह्रस्वमित्यत्रापि निकृष्टदीर्घत्वाद् गौणत्वम्॥

* પદકૃત્ય *

માન = માપ, તેના 'इदं महद्', 'इदमणु' ઇત્યાદિ વ્યવહારના અસાધારણ કારણને પરિમાણ કહેવાય છે.

★ જો પરિમાણના લક્ષણમાં 'માન' પદ ન મૂકીએ અને 'व्यवहारासाधारणकारणत्वम्' આટલું જ લક્ષણ કરીએ તો 'આ દંડાદિ છે' એવા પ્રકારના વ્યવહારનું અસાધારણ કારણ દંડાદિ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'માન' પદના નિવેશથી દંડાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે દંડાદિ માનવ્યવહારનું કારણ નથી.

★ 'मानव्यवहारकारणं परिमाणम्' આટલું જ જો લક્ષણ કરીએ તો માન વ્યવહારનું સાધારણ કારણ તો કાલાદિ પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'असाधारण' પદના નિવેશથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલાદિ તો સાધારણ કારણ છે.

★ 'मानव्यवहारासाधारणत्वम्' અર્થાત્ 'માનવ્યવહારનું જે અસાધારણ હોય તેને પરિમાણ કહેવાય' આટલું જ જો લખીએ તો અસાધારણથી અસાધારણ ધર્મ લેવો કે અસાધારણ કારણ લેવું તે સ્પષ્ટ જણાવ્યું ન હોવાથી કોઈ અસાધારણ ધર્મ લઈ લે તો શબ્દત્વમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે માનવ્યવહાર શબ્દાત્મક હોવાથી તેનો અસાધારણ ધર્મ શબ્દત્વ થશે. પરંતુ લક્ષણમાં 'कारण' પદના નિવેશથી 'શબ્દત્વ' માં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે 'શબ્દત્વ' એ માનવ્યવહારનો અસાધારણ ધર્મ છે પરંતુ અસાધારણ કારણ નથી.

મૂલમાં પરિમાણના અણુત્વ, મહત્ત્વ વગેરે જે ચાર પ્રકાર બતાવ્યા છે તે પ્રત્યેકના પરમ અને મધ્યમ એમ બે ભેદ છે. (દા.ત.→ પરમઅણુત્વ પરિમાણ, મધ્યમઅણુત્વ પરિમાણ ઇત્યાદિ) તેમાં

★ પરમઅણુત્વ અને પરમહ્રસ્વત્વ પરિમાણ → પરમાણુ અને મનમાં છે.

★ મધ્યમઅણુત્વ અને મધ્યમહ્રસ્વત્વ પરિમાણ → દ્વયણુકમાં છે.

★ પરમમહત્ત્વ અને પરમદીર્ઘત્વ પરિમાણ → આકાશ વગેરેમાં છે.

★ મધ્યમહત્ત્વ અને મધ્યમદીર્ઘત્વ પરિમાણ → ઘટ, પટ વગેરેમાં છે.

અને હા! મોતીમાં મધ્યમમહત્ત્વ હોવા છતાં પણ 'આ મોતી કરતા આ મોતી અણુ= નાનું છે' એવો અણુત્વ પરિમાણનો જે વ્યવહાર થાય છે તે ગૌણ = ઔપચારિક છે. કારણ કે

મોતીમાં તો અપકૃષ્ટ મહત્ત્વ (= અલ્પ મહત્ત્વ) રહેલું છે. તે જ પ્રમાણે 'કેતન = ધ્વજા કરતા પંખો હ્રસ્વ છે' આ પ્રમાણે પંખામાં જે હ્રસ્વત્વ પરિમાણનો વ્યવહાર થાય છે તે પણ ગૌણ છે કારણ કે પંખામાં નિકૃષ્ટ દીર્ઘત્વ (= અલ્પ દીર્ઘત્વ) રહેલું છે.

વિશેષાર્થ : પરિમાણનું નીચે પ્રમાણેનું નિષ્કૃષ્ટ લક્ષણ સંખ્યાના લક્ષણ પ્રમાણે જાણવું. 'कण्ठताल्वभिघातभिन्नत्वे सति मानव्यवहारासाधारणनिमित्तकारणत्वम्' અથવા



'वाच्यतासंबंधावच्छिन्न-मानव्यवहारत्वा-वच्छिन्नकार्यतानिरूपितसमवायसंबंधावच्छिन्न-कारणतावत्त्वम्'

પૃથક્ત્વ - નિરૂપણ

मूलम् : पृथग्व्यवहारासाधारणकारणं पृथक्त्वम् । सर्वद्रव्यवृत्ति ॥

'પૃથક્' એ પ્રમાણેના વ્યવહારનું જે અસાધારણ કારણ છે તેને પૃથક્ત્વ કહેવાય છે. તે નવેય દ્રવ્યોમાં રહે છે.

(પ૦) पृथगिति । 'अयमस्मात्पृथगि 'ति यो व्यवहारस्तस्य कारणं पृथक्त्वमित्यर्थः । दण्डादिवारणाय पृथगित्यादि । कालादिवारणाय असाधारणेति । पृथग्व्यवहारत्ववार-णाय कारणमिति ॥

'આ આનાથી પૃથક્ છે' એ પ્રમાણેના વ્યવહારનું જે અસાધારણ કારણ છે તેને પૃથક્ત્વ કહેવાય છે. દંડાદિમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે પૃથક્ત્વના લક્ષણમાં 'પૃથક્ત્વ' પદનું ઉપાદાન છે. કાલાદિમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'असाधारण' પદનું ઉપાદાન છે. પૃથક્વ્યવહારત્વ=શબ્દત્વમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'कारण' પદનું ઉપાદાન છે. (પૃથક્ત્વના લક્ષણનું પદકૃત્ય પરિમાણના લક્ષણની જેમ જાણવું.)

વિશેષાર્થ : પૃથક્ત્વનું નીચે પ્રમાણેનું નિષ્કૃષ્ટ લક્ષણ સંખ્યાના લક્ષણ પ્રમાણે સમજવું. 'कण्ठताल्वभिघातभिन्नत्वे सति पृथग्व्यवहारासाधारणनिमित्तकारणत्वम्' અથવા



'वाच्यतासंबंधावच्छिन्न-पृथग्व्यवहारत्वा-वच्छिन्नकार्यतानिरूपित-समवायसंबनधावच्छिन्न-कारणतावत्त्वम्'

સંયોગ - નિરૂપણ

मूलम् : संयुक्तव्यवहारहेतुः संयोगः । सर्वद्रव्य वृत्तिः ॥

'આ બંને સંયુક્ત છે' એ પ્રમાણેના વ્યવહારનું જે અસાધારણ કારણ છે તેને સંયોગ કહેવાય છે. તે નવેય દ્રવ્યોમાં રહે છે.

(प०) संयुक्तेति । 'इमौ संयुक्ता' विति यो व्यवहारस्तस्य हेतुः संयोग इत्यर्थः । दण्डादिवारणाय संयुक्तव्यवहारेति । कालादिवारणाय असाधारणेत्यपि देयम् । संयुक्तव्यवहारत्वेऽतिप्रसक्तिवारणाय हेतुरिति । उपदर्शितलक्षणचतुष्टयेऽसाधारणपदं देयम् । क्वचित्पुस्तके परिमाणपृथक्त्वलक्षणे 'ईश्वरेच्छादिवारणायासाधारणे'ति दृश्यते, तत्त्वाधुनिकैर्न्यस्तमिति बोध्यम् ॥

* पदकृत्य *

'આ બંને સંયોગ પામેલા છે' એ પ્રમાણેના વ્યવહારનું કારણ સંયોગ છે.

★ દંડાદિમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે સંયોગના લક્ષણમાં 'संयुक्तव्यवहार' પદનું ઉપાદાન છે. કાલાદિમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'असाधारण' પદનું ઉપાદાન છે. સંયુક્તવ્યવહારત્વ ધર્મમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'હેતુ' પદનું ઉપાદાન છે. (આ રીતે સંયોગ લક્ષણનું પદકૃત્ય સંખ્યા વગેરેના લક્ષણ પ્રમાણે જાણવું.) સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ અને સંયોગ આ ચારેયના જણાવેલા લક્ષણમાં 'असाधारण' પદ આપવું જોઈએ. (આના પરથી એ સમજી શકાય છે કે પ્રાચીન પુસ્તકોના મૂળ ગ્રંથમાં 'असाधारण' પદ નથી પરંતુ) કેટલાક પુસ્તકોમાં પરિમાણ અને પૃથક્ત્વના મૂળ ગ્રંથના લક્ષણમાં જે 'असाधारण' પદ દેખાય છે તે આધુનિકોએ મૂકેલું જાણવું.

વિશેષાર્થ :

શંકા : કાલાદિ અને સંયોગગુણના લક્ષણમાં શું ભેદ છે?

સમા. : જુદા જુદા સંબંધથી કારણ ઘણા હોઈ શકે છે. જેમકે 'रजोहरणवान् साधुः' એ પ્રમાણેના વ્યવહાર પ્રતિ જેમ સાધુ કારણ છે તેમ રજોહરણ વગર 'આ રજોહરણવાળા સાધુ છે' એવું બોલી શકાતું ન હોવાથી રજોહરણ પણ કારણ છે. પરંતુ સાધુએ તાદાત્મ્ય સંબંધથી કારણ છે = કારણતાનો અવચ્છેદક સંબંધ તાદાત્મ્ય છે અને રજોહરણ એ સંયોગસંબંધથી કારણ છે = કારણતાનો અવચ્છેદક સંબંધ સંયોગ છે કારણ કે કારણ પોતાના અધિકરણમાં જે સંબંધથી રહે તેને કારણતાનો અવચ્છેદક સંબંધ કહેવાય.





તેવી રીતે 'इमौ संयुक्तौ' = 'ઘટ-પટ આ બન્ને સંયોગવાળા છે' આ વ્યવહાર પ્રતિ જેમ ઘટાદિ તાદાત્મ્ય સંબંધથી કારણ છે, તેમ સંયોગ સમવાયસંબંધથી કારણ છે.



અહીં સંયોગના લક્ષણમાં સંયોગને વિશેષણ વિધેયા કારણ તરીકે લીધું છે. તેથી કારણતાનો અવચ્છેદક સમવાયસંબંધ બનશે. કારણ કે સંયોગ ગુણ ઘટાદિમાં સમવાય સંબંધથી રહે છે. (એ જ રીતે પૃથક્ત્વ, પરિમાણની કારણતા પણ સમજવી.)

જયારે કાલ, દિશા અને સંખ્યાને તાદાત્મ્ય સંબંધથી કારણ કહ્યા હતા. આ રીતે કાલાદિ અને સંયોગના લક્ષણમાં ભેદ જાણવો. તેથી સંયોગનું નિષ્કૃષ્ટ લક્ષણ આ પ્રમાણે થશે. 'वाच्यतासंबंधाविच्छन्न-संयुक्तव्यवहारत्वाविच्छन्न-कार्यतानिरूपितसमवायसंबंधावच्छिन्न-कारणतावत्त्वम्'

★ આ સંયોગ બે પ્રકારના છે. કર્મજ સંયોગ અને સંયોગજ સંયોગ. કર્મજ સંયોગ પણ બે પ્રકારનો છે- (૧) એકકર્મજ સંયોગ અને (૨) દ્વયકર્મજ સંયોગ. જો એક જ વસ્તુ સંયોગ કરવા માટે ક્રિયા કરતી હોય તો તે સંયોગને એક કર્મજ સંયોગ કહેવાય છે. દા.ત. ઉડીને આવેલા પક્ષિનું નિષ્ક્રિય પર્વતની સાથે જે સંયોગ તે... જો બંને વસ્તુ સંયોગ કરવા માટે ક્રિયા કરતી હોય તો તે સંયોગને દ્વયકર્મજ સંયોગ કહેવાય છે. દા.ત. બંને કુસ્તીબાજ દોડતા આવીને એકબીજાની સાથે ટકરાવારૂપ જે સંયોગ કરે તે... સંયોગથી ઉત્પન્ન થયેલા સંયોગને સંયોગજ સંયોગ કહેવાય છે. દા.ત. હાથ અને પુસ્તકના સંયોગથી શરીર અને પુસ્તકનો જે સંયોગ ઉત્પન્ન થાય છે તે....

★ બીજી રીતે પણ સંયોગના બે ભેદ છે. જે સંયોગથી શબ્દ ઉત્પન્ન ન થાય તે સંયોગ નોદન સંયોગ છે અને જે સંયોગથી શબ્દ ઉત્પન્ન થાય છે તે સંયોગ અભિઘાત સંયોગ છે.

વિભાગ - નિરૂપણ

मूलम् : संयोगनाशको गुणो विभागः सर्वद्रव्यवृत्तिः ॥

જે ગુણ સંયોગનો નાશ કરે તે ગુણને વિભાગ કહેવાય છે. તે નવેય દ્રવ્યોમાં રહે છે.

(न्या०) विभागं लक्षयति- संयोगेति । संयोगनाशकत्वविशिष्टगुणत्वं विभागस्य लक्षणम्। विशेषणमात्रोपादाने क्रियाया अपि संयोगनाशकत्वात्तत्रातिव्याप्तिस्तद्-वारणाय 'गुणत्व' मिति विशेष्योपादानम् ॥

* ન્યાયબોધિની *

'संयोगनाशकत्वे सति गुणत्वम्' વિભાગના આ લક્ષણમાં માત્ર 'संयोगनाशकत्व' રૂપ વિશેષણ પદનું જ ઉપાદાન કરીએ તો ક્રિયા પણ સંયોગના નાશનું કારણ હોવાથી ક્રિયામાં પણ વિભાગનું લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં વિશેષ્ય એવા 'गुणत्व' પદના ઉપાદાનથી ક્રિયામાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ક્રિયા એ ગુણ સ્વરૂપ નથી.

(પ૦) संयोगेति । संयोगनाशजनक इत्यर्थः । कालेऽतिप्रसक्तिवारणाय गुणपदम्। ईश्वरेच्छादिवारणाय 'असाधारणे' त्यपि बोध्यम् । ननु असाधारणपदोपादाने गुणपदस्य वैयर्थ्यं स्यादिति चेत् । न । क्रियायामतिप्रसक्तिवारणाय तस्याप्यावश्यकत्वात् ॥

* પદકૃત્ય *

'संयोगनाशक'નો 'संयोगनाशजनक' આ પ્રમાણે અર્થ કરવાનો છે.

★ વિભાગના લક્ષણમાં જો 'गुण' પદનું ઉપાદાન ન કરીએ. અર્થાત્ 'संयोगના નાશનું જે કારણ હોય તે વિભાગ છે' એટલું જ કહીએ તો કાલ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કાર્ય માત્ર પ્રતિ કાલ એ કારણ છે. પરંતુ લક્ષણમાં 'गुण' પદના ઉપાદાનથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલાદિ એ ગુણ નથી. ★ 'જે संयोगના નાશનું કારણ હોય અને જે ગુણ હોય તેને વિભાગ કહેવાય છે.' આવું પણ કહીએ તો ઈશ્વરઈચ્છા વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે ઈશ્વરઈચ્છા એ પણ કાર્યમાત્રનું સાધારણ કારણ છે અને ગુણ પણ છે. પરંતુ લક્ષણમાં 'असाधारण' પદના નિવેશથી ઈશ્વરઈચ્છા વગેરે (આદિ પદથી ઈશ્વરકૃતિ, ઈશ્વરજ્ઞાન વગેરે)માં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઈશ્વરઈચ્છા વગેરે સાધારણ કારણ છે.

'વિભાગના લક્ષણમાં 'असाधारण' પદના નિવેશથી કાલાદિની અતિવ્યાપ્તિ દૂર થઈ જશે. કારણ કે કાલ વગેરે પણ ઈશ્વર ઈચ્છાદિની જેમ સાધારણ કારણ જ છે. તેથી પૂર્વે કાલાદિની અતિવ્યાપ્તિને દૂર કરવા માટે જે 'गुण' પદનું ઉપાદાન કર્યું હતું તે વ્યર્થ છે.' એવું ન કહેવું કારણ કે 'गुण' પદનું ઉપાદાન ન કરીએ તો संयोगના નાશનું કારણ જેમ વિભાગ છે તેમ ક્રિયા પણ હોવાથી ક્રિયામાં અતિવ્યાપ્તિ આવશે પરંતુ લક્ષણમાં 'गुण' પદના ઉપાદાનથી ક્રિયામાં અતિવ્યાપ્તિ નહીં આવે (કારણ કે ક્રિયા એ ગુણ સ્વરૂપ નથી.) તેથી વિભાગના લક્ષણમાં 'गुण' પદ પણ આવશ્યક છે.

વિશેષાર્થ :

શંકા : અરે ભાઈ! વિભાગનું 'संयोगनाशासाधारणकारणत्वे सति गुणत्वम्' આવું પણ લક્ષણ હજી અતિવ્યાપ્તિ દોષવાળું છે. કારણ કે જેવી રીતે ઘટ વિના ઘટનો નાશ ન થતો હોવાથી ઘટના નાશનું અસાધારણ કારણ ઘટ છે તેવી રીતે संयोगના નાશનું અસાધારણ કારણ संयोग છે. અને संयोग એ ગુણ પણ છે. તેથી લક્ષણ કર્યું છે વિભાગનું અને ગયું संयोगમાં. અતિવ્યાપ્તિ આવશે.

સમા. : 'नाशजनकत्वं च प्रतियोगित्वसंबन्धानवच्छिन्नकार्यतानिरूपितं ग्राह्यम्।' અર્થાત્ કાર્યતાનો અવચ્છેદક સંબંધ પ્રતિયોગિતા ભિન્ન (અભાવીય વિશેષણતા રૂપ) સ્વરૂપસંબંધ લઈશું. આમ કરવાથી વિભાગનું લક્ષણ હવે સંયોગમાં નહીં જાય. તે આ પ્રમાણે...





સંયોગનાશ એ કાર્ય છે. કાર્ય પોતાના અધિકરણમાં જે સંબંધથી રહે છે તેને કાર્યતાનો અવચ્છેદક સંબંધ કહેવાય છે. તેથી જ્યારે સંયોગનાશનું કારણ સંયોગ લઈએ ત્યારે કાર્યતાનો અવચ્છેદક સંબંધ પ્રતિયોગિતા બને છે અને જ્યારે સંયોગનાશનું કારણ વિભાગ લઈએ ત્યારે જ કાર્યતાનો અવચ્છેદક સ્વરૂપસંબંધ બને છે. કારણ કે 'સંયોગનાશ'એ અભાવ સ્વરૂપ હોવાથી સામાન્યતયા સ્વરૂપસંબંધથી પોતાના અધિકરણમાં રહે છે.

આમ, કાર્યતાનો અવચ્છેદક પ્રતિયોગિતા ભિન્ન સ્વરૂપસંબંધ લેવાથી લક્ષણ થશે 'स्वरूपसंबन्धावच्छिन्न-संयोगनाशत्वावच्छिन्नकार्यतानिरूपित-समवायसंबंधावच्छिन्नकारणतावत्त्वं विभागस्य लक्षणम्' તેથી સંયોગમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

શંકા : જ્યાં 'આ બન્ને વિભક્ત છે' એ પ્રમાણે વિભાગની અનુભૂતિ થાય છે. ત્યાં 'આ આનાથી પૃથક્ છે' એ પ્રમાણે પૃથક્ની પણ અનુભૂતિ થાય છે. અને જ્યાં પૃથક્ની અનુભૂતિ થાય છે ત્યાં 'ઘટ પટથી ભિન્ન છે' એ પ્રમાણે ભેદની પણ અનુભૂતિ થાય છે તો વિભાગ, પૃથક્ત્વ અને ભેદમાં તફાવત શું છે?

સમા. : વિભાગ એ પૃથક્ત્વ અને ભેદનો વ્યાપ્ય (ન્યૂનદેશવૃત્તિ) કહેવાય. કારણ કે જ્યાં જ્યાં વિભાગ હોય ત્યાં ત્યાં પૃથક્ત્વ અને ભેદ મળશે. પરંતુ જે પૃથક્ હોય, જે ભિન્ન હોય તે બધા જ વિભક્ત ન કહી શકાય. દા.ત.→સૂર્ય એ ચંદ્રથી પૃથક્ છે પણ વિભક્ત કહી શકાય નહીં. ઘટ એ પટથી ભિન્ન છે પણ વિભક્ત છે એવું કહી શકાય નહીં. કારણ કે જે સંયુક્ત છે તેને જ વિભક્ત કહી શકાય.

એવી જ રીતે પૃથક્ત્વ પણ ભેદનો વ્યાપ્ય કહેવાય છે. કારણ કે જ્યાં જ્યાં પૃથક્ત્વ છે ત્યાં બધે ભેદની પ્રતીતિ થશે પરંતુ જ્યાં જ્યાં ભેદની પ્રતીતિ થાય છે ત્યાં બધે જ પૃથકત્વ રહેતું નથી. દા.ત.→ઘટત્વ એ ઘટથી ભિન્ન છે, પરંતુ ઘટત્વ એ ઘટથી પૃથક્ નથી. કારણ કે ઘટત્વ ઘટમાં અપૃથક્ ભાવથી રહે છે. માટે વિભાગ, પૃથક્ત્વ અને ભેદ આ ત્રણેયને એક ન કહી શકાય. જો ત્રણેયને એક માનશો તો તેઓની વચ્ચે વ્યાપ્ય - વ્યાપક ભાવ નહીં માની શકાય.

★ વિભાગ પણ સંયોગની જેમ ત્રણ પ્રકારે જાણવો. (૧) જો એક જ વસ્તુ છૂટા પડવા

માટે ક્રિયા કરતી હોય તો તે વિભાગને એકકર્મજ વિભાગ કહેવાય. દા.ત. → પર્વત ઉપરથી પક્ષી ઊડી જતાં પર્વત અને પક્ષીનો જે વિભાગ તે... (૨) જો બંને વસ્તુ છૂટા પડવા માટે ક્રિયા કરતી હોય તો તે વિભાગને દ્વયકર્મજ વિભાગ કહેવાય. દા.ત. → બન્ને કુસ્તીબાજ અથડાઈને છૂટા પડે ત્યારે તેમનો થયેલો વિભાગ તે... (૩) વિભાગથી ઉત્પન્ન થયેલા વિભાગને વિભાગજ વિભાગ કહેવાય છે. દા.ત. → હાથ અને પુસ્તકના વિભાગથી શરીર અને પુસ્તકનો જે વિભાગ ઉત્પન્ન થાય છે તે...

પરત્વાપરત્વ - નિરૂપણ

मूलम् : परापरव्यवहारासाधारणकारणे परत्वापरत्वे। पृथिव्यादिचतुष्टय-मनोवृत्तिनी। ते च द्विविधे। दिक्कृते कालकृते चेति । दूरस्थे दिक्कृतं परत्वम्। समीपस्थे दिक्कृतमपरत्वम् । ज्येष्ठे कालकृतं परत्वम् । कनिष्ठे कालकृतमपरत्वम् ॥

'આ આનાથી પર છે' એ પ્રમાણે પર વ્યવહારના અસાધારણ કારણને પરત્વ કહેવાય છે અને 'આ આનાથી અપર છે' એ પ્રમાણે અપર વ્યવહારના અસાધારણ કારણને અપરત્વ કહેવાય છે. આ બંને ગુણો પૃથિવી, જલ, તેજ, વાયુ અને મનમાં રહે છે અને દિક્કૃત (દૈશિક) અને કાલકૃત (કાલિક) ભેદથી બે પ્રકારના છે. દૂર રહેલા દ્રવ્યમાં દૈશિક પરત્વ છે. સમીપ રહેલા દ્રવ્યમાં દૈશિક અપરત્વ છે. જેની ઉત્પત્તિમાં વધારે કાલ થયો હોય એવા જયેષ્ઠમાં કાલિક પરત્વ છે. જેની ઉત્પત્તિમાં ઓછો કાલ થયો હોય એવા કનિષ્ઠમાં કાલિક અપરત્વ છે.

(પ૰) परेति । परव्यवहारासाधारणं कारणं परत्वम् । अपरव्यवहारासाधारणं कारणमपरत्वमित्यर्थः । दण्डादिवारणाय परव्यवहारेति । कालादिवारणाय असाधारणेति। परव्यवहारत्ववारणाय कारणेति । एवमेव द्वितीयेऽपि बोध्यम् ॥

* પદકૃત્ય *

પર અને અપર વ્યવહારના અસાધારણ કારણને અનુક્રમે પરત્વ અને અપરત્વ કહેવાય છે. અહીં પરત્વના લક્ષણમાં વ્યવહારના અસાધારણ કારણ દંડમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'પરવ્યવહાર' પદનું ઉત્પાદન છે. સાધારણ કારણ એવા કાલમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'અસાધારણ' પદનું ઉત્પાદન છે. પરવ્યવહારત્વમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે 'કારણ' પદનું ઉપાદાન છે. એ પ્રમાણે બીજામાં = અપરત્વના લક્ષણમાં પણ જાણવું.

(આ પરત્વાપરત્વ લક્ષણનું પદકૃત્ય પરિમાણના લક્ષણ પ્રમાણે જાણવું.)

વિશેષાર્થ :

★ **દૈશિક પરત્વાપરત્વની ઉત્પત્તિ :** (એ) ઘણા મૂર્તદ્રવ્યોના સંયોગના જ્ઞાનથી દૈશિક પરત્વ ઉત્પન્ન થાય છે. **દા.ત.** → *સુરતની અપેક્ષાએ અમદાવાદથી બોમ્બે દૂર છે. તો અહીં સુરતની અપેક્ષાએ અમદાવાદ અને બોમ્બે વચ્ચે મૂર્તદ્રવ્યોનો સંયોગ વધારે છે. તેથી સુરતની*

અપેક્ષાએ અમદાવાદ અવધિક બોમ્બેમાં દૈશિક દૂરત્વ છે. (બી) ઓછા મૂર્તદ્રવ્યોના સંયોગના જ્ઞાનથી દૈશિક અપરત્વ ઉત્પન્ન થાય છે. **દા.ત.** → અમદાવાદની અપેક્ષાએ સુરતથી બોમ્બે નજીક હોવાથી અમદાવાદની અપેક્ષાએ સુરત-બોમ્બે વચ્ચે મૂર્તનો સંયોગ ઓછો છે. તેથી અમદાવાદની અપેક્ષાએ સુરત અવધિક બોમ્બેમાં દૈશિક અપરત્વ છે.

આના પરથી જાણી પણ શકાય કે દૈશિક પરત્વાપરત્વને સમજવા માટે ત્રણ વસ્તુની જરૂર પડે. જેમાં પરત્વાપરત્વ રાખવું છે તેનું જ્ઞાન હોવું જોઈએ, જેની અપેક્ષાએ પરત્વાપરત્વ આવ્યું છે તેનું પણ જ્ઞાન હોવું જોઈએ અને જેનાથી પરત્વાપરત્વ આવ્યું હોય તેનું જ્ઞાન પણ જરૂરી છે.

★ **કાલિક પરત્વાપરત્વની ઉત્પત્તિ :** (એ) સૂર્યનું પરિભ્રમણ જે વસ્તુ ઉત્પન્ન થયા પછી વધુ થયું હોય તે વસ્તુમાં કાલિક પરત્વ ઉત્પન્ન થાય છે. **દા.ત.** → મારી અપેક્ષાએ ગુરુજી ઉંમરમાં મોટા હોવાથી ગુરુજીને ઉત્પન્ન થયા પછી મારી અપેક્ષાએ સૂર્યના પરિભ્રમણ વધારે થયા છે. તેથી ગુરુજીમાં કાલિક પરત્વ છે. (જયેષ્ઠત્વ) (બી) સૂર્યનું પરિભ્રમણ જે વસ્તુ ઉત્પન્ન થયા પછી ઓછું થયું હોય તે વસ્તુમાં કાલિક અપરત્વ ઉત્પન્ન થાય છે. **દા.ત.** → ગુરુજીની અપેક્ષાએ હું ઉંમરમાં નાની હોવાથી મને ઉત્પન્ન થયા પછી સૂર્યના પરિભ્રમણ ઓછા થયા છે. તેથી મારામાં કાલિક અપરત્વ છે. (કનિષ્ઠત્વ)

આમ, અપેક્ષા બુદ્ધિ ઉત્પન્ન થવાથી પરત્વાપરત્વ ઉત્પન્ન થાય છે અને અપેક્ષાબુદ્ધિ નાશ થતા તે પરત્વાપરત્વનો પણ નાશ થાય છે.

શંકા : શું દૈશિક પરત્વાપરત્વ અને કાલિક પરત્વાપરત્વ પૃથિવી વગેરે પાંચેયમાં રહે છે?

સમા. : ના, દૈશિક પરત્વાપરત્વ મૂર્તમાત્રમાં અર્થાત્ નિત્ય અને અનિત્ય એવા પૃથિવી, જલ, તેજ, વાયુ અને મન એમ પાંચેય દ્રવ્યોમાં રહે છે. જયારે કાલિક પરત્વાપરત્વ જન્યદ્રવ્યમાત્રમાં=અનિત્ય એવા પૃથિવી, જલ, તેજ, અને વાયુ એમ ચાર જ દ્રવ્યોમાં રહે છે.

અર્થાત્ ★ દૈશિક પરત્વાપરત્વ આકાશાદિ કોઈપણ વિભુ દ્રવ્યમાં રહેતું નથી. કારણ કે આકાશાદિ કોઈની નજીક પણ નથી અને કોઈથી દૂર પણ નથી. જયારે પૃથિવી વગેરેના નિત્ય પરમાણુમાં દૈશિક પરત્વાપરત્વ રહે છે કારણ કે યોગીઓને પરમાણુ પ્રત્યક્ષ હોવાથી તેઓ તો કહી શકે છે કે 'આ પરમાણુ નજીક છે', 'આ પરમાણુ દૂર છે.' ★ કાલિક પરત્વાપરત્વ પૃથિવી વગેરે ચારના નિત્ય પરમાણુમાં ન રહે કારણ કે આ જલીય પરમાણુ, આ પૃથિવી પરમાણુથી આટલા વર્ષ નાનો કે મોટો છે એવું બોલી શકાતું નથી. બે સદાકાળથી છે અને સદાકાળ રહેવાના છે. વળી આકાશ, કાળ, દિશા અને આત્મા આ ચારમાં દૈશિક પરત્વાપરત્વની જેમ કાલિક પરત્વાપરત્વ પણ નથી રહેતું કારણ કે આ ચારેય દ્રવ્યો નિત્ય છે.

ગુરુત્વ - નિરૂપણ

મૂલમ્ : આદ્યપતનાસમવાયિકારણં ગુરુત્વં, પૃથિવીજલવૃત્તિ ॥

પ્રથમક્ષણની પતનક્રિયાનું જે અસમાવાયિકારણ છે તેને ગુરુત્વ કહેવાય છે. તે પૃથિવી અને જલમાં રહે છે.

(न्या०) गुरुत्वं लक्षयति - आद्येति । द्वितीयपतनक्रियायां वेगस्यासमवायिकारणत्वात्तत्रातिव्याप्तिवारणाय आद्येति । उत्तरत्र स्यन्दने 'आद्य' विशेषणमपि पूर्ववदेव योजनीयम् ॥

* ન્યાયબોધિની *

'आद्यपतनासमवायिकारणं गुरुत्वम्' ગુરુત્વના લક્ષણમાં 'आद्य' પદનો નિવેશ ન કરીએ તો વેગમાં અતિવ્યાપ્તિ આવે છે કારણ કે બીજી વગેરે ક્ષણની પતનક્રિયાનું અસમવાયિ કારણ વેગ છે. પરંતુ 'आद्य' પદના નિવેશથી વેગમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે આદ્યક્ષણની પતનક્રિયાનું અસમવાયિકારણ વેગ નથી. આગળ પણ દ્રવત્વના લક્ષણમાં 'સ્યન્દન' પદના 'आद्य' વિશેષણનું પ્રયોજન પણ આ પ્રમાણે સમજી લેવું.

(प०) आद्येति । दण्डादिवारणाय असमवायीति । रूपादिवारणाय पतनेति । वेगेऽतिव्याप्तिवारणाय आद्येति ॥

* પદકૃત્ય *

★ 'असमवायि' પદ ન મૂકીએ અને 'आद्यपतनकारणम्' આટલું જ ગુરુત્વનું લક્ષણ કરીએ તો દંડાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે દંડના પ્રહારથી ફલાદિનું પતન થતું હોવાથી દંડ એ પતનક્રિયાનું નિમિત્ત કારણ છે અને આદિ પદથી આમ્રમાં પણ અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કેરી જયારે નીચે પડે છે ત્યારે પતનક્રિયા કેરીમાં સમવાયસંબંધથી રહે છે. તેથી પતન ક્રિયાનું સમવાયિકારણ આમ્ર બનશે. પરંતુ ગુરુત્વના લક્ષણમાં 'असमवायि' પદના નિવેશથી દંડાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે આદ્યપતનની ક્રિયામાં દંડ એ નિમિત્તકારણ છે અને આમ્ર એ સમવાયિકારણ છે.

★ માત્ર 'असमवायिकारणं गुरुत्वम्' આટલું જ કહેવામાં આવે તો રૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે કપાલાદિનું રૂપ ઘટાદિના રૂપ પ્રતિ અસમવાયિકારણ છે. પરંતુ ગુરુત્વના લક્ષણમાં 'पतन' પદના નિવેશથી રૂપાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે રૂપાદિ પતન ક્રિયાના કારણ નથી.

★ હવે 'पतनासमवायिकारणं गुरुत्वम्' આટલું જ કહીએ તો વેગમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે પતનક્રિયાનુ અસમવાયિકારણ વેગ પણ છે પરંતુ લક્ષણમાં 'आद्य' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે વેગ દ્વિતીયાદિ ક્ષણની પતનક્રિયાનું અસમવાયિકારણ છે, આદ્ય ક્ષણની નહીં.

દ્રવત્વ - નિરૂપણ

मूलम् : आद्यस्यन्दनासमवायिकारणं द्रवत्वम् । पृथिव्यप्तेजोवृत्ति । तद् द्विविधं - सांसिद्धिकं नैमित्तिकं च । सांसिद्धिकं जले, नैमित्तिकं पृथिवीतेजसोः । पृथिव्यां घृतादावग्निसंयोगजं द्रवत्वम् । तेजसि सुवर्णादौ ॥

પ્રથમ ક્ષણના સ્યન્દનનું = વહેવાનું જે અસમવાયિકારણ છે તેને દ્રવત્વ કહેવાય છે. તે પૃથ્વિ, જલ અને તેજમાં રહે છે. તથા સાંસિદ્ધિક = સ્વાભાવિક પ્રવાહીપણું અને નૈમિત્તિક = નિમિત્તથી થતું પ્રવાહીપણું ભેદથી બે પ્રકારનું છે. સાંસિદ્ધિક દ્રવત્વ જલમાં છે અને નૈમિત્તિક દ્રવત્વ પૃથિવી અને તેજમાં છે. (તે કેવી રીતે ?) ઘૃત, લાખ, મોમ વગેરે પૃથિવી અને સુવર્ણ, રજત વગેરે તેજ અગ્નિનો સંયોગ મળતા પ્રવાહી રૂપે થાય છે. તેથી ઘૃતાદિ પૃથિવીમાં અને સુવર્ણાદિ તેજમાં નૈમિત્તિક દ્રવત્વ મનાયું છે.

(प०) आद्यस्यन्दनेति । दण्डादिवारणाय असमवायीति । रसादिवारणाय स्यन्दनेति ॥

સુગમ છે.

સ્નેહ - નિરૂપણ

मूलम् : चूर्णादिपिण्डीभावहेतुर्गुणः स्नेहः । जलमात्रवृत्तिः ॥

ચૂર્ણાદિના પિંડીભાવનું કારણ જે ગુણ છે તેને સ્નેહ કહેવાય છે. તે માત્ર જલમાં જ રહે છે.

વિશેષાર્થ :



★ અહીં પિણ્ડીભાવ જે એક વિલક્ષણ સંયોગ છે, તેની પ્રતિ ચૂર્ણાદિ સમવાયિકારણ છે. કારણ કે કાર્ય જેમાં સમવાય સંબંધથી રહેતું હોય તેને સમવાયિકારણ કહેવાય છે.

★ પિણ્ડીભાવ પ્રતિ ચૂર્ણની ક્રિયા અસમાવાયિકારણ છે. અસમવાયિકારણનું લક્ષણ તો આગળ આવશે. છતાં સામાન્યથી કાર્ય અને કારણ બંનેનું સમવાયસંબંધથી એક અધિકરણ હોય અથવા તો સ્વસમવાયિસમવેત સંબંધથી જો કારણ કાર્યના અધિકરણમાં રહેતું હોય તો એ કાર્ય પ્રતિ એ કારણને અસમવાયિકારણ કહેવાય છે. અહીં કાર્ય એવા પિણ્ડીભાવની સાથે

એક જ અધિકરણમાં કારણ એવી ચૂર્ણની ક્રિયા પણ સમવાયસંબંધથી રહે છે તેથી ચૂર્ણની ક્રિયા એ અસમવાયિકારણ છે.

★ પરંતુ પિણ્ડીભાવ પ્રતિ સ્નેહ અસમવાયિકારણ ન બની શકે કારણ કે સ્નેહ જલમાં રહીને ચૂર્ણમાં રહે છે. અર્થાત્ સ્નેહ કાર્યના અધિકરણ એવા ચૂર્ણમાં સ્વસમવાયિસંયોગ સંબંધથી રહે છે, સ્વસમવાયિસમવેત સંબંધથી નથી રહેતો. તેથી સ્નેહ અસમવાયિકારણ ન બનતા નિમિત્તકારણ છે.

(न्या०) स्नेहं लक्षयति-चूर्णादीति । चूर्णादिपिण्डीभावहेतुत्वे सति गुणत्वं स्नेहस्य लक्षणम्। पिण्डीभावो नाम - चूर्णादेर्धारणाकर्षणहेतुभूतो विलक्षणः संयोगः । तादृशसंयोगे स्नेहस्यैवासाधारणकारणत्वं न तु जलादिगतद्रवत्वस्य । तथा सति द्रुतसुवर्णादिसंयोगेन चूर्णादेः पिण्डीभावापत्तेः । अतः स्नेह एवासाधारणं कारणम्। विशेषणमात्रोपादाने कालादावतिव्याप्तिरतस्तद्वारणाय विशेष्योपादानम्। वस्तुतस्तु द्रुतजलसंयोगस्यैव पिण्डीभावहेतुत्वं, स्नेहस्य पिण्डीभावहेतुत्वे मानाभावात्। जले द्रुतत्वविशेषणात्करकादिव्यावृत्तिः॥

* ન્યાયબોધિની *

'चूर्णादिपिण्डीभावहेतुत्वे सति गुणत्वम्' સ્નેહના આ લક્ષણમાં પિણ્ડીભાવ = લોટ વગેરે ચૂર્ણને ધારણ અને આકર્ષણ કરવામાં કારણભૂત એવો વિશેષ પ્રકારનો સંયોગ. આવા પ્રકારના વિલક્ષણ સંયોગમાં સ્નેહ જ અસાધારણ કારણ છે, જલાદિમાં રહેલું દ્રવત્વ નહીં.

★ જો પિણ્ડીભાવમાં જલાદિગત દ્રવત્વને કારણ માનીએ તો દ્રવેલા=પીગળેલા સુવર્ણાદિના સંયોગથી પણ ચૂર્ણાદિનો પિંડ થવો જોઈએ પરંતુ એવું થતું નથી. આથી સ્નેહ જ પિણ્ડીભાવનું અસાધારણ કારણ છે.

★ જો લક્ષણમાં 'चूर्णादिपिण्डीभावहेतुत्व' એ પ્રમાણે વિશેષણ માત્રનું ઉપાદાન કરીએ તો કાર્યમાત્રનું કારણ કાલાદિ હોવાથી કાલાદિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'गुणत्व' પદના ઉપાદાનથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલાદિ ગુણ નથી.

वस्तुतस्तु ..... વાસ્તવિક રીતે તો સ્નેહને પિણ્ડીભાવનું કારણ માનવામાં કોઈ પ્રમાણ નથી કારણ કે જો સ્નેહને પિણ્ડીભાવનું કારણ માનીએ તો બરફ, કરા વગેરે જલ સ્વરૂપ હોવાથી એમાં પણ સ્નેહ ગુણ તો છે જ. તેથી બરફાદિથી ચૂર્ણાદિનો પિંડ થવો જોઈએ. પરંતુ એવું બનતું નથી. આ તો સૌ કોઈને પ્રત્યક્ષ જ છે. તેથી દ્રુતજલના=પ્રવાહીરૂપ પાણીના સંયોગને જ પિણ્ડીભાવનું કારણ માની લેવું.

शंका : માત્ર જલના સંયોગને જ પિણ્ડીભાવનું કારણ માનો ને. જલમાં દ્રુતત્વ વિશેષણ શા માટે આપ્યું?

समा. : અરે ભાઈ! આમ કરવાથી તો કરાદિ જલ સ્વરૂપ હોવાથી કરાદિથી ફરી પિંડ થવાની

આપત્તિ આવશે. એ આપત્તિ ન આવે માટે ન્યાયબોધિનીકારે જલમાં દ્રુતત્વ વિશેષણ આપ્યું છે.

(પ૦) चूर्णादीति। चूर्णं पिष्टं तदेवादिर्यस्य मृत्तिकादेः स चूर्णादिस्तस्य पिण्डीभावः संयोगविशेषस्तस्य हेतुर्निमित्तकारणं स्नेह इत्यर्थः। कालादावतिव्याप्तिवारणाय गुणपदम्। रूपादावतिव्याप्तिवारणाय पिण्डीभावेति । चूर्णपदं स्पष्टार्थम् ॥

* પદકૃત્ય *

ચૂર્ણ = પિષ્ટ, તે જ છે આદિ જે માટી વગેરેનું તે ચૂર્ણાદિ. તેનો જે પિણ્ડીભાવ = સંયોગવિશેષ છે, તેનો હેતુ = નિમિત્તકારણ સ્નેહ છે. એ પ્રમાણે મૂળની પંક્તિનો અર્થ જાણવો.

સ્નેહના આ લક્ષણમાં 'ગુણ' પદનું ઉપાદાન કાલાદિમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે છે. લક્ષણમાં 'पिण्डीभावहेतुः' પદના ઉપાદાનથી રૂપાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે રૂપાદિ પિણ્ડીભાવના કારણ નથી. લક્ષણમાં 'ચૂર્ણ' પદ કોઈ અવ્યાપ્તિ વગેરે દોષને દૂર કરવા માટે નથી મૂક્યું, પરંતુ સ્પષ્ટતા માટે જ મૂક્યું છે.

વિશેષાર્થ :

★ 'पिण्डीभावहेतुर्गुणः स्नेहः' આવું પણ સ્નેહનું લક્ષણ ઈશ્વરઈચ્છાદિમાં જવાથી અતિવ્યાપ્તિ આવશે. કારણ કે ઈશ્વરઈચ્છાદિ કાર્ય માત્ર પ્રતિ કારણ છે અને ગુણ છે. પરંતુ લક્ષણમાં 'असाधारण' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઈશ્વરઈચ્છા અસાધારણકારણ નથી. તેથી લક્ષણ બનશે 'पिण्डीभावासाधारणकारणं गुणः स्नेहः'

★ જો કે 'असाधारण' પદના નિવેશથી ઈશ્વરઈચ્છાની જેમ, સાધારણકારણ એવા કાલાદિમાં પણ અતિવ્યાપ્તિનું વારણ થઈ જ જશે. તેથી કાલાદિમાં અતિવ્યાપ્તિના વારણ માટે 'ગુણ' પદની જરૂર નથી પરંતુ ચૂર્ણાદિ પણ પિણ્ડીભાવનું અસાધારણ સમવાયિકારણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિના વારણ માટે સ્નેહના લક્ષણમાં 'ગુણ' પદ આવશ્યક છે. 'चूर्णादावतिव्याप्ति-वारणाय गुणत्वमुक्तत्वम्' (લઘુબોધિની)

શબ્દ - નિરૂપણ

मूलम् : श्रोत्रग्राह्यो गुणः शब्दः । आकाशमात्रवृत्तिः । स द्विविधः - ध्वन्यात्मको वर्णात्मकश्च । तत्र ध्वन्यात्मको भेर्यादौ । वर्णात्मकः संस्कृतभाषादिरूपः ॥

શ્રવણેન્દ્રિયથી જે ગુણનું પ્રત્યક્ષ થાય છે તેને શબ્દ કહેવાય છે. તે શબ્દ માત્ર આકાશમાં જ રહે છે. તથા ધ્વનિ અને વર્ણ સ્વરૂપે બે પ્રકારનો છે. તેમાં ભેરી, મૃદંગ વગેરે વાજિંત્રનો અવાજ તે ધ્વનિ સ્વરૂપ શબ્દ છે. અને સંસ્કૃત, પ્રાકૃત ભાષારૂપ શબ્દ તે વર્ણ સ્વરૂપ શબ્દ છે.

(ન્યા૦) शब्दं लक्षयति-श्रोत्रेति। शब्दत्वेऽतिव्याप्तिवारणाय गुण इति। रूपादावतिव्याप्तिवारणाय श्रोत्रेति। स त्रिविधः - संयोगजो विभागजः शब्दजश्चेति।

यथा भेरीदण्डसंयोगजो भांकारादिशब्दः, हस्ताभिघात-संयोगजन्यो मृदङ्गादिशब्दः। वंशे पाट्यमाने दलद्वयविभागजश्चटचटाशब्दः। शब्दोत्पत्तिदेशमारभ्य श्रोत्रदेशपर्यन्तं वीचीतरङ्गन्यायेन कदम्बमुकुलन्यायेन वा निमित्तपवनेन शब्दधारा जायन्ते। तत्र उत्तरोत्तरशब्दे पूर्वपूर्वशब्दः कारणम्॥

* न्यायबोधिनी *

★ 'श्रोत्रग्राह्यो गुणः शब्दः' શબ્દના આ લક્ષણમાં 'श्रोत्रग्राह्य' પદનું જ ઉપાદાન કરીએ તો, 'જે ઈન્દ્રિયથી જે ગુણનું જ્ઞાન થાય છે, તે ઈન્દ્રિયથી તેમાં રહેલી જાતિનું પણ જ્ઞાન થાય છે' આ નિયમથી શબ્દની જેમ શબ્દમાં રહેલી શબ્દત્વ જાતિ પણ શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય કહેવાશે. તેથી શબ્દત્વ જાતિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'गुण' પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે શબ્દત્વ એ જાતિ છે, ગુણ નથી.

★ લક્ષણમાં માત્ર 'गुण' પદનું જ ઉપાદાન કરીએ તો રૂપાદિ પણ ગુણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'श्रोत्रग्राह्यः' પદના ઉપાદાનથી રૂપાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે રૂપાદિ શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય નથી.

આ શબ્દ ત્રણ પ્રકારનો છે - સંયોગજ, વિભાગજ અને શબ્દજ (૧) સંયોગથી જે શબ્દ ઉત્પન્ન થાય છે તેને સંયોગજ શબ્દ કહેવાય છે. દા.ત. → ભેરી અને દંડના સંયોગથી જે ભાંકારાદિ અવાજ નીકળે છે તે, તથા હસ્તના અભિઘાત = સંયોગથી ઉત્પન્ન થતો જે મૃદંગાદિ વાજિંત્રનો અવાજ છે તે સંયોગજ શબ્દ કહેવાય છે. (૨) બે વસ્તુનો વિભાગ કરવાથી જે શબ્દ ઉત્પન્ન થાય તેને વિભાગજ શબ્દ કહેવાય છે. દા.ત. → વાંસને ચીરવામાં બે પટ્ટીઓના વિભાગથી ઉત્પન્ન થતો જે ચટચટ અવાજ છે, તે વિભાગજ શબ્દ કહેવાય છે. (૩) જેમાં પછી પછીના શબ્દો પ્રતિ પહેલા પહેલાના શબ્દો કારણ બને તેને શબ્દજ શબ્દ કહેવાય છે. દા.ત. → ભેરી વગેરે વાજિંત્ર જે દેશમાં હોય તે દેશમાં ઉત્પન્ન થયેલો શબ્દ પોતાના સદેશ બીજા શબ્દને, બીજો શબ્દ પોતાના સદેશ ત્રીજા શબ્દને ઉત્પન્ન કરે છે. એ રીતે પ્રથમ શબ્દ જ્યાં ઉત્પન્ન થયો છે તે પ્રદેશથી માંડીને દૂર રહેલા પુરુષના શ્રોત્રદેશ = શ્રવણેન્દ્રિયના પ્રદેશ સુધી વીચીતરંગન્યાયથી અથવા કદંબમુકુલ ન્યાયથી નિમિત્તભૂત પવનવડે શબ્દની ધારા ઉત્પન્ન થાય છે એટલે દૂર રહેલા પુરુષને પણ તે શબ્દ સંભળાય છે. તેમાં પછીના શબ્દો પ્રતિ પહેલા પહેલાના શબ્દો કારણ બને છે. તેથી ઉત્તરોત્તરના શબ્દો 'શબ્દજ' શબ્દ કહેવાય છે.

વિશેષાર્થ :

શંકા : મુખાદિથી નીકળેલો એક જ શબ્દ કાન સુધી પહોંચે છે. એવું માનો ને... વચ્ચે શબ્દજ શબ્દ માનવાની શી જરૂર?

સમા. : મુખાદિથી નીકળેલો એ એક જ શબ્દ કાન સુધી જતો હોય તો પછી અન્ય વ્યક્તિ એ શબ્દને સાંભળી ન શકે. પરંતુ એ શબ્દ બધાને જ સંભળાય છે. તેથી શબ્દથી

નાના શબ્દની ઉત્પત્તિ માનવી આવશ્યક છે. શબ્દ ક્ષણિક હોવાથી તરત જ નષ્ટ થઈ જાય છે. અહીં પ્રથમ શબ્દ સંયોગ કે વિભાગથી ઉત્પન્ન થશે અને પછીના શબ્દો પૂર્વ પૂર્વના શબ્દોથી ઉત્પન્ન થશે.

શંકા : વીચીતરંગન્યાય અને કદમ્બમુકુલ ન્યાયથી શબ્દ કેવી રીતે ઉત્પન્ન થાય છે?

સમા. : ★ **વીચીતરંગ ન્યાય :** જેવી રીતે તળાવમાં પથ્થરો નાંખતા તરંગ ઉત્પન્ન થાય છે અને તે બીજા બીજા અનેક તરંગોને ઉત્પન્ન કરે છે. તેવી રીતે સંયોગ કે વિભાગથી ઉત્પન્ન થયેલા પ્રથમ 'ક' શબ્દ દશે દિશામાં 'ક' શબ્દને ઉત્પન્ન કરે છે. અને તે દશેય દિશાનો 'ક' શબ્દ પોતપોતાની દિશામાં એક એક 'ક' શબ્દને ઉત્પન્ન કરે છે. આ રીતે શ્રોતાના કાન સુધી 'ક' શબ્દ પહોંચે છે. ★ **કદમ્બમુકુલ ન્યાય :** જેવી રીતે એક નાળ- વાળા અધિકરણ વિશેષમાં કદમ્બ પુષ્પ પોતાના સમીપ દેશમાં આઠે દિશામાં સ્વજાતીય પુષ્પોને ઉત્પન્ન કરે છે તે પુષ્પો તે જ અધિકરણમાં પોતાના સમીપ દેશમાં આઠે દિશામાં અન્ય સ્વજાતીય પુષ્પોને ઉત્પન્ન કરે છે. તેવી રીતે સંયોગ કે વિભાગથી ઉત્પન્ન થયેલી પ્રથમ 'ક' શબ્દ દશેય દિશામાં 'ક' શબ્દને ઉત્પન્ન કરે છે. અને તે દશેય 'ક' શબ્દો બીજા દશ દશ 'ક' શબ્દને ઉત્પન્ન કરે છે. આ રીતે શ્રોતાના કાન સુધી 'ક' શબ્દ પહોંચે છે.



હા, પણ જે દિશામાં પવન વધારે હોય તે દિશામાં શબ્દો સ્પષ્ટ સંભળાય છે અને જે દિશામાં પવન ઓછો હોય તે દિશામાં શબ્દો સંભળાતા નથી.

શંકા : શબ્દોનો નાશ કેવી રીતે થાય છે?

સમા. : આમ તો ગુણનો નાશ દ્રવ્યના નાશથી થાય છે. જેમ ઘટરૂપનો નાશ ઘટ દ્રવ્યના નાશથી થાય છે. પરંતુ આકાશદ્રવ્ય નિત્ય હોવાથી તેનો નાશ થતો નથી. તેથી પૂર્વ પૂર્વ શબ્દનો નાશ ઉત્તરોત્તર શબ્દના નાશથી માન્યો છે. તેની પ્રક્રિયા આ પ્રમાણે છે → કોઈપણ શબ્દની પ્રથમક્ષણે ઉત્પત્તિ, રજીક્ષણે સ્થિતિ અને ઉજીક્ષણે વિનાશ હોય છે. એમાં જે રજીક્ષણનો સ્થિતિશીલ 'ક' શબ્દ છે, તે નવા 'ક' શબ્દને ઉત્પન્ન કરે છે અને એ રજીક્ષણનો નવો 'ક' શબ્દ પૂર્વના 'ક' શબ્દનો નાશ કરી પોતે સ્થિતિશીલ બને છે. હવે ફરી સ્થિતિશીલ બનેલો નવો 'ક' શબ્દ બીજા 'ક' શબ્દને ઉત્પન્ન કરે છે અને એ 'ક' શબ્દ પૂર્વના 'ક' શબ્દનો નાશ કરી પોતે સ્થિતિશીલ બને છે.



આ રીતે પૂર્વ પૂર્વનો શબ્દ ઉત્તરોત્તર શબ્દને ઉત્પન્ન કરતો જાય છે. અને ઉત્તરોત્તરનો શબ્દ પૂર્વ પૂર્વના શબ્દનો નાશ કરતો જાય છે.

શંકા : પરંતુ અન્ત્ય શબ્દનો નાશ કેવી રીતે થશે?

સમા. : કેટલાક એવું કહે છે કે સુન્દોપસુંદ ન્યાયથી અન્ત્ય શબ્દ ઉપાન્ત્ય શબ્દનો નાશ કરે છે અને ઉપાન્ત્ય શબ્દ અન્ત્ય શબ્દનો નાશ કરે છે.(સુંદ અને ઉપસુંદ બંને ભાઈઓ તપના પ્રકર્ષથી એકબીજા સિવાય બીજી કોઈપણ વ્યક્તિના હાથે ન મરવાનું વરદાન મેળવ્યું હતું. પરંતુ કોઈ કારણોસર પરસ્પર યુદ્ધ કરીને એકબીજાના હાથે બંને મૃત્યુ પામ્યા.)

અહીં 'અન્ત્ય શબ્દ ઉપાન્ત્ય શબ્દથી નાશ પામે છે' આવું કહેવું યોગ્ય લાગતું નથી. કારણ કે નિયમ છે 'કારણ એ હંમેશા કાર્યની અવ્યવહિત પૂર્વ ક્ષણમાં રહેવું જોઈએ' અહીં તો અન્ત્ય શબ્દના નાશની પૂર્વક્ષણમાં ઉપાન્ત્ય શબ્દનો તો નાશ થઈ જાય છે. એટલે ઉપાન્ત્ય શબ્દ, અન્ત્ય શબ્દના નાશરૂપ કાર્યની પૂર્વક્ષણમાં ન હોવાથી અન્ત્ય શબ્દના નાશનું કારણ ન બની શકે. તેથી 'अन्त्यशब्दनाशस्तूपान्त्यशब्दनाशेनेति बोध्यम्' (સિદ્ધાંતચંદ્રોદય) અર્થાત્ અન્ત્ય શબ્દનો નાશ ઉપાન્ત્ય શબ્દથી નહીં પરંતુ ઉપાન્ત્ય શબ્દના નાશથી માનવો વધારે ઉચિત છે. કારણ કે અન્ત્ય શબ્દનો નાશ એ કાર્ય છે અને તેની અવ્યવહિત પૂર્વક્ષણમાં જ ઉપાન્ત્ય શબ્દનો નાશ રહેલો છે.

શંકા : જેવી રીતે બે ચાર ઘટમાં આ ઘટ પહેલા બન્યો, આ ઘટ પછી બન્યો એ રીતે ક્રમનું જ્ઞાન થાય છે. તેવી રીતે જો શબ્દની ધારા ચાલતી હોય તો 'આ શબ્દ નષ્ટ થયો' 'આ શબ્દ ઉત્પન્ન થયો' એ પ્રમાણેની શૃંખલા બુદ્ધિથી જ્ઞાત કેમ નથી થતી?

સમા. : જ્યારે પ્રથમક્ષણનો શબ્દ ત્રીજીક્ષણે નષ્ટ થાય છે ત્યારે બીજીક્ષણે ઉત્પન્ન થયેલો શબ્દ સ્થિતિ કાલમાં આવી જાય છે અને જ્યાં બીજીક્ષણે ઉત્પન્ન થયેલો શબ્દ ચોથીક્ષણે નાશ પામે ત્યાં તો ત્રીજીક્ષણે ઉત્પન્ન થયેલો શબ્દ સ્થિતિ કાલને પ્રાપ્ત કરી લે છે. તેથી વચ્ચેની ક્ષણોમાં શબ્દની ઉત્પત્તિ અને નાશનો કાલ જ્ઞાત થતો નથી.

(પ૦) श्रोत्रेति । शब्दत्वेऽतिव्याप्तिवारणाय गुण इति। रूपादिवारणाय श्रोत्रग्राह्य इति । वस्तुतस्तु श्रोत्रोत्पन्नशब्दस्यैव श्रोत्रग्राह्यत्वेन तद्भिन्नेऽव्याप्तिवारणाय श्रोत्रग्राह्यजातिमत्त्वे तात्पर्याद् 'गुण' पदमनुपादेयमेव ॥

* પદકૃત્ય *

વસ્તુતસ્તુ..... વાસ્તવિક રીતે તો 'શ્રોત્રગ્રાહ્યત્વે સતિ ગુણત્વમ્' આવું પણ શબ્દનું લક્ષણ નિર્દુષ્ટ નથી, કારણ કે શબ્દ જ્યાંથી ઉત્પન્ન થાય છે ત્યાંથી કર્ણદેશ સુધી પહોંચતા વચ્ચે ઘણા શબ્દો ઉત્પન્ન થાય અને નાશ પામે છે. તે શબ્દો શ્રવણેન્દ્રિય ગ્રાહ્ય બનતાં નથી. માત્ર કર્ણદેશ સુધી પહોંચેલા અંતિમ શબ્દો જ શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય બને છે. આમ શબ્દનું લક્ષણ વચ્ચેના શબ્દોમાં ન જવાથી અવ્યાપ્તિ આવે છે.

પરંતુ 'શ્રોત્રગ્રાહ્યજાતિમત્ત્વમ્' આ રીતે શબ્દનું જાતિઘટિત લક્ષણ કરવાથી શ્રવણેન્દ્રિયથી અગ્રાહ્ય શબ્દોમાં અવ્યાપ્તિ દોષ આવશે નહીં. કારણ કે શ્રોત્રગાહ્ય જે શબ્દત્વ જાતિ છે, તે શબ્દત્વ જાતિવાળા તો શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય નહીં થયેલા એવા પણ શબ્દો છે.

અને હા ! પૂર્વે શબ્દત્વજાતિ, શબ્દત્વાભાવ વગેરેમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે લક્ષણમાં 'ગુણ' પદનું ઉપાદાન વ્યર્થ છે. કારણ કે શબ્દત્વ વગેરે શ્રવણેન્દ્રિયથી ગ્રાહ્ય જાતિવાળા ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવતી નથી.

વિશેષાર્થ :

શંકા : 'શ્રોત્રગ્રાહ્યજાતિમત્ત્વમ્' શબ્દનું આવું પણ લક્ષણ ગુણમાં અતિવ્યાપ્ત થશે. કારણ કે શ્રોત્રગ્રાહ્યજાતિ જેમ શબ્દત્વ છે તેમ ગુણત્વ પણ છે. અને તે ગુણત્વવાળા બધા ગુણો થશે.

સમા. : શબ્દના લક્ષણમાં 'માત્ર' પદના ઉપાદાનથી ગુણોમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ગુણત્વજાતિ, શ્રવણેન્દ્રિય માત્રથી ગ્રાહ્ય નથી પરંતુ ચક્ષુ વગેરે ઇન્દ્રિયથી પણ ગ્રાહ્ય છે. આમ શબ્દનું નિષ્કૃષ્ટ લક્ષણ આ પ્રમાણે થશે... 'શ્રોત્રમાત્રગ્રાહ્યજાતિમત્ત્વં શબ્દસ્ય લક્ષણમ્'

બુદ્ધિ - નિરૂપણ

મૂલમ્ : સર્વવ્યવહારહેતુર્ગુણો બુદ્ધિર્જ્ઞાનમ્। સા દ્વિવિધા-સ્મૃતિરનુભવશ્ચ ।

સર્વ વ્યવહારનું કારણ જે ગુણ છે, તેને બુદ્ધિ અર્થાત્ જ્ઞાન કહેવાય છે. તે બુદ્ધિ સ્મૃતિ અને અનુભવના ભેદથી બે પ્રકારની છે.

વિશેષાર્થ :

★ ન્યાયશાસ્ત્રમાં બુદ્ધિ, ઉપલબ્ધિ અને જ્ઞાન આ ત્રણેય શબ્દો એકાર્થક છે. बुद्धिरुपलब्धिर्ज्ञानमित्यनर्थान्तरम् (ન્યાયસૂત્ર ૧/૧/૧૫) છતાં પણ મૂળ ગ્રન્થમાં બુદ્ધિના સમાનાર્થક તરીકે જે 'જ્ઞાન' પદ આપ્યું છે તે સાંખ્યોના મતનું ખંડન કરવા માટે છે. કારણ કે સાંખ્યોનું કહેવું છે કે મહત્તત્ત્વ પદાર્થ જ બુદ્ધિ છે. અને તે બુદ્ધિ દ્રવ્યસ્વરૂપ છે જ્યારે જ્ઞાન એ ગુણ છે.

(ન્યા૦) બુદ્ધેર્લક્ષણમાહ - સર્વવ્યવહારેતિ । વ્યવહારઃ - શબ્દપ્રયોગઃ। જ્ઞાનં વિના શબ્દપ્રયોગાસંભવાત્ । 'શબ્દપ્રયોગરૂપવ્યવહારહેતુત્વં' જ્ઞાનસ્ય લક્ષણમ્। બુદ્ધિં વિભજતે-સા દ્વિવિધેતિ ।

* ન્યાયબોધિની *

વ્યવહાર એ શબ્દપ્રયોગ સ્વરૂપ છે. (અને આ) શબ્દનો પ્રયોગ જ્ઞાન વિના સંભવી શકતો નથી. કહ્યું પણ છે 'અર્થં બુદ્ધ્વા શબ્દરચના'(નિરુક્તિ) આ ન્યાયથી નક્કી થાય છે કે શબ્દપ્રયોગરૂપ વ્યવહારના કારણને જ્ઞાન કહેવાય છે. મૂળમાં 'सा द्विविधा' એમ કહીને બુદ્ધિનો વિભાગ કરે છે.

(પ૦) बुद्धिलक्षणमाह - सर्वेति । सर्वे ये व्यवहारा आहारविहारादयस्तेषां हेतुर्बुद्धिरित्यर्थः । दण्डादिवारणाय सर्वव्यवहारेति । कालादिवारणाय 'असाधारणे' त्यपि देयम् ।

* પદકૃત્ય *

'सर्वव्यवहारहेतुर्गुणो बुद्धि' આ મૂળગ્રંથનો, 'આહાર, વિહાર વગેરે જે સર્વ વ્યવહારો છે તેનું કારણ બુદ્ધિ છે' એવો અર્થ કરવો. ★ લક્ષણમાં 'हेतुर्बुद्धिः' એટલું જ કહીએ તો દંડ વિગેરે પણ ઘટાદિના કારણ હોવાથી દંડાદિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'सर्वव्यवहार' પદના નિવેશથી દંડાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે દંડાદિ સર્વવ્યવહારનું કારણ નથી. ★ 'सर्वव्यवहारहेतुः' આવું પણ બુદ્ધિનું લક્ષણ કાર્ય માત્રનું કારણ એવા કાલાદિમાં અતિવ્યાપ્ત બનશે. પરંતુ લક્ષણમાં 'असाधारण' પદના નિવેશથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલાદિ એ સાધારણકારણ છે.

નોંધ :- પદકૃત્યકારે આપેલો 'दण्डादिवारणाय सर्वव्यवहारेति तथा कालादिवारणाय असाधारणे'त्यपि' આ પાઠ ઉચિત લાગતો નથી કારણ કે લક્ષણમાં કહેલા 'ગુણ' પદના કારણે દંડમાં કે કાલમાં અતિવ્યાપ્તિ આવતી જ નથી. તેથી 'रूपादिवारणाय सर्वव्यवहारेति'અને 'इश्वरेच्छादिवारणाय असाधारणेत्यपि' આ પાઠ ઉચિત લાગે છે. અથવા તો જ્યારે પદકૃત્ય લખાતું હશે ત્યારે મૂળમાં 'ગુણ' પદ નહીં હોય.

સ્મૃતિ - નિરૂપણ

मूलम् : संस्कारमात्रजन्यं ज्ञानं स्मृतिः ॥

સંસ્કારમાત્રથી જન્ય જ્ઞાનને સ્મૃતિ કહેવાય છે.

(न्या०) स्मृतिं लक्षयति-संस्कारेति। संस्कारमात्रजन्यत्वविशिष्टज्ञानत्वं स्मृतेर्लक्षणम्। विशेषणानुपादाने प्रत्यक्षानुभवेऽतिव्याप्तिस्तद्वारणाय विशेषणोपादानम्। संस्कारध्वंसेऽतिव्याप्तिवारणाय विशेष्योपादानम्। ध्वंसं प्रति प्रतियोगिनः कारणत्वात् संस्कारध्वंसेऽपि संस्कारजन्यत्वस्य सत्त्वात्। प्रत्यभिज्ञायामतिव्याप्तिवारणाय मात्रपदम्॥

* ન્યાયબોધિની *

★ 'संस्कारमात्रजन्यत्वे सति ज्ञानत्वम् ' સ્મૃતિના આ લક્ષણમાં 'संस्कारमात्रजन्यत्व'એ વિશેષણપદનું ઉપાદાન ન કરીએ અને 'જે જ્ઞાન છે તે સ્મૃતિ છે' આટલું જ કહીએ તો પ્રત્યક્ષ સ્વરૂપ અનુભવ પણ જ્ઞાન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'संस्कारमात्रजन्यत्व' એ વિશેષણપદના ઉપાદાનથી પ્રત્યક્ષાનુભવમાં અતિવ્યાપ્તિ આવશે નહીં. કારણ કે પ્રત્યક્ષાનુભવ એ સંસ્કારથી જન્ય નથી. ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષથી જન્ય છે.

★ લક્ષણમાં 'સંસ્કારમાત્રથી જન્ય હોય તે સ્મૃતિ છે' એટલું જ કહીએ તો સંસ્કારધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે ધ્વંસની પ્રતિ પ્રતિયોગી કારણ હોય છે. જેવી રીતે ઘટધ્વંસ એ પ્રતિયોગી ઘટ વિના શકય નથી તેવી રીતે સંસ્કારધ્વંસ પ્રતિ પણ પ્રતિયોગી સંસ્કાર કારણ છે. તેથી સંસ્કારથી જન્ય સંસ્કારધ્વંસ પણ કહેવાશે. પરંતુ લક્ષણમાં 'ज्ञानत्व' પદના ઉપાદાનથી સંસ્કારધ્વસમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સંસ્કારધ્વંસ એ જ્ઞાનસ્વરૂપ નથી.

★ જો લક્ષણમાં 'માત્ર' પદનું ઉપાદાન ન કરીએ અને 'સંસ્કારથી જન્ય જે જ્ઞાન છે તે સ્મૃતિ છે' એટલું જ કહીએ તો પ્રત્યભિજ્ઞા જે જ્ઞાન સ્વરૂપ છે તેમાં અતિવ્યાપ્તિ આવશે.

તે આ પ્રમાણે → 'तत्तेदन्तावगाहिनी प्रतीतिः प्रत्यभिज्ञा' અર્થાત્ 'तत्ता' અને 'इदन्ता' આ બંને અંશને જણાવનારું જે જ્ઞાન છે તેને પ્રત્યભિજ્ઞા કહેવાય છે. દા.ત. 'सोऽयं देवदत्तः' અર્થાત્ 'તે આ દેવદત્ત છે' આ જ્ઞાનને પ્રત્યભિજ્ઞા કહેવાય છે. કારણ કે 'सः' પદ तत्तांशને = પૂર્વે જોયેલા પદાર્થને જણાવે છે અને 'अयं' પદ ઇદન્તાંશને = સામે રહેલા પદાર્થને જણાવે છે. આમાં 'तत्तांश' સ્મરણાત્મક હોવાથી સંસ્કારથી જન્ય છે અને 'ઇન્દતાંશ' પ્રત્યાક્ષાત્મક હોવાથી ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષથી જન્ય છે. આમ, પ્રત્યભિજ્ઞા જ્ઞાન એ સંસ્કારથી જન્ય પણ છે અને જ્ઞાન સ્વરૂપ પણ છે તેથી સ્મૃતિનું લક્ષણ પ્રત્યભિજ્ઞા જ્ઞાનમાં પણ જવાથી અતિવ્યાપ્તિ આવશે.

પરંતુ સ્મૃતિના લક્ષણમાં 'માત્ર' પદના ઉપાદનથી પ્રત્યભિજ્ઞા જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રત્યભિજ્ઞા સંસ્કારમાત્રથી જન્ય નથી, ઇન્દ્રિયાર્થસન્નિકર્ષથી પણ જન્ય છે.

(પ૦) संस्कोरेति। संस्कारध्वंसेऽतिव्याप्तिवारणाय ज्ञानमिति । अनुभवेऽतिव्याप्ति-वारणाय संस्कारजन्यमिति । तथापि प्रत्यभिज्ञायामतिव्याप्तिवारणाय 'संस्कारमात्रजन्यत्वं' विवक्षणीयम् । क्वचित्तथैव पाठः । न चैवं सत्यसंभवस्तस्य 'संस्कारजन्यत्वे' सतीन्द्रियार्थसंनिकर्षाजन्यार्थकत्वात् ॥

* પદકૃત્ય *

સ્મૃતિના લક્ષણમાં 'ज्ञान' પદ સંસ્કારધ્વંસમાં અતિવ્યાપ્તિના વારણ માટે છે. 'संस्कारजन्य' પદ અનુભવમાં અતિવ્યાપ્તિના વારણ માટે છે. તો પણ પ્રત્યભિજ્ઞામાં અતિવ્યાપ્તિ આવે છે તેથી લક્ષણમાં 'માત્ર' પદની વિવક્ષા કરવી જોઈએ. અહીં 'संस्कारमात्रजन्यत्वं विवक्षणीयम्'

આ પદથી પદકૃત્યકારનો આશય એ છે કે પ્રાચીન પુસ્તકોમાં 'માત્ર' પદ વિના 'संस्कारजन्यज्ञानं स्मृतिः' આવો પાઠ છે અને 'क्वचित्तथैव पाठः' કેટલાક પુસ્તકોમાં મૂળમાં જ 'संस्कारमात्रजन्यं ज्ञानं स्मृतिः' આવો માત્રપદ ઘટિત લક્ષણનો પાઠ પણ જોવા મળે છે.

'न चैवं.....जन्यार्थकत्वात् ॥'

શંકા : અરે ભાઈ! 'संस्कारमात्रजन्यज्ञानं स्मृतिः' આ રીતે 'માત્ર' પદ ઘટિત પણ સ્મૃતિનું લક્ષણ સ્મૃતિમાં જ ન જવાથી અસંભવ દોષ આવશે.

તે આ પ્રમાણે → 'માત્ર' પદનો અર્થ 'संस्कारजन्यत्वे सति संस्कारेतराजन्यत्वम्' એ પ્રમાણે છે. તેથી 'સંસ્કારથી જન્ય હોય, સંસ્કારભિન્નથી અજન્ય હોય અને જ્ઞાન હોય તે સ્મૃતિ કહેવાય છે' આ પ્રમાણે સ્મૃતિનું લક્ષણ બનશે. પરંતુ આ લક્ષણ સ્મૃતિમાં જ ઘટતું નથી કારણકે સ્મૃતિ સંસ્કારથી તો જન્ય છે, જ્ઞાન પણ છે પરંતુ સંસ્કારભિન્ન આત્મ-મનસંયોગ વિગેરેથી પણ જન્ય છે કારણ કે આત્મ-મનના સંયોગ વિના, તથા સાધારણ કારણ કાલાદિ વિના સ્મૃતિ ઉત્પન્ન થઈ શકતી નથી.

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ અમે 'संस्कारमात्रजन्यत्व'નો અર્થ 'संस्कारेतरेन्द्रियार्थसन्निकर्षाजन्यत्व' એ પ્રમાણે કરશું તેથી સ્મૃતિમાં અસંભવ દોષ નહીં આવે. કારણ કે સ્મૃતિ ભલે આત્મા-મનસંયોગાદિથી જન્ય છે પરંતુ ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષથી તો અજન્ય છે. સ્મૃતિનું આ પ્રમાણે લક્ષણ કરવાથી પ્રત્યભિજ્ઞામાં પણ અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રત્યભિજ્ઞા જેમ સંસ્કારથી જન્ય છે તેમ ઇન્દ્રિયાર્થ સન્નિકર્ષથી પણ જન્ય છે.

અનુભવ - નિરૂપણ

મૂલમ્ : तद्भिन्नं ज्ञानमनुभवः । स द्विविधः यथार्थोऽयथार्थश्च ॥

સ્મૃતિથી ભિન્ન જ્ઞાન અનુભવ કહેવાય છે. તે યથાર્થ અને અયથાર્થ એમ બે પ્રકારે છે.

(न्या०) अनुभवं लक्षयति - तद्भिन्नमिति । तद्भिन्नत्वं नाम स्मृतिभिन्नत्वम् । स्मृतिभिन्नत्वविशिष्टज्ञानत्वमनुभवस्य लक्षणम् । तत्र विशेषणानुपादाने स्मृतावतिव्याप्तिः, विशेष्यानुपादाने घटादावतिव्याप्तिरतस्तद्वारणाय विशेषणविशेष्ययोरुभयोरुपादानम् । अनुभवं विभजते - स द्विविध इति ॥

---

* न्यायबोधिनी *

'तद्भिन्नं ज्ञानमनुभवः' અહીં 'तद्भिन्न'નો અર્થ 'स्मृतिभिन्न' કરવાનો છે. (તેથી) 'स्मृतिभिन्नत्वे सति ज्ञानत्वम्' આ અનુભવનું લક્ષણ છે.

★ આ લક્ષણમાં 'स्मृतिभिन्नत्व' એ વિશેષણ પદનો નિવેશ ન કરીએ અને 'જે જ્ઞાન હોય તે અનુભવ છે' એટલું જ કહીએ તો સ્મૃતિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે સ્મૃતિ એ જ્ઞાન છે. પરંતુ લક્ષણમાં 'स्मृतिभिन्नत्व' પદના નિવેશથી સ્મૃતિમાં અતિવ્યાપ્તિ નહીં આવે

કારણ કે સ્મૃતિ પોતે પોતાનાથી ભિન્ન નથી. જો લક્ષણમાં 'જ્ઞાનત્વ' એ વિશેષ્ય પદનો નિવેશ ન કરીએ અને 'જે સ્મૃતિથી ભિન્ન હોય તે અનુભવ છે' એટલું જ કહીએ તો સ્મૃતિથી ભિન્ન ઘટ, પટાદિ પણ હોવાથી ઘટ, પટાદિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'જ્ઞાનત્વ' પદના ઉપાદાનથી ઘટ, પટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ઘટ, પટાદિ જ્ઞાન નથી. મૂળમાં 'स द्विविधः' આ પ્રમાણે કહીને અનુભવનો વિભાગ કરે છે.

(प०) तदिति । स्मृतित्वावच्छिन्नभिन्नमित्यर्थः । तेन यत्किंचित्स्मृतिभिन्नत्वस्य स्मृतौ सत्त्वेऽपि न क्षतिः । घटादावतिव्याप्तिवारणाय ज्ञानमिति । स्मृतिवारणाय तद्भिन्नमिति ।

* પદકૃત્ય *

'स्मृतिभिन्नत्वे सति ज्ञानत्वम् ' અનુભવનું આવું પણ લક્ષણ નિર્દોષ નથી. કારણ કે પટની સ્મૃતિથી ભિન્ન ઘટની સ્મૃતિ છે અને તે ઘટની સ્મૃતિ જ્ઞાન તો છે જ તેથી ઘટની સ્મૃતિમાં લક્ષણ ઘટી જવાથી અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'स्मृतिभिन्न'નો અર્થ 'स्मृतित्वावच्छिन्नस्मृतिभिन्न' કરશું તો સ્મૃતિજ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે स्मृतित्वावच्छिन्नस्मृति = ઘટસ્મૃતિ, પટસ્મૃતિ વગેરે જેટલી પણ સ્મૃતિઓ છે, તે યાવદ્ સ્મૃતિ. તેનાથી ભિન્ન હોય અને જ્ઞાન હોય તે અનુભવ કહેવાય છે. આવો અર્થ કરવાથી यत्किंचित् પટાદિ વગેરે સ્મૃતિઓથી ભિન્ન ઘટાદિ વગેરેની સ્મૃતિઓ હોવા છતાં પણ કોઈ ક્ષતિ નથી કારણ કે ઘટાદિ વગેરેની સ્મૃતિઓ જ્ઞાન સ્વરૂપ હોવા છતાં स्मृतित्वावच्छिन्नस्मृति = યાવદ્ સ્મૃતિથી ભિન્ન નથી. બાકી તો સ્પષ્ટ છે.

યથાર્થ - અનુભવ

મૂલમ્ : तद्वति तत्प्रकारकोऽनुभवो यथार्थः । सैव प्रमेत्युच्यते ।

तद्वद्માં જે તત્પ્રકારક અનુભવ તે યથાર્થ અનુભવ છે. **દા.ત.→** ઘટત્વવદ્ ઘટમાં ઘટત્વ એ જ પ્રકાર છે, પટત્વાદિ પ્રકાર નથી. એવું જ્ઞાન થવું અર્થાત્ ઘટને જોઈને 'આ ઘટ ' એવી બુદ્ધિ થવી તે યથાર્થ અનુભવ છે. આને જ પ્રમા = સાચુંજ્ઞાન કહેવાય છે.

નોંધ : 'एकत्रोच्चरितयोः तद्शब्दयोः एकार्थबोधकत्वम्' અર્થાત્ એક જગ્યાએ કહેવાયેલા બે 'तद्' શબ્દનો એક જ અર્થ લેવો. એટલે કે પ્રથમ 'तद्'થી જો 'ઘટત્વ' લીધું હોય તો ત્યાં જ કથિત બીજા 'तद्'થી પણ 'ઘટત્વ' લેવું.

(न्या०) यथार्थानुभवं लक्षयति-तद्वतीति। 'तद्वती'त्यत्र सप्तम्यर्थो विशेष्यत्वम्। तच्छब्देन प्रकारीभूतो धर्मो धर्त्तव्यः। तथा च 'तद्वद्विशेष्यकत्वे सति तत्प्रकारकानुभवत्वं' यथार्थानुभवस्य लक्षणम्। उदाहरणम्-रजते 'इदं रजतम्' इति ज्ञानम्। अत्र रजतत्ववद्विशेष्यकत्वे सति रजतत्वप्रकारकत्वस्य सत्त्वाल्लक्षणसमन्वयः। तद्वन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारताशालित्वमिति तु निष्कर्षः। अन्यथा यथाश्रुते ङ्गरजतयोः 'इमे रजत-

रङ्गे' इत्याकारकसमूहालम्बनभ्रमेऽतिव्याप्तिः, तत्रापि रजतत्ववद्विशेष्यकत्वरजतत्व-प्रकारकत्वयो रङ्गत्ववद्विशेष्यकत्वरङ्गत्वप्रकारकत्वयोः सत्त्वात्। उक्तनिष्कर्षे तु नातिव्याप्तिः, रजतत्वप्रकारताया रजतत्ववद्विशेष्यतानिरूपितत्वाभावात्, एवं रङ्गत्वप्रका-रताया रङ्गत्ववद्विशेष्यतानिरूपितत्वाभावात्। किंतु समूहालम्बनभ्रमस्य रङ्गांशे रजतत्वाव-गाहित्वेन रजतत्वप्रकारताया रङ्गत्ववद्विशेष्यतानिरूपितत्वात्। एवं रजतांशे रङ्गत्वावगा-हित्वेन रङ्गत्वप्रकारताया रजतत्ववद्विशेष्यतानिरूपितत्वाच्चेति। नानामुख्य विशेष्यता-शालिज्ञानं समूहालम्बनम्॥

* ન્યાયબોધિની *

યથાર્થ અનુભવના લક્ષણમાં 'तद्वति' પદમાં જે સપ્તમી છે તેનો અર્થ વિશેષ્યતા છે અને 'तद्' શબ્દથી જ્ઞાનમાં જે પ્રકાર રૂપે જણાય છે તે ધર્મ લેવો. તેથી લક્ષણ બનશે 'तद्वन्निष्ठविशेष्यतानिरूपकत्वे सति तन्निष्ठप्रकारतानिरूपकत्वे सत्यनुभवत्वं यथार्थानुभवस्य लक्षणम्' અર્થાત્ 'तद्वत्'માં રહેલી વિશેષ્યતાને જે જણાવે છે, तद्'માં રહેલી પ્રકારતાને જે જણાવે છે, અને જે જ્ઞાન છે તેને યથાર્થ-અનુભવ કહેવાય છે.' દા.ત.→ રજતને જોઈને 'આ રજત છે' એવું જ્ઞાન યથાર્થ અનુભવ કહેવાય છે.' કારણ કે આ જ્ઞાનમાં રજત એ વિશેષ્ય હોવાથી અને રજતત્વ એ પ્રકાર હોવાથી આ જ્ઞાન રજતત્વવદ્રજતમાં રહેલી વિશેષ્યતાને જણાવનાર પણ છે તથા રજતત્વમાં રહેલી પ્રકારતાને જણાવનાર પણ છે.



આમ, યથાર્થ અનુભવનું ઉપરોકત લક્ષણ 'रजते इदं रजतम्' આ જ્ઞાનમાં ઘટી જવાથી લક્ષણ સમન્વય થાય છે.

શંકા : અરે ભાઈ ! યથાર્થ અનુભવનું આ લક્ષણ તો સમૂહાલમ્બન ભ્રમાત્મક જ્ઞાનમાં અતિવ્યાપ્ત બને છે. તે આ પ્રમાણે → સામે પડેલા 'રંગ-રજત'ને જોઈને કોઈને 'આ રજત-રંગ છે' એવું સમૂહાલમ્બન ભ્રમ જ્ઞાન થાય ત્યારે આ ભ્રમાત્મક જ્ઞાનમાં પણ રંગ અને રજત બંને વિશેષ્ય રૂપે ભાસે છે અને રજતત્વ અને રંગત્વ બંને પ્રકાર રૂપે ભાસે છે. અર્થાત્ 'रंगरजतयोरिमे रजतरंगे' આ જ્ઞાન પણ રંગત્વવદ્રંગ અને રજતત્વવદ્રજતમાં રહેલી વિશેષ્યતાનો નિરૂપક પણ છે, તથા રજતત્વમાં અને રંગત્વમાં રહેલી પ્રકારતાનો નિરૂપક પણ છે.



આમ, આ સમૂહાલમ્બન ભ્રમજ્ઞાન તદ્વન્નિષ્ઠ વિશેષ્યતા તથા તદ્નિષ્ઠ પ્રકારતાનો નિરૂપક હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે.

સમા. : યથાશ્રુત = મૂળમાં બતાવેલા લક્ષણમાં પ્રકારતા અને વિશેષ્યતાની વચ્ચે કોઈ સંબંધ બતાવ્યો ન હતો અને પ્રકારતા અને વિશેષ્યતા બંનેનો સીધો જ્ઞાનમાં અન્વય કર્યો હતો. તેથી સમૂહાલમ્બન ભ્રમજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવતી હતી.

પરંતુ અમે 'तद्वन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारताकत्वे सत्यनुभवत्वम्' આ પ્રમાણે યથાર્થ અનુભવનું લક્ષણ કરશું અર્થાત્ 'રજતત્વવદ્ રજતમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત રજતત્વમાં રહેલી જે પ્રકારતા છે તેનું નિરૂપક જ્ઞાન હોવું જોઈએ, તેમજ રંગત્વવદ્ રંગમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત રંગત્વમાં રહેલી જે પ્રકારતા છે તેનું નિરૂપક જ્ઞાન હોવું જોઈએ.' આ રીતે કહીશું તો અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સમૂહાલમ્બનભ્રમમાં રજતત્વમાં રહેલી પ્રકારતા રજતત્વવદ્ રજતમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત નથી. એ પ્રમાણે રંગત્વમાં રહેલી પ્રકારતા પણ રંગત્વવદ્રંગમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત નથી. પરંતુ રંગમાં રજતત્વ પ્રકાર તરીકે ભાસિત થવાથી રજતત્વમાં રહેલી પ્રકારતા રંગત્વવદ્ રંગમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત છે. અને એ પ્રમાણે રજતમાં રંગત્વ પ્રકાર તરીકે ભાસિત થવાથી રંગત્વમાં રહેલી પ્રકારતા રજતત્વવદ્ રજતમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત છે.

સમૂહાલમ્બન જ્ઞાન કોને કહેવાય ? અનેક મુખ્ય વિશેષ્યતાને જણાવનારા જ્ઞાનને સમૂહાલમ્બન જ્ઞાન કહેવાય છે. મુખ્ય વિશેષ્યતા કોને કહેવાય? 'प्रकारताऽसमानाधिकरणविशेष्यता मुख्यविशेष्यता' અર્થાત્ જે વિશેષ્યતા પ્રકારતાના અધિકરણમાં ન રહેતી હોય એટલે કે જે વિશેષ્યો કોઈની પણ અપેક્ષાએ પ્રકાર ન બનતા હોય તેમાં રહેલી વિશેષ્યતા મુખ્ય વિશેષ્યતા કહેવાય છે. દા.ત. → 'इमौ घट-पटौ' 'रजतरंगे' ઈત્યાદિ જ્ઞાનમાં ઘટ-પટ, રજત-રંગ કોઈની પણ અપેક્ષાએ પ્રકાર ન બનતા હોવાથી તેમાં રહેલી વિશેષ્યતા પ્રકારતાની અસમાનાધિકરણ કહેવાય. તેથી તે વિશેષ્યતાઓ નાના મુખ્ય વિશેષ્યતા કહેવાશે અને આ જ્ઞાન સમૂહાલમ્બન કહેવાશે.

વિશેષાર્થ : સમૂહાલમ્બન જ્ઞાનનું પદકૃત્ય

★ સમૂહાલમ્બન જ્ઞાનનાં લક્ષણમાં જો 'નાના (= અનેક)' પદ ન કહીએ અર્થાત્ 'मुख्यविशेष्यताशालिज्ञानं समूहालंबनम्' આટલું જ કહીએ તો 'दण्डि-पुरुषः' આ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે 'दण्डि-पुरुषः' આ જ્ઞાન પણ પુરુષનિષ્ઠ એક મુખ્ય વિશેષ્યતાનો નિરૂપક છે. તે અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'નાના' પદ આવશ્યક છે. ★ જો 'મુખ્ય' પદ ન કહીએ અને 'नानाविशेष्यताशालिज्ञानं समूहालंबनम्' આટલું જ કહીએ તો 'दण्डवद्पुरुषवद्भूतलम्' આ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે એ જ્ઞાન પણ પુરુષ અને ભૂતલમાં રહેલી નાના વિશેષ્યતાનો નિરૂપક છે.



પરંતુ લક્ષણમાં 'મુખ્ય' પદના નિવેશથી 'दण्डवद्पुरुषवद्भूतलम्'આ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પુરુષમાં રહેલી વિશેષ્યતા મુખ્ય વિશેષ્યતા નથી.

(प०) तद्वतीति । तद्वति तत्प्रकारो यस्य स तथेत्यर्थः । तद्वद्विशेष्यकतत्प्रकारक इति यावत् । स्मृतिवारणाय अनुभव इति । अयथार्थानुभववारणाय तद्वतीति । निर्विकल्पकेऽतिव्याप्तिवारणाय तत्प्रकारक इति ॥

*** પદકૃત્ય ***

જે જ્ઞાનમાં 'तद्वत्'માં 'तत्' પ્રકાર છે, તે યથાર્થાનુભવ કહેવાય છે. અહીં સપ્તમીનો અર્થ વિશેષ્યતા હોવાથી तद्वति तत्प्रकारकोऽनुभवः નો અર્થ तद्वद्विशेष्यकतत्प्रकारकोऽनुभवः એ પ્રમાણે થશે.

★ યથાર્થાનુભવના લક્ષણમાં 'અનુભવ' પદનું ઉપાદાન ન કરીએ તો સ્મૃતિ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે સામાન્યતયા કોઈપણ વસ્તુનું જ્ઞાન થાય તો જ્ઞાનમાં વિશેષ્ય, પ્રકાર અને એ બે વચ્ચેનો સંબંધ ભાસિત થાય છે. તેથી જ્ઞાન વિશેષ્યમાં રહેલી વિશેષ્યતાનો, પ્રકારમાં રહેલી પ્રકારતાનો અને સંબંધમાં રહેલી સંસર્ગતાનો નિરૂપક બને છે. માટે જ્ઞાનને तद्वद्विशेष्यक અને तत्प्रकारक કહેવાય છે.

સ્મૃતિ પણ જ્ઞાન સ્વરૂપ જ હોવાથી તે પણ तद्वद्विशेष्यक અને तत्प्रकारक છે. આમ અનુભવનું લક્ષણ સ્મૃતિમાં જવાથી સ્મૃતિમાં અતિવ્યાપ્તિ આવે છે. પરંતુ લક્ષણમાં 'અનુભવ' પદના નિવેશથી સ્મૃતિજ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સ્મૃતિ એ અનુભવ સ્વરૂપ નથી.

★ જો લક્ષણમાં 'तद्वति' પદનું ઉપાદાન ન કરીએ અને માત્ર 'तत्प्रकारकोऽनुभवः' આટલુ જ કહીએ તો 'शुक्तौ इदं रजतम्' એવા પ્રકારના અયથાર્થ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે અયથાર્થ જ્ઞાનમાં પણ અવિદ્યમાન ધર્મ રજતત્વ પ્રકારવિધયા તો ભાસિત થાય જ છે.

પરંતુ લક્ષણમાં 'तद्वति' = 'तद्वद्विशेष्यक' પદના ઉપાદાનથી અયથાર્થાનુભવમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે શુક્તિને વિશે 'આ રજત છે' એવો અયથાર્થાનુભવ એ તત્પ્રકારક (= રજતત્વ પ્રકારક) હોવા છતાં પણ तद्वत्માં (= રજતત્વદ્ રજતમાં) રહેલી વિશેષ્યતાનો નિરૂપક નથી. પરંતુ તદભાવવત્માં (= રજતત્વાભાવવત્ શુક્તિમાં) રહેલી વિશેષ્યતાનો નિરૂપક છે. આમ, અયથાર્થજ્ઞાન तद्वद्विशेष्यक ન હોવાથી દોષ નહીં આવે.

★ લક્ષણમાં જો 'तत्प्रकारक' પદનું ઉપાદાન ન કરીએ અને માત્ર 'तद्वति अनुभवो यथार्थः' અર્થાત્ 'तद्वत्માં (= ધર્મથી વિશિષ્ટ ધર્મીમાં) થતો અનુભવ તે યથાર્થાનુભવ છે' એટલું જ કહીએ તો નિર્વિકલ્પક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે જેમાં વસ્તુની સત્તા માત્રનું એટલે કે 'આ કંઈક છે' એવું નામ, જાતિ વગેરેથી રહિત જ્ઞાન થાય તે જ્ઞાનને નિર્વિકલ્પક જ્ઞાન કહેવાય છે. આ નિર્વિકલ્પક જ્ઞાન પણ વસ્તુમાં = तद्वत्માં (= ધર્મથી વિશિષ્ટ ધર્મીમાં) થાય છે. પરંતુ નિર્વિકલ્પક જ્ઞાનમાં કોઈ પ્રકાર તરીકે ભાસિત થતું નથી. તેથી લક્ષણમાં 'तत्प्रकारक' પદના ઉપાદાનથી નિર્વિકલ્પક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

अयथार्थ - अनुभव

मूलम् : तदभाववति तत्प्रकारकोऽनुभवोऽयथार्थः ॥

તદભાવવત્માં તત્પ્રકારક જે જ્ઞાન થાય તેને અયથાર્થ અનુભવ કહેવાય છે. દા.ત. રજતત્વના અભાવવાળી શુક્તિમાં રજતત્વનું જ્ઞાન.

(न्या०) अयथार्थानुभवं लक्षयति-तदभाववतीति। अत्रापि पूर्ववत्त-दभाववन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारताशालिज्ञानत्वं विवक्षणीयम्। अन्यथा रङ्गरजतयोः 'इमे रङ्ग-रजते' इत्याकारकसमूहालम्बनप्रमायामतिव्याप्तिः। एतत्स-मूहालम्बनस्य रङ्गरजतोभयविशेष्यकत्वेन रजतत्वरङ्गत्वोभयप्रकारकत्वेन च रजतत्वाभाववद्रङ्गविशेष्यकत्वरजतत्वप्रकारकत्वयो रङ्गत्वाभाववद्रजतविशेष्यकत्वरङ्ग-त्वप्रकारकत्वयोश्च सत्त्वात्। निष्कर्षे तु रजतांशे रजतत्वावगाहित्वेन रङ्गांशे रङ्गत्वावगाहित्वेन च रजतत्वप्रकारताया रजतत्वाभाववद्रङ्गविशेष्यतानिरूपितत्वाभावात्। एवं रंगत्वप्रकारतया रंगत्वाभाववद्रजतविशेष्यतानिरूपितत्वाभावान्नातिव्याप्तिः। उदाहरणम्-यथा शुक्तौ 'इदं रजतम्' इति॥

---

* न्यायबोधिनी *

અહીં પણ પૂર્વની જેમ = યથાર્થ - અનુભવના નિષ્કર્ષ લક્ષણમાં જે રીતે નિરૂપ્ય - નિરૂપક ભાવ વર્ણવ્યો છે તે રીતે અયથાર્થ - અનુભવનું પણ 'तदभाववन्निष्ठविशेष्यता- निरूपिततन्निष्ठ प्रकारताशालिज्ञानत्वम्' આ રીતે નિષ્કર્ષ લક્ષણ જાણવું. **દા.ત.** → 'शुक्तौ इदं रजतम्' આ જ્ઞાનમાં રજતત્વના અભાવવાળી શુક્તિ વિશેષ્ય છે અને રજતત્વ પ્રકાર છે તેથી આ જ્ઞાન

રજતત્વના અભાવવાળી શુક્તિમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત રજતત્વમાં રહેલી પ્રકારતાનો નિરૂપક છે અને તેથી જ આ જ્ઞાન અયથાર્થ છે.

શંકા : અમે અયથાર્થનું ઉપરોક્ત લક્ષણ ન કરીએ તો શું દોષ આવે?

સમા. : જો નિરૂપ્ય-નિરૂપક ભાવપૂર્વકનું લક્ષણ ન કરીએ અર્થાત્ વિશેષ્યતા અને પ્રકારતાનો પરસ્પર સંબંધ ન બતાવતા બંનેનો સીધો જ્ઞાનમાં જ અન્વય કરીએ તો અયથાર્થ અનુભવનું 'तदभाववन्निष्ठविशेष्यतानिरूपकत्वे सति तन्निष्ठप्रकारतानिरूपकत्वे सत्यनुभवत्वम्' એ પ્રમાણે લક્ષણ થશે.



અને આવું લક્ષણ તો રંગ-રજતને જોઈને 'આ રંગ - રજત છે' એવા સમૂહાલમ્બન પ્રમાત્મક જ્ઞાનમાં જતું રહેવાથી અતિવ્યાપ્તિ આવે છે. કારણ કે આ સમૂહાલમ્બન જ્ઞાન રંગ અને રજત બંનેમાં રહેલી વિશેષ્યતાનો નિરૂપક પણ છે અને રંગત્વ અને રજતત્વ બંનેમાં રહેલી પ્રકારતાનો નિરૂપક પણ છે.



અર્થાત્ આ સમૂહાલમ્બન પ્રમાત્મક જ્ઞાન પણ રજતત્વના અભાવવાળા રંગમાં રહેલી વિશેષ્યતાનું તથા રજતત્વમાં રહેલી પ્રકારતાનું નિરૂપક છે. અને રંગત્વના અભાવવાળા રજતમાં રહેલી વિશેષ્યતાનું તથા રંગત્વમાં રહેલી પ્રકારતાનું નિરૂપક છે.

પરંતુ જો 'तदभाववन्निष्ठविशेष्यतानिरूपिततन्निष्ठप्रकारतानिरूपकत्वे सत्यनुभवत्वम्' એટલે કે 'રજતત્વના અભાવવાળા રંગમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત રજતત્વમાં રહેલી જે પ્રકારતા છે તેનો નિરૂપક જે જ્ઞાન છે તે અયથાર્થજ્ઞાન છે' આ પ્રમાણે અયથાર્થ અનુભવનું નિષ્કર્ષ લક્ષણ કરીએ તો સમૂહાલમ્બન પ્રમાત્મક જ્ઞાનમાં નહીં જાય. કારણ કે આ પ્રમાત્મક જ્ઞાનમાં રજતત્વ (તદ્વત્માં =) રજતત્વવદ્ રજતમાં પ્રકાર છે અને રંગત્વ પણ રંગત્વવદ્

રંગમાં જ પ્રકાર છે. અને તેથી રજતત્વમાં રહેલી પ્રકારતા, રજતત્વના અભાવવાળા રંગમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત નથી. એ પ્રમાણે રંગત્વમાં રહેલી પ્રકારતા, રંગત્વના અભાવવાળા રજતમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત નથી. આમ, સમૂહાલમ્બન પ્રમાત્મક જ્ઞાનમાં અયથાર્થનું લક્ષણ ન જવાથી અતિવ્યાપ્તિ આવશે નહીં.

(પ૦) તદભાવેતિ । તદભાવવદ્વિશેષ્યકતત્પ્રકારકોઽનુભવોઽયથાર્થાનુભવ ઇત્યર્થઃ । યથા શુક્તૌ 'ઇદં રજતમ્' ઇતિ જ્ઞાનમ્ । સ્મૃતિવારણાય અનુભવ ઇતિ । યથાર્થાનુભવેઽતિવ્યાપ્તિનિરસનાય તદભાવવતીતિ । નિર્વિકલ્પકવારણાય તત્પ્રકારક ઇતિ ॥

* પદકૃત્ય *

'તદભાવવત્' જે જ્ઞાનમાં વિશેષ્ય બને છે અને 'તત્' જે જ્ઞાનમાં પ્રકાર બને છે એવો જે અનુભવ તે અયથાર્થ અનુભવ છે. દા.ત. શુક્તિને જોઈને 'ઇદં રજતમ્' આવો જે અનુભવ થાય છે તે અયથાર્થાનુભવ છે.

★ અયથાર્થ અનુભવના આ લક્ષણમાં જો 'અનુભવ' પદ નો નિવેશ ન કરીએ તો અયથાર્થ સ્મૃતિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે અયથાર્થ અનુભવના જે સંસ્કાર પડે છે = શુક્તિને જોઈને ' આ રજત છે' આવા જ્ઞાનના જે સંસ્કાર પડે છે તેના દ્વારા 'રજતત્વાભાવવતિ શુક્તૌ રજતત્વપ્રકારક' અયથાર્થ સ્મૃતિ થાય છે. આમ સ્મૃતિ પણ 'તદભાવવતિ તત્પ્રકારક' હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'અનુભવ' પદના નિવેશથી સ્મૃતિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણકે સ્મૃતિ એ અનુભવ સ્વરૂપ નથી.

★ લક્ષણમાં 'તદભાવવતિ' પદનો નિવેશ ન કરીએ અને 'તત્પ્રકારક' આટલું જ જો કહીએ તો યથાર્થ અનુભવમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે યથાર્થ અનુભવ પણ 'તત્પ્રકારક' તો છે જ. પરંતુ લક્ષણમાં 'તદભાવવતિ' પદના નિવેશથી યથાર્થ અનુભવમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે યથાર્થ અનુભવ તો તદ્વતિ = 'તદ્વદ્વિશેષ્યક' છે.

★ લક્ષણમાં જો 'તત્પ્રકારક' પદનો નિવેશ ન કરીએ 'તદભાવવતિ અનુભવોઽયથાર્થઃ' એટલું જ કહીએ તો નિર્વિકલ્પક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવે છે. કારણ કે નિર્વિકલ્પક જ્ઞાન તો તદ્વત્ ની જેમ 'તદભાવવત્'માં પણ થાય છે. પરંતુ લક્ષણમાં 'તત્પ્રકારક' પદના નિવેશથી નિર્વિકલ્પક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે નિર્વિકલ્પક જ્ઞાનમાં કોઈ પ્રકાર હોતુ નથી.

યથાર્થાનુભવના પ્રકાર

મૂલમ્ : યથાર્થાનુભવશ્ચતુર્વિધઃ પ્રત્યક્ષાનુમિત્યુપમિતિશાબ્દભેદાત્ ॥

અનુભવના પૂર્વે જે યથાર્થ અને અયથાર્થ એમ બે ભેદ કહ્યા છે, તેમાં યથાર્થાનુભવના પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દ એમ ચાર ભેદ છે.

(ન્યા૦) યથાર્થાનુભવં વિભજતે-ચતુર્વિધ ઇતિ ॥

સુગમ છે.

(પ૦) यथार्थेति। यथार्थानुभवः प्रत्यक्षमेवेति चार्वाकाः। अनुमितिरपीति काणादबौद्धाः।उपमितिरपीति नैयायिकैकदेशिनः।शाब्दमपीति नैयायिकाः।अर्थापत्तिरपीति प्राभाकराः। आनुपलब्धिकोऽपीति भाट्ट-वेदान्तिनौ। सांभविकैतिह्यकावपीति पौराणिकाः। चैष्टिकोऽपीति तान्त्रिकाः। एतेषां मतेऽस्वरसं संभाव्य तस्य चातुर्विध्यं दर्शितम् ॥

* પદકૃત્ય *

કઈ કઈ વ્યક્તિ કેટલા કેટલા જ્ઞાનને = પ્રમાને માને છે તેનું નિરૂપણ કરે છે.

★ ચાર્વાક પ્રત્યક્ષપ્રમાને જ માને છે. કારણ કે ચાર્વાક પોતે નાસ્તિક છે. આત્મા, પરલોક, પુણ્ય-પાપ, મોક્ષાદિને માનતો નથી. જો ચાર્વાક અનુમિતિ અને શાબ્દને સ્વીકારે તો અનુમાન તથા શબ્દ પ્રમાણ દ્વારા સિદ્ધ થતા આત્મા, પરલોક વગેરેને પણ માનવા પડે. ચાર્વાકનું કહેવું છે કે અનુમાન દ્વારા નિશ્ચિતજ્ઞાન થતું નથી. **દા.ત.** → ધૂમ દ્વારા વહ્નિની સંભાવના હોઈ શકે છે. પરંતુ નિશ્ચિતજ્ઞાન ન થઈ શકે કારણ કે વહ્નિ જ્યારે ઓલવાઈ જાય ત્યારે પણ ધૂમ દેખાય છે. તેથી અનુમિતિને પ્રમા ન કહી શકાય. અને અન્યદાર્શનિકો ઉપમિતિને, અનુમિતિ કે શાબ્દપ્રમાના અન્તર્ગત માને છે. અમે (= ચાર્વાક) અનુમિતિ અને શાબ્દ બન્નેને ન માનતા હોવાથી એમાં અન્તર્ભાવિત ઉપમિતિને પણ પ્રમા તરીકે સ્વીકારતા નથી.

★ કાણાદ = વૈશેષિક અને બૌદ્ધ યથાર્થાનુભવના પ્રત્યક્ષ અને અનુમિતિ એમ બે જ ભેદને માને છે. (વૈશેષિક અને બૌદ્ધ આ બન્ને આસ્તિક દર્શન છે. કારણ કે આ બન્ને દર્શન આત્મા, પરલોક વગેરેને માને છે. આ બન્ને દર્શન ઉપમિતિ અને શાબ્દને પૃથક્ પ્રમા તરીકે માનતા નથી પરંતુ તેનો અનુમિતિમાં અન્તર્ભાવ કરે છે.)

★ કેટલાક નૈયાયિકો પ્રત્યક્ષ અને અનુમિતિની સાથે 'गो सदृश गवयः' અર્થાત્ 'ગાયના જેવો ગવય હોય છે' એ પ્રમાણેના સાદૃશ્ય જ્ઞાનથી થતું 'આ ગવય પદાર્થ ગવયપદથી વાચ્ય છે' એવું વાચ્ય-વાચકનું જે ઉપમિતિ સ્વરૂપ જ્ઞાન છે, તેને પણ પ્રમા તરીકે સ્વીકારે છે.

★ અને ઘણા નૈયાયિકો તો પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિની સાથે પદજ્ઞાન દ્વારા ઉત્પન્ન થનારા વાક્યાર્થજ્ઞાન = શાબ્દજ્ઞાનને પણ માને છે.

★ પ્રભાકર મીમાંસક પ્ર ..ક્ષાદિચાર પ્રમાની સાથે અર્થાપત્તિને પણ પ્રમા તરીકે સ્વીકારે છે. અર્થાપત્તિ : 'उपपाद्यज्ञानेन उपपादक-कल्पनमर्थापत्तिः' અર્થાત્ ઉપપાદ્ય જ્ઞાનથી ઉપપાદકની જે કલ્પના કરવી તે અર્થાપત્તિ છે. દા.ત. → 'કોઈ વ્યક્તિ દિવસે ખાતો નથી અને જાડો છે' એ સ્વરૂપ ઉપપાદ્યથી રાત્રિભોજન રૂપી ઉપપાદકની કલ્પના કરાય છે. અર્થાત્ એ રાત્રે ક્યારેક ને ક્યારેક તો ખાતો હશે. એવી કલ્પના કરવી તે અર્થાપત્તિ છે.

★ ભાટ્ટમીમાંસકો અને અદ્વૈતવેદાન્તીઓ પ્રત્યક્ષાદિ પાંચ પ્રમાની સાથે આનુપલબ્ધિકને પણ પ્રમા તરીકે સ્વીકારે છે. આનુપલબ્ધિક : ઘટની ઉપલબ્ધિના અભાવથી = ઘટનું જ્ઞાન ન

થવાથી ઘટાભાવનું જે જ્ઞાન થાય છે તે આનુપલબ્ધિક યથાર્થ - અનુભવ કહેવાય છે.

★ પૌરાણિકો = પુરાણને અનુસરનારા પ્રત્યક્ષાદિ છ પ્રમાની સાથે સાંભવિક અને ઐતિહ્યકને પણ પ્રમા તરીકે સ્વીકાર કરે છે. સાંભવિક : शते पञ्चाशत्संभवः અર્થાત્ જો કોઈ વ્યક્તિ ૧૦૦ કીલોનો ભાર વહન કરી શકે છે, તો એ વ્યક્તિ ૫૦ કીલોનો ભાર વહન કરવા માટે પણ સમર્થ જ છે. કારણકે ૧૦૦માં ૫૦ સંભવ જ છે. આવું જે જ્ઞાન થાય તેને સાંભવિક જ્ઞાન કહેવાય છે. ઐતિહ્યક : 'अनिर्दिष्टप्रवक्तृकं प्रवादपारम्पर्यमेतिह्यम्' અર્થાત્ જ્યાં કોઈ નિશ્ચિત પ્રમાણિક વક્તા જણાતો ન હોય અને પરંપરાથી જ કોઈ જ્ઞાન થતું હોય તો એને ઐતિહ્યક પ્રમા કહેવાય છે. દા.ત.→ 'इह वृक्षे यक्षा निवसन्ति' એવા સ્થળોમાં કોઈક પ્રમાણિક વક્તા હોય તો નૈયાયિક ઐતિહ્યક જ્ઞાનને પ્રમા માને છે અને એનો અન્તર્ભાવ શાબ્દપ્રમામાં કરે છે. પરંતુ આપ્તવક્તા ન મળે તો ઐતિહ્યકજ્ઞાનને અપ્રમા માને છે.

★ તાન્ત્રિકો પ્રત્યક્ષાદિ આઠ પ્રમાની સાથે ચૈષ્ટિકને પણ પ્રમા તરીકે સ્વીકારે છે. ચૈષ્ટિક : નેત્ર, હાથ વગેરેની ચેષ્ટાને જોઈને જે જ્ઞાન થાય છે, તે ચૈષ્ટિક જ્ઞાન છે.

આમ, યથાર્થાનુભવના પ્રત્યક્ષાદિ કુલ નવ ભેદ થયા પરંતુ વાસ્તવિક રીતે પ્રત્યક્ષાદિ ચાર ભેદોમાં જ અન્ય ભેદોનો સમાવેશ થઈ જાય છે. અર્થાત્ આનુપલબ્ધિકનો પ્રત્યક્ષમાં, અર્થાપત્તિ અને ચૈષ્ટિકનો અનુમિતિમાં, સાંભવિક અને ઐતિહ્યકનો શાબ્દમાં સમાવેશ થાય છે. તેથી ગ્રન્થકારે અન્યભેદોમાં અસ્વરસ બતાવીને યથાર્થાનુભવના પ્રત્યક્ષાદિ ચાર જ ભેદ બતાવ્યા છે.

પ્રમાણના પ્રકાર

मूलम् : तत्करणमपि चतुर्विधं-प्रत्यक्षानुमानोपमानशब्दभेदात् ॥

યથાર્થાનુભવના કરણ પણ ચાર છે - પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ.

(न्या०) तत्करणमिति। फलीभूतप्रत्यक्षादिकरणं चतुर्विधमित्यर्थः। प्रत्याक्षादिचतुर्विधप्रमाणानां प्रमाकरणत्वं सामान्यलक्षणम्। एकैकप्रमाणलक्षणं तु वक्ष्यते 'प्रत्यक्षज्ञाने' त्यादिना॥

* न्यायबोधिनी *

'ફલીભૂત = ફળસ્વરૂપે = કાર્ય સ્વરૂપે જે પ્રત્યક્ષાદિ જ્ઞાન છે તેના ચાર ભેદ હોવાથી તેના કરણ પણ ચાર છે. અર્થાત્ પ્રત્યક્ષકરણથી પ્રત્યક્ષજ્ઞાન, અનુમાનકરણથી અનુમિતિજ્ઞાન, ઉપમાનકરણથી ઉપમિતિજ્ઞાન તથા શબ્દકરણથી શાબ્દજ્ઞાન થાય છે.

પ્રમાણનું લક્ષણ શું છે? પ્રત્યક્ષાદિ ચારેય પ્રમાણોનું ભેગું 'પ્રમાકરણત્વમ્' અર્થાત્ 'પ્રમાનું જે કરણ હોય તેને પ્રમાણ કહેવાય' એવું સામાન્ય લક્ષણ છે. અને પ્રત્યેક પ્રમાણનું જુદું જુદું લક્ષણ 'પ્રત્યક્ષજ્ઞાન...' ઇત્યાદિ વડે આગળ કહેવાશે.

(प०) तदिति। यथार्थानुभवात्मकप्रमायाः करणमित्यर्थः॥

સુગમ છે.

मूलम् : असाधारणं कारणं करणम् ॥

અસાધારણ કારણને કરણ કહેવાય છે.

(न्या०) करणलक्षणमाह-असाधारणमिति। व्यापारवदसाधारणं कारणं करणमित्यर्थः। असाधारणत्वं च 'कार्यत्वातिरिक्तिधर्मावच्छिन्नकार्यतानिरूपितकारणताशालित्वम्'। यथा दण्डादेर्घटादिकं प्रत्यसाधारणकारणत्वम्। कार्यत्वातिरिक्तो घटत्वादिरूपो धर्मस्तदवच्छिन्नकार्यता घटे, तन्निरूपितकारणता दण्डे। अतो घटं प्रति दण्डोऽसाधारणं कारणम्। भ्रम्यादिरूपव्यापारवत्त्वाच्च करणम्। साधारणत्वं च कार्यत्वावच्छिन्नकार्यतानिरूपितकारणताशालित्वम्। ईश्वरादृष्टादेः कार्यत्वावच्छिन्नं प्रत्येव कारणत्वात्साधारणकारणत्वम् ॥

* ન્યાયબોધિની *

'જે વ્યાપારવાળું અસાધારણ કારણ હોય તે કરણ છે.' કરણના લક્ષણને સમજવા માટે કરણના લક્ષણમાં આપેલા 'કારણ' પદને સમજવું આવશ્યક છે. કારણ બે પ્રકારે છે -

અસાધારણકારણ અને સાધારણકારણ.

(૧) 'કાર્યત્વથી અતિરિક્ત = ભિન્ન જે કોઈ ધર્મ છે, તેનાથી અવચ્છિન્ન જે કાર્યતા છે, એ કાર્યતાથી નિરૂપિત કારણતા જેમાં છે તે અસાધારણ કારણ કહેવાય છે. દા.ત. → ઘટાદિ કાર્યનું દંડાદિ અસાધારણ કારણ છે. તે આ પ્રમાણે → ઘટ એ કાર્ય હોવાથી ઘટમાં રહેલી કાર્યતાનો અવચ્છેદક ધર્મ (= ઘટથી ન્યૂનમાં પણ ન રહેતો હોય અને અધિકમાં પણ ન રહેતો હોય એવો ધર્મ) ઘટત્વ છે. તેથી કાર્યત્વધર્મથી અતિરિક્ત જે ઘટત્વ ધર્મ છે, તેનાથી અવચ્છિન્ન ઘટમાં રહેલી કાર્યતા કહેવાશે. તાદૃશ કાર્યતાથી નિરૂપિત કારણતા દંડમાં છે.



આથી ઘટપ્રતિ દંડ એ અસાધારણ કારણ છે અને એ ભ્રમિરૂપ વ્યાપારવાળો હોવાથી ઘટની પ્રત્યે કરણ છે.

(૨) સકલકાર્ય પ્રતિ જે કારણ છે તેને સાધારણ કારણ કહેવાય છે. તેનું ન્યાયની ભાષામાં આ રીતે લક્ષણ થશે : કાર્યત્વથી અવચ્છિન્ન જે કાર્યતા છે, તેનાથી નિરૂપિત કારણતા જેમાં છે તેને સાધારણ કારણ કહેવાય છે. દા.ત. → ઘટ, પટ વગેરે સકલકાર્યોનું ઈશ્વર, અદૃષ્ટ વગેરે કારણ છે. તેથી ઘટાદિ સકલકાર્યોમાં કાર્યતા આવી, તેનો અવચ્છેદક 'કાર્યત્વ' ધર્મ બનશે પરંતુ ઘટત્વાદિ

ધર્મ નહીં બને કારણ કે જેમ કાર્યથી અધિક દેશમાં રહેલો ધર્મ અવચ્છેદક ન બને તેમ કાર્યથી ન્યૂન દેશમાં રહેલો ધર્મ પણ અવચ્છેદક ન બની શકે, ઘટત્વાદિ ધર્મ તો દરેક કાર્યમાં રહેતા નથી. આમ, કાર્યતાનો અવચ્છેદક ધર્મ કાર્યત્વ છે. તેથી કાર્યત્વથી અવચ્છિન્ન સકલકાર્યમાં રહેલી કાર્યતા બનશે. તાદૃશ કાર્યતાથી નિરૂપિત કારણતા ઈશ્વરાદિમાં છે.



તેથી ઈશ્વરાદિ, સકલકાર્યો પ્રતિ સાધારણ કારણ કહેવાય છે.

વિશેષાર્થ :

શંકા : 'ઘટત્વ'થી અવચ્છિન્ન કાર્યતા બોલી શકાય કારણ કે ઘટત્વ ધર્મ કાર્યતાથી ભિન્ન ધર્મ છે. પરંતુ સાધારણ કારણના લક્ષણમાં 'કાર્યત્વથી અવચ્છિન્ન કાર્યતા' કઈ રીતે કહી શકાય? કારણ કે કાર્યત્વ ધર્મ કાર્યતાથી ભિન્ન ધર્મ નથી.

સમા. : અરે ભાઈ! (૧) અવચ્છિન્નીભૂત કાર્યતા સ્વરૂપસંબંધાત્મક છે અને (૨) અવચ્છેદકીભૂત કાર્યતા પ્રાગભાવ પ્રતિયોગિત્વ સ્વરૂપ છે. આમ, બન્ને કાર્યતા જુદા જુદા સ્વરૂપે હોવાથી 'कार्यत्वावच्छिन्नकार्यता' બોલવામાં કોઈ દોષ નથી.

શંકા : ભલા ભાઈ! અવચ્છિન્નીભૂત કાર્યતા જેમ સ્વરૂપસંબધાત્મક છે તેવી રીતે અવચ્છેદકીભૂત કાર્યતા પણ સ્વરૂપસંબંધાત્મક જ છે કારણ કે અવચ્છેદકીભૂત કાર્યતાને જે તમે પ્રાગભાવ પ્રતિયોગિત્વ સ્વરૂપ કહી છે, તે પણ સ્વરૂપસંબંધાત્મક જ છે.

સમા. : સારું, અમે (૧) અવચ્છિન્નીભૂત કાર્યતા તો સ્વરૂપસંબંધાત્મક લેશું પરંતુ (૨) અવચ્છેદકીભૂત કાર્યતા 'सत्तावत्त्वे सति ध्वंसप्रतियोगित्वम्' સ્વરૂપ લઈશું. હવે બન્ને કાર્યતા ભિન્ન ભિન્ન થવાથી કોઈ દોષ નહીં આવે. અહીં એટલું સમજવું કે જેવી રીતે ઘટકાર્યમાં રહેલી કાર્યતાનો અવચ્છેદક ઘટત્વ ધર્મ દરેક ઘટમાં રહે છે. એવી રીતે સકલ કાર્યમાં રહેલી કાર્યતાનો અવચ્છેદક કાર્યત્વ ધર્મ જે 'सत्तावत्त्वे सति ध्वंसप्रतियोगित्व' સ્વરૂપ છે, તે પણ સકલ કાર્યમાં રહેશે. ઘટ, પટ વગેરે સકલ કાર્યનો ધ્વંસ થાય છે તેથી ઘટ, પટ વગેરે સકલકાર્યો ધ્વંસના પ્રતિયોગી પણ છે અને સત્તાજાતિવાળા પણ છે.

★ કાર્યત્વ ધર્મ 'ध्वंसप्रतियोगित्व' સ્વરૂપ જ કહીએ તો પૂર્વોક્ત દોષ આવશે. અર્થાત્ 'प्रागभावप्रतियोगित्व' ની જેમ 'ध्वंसप्रतियोगित्व' પણ સ્વરૂપસંબંધાત્મક હોવાથી બન્ને કાર્યતામાં કોઈ ભિન્નતા નહીં દેખાય. અને 'सत्तावत्त्व' પદ નહીં મૂકીએ તો પ્રાગભાવ જે કાર્યસ્વરૂપ નથી, એમાં પણ 'ध्वंसप्रतियोगित्व' પદ જતું રહેશે. કારણ કે પ્રાગભાવનો ધ્વંસ થતો હોવાથી પ્રાગભાવ એ ધ્વંસનો પ્રતિયોગી કહેવાય છે. પરંતુ 'सत्तावत्त्व' પદ મૂકવાથી 'सत्तावत्त्वे सति

ध्वंसप्रतियोगित्वम्' સ્વરૂપ કાર્યત્વ ધર્મ પ્રાગભાવમાં નહીં જાય કારણ કે સત્તાજાતિ દ્રવ્ય, ગુણ અને કર્મમાં જ રહે છે. (પ્રાગભાવ નાશ પામે છે. તેથી અનિત્ય છે પરંતુ ઉત્પન્ન થતો ન હોવાથી કાર્યસ્વરૂપ નથી.)

(प०) असाधारणमिति। कालादिवारणाय असाधारणमिति। व्यापारेऽतिव्याप्तिवारणाय 'व्यापारवदि'त्यपि देयम्। व्यापारश्च-द्रव्यान्यत्वे सति तज्जन्यत्वे सति तज्जन्यजनकः। ईश्वरेच्छादिवारणाय तज्जन्यत्वे सतीति। कुलालजन्यत्वे सति कुलालजन्यघटजनकत्वं कुलालपुत्रस्याप्यस्ति, अतस्तत्रातिव्याप्तिवारणाय प्रथमं सत्यन्तम्। दण्डरूपादिवारणाय तज्जन्यजनक इति॥

* પદકૃત્ય *

★ 'असाधारणकारणं करणम्' કરણના આ લક્ષણમાં જો 'असाधारण' પદનો નિવેશ ન કરીએ અને 'જે કારણ હોય તે કરણ છે' એટલું જ કહીએ તો કાલ પણ કાર્યમાત્ર પ્રતિ કારણ હોવાથી કાલમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'असाधारण' પદના નિવેશથી કાલમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલ એ કાર્યમાત્ર પ્રતિ સાધારણ કારણ છે. ★ 'असाधारणकारणं करणम्' કરણનું આવું પણ લક્ષણ વ્યાપારમાં જવાથી અતિવ્યાપ્તિ આવે છે, કારણ કે ઘટ જેમ દંડ વગર ઉત્પન્ન થઈ શકતો નથી તેમ ભ્રમિ વગર પણ ઉત્પન્ન થઈ શકતો નથી. તેથી ઘટનું અસાધારણ કારણ દંડની જેમ ભ્રમિરૂપ વ્યાપાર પણ છે. પરંતુ લક્ષણમાં 'व्यापारवद्' પદના નિવેશથી લક્ષણ ભ્રમિરૂપ વ્યાપારમાં જશે નહીં કારણ કે ભ્રમિ એ વ્યાપાર છે, વ્યાપારવદ્ નથી. તેથી 'व्यापारवदसाधारणकारणं करणम्' એ પ્રમાણે કરણનું લક્ષણ બને છે.

પદકૃત્ય સહિત વ્યાપારનું લક્ષણ

'વ્યાપાર' કોને કહેવાય? 'द्रव्यान्यत्वे सति तज्जन्यत्वे सति तज्जन्यजनकः व्यापारः' અર્થાત્ જે દ્રવ્યથી ભિન્ન હોય, તદ્થી જન્ય હોય અને તદ્થી જન્યનો જનક પણ હોય તેને વ્યાપાર કહેવાય છે. દા.ત.→ તદ્જન્ય = દંડથી જન્ય ભ્રમિ છે અને તદ્જન્યજનક = દંડથી જન્ય જે ઘટ છે, તેનો જનક પણ ભ્રમિ છે. તથા ભ્રમિ ક્રિયા સ્વરૂપ હોવાથી દ્રવ્યથી ભિન્ન પણ છે.



તેથી ભ્રમિ એ વ્યાપાર છે, વ્યાપારવાન્ નથી. અહીં ભ્રમિનો જનક દંડ હોવાથી સ્વજનકત્વ સંબંધથી દંડ વ્યાપારવાન્ બને છે તથા ભ્રમિથી જન્ય ઘટ હોવાથી સ્વજન્યત્વ સંબંધથી ઘટ વ્યાપારવાન્ બને છે.

★ વ્યાપારના લક્ષણમાં 'द्रव्यभिन्नत्वे सति तज्जन्यजनकत्व' એટલું જ કહીએ તો ઈશ્વર ઈચ્છા, ઈશ્વરકૃતિ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે ઈશ્વરઈચ્છા વગેરે ગુણસ્વરૂપ હોવાથી દ્રવ્યથી ભિન્ન પણ છે અને કાર્યમાત્રની જનિકા હોવાથી દંડથી જન્ય જે ઘટ છે તેની જનિકા પણ છે. પરંતુ લક્ષણમાં 'तज्जन्यत्व' પદ મૂકવાથી ઈશ્વરઈચ્છા વગેરેમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઈશ્વરઈચ્છા વગેરે નિત્ય હોવાથી કોઈથી જન્ય નથી.

★ વ્યાપારના લક્ષણમાં 'तज्जन्यत्वे सति तज्जन्यजनकत्व' એટલું જ કહીએ તો કુલાલપુત્રમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે કુલાલપુત્ર, કુલાલપિતાથી જન્ય પણ છે અને કુલાલપિતાથી જન્ય જે ઘટ છે, એનો જનક પણ છે. પરંતુ વ્યાપારના લક્ષણમાં 'द्रव्यान्यत्वे सति' પદના નિવેશથી કુલાલપુત્રમાં અતિવ્યાપ્તિ આવશે નહીં. કારણ કે કુલાલપુત્ર દ્રવ્યથી ભિન્ન નથી.

★ વ્યાપારના લક્ષણમાં 'द्रव्यभिन्नत्वे सति तज्जन्यत्व' એટલું જ કહીએ તો દંડરૂપ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે દંડરૂપ ગુણસ્વરૂપ હોવાથી દ્રવ્યથી ભિન્ન પણ છે અને દંડથી જન્ય પણ છે. પરંતુ લક્ષણમાં 'तज्जन्यजनकत्व' પદના નિવેશથી દંડરૂપાદિમાં અતિવ્યાપ્તિ આવતી નથી કારણ કે દંડનું રૂપ દંડથી જન્ય જે ઘટ છે, તેનું જનક નથી.

નોંધ : વ્યાપારના ઉપરોક્ત લક્ષણ પરથી એ જાણી શકાય કે 'વ્યાપાર', દ્રવ્ય સિવાયના જન્ય એવા અનિત્ય પદાર્થ જ બનશે. આશય એ છે કે સામાન્ય, વિશેષ, સમવાય, અત્યંતાભાવ અને અન્યોન્યાભાવ આ પદાર્થો તો નિત્ય હોવાથી, તથા પ્રાગભાવ જન્ય ન હોવાથી અને દ્રવ્યનો તો વ્યાપારના લક્ષણમાં નિષેધ જ કર્યો હોવાથી વ્યાપાર નહીં બની શકે.માટે અનિત્ય ગુણ, કર્મ અને ધ્વંસ એ વ્યાપાર રૂપે બનશે. **દા.ત.** → 'દાન એ પુણ્યને ઉત્પન્ન કરી સ્વર્ગપ્રતિ કારણ બને છે, મંગલ એ વિઘ્નનો ધ્વંસ કરી સમાપ્તિ પ્રતિ કારણ બને છે' ઈત્યાદિમાં પણ પુણ્ય, વિઘ્નધ્વંસ વગેરે વ્યાપાર સમજવા.

કારણ - નિરૂપણ

मूलम् : कार्यनियतपूर्ववृत्ति कारणम् ॥

કાર્યની પૂર્વમાં જે નિયત = અવશ્ય રહે છે, તેને કારણ કહેવાય છે. **દા.ત.** → ઘટ કાર્યની પૂર્વે દંડ અવશ્ય રહે છે. તેથી ઘટની પ્રતિ દંડ એ કારણ છે.

વિશેષાર્થ : અહીં એ ધ્યાતવ્ય છે કે 'પૂર્વવૃત્તિત્વ પદથી 'અવ્યવહિતપૂર્વવૃત્તિત્વ' પદ જ સમજવું. એનું કારણ એ છે કે કાર્યની ઉત્પત્તિના એક બે કલાક પહેલા ભલે કારણની વિદ્યમાનતા હોય કે ન હોય પરંતુ જે ક્ષણમાં કાર્યની ઉત્પત્તિ થશે, તેની અવ્યવહિત પૂર્વક્ષણમાં તો કારણની વિદ્યમાનતા નિશ્ચિત જ હોવી જોઈએ. અન્યથા કારણના ન રહેવા પર કાર્યની અનુત્પત્તિનો પ્રસંગ આવશે.

શંકા : ભલા ભાઈ! 'કાર્યની અવ્યવહિત પૂર્વક્ષણમાં અવશ્ય રહેલું હોય તે કારણ કહેવાય' એવું કહેશો તો દંડ, કુલાલ વગેરે કારણ કેવી રીતે બનશે? કારણ કે ઘટકાર્યની

અવ્યવહિત પૂર્વક્ષણમાં તો ભ્રમિ છે, દંડાદિ નથી.

સમા. : ભ્રમિક્રિયા જેમ ઘટકાર્યની અવ્યવહિત પૂર્વક્ષણમાં સમવાય સંબંધથી રહે છે, તેમ દંડ પણ સ્વજન્યભ્રમિવત્ત્વ સંબંધથી તથા કુલાલ પણ સ્વસંયુક્તજન્યભ્રમિવત્ત્વ સંબંધથી ઘટકાર્યની અવ્યવહિત પૂર્વક્ષણમાં રહેલા જ છે. તેથી દંડ, કુલાલ વગેરે પણ કારણ કહેવાશે.

(न्या०) कारणं लक्षयति-कार्यनियतेति । कार्यं प्रति नियतत्वे सति पूर्ववृत्तित्वम्। नियतत्वविशेषणानुपादाने पूर्ववर्तिनो रासभादेरपि घटादिकारणत्वं स्यादतो 'नियतत्वे सती' ति विशेषणम्। नियतपूर्ववर्तिनो दण्डरूपादेरपि घटकारणत्वं स्यादतो' ऽनन्यथासिद्ध' पदमपि कारणलक्षणे निवेशनीयम्। दण्डरूपादीनां त्वन्यथासिद्धत्वात् ।

* ન્યાયબોધિની *

★ 'कार्यं प्रति नियतत्वे सति पूर्ववृत्तित्वम्' કારણના આ લક્ષણમાં જો નિયતત્વ વિશેષણનું ઉપાદાન ન કરીએ તો રાસભ વગેરે પણ ઘટાદિ કાર્યની પૂર્વે રહે છે. તેથી રાસભાદિ પણ ઘટાદિનું કારણ બની જશે. પરંતુ લક્ષણમાં 'નિયતત્વ' પદના નિવેશથી રાસભાદિ, ઘટાદિ પ્રતિ કારણ નહીં બની શકે કારણ કે રાસભાદિ, ઘટાદિ કાર્યની પૂર્વે નિયતપણે એટલે કે હંમેશા રહેતા નથી.

શંકા : 'કાર્યની પ્રતિ નિયતપૂર્વવૃત્તિ જે હોય તે કારણ છે' આવું પણ કારણનું લક્ષણ કરશો તો દંડરૂપ, દંડત્વ પણ ઘટકાર્યની પ્રતિ કારણ બની જશે. કારણ કે દંડરૂપાદિ, દંડ વગર રહેતા ન હોવાથી દંડની જેમ ઘટકાર્યની પૂર્વમાં અવશ્ય રહેશે.

સમા. : ભાઈ! કારણના લક્ષણમાં 'अनन्यथासिद्ध' પદના નિવેશથી દંડરૂપાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે દંડરૂપાદિ અનન્યથાસિદ્ધ નથી અર્થાત્ અન્યથાસિદ્ધ છે. તેથી કારણનું લક્ષણ થશે 'अनन्यथासिद्धत्वे सति नियतत्वे सति पूर्ववृत्तित्वम्'

(प०) कार्येति। कार्यान्नियताऽवश्यंभाविनी पूर्ववृत्तिः पूर्वक्षणवृत्तिर्यस्य तत्तथेत्यर्थः। अनियतरासभादिवारणाय नियतेति। कार्यवारणाय पूर्वेति। दण्डत्वादिवारणायानन्यथासिद्धत्वविशेषणस्यावश्यकत्वेन तत एव रासभादिवारणसंभवे नियतपदमनर्थमेव। एवं चानन्यथासिद्धकार्यपूर्ववृत्ति कारणमिति फलितम्। अनन्यथासिद्धत्वमन्यथासिद्धिशून्यत्वम्। अन्यथासिद्धिश्चावश्यक्लृप्तनियतपूर्ववर्तिनैव कार्यसंभवे तत्सहभूतत्वम्। यथावश्यक्लृप्तनियतपूर्ववर्तिभिर्दण्डादिभिरेव घटरूपकार्यसंभवे तत्सहभूतत्वं दण्डत्वादौ तदन्यथासिद्धम् ॥

* પદકૃત્ય *

'કાર્યથી નિયત = અવશ્યભાવિની = હંમેશા, પૂર્વવૃત્તિ = પૂર્વક્ષણની વૃત્તિ છે જેની તે કારણ કહેવાય છે. ★ કારણના આ લક્ષણમાં કાર્યની હંમેશા પૂર્વ નહીં રહેતા એવા રાસભ વગેરેમાં અતિવ્યાપ્તિના વારણ માટે લક્ષણમાં 'નિયત' પદનો નિવેશ છે. (ન્યા.બો.માં જુઓ)

★ જો લક્ષણમાં 'પૂર્વ' પદનો નિવેશ ન કરીએ અને 'कार्यनियतवृत्तित्वम्' એટલું જ કહીએ તો કાર્યમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે કાર્યનો નિયત = વ્યાપક કાર્ય પણ બની જશે.

તે આ પ્રમાણે..... कार्याधिकरणवृत्त्यन्ताभावाप्रतियोगित्वं व्यापकत्वम् = कारणत्वम् અર્થાત્ કાર્યના અધિકરણમાં રહેનારા અત્યન્તાભાવનો જે અપ્રતિયોગી હોય તે વ્યાપક = કારણ કહેવાય છે. **દા.ત.** → ઘટકાર્યનું અધિકરણ જે ભૂતલાદિ છે, એમાં ઘટ રહેલો હોવાથી ઘટનો અભાવ નહીં મળે પરંતુ પટનો અભાવ મળશે. એ અભાવનો પ્રતિયોગી પટ અને અપ્રતિયોગી ઘટ કાર્ય બનશે. તેથી કારણનું (= વ્યાપકનું) લક્ષણ ઘટકાર્યમાં જશે. માટે અતિવ્યાપ્તિ આવશે.

પરંતુ કારણના લક્ષણમાં 'પૂર્વ' પદનો નિવેશ કરશું તો ઘટકાર્યમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે 'પૂર્વ' પદના નિવેશથી વ્યાપક = કારણનું લક્ષણ આ પ્રમાણે થશે → कार्याधिकरणवृत्तिप्राक्क्षणावच्छेदेनात्यन्ताभावाप्रतियोगित्वं व्यापकत्वम् = कारणत्वम् અર્થાત્ 'કાર્યના અધિકરણમાં કાર્યની પૂર્વક્ષણે રહેનારા અત્યન્તાભાવનો જે અપ્રતિયોગી હોય તે (વ્યાપક =) કારણ કહેવાય છે. આ લક્ષણ કાર્યમાં જશે નહીં કારણ કે કાર્યના અધિકરણમાં કાર્યની ઉત્પત્તિની પૂર્વક્ષણમાં ઘટનો અભાવ મળે છે તેથી ઘટાભાવનો પ્રતિયોગી ઘટ બનશે અને અપ્રતિયોગી દંડાત્મક કારણ બનશે. આમ, કારણનું લક્ષણ કારણમાં જવાથી નાતિવ્યાપ્તિ.

★ દંડત્વ વગેરેમાં આવતી અતિવ્યાપ્તિના વારણ માટે લક્ષણમાં 'અનન્યથાસિદ્ધત્વ' વિશેષણનો નિવેશ આવશ્યક છે. (ન્યા.બો.માં જુઓ) અને હા, લક્ષણમાં 'અનન્યથાસિદ્ધ' પદના નિવેશથી રાસભાદિમાં પણ અતિવ્યાપ્તિનું વારણ થઈ જશે કારણ કે રાસભાદિ અન્યથાસિદ્ધ છે. તેથી રાસભાદિમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે પૂર્વે જે 'નિયત' પદનો નિવેશ કર્યો હતો તે વ્યર્થ બની જશે. માટે લક્ષણ થશે → अनन्यथासिद्धत्वे सति कार्यपूर्ववृत्तित्वं कारणत्वम्

અનન્યથાસિદ્ધ કોને કહેવાય? જે પદાર્થ અન્યથાસિદ્ધિથી ભિન્ન હોય તે અનન્યથાસિદ્ધ કહેવાય. અન્યથાસિદ્ધિ એટલે શું? અવશ્યક્લૃપ્ત, નિયત = વ્યાપક, પૂર્વવર્તી પદાર્થથી જ કાર્ય ઉત્પન્ન થઈ જતું હોય તો એ પદાર્થની સાથે રહેનારા 'અન્યથાસિદ્ધ' કહેવાય છે. દા.ત. → ઘટકાર્યની ઉત્પત્તિમાં અવશ્યક્લૃપ્ત, નિયત, પૂર્વવર્તી દંડાદિ છે. તેથી તે દંડાદિની સાથે રહેનારા દંડત્વ, દંડરૂપ વગેરે અન્યથાસિદ્ધ કહેવાશે.

વિશેષાર્થ :

શંકા : ઘટની નિયતપૂર્વવર્તી દંડાદિની જેમ દંડત્વાદિ પણ છે, તો ઘટકાર્યની ઉત્પત્તિમાં દંડત્વાદિને કારણ અને દંડાદિને અન્યથાસિદ્ધ માનો...

સમા. : ભઈ! કારણ જેમ કાર્યથી નિયત = વ્યાપક હોવા જોઈએ, કાર્યની અવ્યવહિત

પૂર્વક્ષણમાં રહેતા હોવા જોઈએ તેમ અવશ્યકલ્પ્ત પણ હોવા જોઈએ. અર્થાત્ લઘુભૂતધર્મથી અવચ્છિન્ન પણ હોવા જોઈએ. એટલે કે કારણતાનો અવચ્છેદક લઘુભૂતધર્મ હોવો જોઈએ.

જો દંડત્વને કારણ માનીએ તો 'સ્વાશ્રયદંડજન્યભ્રમિવત્ત્વ' સંબંધને દંડત્વમાં રહેલી કારણતાનો અવચ્છેદક માનવો પડે કારણ કે આ સંબંધથી દંડત્વ ઘટકાર્યના અધિકરણમાં રહે છે. જ્યારે દંડને કારણ માનીએ તો 'સ્વજન્યભ્રમિવત્ત્વ' સંબંધ દંડમાં રહેલી કારણતાનો અવચ્છેદક બનશે. કારણ કે આ સંબંધથી દંડ ઘટકાર્યના અધિકરણમાં રહે છે.



આમ દંડ અને દંડત્વ બંનેમાંથી દંડનો લઘુભૂતધર્મ હોવાથી દંડ એ કારણ બનશે અને દંડત્વ એ અન્યથાસિદ્ધ બનશે. આ રીતે દંડરૂપાદિમાં પણ વિચારવું.

કાર્ય - નિરૂપણ

मूलम् : कार्यं प्रागभावप्रतियोगि ॥

કાર્યની ઉત્પત્તિ પહેલા કાર્યનો જે અભાવ છે, તેને પ્રાગભાવ કહેવાય છે. એ પ્રાગભાવના પ્રતિયોગી = વિરોધીને કાર્ય કહેવાય છે. **દા.ત.** → ઘટ જ્યાં સુધી ઉત્પન્ન થયો નથી ત્યાં સુધી ઘટનો પ્રાગભાવ કહેવાય છે. અને એ પ્રાગભાવના પ્રતિયોગી ઘટને કાર્ય કહેવાય છે.

(न्या०) कार्यं लक्षयति-कार्यमिति। प्रागभावप्रतियोगित्वं कार्यस्य लक्षणम्। कार्योत्पत्तेः पूर्वम् 'इह घटो भविष्यति' इति प्रतीतिर्जायते एतत्प्रतीतिविषयीभूतो योऽभावः स प्रागभावः, तत्प्रतियोगि घटादिरूपं कार्यम् ॥

* ન્યાયબોધિની *

કાર્યનું લક્ષણ કરે છે 'જે પ્રાગભાવનો પ્રતિયોગી હોય તેને કાર્ય કહેવાય છે.' કાર્યની ઉત્પત્તિ પહેલા 'इह घटो भविष्यति' 'અહીં ઘડો ઉત્પન્ન થશે' એ પ્રમાણેની પ્રતીતિ થાય છે. આ પ્રતીતિનો = જ્ઞાનનો વિષય જે ઘટાભાવ બને છે, તેને પ્રાગભાવ કહેવાય છે. અને તેનો પ્રતિયોગી જે ઘટાદિ છે તે કાર્ય છે.

(प०) प्रागभावेति। कालादिवारणाय प्रागिति । असंभववारणाय प्रतियोगीति।

* પદકૃત્ય *

★ કાર્યના 'प्रागभावप्रतियोगित्वम्' આ લક્ષણમાં જો 'प्राग्' પદનો નિવેશ ન કરીએ અને 'અભાવનો જે પ્રતિયોગી હોય તેને કાર્ય કહેવાય' એટલું જ કહીએ તો કાલાદિમાં અતિવ્યાપ્તિ

આવશે કારણ કે લક્ષણઘટક અભાવ પદથી અન્યોન્યાભાવનું પણ ગ્રહણ થઈ શકે તેથી 'ઘટ એ કાલાદિસ્વરૂપ નથી' એ પ્રમાણેની પ્રતીતિનો વિષય જે અન્યોન્યાભાવ છે, તેનો પ્રતિયોગી કાલાદિ પણ છે. પરંતુ લક્ષણમાં 'प्राग्' પદના નિવેશથી કાલાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે જેની ઉત્પત્તિ થાય, તે પ્રાગભાવના પ્રતિયોગી બને છે. કાલાદિ નિત્ય હોવાથી પ્રાગભાવના પ્રતિયોગી બની શક્તા નથી.

★ 'જે પ્રાગભાવ હોય તે કાર્ય છે' એટલું જ કહીએ તો ઘટાદિ કોઈ પણ કાર્યમાં કાર્યનું લક્ષણ ન ઘટવાથી અસંભવદોષ આવશે. કારણ કે ઘટાદિ કોઈ પણ કાર્ય પ્રાગભાવસ્વરૂપ નથી. અને પ્રાગભાવ એ પ્રાગભાવસ્વરૂપ હોવા છતાં કાર્ય નથી. લક્ષણમાં 'प्रतियोगी' પદના નિવેશથી અસંભવ દોષ નહીં આવે, કારણ કે દરેક કાર્ય પ્રાગભાવના પ્રતિયોગી હોય છે.

વિશેષાર્થ :

શંકા : કાર્યનું લક્ષણ 'ध्वंसप्रतियोगित्वम्' ન કરતા 'प्रागभावप्रतियोगित्वम्' કેમ કર્યું?

સમા. : જો કાર્યનું 'ध्वंसप्रतियोगित्वम्' લક્ષણ કરીએ તો અકાર્ય એવા પ્રાગભાવમાં પણ લક્ષણ જતું રહેશે, કારણ કે ઘટાદિ ઉત્પન્ન થયા પછી ઘટાદિના પ્રાગભાવનો ધ્વંસ થઈ જાય છે. માટે પ્રાગભાવ એ ધ્વંસનો પ્રતિયોગી બને છે. તેથી કાર્યનું લક્ષણ 'प्रागभावप्रतियोगित्वम्' કરવું ઉચિત છે.

मूलम् : कारणं त्रिविधं समवाय्यसमवायिनिमित्तभेदात् ॥

કારણ ત્રણ પ્રકારનું છે સમવાયિકારણ, અસમવાયિકારણ અને નિમિત્તકારણ.

(न्या०) कारणं विभजते-कारणमिति। समवायिकारणमसमवायिकारणं निमित्तकारणं चेति॥

સ્પષ્ટ છે.

વિશેષાર્થ : 'कारणं त्रिविधम्' આ પ્રમાણે જે મૂળમાં કહ્યું છે, તેના દ્વારા સાંખ્ય અને વેદાન્તદર્શનને માન્ય કારણદ્વયવાદનું ખંડન થઈ જાય છે.

સમવાયિકારણ

मूलम् : यत्समवेतं कार्यमुत्पद्यते तत्समवायिकारणम्। यथा तन्तवः पटस्य। पटश्च स्वगतरूपादेः ॥

જેમાં સમવાયસંબંધથી રહેલું કાર્ય ઉત્પન્ન થાય છે તેને સમવાયિકારણ કહેવાય છે. દા.ત. → તન્તુ એ પટનું સમવાયિકારણ છે અને પટ એ સ્વગતરૂપાદિ=પટમાં રહેલા રૂપ, રસ, ગન્ધ વગેરેનું સમવાયિકારણ છે.

(न्या०) समवायिकारणं लक्षयति - यत्समवेतमिति । यस्मिन्समवेतं सत्समवायेन सम्बद्धं सत् कार्यमुत्पद्यते तत्समवायिकारणमित्यर्थः। उदाहरणम्-यथा तन्तव इति। येषु

तन्तुषु समवायेन सम्बद्धं सत्पटात्मकं कार्यमुत्पद्यते तत् तन्तवः समवायिकारणमित्यर्थः। सामान्यलक्षणं तु-समवायसम्बन्धावच्छिन्नकार्यता-निरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणत्वं समवायिकारणत्वमिति। समवायसम्बन्धेन घटाद्यधिकरणे कपालादौ कपालादेस्तादात्म्यसम्बन्धेनैव सत्त्वात्, समवायसम्बन्धावच्छिन्नघटत्वावच्छिन्नकार्यता-निरूपिततादात्म्यसम्बन्धावच्छिन्नकारणतायाः कपालादौ सत्त्वाल्लक्षणसमन्वयः। जन्यभावत्वावच्छिन्नं प्रति तादात्म्यसम्बन्धेन द्रव्यस्यैव कारणत्वाज्जन्यभावेषु द्रव्यगुणकर्मसु त्रिषु द्रव्यमेव समवायिकारणम्। द्रव्ये तु द्रव्यावयवाः समवायिकारणम्। अतो गुणादावपि द्रव्यमेव समवायिकारणमित्याशयेनाह-पटश्च स्वगतरूपादेरिति। समवायिकारणमित्यनुषज्यते ॥

* ન્યાયબોધિની *

સમવાયિકારણનું લક્ષણ કરે છે → જેમાં સમવેતં सत् = સમવાયસંબંધથી સંબદ્ધ પામેલું છતું કાર્ય ઉત્પન્ન થાય છે, તે સમવાયિકારણ કહેવાય છે. દા.ત. → તંતુઓમાં સમવાયસંબંધથી સંબદ્ધ પામેલું છતું પટકાર્ય ઉત્પન્ન થાય છે. તેથી તંતુઓ પટનું સમવાયિકારણ કહેવાય છે.

સમવાયિકારણ-સામાન્યનું લક્ષણ એટલે કે જેટલા સમવાયિકારણ છે તે બધામાં ઘટી શકે તેવું લક્ષણ આ પ્રમાણે છે... 'समवायसंबन्धावच्छिन्नकार्यता-निरूपिततादात्म्य-संबन्धावच्छिन्नकारणताश्रयत्वं समवायिकारणस्य लक्षणम्' અર્થાત્ કાર્ય પોતાના અધિકરણમાં સમવાયસંબંધથી રહેવું જોઈએ અને તે જ અધિકરણમાં કારણ તાદાત્મ્યસંબંધથી રહેવું જોઈએ. એટલે કે કાર્યમાં રહેલી કાર્યતાનો અવચ્છેદકસંબંધ સમવાય હોવો જોઈએ અને કારણમાં રહેલી કારણતાનો અવચ્છેદકસંબંધ તાદાત્મ્ય હોવો જોઈએ તો तद् तद् કાર્યની પ્રતિ तद् तद् કારણને સમવાયિકારણ કહેવાય છે.

દા.ત. → ઘટકાર્યનું સમવાયિકારણ કપાલ કહેવાય છે. તે આ પ્રમાણે.... કાર્ય પોતાના અધિકરણમાં જે સંબંધથી રહે છે તેને કાર્યતાનો અવચ્છેદકસંબંધ કહેવાય છે અને કારણ, કાર્યના અધિકરણમાં જે સંબંધથી રહે છે, તેને કારણતાનો અવચ્છેદકસંબંધ કહેવાય છે. અહીં ઘટકાર્ય કપાલમાં સમવાયસંબંધથી રહે છે તેથી ઘટનિષ્ઠ કાર્યતાનો અવચ્છેદકસંબંધ સમવાય બનશે. તથા ઘટકાર્યના અધિકરણ કપાલમાં કપાલસ્વરૂપ કારણ તાદાત્મ્યસંબંધથી રહે છે. તેથી કપાલનિષ્ઠ કારણતાનો અવચ્છેદક સંબંધ તાદાત્મ્ય બનશે.



માટે સમવાયસંબંધાવચ્છિન્ન, ઘટત્વાવચ્છિન્ન, ઘટનિષ્ઠ જે કાર્યતા છે તેનાથી નિરૂપિત (= ઓળખાયેલ) તાદાત્મ્યસંબંધાવચ્છિન્ન કારણતા કપાલમાં છે. તેથી લક્ષણ સમન્વય થાય છે. અર્થાત્ કપાલ એ ઘટકાર્યનું સમવાયિકારણ કહેવાશે.

શંકા : જે જન્યભાવપદાર્થ છે = જે કાર્ય સ્વરૂપ છે, તેનું સમવાયિકારણ કોણ બનશે?

સમા. : જન્યભાવત્વાવચ્છિન્ન જન્યભાવપદાર્થ સ્વરૂપ જે દ્રવ્ય, ગુણ અને કર્મ છે, તેઓ દ્રવ્યમાં સમવાયસંબંધથી ઉત્પન્ન થાય છે અને એ જ દ્રવ્યમાં તાદાત્મ્યસંબંધથી દ્રવ્યસ્વરૂપ કારણની પણ વૃત્તિ છે. તેથી દ્રવ્ય, ગુણ અને કર્મ એ ત્રણનું દ્રવ્ય જ સમવાયિકારણ છે. ★ દ્રવ્યનું સમવાયિકારણ દ્રવ્યના અવયવો થશે, જે પણ દ્રવ્ય જ છે. દા.ત. → ઘટકાર્યનું સમવાયિકારણ ઘટના અવયવભૂત કપાલ છે. ★ એવી રીતે ગુણનું સમવાયિકારણ પણ દ્રવ્ય જ બનશે. એનું ઉદાહરણ મૂળમાં બતાવ્યું છે →પટરૂપનું સમવાયિકારણ પટદ્રવ્ય છે. ★ આ રીતે કર્મનું સમવાયિકારણ પણ દ્રવ્ય જ હોય છે. દા.ત. → ગાય પોતાની ગમનક્રિયાની પ્રતિ સમવાયિકારણ છે. કારણ કે સમવાયસંબંધથી ગમનક્રિયા ગાયમાં ઉત્પન્ન થાય છે.



વિશેષાર્થ : ન્યાયબોધિનીમાં જન્યભાવ પદાર્થનું સમવાયિકારણ દ્રવ્ય બતાવ્યું એમાં ★ જો 'જન્ય' પદનું ઉપાદાન ન કરીએ તો પરમાણુ તેમજ સામાન્ય, વિશેષ, સમવાય નિત્ય હોવા છતાં 'કાર્ય' માનવા પડે કારણ કે પરમાણુ વગેરે પણ ભાવપદાર્થ છે. પરંતુ 'જન્ય' પદના નિવેશથી પરમાણુ વગેરેને 'કાર્ય' માનવાની આપત્તિ નહીં આવે કારણ કે પરમાણુ વગેરે નિત્ય હોવાથી જન્ય નથી.

★ જો લક્ષણમાં 'ભાવ' પદ ન લખીએ અને 'જન્યપદાર્થનું સમવાયિકારણ દ્રવ્ય છે' એવું કહીએ તો જન્યપદાર્થ તરીકે ધ્વંસાત્મક અભાવ પણ પકડાશે કારણ કે ધ્વંસાત્મક અભાવ પણ ઉત્પન્ન થાય છે. તેથી જન્ય એવા ધ્વંસનું સમવાયિકારણ દ્રવ્ય માનવું પડશે. જ્યારે વાસ્તવિક રીતે તો ધ્વંસનું સમવાયિકારણ દ્રવ્ય હોતું નથી. પરંતુ લક્ષણમાં 'ભાવ' પદના નિવેશથી ધ્વંસમાં આપત્તિ નહીં આવે કારણ કે ધ્વંસ એ જન્ય હોવા છતાં પણ ભાવસ્વરૂપ કાર્ય નથી.

(પ૦) यदिति। यस्मिन्समवायसम्बन्धेन वर्तमानं कार्यमुत्पद्यते तदित्यर्थः । चक्रादिवारणाय समवेतमिति ॥

*** પદકૃત્ય ***

'જેમાં સમવાયસંબંધથી રહેતું છતું કાર્ય ઉત્પન્ન થાય છે તે સમવાયિકારણ છે.' આ લક્ષણમાં જો 'સમવેત' પદનો નિવેશ ન કરીએ તો ચક્ર, ભૂતલ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે ચક્રાદિમાં સંયોગસંબંધથી ઘટાદિ કાર્ય ઉત્પન્ન થાય છે. પરતું લક્ષણમાં 'સમવેત' પદના નિવેશથી ચક્રાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે ચક્રાદિમાં ઘટાદિકાર્ય સમવાય-સંબંધથી ઉત્પન્ન થતું નથી.

વિશેષાર્થ : સમવાયિકારણના લક્ષણમાં 'उत्पद्यते' લખવામાં ન આવે અને'જેમાં સમવાયસંબંધથી રહે છે' એટલું જ લખવામાં આવે તો ઘટમાં ઘટત્વ, આકાશમાં એકત્વ વગેરે પણ સમવાયસંબંધથી રહે છે. તેથી ઘટાદિ પણ નિત્ય એવા ઘટત્વ વગેરેનું સમવાયિકારણ બની જશે જે ઈષ્ટ નથી.

સમવાયિકારણના લક્ષણમાં 'उत्पद्यते' પદ લખ્યું છે તે સત્કાર્યવાદી એવા સાંખ્યના મતનું ખંડન કરવા માટે છે. કારણ કે સાંખ્યદર્શન માટીમાં ઘટ વિદ્યમાન જ હતો અને તે જ પ્રગટ થાય છે એવું માને છે. જ્યારે અસત્કાર્યવાદી એવા ન્યાય અને વૈશેષિક દર્શન માટીમાં ઘડો હતો જ નહીં, નવો ઉત્પન્ન થાય છે એવું માને છે.

असमवायिकारण

मूलम् : कार्येण कारणेन वा सहैकस्मिन्नर्थे समवेतं सत् कारणमसमवायि-कारणम्। यथा तन्तुसंयोगः पटस्य। तन्तुरूपं पटरूपस्य ॥

કાર્યની સાથે અથવા કાર્યનું જે સમવાયિકારણ છે તેની સાથે એક અધિકરણમાં જે સમવાયસંબંધથી રહેલું હોય અને કાર્યનું કારણ હોય તેને असमवायिकारण કહેવાય છે.

दा.त. → તંતુસંયોગ એ પટનું અસમવાયિકારણ છે, તંતુનું રૂપ એ પટના રૂપનું અસમવાયિકારણ છે.

(न्या०) असमवायिकारणं लक्षयति-कार्येणेति। कार्येण सहैकस्मिन्नर्थे समवेतं सत् यत् कारणं तद् असमवायिकारणमित्यन्वयः। कारणेन सहैकस्मिन्नर्थे समवेतं सत् यत् कारणं तदसमवायिकारणमित्यन्वयः। अत्र 'कारणेने' त्यस्य स्वकार्य-समवायिकारणेनेत्यर्थः। जन्यद्रव्यमात्रे अवयवसंयोगस्यैवासमवायिकारण-त्वात्पटात्मककार्ये तदवयवतन्तुसंयोगस्यैवासमवायिकारणत्वमिति दर्शयति-यथा तन्तुसंयोगः पटस्येति। पटात्मककार्येण सहैकस्मित्रर्थे तन्तौ समवेतं सत्समवायसंबन्धेन वर्तमानं सत्पटात्मककार्यं प्रति तन्तुसंयोगात्मकं कारणमसमवायिकारणमित्यर्थः। द्वितीयमसमवायिकारणं कारणेन सहेत्यादिना पूर्वोक्तं तदुदाहरति-तन्तुरूपमिति। कारणेन सह पटरूपसमवायिकारणीभूतपटेन सह एकस्मिन्नर्थे तन्तुस्वरूपेऽर्थे समवेतं

सत्समवायसंबन्धेन वर्तमानं सत् तन्तुरूपं पटगतरूपं प्रति कारणं भवति, अतोऽसमवायिकारणं तन्तुरूपं पटगतरूपस्य। सामान्यलक्षणं तु समवायसंबन्धावच्छिन्नकार्यतानिरूपिता या समवायस्वसमवायिसमवेतत्वान्यतरसंबन्धावच्छिन्ना कारणता तदाश्रयत्वमसमवायिकारणत्वमिति। द्रव्यासमवायिकारणीभूतावयवसंयोगादौ तु समवायसंबन्धावच्छिन्नघटत्वावच्छिन्नकार्यतानिरूपिता समवायसंबन्धावच्छिन्ना कपालद्वयसंयोगनिष्ठा कारणता कपालद्वयसंयोगे वर्तते। एवमाद्यपतनक्रियायामाद्यस्यन्दनक्रियायां च गुरुत्वद्रवत्वे असमवायिकारणे भवतः। आद्यपतनक्रियां प्रति आद्यस्यन्दनक्रियां प्रति च समवायसंबन्धेनैव तयोः कारणत्वात्। अवयविगुणादौ त्ववयवगुणादेः स्वसमवायिसमवेतत्वसंबन्धेनैव कारणत्वात्, तत्संबन्धावच्छिन्नकारणताश्रयत्वमवयवगुणादौ वर्तते। अवयवगुणकपालतन्तुरूपादेः स्वशब्दग्राह्यकपालरूपतन्तुरूपसमवायिकपालतन्तुसमवेतत्वसंबन्धेन घटपटादौ सत्त्वात् ॥

* ન્યાયબોધિની *

असमवायिकारणं..... समवायिकारणेनेत्यर्थः। મૂળમાં અસમવાયિકારણનું જે લક્ષણ આપ્યું છે, તેનો નીચે પ્રમાણે અન્વય કરતા બે રીતે અસમવાયિકારણ જોવા મળશે. (૧) કાર્યની સાથે એક અધિકરણમાં જે સમવાયસંબંધથી રહેલું હોય અને કાર્યનું કારણ હોય તેને અસમવાયિકારણ કહેવાય છે અને (૨) (કાર્યના) કારણની સાથે એક અધિકરણમાં જે સમવાયસંબંધથી રહેલું હોય અને કાર્યનું કારણ હોય તેને અસમવાયિકારણ કહેવાય છે. અસમવાયિકારણનાં બીજા લક્ષણમાં જે 'कारणेन' પદ છે, તેનો અર્થ 'સ્વકાર્યના સમવાયિકારણની સાથે' એ પ્રમાણે કરવો.

जन्यद्रव्यमात्रे..... पटगतरूपस्य। જન્યદ્રવ્યને વિષે અસમવાયિકારણ કોણ બનશે ? જન્યદ્રવ્યમાત્રની પ્રતિ = જન્ય પૃથ્વિ, જલ, તેજ અને વાયુસ્વરૂપ કાર્યની પ્રતિ અવયવનો સંયોગ જ અસમવાયિકારણ છે. તેથી 'પટકાર્યમાં પટના અવયવો જે તંતુઓ છે, તેનો સંયોગ જ અસમવાયિકારણ છે' એ પ્રમાણે 'यथा तन्तुसंयोगः पटस्य' મૂળમાં આ પંક્તિથી પ્રથમ અસમવાયિકારણ જણાવે છે. તેનો અર્થ એ પ્રમાણે થશે →



પટકાર્યની સાથે એક અધિકરણ એવા તંતુમાં તંતુનો સંયોગ સમવાયસંબંધથી રહ્યો છે અને પટકાર્યનું કારણ પણ બને છે તેથી તંતુનો સંયોગ એ પટકાર્યનું અસમવાયિકારણ છે.

બીજું અસમવાયિકારણ 'कारणेन सह...' ઇત્યાદિ ગ્રન્થ વડે પહેલા જે ન્યાયબોધિનીમાં જણાવ્યું હતું તેનું ઉદાહરણ આપે છે.....



તંતુરૂપ એ પટરૂપનું અસમવાયિકારણ છે કારણ કે 'કારણની સાથે ' = પટરૂપાત્મક કાર્યનું સમવાયિકારણ જે પટ છે, તે પટની સાથે એક અધિકરણ એવા તંતુમાં તંતુનું રૂપ સમવાયસંબંધથી રહ્યું પણ છે અને પટરૂપાત્મક કાર્યનું કારણ પણ બને છે. તેથી તંતુનું રૂપ પટના રૂપનું અસમવાયિકારણ છે. (ઉપરોક્ત ૧લું અને ૨જું અસમવાયિકારણનું લક્ષણ પ્રાચીન શૈલીમાં છે.)

सामान्यलक्षणं तु..... कारणत्वमिति। અસમવાયિકારણ સામાન્યનું નવીન શૈલીમાં લક્ષણ આ પ્રમાણે છે..... '' समवायसंबन्धावच्छिन्नकार्यतानिरूपितसमवायस्वसमवायि-समवेतत्वान्यतरसंबंधावच्छिन्नकारणताश्रयत्वमसमवायिकारणत्वम्'' એટલે કે કાર્ય અને કારણ બન્ને એક અધિકરણમાં સમવાયસંબંધથી રહેતા હોય = કાર્યતા અને કારણતા બન્નેનો અવચ્છેદક સંબંધ સમવાય જ હોય તો તદ્ કાર્ય પ્રતિ તદ્ કારણને અસમવાયિકારણ કહેવાય છે. (અસમવાયિકારણનું પ્રથમ સ્વરૂપ) અથવા જે અધિકરણમાં કાર્ય સમવાયસંબંધથી રહેતું હોય અને કારણ સ્વસમવાયિસમવેતત્વ સંબંધથી રહેતું હોય = કાર્યતાનો અવચ્છેદક સંબંધ સમવાય હોય અને કારણતાનો અવચ્છેદક સંબંધ સ્વસમવાયિસમવેતત્વ હોય તો પણ તદ્ કાર્યની પ્રતિ તદ્ કારણ અસમવાયિકારણ કહેવાય છે. (અસમવાયિકારણનું બીજું સ્વરૂપ)

द्रव्यासमवायिकारणीभूता..... कारणत्वात्। (અસમવાયિકારણનું પ્રથમસ્વરૂપ =) 'જન્ય દ્રવ્યનું અસમવાયિકારણ અવયવનો સંયોગ છે.' તેના ઉદાહરણો → ઘટકાર્યનું અસમવાયિકારણ કપાલદ્વયનો સંયોગ છે. કારણ કે ઘટકાર્ય કપાલમાં સમવાયસંબંધથી રહે છે, અને એ જ કપાલમાં બે કપાલના સંયોગસ્વરૂપ કારણ પણ સમવાયસંબંધથી રહે છે. આ પ્રમાણે સમવાયસંબંધાવચ્છિન્ન ઘટત્વાવચ્છિન્ન ઘટનિષ્ઠ જે કાર્યતા છે તેનાથી નિરૂપિત સમવાયસંબંધાવચ્છિન્ન કારણતા કપાલદ્વયસંયોગમાં છે.

એ જ પ્રમાણે પ્રથમક્ષણની પતનક્રિયાનું અસમવાયિકારણ ગુરૂત્વ છે. કારણ કે પ્રથમક્ષણની પતનક્રિયા આમ્રમાં સમવાયસંબંધથી રહેલી છે. તે જ આમ્રમાં ગુરૂત્વ પણ સમવાયસંબંધથી રહેલું છે અને પ્રથમક્ષણની પતનક્રિયાનું કારણ પણ છે. (જુઓ ચિત્ર નં.૧) એ જ પ્રમાણે પ્રથમક્ષણની સ્યન્દનક્રિયાનું અસમવાયિકારણ દ્રવત્વ છે. કારણ કે આદ્યસ્યન્દનક્રિયા જલમાં સમવાયસંબંધથી રહેલી છે, તે જ જલમાં દ્રવત્વ પણ સમવાયસંબંધથી રહેલું છે અને *આદ્યસ્યન્દનનું કારણ પણ છે. (જુઓ ચિત્ર નં.૨)*

चित्र नं. १



चित्र नं. २



अवयविगुणादौ... सत्त्वात्॥ असमवायिकारणनुं द्वितीयस्वरूप → वळी अवयवीना रूपादि गुणनी प्रति अवयवना रूपादि गुण स्वसमवायिसमवेतत्वसंबंधथी ज कारण बने छे. आथी स्वसमवायिसमवेतत्वसंबंधावच्छिन्न कारणतानो आश्रय अवयवमां रहेला (रूपादि) गुण ज छे. दा.त.→ स्वसमवायिसमवेतत्वसंबंधथी कपालरूप એ घट रूपनुं असमवायिकारण छे. ते आ प्रमाणे... घटनुं रूप समवायसंबंधथी घटमां रहे छे अने એ ज घटमां कपालनुं रूप स्वसमवायिसमवेतत्व संबंधथी रहे छे. (जुओ चित्र नं.१)

केवी रीते? स्वपदथी जे असमवायिकारण छे, तेनुं ग्रहण करवुं. तेथी स्व = कपालनुं रूप. तेनुं समवायि = समवायसंबंधथी अधिकरण कपाल छे. माटे स्वसमवायि कपाल थयो. तेमां समवेत = समवायसंबंधथी रहेलो घट छे. माटे स्वसमवायिसमवेत घट थयो. तेथी घटमां स्वसमवायिसमवेतत्व आव्युं. आ स्वसमवायिसमवेतत्वसंबंधथी कपालरूप (कारण) घटरूप (कार्य)ना अधिकरण घटमां रहेशे (जुओ चित्र नं.२)

चित्र नं. १



चित्र नं. २



અને એ ज प्रमाणे तंतुनुं रूप पण स्वसमवायिसमवेतत्वसंबंधथी पटना रूपनुं असमवायिकारण बनशे.

(प०) कार्येणेति - कार्येण कारणेन वा सहैकस्मिन्नर्थे समवेतत्वे सति आत्मविशेषगुणभिन्नत्वे सति यत् कारणं तदसमवायिकारणम्। तन्तुसंयोगादावव्याप्तिवारणाय कार्येणेति। तन्तुरूपादावव्याप्तिवारणाय कारणेनेति। आत्मविशेषगुणेऽतिव्याप्तिवारणायात्मविशेषगुणभिन्नत्वे सतीति। विशेषवारणाय कारणमिति।

* પદકૃત્ય *

'કાર્ય અથવા કારણની સાથે એક અધિકરણમાં સમવાયસંબંધથી જે રહેતું હોય અને (બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ, અધર્મ, ભાવના નામનો સંસ્કાર આ) આત્માના વિશેષગુણોથી જે ભિન્ન હોય તથા જે કાર્યનું કારણ હોય તે અસમવાયિકારણ કહેવાય છે.'

★ અસમવાયિકારણના આ લક્ષણમાં જો 'कार्येण सह' પદ ન મૂકવામાં આવે અને 'કારણની સાથે એક અધિકરણમાં...' ઈત્યાદિ કહેવામાં આવે તો અસમવાયિકારણ એવા તંતુસંયોગ, કપાલસંયોગ વગેરેમાં લક્ષણ ન જતા અવ્યાપ્તિ આવે છે. કેવી રીતે ? પટકાર્યના સમવાયિકારણ તંતુની સાથે એક અધિકરણ એવા તંતુ અવયવમાં તંતુસંયોગ સમવાયસંબંધથી રહેતો નથી. એ રીતે કપાલસંયોગ વગેરે પણ જાણવું. પરંતુ લક્ષણમાં 'कार्येण सह' પદના નિવેશથી તંતુસંયોગાદિમાં અવ્યાપ્તિ આવશે નહીં. કારણ કે તંતુસંયોગ પટકાર્યની સાથે એક અધિકરણ એવા તંતુમાં સમવાયસંબંધથી રહે જ છે.

★ લક્ષણમાં જો 'कारणेन सह' પદનો નિવેશ કરવામાં ન આવે અને 'કાર્યની સાથે એક અધિકરણમાં...' ઈત્યાદિ કહેવામાં આવે તો અસમવાયિકારણ એવા તંતુરૂપ, કપાલરૂપ વગેરેમાં અવ્યાપ્તિ આવે છે. કેવી રીતે? તંતુરૂપ એ આત્માના વિશેષગુણથી ભિન્ન પણ છે, પટરૂપાત્મક કાર્યનું કારણ પણ છે. પરંતુ પટરૂપાત્મક કાર્યની સાથે એક અધિકરણ એવા પટમાં તંતુનું રૂપ સમવાયસંબંધથી રહેતું નથી. એ રીતે કપાલરૂપ વગેરે પણ જાણવું.

પરંતુ લક્ષણમાં 'कारणेन सह' પદના નિવેશથી તંતુરૂપાદિમાં અવ્યાપ્તિ આવશે નહીં. કારણ કે તંતુરૂપ પટરૂપાત્મક કાર્યના સમવાયિકારણ પટની સાથે એક અધિકરણ એવા તંતુમાં સમવાયસંબંધથી રહે જ છે.

★ જો લક્ષણમાં 'आत्मविशेषगुणभिन्नत्व' પદનો નિવેશ કરવામાં ન આવે અને 'કાર્ય અથવા કારણની સાથે એક અધિકરણમાં...' ઈત્યાદિ કહેવામાં આવે તો આત્માના વિશેષગુણો જેને નૈયાયિકે અસમવાયિકારણ માન્યા નથી, એમાં પણ અસમવાયિકારણનું લક્ષણ જતા અતિવ્યાપ્તિ આવશે. કેવી રીતે? यो जानाति स इच्छति, य इच्छति स करोति અર્થાત્ જે વ્યક્તિ ઘટાદિને જાણે છે. તેને ઘટાદિની ઈચ્છા થાય છે અને ઘટાદિની ઈચ્છા થવાથી તે વ્યક્તિ ઘટાદિ માટે પ્રયત્ન કરે છે. તેથી સમજી શકાય છે કે જ્ઞાન એ ઈચ્છા પ્રતિ કારણ છે અને ઈચ્છા એ પ્રયત્ન પ્રતિ કારણ છે. તેથી ઈચ્છાસ્વરૂપ કાર્યની સાથે એક અધિકરણ આત્મામાં 'જ્ઞાન' સ્વરૂપ કારણ સમવાય સંબંધથી રહે છે. માટે જ્ઞાન એ ઈચ્છાનું અસમવાયિકારણ બની જશે. તેમજ પ્રયત્નસ્વરૂપ કાર્યની સાથે એક અધિકરણ આત્મામાં 'ઈચ્છા' સ્વરૂપ કારણ સમવાયસંબંધથી રહે છે. માટે ઈચ્છા એ પ્રયત્નનું અસમવાયિકારણ બની જશે.

પરંતુ લક્ષણમાં 'आत्मविशेषगुणभिन्नत्व' પદના નિવેશથી જ્ઞાન અને ઈચ્છામાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે જ્ઞાન અને ઈચ્છા આત્માના વિશેષગુણો જ છે, આત્મવિશેષગુણથી ભિન્ન નથી.

★ જો લક્ષણમાં 'कारण' પદનો નિવેશ ન કરીએ અને 'કાર્ય અથવા કારણની સાથે...' ઇત્યાદિ કહીએ તો 'વિશેષ'માં અતિવ્યાપ્તિ આવશે. કેવી રીતે ? વિશેષ, દ્વયણુક સ્વરૂપ કાર્યનું અધિકરણ જે પરમાણુ છે તેમાં સમવાય સંબંધથી રહે પણ છે અને આત્મવિશેષગુણથી ભિન્ન પણ છે.

પરંતુ લક્ષણમાં 'कारण' પદના નિવેશથી 'વિશેષ'માં અતિવ્યાપ્તિ આવશે નહીં. કારણ કે વિશેષ, દ્વયણુક સ્વરૂપ કાર્યને ઉત્પન્ન કરતું ન હોવાથી અસમવાયિકારણ બનતું નથી.

આથી, 'कार्येण कारणेन वा सहैकस्मिन्नर्थे समवेतत्वे सति आत्मविशेषगुणभिन्नत्वे सति यत् कारणं तदसमवायिकारणम्' આ અસમવાયિકારણનું નિર્દુષ્ટ લક્ષણ જાણવું.

નિમિત્તકારણ

मूलम् : तदुभयभिन्नं कारणं निमित्तकारणम्। यथा तुरीवेमादिकं पटस्य ॥

સમવાયિકારણ અને અસમવાયિકારણથી ભિન્ન કારણને નિમિત્તકારણ કહેવાય છે. દા.ત. → તુરી, વેમા વગેરે પટના નિમિત્તકારણ છે. (તુરી = જેમાંથી આડા દોરા નંખાય તે, વેમા = આડા દોરાને સરખા ગોઠવવા માટેનું આડું પાટિયું.)

(न्या०) निमित्तकारणं लक्षयति-तदुभयभिन्नमिति। समवायिकारणभिन्नत्वे सति असमवायिकारणभिन्नत्वे सति कारणत्वं निमित्तकारणत्वमित्यर्थः ।

સ્પષ્ટ છે.

(प०) तदुभयभिन्नं कारणं निमित्तकारणमिति । समवाय्यसमवायिकारणवारणाय तदुभयभिन्नमिति। विशेषादावतिव्याप्तिवारणाय कारणमिति॥

* પદકૃત્ય *

★ નિમિત્તકારણના લક્ષણમાં 'तदुभयभिन्न' પદનો નિવેશ ન કરીએ અને ' જે કારણ હોય તે નિમિત્તકારણ છે' એટલું જ કહીએ તો સમવાયિ અને અસમવાયિકારણમાં પણ અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'तदुभयभिन्न' પદના નિવેશથી તેમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે સમવાયિ અને અસમવાયિકારણ તદુભયથી ભિન્ન નથી. (કારણ કે સ્વમાં સ્વનો ભેદ મળતો નથી.)

★ જો લક્ષણમાં 'कारण' પદનો નિવેશ ન કરીએ તો વિશેષ,પરમાણુત્વાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે વિશેષાદિ સમવાયિ અને અસમવાયિકારણથી ભિન્ન છે. પરંતુ લક્ષણમાં 'कारण' પદના નિવેશથી વિશેષાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે વિશેષાદિ કારણ નથી.

વિશેષાર્થ :

શંકા : શું દરેક કાર્યમાં સમવાયિ આદિ ત્રણેય પ્રકારના કારણ હોય છે ?

સમા. : કાર્ય બે પ્રકારના છે - ભાવરૂપ કાર્ય અને અભાવરૂપ કાર્ય. તેમાં ભાવ- પદાર્થને

વિષે સમવાયિ આદિ ત્રણ કારણ હોય છે. દા.ત → પટકાર્યનું સમવાયિકારણ તંતુ છે, અસમવાયિકારણ તંતુનો સંયોગ છે અને નિમિત્તકારણ તુરી, વેમા વગેરે છે.

જ્યારે અભાવપદાર્થને વિષે નિમિત્તકારણ જ હોય છે. કારણ કે અભાવ (= ધ્વંસાત્મક અભાવ) કોઈ પણ દ્રવ્યમાં સમવાયસંબંધથી ઉત્પન્ન થતો નથી. તેથી કોઈ પણ દ્રવ્ય, અભાવનું સમવાયિકારણ ન બની શકે અને જો અભાવનું સમવાયિકારણ ન હોય તો એનું અસમવાયિકારણ પણ ન જ હોય.

શંકા : સમવાયિ, અસમવાયિ અને નિમિત્તકારણમાંથી સાધારણકારણ કોણ કહેવાશે? અને અસાધારણકારણ કોણ કહેવાશે ?

સમા. : સમવાયિ અને અસમવાયિકારણ એ અસાધારણકારણ કહેવાય છે અને નિમિત્તકારણના બે ભેદ છે - સાધારણ નિમિત્તકારણ અને અસાધારણ નિમિત્તકારણ. દા. ત. → ઘટ કાર્યનું અસાધારણ સમવાયિકારણ 'કપાલ' છે, અસાધારણ અસમવાયિકારણ કપાલસંયોગ છે, અસાધારણ નિમિત્તકારણ દંડ, ચિવર, કુલાલ, ચક્ર વગેરે છે. તથા

'ईशस्तज्ज्ञानयत्नेच्छाः कालोऽदृष्टं दिगेव च।
प्रागभावप्रतिबन्धकाभावौ कार्ये साधारणाः स्मृताः' ॥

અર્થાત્ ઈશ્વર, ઈશ્વરનું જ્ઞાન, ઈશ્વરની કૃતિ, ઈશ્વરની ઈચ્છા, કાલ, અદૃષ્ટ, દિશા, પ્રાગભાવ અને પ્રતિબંધકાભાવ એ સાધારણ નિમિત્તકારણ છે.

ટૂંકમાં → (૧) સમવાયિકારણ માત્ર દ્રવ્ય જ બને છે. (૨) અસમવાયિકારણ ગુણ અને ક્રિયા જ બને છે. (અવયવીનું અસમવાયિકારણ અવયવનો સંયોગ બને છે. અવયવીના ગુણ અને ક્રિયાનું અસમવાયિકારણ અનુક્રમે અવયવના ગુણ અને ક્રિયા બને છે.) અને (૩) સમવાયિ અને અસમવાયિકારણ સિવાય અમુક અમુક કાર્યની પ્રતિ જે કારણ બને છે તે અસાધારણ નિમિત્તકારણ છે અને દરેક કાર્યોની પ્રતિ જે કારણ બને છે તે સાધારણ નિમિત્તકારણ છે.

કરણ - નિરૂપણ

મૂલમ્ : तदेतत् त्रिविधकारणमध्ये यदसाधारणं कारणं तदेव करणम् ॥

આ ત્રણ પ્રકારનાં કારણમાં જે અસાધારણકારણ છે, તેને જ કરણ કહેવાય છે.

(न्या०) तदेतदिति। यदसाधारणमिति। 'व्यापारवत्त्वे सती' त्यपि पूरणीयम्। अन्यथा तन्तुकपालसंयोगयोरतिव्याप्तिः। तन्तुकपालसंयोगयोरपि कार्यत्वातिरिक्तपटत्वघट- त्वावच्छिन्नं प्रति कारणत्वादसाधारणत्वमस्त्येव, इत्यतस्तत्र करणत्ववारणाय 'व्यापारवत्त्वे सती' ति करणलक्षणे विशेषणं देयम्। व्यापारत्वं तु 'तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वम्'। भवति हि दण्डजन्यत्वे सति दण्डजन्यघटजनकत्वाद् भ्रम्यादेर्दण्डव्यापारत्वम्। एवं कपालसंयोगतन्तुसंयोगादेरपि कपालतन्तुव्यापारत्वम्, कपालतन्तुजन्यत्वे सति

कपालतन्तुजन्यघटपटजनकत्वात्। करणलक्षणे 'ऽ -साधारणत्व' विशेषणानुपादाने ईश्वरा-दृष्टादेरपि व्यापारवत्कारणत्वस्य सत्त्वात्, तत्रातिव्याप्तिवारणायअसाधारणेति विशेषणम् ॥

* ન્યાયબોધિની *

'असाधारणकारणत्वम्' કરણના આ લક્ષણમાં 'व्यापारवत्त्वे सति' પદનો પણ નિવેશ કરવો જોઈએ કારણ કે

★ જો લક્ષણમાં 'व्यापारवत्त्वे सति' પદનો નિવેશ ન કરીએ તો તંતુસંયોગ અને કપાલસંયોગમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે તંતુસંયોગ પણ કાર્યત્વથી અતિરિક્ત પટત્વ ધર્મથી અવચ્છિન્ન જે પટકાર્ય છે, તેનું અસાધારણકારણ છે જ અને કપાલસંયોગ પણ કાર્યત્વથી અતિરિક્ત ઘટત્વધર્મથી અવચ્છિન્ન જે ઘટકાર્ય છે, તેનું અસાધારણકારણ છે જ.

પરંતુ કારણના લક્ષણમાં 'व्यापारवत्त्वे सति' પદના નિવેશથી તંતુસંયોગ અને કપાલસંયોગમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે તંતુસંયોગ અને કપાલસંયોગ સ્વયં જ વ્યાપારાત્મક છે, વ્યાપારવાળા નથી.

વ્યાપાર કોને કહેવાય ? જે તદ્થી જન્ય હોય અને જે તદ્જન્યના જનક પણ હોય, તેને વ્યાપાર કહેવાય છે. જેવી રીતે ભ્રમિ એ દંડથી જન્ય પણ છે અને દંડથી જન્ય જે ઘટ છે, તેની જનિકા પણ છે. તેથી ભ્રમિ એ વ્યાપાર છે. તેવી જ રીતે તંતુસંયોગ, તંતુથી જન્ય પણ છે અને તંતુથી જન્ય જે પટ છે, એનો જનક પણ છે. તથા કપાલસંયોગ, કપાલથી જન્ય પણ છે અને કપાલથી જન્ય જે ઘટ છે, એનો જનક પણ છે. તેથી તંતુસંયોગ અને કપાલસંયોગ પણ અનુક્રમે તંતુ અને કપાલના વ્યાપાર છે.

★ કરણના લક્ષણમાં જો 'असाधारण' વિશેષણ પદનો નિવેશ ન કરીએ અને 'व्यापारवत्त्वे सति कारणत्वं करणत्वम्' એટલું જ કહીએ તો ઈશ્વર, અદૃષ્ટ વગેરેમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે ઈશ્વર, અદૃષ્ટાદિ કાર્યમાત્રનું કારણ પણ છે તથા વ્યાપારવત્ પણ છે. કેવી રીતે ? કપાલસંયોગ એ ઈશ્વર, અદૃષ્ટાદિથી જન્ય પણ છે અને ઈશ્વર, અદૃષ્ટાદિથી જન્ય જે ઘટ છે તેનો જનક પણ છે. તેથી કપાલસંયોગ એ વ્યાપાર બને છે અને ઈશ્વર, અદૃષ્ટાદિ એ વ્યાપારવત્ બનશે. પરંતુ લક્ષણમાં 'असाधारण' પદના નિવેશથી ઈશ્વર, અદૃષ્ટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઈશ્વર, અદૃષ્ટાદિ સાધારણકારણ છે.

(प०) तदेतदिति। यस्मात्कारणात्करणत्वघटकं कारणमुपदर्शितं तस्मादेतत् त्रिविधसाधकमध्ये यत्साधकतमं तदेव करणमिति भावः ॥ इति करणप्रपञ्चः ॥

* પદકૃત્ય *

જે કારણથી કરણના લક્ષણ ઘટક કારણનું નિરૂપણ પૂર્ણ થઈ ગયુ છે, તે કારણથી આ સમવાયિકારણ, અસમવાયિકારણ અને નિમિતકારણ આ ત્રણ કારણોની મધ્યમાં જે સાધકતમ

કારણ છે તે જ કરણ છે. એ પ્રમાણે 'तदेतद्...' ઈત્યાદિ મૂળગ્રન્થનો ભાવ છે. એ રીતે કરણનો વિસ્તાર પૂર્ણ થયો.

પ્રત્યક્ષપ્રમાણ - નિરૂપણ

मूलम् : तत्र प्रत्यक्षज्ञानकरणं प्रत्यक्षम् ॥

तत्र = પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ આ ચાર પ્રમાણમાં પ્રત્યક્ષજ્ઞાનના કરણને પ્રત્યક્ષપ્રમાણ કહેવાય છે.

(न्या०) षड्विधेन्द्रियभूतप्रमाणस्य लक्षणमाह-तत्रेति । प्रमाभूतेषू प्रत्यक्षात्मकं यज्ज्ञानं चाक्षुषादिप्रत्यक्षं तत्प्रति व्यापारवदसाधारणं कारणमिन्द्रियं भवति। अतः 'प्रत्यक्षज्ञानकरणत्वं' प्रत्यक्षस्य लक्षणम्। आद्यसंनिकर्षातिरिक्तचतुर्विधसंनिकर्षाणां समवायरूपत्वेनेन्द्रियजन्यत्वाभावाद् व्यापारत्वं न संभवतीति इन्द्रियमनःसंयोगस्यैव बाह्यप्रत्यक्षे जननीये इन्द्रियव्यापारता बोध्या। मानसप्रत्यक्षे त्वात्ममनःसंयोगस्यैव सा बोध्या।

* ન્યાયબોધિની *

છ પ્રકારની જે ઈન્દ્રિય છે, તેને ન્યાયમાં પ્રત્યક્ષપ્રમાણ કહેવાય છે. તે પ્રત્યક્ષપ્રમાણનું લક્ષણ મૂલકાર 'तत्र प्रत्यक्ष....' ઈત્યાદિ ગ્રન્થથી કહે છે. પ્રત્યક્ષાદિ જે ચાર પ્રમા = જ્ઞાન છે, તેમાં પ્રત્યક્ષાત્મક જે જ્ઞાન છે અર્થાત્ ચાક્ષુષ, સ્પાર્શન આદિ જે પ્રત્યક્ષજ્ઞાન છે, તેની પ્રતિ વ્યાપારવદ્ અસાધારણકારણ ઈન્દ્રિય છે. તેથી 'પ્રત્યક્ષજ્ઞાનનું જે કરણ હોય તેને પ્રત્યક્ષ પ્રમાણ કહેવાય છે' આ લક્ષણ ઈન્દ્રિયોમાં ઘટી જાય છે. (માટે છ ઈન્દ્રિય એ પ્રત્યક્ષપ્રમાણ સ્વરૂપ છે.)

શંકા : ઘટાદિ દ્રવ્યના ચાક્ષુષપ્રત્યક્ષમાં ચક્ષુરિન્દ્રિયને પ્રત્યક્ષપ્રમાણ કહી શકાય છે. કારણ કે ચક્ષુ એ વ્યાપારવત્ અસાધારણકારણ છે. તે આ પ્રમાણે→ સંયોગસન્નિકર્ષ ગુણ હોવાથી દ્રવ્યથી ભિન્ન પણ છે, ચક્ષુથી જન્ય પણ છે અને ચક્ષુથી જન્ય જે ઘટનું પ્રત્યક્ષ = જ્ઞાન છે, તેનો જનક પણ છે. તેથી સંયોગસન્નિકર્ષ એ વ્યાપાર બનશે અને વ્યાપારવત્ અસાધારણકારણ ચક્ષુ થશે.

પરંતુ જ્યારે રૂપ, રૂપત્વ, શબ્દાદિનું પ્રત્યક્ષ કરવું હોય, ત્યાં પહેલા સંયોગસન્નિકર્ષથી અતિરિક્ત સંયુક્તસમવાયાદિ ચાર સન્નિકર્ષથી થશે. એ ચાર સન્નિકર્ષ સમવાય સ્વરૂપ છે અને સમવાય તો નિત્ય માન્યો છે. તેથી એ ચાર સન્નિકર્ષ ચક્ષુ આદિ ઈન્દ્રિયથી જન્ય થશે નહીં. તો પછી એ વ્યાપાર કેવી રીતે બનશે ? અને જો સંયુક્તસમવાયાદિ વ્યાપાર નહીં બની શકે તો ચાક્ષુષાદિ પ્રત્યક્ષની પ્રતિ ચક્ષુ વગેરે ઈન્દ્રિય કરણ કેવી રીતે બની શકે ?

સમા. : આવા સ્થળોમાં ચાક્ષુષાદિ પ્રત્યક્ષની પ્રતિ ઈન્દ્રિય-મનના સંયોગને વ્યાપાર

તરીકે માની લઈશું. કારણ કે ઇન્દ્રિય અને મનનો સંયોગ ચક્ષુ આદિ ઇન્દ્રિયથી જન્ય પણ છે અને ચક્ષુ આદિ ઇન્દ્રિયથી જન્ય ચાક્ષુષાદિ જ્ઞાનનો જનક પણ છે. કારણ કે ચાક્ષુષાદિ જ્ઞાન કરવા માટે જેવી રીતે ઇન્દ્રિયને બહિર્-સન્નિકર્ષ ઉપયોગી છે તેવી જ રીતે ઇન્દ્રિયનો મનની સાથે અંતર્-સંયોગ પણ આવશ્યક છે. આમ, ઇન્દ્રિય-મનસંયોગ વ્યાપાર બનવાથી ચક્ષુ વગેરે ઇન્દ્રિય કરણ બની શકશે.

તથા 'अहं सुखी' 'अहं दुःखी' ઇત્યાદિ માનસપ્રત્યક્ષની પ્રતિ ચક્ષુ આદિ ઇન્દ્રિય અને મનના સંયોગને તો કારણ નહીં માની શકાય કારણ કે તે તો રૂપાદિ પ્રતિ કારણ છે. હા, સંયુક્તસમયવાયસંબંધથી મન સુખાદિનું જ્ઞાન કરે છે પરંતુ સમવાય નિત્ય હોવાથી એને પણ વ્યાપાર ન માની શકાય તેથી સુખાદિના જ્ઞાનમાં આત્મા-મનસંયોગને જ વ્યાપાર તરીકે જાણવો.

(પ૦) तत्रेति प्रमाणचतुष्टयमध्ये । दण्डादिवारणाय ज्ञानेति । अनुमानादिवारणाय प्रत्यक्षेति ॥

* પદકૃત્ય *

મૂળમાં જે 'तत्र' પદ આપ્યું છે, તેનો અર્થ પ્રત્યક્ષાદિ ચાર પ્રમાણની મધ્યમાં એવો કરવો.

★ પ્રત્યક્ષ પ્રમાણના લક્ષણમાં 'करणं प्रत्यक्षम्' એટલું જ કહીએ તો દંડાદિમાં અતિવ્યાપ્તિ આવશે. કારણકે દંડાદિ પણ ઘટકાર્યની પ્રતિ અસાધારણકારણ = કરણ તો છે જ. પરંતુ લક્ષણમાં 'ज्ञान' પદના ઉપાદાનથી દંડાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે દંડાદિ એ જ્ઞાનની પ્રતિ કરણ નથી. ★ લક્ષણમાં 'ज्ञानकरणं प्रत्यक्षम्' આટલું જ કહીએ તો અનુમાનાદિ પણ જ્ઞાનના કરણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'प्रत्यक्ष' પદના ઉપાદાનથી અનુમાનાદિમાં અતિવ્યાપ્તિ નહી આવે કારણ કે પ્રત્યક્ષજ્ઞાનનું કરણ તો ઇન્દ્રિય છે, અનુમાનાદિ નહીં.

પ્રત્યક્ષપ્રમા - નિરૂપણ

મૂલમ્ : (ज्ञानाकरणकं ज्ञानं प्रत्यक्षम्) इन्द्रियार्थसन्निकर्षजन्यं ज्ञानं प्रत्यक्षम्। तद् द्विविधम् - निर्विकल्पकं सविकल्पकं चेति ।

(જ્ઞાન જેમાં કરણ નથી બનતું એવા જ્ઞાનને પ્રત્યક્ષપ્રમા કહેવાય છે.) ચક્ષુ વગેરે ઇન્દ્રિય અને ઘટાદિ પદાર્થના સન્નિકર્ષથી જન્ય જ્ઞાનને 'પ્રત્યક્ષપ્રમા' કહેવાય છે. તે બે પ્રકારે છે - નિર્વિકલ્પક અને સવિકલ્પક.

(ન્યા૦) प्रत्यक्षप्रमाणलक्षणमुक्त्वा प्रत्यक्षप्रमालक्षणमाह - (ज्ञानाकरणकमिति। क्षेपकं लक्षणमिदम्। ज्ञानं-व्याप्तिज्ञानं सादृश्यज्ञानं पदज्ञानं च करणं येषां ते ज्ञानकरणका अनुमित्युपमितिशाब्दाः । ज्ञानकरणकं न भवतीति ज्ञानाकरणकम्। तत्त्वं प्रत्यक्षलक्षणम्। इदं लक्षणमीश्वरप्रत्यक्षसाधारणम्। ईश्वरप्रत्यक्षस्याजन्यत्वात्, जन्यप्रत्यक्षे इन्द्रियाणामेव

करणत्वं न तु ज्ञानस्येति तयोरुभयोः संग्रहः।) इन्द्रियार्थसंनिकर्षेति। जन्यप्रत्यक्षस्यैव लक्ष्यत्वमित्यभिप्रायेणेदं लक्षणम्। प्रत्यक्षं विभजते-निर्विकल्पकमिति॥

* ન્યાયબોધિની *

પ્રત્યક્ષપ્રમાણના લક્ષણને કહીને જેનો પછીથી પ્રક્ષેપ થયો છે એવા પ્રત્યક્ષપ્રમાના લક્ષણને કહે છે 'ज्ञानऽकरणकं ज्ञानं प्रत्यक्षम्'

અનુમિતિમાં અનુમાન જ્ઞાન = વ્યાપ્તિજ્ઞાન કરણ છે, ઉપમિતિમાં સાદૃશ્યજ્ઞાન કરણ છે, વાક્યાર્થજ્ઞાનમાં પદજ્ઞાન કરણ છે. માટે અનુમિતિ, ઉપમિતિ અને વાક્યાર્થજ્ઞાન આ ત્રણે જ્ઞાનકરણક કહેવાશે. પરંતુ જીવોને જે પ્રત્યક્ષજ્ઞાન થાય છે, એમાં જડીભૂત ઇન્દ્રિય જ કરણ છે. તે જ્ઞાન નથી માટે પ્રત્યક્ષજ્ઞાન એ જ્ઞાનાકરણક છે. તેથી 'ज्ञानाऽकरणकं ज्ञानं प्रत्यक्षम्' એ પ્રત્યક્ષજ્ઞાનનું લક્ષણ છે. આ લક્ષણ ઈશ્વરના પ્રત્યક્ષ જ્ઞાનમાં પણ જશે કારણ કે ઈશ્વરનું પ્રત્યક્ષજ્ઞાન નિત્ય હોવાથી કોઈથી જન્ય નથી. માટે ઈશ્વરપ્રત્યક્ષ પણ જ્ઞાનાકરણક છે. આમ, આ રીતે લક્ષણ કરવાથી પરમાત્મા અને જીવાત્મા ઉભયના પ્રત્યક્ષનો સંગ્રહ થાય છે.

હા! જો જીવગત પ્રત્યક્ષનું જ લક્ષણ કરવું હોય તો 'ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષથી જન્ય જ્ઞાનને પ્રત્યક્ષ કહેવાય છે' આટલું જ લક્ષણ ઉચિત છે.

'निर्विकल्पकमिति....' ઇત્યાદિ કહેવા દ્વારા મૂલકાર પ્રત્યક્ષપ્રમાનો વિભાગ કરે છે.

(પ૦) इन्द्रियार्थेति। इन्द्रियं चक्षुरादिकमर्थो घटादिस्तयोः संनिकर्षः संयोगादिस्तज्जन्यं ज्ञानं प्रत्यक्षमित्यर्थः। संनिकर्षध्वंसवारणाय ज्ञानमिति। अनुमित्यादिवारणाय इन्द्रियार्थसंनिकर्षेति। ननु सोपनेत्रचक्षुषा कथं पदार्थग्रहणं, चक्षुष उपनेत्रनिरुद्धत्वेन पदार्थेन सह संनिकर्षाभावाद्। कथं वा स्वच्छजाह्नवीसलिलावृतमत्स्यादेश्चक्षुषा ग्रहणमिति चेन। स्वच्छद्रव्यस्य तेजोनिरोधकत्वाभावेन तदन्तश्चक्षुःप्रवेशसंभवात्। न चेश्वरप्रत्यक्षेऽव्याप्तिरिति वाच्यम्। अत्र जन्यप्रत्यक्षस्यैव लक्षितत्वात्॥

* પદકૃત્ય *

'ઇન્દ્રિય = ચક્ષુ, ઘ્રાણ વગેરે જે ઇન્દ્રિય છે અને અર્થ = ઘટ, પટ વગેરે જે પદાર્થ છે, તે બેનો જે સન્નિકર્ષ = સંયોગાદિ જે સંબંધ છે. તેનાથી જન્ય જ્ઞાનને 'પ્રત્યક્ષ' કહેવાય છે. એ પ્રમાણે 'इन्द्रियार्थसन्निकर्षजन्यं ज्ञानं प्रत्यक्षम्' આ મૂળનો અર્થ છે.

★ પ્રત્યક્ષ પ્રમાના આ લક્ષણમાં 'ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષથી જન્ય જે હોય તે પ્રત્યક્ષપ્રમા છે' એટલું જ કહીએ તો ઇન્દ્રિયપદાર્થ-સન્નિકર્ષના ધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. કારણકે જેવી રીતે ઘટ ન હોય તો ઘટનો ધ્વંસ પણ ન થઈ શકે માટે ઘટથી જન્ય ઘટધ્વંસ કહેવાય છે. તેવી જ રીતે ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષ વિના ઇન્દ્રિય પદાર્થ સન્નિકર્ષનો

ધ્વંસ પણ ન થઈ શકે તેથી ઇન્દ્રિય-પદાર્થના સન્નિકર્ષથી જન્ય ઇન્દ્રિયપદાર્થ-સન્નિકર્ષનો ધ્વંસ પણ કહેવાય છે.

પરંતુ લક્ષણમાં 'જ્ઞાન' પદના ઉપાદાનથી ઇન્દ્રિય અને પદાર્થસન્નિકર્ષના ધ્વંસમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે 'ઇન્દ્રિય અને પદાર્થસન્નિકર્ષનો ધ્વંસ' એ જ્ઞાન સ્વરૂપ નથી.

★ જો લક્ષણમાં 'જે જન્ય જ્ઞાન હોય તે પ્રત્યક્ષપ્રમા છે' એટલું જ કહીએ તો અનુમિતિ વગેરે પણ જન્યજ્ઞાન તો છે જ. તેથી અનુમિતિ વગેરેમાં અતિવ્યાપ્તિ આવે છે.

પરંતુ 'इन्द्रियार्थसंन्निकर्ष'ના ઉપાદાનથી અનુમિતિ વગેરેમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણકે અનુમિતિ વગેરે તો વ્યાપ્તિજ્ઞાનાદિથી જન્ય છે.

શંકા : 'ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષથી પ્રત્યક્ષજ્ઞાન થાય છે' એવું તમે કહ્યું તો પછી જે વ્યક્તિએ ચશ્મા પહેરેલા છે, એને ઘટાદિ પદાર્થનું જ્ઞાન કેવી રીતે થશે? કારણ કે ચક્ષુ અને ઘટની વચ્ચે કાચનું વ્યવધાન હોવાથી ચક્ષુનો પદાર્થની સાથે સન્નિકર્ષ થતો નથી.

વળી ગંગા જલમાં રહેલા મત્સ્યાદિ જંતુનું પણ ચક્ષુ દ્વારા ગ્રહણ કેવી રીતે થાય ? કારણ કે ચક્ષુ અને મત્સ્યાદિની વચ્ચે જલનું વ્યવધાન છે.

સમા. : એ પ્રમાણે તમારે નહીં કહેવું. કારણ કે દ્રવ્ય બે પ્રકારના હોય છે (૧) સ્વચ્છ અને (૨) અસ્વચ્છ. પથ્થરની બનાવેલી ભીંતાદિ અસ્વચ્છ દ્રવ્ય છે જ્યારે દર્પણ, સ્વચ્છ જલાદિ એ સ્વચ્છ દ્રવ્ય છે.

અસ્વચ્છ દ્રવ્ય ભલે તૈજસ પદાર્થને રોકે છે પરંતુ સ્વચ્છ દ્રવ્ય તૈજસ પદાર્થને રોકતું નથી. ચક્ષુ તૈજસ પદાર્થ છે તેથી કાચ કે સ્વચ્છજલાદિની અંદર ચક્ષુનો પ્રવેશ સંભવ છે. અર્થાત્ કાચાદિનું વ્યવધાન હોવા છતાં પણ ચક્ષુનો પદાર્થની સાથે સન્નિકર્ષ થઈ શકે છે.

અને હા! 'इन्द्रियार्थसन्निकर्षजन्यं ज्ञानं प्रत्यक्षम्' પ્રત્યક્ષપ્રમાનું આ લક્ષણ ઈશ્વરના નિત્યજ્ઞાનમાં જતું ન હોવાથી અવ્યાપ્તિ આવે છે. એવું તમારે નહીં કહેવું કારણ કે અમે અહીં જન્યપ્રત્યક્ષજ્ઞાનને જ લક્ષ્ય બનાવ્યું છે.

વિશેષાર્થ : પ્રત્યક્ષ શબ્દના ત્રણ અર્થ થાય છે -પ્રત્યક્ષજ્ઞાનનો વિષય, પ્રત્યક્ષપ્રમાણ = ઇન્દ્રિય અને પ્રત્યક્ષજ્ઞાન. અહીં 'પ્રત્યક્ષ' શબ્દ જ્ઞાન અર્થમાં છે તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે.....

'अक्ष्णोति व्याप्नोति विषयम् इति अच् प्रत्ययः' = પોતાના વિષયને જે વ્યાપ્ત થાય તે અક્ષ = ઇન્દ્રિય છે અને अक्षं प्रतिगतं तदाश्रितं प्रत्यक्षम् = ઇન્દ્રિયને આશ્રયીને જે જ્ઞાન ઉત્પન્ન થાય તે પ્રત્યક્ષજ્ઞાન છે.

નિર્વિકલ્પક જ્ઞાન

मूलम् : तत्र निष्प्रकारकं ज्ञानं निर्विकल्पकम् ॥

તત્ર = પ્રત્યક્ષજ્ઞાનના જે નિર્વિકલ્પક અને સવિકલ્પક એમ બે ભેદ બતાવ્યા છે, તેમાં પ્રકાર રહિત જે જ્ઞાન છે, એને 'નિર્વિકલ્પક' જ્ઞાન કહેવાય છે.

(न्या०) तल्लक्षयति-तत्र निष्प्रकारकमिति। प्रकारताशून्यज्ञानत्वमेव निर्विकल्पकत्वमित्यर्थः। निर्विकल्पके चतुर्थी विषयता स्वीक्रियते। न तु त्रिविधविषयतामध्ये कापि तत्रास्ति। अतो विशेष्यताशून्यज्ञानत्वं संसर्गताशून्यज्ञानत्वमित्यपि लक्षणं संभवति॥

* ન્યાયબોધિની *

નિર્વિકલ્પકજ્ઞાનનું લક્ષણ કરે છે 'પ્રકારતાથી શૂન્ય જ્ઞાનને નિર્વિકલ્પકજ્ઞાન કહેવાય છે.' કોઈ પણ જ્ઞાનમાં વિશેષ્ય, વિશેષણ અને એ બે વચ્ચેનો સંસર્ગ એમ ત્રણ પ્રકારના વિષય ભાસિત થાય છે. તેથી કોઈ પણ જ્ઞાનની વિષયતા ત્રણ પ્રકારની હોય છે → વિશેષ્યતાખ્ય વિષયતા, વિશેષણતા = પ્રકારતાખ્ય વિષયતા અને સંસર્ગતાખ્ય વિષયતા. પરંતુ નિર્વિકલ્પકજ્ઞાનમાં આ ત્રણમાંથી કોઈ પણ વિષયતા ન હોવાથી એક વિલક્ષણ ચોથી વિષયતા મનાઈ છે.

આથી નિર્વિકલ્પકજ્ઞાનના 'प्रकारताशून्यज्ञानत्वम्' ની જેમ 'विशेष्यताशून्यज्ञानत्वम् ' 'संसर्गताशून्यज्ञानत्वम्' આવા પણ લક્ષણો થઈ શકે છે.

(प०) तत्र निष्प्रकारकमिति। सविकल्पकेऽतिव्याप्तिवारणाय निष्प्रकारकमिति। प्रकारवारणाय ज्ञानमिति।

* પદકૃત્ય *

★ નિર્વિકલ્પકજ્ઞાનના આ લક્ષણમાં જો 'निष्प्रकारकम्' પદનો નિવેશ ન કરીએ તો સવિકલ્પકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'निष्प्रकारकम्' પદના નિવેશથી સવિકલ્પકજ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે સવિકલ્પક જ્ઞાન પ્રકારતાશૂન્ય નથી.

★ જો લક્ષણમાં 'જ્ઞાન' પદનો નિવેશ ન કરીએ તો પ્રકારમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે 'अयं घटः', 'अयं पटः' વગેરે જ્ઞાનમાં જે ઘટત્વ, પટત્વ વગેરે પ્રકાર તરીકે જણાય છે. તેના કોઈ પ્રકાર = વિશેષણ નથી. અર્થાત્ વિશેષ્યને વિશેષણ હોય પરંતુ ઘટત્વ, પટત્વ વગેરે પ્રકારને = વિશેષણને વિશેષણ ન હોય. અનવસ્થાના ભયથી પ્રકાર એ પ્રકાર રહિત હોય છે. પરંતુ લક્ષણમાં 'જ્ઞાન' પદના નિવેશથી પ્રકારમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રકાર એ 'જ્ઞાન' નથી, જ્ઞાનનો વિષય છે.

सविकल्पक ज्ञान

मूलम् : सप्रकारकं ज्ञानं सविकल्पकम्। यथा - डित्थोऽयं, ब्राह्मणोऽयं, श्यामोऽयमिति ॥

જે જ્ઞાનમાં પ્રકાર જણાય છે તે જ્ઞાનને સવિકલ્પકજ્ઞાન કહેવાય છે. દા.ત. → 'આ ડિત્થ છે', 'આ બ્રાહ્મણ છે', 'આ શ્યામ છે' આ ત્રણે જ્ઞાન ડિત્થત્વ, બ્રાહ્મણત્વ અને શ્યામત્વ પ્રકારવાળું હોવાથી સવિકલ્પક જ્ઞાન કહેવાય છે.

(न्या०) सविकल्पकं लक्षयति-सप्रकारकमिति। विषयताया ज्ञाननिरूपितत्वाज्ज्ञानस्य विषयतानिरूपकत्वेन प्रकारतानिरूपकज्ञानत्वं सविकल्पकस्य लक्षणम्। एवं विशेष्यता-निरूपकज्ञानत्वं संसर्गतानिरूपकज्ञानत्वमित्यपि लक्षणं संभवति। उदाहरणम्-यथेति। इदन्त्वावच्छिन्नविशेष्यतानिरूपितडित्थत्वप्रकारताशालिज्ञानं ब्राह्मणत्वप्रकारताशालिज्ञानं च सविकल्पकमित्यर्थः।

* ન્યાયબોધિની *

'सप्रकारकं.....' ઈત્યાદિ કહેવા દ્વારા સવિકલ્પક જ્ઞાનનું લક્ષણ કરે છે. દરેક જ્ઞાન સવિષયક જ હોય છે. અર્થાત્ જ્ઞાનમાં કોઈને કોઈ પદાર્થ વિષય તરીકે જણાય જ છે. તેથી વિષયમાં રહેલી વિષયતા જ્ઞાનથી નિરૂપિત બને છે અને જ્ઞાન હંમેશા વિષયતાનો નિરૂપક બને છે. માટે પ્રકારતાખ્ય વિષયતાનો પણ નિરૂપક બને છે. તેથી 'प्रकारतानिरूपकज्ञानत्वम्' એ સવિકલ્પકજ્ઞાનનું લક્ષણ છે.

નોંધ : પ્રકાર અને વિશેષ્ય એ સાપેક્ષ પદાર્થ છે. જો જ્ઞાનમાં પ્રકાર જણાતો હોય તો એ જ્ઞાનમાં વિશેષ્ય પણ અવશ્ય હોય જ છે. અને જેમાં પ્રકાર અને વિશેષ્ય બંને હોય તો તે બંને વચ્ચેનો સંયોગાદિ સંસર્ગ = સંબંધ પણ હોય જ છે. તેથી સવિકલ્પકજ્ઞાનના 'प्रकारतानिरूपकज्ञानत्वम्' લક્ષણની જેમ 'विशेष्यतानिरूपकज्ञानत्वम्', 'संसर्गतानिरूपकज्ञानत्वम्' આ પણ લક્ષણો સંભવી શકે છે. દા.ત. → 'डित्थोऽयम्', 'ब्राह्मणोऽयम्', 'श्यामोऽयम्।' અહીં ઈદમ્ પદાર્થ એ વિશેષ્ય છે. તેથી ઈદમ્ પદાર્થનિષ્ઠ વિશેષ્યતાનો અવચ્છેદક 'ઈદન્ત્વ' છે. અને ડિત્થત્વ, બ્રાહ્મણત્વ અને શ્યામત્વ (= શ્યામરૂપ) એ પ્રકાર છે. તેથી

इदन्त्वावच्छिन्नविशेष्यतानिरूपितडित्थत्वनिष्ठप्रकारताशालिज्ञानम्, इदन्त्वावच्छिन्नविशेष्यता-निरूपितब्राह्मणत्वनिष्ठप्रकारताशालिज्ञानम्, इदन्त्वावच्छिन्नविशेष्यतानिरूपितश्यामात्वनिष्ठप्रकारताशालिज्ञानम् આ ત્રણે જ્ઞાન સવિકલ્પક છે.

(प०) सप्रकारकमिति। घटादिवारणाय ज्ञानमिति। निर्विकल्पकवारणाय सप्रकारकमिति ॥

* પદકૃત્ય *

★ સવિકલ્પક જ્ઞાનના આ લક્ષણમાં જો 'सप्रकारकम्' પદનો જ નિવેશ કરીએ તો ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે 'अयं घटः', 'अयं पटः' ઈત્યાદિ જ્ઞાનમાં ઘટ, પટ, વગેરે પણ ઘટત્વ, પટત્વાદિ પ્રકારથી = ધર્મથી યુક્ત જણાય છે. તેથી ઘટ, પટ વગેરે પણ સપ્રકારક કહેવાય છે. પરંતુ લક્ષણમાં 'ज्ञान' પદના નિવેશથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઘટાદિ એ જ્ઞાન સ્વરૂપ નથી.

★ લક્ષણમાં જો 'ज्ञानम्' પદનો જ નિવેશ કરીએ તો નિર્વિકલ્પક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'सप्रकारकम्' પદના નિવેશથી નિર્વિકલ્પક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે નિર્વિકલ્પકજ્ઞાન પ્રકારતાથી શૂન્ય હોય છે.

વિશેષાર્થ : નિર્વિકલ્પક અને સવિકલ્પક જ્ઞાનમાં ભેદ

નિર્વિકલ્પક જ્ઞાન	સવિકલ્પક જ્ઞાન
★ કોઈપણ વસ્તુના નામ, જાતિ, ગુણ આદિ વિકલ્પોથી રહિત 'આ કંઈક છે' એવા પ્રકારનો જે બોધ તે...	★ કોઈપણ વસ્તુના નામ, જાતિ, ગુણ આદિ વિકલ્પો સહિત 'આ સાપ છે' 'આ દોરડું છે' એ પ્રકારનો બોધ તે...
★ વિશેષણ-વિશેષ્યના સંબંધને ન જણાવે.	★ વિશેષણ - વિશેષ્યના સંબંધને જણાવે.
★ આ જ્ઞાન વ્યવહારમાં ચાલી ન શકે.	★ વિશ્વનો વ્યવહાર આ જ્ઞાનથી ચાલે છે.
★ આ જ્ઞાન પ્રવૃત્તિ-નિવૃત્તિ કરાવતું નથી.	★ આ જ્ઞાન પ્રવૃત્તિ-નિવૃત્તિ કરાવે છે.
★ યથાર્થ પણ નથી, અયથાર્થ પણ નથી.	★ યથાર્થ, અયથાર્થ બંને હોઈ શકે છે.
★ અતીન્દ્રિય છે.	★ પ્રત્યક્ષ છે.

સન્નિકર્ષ - નિરૂપણ

मूलम् : प्रत्यक्षज्ञानहेतुरिन्द्रियार्थसंनिकर्षः षड्विधः-संयोगः, संयुक्तसमवायः, संयुक्तसमवेतसमवायः, समवायः, समवेतसमवायो, विशेषणविशेष्यभावश्चेति॥

ચાક્ષુષ, રાસન, ઘ્રાણજ વગેરે છ પ્રકારના પ્રત્યક્ષજ્ઞાનના કારણભૂત ઇન્દ્રિય અને પદાર્થનો સન્નિકર્ષ છ પ્રકારે છે-સંયોગ, સંયુક્તસમવાય, સંયુક્તસમવેતસમવાય, સમવાય, સમવેતસમવાય અને વિશેષણ-વિશેષ્યભાવ. એમાં

★ સંયોગસન્નિકર્ષથી ઘટાદિ દ્રવ્યનું પ્રત્યક્ષ થાય છે. ★ સંયુક્તસમવાયસન્નિકર્ષથી ઘટાદિ દ્રવ્યમાં રહેલા ગુણ, ક્રિયા અને જાતિનું પ્રત્યક્ષ થાય છે. ★ સંયુક્તસમવેતસમવાયસન્નિકર્ષથી ગુણ અથવા ક્રિયામાં રહેલી જાતિનું પ્રત્યક્ષ થાય છે. ★ સમવાયસન્નિકર્ષથી શબ્દનું પ્રત્યક્ષ થાય છે. ★ સમવેતસમવાયસન્નિકર્ષથી શબ્દમાં રહેલી શબ્દત્વ, કત્વ, ખત્વાદિ જાતિનું પ્રત્યક્ષ થાય છે. ★ વિશેષણ-વિશેષ્યભાવસન્નિકર્ષથી અભાવનું પ્રત્યક્ષ થાય છે.)

(न्या०) चाक्षुषादिषड्विधप्रत्यक्षकारणीभूतान् षड्विधसंनिकर्षान्विभजते-संयोग इत्यादिना। द्रव्यवृत्तिलौकिकविषयतासंबन्धेन चाक्षुषत्वावच्छिन्नं प्रति चक्षुःसंयोगः कारणम्। द्रव्यसमवेतवृत्तिलौकिकविषयतासंबन्धेन चाक्षुषत्वावच्छिन्नं प्रति चक्षुसंयुक्त-समवायस्य हेतुत्वम्। द्रव्यसमवेतसमवेतवृत्तिलौकिकविषयतासंबन्धेन चाक्षुषत्वावच्छिन्नं प्रति चक्षुःसंयुक्तसमवेतसमवायस्य हेतुत्वम्। द्रव्यग्राहकाणीन्द्रियाणि चक्षुस्त्वङ्मनांसि त्रीण्येव। अन्यानि घ्राणरसनश्रवणानि गुणग्राहकाणि। अतस्त्वगिन्द्रियस्थले द्रव्यवृत्तिलौकिकविषयतासंबन्धेन त्वाचप्रत्यक्षत्वावच्छिन्नं प्रति त्वक्संयोगस्य हेतुता। एवं द्रव्यसमवेतत्वाचप्रत्यक्षत्वावच्छिन्नं प्रति त्वक्संयुक्तसमवायस्य हेतुता। द्रव्यसमवेतसमवेतो-ष्णत्वशीतत्वादिजातिस्पार्शनप्रत्यक्षे त्वक्संयुक्तसमवेतसमवायस्य हेतुता। एवमात्ममान-

सप्रत्यक्षे मनःसंयोगस्य हेतुता। आत्मसमवेतसुखादिमानसप्रत्यक्षे मनःसंयुक्तसमवायस्य हेतुता। आत्मसमवेतसमवेतसुखत्वादिमानसप्रत्यक्षे मनःसंयुक्तसमवेतसमवायस्य हेतुता। रसनघ्राणयोस्तु रसगन्धतद्गतजातिग्राहकत्वेन द्वितीयतृतीययोः संनिकर्षयोरेव तत्र हेतुता वाच्या॥ श्रवणेन्द्रियस्याकाशरूपत्वेन शब्दस्याकाशगुणत्वेन श्रवणेन्द्रियेण च समं शब्दस्य समवायः संनिकर्षः। शब्दवृत्तिशब्दत्वकत्वखत्वादिजातिविषयक श्रावणप्रत्यक्षे समवेतसमवायस्य हेतुता। अभावप्रत्यक्षे विशेषणविशेष्यभावो नाम विशेषणतासंनिकर्षः। पञ्चविधसंनिकर्षोपरि विशेषणता योजनीया। तथाहि-द्रव्याधिकरणकाभावप्रत्यक्षे इन्द्रियसंयुक्तविशेषणता। एवं संयोगस्थाने संयुक्तपदं घटयित्वा समवायस्थाने च समवेतपदं घटयित्वा अभावप्रत्यक्षस्थले निर्वाह्यम्, तथा घटद्रव्यसमवेतं घटत्वं पृथ्वीत्वादिकं रूपादिकं च। तत्र नीलादौ पीतत्वाभावः घटत्वादिजातौ पटत्वाभावश्च वर्तते, स चाभावः संयुक्तसमवेतविशेषणतासंनिकर्षेण गृह्यते। एवं नीलत्वादिजातौ पीतत्वाभावोऽपीन्द्रियसंयुक्तसमवेतसमवेतविशेषणतासंनिकर्षेण गृह्यते, घटसमवेतं नीलं, तत्समवेतं नीलत्वं, तद्विशेषणता पीतत्वाभावे वर्तत इति संक्षेपः॥ इति प्रत्यक्षपरिच्छेदः।

* ન્યાયબોધિની *

ચાક્ષુષાદિ પ્રત્યક્ષજ્ઞાન અને એમાં કારણીભૂત સન્નિકર્ષ અનેક પ્રકારે છે પરંતુ ન્યાયબોધિનીકાર લાઘવથી ચાક્ષુષાદિ ૬ પ્રકારના પ્રત્યક્ષમાં કારણ સ્વરૂપ સન્નિકર્ષોનો ૬ પ્રકારે વિભાગ કરે છે.

★ **ચક્ષુરિન્દ્રિયથી** થતા ચાક્ષુષપ્રત્યક્ષની પ્રતિ ત્રણ સન્નિકર્ષ કારણ બનશે.

(૧) ઘટાદિદ્રવ્યનું દ્રવ્યવૃત્તિલૌકિકવિષયતા સંબંધથી ચાક્ષુષપ્રત્યક્ષ કરવું હોય ત્યારે 'ચક્ષુસંયોગ' સન્નિકર્ષ કારણ બનશે.

ચક્ષુની સાથે જ્યારે ઘટાદિનો સંયોગ થાય છે ત્યારે 'अयं घटः, अयं पटः' ઇત્યાદિ જે જ્ઞાન થાય છે તેને ચાક્ષુષપ્રત્યક્ષ કહેવાય છે. આવા ઘટ, પટાદિ બધા જ દ્રવ્યના ચાક્ષુષપ્રત્યક્ષની પ્રતિ અર્થાત્ ચાક્ષુષત્વાવચ્છિન્ન ચાક્ષુષપ્રત્યક્ષની પ્રતિ ચક્ષુનો સંયોગ જ કારણ છે.



નવીન શૈલીમાં → द्रव्यवृत्तिलौकिकविषयतासंबन्धावच्छिन्नद्रव्यविषयकचाक्षुषत्वावच्छिन्नाकार्यतानिरूपितसमवायसंबन्धावच्छिन्नकारणतावत्चक्षुसंयोगः ।

હવે કાર્ય અને કારણનું એકાધિકરણ આવશ્યક હોવાથી ચાક્ષુષત્વાવચ્છિન્ન ચાક્ષુષપ્રત્યક્ષ

સ્વરૂપ કાર્ય, દ્રવ્યમાં દ્રવ્યવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી છે કારણ કે જ્ઞાન પોતાના વિષયમાં વિષયતાસંબંધથી રહે છે અને 'લૌકિક' કહેવાનો આશય એ છે કે મુક્તાવલ્યાદિ ગ્રન્થોમાં કથિત જ્ઞાનલક્ષણા, સામાન્યલક્ષણાદિ અલૌકિક વિષયતા લેવાની નથી. પરંતુ ચક્ષુ વગેરે ઇન્દ્રિયોના સન્નિકર્ષથી ઉત્પન્ન થતા ઘટાદિજ્ઞાનને લૌકિકપ્રત્યક્ષ કહેવાય છે અને એ પ્રત્યક્ષના ઘટાદિ વિષયને લૌકિક-વિષય કહેવાય છે. તેથી ઘટાદિદ્રવ્યસ્વરૂપ વિષયમાં લૌકિકવિષયતા રહી. આ ઘટાદિદ્રવ્યવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી 'ચાક્ષુષપ્રત્યક્ષ' ઘટાદિ દ્રવ્યમાં રહેશે અને ચક્ષુસંયોગસ્વરૂપ કારણ પણ એ જ દ્રવ્યમાં સમવાયસંબંધથી રહેશે.

હા! તાદૃશ ચાક્ષુષપ્રત્યક્ષ ભલે સમવાયસંબંધથી આત્મામાં રહે છે, પરંતુ ચક્ષુસંયોગરૂપી કારણ ઘટમાં હોવાથી કાર્યને પણ વિષયમાં બતાવ્યું છે જેથી કાર્ય-કારણમાં સામાનાધિકરણ્યનો લાભ પ્રાપ્ત થાય. (**નોંધ** : કાર્યનો સંબંધ પૂર્વની જેમ રહેવા છતાં પણ કારણીભૂત જે સન્નિકર્ષ છે, તે સમવાયાત્મક હોવાથી સ્વરૂપસંબંધ જ કારણતાનો અવચ્છેદક સંબંધ થશે, પહેલાની જેમ સમવાય નહીં. આગળ પણ જ્યાં જ્યાં સમવાયસંબંધ આવે છે ત્યાં ત્યાં કારણતાનો અવચ્છેદક સંબંધ 'સ્વરૂપ' જ સમજવો.)

(૨) ઘટાદિદ્રવ્યમાં સમવેત રૂપાદિ ગુણ, હલન-ચલનાદિ ક્રિયા, ઘટત્વાદિ જાતિના દ્રવ્યસમવેતવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી ચાક્ષુષ-પ્રત્યક્ષની પ્રતિ, 'ચક્ષુસંયુક્તસમવાય' કારણ બનશે. કારણ કે ચક્ષુથી સંયુક્ત ઘટ, એમાં સમવાયસંબંધથી રૂપાદિ રહેલા છે.



નવ્યશૈલીમાં → 'द्रव्यसमवेतगुणादिवृत्तिलौकिकविषयतासंबन्धावच्छिन्नचाक्षुषत्वावच्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबन्धावच्छिन्नकारणतावत्चक्षुसंयुक्तसमवायः।'

(૩) ઘટાદિદ્રવ્યમાં સમવેત જે રૂપાદિ ગુણ છે તેમાં સમવેત રૂપત્વાદિ જાતિના દ્રવ્યસમવેતસમવેતવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી ચાક્ષુષજ્ઞાનની પ્રતિ 'ચક્ષુસંયુક્તસમવેતસમવાય' સન્નિકર્ષ કારણ બનશે. કારણકે ચક્ષુથી સંયુક્ત ઘટ, એમાં સમવેતરૂપાદિ, એમાં સમવાયસંબંધથી રૂપત્વાદિ જાતિ રહેલી છે.



નવ્યશૈલીમાં → 'द्रव्यसमवेतसमवेत (रूपत्वादि) - वृत्तिलौकिकविषयतासंबन्धाव - च्छिन्न (रूपत्वादिप्रत्यक्षनिष्ठ) चाक्षुषत्वाव-च्छिन्नकार्यतानिरूपितस्वरूपसंबन्धावच्छिन्न-कारणतावत्चक्षुसंयुक्तसमवेतसमवायः'

(એ રીતે અન્ય કાર્ય-કારણભાવમાં પણ જાણવું)

દ્રવ્યનું પ્રત્યક્ષ ચક્ષુ, ત્વક્ અને મન આ ત્રણ ઇન્દ્રિયથી જ થાય છે. અન્ય ઘ્રાણ, રસન અને શ્રવણેન્દ્રિયથી ગુણનું પ્રત્યક્ષ થાય છે. (વિશેષાર્થમાં જોવું) આથી

★ **સ્પર્શેન્દ્રિયથી** થતા સ્પાર્શનપ્રત્યક્ષ પ્રતિ ત્રણ સન્નિકર્ષ કારણ બનશે.

(૧) ઘટાદિદ્રવ્યનું ઘટાદિવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી સ્પાર્શનપ્રત્યક્ષ કરવું હોય તો 'ત્વક્સંયોગ' કારણ બનશે.

(૨) ઘટાદિદ્રવ્યસમવેત જે ઘટત્વાદિ જાતિ અથવા તો સ્પર્શાદિ ગુણ છે તેનું ઘટાદિદ્રવ્ય-સમવેતવૃત્તિલૌક્કિવિષયતાસંબંધથી સ્પાર્શનપ્રત્યક્ષ કરવું હોય તો 'ત્વક્સંયુક્તસમવાય' સન્નિકર્ષ કારણ બનશે.

(૩) ઘટાદિદ્રવ્ય સમવેત જે ઉષ્ણશીતાદિ સ્પર્શ છે એમાં પણ સમવેત ઉષ્ણત્વ, શીતત્વાદિ જાતિનું ઘટાદિદ્રવ્યસમવેતસમવેતવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી સ્પાર્શનપ્રત્યક્ષ કરવું હોય તો 'ત્વક્સંયુક્તસમવેતસમવાય' સન્નિકર્ષ કારણ બનશે.



એવી જ રીતે

★ **મનથી** થતા માનસપ્રત્યક્ષની પ્રતિ ત્રણ સન્નિકર્ષ કારણ બનશે.

(૧) આત્માનું મન દ્વારા જ પ્રત્યક્ષ માન્યું છે માટે આત્મવૃત્તિલૌક્કિવિષયતાસંબંધથી

આત્માના માનસપ્રત્યક્ષની પ્રતિ 'મનઃસંયોગ' કારણ બનશે.

(૨) આત્મામાં સમવેત જે સુખાદિ છે એના આત્મસમવેતસુખાદિવૃત્તિલૌકિક વિષયતાસંબંધથી માનસપ્રત્યક્ષની પ્રતિ 'મનઃસંયુક્તસમવાય' સન્નિકર્ષ કારણ બનશે.

(૩) આત્મામાં સમવેત જે સુખાદિ છે એમાં સમવેત જે સુખત્વાદિ છે, એના આત્મસમવેતસમવેતસુખત્વાદિવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી માનસપ્રત્યક્ષની પ્રતિ 'મનઃ-સંયુક્તસમવેતસમવાય' સન્નિકર્ષ કારણ બનશે.





જો કે રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય દ્રવ્યનું ગ્રહણ કરતું નથી પરંતુ અનુક્રમે રસ અને ગન્ધ ગુણ તેમજ તેમાં રહેલી જાતિનું જ ગ્રહણ કરે છે. તેથી

★ **રસનેન્દ્રિયથી** થતા રાસનપ્રત્યક્ષની પ્રતિ રજું અને ઉજું એમ બે જ સન્નિકર્ષ કારણ છે.

(૧) આમ્રમાં સમવેત જે મધુર રસાદિ છે, એના દ્રવ્યસમવેતમધુરસાદિવૃત્તિલૌકિક-વિષયતાસંબંધથી રાસનપ્રત્યક્ષની પ્રતિ 'રસનેન્દ્રિયસંયુક્તસમવાય' સન્નિકર્ષ કારણ બનશે. (૨) આમ્રમાં સમવેત જે મધુરરસાદિ છે, એમાં સમવેત જે મધુરરસત્વાદિ છે, એના દ્રવ્યસમવેતસમવેતમધુરરસત્વાદિવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી રાસનપ્રત્યક્ષની પ્રતિ

'રસનેન્દ્રિયસંયુક્તસમવેતસમવાય' સંનિકર્ષ કારણ બનશે.

(૧)



(૨)



એવી જ રીતે

★ **ઘ્રાણેન્દ્રિયથી** થતા ઘ્રાણજપ્રત્યક્ષની પ્રતિ પણ ૨જું ઉજું સન્નિકર્ષ જ કારણ છે.

(૧) પુષ્પમાં સમવેત જે સુરભિગંધ છે, એના દ્રવ્યસમવેતસુરભિગન્ધવૃત્તિલૌકિક વિષયતાસંબધથી પ્રત્યક્ષની પ્રતિ 'ઘ્રાણસંયુક્તસમવાય' સન્નિકર્ષ કારણ બનશે. (૨) પુષ્પમાં સમવેત જે સુરભિગન્ધ છે, એમાં સમવેત જે સુરભિગન્ધત્વ જાતિ છે, એના દ્રવ્યસમવેતસમવેત સુરભિગન્ધત્વવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી પ્રત્યક્ષની પ્રતિ 'ઘ્રાણસંયુક્તસમવેતસમવાય' સન્નિકર્ષ કારણ બનશે.

(૧)



(૨)



★ **શ્રોત્રેન્દ્રિયથી** થતા શ્રાવણ પ્રત્યક્ષની પ્રતિ પણ બે સન્નિકર્ષ જ કારણ છે પરંતુ એ બે સન્નિકર્ષમાં 'સમવાય' અને 'સમવેતસમવાય' સન્નિકર્ષનું ગ્રહણ છે.

(૧) શબ્દ જો કે ગુણ છે અને ગુણોનું પ્રત્યક્ષ હમણા સુધી 'સંયુક્તસમવાય' સંબંધથી માન્યુ હતું પરંતુ શ્રવણેન્દ્રિય આકાશાત્મક હોવાથી અને શબ્દ એ આકાશનો ગુણ હોવાથી શબ્દનો શ્રવણેન્દ્રિયની સાથે સમવાયસંબંધ જ થશે, (૨) આકાશમાં સમવેત જે ક, ખાદિ શબ્દો છે, એમાં સમવેત જે કત્વ, ખત્વાદિ જાતિ છે, એના આકાશસમવેતસમવેતકત્વાદિવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી

પ્રત્યક્ષની પ્રતિ 'સમવેતસમવાય' સન્નિકર્ષ કારણ છે.

(૧)



(૨)



★ અભાવના પ્રત્યક્ષમાં વિશેષણવિશેષ્યભાવ = વિશેષણતા સન્નિકર્ષ કારણ છે.

પૂર્વે સાત પદાર્થમાંથી દ્રવ્ય, ગુણ, ક્રિયા અને સામાન્યના પ્રત્યક્ષ માટે સંયોગ વગેરે પાંચ સન્નિકર્ષો કારણ તરીકે બતાવ્યા છે. સમવાય અને વિશેષનું પ્રત્યક્ષ થતું નથી. હવે દ્રવ્યાભાવ, ગુણાભાવ, ક્રિયાભાવ અને સામાન્યાભાવના પ્રત્યક્ષ માટે ઉપરના જ સંયોગ વગેરે પાંચ સન્નિકર્ષમાં 'વિશેષણતા' પદ જોડીને તથા સંયોગના સ્થાને 'સંયુક્ત' અને સમવાયના સ્થાને 'સમવેત' પદ જોડીને અભાવના પ્રત્યક્ષમાં કારણભૂત એવાં સન્નિકર્ષનો નિર્વાહ કરવો.

(૧) **સંયુક્તવિશેષણતાસન્નિકર્ષ** : દ્રવ્યમાં કોઈ પણ અભાવનું પ્રત્યક્ષ કરવું હોય તો સંયુક્તવિશેષણતાસન્નિકર્ષ કારણ બને છે. દા.ત. → 'ઘટાભાવવદ્‌ભૂતલમ્' અહીં ચક્ષુરિન્દ્રિયથી સંયુક્ત ભૂતલ છે, તેમાં ઘટાભાવ વિશેષણ છે, તેમાં વિશેષણતા રહી. તેથી ઈન્દ્રિયસંયુક્ત-વિશેષણતાસન્નિકર્ષથી ઘટાભાવનું પ્રત્યક્ષ થયું કહેવાય.

(૨) **સંયુક્તસમવેતવિશેષણતાસન્નિકર્ષ** : આ સન્નિકર્ષથી દ્રવ્યસમવેત જે ગુણ, ક્રિયા અને જાતિ છે, તેમાં કોઈ પણ અભાવનું પ્રત્યક્ષ થાય છે. દા.ત. → ઘટદ્રવ્યમાં સમવેત જે ઘટત્વ, પૃથ્વીત્વાદિ જાતિ છે, તેમાં પટત્વાભાવનું પ્રત્યક્ષ સંયુક્તસમવેતવિશેષણતા સન્નિકર્ષથી થશે. કારણ કે ચક્ષુથી સંયુક્ત 'ઘટ', એમાં સમવેત 'ઘટત્વ', તેમાં પટત્વાભાવ વિશેષણ છે.

એવી જ રીતે ઘટાદિદ્રવ્ય સમવેત જે નીલાદિરૂપ છે તેમાં પીતત્વાભાવનું = પીતરૂપાભાવનું પ્રત્યક્ષ પણ આ સન્નિકર્ષથી જાણવું.

(૩) **સંયુક્તસમવેતસમવેતવિશેષણતાસન્નિકર્ષ** : આ સન્નિકર્ષથી દ્રવ્યસમવેતસમવેત જાતિમાં અભાવનું પ્રત્યક્ષ થાય છે. દા.ત. → નીલત્વજાતિમાં પીતત્વના અભાવનું જ્ઞાન આ સન્નિકર્ષથી થશે. કારણ કે ચક્ષુથી સંયુક્ત ઘટ, એમાં સમવેત નીલ, એમાં સમવેત જે નીલત્વ જાતિ છે, એમાં વિશેષણીભૂત પીતત્વાભાવ છે.

(૪) **સમવેતવિશેષણતાસન્નિકર્ષ** : આ સન્નિકર્ષથી 'ક' વગેરે શબ્દમાં ખ, ખત્વાદિના અભાવનું પ્રત્યક્ષ થાય છે. કારણ કે શ્રવણેન્દ્રિયમાં સમવેત 'ક' વગેરે જે શબ્દો છે, તેમાં

વિશેષણીભૂત ખ, ખત્વાદિ-અભાવ છે.

(૫) **સમવેતસમવેતવિશેષણતાસન્નિકર્ષ** : આ સન્નિકર્ષથી શબ્દસમવેત જે કત્વાદિ છે, તેમાં ખત્વાદ્યભાવનું પ્રત્યક્ષ થાય છે. કારણ કે શ્રવણેન્દ્રિયમાં સમવેતસમવેત જે 'કત્વાદિ' જાતિઓ છે, તેમાં વિશેષણીભૂત ખત્વાદિ-અભાવ છે.

આ દ્રષ્ટાંતોથી એ સ્પષ્ટ થાય છે કે અભાવનું પ્રત્યક્ષ કોઈક અધિકરણવિશેષમાં કરાય છે અને એ અધિકરણના પરિવર્તનથી સન્નિકર્ષમાં પરિવર્તન દેખાય છે, અભાવીય પ્રતિયોગીના પરિવર્તનથી નહીં.

વિશેષાર્થ :

શંકા : સુગંધાદિને સુંઘવાથી પુષ્પાદિ દ્રવ્યનું જ્ઞાન થઈ જાય છે, એવી જ રીતે રસનેન્દ્રિયથી રસનું જ્ઞાન થવાની સાથે 'इयं शर्करा' ઇત્યાકારક દ્રવ્યનું જ્ઞાન પણ થતું જણાય છે, તો પછી 'ઘ્રાણાદીન્દ્રિય ગુણગ્રાહક છે વગેરે' એવું ન્યાયબોધિનીકારે શા માટે કહ્યું ?

સમા. : ઘ્રાણેન્દ્રિયથી ગન્ધ ગુણનું જ પ્રત્યક્ષ થાય છે. પુષ્પાદિદ્રવ્યનું ગન્ધાત્મક હેતુથી અનુમાન કરાય છે. એવી જ રીતે રસનેન્દ્રિયથી જ્યારે આમ્રરસનું જ્ઞાન થાય છે ત્યારે ત્વગિન્દ્રિયથી એ આમ્રદ્રવ્યનું પ્રત્યક્ષ મનાશે અથવા પ્રત્યક્ષ ન થાય તો તે આમ્રદ્રવ્યનું રસાત્મક હેતુથી અનુમાન મનાશે.

(પ૦) प्रत्यक्षेति। तच्च प्रत्यक्षं षड्विधं घ्राणज-रासन-चाक्षुष-श्रौत्र-त्वाच-मानसभेदात्। ननु प्रत्यक्षकारणीभूतेन्द्रियनिष्ठप्रत्यक्षसामानाधिकरण्यघटकः संनिकर्षः क इत्यपेक्षायां तं विभज्य दर्शयति-प्रत्यक्षेति। लौकिकप्रत्यक्षेत्यर्थः ॥

* પદકૃત્ય *

તે પ્રત્યક્ષજ્ઞાન ઘ્રાણજ, રાસન, ચાક્ષુષ, શ્રાવણ, ત્વાચ અને માનસના ભેદથી છ પ્રકારનું છે. અહીં પ્રશ્ન એ છે કે હંમેશા કાર્ય અને કારણમાં સામાનાધિકરણ્ય (એકાધિકરણવૃત્તિત્વ) હોય છે, આથી જ ચાક્ષુષાદિ પ્રત્યક્ષજ્ઞાન સ્વરૂપ કાર્ય અને એના કારણીભૂત ઇન્દ્રિય વચ્ચે પણ સામાનાધિકરણ્ય હોવું જોઈએ, તો તે સામાનાધિકરણ્યના ઘટક = જણાવનારા સન્નિકર્ષ કયા છે ? એવી અપેક્ષા થતા મૂલકાર સન્નિકર્ષોનું વિભાજન કરીને બતાવે છે 'प्रत्यक्षज्ञानहेतु.....' ઇત્યાદિ દ્વારા.

કહેવાનો આશય એ છે કે અહીં પ્રત્યક્ષજ્ઞાન એ કાર્ય છે, ઇન્દ્રિય કારણ છે તથા અધિકરણ ઘટપટાદિ દ્રવ્યો છે. હવે એક જ અધિકરણમાં બે કે તેથી વધુ આધેયો રહે તો તે એકબીજાના સમાનાધિકરણ કહેવાય છે. તેથી અહીં પ્રત્યક્ષજ્ઞાન સ્વરૂપ કાર્ય અને ઇન્દ્રિય સ્વરૂપ કારણ સમાનાધિકરણ કહેવાય છે. હવે પ્રત્યક્ષ જ્ઞાનનું ઇન્દ્રિય જે સમાનાધિકરણ છે તેમાં સમાનાધિકરણત્વ = સામાનાધિકરણ્ય રહેલું છે. તેને જણાવનારા સન્નિકર્ષો કયા છે ? તે અપેક્ષાએ સન્નિકર્ષોનો વિભાગ કરીને જણાવે છે. એટલે કે કારણસ્વરૂપ ઇન્દ્રિય કાર્યના અધિકરણ દ્રવ્યાદિ વિષયમાં કયા સંબંધથી રહે છે તે જણાવે છે.

અહીં ચાક્ષુષાદિજ્ઞાન જ્યારે લૌકિકવિષયતાસંબંધથી દ્રવ્યાદિ પદાર્થોમાં રહે છે. ત્યારે કારણસ્વરૂપ ચક્ષુરાદીન્દ્રિય પણ પદાર્થમાં સંયોગાદિ સંબંધથી વૃત્તિ હોવાથી ચક્ષુરાદીન્દ્રિયનિષ્ઠ કારણતાનો અવચ્છેદક સંબંધ સંયોગાદિ કહેવાશે. વિસ્તારથી નીચે પ્રમાણે જાણવું....

★ ચાક્ષુષપ્રત્યક્ષની પ્રતિ કારણ જે ચક્ષુરિન્દ્રિય છે તેમાં રહેલી કારણતાના અવચ્છેદક સંબંધ ત્રણ થશે.

(૧) દ્રવ્યવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી દ્રવ્યવિષયકચાક્ષુષપ્રત્યક્ષની પ્રતિ ચક્ષુરિન્દ્રિય કારણ બનશે અને કારણતાનો અવચ્છેદક સંબંધ 'સંયોગ' બનશે.

(૨) દ્રવ્યસમવેતરૂપાદિવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી દ્રવ્યસમવેતરૂપાદિવિષયક ચાક્ષુષપ્રત્યક્ષની પ્રતિ ચક્ષુરિન્દ્રિય કારણ બનશે અને કારણતાનો અવચ્છેદક સંબંધ 'સંયુક્તસમવાય' થશે.

(૩) દ્રવ્યસમવેતસમવેતરૂપત્વાદિવૃત્તિલૌકિકવિષયતાસંબંધથી દ્રવ્યસમવેતસમવેત-રૂપત્વાદિવિષયકચાક્ષુષપ્રત્યક્ષની પ્રતિ ચક્ષુરિન્દ્રિય કારણ બનશે અને કારણતાનો અવચ્છેદક સંબંધ 'સંયુક્તસમવેતસમવાય' થશે. (જુઓ ચિત્રમાં)



આ રીતે અન્ય ઇન્દ્રિયમાં પણ જાણવું.

નોંધ : ન્યાયબોધિનીકારે સંયોગાદિ સન્નિકર્ષોને કારણ તરીકે પ્રસ્તૃત કર્યા છે, જ્યારે પદકૃત્યકારે એને કારણતાના અવચ્છેદક સંબંધ તરીકે બતાવ્યા છે.

मूलम् : चक्षुषा घटप्रत्यक्षजनने संयोगः संनिकर्षः ॥

ચક્ષુવડે ઘટનું પ્રત્યક્ષ કરવામાં 'સંયોગ' સન્નિકર્ષ કારણ છે.

(प०) संयोगमुदाहरति - चक्षुषेति। तथा च द्रव्यचाक्षुषत्वाचमानसेषु संयोग एव संनिकर्ष इति भावः॥

* પદકૃત્ય *

દ્રવ્યનું ગ્રહણ ત્રણ જ ઇન્દ્રિયથી થાય છે માટે દ્રવ્યવિષયક ચાક્ષુષ, ત્વાચ અને માનસ આ ત્રણે પ્રત્યક્ષની પ્રતિ ચક્ષુ વગેરેનો 'સંયોગ' સન્નિકર્ષ જ કારણ છે.

मूलम् : घटरूपप्रत्यक्षजनने संयुक्तसमवायः संनिकर्षः। चक्षुःसंयुक्ते घटे रूपस्य समवायात्॥

ચક્ષુવડે ઘટના રૂપનું પ્રત્યક્ષ કરવામાં કારણ 'સંયુક્તસમવાય' સન્નિકર્ષ છે, કારણ કે ચક્ષુથી સંયુક્ત ઘટમાં રૂપ સમવાયસંબંધથી વિદ્યમાન છે.

(प०) घटरूपेति। 'चक्षुषा' इत्यनुषज्यते। तथा च द्रव्यसमवेतचाक्षुषत्वाचमान-सरासनघ्राणजेषु संयुक्तसमवाय एव संनिकर्ष इत्यर्थः ॥

* પદકૃત્ય *

મૂલ પંક્તિમાં 'ચક્ષુષા' પદનો અન્વય કરવો. તેથી 'चक्षुषा घटरूप...' આ પ્રમાણે મૂલ પંક્તિ બનશે. ઘટાદિ દ્રવ્યમાં સમવેત રૂપ, સ્પર્શ, સુખ, રસ, ગન્ધના અનુક્રમે ચાક્ષુષ, ત્વાચ, માનસ, રાસન અને ઘ્રાણજ પ્રત્યક્ષની પ્રતિ 'સંયુક્તસમવાય' જ સન્નિકર્ષ છે.

मूलम् : रूपत्वसामान्यप्रत्यक्षे संयुक्तसमवेतसमवायः संनिकर्षः। चक्षुःसंयुक्ते घटे रूपं समवेतं, तत्र रूपत्वस्य समवायात् ॥

ચક્ષુવડે રૂપત્વજાતિનું પ્રત્યક્ષ કરવામાં કારણ 'સંયુક્તસમવેતસમવાય' સન્નિકર્ષ છે. કારણ કે ચક્ષુથી સંયુક્ત ઘટમાં સમવેત જે રૂપ છે તેમાં સમવાયસંબંધથી રૂપત્વજાતિ રહેલી છે.

(प०) रूपत्वेति। रूपत्वात्मकं यत्सामान्यं तत्प्रत्यक्ष इत्यर्थः। अत्रापि 'चक्षुषा' इत्यनुषज्यते। तथा च द्रव्यसमवेतसमवेतचाक्षुषरासनघ्राणजस्पार्शनमानसेषु संयुक्तसमवेतसमवाय एव संनिकर्ष इति भावः। अथ द्रव्यतत्समवेतप्रत्यक्षेऽपि संयुक्तसमवेतसमवाय एव संनिकर्षोऽस्त्विति-चेन्नैतत्। ईश्वरात्मादे-(आत्मसुखादे ?) रनध्यक्षत्वप्रसङ्गात् ॥

* પદકૃત્ય *

'રૂપત્વસ્વરૂપ જે સામાન્ય = જાતિ છે, તેના પ્રત્યક્ષમાં' આવો 'रूपत्वसामान्यप्रत्यक्षे ' એ મૂળની પંક્તિનો અર્થ કરવો. આવો અર્થ કેમ કર્યો ? 'રૂપત્વસામાન્યના પ્રત્યક્ષમાં આ સન્નિકર્ષ કારણ છે, રૂપત્વ વિશેષના પ્રત્યક્ષમાં નહીં' એ જણાવવા માટે કર્યો છે. અહીં પણ મૂળમાં 'ચક્ષુષા' પદનો અન્વય કરવો. તેથી 'चक्षुषा रूपत्वसामान्यप्रत्यक्षे.....' આ પ્રમાણે મૂળ પંક્તિ બનશે. આશય એ છે કે દ્રવ્યસમવેતસમવેત જે પણ વસ્તુઓ છે અર્થાત્ દ્રવ્યમાં સમવેત જે રૂપાદિ ગુણો છે તેમાં સમવેત જે રૂપત્વ, રસત્વ, ગન્ધત્વ, સ્પર્શત્વ, સુખત્વાદિનું ચાક્ષુષ, રાસન, ઘ્રાણજ, સ્પર્શન અને માનસ પ્રત્યક્ષ કરવામાં 'સંયુક્તસમવેતસમવાય' સન્નિકર્ષ જ કારણ થશે.

શંકા : ઘટાદિ દ્રવ્યના પ્રત્યક્ષમાં પ્રથમ 'સંયોગ' સંનિકર્ષને કારણ માનવો જોઈએ નહીં કારણ કે ચક્ષુસંયુક્ત કપાલિકા, એમાં સમવેત કપાલ અને એમાં ઘટનો સમવાય હોય જ છે. આ રીતે ઘટાત્મક પદાર્થ પણ દ્રવ્યસમવેતસમવેતાત્મક હોવાથી ઘટાત્મકપદાર્થનું ત્રીજા 'સંયુક્તસમવેતસમવાય' સન્નિકર્ષથી પ્રત્યક્ષ થઈ જ જશે.

એ જ રીતે ઘટરૂપના પ્રત્યક્ષમાં પણ બીજા 'સંયુક્તસમવાય' સન્નિકર્ષને કારણ નહીં માનવું જોઈએ કારણ કે ચક્ષુથી સંયુક્ત કપાલ, તેમાં સમવેત ઘટ, અને તેમાં ઘટ રૂપનો સમવાય છે તેથી અહીં પણ ત્રીજા સન્નિકર્ષ દ્વારા જ ઘટરૂપનું પ્રત્યક્ષ થઈ જ જાય છે.

સમા. : તમારે આવું ન કહેવું કારણ કે ઘટાદિદ્રવ્યના અવયવ કપાલાદિ હોવાથી ઈન્દ્રિયથી સંયુક્ત અવયવ બની શકશે માટે ઘટાદિ કે ઘટરૂપાદિનો બોધ ત્રીજા સન્નિકર્ષથી થઈ શકે છે. પરંતુ આત્માના, ઘટાદિની સમાન કોઈ કપાલાદિ અવયવ નથી તેથી ત્યાં ત્રીજો સન્નિકર્ષ ન ઘટવાથી આત્મા અને તદ્ગત સુખાદિ ગુણોનું અપ્રત્યક્ષ થવાનો પ્રસંગ આવશે. આમ, આત્મા અને તદ્ગત સુખાદિ ગુણોના માનસપ્રત્યક્ષની પ્રતિ પહેલો અને બીજો સંનિકર્ષ સ્વીકારવો જ પડશે.

मूलम् : श्रोत्रेण शब्दसाक्षात्कारे समवायः संनिकर्षः। कर्णविवरवर्त्याकाशस्य श्रोत्रत्वाच्छब्दस्याकाशगुणत्वात् गुणगुणिनोश्च समवायात्॥ शब्दत्वसाक्षात्कारे समवेतसमवायः संनिकर्षः। श्रोत्रसमवेते शब्दे शब्दत्वस्य समवायात्॥

શ્રોત્રેન્દ્રિયથી શબ્દનું પ્રત્યક્ષ કરવામાં 'સમવાય' સન્નિકર્ષ થશે, કારણ કે કર્ણના વિવરમાં રહેલું આકાશ એ શ્રોત્રસ્વરૂપ છે, શબ્દ આકાશનો ગુણ છે અને ગુણ-ગુણી વચ્ચે સમવાયસંબંધ જ હોય છે. તથા શ્રોત્રેન્દ્રિયવડે શબ્દત્વનું પ્રત્યક્ષ કરવામાં 'સમવેતસમવાય' સન્નિકર્ષ થશે કારણ કે શ્રોત્રમાં સમવેત શબ્દ છે અને તેમાં શબ્દત્વ સમવાયસંબંધથી રહેલું છે.

(પ૦) समवायसंनिकर्षमुदाहरति-श्रोत्रेणेति। जननीय इति शेषः। ननु श्रोत्रशब्दयोः कथं समवाय इत्यपेक्षमाणं प्रति तमुपपाद्य दर्शयति-कर्णेति। अथ समवायस्य नित्यत्वेन शब्दप्रत्यक्षे को व्यापार इति चेत्-शब्दः, श्रोत्रमनःसंयोगो वेति गृहाण। शब्दत्वेति। 'श्रोत्रेणजननीये' इत्यनुकर्षशेषौ॥

* પદકૃત્ય *

'श्रोत्रेण...' આ પ્રમાણે કહેવા દ્વારા સમવાયસન્નિકર્ષનું ઉદાહરણ બતાવે છે. મૂળમાં 'श्रोत्रेण शब्दसाक्षात्कारे' પદોની પછી 'जननीये' પદ જોડી લેવું. કોઈ એવો પ્રશ્ન કરે કે શ્રોત્રેન્દ્રિય અને શબ્દની વચ્ચે સમવાયસંબંધ કેવી રીતે કહેવાશે? એવી અપેક્ષાવાળા જીજ્ઞાસુની પ્રત્યે યુક્તિપૂર્વક બંનેના સમવાયસંબંધને સંગત કરીને બતાવે છે 'कर्णविवर..' ઇત્યાદિથી.

શંકા : શબ્દનું પ્રત્યક્ષ કરવામાં 'સમવાય' સન્નિકર્ષ શ્રવણેન્દ્રિયનો વ્યાપાર કેવી રીતે બનશે? કારણ કે વ્યાપાર તો અનિત્ય હોય છે, જ્યારે સમવાય તો નિત્ય છે.

સમા. : અમે શ્રોત્રેન્દ્રિયથી શબ્દનું પ્રત્યક્ષ કરવામાં 'શબ્દ' અથવા 'શ્રોત્ર અને મનના સંયોગ'ને જ વ્યાપાર તરીકે સ્વીકારશું.

શંકા : વ્યાપારનું લક્ષણ આ બંનેમાં શી રીતે જાય છે ?

સમા. : શબ્દ અને શ્રોત્ર-મનસંયોગ બંને ગુણ હોવાથી દ્રવ્યથી ભિન્ન છે, તદ્થી = શ્રોત્રેન્દ્રિયથી જન્ય શબ્દ અને શ્રોત્ર-મનનો સંયોગ પણ છે, તેમજ તદ્જન્યનો=શ્રોત્રેન્દ્રિયથી જન્ય જે શ્રાવણપ્રત્યક્ષ છે તેનો, જનક શબ્દ પણ છે અને શ્રોત્ર-મનનો સંયોગ પણ છે કારણ કે શબ્દ હતો તો જ શબ્દનું પ્રત્યક્ષજ્ઞાન થયું ને, એમ શ્રોત્ર-મનનો સંયોગ થયો તો જ શબ્દનું પ્રત્યક્ષજ્ઞાન થયું. આ રીતે બંનેમાં 'तद्जन्यत्वे सति तज्जन्यजनकत्व' સ્વરૂપ વ્યાપારનું લક્ષણ ઘટી જાય છે. તેથી શબ્દ પ્રત્યક્ષમાં 'શબ્દ' અને 'શ્રોત્ર-મનનો સંયોગ' શ્રવણેન્દ્રિયનો વ્યાપાર બની શકે છે.

મૂળમાં જે 'श्रोत्रेण' પદ મૂક્યું છે તેને 'शब्दत्वसाक्षात्कारे..' અહીં સુધી ખેંચી લાવવાનું છે તથા 'जननीये' આ પદને ઉમેરવાનું છે તેથી 'श्रोत्रेण शब्दत्वसाक्षात्कारे जननीये....' ઇત્યાદિ પાઠ થશે.

मूलम् : अभावप्रत्यक्षे विशेषणविशेष्यभावः संनिकर्षः। घटाभाववद् भूतलमित्यत्र चक्षुःसंयुक्ते भूतले घटाभावस्य विशेषणत्वात्।

અભાવના પ્રત્યક્ષમાં 'વિશેષણ-વિશેષ્યભાવ' સન્નિકર્ષ કારણ થશે. કારણ કે 'ઘટાભાવવદ્ ભૂતલમ્' આ પ્રતીતિમાં ચક્ષુથી સંયુક્ત જે ભૂતલ છે, એમાં ઘટાભાવ વિશેષણ છે. (આમ, ભૂતલમાં રહેલા ઘટાભાવનું સંયુક્તવિશેષણતા સન્નિકર્ષથી પ્રત્યક્ષ થાય છે.)

(પ૦) विशेषणेति। विशेषणभावो विशेष्यभावश्चेति बोध्यम्। इन्द्रियसंबद्ध-विशेषणत्वमिन्द्रियसंबद्धविशेष्यत्वमिति यावत्। विशेषणभाव-संनिकर्षमुपपाद्य दर्शयति-घटाभाववदिति। 'इह भूतले घटो नास्ती' त्यादौ विशेष्यतासंनिकर्षोऽवसेयः। सप्तम्यन्तस्य विशेषणत्वात्॥

* પદકૃત્ય *

'ભાવ' શબ્દનો અન્વય વિશેષણ અને વિશેષ્ય બન્નેમાં સમજવો માટે વિશેષણભાવ =

વિશેષણતા અને વિશેષ્યભાવ = વિશેષ્યતા એમ બે પ્રકારના સન્નિકર્ષ થશે. એમાં પણ 'ઇન્દ્રિયથી સંબદ્ધવિશેષણતા અને 'ઇન્દ્રિયથી સંબદ્ધવિશેષ્યતા' આવા સન્નિકર્ષો અભાવના પ્રત્યક્ષમાં કારણ સમજવા.

★ જ્યારે 'ઘટાભાववद्भूतलम्' ઇત્યાકારક ચક્ષુદ્વારા જ્ઞાન થશે ત્યારે કારણ તરીકે 'ચક્ષુસંયુક્તવિશેષણતા' સન્નિકર્ષ સમજવો કારણ કે ચક્ષુથી સંયુક્ત ભૂતલમાં ઘટાભાવ વિશેષણ છે. તેમાં વિશેષણતા રહેલી છે. પરંતુ ★ જ્યારે 'भूतले घटाभावः' ઇત્યાકારક ચાક્ષુષપ્રત્યક્ષ થશે ત્યારે કારણ તરીકે 'ચક્ષુસંયુક્તવિશેષ્યતા' સન્નિકર્ષ સમજવો કારણ કે સપ્તમ્યન્તવાળું હોય તે વિશેષણ કહેવાય છે. તેથી આ જ્ઞાનમાં ચક્ષુથી સંયુક્ત ભૂતલ વિશેષણ છે અને એમાં ઘટાભાવ વિશેષ્ય તરીકે જણાય છે.

मूलम् : एवं संनिकर्षषट्कजन्यं ज्ञानं प्रत्यक्षं तत्करणमिन्द्रियं, तस्मादिन्द्रियं प्रत्यक्षप्रमाणमिति सिद्धम् ॥

એ પ્રમાણે છ સન્નિકર્ષોથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પ્રત્યક્ષપ્રમા છે અને તેનું કરણ ઇન્દ્રિય છે. તેથી 'ઇન્દ્રિય જ પ્રત્યક્ષપ્રમાણ છે.' તેમ સિદ્ધ થયું.

(प०) प्रत्यक्षप्रमाणमुपसंहरति-एवमिति। उपदर्शितक्रमेणेत्यर्थः। ननु सिद्धान्ते प्रत्यक्षज्ञानकरणमिन्द्रियार्थसंनिकर्षः किं न स्यादिति चेन्नेत्याह-तत्करणमिति। प्रत्यक्षप्रमाणं निगमयति-तस्मादिति। प्रत्यक्षप्रमाकरणत्वादित्यर्थः। सिद्धमिति। न्यायसिद्धान्ते सिद्धमित्यर्थः।

॥ इति पदकृत्यके प्रत्यक्षपरिच्छेदः॥

---

* પદકૃત્ય *

'एवं...' આ પ્રમાણે કહેવા દ્વારા પ્રત્યક્ષપ્રમાણનો ઉપસંહાર કરે છે.

શંકા : સિદ્ધાન્તમાં પ્રત્યક્ષજ્ઞાનનું કરણ 'ઇન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષ'ને કેમ ન કહ્યું?

સમા. : 'तत्करणमिन्द्रियम्' પ્રત્યક્ષજ્ઞાનનું કરણ ઇન્દ્રિય છે, (ઇન્દ્રિયાર્થ સન્નિકર્ષ નહીં. કારણ કે ઇન્દ્રિય અને પદાર્થનો સન્નિકર્ષ એ વ્યાપાર છે, વ્યાપારવાન્ નથી. વ્યાપારવત્ અસાધારણકારણને કરણ કહેવાય છે અને તે ઇન્દ્રિય છે.) 'तस्मात्.....' આ પ્રમાણે કહેવા દ્વારા પ્રત્યક્ષપ્રમાણનું નિગમન કરે છે. પ્રત્યક્ષપ્રમાનું કરણ હોવાથી 'ઇન્દ્રિય જ પ્રત્યક્ષપ્રમાણ છે' એ પ્રમાણે ન્યાયસિદ્ધાંતમાં આ વાત સિદ્ધ થયેલી છે.

॥ इति प्रत्यक्षपरिच्छेदः ॥

અનુમાન - પરિચ્છેદ

અનુમાનખંડનો પ્રારંભ કરતા પહેલા એના કેટલાક પારિભાષિક શબ્દો સરળ અને સંક્ષિપ્ત ભાષામાં ઉલ્લેખ કરાય છે. જોકે આ શબ્દોની વ્યાખ્યા મૂળમાં આપી જ દીધી છે પરંતુ પ્રારંભમાં જે લક્ષણો આપ્યા છે એ લક્ષણોને, પારિભાષિક શબ્દોનું જ્ઞાન ન હોવાથી સમજવામાં સુગમતા રહેતી નથી. આ ધ્યાનમાં રાખીને જ પ્રારંભમાં પરિભાષા આપી છે.

(૧) **પક્ષ** : જેમાં સાધ્યની સિદ્ધિ કરવાની છે તે પક્ષ.

(૨) **સાધ્ય** : જે વસ્તુની સિદ્ધિ કરવાની છે તે સાધ્ય.

(૩) **હેતુ** : જેના દ્વારા સાધ્યની સિદ્ધિ કરવાની છે તે હેતુ.

દા.ત. → पर्वतो वह्निमान् धूमात् અહીં પર્વત એ પક્ષ છે કારણકે પર્વતમાં (વહ્નિની) સિદ્ધિ કરવાની છે. વહ્નિ એ સાધ્ય છે કારણ કે વહ્નિની સિદ્ધિ કરવાની છે અને ધૂમ હેતુ છે કારણ કે ધૂમ દ્વારા જ વહ્નિની સિદ્ધિ કરવાની છે. આમ यस्मिन् = જેમાં = પક્ષ, यस्य = જેની = સાધ્ય અને येन = જેના દ્વારા = હેતુ.

(૪) **વ્યાપ્તિ** : સાધ્ય અને હેતુની વચ્ચે સાહચર્યસંબંધ = અવિનાભાવસંબંધ અર્થાત્ 'જ્યાં જ્યાં હેતુ છે ત્યાં ત્યાં સાધ્યનું હોવું અને જ્યાં જ્યાં સાધ્ય નથી ત્યાં ત્યાં હેતુનું પણ ન હોવું' એ પ્રકારનો જે અવિનાભાવસંબંધ તે વ્યાપ્તિ છે. દા.ત. → વહ્નિ અને ધૂમની વચ્ચે તાદૃશ અવિનાભાવસંબંધ હોવાથી વ્યાપ્તિ મનાય છે. આ વ્યાપ્તિ સાધ્યથી નિરૂપિત હોય છે અને હેતુમાં = વ્યાપ્યમાં રહે છે.

(૫) **પક્ષધર્મતા** : હેતુનું પક્ષમાં રહેવું તે પક્ષધર્મતા છે. દા.ત. → પક્ષમાં = પર્વતમાં હેતુ ધૂમ રહે છે. તેથી પક્ષનો = પર્વતનો ધર્મ ધૂમ થયો. માટે ધૂમમાં પક્ષધર્મતા રહેશે. આ કારણથી 'धूमवान् पर्वतः' આ જ્ઞાનને પક્ષધર્મતાનું જ્ઞાન કહેવાશે.

(૬) **પરામર્શ** : જે જ્ઞાનમાં વ્યાપ્તિ અને પક્ષધર્મતા વિષય તરીકે જણાય છે, તે જ્ઞાન પરામર્શ છે. દા.ત. → 'वह्निव्याप्यधूमवान् पर्वतः' આ જ્ઞાન પરામર્શજ્ઞાન છે. કારણ કે 'वह्निव्याप्यधूमः' આ અંશમાં પરામર્શજ્ઞાનનો વિષય વ્યાપ્તિ છે અને 'धूमवान् पर्वतः' આ અંશમાં પરામર્શજ્ઞાનનો વિષય પક્ષધર્મતા છે.

(૭) **અનુમિતિ** : પક્ષમાં સાધ્યનું જે જ્ઞાન થાય તે અનુમિતિ છે. દા.ત. → 'पर्वतो वह्निमान्' ઇત્યાકારક જ્ઞાનને અનુમિતિ કહેવાય છે.

અનુમાન - નિરૂપણ

मूलम् : अनुमितिकरणमनुमानम् ।

અનુમિતિના કરણને અનુમાન કહેવાય છે.

(न्या०) अनुमानं लक्षयति-अनुमितीति। अनुमितौ व्याप्तिज्ञानं करणं, परामर्शो व्यापारः, अनुमितिः फलं, कार्यमित्यर्थः। परामर्शस्य व्याप्तिज्ञानजन्यत्वाद् व्याप्तिज्ञानजन्यानुमितिजनकत्वात्तज्जन्यत्वे सति तज्जन्यजनकत्वरूपव्यापारत्वमुपपन्नम्। अनुमितिकरणत्वमनुमानस्य लक्षणम्। अनुमानं व्याप्तिज्ञानम्। एतस्य परामर्शरूपव्यापारद्वारा अनुमितिं प्रत्यसाधारणकारणतयानुमितिकरणत्वमुपपन्नम् ॥

* ન્યાયબોધિની *

'अनुमितिकरणमनुमानम्' આ પંક્તિ દ્વારા અનુમાનનું લક્ષણ કરે છે. અનુમિતિમાં વ્યાપ્તિજ્ઞાન કરણ છે, પરામર્શ વ્યાપાર છે અને અનુમિતિ ફળ અર્થાત્ કાર્ય છે.

પરામર્શ વ્યાપાર કેમ છે? પરામર્શ વ્યાપ્તિજ્ઞાનથી જન્ય છે અને વ્યાપ્તિજ્ઞાનથી જન્ય જે અનુમિતિ છે, એનો જનક પણ છે. આ રીતે 'तद्जन्यत्वे सति तज्जन्यजनकत्व' રૂપ વ્યાપારનું લક્ષણ પરામર્શમાં ઘટી જવાથી પરામર્શ એ વ્યાપાર છે.

વ્યાપ્તિજ્ઞાન અનુમિતિનું કરણ કેમ છે ? 'अनुमितिकरणत्व' એ અનુમાનપ્રમાણનું લક્ષણ છે. આ અનુમાનપ્રમાણ અને વ્યાપ્તિજ્ઞાન બંને એક જ છે. એતાદૃશ વ્યાપ્તિજ્ઞાન, પરામર્શરૂપી વ્યાપાર દ્વારા અનુમિતિની પ્રત્યે અસાધાણકારણ છે. આમ 'व्यापारवदसाधारणकारणत्व' રૂપ કરણનું લક્ષણ વ્યાપ્તિજ્ઞાનમાં ઘટી જવાથી વ્યાપ્તિજ્ઞાન એ અનુમિતિનું કરણ કહેવાય છે.

(प०) प्रत्यक्षानुमानयोः कार्यकारणभावसङ्गतिमभिप्रेत्य प्रत्यक्षानन्तरमनुमानं निरूपयति-अनुमितीति। अनुमितेः करणमनुमानमित्यर्थः। तच्च लिङ्गपरामर्श एवेति निवेदयिष्यते। कुठारादावतिव्याप्तिवारणाय अनुमितीति। प्रत्यक्षादावतिव्याप्तिवारणाय अन्विति।

* પદકૃત્ય *

'यन्निरूपणानन्तरं यन्निरूप्यते स तन्निरूपित-संगतिमान् भवति' જેના નિરૂપણની પછી જેનું નિરૂપણ કરાય છે તે એનાથી નિરૂપિત સંગતિવાળો હોવો જ જોઈએ કારણ કે 'असंगतं न ब्रूयात्' એવું શાસ્ત્રવચન છે. તેથી પર્વતાદિ પર ધૂમાદિનું પ્રત્યક્ષ થયા પછી વહ્ન્યાદિનું અનુમાન કરાતું હોવાથી પ્રત્યક્ષ અને અનુમાનની વચ્ચે કાર્ય-કારણભાવ સંગતિ છે. માટે પ્રત્યક્ષના નિરૂપણની પછી અનુમાનનું નિરૂપણ કરે છે.

'અનુમિતિના કરણને અનુમાન કહેવાય છે' અને તે અનુમાન લિંગપરામર્શ (= પરામર્શજ્ઞાન) છે. એવું આગળ મૂલકાર જણાવશે.

★ જો 'करणमनुमानम्' આટલું જ અનુમાનનું લક્ષણ કરીએ તો કુઠારાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે કુઠારાદિ પણ છેદન ક્રિયાની પ્રતિ કરણ છે જ. તેથી લક્ષણમાં 'अनुमिति' પદનો નિવેશ છે. કુઠારાદિ ભલે છેદનક્રિયાની પ્રતિ કરણ છે, પરંતુ અનુમિતિ પ્રતિ કરણ નથી.

★ લક્ષણમાં જો 'अनु' પદનો નિવેશ ન કરીએ અર્થાત્ 'मितिकरणमनुमानम्' આટલું જ કહીએ તો મિતિ = જ્ઞાન અને એનું કરણ તો પ્રત્યક્ષાદિ બધા પ્રમાણ છે. પરંતુ લક્ષણમાં 'अनु' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રત્યક્ષ, ઉપમાનાદિ અનુમિતિનું કરણ નથી.

નોંધ : ન્યાયબોધિનીકારે પરામર્શને વ્યાપાર માન્યો છે અને વ્યાપ્તિજ્ઞાનને કરણ માન્યું છે. જ્યારે પદકૃત્યકારે મૂલકારનું અનુસરણ કર્યું છે. અર્થાત્ પરામર્શજ્ઞાનને જ અનુમિતિનું કરણ માન્યું છે.

અનુમિતિ - નિરૂપણ

'અનુમિતિના કરણને અનુમાન કહેવાય છે' આમ કહ્યા પછી જિજ્ઞાસા રહે છે કે, 'અનુમિતિ' કોને કહેવાય ? તેના સમાધાનમાં કહે છે.....

मूलम् : परामर्शजन्यं ज्ञानमनुमितिः ।

પરામર્શથી જન્ય જ્ઞાનને અનુમિતિ કહેવાય છે.

(न्या०) परामर्शजन्यमिति। परामर्शजन्यत्वविशिष्टज्ञानत्वमनुमितेर्लक्षणम्। अत्र ज्ञानत्वमात्रोपादाने प्रत्यक्षादावतिव्याप्तिः, अतस्तद्वारणाय 'परामर्शजन्यत्वे सती'ति विशेषणोपादानम्। परामर्शजन्यत्वमात्रोक्तौ परामर्शध्वंसेऽतिव्याप्तिरतस्तद्वारणाय 'ज्ञानत्वो'पादानम्।

* न्यायबोधिनी *

★ અનુમિતિના આ લક્ષણમાં 'ज्ञानत्व' માત્રનું જ ઉપાદાન કરીએ તો પ્રત્યક્ષાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે પ્રત્યક્ષાદિ પણ જ્ઞાન જ છે. પરંતુ લક્ષણમાં 'परामर्शजन्यत्वे सति' પદના ઉપાદાનથી અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે પ્રત્યક્ષાદિ જ્ઞાન તો ઈન્દ્રિયથી જન્ય છે.

★ લક્ષણમાં 'परामर्शजन्यत्व' આટલું જ કહીએ તો પરામર્શના ધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે પરામર્શધ્વંસ પણ પરામર્શથી જન્ય છે. પરંતુ લક્ષણમાં 'ज्ञानत्व' પદના નિવેશથી પરામર્શધ્વંસમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પરામર્શધ્વંસ એ અભાવાત્મક છે, જ્ઞાનાત્મક નથી.

(प०) नन्वनुमितेरेव दुर्निरूपत्वात्तद्घटितानुमानमपि दुर्निरूपमित्यत आह- परामर्शेति। प्रत्यक्षादावतिव्याप्तिवारणाय परामर्शजन्यमिति। परामर्शध्वंसवारणाय ज्ञानमिति। परामर्शप्रत्यक्षवारणाय हेत्वविषयकमित्यपि बोध्यम् ॥

* પદકૃત્ય *

અનુમિતિ જ દુર્નિરૂપિત હોવાથી તદ્ઘટિત અનુમાન પણ દુર્નિરૂપિત છે. આવી શંકા થવાથી 'परामर्श जन्यं ज्ञानमनुमितिः' એ પ્રમાણે કહ્યું છે. આશય એ છે કે 'अनुमितिकरणमनुमानम्' આ વાક્ય દ્વારા પૂર્વે અનુમાનનું લક્ષણ કર્યું પરંતુ નિયમ છે → 'वाक्यार्थज्ञानं प्रति पदार्थज्ञानं कारणम्' આ નિયમાનુસાર જેવી રીતે ઘટનું જ્ઞાન, ઘટ પદાર્થને જાણ્યા વગર ન થઈ શકે તેવી જ રીતે 'अनुमितिकरणमनुमानम्' આ વાક્યાર્થનું જ્ઞાન ત્યારે થશે જ્યારે વાક્યના ઘટક અનુમિતિ પદાર્થને સમજશું. કારણ કે અનુમિતિને જાણ્યા વગર અનુમાનનું નિરૂપણ અશક્ય છે માટે 'परामर्शजन्यं ज्ञानमनुमितिः' એ પ્રમાણે અનુમિતિનું નિરૂપણ કરે છે.

પ્રત્યક્ષાદિમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'परामर्शजन्यम्' પદ આપ્યું છે. પરામર્શધ્વંસમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'ज्ञानम्' પદ આપ્યું છે.

શંકા : અનુમિતિનું 'परामर्शजन्यं ज्ञानम्' આવું પણ લક્ષણ અતિવ્યાપ્તિ દોષવાળું છે. કેમ ? જેવી રીતે ઘટનું પ્રત્યક્ષજ્ઞાન ઘટથી જન્ય છે, એવી રીતે પરામર્શનું પ્રત્યક્ષ પણ પરામર્શથી જન્ય છે, અને તે જ્ઞાનાત્મક પણ છે. તેથી અનુમિતિનું લક્ષણ પરામર્શના પ્રત્યક્ષમાં (= वह्निव्याप्यधूमवान् पर्वतः इति ज्ञानवानहम् ઇત્યાકારક જ્ઞાનમાં) જવાથી અતિવ્યાપ્તિ આવશે.

સમા. : તમારી વાત બરાબર છે. તેથી તાદૃશ અતિવ્યાપ્તિના વારણ માટે અમે લક્ષણમાં 'हेत्वविषयकत्वे सति' આ પદને જોડી દઈશું. તેથી અનુમિતિનું લક્ષણ થશે...'परामर्शजन्यत्वे सति हेत्वविषयकत्वे सति ज्ञानत्वम्।' અહીં 'वह्निव्याप्यधूमवान् पर्वतः इति ज्ञानवानहम्' આ જે પરામર્શનું પ્રત્યક્ષ = પરામર્શાત્મક જ્ઞાનનું જ્ઞાન છે, તેમાં હેતુ ધૂમ પરામર્શાત્મક જ્ઞાનના વિષય તરીકે જણાય છે. આથી જ પરામર્શનું પ્રત્યક્ષ હેતુ - અવિષયક નથી. જ્યારે 'पर्वतो वह्निमान्' સ્વરૂપ અનુમિતિ તો પક્ષ, સાધ્ય ઉભયવિષયક જ છે પરંતુ હેતુ-વિષયક નથી. તેથી અનુમિતિમાં જ લક્ષણ જશે.

વિશેષાર્થ :

શંકા : પરામર્શનું પ્રત્યક્ષ પણ હેતુ અવિષયક જ છે કારણ કે પરામર્શનું જ્ઞાન = અનુવ્યવસાયાત્મક પ્રત્યક્ષનો વિષય તો પરામર્શાત્મકજ્ઞાન છે, હેતુ નહીં. (જ્ઞાનનો વિષય જ્ઞાન જ બન્યો છે, હેતુ નહીં.)

સમા. : અનુવ્યવસાયાત્મક જ્ઞાનનો સાક્ષાત્ વિષય ભલે પરામર્શાત્મક જ્ઞાન છે. પરંતુ પરંપરયા સ્વના વિષયનો વિષય હેતુ પણ છે. અર્થાત્ અહીં સ્વ = પરામર્શપ્રત્યક્ષ એટલે અનુવ્યવસાયાત્મક જ્ઞાન, એનો વિષય પરામર્શ અને એનો પણ વિષય હેત્વાદિ છે. અને સ્વના વિષયનો વિષય પણ સ્વનો વિષય જ કહેવાય છે. જેવી રીતે સ્વના શિષ્યનો શિષ્ય એ સ્વનો જ

શિષ્ય કહેવાય છે. આ રીતે પરામર્શપ્રત્યક્ષનો વિષય હેતુ બની જશે. તેથી પરામર્શપ્રત્યક્ષમાં અતિવ્યાપ્તિ નહીં આવશે.

નોંધ : 'धूमवान् पर्वतो, वह्निमान्, धूमात्' ઇત્યાદિ અનુમાન સ્થળોમાં હેતુ અને પક્ષતાવચ્છેદક = ધૂમ એક હોવાથી અનુમિતિ જે 'धूमवान् पर्वतो, वह्निमान्' સ્વરૂપ છે, તેમાં હેતુ વિષય તરીકે જણાય છે. તો ત્યાં શું કરવું? અહીં ધૂમ હેતુ તરીકે ભાષિત નથી પરંતુ ઉદ્દેશ્યતાવચ્છેદક તરીકે ભાષિત છે. આથી જ આ અનુમિતિ પણ હેતુ અવિષયક જ મનાશે.

પરામર્શ - નિરૂપણ

मूलम् : व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानं परामर्शः। यथा 'वह्निव्याप्यधूमवानयं पर्वत' इति ज्ञानं परामर्शः। तज्जन्यं 'पर्वतो वहिनमानि 'ति ज्ञानमनुमितिः॥

વ્યાપ્તિથી વિશિષ્ટ પક્ષધર્મતાના જ્ઞાનને પરામર્શ કહેવાય છે. દા.ત. → 'વહિનવ્યાપ્યધૂમવાળો આ પર્વત છે' આ જ્ઞાનને પરામર્શ કહેવાય છે. અને તાદૃશ પરામર્શથી જન્ય 'પર્વત વહ્નિવાળો છે' ઇત્યાકારક જ્ઞાનને અનુમિતિ કહેવાય છે.

વિશેષાર્થ : 'व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानम्' આ જે મૂલોક્ત પંક્તિ છે, તેનો વિગ્રહ બે પ્રકારે થાય છે.

(૧) 'व्याप्तिविशिष्ट या पक्षधर्मता, तस्याः ज्ञानम्' = 'व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानम्' આવો વિગ્રહ કરીએ તો.....'पर्वतो वह्निमान् धूमात्' આ અનુમાનમાં ધૂમ વ્યાપ્ય છે એટલે કે ધૂમમાં વ્યાપ્યત્વ = વ્યાપ્તિ રહેલી છે = ધૂમ વ્યાપ્તિ વિશિષ્ટ છે. એવા વ્યાપ્તિવિશિષ્ટ ધૂમનું પક્ષસંબંધવિષયક જ્ઞાન પરામર્શ કહેવાય છે. આ રીતે વિગ્રહ કરવામાં આવે તો 'धूमवान् पर्वतः' ઇત્યાકારક જ્ઞાનને પણ પરામર્શ કહેવાની આપત્તિ આવશે. કારણ કે 'જ્ઞાન' પદનો સાક્ષાત્ સંબંધ માત્ર પક્ષધર્મતાની સાથે છે, વ્યાપ્તિની સાથે નથી.

(૨) 'पक्षधर्मतायाः ज्ञानम् = पक्षधर्मताज्ञानम्' व्याप्तिविशिष्टं च तत् पक्षधर्मता-ज्ञानम्=व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानम् આ રીતે વિગ્રહ કરવાથી 'જ્ઞાન' પદનો અન્વય 'પક્ષધર્મ' અને 'વ્યાપ્તિ' ઉભયમાં થશે. અને એનાથી 'यद्ज्ञानं पक्षधर्मताविषयकं तदैव ज्ञानं व्याप्तिविषयकमपि भवितव्यम्' અર્થાત્ જે જ્ઞાન વ્યાપ્તિવિશિષ્ટ છે તે જ જ્ઞાન પક્ષધર્મતાવિષયક પણ હોવું જોઈએ. એવો અર્થ પ્રાપ્ત થશે. તેથી 'वह्निव्याप्यधूमवान् पर्वतः' આ જ્ઞાન જ પરામર્શ કહેવાશે. 'धूमवान् पर्वतः' નહીં.

સામાસિક વિગ્રહની વિલક્ષણતાથી એવા પ્રકારની ભિન્નતા પ્રાયઃ જણાય છે. દા.ત. → 'અનન્તપર્યાયવિશિષ્ટદ્રવ્યજ્ઞાનમ્' આનો વિગ્રહ જો 'अनन्तपर्यायविशिष्टं यद् द्रव्यम्, तस्य ज्ञानम्' એવો કરવામાં આવે તો કેવલી અને બદ્ધજીવ બન્નેમાં આ જ્ઞાન રહેશે, કારણ કે 'જ્ઞાન' પદનો સંબંધ માત્ર દ્રવ્યની સાથે છે, અનંતપર્યાયની સાથે નથી. પરંતુ જો 'द्रव्यस्यज्ञानम् = द्रव्यज्ञानम्', 'अनन्तपर्यायविशिष्टं च तद् द्रव्यज्ञानम्' એવો વિગ્રહ કરવામાં આવે તો આ જ્ઞાન કેવલીમાં જ રહેશે. કારણ કે અહીં 'જ્ઞાન' પદનો સંબંધ અનંતપર્યાય અને દ્રવ્ય બન્નેની સાથે છે.

(न्या०) अनुमितिलक्षणघटकीभूतपरामर्शलक्षणमाचष्टे - व्याप्तिविशिष्टेति। 'व्याप्तिविशिष्टं च तत्पक्षधर्मताज्ञानं चेति कर्मधारये विशिष्टपदस्य प्रकारतानिरूपकार्थकत्वात्, पक्षधर्मताज्ञानमित्यत्र षष्ठ्या विषयत्वबोधनात्, धर्मतापदस्य संबन्धार्थकत्वाच्च, कर्मधारयसमासे समस्यमानपदार्थयोरभेदसंसर्गलाभेन च व्याप्तिप्रकारकाभिन्नं यत्पक्षसंबन्धविषयकं ज्ञानं तत्परामर्श इति लभ्यते। एवं सति 'धूमो वह्निव्याप्यः, आलोकवान् पर्वतः' इत्याकारकसमूहालम्बने परामर्शलक्षणमस्तीत्यतिव्याप्तिस्तद्वारणाय पक्षनिष्ठविशेष्यतानिरूपिता या हेतुनिष्ठा प्रकारता, तन्निरूपिता या व्याप्तिनिष्ठा प्रकारता, तच्छालिज्ञानं परामर्श इति निष्कर्षः। एतादृशपरामर्शजन्यत्वे सति ज्ञानत्वमनुमितेर्लक्षणम्। अनुमितिपरामर्शयोर्विशिष्यकार्यकारणभावश्चेत्थम्-पर्वतत्वावच्छिन्नोद्देश्यतानिरूपित-संयोगसंबन्धावच्छिन्नवह्नित्वावच्छिन्नविधेयताकानुमितित्वावच्छिन्नं प्रति वह्निव्याप्तिप्रकारतानिरूपिता या धूमत्वावच्छिन्नप्रकारता तन्निरूपिता पर्वतत्वावच्छिन्ना विशेष्यता तच्छालिनिर्णयः कारणम्। स च निर्णयः 'वह्निव्याप्यधूमवान् पर्वत' इत्याकारको बोध्यः॥

* ન્યાયબોધિની *

अनुमिति.....लभ्यते। અનુમિતિના લક્ષણમાં ઘટક તરીકે જે પરામર્શ છે, એનું લક્ષણ કરે છે 'વ્યાપ્તિવિશિષ્ટ...' ઇત્યાદિ પંક્તિ દ્વારા.

પરામર્શના લક્ષણમાં 'વ્યાપ્તિવિશિષ્ટ એવું જે પક્ષધર્મતાજ્ઞાન' એ રીતે કર્મધારયસમાસની વિવક્ષા છે. તેમાં વિશિષ્ટપદનો અર્થ 'પ્રકારતાનિરૂપક' છે. 'પક્ષધર્મતાનું જ્ઞાન' એ રીતે જે ષષ્ઠીસમાસ છે, ત્યાં ષષ્ઠી એ વિષયતાને જણાવે છે, ધર્મતાપદ સંબંધને જણાવે છે. તેથી 'વ્યાપ્તિનિષ્ઠપ્રકારતાનિરૂપકં યત્ પક્ષસંબંધવિષયતાકં જ્ઞાનમ્' એવો અર્થ થાય છે. કર્મધારયસમાસ પદાર્થદ્વયની વચ્ચે અભેદસંબંધને જણાવે છે. તેથી 'વ્યાપ્તિનિષ્ઠપ્રકારતાનિરૂપકાભિન્નયત્પક્ષસંબન્ધવિષયકં જ્ઞાનં તત્પરામર્શઃ' અર્થાત્ 'વ્યાપ્તિમાં રહેલી પ્રકારતાનું નિરૂપક એવું જે પક્ષસંબંધવિષયકજ્ઞાન છે, તેને પરામર્શ કહેવાય છે.' એવા પ્રકારનો વાક્યાર્થ પ્રાપ્ત થશે. ('વહ્નિવ્યાપ્યધૂમવાન્ પર્વતઃ' આ જ્ઞાનમાં વ્યાપ્તિપ્રકાર તરીકે જણાય છે કારણ કે ધૂમમાં વ્યાપ્તિ વિશેષણ છે. અને આ જ્ઞાન પક્ષ=પર્વતમાં ધૂમના સંબંધને પણ વિષય કરે છે. તેથી પક્ષસંબંધવિષયકજ્ઞાન પણ છે. તેથી પક્ષસંબંધવિષયક જ્ઞાન અને વ્યાપ્તિ પ્રકારક જ્ઞાન એક જ છે, ભિન્ન ભિન્ન નથી. માટે અભેદસંબંધ પણ સ્થાપિત થયો.)

एवं सति..... इति निष्कर्षः ।

શંકા : પરામર્શનું આવું પણ લક્ષણ કરવાથી 'धूमो वह्निव्याप्यः, आलोकवान् पर्वतः' આવા સમૂહાલંબન જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે આ સમૂહાલંબન જ્ઞાનમાં વ્યાપ્તિ

એ ધૂમમાં પ્રકારીભૂત છે અને આ જ જ્ઞાન પર્વતાત્મક પક્ષમાં આલોકના સંબંધને વિષય પણ કરે છે. આમ આ જ્ઞાન પણ વ્યાપ્તિપ્રકારક અને પક્ષસંબંધવિષયક જ છે.

समा. : નીચે પ્રમાણે લક્ષણ કરવાથી કોઈ દોષ નહીં આવે. 'पक्षनिष्ठविशेष्यतानिरूपिता या हेतुनिष्ठप्रकारता, तन्निरूपिता या व्याप्तिनिष्ठप्रकारता तच्छालिज्ञानं परामर्शः' આ લક્ષણને 'वह्निव्याप्यधूमवान् पर्वतः' આ પરામર્શમાં ઘટાવીએ → અહીં પર્વત વિશેષ્ય છે, એમાં ધૂમ પ્રકાર છે અને એ ધૂમમાં પણ વ્યાપ્તિ પ્રકાર છે. આથી જ પર્વતમાં રહેલી વિશેષ્યતાથી નિરૂપિત ધૂમમાં રહેલી જે પ્રકારતા છે, તે પ્રકારતાથી નિરૂપિત વ્યાપ્તિમાં રહેલી જે પ્રકારતા છે તેનો નિરૂપક પરામર્શજ્ઞાન છે. આમ પરામર્શનું લક્ષણ પરામર્શમાં ઘટી જાય છે. પરંતુ 'वह्निव्याप्यधूमः, आलोकवान् पर्वतः' આ સમૂહાલંબનજ્ઞાનમાં પરામર્શનું લક્ષણ ન ઘટવાથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પર્વતમાં આલોક પ્રકારરૂપે તો છે પરંતુ આલોકમાં વ્યાપ્તિ પ્રકારરૂપે નથી. કારણ કે વહ્નિની વ્યાપ્તિ તો ધૂમમાં પ્રકાર તરીકે જણાય છે.

एतादृशपरमार्श.....बोध्यः ॥ એતાદૃશ પરામર્શથી જન્ય જ્ઞાનને અનુમિતિ કહેવાય છે. ભિન્ન ભિન્ન અનુમિતિઓની પ્રતિ ભિન્ન ભિન્ન પરામર્શ કારણ છે, કારણ કે 'वह्निव्याप्यधूमवान् पर्वतः' ઈત્યાકારક પરામર્શથી 'पर्वतो वह्निमान्' આ અનુમિતિ થાય છે, 'ह्रदः जलवान्' નહીં. તેથી ન્યાયબોધિનીકાર અનુમિતિ અને પરામર્શની વચ્ચે વિશેષ કરીને કાર્ય-કારણભાવ બતાવે છે.

'पर्वतो वह्निमान्' આ અનુમિતિવિશેષ પ્રત્યે 'वह्निव्याप्यधूमवान् पर्वतः' આ પરમાર્શ વિશેષ કારણ છે. 'पर्वतो वह्निमान्' આ અનુમિતિવિશેષ જે કાર્ય છે તેમાં પર્વત ઉદ્દેશ્ય છે કારણ કે જેમાં સાધ્યની અનુમિતિ કરાય છે તે ઉદ્દેશ્ય કહેવાય છે. અને વહ્નિ વિધેય છે કારણ કે પર્વતમાં વહ્નિની સિદ્ધિ કરવાની છે. પર્વત પર્વતત્વધર્મથી વિવક્ષિત છે, તેથી ઉદ્દેશ્યતા પર્વતત્વ ધર્મથી અવચ્છિન્ન છે અને વહ્નિ વહ્નિત્વ ધર્મથી અને સંયોગસંબંધથી વિધેય છે માટે તાદૃશ વિધેયતા વહ્નિત્વાવચ્છિન્ન અને સંયોગસંબંધાવચ્છિન્ન કહેવાશે.

'वह्निव्याप्यधूमवान् पर्वतः' આ પરામર્શવિશેષ જે કારણ છે ત્યાં, પર્વતમાં પર્વતત્વાવચ્છિન્ન જે વિશેષ્યતા છે તે વિશેષ્યતાથી નિરૂપિત ધૂમત્વાવચ્છિન્ન ધૂમમાં પ્રકારતા છે અને તાદૃશ પ્રકારતાથી નિરૂપિત વહ્નિવ્યાપ્તિમાં પ્રકારતા છે. માટે..... पर्वतत्वावच्छिन्नोद्देश्यतानिरूपितसंयोगसंबन्धावच्छिन्नवह्नित्वावच्छिन्न- विधेयताकानुमितित्वावच्छिन्नं अनुमितिं प्रति वह्निव्याप्तिप्रकारतानिरूपितधूमत्वावच्छिन्नप्रकारतानिरूपित-पर्वतत्वावच्छिन्नविशेष्यताकज्ञानं परामर्शः कारणम् ।

આ પ્રમાણે અનુમિતિ અને પરામર્શ વિશેષનો કાર્ય-કારણભાવ છે.

विशेषार्थ : વસ્તુતઃ ન્યાયબોધિનીમાં સંક્ષેપથી અનુમિતિ અને પરામર્શની વચ્ચે કાર્ય-

કારણ ભાવ બતાવ્યો છે. વિસ્તારથી આ રીતે સમજવું....

'वह्निव्याप्यधूमवान् पर्वतः' આનો અર્થ થશે → વહ્નિનવ્યાપ્તિનો આશ્રય ધૂમ છે અને તે ધૂમનો આશ્રય પર્વત છે. (કારણ કે વ્યાપ્ય = વ્યાપ્તિઆશ્રય, અને ધૂમવાન્ = ધૂમાશ્રય)

પદાર્થનો ક્રમ નિમ્ન પ્રકારથી થશે → વહ્નિન - વ્યાપ્તિ - આશ્રય - ધૂમ - આશ્રય - પર્વત. તેથી वह्नित्वावच्छिन्नप्रकारतानिरूपितव्याप्तित्वाच्छिन्नप्रकारतानिरूपिताश्रयत्वावच्छिन्नप्रकारतानिरूपितधूमत्वावच्छिन्नप्रकारतानिरूपिताश्रयत्वावच्छिन्नप्रकारतानिरूपितपर्वतत्वावच्छिन्नविशेष्यताशालि निर्णयात्मक જે પરામર્શ છે, તે જ वह्नित्वावच्छिन्नप्रकारतानिरूपिताश्रयत्वधर्मावच्छिन्नप्रकारतानिरूपितपर्वतत्वावच्छिन्नविशेष्यताशालि અનુમિતિજ્ઞાનની પ્રતિ કારણ છે.

(અનુમિતિ → 'वह्निमान् पर्वतः' માં ક્રમ આ પ્રમાણે છે.....વહ્નિન- આશ્રય- પર્વત)

આનો અધિક વિસ્તાર મુક્તાવલીની કિરણાવલી વગેરે ટીકાઓમાં આપ્યો છે. વિસ્તારના ભયથી અહીં આપ્યો નથી.

(પ૦) व्याप्तिविशिष्टेति । विषयितासंबन्धेन व्याप्तिविशिष्टं पक्षधर्मताज्ञानं परामर्श इत्यर्थः । घटादिज्ञानवारणाय पक्षधर्मतेति। धूमवान् पर्वत इत्यादिज्ञानवारणाय व्याप्तिविशिष्टेति। तदिति। परामर्शजन्यमित्यर्थः।

* પદકૃત્ય *

વિષયિતાસંબંધ દ્વારા વ્યાપ્તિથી વિશિષ્ટ એવું જે પક્ષધર્મતાનું જ્ઞાન છે તે પરામર્શ છે. કહેવાનો આશય એ છે કે → જ્ઞાનમાં કોઈ પણ વિષય વિષયિતા સંબંધથી વિદ્યમાન હોય છે. પક્ષધર્મતાજ્ઞાનમાં પણ વ્યાપ્તિ, વિષયિતાસંબંધથી વિદ્યમાન છે તેથી પક્ષધર્મતાજ્ઞાન પણ વિષયિતાસંબંધથી વ્યાપ્તિથી વિશિષ્ટ છે.

★ પરામર્શના લક્ષણમાં 'व्याप्तिविशिष्टज्ञानं परामर्शः' આટલું જ કહીએ તો ઘટાદિ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે ઘટાદિ પણ દ્રવ્યનો વ્યાપ્ય હોવાથી 'द्रव्यव्याप्यघटः' ઈત્યાકારક જ્ઞાન પણ વ્યાપ્તિવિશિષ્ટ તો છે જ. પરંતુ લક્ષણમાં 'પક્ષધર્મતા' પદના નિવેશથી ઘટાદિ જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઘટાદિવિષયકજ્ઞાન પક્ષસંબંધવિષયક નથી.

★ જો માત્ર 'પક્ષધર્મતાજ્ઞાનં' આટલું જ પરામર્શનું લક્ષણ કહીએ તો 'धूमवान् पर्वतः' ઈત્યાકારક જ્ઞાનને પણ પરામર્શ કહેવું પડશે પરંતુ લક્ષણમાં 'व्याप्तिविशिष्ट' પદના નિવેશથી 'धूमवान् पर्वतः' ઈત્યાકારક જ્ઞાનમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે તે જ્ઞાન વ્યાપ્તિવિશિષ્ટ નથી.

મૂળમાં 'तद्जन्यम्' નો અર્થ 'परामर्शजन्यम्' એવો કરવો.

व्याप्ति - निरूपण

मूलम् : यत्र यत्र धूमस्तत्राग्निरिति साहचर्यनियमो व्याप्तिः ॥

'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે' એ પ્રમાણેના સાહચર્યનિયમને વ્યાપ્તિ કહેવાય છે.

(ન્યા૦) यत्र यत्रेति। 'यत्र' पदवीप्सावशाद् धूमाधिकरणे यावति वह्निमत्त्वलाभाद् यावत्पदमहिम्ना वह्नेर्धूमव्यापकत्वं लब्धम्॥ तदेव स्पष्टयति साहचर्यनियम इति। एतदर्थस्तु 'नियतसाहचर्यं व्याप्ति रिति' नियतत्वं व्यापकत्वम्। साहचर्यं नाम सामानाधिकरण्यम्। तथा च धूमनियतवह्निसामानाधिकरण्यं व्याप्तिरित्यर्थः। अत्र वह्नेर्धूमव्यापकत्वं नाम धूमसमानाधिकरणात्यन्ताभावप्रतियोगितानवच्छेदकधर्मवत्त्वम्॥ तथा हि-धूमाधिकरणे पर्वत-चत्वरमहानसादौ वर्तमानो योऽभावः घटत्वाद्यवच्छिन्नप्रतियोगिताकाभावः, न तु वह्नित्वावच्छिन्नप्रतियोगिताकाभावः। कुतः? पर्वतादौ वह्नेः सत्त्वात्। एवं सति धूमाधिकरणे पर्वतचत्वरादौ वर्तमानस्य घटाद्यभावस्य प्रतियोगितावच्छेदकं घटत्वादिकमनवच्छेदकं वह्नित्वं वह्नौ वर्ततेऽतो धूमव्यापकत्वं वह्नौ वर्तते। इयमन्वयव्याप्तिः सिद्धान्तानुसारेण॥ पूर्वपक्षव्याप्तिस्तु - साध्याभाववदवृत्तित्वम्। 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्नसाध्यतावच्छेदकावच्छिन्नप्रतियोगिताकप्रतियोगितावच्छेदकसंबन्धावच्छिन्नप्रतियोगितावच्छेदकावच्छिन्नवैयधिकरण्यावच्छिन्नाभाववन्निरूपितहेतुतावच्छेदकसंबन्धावच्छिन्नवृत्तितात्वावच्छिन्नप्रतियोगिताकाभाव' इति निष्कर्षः। तच्च केवलान्वयिन्यव्याप्तमिति सिद्धान्तानुसरणम्॥

* ન્યાયબોધિની *

'यत्र यत्र.....व्याप्तिरित्यर्थः । મૂળમાં 'યત્ર' પદની જે વીપ્સા એટલે કે દ્વિરુક્તિ કરી છે, તેનાથી યાવદ્ પદનું જ્ઞાન થાય છે. માટે 'ધૂમના જેટલા અધિકરણો છે તે બધામાં વહ્નિ રહે છે' એવું જ્ઞાન થાય છે. અને યાવદ્ પદના મહિમાથી = કારણથી 'વહ્નિ એ ધૂમનો વ્યાપક છે' એવું જણાય છે. આને જ મૂળમાં 'સાહચર્યનિયમ' થી સ્પષ્ટ કરે છે.

'સાહચર્યનિયમ' આમ કહેવા દ્વારા વ્યાપ્તિ કોને કહેવાય તે જણાવે છે..... 'સાહચર્યનિયમો વ્યાપ્તિ:' આ મૂલગ્રંથનો 'નિયતસાહચર્યં વ્યાપ્તિ:' એવો અર્થ છે.

નિયમ = નિયત, નિયત = વ્યાપક, સાહચર્ય = સાથે રહેવાપણું = એકઅધિકરણમાં રહેવાપણું = સામાનાધિકરણ્ય, આ વ્યાપ્તિનું સ્વરૂપ છે. આમ નિયતસાહચર્ય = વ્યાપકસામાનાધિકરણ્ય = વ્યાપ્તિ. અહીં ધૂમના વ્યાપક વહ્નિનનું ધૂમમાં જે સામાનાધિકરણ્ય છે એ જ વ્યાપ્તિ છે.

अत्र वह्नेर्धूम..... सिद्धांतानुसारेण ॥

શંકા : 'વહ્નિ ધૂમનો વ્યાપક છે' એનો પારિભાષિક અર્થ શું?

સમા. : વહ્નિમાં ધૂમનું જે વ્યાપકત્વ છે તે 'ધૂમસમાનાધિકરણાત્યન્તાભાવ-પ્રતિયોગિતાનવચ્છેદકધર્મવત્ત્વમ્' સ્વરૂપ છે. શી રીતે ? ધૂમનું અધિકરણ જે પર્વત, ચત્વર,

મહાનસ વગેરે છે, એમાં રહેનારો અભાવ એ ઘટાભાવ, પટાભાવ વગેરે છે. વહ્નિનો અભાવ નહીં મળે કારણકે વહ્નિ તો પર્વતાદિમાં વિદ્યમાન છે. તાદૃશ ઘટાદિ અભાવના પ્રતિયોગી ઘટાદિ જ થશે. (यस्य अभावः स प्रतियोगी) તેથી પ્રતિયોગિતાનો અવચ્છેદક ઘટત્વાદિ અને અનવચ્છેદક વહ્નિત્વ છે. અને તે અનવચ્છેદક વહ્નિત્વવાળો વહ્નિ થયો. આથી વહ્નિ ધૂમનું વ્યાપક છે. આ ન્યાયસિદ્ધાંતના અનુસારે અન્વયવ્યાપ્તિ છે.

(આ લક્ષણ અસદ્હેતુમાં નહીં ઘટે. દા.ત. → पर्वतो धूमवान् वह्नेः અહીં વહ્નિનું અધિકરણ અયોગોલક, એમાં રહેનારો અભાવ ધૂમાભાવ, પ્રતિયોગિતા ધૂમમાં તેથી પ્રતિયોગિતાનો અવચ્છેદક ધૂમત્વ થશે. આમ, જે સાધ્યતાનો અવચ્છેદક છે તે પ્રતિયોગિતાનો અનવચ્છેદક નથી બન્યો. આથી જ લક્ષણની અતિવ્યાપ્તિ નથી થઈ. આમ હેતુસમાનાધિકરણઅત્યંતાભાવઅપ્રતિયોગી એવું જે હોય તે વ્યાપક સાધ્ય છે, તાદૃશ સાધ્ય-નિરૂપિત જે સામાનાધિકરણ્ય હેતુમાં છે, તેને જ વ્યાપ્તિ કહેવાય છે. આ ન્યાયસિદ્ધાંતને અનુસારે અન્વયવ્યાપ્તિ છે.)

पूर्वपक्ष..... सिद्धांतानुसरणम् ॥ પૂર્વપક્ષવ્યાપ્તિનું મૂળ સ્વરૂપ તો 'साध्याभाववदवृत्तित्वम्' છે. અર્થાત્ 'સાધ્યના અભાવવાળાથી નિરૂપિત વૃત્તિતાનો અભાવ હેતુમાં મળવો જોઈએ એટલે કે સાધ્યના અભાવવાળામાં હેતુનું ન રહેવું' તે પૂર્વપક્ષ વ્યાપ્તિનું લક્ષણ છે.

આ લક્ષણ 'वह्निमान् धूमात्' જેવા સત્સ્થળમાં ઘટી જવાથી અવ્યાપ્તિ આવશે નહીં. તે આ રીતે→ સાધ્યાભાવ = વહ્ન્યભાવ, તેનું અધિકરણ જે જલાદિ છે, તેમાં મીનાદિ વૃત્તિ હોવાથી જલાદિથી નિરૂપિતવૃત્તિતા મીનાદિમાં છે. તાદૃશ વૃત્તિતાનો અભાવ ધૂમહેતુમાં મળવાથી અવ્યાપ્તિ નહીં આવે.

તથા 'पर्वतो धूमवान् वह्नेः' આવા અસત્સ્થળમાં લક્ષણ નહીં ઘટવાથી અતિવ્યાપ્તિ પણ નહીં આવે. તે આ રીતે → સાધ્યાભાવ જે ધૂમાભાવ છે, તેના અધિકરણ એવા અયોગોલકમાં વહ્નિરૂપ હેતુ વિદ્યમાન હોવાથી વહ્નિરૂપ હેતુમાં અયોગોલક નિરૂપિત વૃત્તિતાનો અભાવ નહીં મળે તેથી અતિવ્યાપ્તિ આવશે નહીં.

ટૂંકમાં જેટલા પણ સત્ સ્થળો છે એ બધામાં વ્યાપ્તિનું લક્ષણ જવું જોઈએ અને એક પણ વ્યભિચારી હેતુમાં વ્યાપ્તિનું લક્ષણ જવું ન જોઈએ.

વ્યાપ્તિનું લક્ષણ

હા, 'साध्याभाववदवृत्तित्वम्' આ લક્ષણ નવીન શૈલીમાં આ રીતે બોલાશે..... 'साध्यनिष्ठप्रतियोगिताकाभाववन्निरूपितवृत्तिता-निष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः' જેવી રીતે ઘટાભાવનો પ્રતિયોગી ઘટ હોવાથી ઘટમાં પ્રતિયોગિતા આવશે અને તાદૃશ પ્રતિયોગિતાનો નિરૂપક ઘટાભાવ કહેવાશે. તેથી ઘટાભાવ = ઘટનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકાભાવ થશે. તેવી રીતે साध्याभाववान् = સાધ્યનિષ્ઠપ્રતિયોગિતાનિરૂપકાભાવવાન્ થશે અને अवृत्तित्वम् = એ સાધ્યાભાવ જેમાં રહે છે, તેનાથી નિરૂપિત વૃત્તિતાનો અભાવ = વૃત્તિતાનિષ્ઠપ્રતિયોગિતાકાભાવ થશે.

'साध्यनिष्ठ प्रतियोगितावच्छेदक संबंधनो निवेश'

शंका : ભઈ! 'पर्वतो वह्निमान् धूमात्' આ સત્સ્થળમાં વ્યાપ્તિનું લક્ષણ ન ઘટવાથી અવ્યાપ્તિ દોષ આવશે. કારણ કે સંયોગસંબંધથી પર્વત ઉપર વહ્નિ રહેવા છતાં પણ સમવાયસંબંધથી તો વહ્નિ પર્વત ઉપર નથી જ. (કારણ કે એક સંબંધથી કોઈ વસ્તુ વિદ્યમાન હોવા છતાં પણ અન્ય સંબંધથી એ જ વસ્તુના અવિદ્યમાનમાં કોઈ વિરોધ નથી.) તેથી 'समवायेन वह्निर्नास्ति' એવો અભાવ તો પર્વતમાં પણ મળશે અને તે પર્વત નિરૂપિત વૃત્તિતા હેતુ ધૂમમાં છે.

समा. : અમે વ્યાપ્તિના લક્ષણમાં સાધ્યાભાવ લેતી વખતે સાધ્યમાં રહેલી 'પ્રતિયોગિતાના અવચ્છેદક સંબંધ'નો નિવેશ કરશું અને એ પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ પણ સાધ્યતાવચ્છેદક સંબંધ જે છે તે જ લઈશું. આમ, 'साध्यतावच्छेदकसंबंधावच्छिन्न-साध्यनिष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः' કહેવાથી આપત્તિ દૂર થઈ જશે.

સાધ્યતાવચ્છેદક સંબંધ કોને કહેવાય? સાધ્ય જે સંબંધથી પક્ષમાં વિવક્ષિત હોય તે સાધ્યતાનો અવચ્છેદક સંબંધ કહેવાય છે. ભિન્ન ભિન્ન અનુમાનમાં સાધ્ય સ્વસ્વ પક્ષમાં ભિન્ન ભિન્ન સંબંધથી વિવક્ષિત હોય છે. પ્રકૃત સ્થળમાં વહ્નિ પર્વતમાં સંયોગસંબંધથી વિવક્ષિત છે. તેથી તાદૃશ સાધ્યતાવચ્છેદક સંબંધ સંયોગ છે. માટે પ્રતિયોગિતાના અવચ્છેદક સંબંધ તરીકે સંયોગ સંબંધ લેવો. તાદૃશ સંયોગસંબંધાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવ = 'संयोगेन वह्निर्नास्ति' એવો અભાવ પર્વતમાં નહીં મળે પરંતુ જલાદિમાં જ મળશે. અને જલાદિથી નિરૂપિત વૃત્તિતાનો અભાવ 'ધૂમ' હેતુમાં મળી જવાથી લક્ષણ સમન્વય થશે. અવ્યાપ્તિ આવશે નહીં. તેથી લક્ષણ બનશે.....'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न-साध्यनिष्ठप्रतियोगिताका-भाववन्निरूपितवृत्तितानिष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः। અર્થાત્ સાધ્યતાવચ્છેદક સંબંધથી સાધ્યનો અભાવ જ્યાં મળે ત્યાં હેતુનો પણ અભાવ મળવો જોઈએ.

'साध्यनिष्ठ प्रतियोगितावच्छेदक धर्मनो निवेश'

शंका : ઉપરોક્ત લક્ષણ કરવા છતાં પણ 'वह्निमान् धूमात्' આ જ સ્થળમાં 'संयोगेन महानसीयवह्निर्नास्ति' આ અભાવને લઈને અવ્યાપ્તિ આવશે કારણ કે પર્વતમાં પર્વતીય વહ્નિ છે પરંતુ સંયોગસંબંધથી મહાનસીય વહ્નિ નથી. તેથી મહાનસીયવહ્નિના અભાવવાળો પર્વત થશે. અને તે પર્વતથી નિરૂપિત વૃત્તિતા ધૂમમાં છે. આમ, ધૂમમાં પર્વત નિરૂપિત વૃત્તિતાનો અભાવ ન મળવાથી અવ્યાપ્તિ આવશે.

समा. : અમે લક્ષણમાં 'प्रतियोगितावच्छेदकधर्म'નો નિવેશ કરશું. અને પ્રતિયોગિતાવચ્છેદક ધર્મ પણ જે સાધ્યતાવચ્છેદક ધર્મ છે તે જ લઈશું તેથી આપત્તિ નહીં આવે.

પ્રકૃત સ્થળમાં સાધ્ય વહ્નિ છે, તેથી સાધ્યતાવચ્છેદક ધર્મ વહ્નિત્વ બનશે પરંતુ મહાનસીયવહ્નિત્વ નહીં. કારણ કે જે ધર્મથી સાધ્ય વિવક્ષિત હોય છે તે ધર્મ સાધ્યાવચ્છેદક કહેવાય છે. મહાનસીયવહ્નિ એ વહ્નિસ્વરૂપ હોવા છતાં પણ પ્રકૃત અનુમાનમાં વહ્નિત્વેન

જ વહ્નિન વિવક્ષિત છે, મહાનસીયવહ્નિનત્વેન વહ્નિન નહીં. તાદૃશ વહ્નિનત્વેન વહ્નિનનો અભાવ પર્વતમાં મળશે નહીં. કારણ કે ત્યાં તો એક વહ્નિન વિદ્યમાન છે. તેથી વહ્નિનત્વેન વહ્નિનનો અભાવ = સકલ વહ્નિનનો અભાવ તો જલાદિમાં જ મળશે અને ત્યાં ધૂમ નથી અર્થાત્ ધૂમની અવૃત્તિ છે. તેથી લક્ષણ બનશે → 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न-साध्यतावच्छेदकधर्मावच्छिन्नसाध्यनिष्ठप्रतियोगिताकाभाववन्निरूपितवृत्तितानिष्ठप्रतियोगिता-काभावो व्याप्तिः'।

(**नोंध :** અહીં એ ધ્યાતવ્ય છે કે લક્ષણમાં 'साध्यतावच्छेदकधर्मावच्छिन्न' પદનો નિવેશ કરવા છતાં પણ 'महानसीयवह्नि-अभाव', 'वह्नि-घटोभयाभाव' ને લઈને અવ્યાપ્તિ આવી જ શકે છે. કારણ કે 'મહાનસીયવહ્નિન-અભાવ'નો પ્રતિયોગી જે મહાનસીયવહ્નિન છે. તેમાં રહેલી પ્રતિયોગિતા મહાનસીયત્વ અને વહ્નિનત્વ એમ બે ધર્મથી અવચ્છિન્ન છે. માટે જે બે ધર્મથી અવચ્છિન્ન હોય તે એક ધર્મથી તો સુતરામ્ અવચ્છિન્ન થઈ જ જાય છે. આમ મહાનસીયવહ્નિનઅભાવીયપ્રતિયોગિતા પણ સાધ્યતાવચ્છેદકીભૂત જે વહ્નિનત્વ છે, એનાથી અવચ્છિન્ન તો છે જ. તેથી સંયોગસંબંધથી વહ્નિનત્વાવચ્છિન્ન મહાનસીયવહ્નિનનો અભાવ પર્વતમાં મળશે અને ત્યાં તો ધૂમની વૃત્તિ છે. લક્ષણ સત્સ્થળમાં ન જવાથી અવ્યાપ્તિ.

આનું નિવારણ કરવા માટે 'साध्यतावच्छेदक-इतरधर्मानवच्छिन्न' પદનો નિવેશ કેટલાક ગ્રન્થોમાં કર્યો છે. અને એનાથી મહાનસીયવહ્નિનઅભાવનું વારણ પણ થઈ જાય છે કારણ કે મહાનસીયવહ્નિનની પ્રતિયોગિતા ભલે વહ્નિનત્વધર્મથી અવચ્છિન્ન છે પરંતુ ઈતરધર્મ = મહાનસીયત્વ ધર્મથી પણ અવચ્છિન્ન છે, અનવચ્છિન્ન નથી. તાદૃશ ઈતરધર્મથી અનવચ્છિન્ન પ્રતિયોગિતાક 'शुद्धवह्नित्वेन वह्निर्नास्ति' એવો અભાવ તો જલાદિમાં જ મળશે. અને તન્નિરૂપિત વૃત્તિતાનો અભાવ ધૂમમાં મળવાથી દોષ આવશે નહીં.

આ રીતે તાદૃશ 'इतरधर्मानवच्छिन्न' પદનો નિવેશ આવશ્યક હોવા છતાં પણ લઘુ ગ્રન્થ હોવાથી ન્યાયબોધિનીકારે લક્ષણમાં આ પદનો ઉલ્લેખ કર્યો નથી.)

'प्रतियोगिव्यधिकरण पदनो निवेश'

शंका : 'एतद्वृक्षः कपिसंयोगी एतद्वृक्षत्वात्' આ સ્થળમાં સમવાયસંબંધથી કપિસંયોગ સાધ્ય છે. આ સ્થળ સત્ છે કારણ કે 'एतद्वृक्षत्व' કોઈક એક વૃક્ષમાં વર્તમાન છે અને કપિસંયોગ સાધ્ય પણ ત્યાં સમવાયસંબંધથી હાજર જ છે. આ સત્ સ્થળમાં વ્યાપ્તિનું લક્ષણ ન જવાથી અવ્યાપ્તિદોષ આવે છે.

તે આ રીતે..... કપિસંયોગ જે સાધ્ય છે તે રૂપાદિની જેમ વ્યાપ્યવૃત્તિ ગુણ નથી. પરંતુ અવ્યાપ્યવૃત્તિ ગુણ છે. તેથી કપિસંયોગનો અભાવ વૃક્ષમાં મૂલાવચ્છેદેન મળશે અને તે જ વૃક્ષમાં 'એતદ્વૃક્ષત્વ' હેતુ પણ રહે છે.

(**नोंध :** ન્યાયદર્શને બે પ્રકારના ગુણ માન્યા છે. (૧) વ્યાપ્યવૃત્તિગુણ = જે દ્રવ્યના બધા

જ અંશોને વ્યાપીને રહે તે.... (૨) અવ્યાપ્યવૃત્તિગુણ = જે દ્રવ્યના કોઈ એક ભાગમાં રહે, બીજા ભાગમાં ન રહે તે.... દા.ત. → સાકરનો મધુરરસ સંપૂર્ણ સાકરમાં રહે છે તેથી મધુરરસ વ્યાપ્યવૃત્તિ છે. પરંતુ કપિનો સંયોગ અવ્યાપ્યવૃત્તિ છે કારણ કે કપિસંયોગ સંપૂર્ણ વૃક્ષમાં રહેતો નથી.)

સમા. : આ આપત્તિને દૂર કરવા માટે અમે સાધ્યાભાવમાં 'प्रतियोगिव्यधिकरण' એવું વિશેષણ આપીશું. પ્રતિયોગિવ્યધિકરણ અભાવ શું છે? 'प्रतियोगिअधिकरण-भिन्नाधिकरणवृत्ति-अभाव.' જો પ્રતિયોગી અને અભાવ બંને એક જ અધિકરણમાં રહેતા હોય તો તે અભાવ 'प्रतियोगिसमानाधिकरणाभाव' કહેવાય અને પ્રતિયોગી અને તેનો અભાવ જો ભિન્ન અધિકરણમાં રહેતા હોય તો તે અભાવ પ્રતિયોગિવ્યધિકરણાભાવ કહેવાય.



પ્રકૃતમાં 'प्रतियोगिव्यधिकरणाभाव' લેવાનું કહ્યું છે તેથી વૃક્ષવૃત્તિ કપિસંયોગાભાવ નહીં લઈ શકાય કારણ કે જે વૃક્ષમાં કપિસંયોગાભાવ રહે છે તે જ વૃક્ષમાં એનો પ્રતિયોગી કપિસંયોગ પણ રહે જ છે. તેથી વૃક્ષવૃત્તિકપિસંયોગાભાવ 'प्रतियोगिव्यधिकरणाभाव' નથી. માટે સાધ્યાભાવ = કપિસંયોગાભાવનું અધિકરણ ગુણ લઈશું (કારણ કે ગુણમાં ગુણ રહેતો નથી) અને એ ગુણાધિકરણમાં 'एतद्वृक्षत्व' હેતુ રહેતો નથી. તેથી અવ્યાપ્તિ આવશે નહીં.

તેથી લક્ષણ થશે → 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न-साध्यतावच्छेदकधर्मावच्छिन्न-साध्यनिष्ठप्रतियोगिताकप्रतियोगिव्यधिकरणीभूताभाव(=साध्याभाव)वन्निरूपितवृत्तिता-निष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः।

'પ્રતિયોગીનિષ્ઠ આધેયતાવચ્છેદક સંબંધનો નિવેશ'

શંકા : 'प्रतियोगीव्यधिकरण' પદનો નિવેશ કરવા છતાં પણ 'पर्वतो वह्निमान् धूमात्' ઇત્યાદિ સ્થળોમાં અવ્યાપ્તિ આવશે.

તે આ રીતે → 'संयोगेन वह्नित्वेन वह्निर्नास्ति' એતાદૃશ અભાવ મૂલાવચ્છેદેન પર્વતમાં છે જ કારણ કે સંપૂર્ણ પર્વતમાં તો વહ્નિ નથી. આમ દ્રવ્ય પણ અવ્યાપ્યવૃત્તિ હોવાથી વહ્નિનનો અભાવ અમુક ભાગવાળા પર્વતમાં મળશે અને તે પર્વતમાં ધૂમ પણ છે તેથી અવ્યાપ્તિ આવશે.

પ્રતિશંકા : પરંતુ ભાઈ! તમે જે પર્વતમાં વહ્નિનનો અભાવ બતાવ્યો છે તે પ્રતિયોગી

વ્યધિકરણાભાવ નથી કારણ કે વહ્નિ અને તેનો અભાવ બંને પર્વતરૂપ એક અધિકરણમાં વિદ્યમાન છે. તેથી સમાનાધિકરણ છે.

પ્રતિસમા. : વહ્નિઅભાવ પણ તાદૃશ પર્વતમાં વ્યધિકરણ જ છે. કારણ કે વ્યધિકરણનો અર્થ થાય છે → 'પ્રતિયોગીના અધિકરણથી ભિન્ન અધિકરણમાં રહેવાવાળો અભાવ' પ્રકૃતમાં સંયોગસંબંધથી વહ્નિત્વેન વહ્નિ પ્રતિયોગીનું સમવાયસંબંધથી અધિકરણ વહ્નિના અવયવો છે અને એનાથી ભિન્ન અધિકરણ પર્વત છે. જેમાં સંયોગસંબંધથી વહ્નિનો અભાવ રહે છે. માટે તાદૃશ વહ્નિ-અભાવ પણ પ્રતિયોગી વ્યધિકરણ થયો.

સમા. : આ આપત્તિને દૂર કરવા માટે અમે પ્રતિયોગિવ્યધિકરણને સંબંધથી નિયંત્રિત કરશું અર્થાત્ પ્રતિયોગિવ્યધિકરણની પરિભાષામાં પ્રતિયોગીમાં રહેલી આધેયતાના અવચ્છેદક સંબંધનો નિવેશ કરશું. અને જે પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ છે તે જ આધેયતાનો અવચ્છેદક સંબંધ લઈશું.

'વહ્નિમાન્ ધૂમાત્' આ સ્થળમાં સાધ્યતાવચ્છેદક સંબંધ = પ્રતિયોગિતાવચ્છેદક સંબંધ સંયોગસંબંધ છે. તેથી પ્રતિયોગીમાં રહેલી આધેયતાનો અવચ્છેદક સંબંધ પણ સંયોગ થશે, પરંતુ સમવાય નહીં. તેથી સમવાયસંબંધથી વહ્નિનું અધિકરણ વહ્નિના અવયવ હોવા છતાં પણ સંયોગેન પ્રતિયોગી વહ્નિનું અધિકરણ પર્વતાદિ જ છે. અને તેનાથી ભિન્નાધિકરણ જલાદિમાં તાદૃશ વહ્નિનો અભાવ મળશે અને ત્યાં ધૂમ પણ રહેતો ન હોવાથી અવ્યાપ્તિ આવશે નહીં.

તેથી લક્ષણ આ પ્રમાણે થશે → 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्नसाध्यतावच्छेदक-धर्मावच्छिन्नप्रतियोगिताक-प्रतियोगितावच्छेदकसंबन्धावच्छिन्न-प्रतियोगिनिष्ठाधेयता-निरूपिताधिकरणतावद्-भिन्नाधिकरणवृत्त्याभाव (प्रतियोगिव्यधिकरणाभाव = साध्याभाव) वन्निरूपितवृत्तितानिष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः'

'પ્રતિયોગીનિષ્ઠ આધેયતાવચ્છેદક ધર્મનો નિવેશ'

શંકા : 'घटः विशिष्टसत्तावान् जातिमत्त्वात् ' આ અસત્સ્થળ છે. કારણ કે જ્યાં જ્યાં જાતિ છે ત્યાં ત્યાં વિશિષ્ટસત્તા નથી. ગુણમાં જાતિ હોવા છતાં પણ વિશિષ્ટસત્તા નથી. તેથી जातिमत्त्व' એ અસદ્હેતુ છે. તેમાં વ્યાપ્તિનું લક્ષણ જવાથી અતિવ્યાપ્તિ આવશે.

તે આ પ્રમાણે → વિશિષ્ટસત્તાનો અભાવ ગુણમાં છે પરંતુ તાદૃશ અભાવ તો સત્તાસ્વરૂપ પ્રતિયોગીનું સમાનાધિકરણ છે. કારણ કે વિશિષ્ટસત્તાભાવનો પ્રતિયોગી જેમ વિશિષ્ટસત્તા થાય છે તેમ 'विशिष्टं शुद्धात् नातिरिच्यिते' અર્થાત્ 'વિશિષ્ટ એ શુદ્ધથી અલગ નથી' આ નિયમથી વિશિષ્ટસત્તાભાવનો પ્રતિયોગી શુદ્ધસત્તા પણ બનશે.

આ રીતે ગુણ અને કર્મમાં વિશિષ્ટસત્તાભાવ એ પ્રતિયોગીવ્યધિકરણ ન થવાથી વિશિષ્ટસત્તાભાવનું અધિકરણ ગુણ અને કર્મ ન લઈ શકાય. તેથી તાદૃશ અભાવનું અધિકરણ સામાન્યાદિ લઈશું. ત્યાં વિશિષ્ટસત્તાભાવ એ પ્રતિયોગીવ્યધિકરણ છે. કારણ કે તાદૃશ અભાવના

પ્રતિયોગી જે વિશિષ્ટસત્તા અને શુદ્ધસતા છે, તે બંને સામાન્યાદિમાં વિદ્યમાન નથી. આમ વિશિષ્ટસત્તાભાવનું અધિકરણ સામાન્યાદિ થશે અને એમાં જાતિસ્વરૂપ હેતુ ન રહેવાથી અસત્સ્થળમાં લક્ષણ ઘટી જાય છે. તેથી અતિવ્યાપ્તિ આવશે.

સમા. : આ આપત્તિને દૂર કરવા માટે અમે લક્ષણમાં 'આધેયતાવચ્છેદકધર્મ' નો નિવેશ કરશું. અહીં જે પ્રતિયોગિતાનો અવચ્છેદક ધર્મ છે તે જ આધેયતાનો અવચ્છેદક ધર્મ લેવો. તેથી સાધ્યતાવચ્છેદકધર્મ = પ્રતિયોગિતાવચ્છેદકધર્મ = આધેયતાવચ્છેદકધર્મ = વિશિષ્ટસત્તાત્વ થશે. એ વિશિષ્ટસત્તાત્વેન વિશિષ્ટસત્તાનું અધિકરણ માત્ર દ્રવ્ય જ બનશે, ગુણ નહીં. તેથી ગુણમાં વિશિષ્ટસત્તાત્વેન વિશિષ્ટસત્તાનો અભાવ મળશે જે પ્રતિયોગી વ્યધિકરણ પણ છે. અને તાદેશ અધિકરણ ગુણમાં જાતિસ્વરૂપ હેતુ રહેતો હોવાથી લક્ષણ ઘટતું નથી. તેથી અતિવ્યાપ્તિ આવશે નહીં.

તેથી લક્ષણ થશે → 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न-साध्यतावच्छेदकधर्मावच्छिन्न - (साध्यनिष्ठ) प्रतियोगिताक - प्रतियोगितावच्छेदकसंबन्धावच्छिन्न-प्रतियोगितावच्छेदकधर्मावच्छिन्न-प्रतियोगिनिष्ठाधेयतानिरूपिताधिकरणतावद्भिन्नाधिकरणवृत्त्याभाव(प्रतियोगिव्यधिकरणाभाव = साध्याभाव) वन्निरूपितवृत्तितानिष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः'।

'હેતુતાવચ્છેદક સંબંધનો નિવેશ'

શંકા : વ્યાપ્તિનું આવું લક્ષણ કરવા છતાં પણ 'पर्वतो वह्निमान् धूमात्' આ સત્સ્થળમાં લક્ષણ ન ઘટવાથી અવ્યાપ્તિ દોષ આવશે. તે આ પ્રમાણે → આપણે સંયોગસંબંધથી વહ્નિત્વેન વહ્નિનો અભાવ લેવાનો છે, જે પ્રતિયોગિવ્યધિકરણ હોવો જોઈએ. આવા પ્રકારનો વહ્નિનનો અભાવ = સાધ્યાભાવ તો જલાદિમાં મળે છે અને ત્યાં કાલિકસંબંધથી ધૂમની પણ વૃત્તિ છે. (કારણ કે કાલિકસંબંધથી કોઈ પણ વસ્તુ કાલમાં તથા અનિત્યપદાર્થમાં રહે છે.) તેથી અવ્યાપ્તિ આવશે.

સમા. : આ અવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં જે હેતુનિષ્ઠ 'વૃત્તિતા' આપી છે, તેનું 'હેતુતાવચ્છેદકસંબંધાવચ્છિન્ન' વિશેષણ આપશું. અર્થાત્ હેતુતાવચ્છેદક સંબંધથી અવૃત્તિ લઈશું હેતુતાનો અવચ્છેદકસંબંધ એટલે શું? હેતુ જે સંબંધથી પક્ષમાં વિવક્ષિત છે તેને હેતુતાવચ્છેદક સંબંધ કહેવાય છે. પ્રકૃત અનુમાનમાં ધૂમ હેતુ પર્વતમાં સંયોગસંબંધથી વિવક્ષિત છે. તેથી હેતુતાવચ્છેદક સંબંધ સંયોગસંબંધ થશે. તાદેશ સંયોગસંબંધથી તો મીનાદિ, જલાદિમાં વૃત્તિ હોવાથી સંયોગસંબંધાવચ્છિન્નવૃત્તિતા મીનાદિમાં જ મળશે અને વૃત્તિતાનો અભાવ ધૂમમાં મળશે માટે અવ્યાપ્તિ આવશે નહીં.

તેથી લક્ષણ આ પ્રમાણે થશે→ 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न - साध्यतावच्छेदक-धर्मावच्छिन्न(साध्यनिष्ठ) प्रतियोगिताक(साध्याभाव) प्रतियोगितावच्छेदकसंबन्धावच्छिन्न-प्रतियोगितावच्छेदकधर्मावच्छिन्न - प्रतियोगिनिष्ठाधेयतानिरूपिताधिकरणतावद्भिन्नाधिकरण-

वृत्त्याभाव(प्रतियोगिव्यधिकरणसाध्याभाव)वन्निरूपितहेतुतावच्छेदकसंबन्धावच्छिन्नवृत्तिता निष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः।

'वृत्तितात्व धर्मनो प्रतियोगितामां निवेश'

शंका : आटलुं लक्षण करवा छतां पण 'पर्वतो धूमवान् वह्नेः' आ असत् स्थळमां लक्षण जवाथी अतिव्याप्ति आवशे.

ते आ प्रमाणे → संयोगसंबंधथी धूमत्वने धूमनो अभाव जलादिमां मळे छे. अने आ अभाव प्रतियोगिव्यधिकरण पण छे कारण के जलादिमां संयोगसंबंधथी प्रतियोगी स्वरूप धूम क्यांय पण रहेतो नथी. तादृश धूमाभावनुं अधिकरण जे जलादि छे, तेमां संयोगसंबंधथी मीनादिवृत्ति छे अने वृत्तितानो अभाव वह्निहेतुमां मळशे. तेथी अतिव्याप्ति आवशे.

समा. : अमे यत्किंचित् वृत्तितानो अभाव लईशुं नहीं. परंतु साध्याभावना जेटला अधिकरण छे तेनाथी निरूपित यावद् वृत्तितानो अभाव लईशुं. तेथी अतिव्याप्ति नहीं आवे. कहेवानो आशय एे छे के धूमाभावनुं अधिकरण जे जलादि छे, तादृश जलादि निरूपित नाना वृत्तितानो अभाव भले वह्निमां मळी जाय छे कारण के एे जलादिमां वह्नि तो रहेती नथी. परंतु धूमाभावनुं अधिकरण जे अयोगोलक छे, तन्निरूपित वृत्तिता वह्निमां मळे छे. आथी ज तादृश अधिकरण निरूपित यावद् वृत्तितानो अभाव वह्निरूप हेतुमां नहीं मळे कारण के एक अधिकरण एवा अयोगोलकमां तो वह्निस्वरूप हेतु संयोगसंबंधथी हाजर ज छे. आम वह्निस्वरूप हेतुमां यावद् वृत्तितानो अभाव न मळवाथी अतिव्याप्ति आवशे नहीं.

तेथी संपूर्ण लक्षण आ प्रमाणे थशे → 'साध्यतावच्छेदकसंबन्धावच्छिन्न-साध्यतावच्छेदकधर्मावच्छिन्न-(साध्यनिष्ठ)प्रतियोगिताक(साध्याभाव)प्रतियोगितावच्छेकद-संबन्धावच्छिन्न-प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिनिष्ठाधेयता-निरूपिताधिकरणतावद्भिन्ना-धिकरणवृत्त्यभाव(प्रतियोगिव्यधिकरणसाध्याभाव)वन्निरूपितहेतुतावच्छेदकसम्बन्धाव-च्छिन्नवृत्तितात्वावच्छिन्न-वृत्तितानिष्ठप्रतियोगिताकाभावो व्याप्तिः।'

(व्याप्तिपंचक नामना ग्रन्थमां पूर्वपक्षनी पांच व्याप्तिनो उल्लेख छे. प्रकृत व्याप्ति प्रथम व्याप्तिनो लघुपरिष्कार छे. आ व्याप्तिनो अधिक विस्तार व्याप्तिपंचकमां कर्यो छे.)

प्रकृत व्याप्तिने पूर्वपक्षव्याप्ति कहेवानो आशय एे छे के आ व्याप्ति 'घटः ज्ञेयः वाच्यत्वात्' एवा केवलान्वयिसाध्यक स्थळमां जती न होवाथी अव्याप्ति दोषवाळी छे. कारण के आ व्याप्ति साध्याभावथी घटित छे. ज्यारे केवलान्वयिसाध्यक स्थळमां तो 'ज्ञेयत्व' सर्वत्र विद्यमान होवाथी साध्याभाव मळतो नथी. माटे उत्तरपक्षनां रूपमां 'हेतुव्यापक- साध्यसामानाधिकरण्यम्' रूप सिद्धांतव्याप्तिनुं अनुसरण कर्युं छे.

नोंध : नव्यन्यायनी परंपरामां व्याप्तिपंचक, सिद्धांतलक्षण, जागदीशी, व्यधिकरण, चतुर्दशलक्षणव्याप्ति, सिंहव्याघ्रव्याप्ति वगेरे छे. एना उपर जागदीशी, गादाधरी, माथुरी वगेरे टीकाओ छे. एना उपर पण विवृत्ति, गंगा, गूढार्थतत्त्वालोक इत्यादि टीकाओ उपलब्ध छे. माटे व्याप्तिग्रन्थोमां

પ્રવેશ કરવા માટે છાત્રોએ ન્યાયબોધિનીમાં કહેલી વ્યાપ્તિનું સારી રીતે પરિશીલન કરવું જોઈએ. જેના કારણે આગળના ગ્રન્થોમાં પ્રવેશ સહેલાઈથી થઈ શકે.

(પ૦) यत्र यत्रेति। यत्र यत्र धूमस्तत्र तत्राग्निरिति व्याप्तेरभिनयः। तत्र साहचर्यनियम इति लक्षणम्। सह चरतीति सहचरस्तस्य भावः साहचर्यं, सामानाधिकरण्यमिति यावत्। तस्य नियमो व्याप्तिरित्यर्थः। स चाव्यभिचरितत्वम्। तच्च व्यभिचाराभावः। व्यभिचारश्च साध्याभाववद्वृत्तित्वम्। तथा च साध्याभाववदवृत्तित्वं व्याप्तिरिति पर्यवसन्नम्। 'महानसं वह्निमत्, धूमादि'त्यादौ साध्यो वह्निस्तदभाववान् जलह्रदादिस्तद्वृत्तित्वं नौकादाववृत्तित्वं प्रकृते हेतुभूते धूमे इति कृत्वा लक्षणसमन्वयः। 'धूमवान् वह्ने'रित्यादौ साध्यो धूमः, तदभाववदयोगोलकं, तद्वृत्तित्वमेव वह्न्यादाविति नातिव्याप्तिः॥

* પદકૃત્ય *

મૂલમાં 'यत्र यत्र धूमस्तत्र तत्राग्निः' જે છે, તે વ્યાપ્તિનો આકાર છે અને 'साहचर्यनियमः' જે છે, તે વ્યાપ્તિનું લક્ષણ છે. 'सह चरति' એટલે કે જે સાથે રહે તેને સહચર કહેવાય છે. સહચરના ભાવને સાહચર્ય કહેવાય છે. આ સાહચર્ય એ સામાનાધિકરણ્ય સ્વરૂપ છે. તે સાહચર્યનો જે નિયમ તે જ વ્યાપ્તિ છે. અને આ સાહચર્યનિયમ એ અવ્યભિચરિતત્વ સ્વરૂપ છે. તથા અવ્યભિચરિતત્વ એ વ્યભિચારાભાવ સ્વરૂપ છે.

હવે વ્યભિચારાભાવના જ્ઞાન માટે પહેલા વ્યભિચારનું જ્ઞાન જરૂરી છે. તેથી વ્યભિચારનું સ્વરૂપ છે 'साध्याभाववद्वृत्तित्वम्' અર્થાત્ 'સાધ્યાભાવના અધિકરણમાં હેતુનું રહેવું' અને 'साध्याभाववदवृत्तित्वम्' અર્થાત્ 'સાધ્યાભાવના અધિકરણમાં હેતુનું ન રહેવું' એ વ્યભિચારાભાવ = અવ્યભિચરિતત્વ = સાહચર્યનિયમ = વ્યાપ્તિનું લક્ષણ છે. એ પ્રમાણે ફલિત થયું.

વ્યાપ્તિનું આ લક્ષણ સત્સ્થળમાં ઘટવું જોઈએ અને અસત્સ્થળમાં ન ઘટવું જોઈએ. સત્સ્થળમાં ઘટે તો લક્ષણ સમન્વય થાય અને અસત્સ્થળમાં ન ઘટે તો વ્યપ્તિના લક્ષણમાં અતિવ્યાપ્તિ ન આવે. દા.ત. → 'महानसं वह्निमत् धूमात्' આ સ્થળ સત્ છે. તેથી લક્ષણ ઘટવું જોઈએ. અહીં સાધ્ય = વહ્નિ, સાધ્યાભાવ = વહ્નિનો અભાવ, સાધ્યાભાવવાળું = જલહ્રદાદિ, તદ્વૃત્તિત્વં = જલહ્રદનિરૂપિત વૃત્તિતા નૌકાદિમાં છે કારણ કે જલહ્રદાદિમાં નૌકાદિ વૃત્તિ છે. અને જલહ્રદનિરૂપિત વૃત્તિતાભાવ પ્રકૃતમાં આવેલા હેતુભૂત ધૂમમાં છે. તેથી લક્ષણ સમન્વય થાય છે. વળી 'धूमवान् वह्नेः' આ સ્થળ અસત્ છે તેથી લક્ષણ ઘટવું ન જોઈએ. અહીં સાધ્ય = ધૂમ, સાધ્યાભાવ = ધૂમાભાવ, સાધ્યાભાવવાન્ = અયોગોલક, તદ્વૃત્તિત્વં = અયોગોલક નિરૂપિત વૃત્તિતા જ હેતુ ભૂત વહ્નિમાં છે. કારણ કે અયોગોલકમાં વહ્નિ રહે છે. અવૃત્તિતા ન મળી. આમ વ્યાપ્તિનું લક્ષણ વહ્નિરૂપ અસદ્ હેતુમાં ન ઘટવાથી તેમાં અતિવ્યાપ્તિ નથી આવતી.

પક્ષધર્મતા

મૂલમ્ : व्याप्यस्य पर्वतादिवृत्तित्वं पक्षधर्मता॥

ધૂમાદિ વ્યાપ્યનું પર્વતાદિ પક્ષમાં જે રહેવું તેને પક્ષધર્મતા કહેવાય છે.

(प०) ननु ज्ञातेयं व्याप्तिः, 'पक्षधर्मताज्ञान' मित्यत्र का नाम पक्षधर्मता इत्यपेक्षमाणं प्रति तत्स्वरूपं निरूपयति-व्याप्यस्येति। व्याप्यो नाम व्याप्त्याश्रयः। स च धूमादिरेव, तस्य पर्वतादिवृत्तित्वं पक्षधर्मतेत्यर्थः॥

* પદકૃત્ય *

('वाक्यार्थज्ञानं प्रति पदार्थज्ञानं कारणम्' આ નિયમ પ્રમાણે પૂર્વે તમે 'व्याप्तिविशिष्टपक्षधर्मताज्ञानं परामर्शः' એવું જે પરામર્શનું લક્ષણ કર્યું હતું, એ પરામર્શના લક્ષણનું ત્યાં સુધી જ્ઞાન ન થઈ શકે જ્યાં સુધી વ્યાપ્તિ, પક્ષધર્મતા આ બન્ને પદોની પરિભાષા જણાવી ન હોય.) વ્યાપ્તિ તો પહેલા જણાવાઈ ગઈ છે. પરંતુ તદ્ઘટક 'પક્ષધર્મતા' કોને કહેવાય છે ? આ પ્રમાણેની જેને અપેક્ષા છે તેને, પક્ષધર્મતાના સ્વરૂપનું 'व्याप्यस्य पर्वतादिवृत्तिं पक्षधर्मता' આ પ્રમાણે કહેવા દ્વારા નિરૂપણ કરે છે.

વ્યાપ્તિના આશ્રયને વ્યાપ્ય કહેવાય છે અને તે ધૂમાદિ જ છે. તે ધૂમાદિનું પર્વતાદિ પક્ષમાં રહેવું તે પક્ષધર્મતા છે.

નોંધ :- પક્ષતા પક્ષમાં રહે છે અને પક્ષધર્મતા હેતુમાં રહે છે. તે આ રીતે → પક્ષ = પર્વત, પક્ષધર્મ = ધૂમ, કારણ કે ધૂમ પર્વતમાં રહેતો હોવાથી પક્ષનો ધર્મ થયો. માટે પક્ષધર્મતા ધૂમમાં રહે છે.

मूलम् : अनुमानं द्विविधं स्वार्थं परार्थं च ॥

અનુમાન બે પ્રકારે છે સ્વાર્થાનુમાન અને પરાર્થાનુમાન.

(न्या०) अनुमानं विभजते-स्वार्थमिति।

સ્પષ્ટ છે.

(प०) अथ कथमनुमानमनुमितिकरणं कथं वा तस्मादनुमितेर्जनिरिति जिज्ञासमानं प्रति लाघवादनुमानविभागमुखेनैव बुबोधयिषुरनुमानं विभजते-अनुमानमिति। द्वैविध्यं दर्शयति-स्वार्थं परार्थं चेति ।

* પદકૃત્ય *

'अनुमितिकरणं अनुमानम्' આ પ્રમાણે અનુમાનનું લક્ષણ હોવાથી હવે 'અનુમિતિનું કરણ અનુમાન કેવી રીતે થાય છે? અથવા અનુમાનથી અનુમિતિની ઉત્પત્તિ કેવી રીતે થાય છે? એવી જીજ્ઞાસા જેને છે તેવા શિષ્યની પ્રતિ લાઘવથી અનુમાનના વિભાગ દ્વારા જ બોધ કરાવવાની ઈચ્છાવાળા ગ્રન્થકાર અનુમાનનો વિભાગ કરે છે. 'अनुमानं द्विविधं....' ઈત્યાદિ ગ્રન્થથી.

વિશેષાર્થ :

શંકા : અનુમિતિની ઉત્પત્તિમાં અનુમાન કઈ રીતે કારણ બને છે ? એવી શિષ્યની

જીજ્ઞાસાને શાંત કર્યા વિના જ મૂલકારે સીધો 'अनुमानं द्विविधम्' આ ગ્રંથથી અનુમાનનો વિભાગ કેમ કર્યો?

સમા. : 'लाघवादनुमानविभाग....' શિષ્યની જીજ્ઞાસાને શાંત કરવા માટે અનુમિતિની ઉત્પત્તિમાં અનુમાન જે જે રીતે કારણ બનતું હોય તે બધા જ કારણોનું નિરૂપણ કરવું પડે અને ત્યાર પછી પણ અનુમાનનો વિભાગગ્રન્થ તો જણાવવો જ પડે, નહીં તો ન્યૂનતાની આપત્તિ આવે. આમ બે વાર અનુમાનનું નિરૂપણ કરવું પડે. તેથી મૂલકાર લાઘવથી અનુમાનના ભેદ દ્વારા જ શિષ્યની જીજ્ઞાસાને શાંત કરવા માટે અનુમાનનો વિભાગ કરે છે.

स्वार्थानुमान

मूलम् : स्वार्थं स्वानुमितिहेतुः। तथा हि-स्वयमेव भूयोदर्शनेन यत्र यत्र धूमस्तत्र तत्राग्निरिति महानसादौ व्याप्तिं गृहीत्वा पर्वतसमीपं गतस्तद्गते चाग्नौ संदिहानः पर्वते धूमं पश्यन् व्याप्तिं स्मरति-'यत्र यत्र धूमस्तत्राग्नि'रिति। तदनन्तरं 'वह्निव्याप्यधूमवानयं पर्वत' इति ज्ञानमुत्पद्यते। अयमेव लिङ्गपरामर्श इत्युच्यते। तस्मात् 'पर्वतो वह्निमानि'ति ज्ञानमनुमितिरुत्पद्यते। तदेतत्स्वार्थानुमानम् ॥

પોતાને જે અનુમિતિ કરવાની છે એમાં કારણભૂત અનુમાનને 'સ્વાર્થાનુમાન' કહેવાય છે. તે આ પ્રમાણે → કોઈક વ્યક્તિ સ્વયં જ મહાનસાદિમાં વારંવાર ધૂમ અને અગ્નિને સાથે જોયા પછી 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે' એ પ્રમાણે મહાનસાદિમાં વ્યાપ્તિને ગ્રહણ કરીને પર્વતની સમીપમાં ગયો. અને પર્વતમાં ધૂમને જોતા, પર્વતને વિષે રહેલી અગ્નિનો સંદેહ કરતો પૂર્વે મહાનસાદિમાં ગ્રહણ કરેલી 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં અગ્નિ છે' આ પ્રમાણેની વ્યાપ્તિનું સ્મરણ કરે છે. ત્યાર પછી તે વ્યક્તિને 'વહ્નિને વ્યાપ્ય જે ધૂમ છે, તે ધૂમવાળો આ પર્વત છે' એ પ્રમાણેનું જ્ઞાન થાય છે. આ જ લિંગપરામર્શ કહેવાય છે. તે લિંગપરામર્શથી 'પર્વત અગ્નિવાળો છે' એ પ્રમાણેનું અનુમિતિ સ્વરૂપ જ્ઞાન ઉત્પન્ન થાય છે. આમ પોતાને અનુમિતિ કરવામાં લિંગપરામર્શ રૂપ અનુમાન કારણ હોવાથી તે અનુમાનને સ્વાર્થાનુમાન કહેવાય છે.

(न्या०) स्वार्थानुमानं नाम न्यायाप्रयोज्यानुमानम् ।

* न्यायबोधिनी *

ન્યાય દ્વારા અપ્રયોજ્ય અનુમાનને સ્વાર્થાનુમાન કહેવાય છે. કહેવાનો આશય એ છે કે ન્યાય શબ્દના ઘણા અર્થ છે જેમ કે યુક્તિ, ગ્રંથવિશેષ, તર્ક, પંચાવયવવાક્ય ઇત્યાદિ. અહીં ન્યાય શબ્દથી પંચાવયવવાક્યને લેવાનું છે. જે અનુમાન ન્યાય = પંચાવયવવાક્ય દ્વારા પ્રયોજ્ય ન હોય અર્થાત્ જે અનુમાનની ઉત્પત્તિ પંચાવયવવાક્ય દ્વારા થઈ ન હોય, તે અનુમાનને સ્વાર્થાનુમાન કહેવાય છે. (સ્વાર્થાનુમાનમાં માનસિક ક્રિયા દ્વારા પોતાને જ બોધ કરાવવો એ

મુખ્ય પ્રયોજન હોવાથી પંચાવયવવાક્યની આવશ્યકતા રહેતી નથી. વાક્ય તો બીજાને બોધ કરાવવા માટે વપરાય છે.)

(પ૦) स्वस्यार्थः = प्रयोजनं यस्मात् तत्स्वार्थमिति समासः। स्वप्रयोजनं च स्वस्यानुमेयप्रतिपत्तिः। एवं परार्थमित्यस्यापि॥ अयमिति। व्याप्तिबलेन लीनमर्थं गमयतीति लिङ्गम्। तच्च धूमादि। तस्य परामर्शो ज्ञानविशेष इत्यर्थः॥ तस्मादिति। लिङ्गपरामर्शादित्यर्थः। स्वार्थानुमानमुपसंहरति - तदेतदिति। यस्मादिदं स्वप्रतिपत्तिहेतुस्तस्मादेतत्स्वार्थानुमानमित्यर्थः।

* પદકૃત્ય *

મૂલમાં જે 'स्वार्थ' પદ આપ્યું છે તેમાં આ પ્રમાણે બહુવ્રીહિ સમાસ થયો છે → स्वस्य = પોતાનું, अर्थ = પ્રયોજન છે જેનાથી તે સ્વાર્થાનુમાન છે. તો અહીં સ્વનું પ્રયોજન શું છે? 'પોતાને અનુમેય એવા વહ્ન્યાદિનું જ્ઞાન થાય' એ જ સ્વપ્રયોજન છે. સ્વાર્થાનુમાનમાં 'સ્વાર્થ' પદનો જે રીતે સમાસ કર્યો છે તેવી જ રીતે 'પરાર્થ' પદનો પણ સમજવો. અર્થાત્ બીજાનું પ્રયોજન છે જેનાથી તે પરાર્થાનુમાન કહેવાય છે. અહીં પરનું પ્રયોજન શું છે ? 'બીજાને અનુમેય એવા વહ્ન્યાદિનું જ્ઞાન થાય' તે છે.

अयमिति.... 'अयमेव लिङ्गपरामर्श इत्युच्यते' આવું જે મૂળમાં કહ્યું છે, તેમાં રહેલા 'લિંગપરામર્શ' પદનો અર્થ જણાવે છે → વ્યાપ્તિના બલથી પક્ષમાં લીન થયેલા = છુપાયેલા વહ્ન્યાદિ પદાર્થને જે જણાવે છે, તેને લિંગ કહેવાય છે. પ્રત્યક્ષ એવા ધૂમાદિ, પક્ષમાં અજ્ઞાત એવા વહ્ન્યાદિને જણાવે છે તેથી ધૂમાદિ લિંગસ્વરૂપ છે. તેનો પરામર્શ = લિંગનું જે જ્ઞાનવિશેષ તેને લિંગપરામર્શ કહેવાય છે.

तस्मादिति..... મૂલમાં જે 'तस्मात्' લખ્યું છે તેનો 'लिङ्गपरामर्शात्' એ પ્રમાણે અર્થ છે. તથા 'तदेतत्स्वार्थानुमानम्' આ પંક્તિ દ્વારા સ્વાર્થાનુમાનનો ઉપસંહાર કરે છે. અર્થાત્ 'જે કારણથી આ લિંગપરામર્શાત્મક અનુમાન સ્વાનુમિતિનું કારણ બને છે તે કારણથી આ લિંગપરામર્શાત્મક અનુમાનને સ્વાર્થાનુમાન કહેવાય છે.' એ પ્રમાણે અર્થ જાણવો.

પરાર્થાનુમાન

मूलम् : यत्तु स्वयं धूमादग्निमनुमाय परं प्रति बोधयितुं पञ्चावयववाक्यं प्रयुज्यते तत्परार्थानुमानम्। यथा पर्वतो वह्निमान्। धूमवत्त्वात्। यो यो धूमवान् स स वह्निमान् यथा महानसम्। तथा चायम्। तस्मात्तथेति। अनेन प्रतिपादिताल्लिङ्गात्परोऽप्यग्निं प्रतिपद्यते।

પોતે સ્વયં પર્વતમાં ધૂમથી અગ્નિનું અનુમાન કરીને બીજાને પર્વતમાં અગ્નિનું જ્ઞાન થાય તે માટે જે પંચાવયવવાક્યનો પ્રયોગ કરે છે તેને પરાર્થાનુમાન કહેવાય છે. પંચાવયવવાક્ય આ પ્રમાણે છે.....કોઈ બે વ્યક્તિ પર્વતની સમીપમાં ગયા છે. એમાંથી એક વ્યક્તિ

પર્વત ઉપર ધૂમ જોઈને બીજી વ્યક્તિને વહ્નિની અનુમિતિ કરાવવાના પ્રયોજનથી કહે છે કે (૧) પર્વત વહ્નિવાળો છે. (૨) કારણ કે પર્વત ઉપર ધૂમ દેખાય છે. (૩) 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે'. દા.ત. → મહાનસ (૪) तथा चायम् → तथा = જેમ મહાનસ વહ્નિને વ્યાપ્ય ધૂમવાળો છે તેમ अयम् = આ પર્વત પણ વહ્નિને વ્યાપ્ય ધૂમવાળો છે. (૫) तस्मात्तथा → तस्मात् = વહ્નિને વ્યાપ્ય ધૂમવાળો પર્વત હોવાથી तथा = પર્વત વહ્નિવાળો જ છે. આ પંચાવયવવાક્યથી જણાવાયેલા લિંગદ્વારા બીજી વ્યક્તિ પણ પર્વત ઉપર અગ્નિને સ્વીકારે છે.

(न्या०) न्यायप्रयोज्यानुमानं परार्थानुमानम्। न्यायत्वं च प्रतिज्ञाद्यवयवपञ्चकसमुदायत्वम्। अवयवत्वं च 'प्रतिज्ञाद्यन्यतमत्वम्॥

* न्यायबोधिनी *

न्याय द्वारा प्रयोज्य अनुमानને પરાર્થાનુમાન કહેવાય છે. ન્યાય કોને કહેવાય? પ્રતિજ્ઞાદિ પાંચ અવયવના સમુદાયને ન્યાય કહેવાય છે. અવયવ કોને કહેવાય? પ્રતિજ્ઞાદ્યન્યતમને અવયવ કહેવાય છે. આ 'પ્રતિજ્ઞાદ્યન્તમત્વ' એ પૂર્વે આપેલા દ્રવ્યાદ્યન્યતમત્વની જેમ જાણવું. (જુઓ પાના નં. ૧૧)

(प०) क्रमप्राप्तं परार्थानुमानमाह-यत्त्विति। यत्पञ्चावयववाक्यं प्रयुज्यते तत्परार्थानुमानमिति संबन्धः। पञ्चावयवेति। अथावयवत्वं नाम द्रव्यसमवायिकारणत्वम्, प्रतिज्ञादिषु तदसंभवात्कथमेतेऽवयवाः स्युरिति चेत्, अनुमानवाक्यैकदेशत्वात्तु अवयवा इत्युपचर्यत इति गृहाण। नन्वेवमपि पञ्चावयववाक्यस्यानुमानत्वमेव न विचारसहं, तस्य लिङ्गपरामर्शत्वाभावादिति चेन्मैवम्। लिङ्गपरामर्शप्रयोजकलिङ्गप्रतिपादकत्वेनानुमानमित्युपचारमात्रत्वात्। तदुदाहरति-यथेति। तथा चायमिति। अयं च पर्वतस्तथा वह्निव्याप्यधूमवानित्यर्थः। तस्मात्तथेति। वह्निव्याप्यधूमवत्त्वाद्वह्निमानित्यर्थः। अनेनेति। अनेन पञ्चावयववाक्येनेत्यर्थः॥

* પદકૃત્ય *

સ્વાર્થાનુમાનનું નિરૂપણ કર્યા પછી 'यत्तु....' ઈત્યાદિ ગ્રંથથી ક્રમપ્રાપ્ત પરાર્થાનુમાનનું નિરૂપણ કરે છે. ત્યાં 'यत्' પદનો અન્વય પંચાવયવવાક્યની સાથે કરવો. તેથી આવો અર્થ થશે → બીજાને બોધ કરાવવા માટે જે પંચાવયવવાક્યનો પ્રયોગ કરાય છે તે પરાર્થાનુમાન છે.

શંકા : દ્રવ્યના સમવાયિકારણને અવયવ કહેવાય છે અને એ સમવાયિકારણ તો દ્રવ્ય જ બને છે. પ્રતિજ્ઞાદિમાં આવું અવયવપણુ સંભવ નથી કારણ કે પ્રતિજ્ઞાદિ તો શબ્દાત્મક છે. તો પછી શા માટે એને અવયવ કહેવાય છે ?

સમા. : જેવી રીતે કપાલાદિ દ્રવ્ય ઘટાદિનો એકદેશ હોવાથી અવયવ કહેવાય છે તેવી જ રીતે 'પ્રતિજ્ઞાદિવાક્ય પણ પંચાવયવવાક્યનો એકદેશ હોવાથી અવયવ છે' એવો ઉપચાર કરાય છે. આ રીતે મુખ્ય અવયવત્વ ન હોવા છતાં પણ ઉપચરિત અવયવત્વ પ્રતિજ્ઞાદિમાં નિર્બાધિત છે.

શંકા : પંચાવયવવાક્યને તમે અનુમાન કેવી રીતે કહો છો ? કારણ કે અનુમિતિનું જે કરણ હોય તેને અનુમાન કહેવાય છે અને તે કરણ તો લિંગપરામર્શજ્ઞાન છે.

સમા. : તમારી વાત બરાબર છે. મુખ્યરૂપેણ તો લિંગપરામર્શજ્ઞાનને જ અનુમાન કહેવાય છે, પરંતુ પંચાવયવવાક્ય લિંગપરામર્શનું પ્રયોજક જે લિંગ છે તે લિંગનું પ્રતિપાદન કરતું હોવાથી ઉપચારથી પંચાવયવવાક્યને પણ પરાર્થાનુમાન કહ્યું છે. શેષ ઉક્તપ્રાયઃ છે.

પંચાવયવવાક્ય

मूलम् : प्रतिज्ञाहेतूदाहरणोपनयनिगमनानि पञ्चावयवाः॥ पर्वतो वह्निमानिति प्रतिज्ञा। धूमवत्त्वादिति हेतुः। यो यो धूमवान् स स वह्निमान् यथा महानसमित्युदाहरणम्। तथा चायमित्युपनयः। तस्मात्तथेति निगमनम्॥

પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન આ પંચાવયવ વાક્ય છે. એમાંથી 'पर्वतो वह्निमान् धूमात्' આ સ્થળની અપેક્ષા એ 'पर्वतो वह्निमान्' આ પ્રતિજ્ઞાવાક્ય છે, 'धूमवत्त्वात्' આ હેતુવાક્ય છે, 'यो यो धूमवान् स स वह्निमान् यथा महानसम्' આ ઉદાહરણવાક્ય છે, 'तथा चायम्' આ ઉપનયવાક્ય છે, 'तस्मात्तथा' આ નિગમનવાક્ય છે.

(પ૦) ननु 'पञ्चावयववाक्य' मित्यत्र के ते पञ्चावयवा अतस्तान्दर्शयति-प्रतिज्ञेति। प्रतिज्ञाद्यन्यतमत्वमवयवत्वम्। साध्यविशिष्टपक्षबोधकवचनं प्रतिज्ञा। पञ्चम्यन्तं तृतीयान्तं वा लिङ्गवचनं हेतुः। व्याप्तिप्रतिपादकदृष्टान्तवचनमुदाहरणम्। उदाहृतव्याप्तिविशिष्टत्वेन हेतोः पक्षधर्मताप्रतिपादकवचनमुपनयः। पक्षे साध्यस्याबाधितत्वप्रतिपादकवचनं निगमनम्। इदमेव लक्षणं हृदि निधाय प्रतिज्ञादीन्विशिष्य दर्शयति पर्वतो वह्निमानित्यादिना॥

* પદકૃત્ય *

'પંચાવયવવાક્ય'માં પંચાવયવ કયા છે? આવી શંકાના સમાધાનમાં 'प्रतिज्ञाहेतू...' ઇત્યાદિ કહેવા દ્વારા પંચાવયવને મૂલકાર જણાવે છે. પ્રતિજ્ઞાદિ પ્રત્યેકને અવયવ કહેવાય છે.

★ સાધ્યથી વિશિષ્ટ પક્ષને જણાવનારા વાક્યને પ્રતિજ્ઞા કહેવાય છે. (આશય એ છે કે પ્રતિજ્ઞાવાક્યમાં ભલે અબાધિત રીતે સાધ્યનો નિશ્ચય પક્ષમાં ન હોય પરંતુ સાધ્યનો સંબંધ પક્ષમાં સ્થાપિત કરાશે.) ★ પંચમી વિભક્તિના અંતવાળા અથવા તૃતીયા વિભક્તિના અંતવાળા લિંગ વચનને હેતુ કહેવાય છે. દા.ત. → 'पर्वतो वह्निमान् धूमात्' અહીં 'धूमात्' એ હેતુ છે કારણ કે એ 'धूम' પંચમ્યન્ત પણ છે અને વહ્નિનો અનુમાપક હોવાથી લિંગવચન

પણ છે. (માત્ર 'પંચમ્યન્તવાળો હોય તે હેતુ છે.' એટલું જ કહીએ, તો 'વૃક્ષાત્ પર્ણં પતતિ' અહીં વૃક્ષ પણ પંચમ્યન્તવાળો હોવાથી તેને પણ હેતુ કહેવો પડશે. અને માત્ર 'લિંગવચન'ને હેતુ કહો તો 'पर्वतो वह्निमान् धूमश्च' આ સમૂહાલંબન બોધકવાક્યમાં ધૂમ એ લિંગવચન = અનુમાપક હોવાથી ધૂમને પણ હેતુ કહેવાની આપત્તિ આવશે. માટે પંચમી અથવા તૃતીયા વિભક્તિના અંતવાળા લિંગ વચનને જ હેતુ કહેવાય છે.) ★ 'જ્યાં જ્યાં હેતુ છે ત્યાં ત્યાં સાધ્ય છે' આવી વ્યાપ્તિને જણાવનારા એવા દ્રષ્ટાંત વચનને ઉદાહરણ કહેવાય છે. ★ જેનું ઉદાહરણ અપાઈ ગયું છે એવી વ્યાપ્તિથી વિશિષ્ટ ધૂમાદિ હેતુના પક્ષની સાથે સંબંધને જણાવનારા વચનને ઉપનય કહેવાય છે. ★ પક્ષમાં સાધ્યના અબાધિતત્વને જણાવનારા વચનને નિગમન કહેવાય છે.

આ જ લક્ષણોને હૃદયમાં ધારણ કરીને મૂલકાર 'पर्वतो वह्निमान्' ઈત્યાદિ દ્વારા પ્રતિજ્ઞાદિને વિશેષે કરીને જણાવે છે.

નોંધ :- (૧) મીમાંસક અને વેદાન્તદર્શન નૈયાયિકની જેમ પંચાવયવ વાક્યો દ્વારા અનુમાનની પ્રક્રિયા માનતા નથી પરંતુ અંતિમના ત્રણ અવયવ દ્વારા જ અનુમાનની પ્રક્રિયાને સ્વીકારે છે. (૨) બૌદ્ધદર્શન વ્યાપ્તિ અને પક્ષધર્મતાને જણાવનારા એવા બે અવયવને જ સ્વીકારે છે. (૩) જૈનદર્શન પક્ષ અને હેતુવચન સ્વરૂપ બે અવયવને જ માને છે અને મંદમતિવાળા જીવોને સમજાવવા માટે અપેક્ષાથી પાંચ અવયવને પણ માને છે.

લિંગપરામર્શ

मूलम् : स्वार्थानुमितिपरार्थानुमित्योर्लिङ्गपरामर्श एव करणम्। तस्माल्लिङ्ग-परामर्शोऽनुमानम् ॥

સ્વાર્થાનુમિતિ અને પરાર્થાનુમિતિ એ બન્ને પ્રતિ લિંગપરામર્શ જ કરણ છે. તેથી લિંગપરામર્શને અનુમાન કહેવાય છે.

(प०) लिङ्गेति। 'ज्ञायमानं लिङ्गमनुमितिकरण'मिति वृद्धोक्तं न युक्तम्, 'इयं यज्ञशाला वह्निमती, अतीतधूमाद्' इत्यादौ लिङ्गाभावेऽप्यनुमितिदर्शनादित्यभिप्राय-वाँल्लिङ्गपरामर्श एव करणमित्याचष्टे लिङ्गपरामर्श एवेति। अनुमानमुपसंहरति-तस्मादिति। अनुमितिकरणत्वादित्यर्थः। अयमेव तृतीयज्ञानमित्युच्यते। तथा हि-महानसादौ धूमाग्न्योर्व्याप्तौ गृह्यमाणायां यद् धूमज्ञानं तदादिमम्। पक्षे यद् धूमज्ञानं तद् द्वितीयम्। अत्रैव वह्निव्याप्यत्वेन यद् धूमज्ञानं तत्तृतीयम्। इदमेव 'लिङ्गपरामर्श' इत्युच्यते। अनुमानमिति। 'व्यापारवत्कारणं करण'मितिमते व्याप्तिज्ञानमेवानुमानं, लिङ्गपरामर्शो व्यापार इत्यवसेयम् ।

* पदकृत्य *

प्राचीननैया. : પરામર્શાત્મકજ્ઞાનને અનુમિતિનું કરણ ન માનીને જ્ઞાયમાન = જણાતા

એવા લિંગને જ અનુમિતિનું કરણ માનવું જોઈએ કારણ કે જ્યાં જ્ઞાયમાન લિંગ = હેતુ સ્વરૂપ ધૂમાદિ હોય છે ત્યાં જ વહ્ન્યાદિની અનુમિતિ થાય છે. અન્યથા થતી નથી.

નવ્યનૈયા. : તમારી આ વાત ઉચિત નથી કારણ કે 'इयं यज्ञशाला वह्निमती (आसीत्) अतीतधूमात्' આ સ્થળમાં ધૂમ અવિદ્યમાન હોવા છતાં પણ યજ્ઞશાલામાં રહેલા ધૂમના ધબ્બા વગેરેને જોઈને 'આ યજ્ઞશાલા વહ્નિવાળી છે' એ પ્રમાણે વહ્નિનું અનુમિત્યાત્મક જ્ઞાન થઈ શકે છે. એવી જ રીતે ભાવી ધૂમ દ્વારા પણ ભાવી વહ્નિની અનુમિતિ થઈ શકે છે. માટે જ્ઞાયમાન લિંગને અનુમિતિનું કરણ ન માનતા લિંગપરામર્શ જ અનુમિતિ પ્રતિ કરણ છે.

'तस्मात्' એ પદ દ્વારા અનુમાનનો ઉપસંહાર કરે છે. મૂળમાં આપેલા तस्मात् પદનો 'અનુમિતિનું કરણ હોવાથી' એવો અર્થ કરવો. તેથી 'अनुमितिकरणत्वात् लिंगपरामर्शानुमानम्' આ પ્રમાણે પંક્તિ થશે. આ લિંગપરામર્શ જ તૃતીયજ્ઞાન કહેવાય છે. તે આ રીતે...(૧) મહાનસાદિ સ્થળોમાં વહ્નિ અને ધૂમની વચ્ચે વ્યાપ્તિ ગ્રહણ કરવાના સમયે પ્રથમવાર ધૂમનું જ્ઞાન થાય છે. (૨) ત્યાર પછી પર્વતાદિ પક્ષમાં 'धूमवान् पर्वतः' એવા પ્રકારનું બીજીવાર ધૂમનું જ્ઞાન થાય છે. (૩) અને ત્યાર પછી એ જ પર્વતમાં 'वह्निव्याप्यधूमवान् पर्वतः' એવા પ્રકારનું જે જ્ઞાન થાય છે તે તૃતીય ધૂમનું જ્ઞાન છે. આને જ લિંગપરામર્શ કહેવાય છે.

નૈયાયિકોમાં 'व्यापारवदसाधारणकारणम् करणम्' એવી કરણની પરિભાષા જેઓ માને છે તેમના મતે તો વ્યાપ્તિજ્ઞાન જ કરણ = અનુમાન કહેવાશે અને લિંગપરામર્શ વ્યાપાર કહેવાશે. અને असाधारणकारणम् करणम् એવી કરણની પરિભાષા જેઓ માને છે એમના મતે લિંગપરામર્શ જ અનુમિતિનું કરણ = અનુમાન કહેવાશે એ સમજવું જોઈએ.

અન્વયવ્યતિરેકી હેતુ

'લિંગપરામર્શ = હેતુજ્ઞાન જ અનુમિતિનું કરણ છે' તે જાણ્યું. હવે લિંગના પ્રકાર કેટલા છે તે જણાવે છે.

मूलम् : लिङ्गं त्रिविधम्-अन्वयव्यतिरेकि केवलान्वयि केवलव्यतिरेकि चेति। अन्वयेन व्यतिरेकेण च व्याप्तिमदन्वयव्यतिरेकि, यथा वह्नौ साध्ये धूमवत्त्वम्। यत्र धूमस्तत्राग्निर्यथा महानसमित्यन्वयव्याप्तिः। यत्र वह्निर्नास्ति तत्र धूमोऽपि नास्ति, यथा ह्रद इति व्यतिरेकव्याप्तिः॥

લિંગ ત્રણ પ્રકારના છે - અન્વયવ્યતિરેકી, કેવલાન્વયી અને કેવલવ્યતિરેકી. એમાંથી જે હેતુ અન્વયથી અને વ્યતિરેકથી વ્યાપ્તિવાળો હોય તે હેતુને અન્વય-વ્યતિરેકી કહેવાય છે. દા.ત. → વહ્નિ સાધ્ય હોય ત્યારે 'धूमवत्त्व = धूम' હેતુ અન્વય-વ્યતિરેકી કહેવાય છે. કારણ કે 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે જેમ કે મહાનસ' આવા આકારવાળી અન્વયવ્યાપ્તિવાળો પણ ધૂમ હેતુ છે અને 'જ્યાં જ્યાં વહ્નિ નથી ત્યાં ત્યાં ધૂમ પણ નથી જેમ કે હ્રદ' આવા આકારવાળી વ્યતિરેકવ્યાપ્તિવાળો પણ ધૂમ હેતુ છે.

(न्या०) अन्वयेनेति। व्यापकसामानाधिकरण्यरूपव्याप्तिमानित्यर्थः। व्यतिरेकेणेति। व्यतिरेको नामाभावः। तथा च साध्याभावहेत्वभावयोर्व्याप्तिर्व्यतिरेकव्याप्तिः। इयं च व्याप्तिः - 'यत्र यत्र वह्न्यभावस्तत्र तत्र धूमाभाव' इति। यत्र पदवीप्सया वह्न्यभाववति यावति धूमाभावग्रहणे यावत्पदस्य व्यापकत्वपरतया धूमाभावे वह्न्यभावव्यापकत्वं लभ्यते। एवं च वह्न्यभावनिष्ठव्याप्तेः स्वाश्रयीभूतवह्न्यभावव्यापकीभूताभावप्रतियोगित्वसंबन्धेन धूमनिष्ठतया व्यतिरेकव्याप्तिमत्त्वेन (धूमवत्त्वं) व्यतिरेकित्वेन धूमव्यापकवह्निसामानाधिकरण्यरूपान्वयव्याप्तिमत्त्वेनान्वयित्वेन च गीयते। व्यतिरेकपरामर्शस्तु 'वह्न्यभावव्यापकीभूताभावप्रतियोगिधूमवान्पर्वत' इत्याकारकः॥

* ન્યાયબોધિની *

अन्वयेनेति ..... लभ्यते ।

શંકા : 'पर्वतो वह्निमान् धूमात्' આ સ્થળમાં ધૂમહેતુ અન્વય-વ્યતિરેક એમ ઉભયવ્યાપ્તિવાળો કહ્યો, તો એ અન્વયવ્યાપ્તિ ધૂમ હેતુમાં કેવી રીતે ઘટશે?

સમા. : મૂલમાં આપેલા 'अन्वयेन व्याप्तिमद्' પદનો અર્થ 'हेतुव्यापकसाध्यसामानाधिकरण्यरूपव्याप्तिमान्' છે. દા.ત.→ ધૂમનો વ્યાપક જે વહ્નિ છે, એ વહ્નિનો સમાનાધિકરણ ધૂમ હોવાથી અર્થાત્ વહ્નિની સાથે એક જ અધિકરણમાં ધૂમ રહેતો હોવાથી 'ધૂમ' હેતુ વ્યાપક - સામાનાધિકરણ્યરૂપ અન્વયવ્યાપ્તિવાળો થયો.

વ્યતિરેકનો શાબ્દિક અર્થ અભાવ થાય છે. સાધ્યાભાવ અને હેત્વાભાવની વ્યાપ્તિને વ્યતિરેકવ્યાપ્તિ કહેવાય છે. આ વ્યતિરેકવ્યાપ્તિ 'पर्वतो वह्निमान् धूमात्' આ સ્થળની અપેક્ષાએ 'यत्र यत्र वह्न्यभाव तत्र तत्र धूमाभाव' એ પ્રમાણે થશે. અહીં 'यत्र' પદની વીપ્સા (=દ્વિરુચ્ચારણ) હોવાથી યાવત્ વહ્ન્યભાવના અધિકરણમાં ધૂમાભાવનું ગ્રહણ થઈ જાય છે. અને 'यावत्' પદ વ્યાપકતાનો સૂચક હોવાથી ધૂમાભાવ વહ્ન્યભાવનો વ્યાપક છે એવું જણાય છે.

एवं च..... गीयते ।

શંકા : 'वह्निमान् धूमात्' આ અનુમાનમાં ઉક્ત વ્યતિરેકવ્યાપ્તિમાં જો ધૂમાભાવ વ્યાપક છે તો વહ્ન્યભાવ વ્યાપ્ય થયો. અને વ્યાપ્યનો અર્થ છે - વ્યાપ્તિનો જે આશ્રય હોય તે. આ રીતે તો વ્યતિરેકવ્યાપ્તિ સાધ્યાભાવમાં વૃત્તિ થઈ, તો પછી ધૂમને વ્યતિરેકી = વ્યતિરેકવ્યાપ્તિવાળો કેવી રીતે કહેવાશે?

સમા. : 'स्वाश्रयत्व' સંબંધથી ભલે તાદૃશ વ્યાપ્તિ વહ્ન્યભાવમાં રહે પરંતુ 'स्वाश्रयव्यापकीभूताभावप्रतियोगित्वात्मक' પરંપરા સંબંધથી તે વ્યતિરેકવ્યાપ્તિ ધૂમમાં જ રહેશે. તે આ રીતે → स्व = વ્યાપ્તિ, એનો આશ્રય = વહ્ન્યભાવ, એનો વ્યાપક = ધૂમાભાવ, એનો પ્રતિયોગી ધૂમ, તાદૃશ પ્રતિયોગિત્વ ધૂમમાં. આ રીતે ધૂમને વ્યતિરેકવ્યાપ્તિવાળો = વ્યતિરેકી કહેવાશે. કહેવાનો આશય એ છે કે 'स्वामित्व' સંબંધથી ધન શ્રેષ્ઠીની સાથે સંબદ્ધ

હોવા છતાં પણ 'स्वस्वामिजन्यत्वात्मक' પરંપરા સંબંધથી તાદૃશ ધનનું વૈશિષ્ટ્ય શ્રેષ્ઠી પુત્રમાં જેવી રીતે હોય છે તેવી જ રીતે વ્યતિરેકવ્યાપ્તિ પરંપરા સંબંધથી ધૂમમાં કહેવાય છે. અને પૂર્વે કહ્યા મુજબ ધૂમના વ્યાપક એવા વહ્નિનો સમાનાધિકરણ ધૂમ હોવાથી ધૂમ અન્વયવ્યાપ્તિવાળો પણ કહેવાય છે.

व्यतिरेक..... इत्याकारकः। પરામર્શજ્ઞાન જો કે વ્યાપ્તિથી ઘટિત હોય છે માટે વ્યાપ્તિ જો ભિન્ન હોય તો પરામર્શનો આકાર પણ ભિન્ન થઈ જાય છે. વ્યતિરેક પરામર્શનું સ્વરૂપ આ પ્રમાણે છે → 'वह्न्यभावव्यापकीभूताभावप्रतियोगिधूमवान्पर्वतः' અર્થાત્ 'વહ્ન્યભાવનો વ્યાપકીભૂતાભાવ જે ધૂમાભાવ છે તેનો પ્રતિયોગી જે ધૂમ છે તે ધૂમવાળો આ પર્વત છે' આ રીતે થશે. (તથા 'धूमव्यापकवह्निसामानाधिकरण्यविशिष्टधूमवान् पर्वतः') આ અન્વયવ્યાપ્તિથી ઘટિત પરામર્શનું સ્વરૂપ થશે.)

(પ૦) अन्वयव्यतिरेकिणो लक्षणमाह-अन्वयेति। तृतीयायाः प्रयोज्यत्वमर्थः। साध्यसाधनयोः साहचर्यमन्वयः। तदभावयोः साहचर्यं व्यतिरेकः। तथा चान्वयप्रयोज्य-व्याप्तिमद्व्यतिरेकप्रयोज्यव्याप्तिमदन्वयव्यतिरेकीत्यर्थः। केवलव्यतिरेकिण्यतिव्याप्ति-वारणाय अन्वयेनेति। केवलान्वयिनि व्यभिचारवारणाय व्यतिरेकेणेति। तथा चान्वयव्या-प्तिरुपदर्शितैव। व्यतिरेकव्याप्तिश्च साध्याभावव्यापकीभूताभावप्रतियोगित्वमित्यर्थः। तदुक्तं - ''व्याप्यव्यापकभावो हि भावयोर्यादृगिष्यते। तयोरभावयोस्तस्माद्विपरीतः प्रतीयते॥ अन्वये साधनं व्याप्यं साध्यं व्यापकमिष्यते। साध्याभावोऽन्यथा व्याप्यो व्यापकः साधनात्ययः॥'' इति ॥

---

* પદકૃત્ય *

अन्वयव्यतिरेकिणो..... व्यतिरेकेणेति। 'अन्वयेन व्यतिरेकेण च...' ઇત્યાદિ દ્વારા અન્વયવ્યતિરેકી હેતુનું લક્ષણ કરે છે. હેતુના આ લક્ષણમાં 'अन्वयेन' અને 'व्यतिरेकेण' માં જે તૃતીયા વિભક્તિ છે તેનો અર્થ પ્રયોજ્યતા છે. સાધ્ય અને સાધનના સાહચર્યને 'અન્વય' કહેવાય છે. સાધ્યાભાવ અને સાધનાભાવના સાહચર્યને 'વ્યતિરેક' કહેવાય છે. તાદૃશ અન્વય અને વ્યતિરેક પ્રયોજ્ય વ્યાપ્તિવાળાને અન્વયવ્યતિરેકી હેતુ કહેવાય છે. કહેવાનો આશય એ છે કે 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વહ્નિ છે' એવો અન્વય બતાવવા દ્વારા ધૂમ અન્વયી કહેવાય છે. અને 'જ્યાં જ્યાં વહ્ન્યભાવ છે ત્યાં ત્યાં ધૂમાભાવ છે' એવો વ્યતિરેક બતાવવા દ્વારા ધૂમ વ્યતિરેકી કહેવાય છે. આ રીતે ધૂમ 'અન્વયવ્યતિરેકી' હેતુ થયો.

★ હવે જો માત્ર 'વ્યતિરેકવ્યાપ્તિવાળો હેતુ અન્વયવ્યતિરેકી છે' એટલું જ કહીએ તો 'पृथिवी इतरभेदवती गन्धवत्त्वात्' અહીં 'गन्धवत्त्व' હેતુ કેવલ વ્યતિરેકવ્યાપ્તિવાળો હોવાથી કેવલવ્યતિરેકી એવા 'गन्धवत्त्व' હેતુમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'अन्वयेन' પદના

નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે 'गन्धवत्त्व' હેતુ અન્વયવ્યાપ્તિવાળો નથી.

★ 'घटः ज्ञेयः वाच्यत्वात्' આ સ્થળમાં 'वाच्यत्व' સ્વરૂપ કેવલાન્વયી હેતુમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'व्यतिरेकेण' પદનો નિવેશ છે. તાદૃશ પદ આપવાથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રકૃત અનુમાનમાં 'वाच्यत्व' હેતુ વ્યતિરેકી નથી.

तथा चान्वयव्याप्ति..... साधनात्यय । અન્વયવ્યાપ્તિ તો જણાવી જ દીધી છે. અને વ્યતિરેકવ્યાપ્તિ 'साध्याभावव्यापकीभूताभावप्रतियोगित्व' સ્વરૂપ છે. દા.ત.→ वह्निमान् धूमात् માં સાધ્યાભાવ = વહ્ન્યભાવ, એનો વ્યાપકીભૂત અભાવ = ધૂમાભાવ અને એનો પ્રતિયોગી ધૂમ, પ્રતિયોગિત્વ ધૂમમાં. કહેવાયું છે કે ભાવપદાર્થ એવા સાધ્ય અને હેતુમાં જેવા પ્રકારનો વ્યાપ્યવ્યાપકભાવ જણાય છે, તેના અભાવમાં વિરુદ્ધ રીતે વ્યાપ્યવ્યાપકભાવ જણાય છે. અન્વયવ્યાપ્તિ જણાવતી વખતે હેતુ વ્યાપ્ય હોય છે અને સાધ્ય વ્યાપક હોય છે પરંતુ વ્યતિરેકવ્યાપ્તિ જણાવતી વખતે સાધ્યાભાવ વ્યાપ્ય હોય છે અને હેત્વાભાવ વ્યાપક હોય છે. દા.ત. →'पर्वतो वह्निमान् धूमात्' આ સ્થળે અન્વયમાં હેતુ ધૂમ વ્યાપ્ય છે અને સાધ્ય વહ્નિ વ્યાપક છે. વ્યાપ્યનો પૂર્વ પ્રયોગ થતો હોવાથી 'यत्र यत्र धूमस्तत्र तत्र वह्निः' આ રીતે વ્યાપ્તિ થશે. અને વ્યતિરેકમાં સાધ્યાભાવ = વહ્ન્યભાવ વ્યાપ્ય છે અને હેત્વાભાવ = ધૂમાભાવ વ્યાપક છે. તેથી 'यत्र यत्र वह्न्यभावस्तत्र तत्र धूमाभावः' આ રીતે વ્યાપ્તિ થશે.

કેવલાન્વયી હેતુ

मूलम् : अन्वयमात्रव्याप्तिकं केवलान्वयि। यथा घटोऽभिधेयः प्रमेयत्वात्पटवत्। अत्र प्रमेयत्वाभिधेयत्वयोर्व्यतिरेकव्याप्तिर्नास्ति सर्वस्यापि प्रमेयत्वादभिधेयत्वाच्च ॥

માત્ર અન્વયવ્યાપ્તિથી યુક્ત એવા હેતુને કેવલાન્વયી કહેવાય છે. દા.ત. →'घटोऽभिधेयः प्रमेयत्वात् पटवत्' અહીં 'જ્યાં જ્યાં પ્રમેયત્વ છે ત્યાં ત્યાં અભિધેયત્વ છે' આ પ્રમાણેની અન્વયવ્યાપ્તિ જ મળે છે. પરંતુ 'જ્યાં જ્યાં અભિધેયત્વનો અભાવ છે ત્યાં ત્યાં પ્રમેયત્વનો અભાવ છે' આ પ્રમાણેની વ્યતિરેકવ્યાપ્તિ નથી મળતી. કારણ કે સર્વે પદાર્થો પ્રમેય = જ્ઞાનના વિષય છે અને અભિધેય = કહેવા યોગ્ય છે. આમ, 'प्रमेयत्व' હેતુમાં માત્ર અન્વયવ્યાપ્તિ જ ઘટતી હોવાથી 'प्रमेयत्व' હેતુ કેવલાન્વયી છે.

(न्या०) केवलान्वयिनो लक्षणमाह-अन्वयेति। केवलान्वयिसाध्यकत्वं हेतोः केवलान्वयित्वम्। साध्ये केवलान्वयित्वं चात्यन्ताभावाप्रतियोगित्वम्। तथा च अभावाप्रतियोगिसाध्यकत्वं केवलान्वयिहेतोर्लक्षणम्। एतच्च लक्षणं हेतोर्व्यतिरेकित्वेऽपि संगच्छते। साध्यस्य केवलान्वयित्वादेव व्यतिरेकव्याप्तेरभावात् 'अन्वयमात्रव्याप्तिकं केवलान्वयी'ति मूलकारोक्तं लक्षणमुपपन्नम्। न चात्यन्ताभावाप्रतियोगित्वरूपकेवलान्वयित्वमाकाशाभावे संयोगाभावे चाव्याप्तमिति वाच्यम्। स्वविरोधिवृत्तिमद-

त्यन्ताभावाप्रतियोगित्वस्यैव तदर्थत्वात्, एकजातीयसंबन्धेन सर्वत्र विद्यमानत्वं केवलान्वयित्वमिति नव्याः॥

* ન્યાયબોધિની *

केवलान्वयिनो..... संगच्छते । કેવલાન્વયી હેતુનું લક્ષણ કરે છે 'અન્વયમાત્ર...' ઇત્યાદિ દ્વારા. જે હેતુનું સાધ્ય કેવલાન્વયી હોય છે તે હેતુને કેવલાન્વયી કહેવાય છે. કેવલાન્વયી સાધ્ય કોને કહેવાય? જે સાધ્ય અત્યંતાભાવનો અપ્રતિયોગી હોય છે તે સાધ્યને કેવલાન્વયી કહેવાય છે. આમ 'અત્યંતાભાવનું અપ્રતિયોગી એવું સાધ્ય છે જેનું, તે હેતુને કેવલાન્વયી કહેવાય છે.' કેવલાન્વયી હેતુનું આ લક્ષણ વ્યતિરેકી એવા હેતુમાં પણ ગતિ કરશે. અર્થાત્ જે હેતુ કેવલાન્વયી (= અત્યંતાભાવનો અપ્રતિયોગી) ન પણ હોય છતાં તે હેતુ કેવલાન્વયી કહેવાશે. દા.ત.→ 'ઘટોઽભિધેયો ઘટત્વાત્' આ સ્થળમાં 'ઘટત્વ' હેતુ વ્યતિરેકી (=અત્યંતાભાવનો પ્રતિયોગી) હોવા છતાં પણ કેવલાન્વયી છે કારણ કે 'ઘટત્વ' હેતુનું સાધ્ય 'અભિધેયત્વ' કેવલાન્વયી છે.

साध्यस्य..... लक्षणमुपपन्नम् ।

શંકા : મૂળકારે 'માત્ર અન્વયવ્યાપ્તિથી યુક્ત હેતુને કેવલાન્વયી' કહ્યો છે અને ન્યાયબોધિનીકારે 'જે હેતુનો સાધ્ય કેવલાન્વયી હોય તે હેતુને કેવલાન્વયી' કહ્યો છે. આવી વિસંગતિ કેમ?

સમા. : 'साध्यस्य केवलान्वयित्वादेव... लक्षणमुपपन्नम्'। 'घटोऽभिधेयो घटत्वात्' આ સ્થળે 'અભિધેયત્વ' સાધ્ય કેવલાન્વયી હોવાથી અર્થાત્ 'અભિધેયત્વ' સાધ્યનો અભાવ મળતો ન હોવાથી 'જ્યાં જ્યાં અભિધેયત્વનો અભાવ છે ત્યાં ત્યાં ઘટત્વનો અભાવ છે' એ પ્રમાણેની વ્યતિરેકવ્યાપ્તિ નહીં મળે. પરંતુ 'જ્યાં જ્યાં ઘટત્વ છે ત્યાં ત્યાં અભિધેયત્વ છે' એ પ્રમાણેની માત્ર અન્વયવ્યાપ્તિ જ મળશે. અને આ અન્વયવ્યાપ્તિથી યુક્ત 'ઘટત્વ' હેતુ કેવલાન્વયી કહેવાશે. આમ 'अन्वयमात्रव्याप्तिकं केवलान्वयि' આ મૂલકારવડે કહેવાયેલું લક્ષણ પણ સંગત બને છે.

શંકા : 'अत्यन्ताभावाऽप्रतियोगित्वं केवलान्वयित्वम्' આ લક્ષણ જ્ઞેયત્વ, વાચ્યત્વ વગેરેમાં ઘટી જાય છે કારણ કે જ્ઞેયત્વ વગેરે બધી જ જગ્યાએ વિદ્યમાન હોવાથી અભાવ પદથી ઘટાદિ અભાવનું ગ્રહણ થશે અને તાદૃશ અભાવનો પ્રતિયોગી ઘટાદિ થશે અને અપ્રતિયોગી જ્ઞેયત્વાદિ થશે. આ રીતે લક્ષણ સમન્વય થઈ જશે, છતાં પણ સંયોગાભાવ અને ગગનાભાવ જે કેવલાન્વયી પદાર્થ છે, એમાં લક્ષણ જશે નહીં. કારણ કે સંયોગાભાવનો અભાવ (= સંયોગ) અને ગગનાભાવનો અભાવ (= ગગન) ઉપલબ્ધ હોવાથી તાદૃશ સંયોગ અને ગગન સ્વરૂપ અભાવના પ્રતિયોગી સંયોગાભાવ અને ગગનાભાવ થશે. અત્યન્તાભાવના અપ્રતિયોગી નહીં બને. તેથી કેવલાન્વયીનું લક્ષણ અવ્યાપ્તિથી ગ્રસ્ત થઈ જશે.

સમા. : લક્ષણઘટક અભાવમાં અમે 'स्वविरोधि-वृत्तिमद्' આવું વિશેષણ આપી દઈશું, જેથી અવ્યાપ્તિ નહીં આવે. અર્થાત્ લક્ષણમાં 'स्वविरोधि' પદના નિવેશથી સંયોગાભાવમાં આવતી અવ્યાપ્તિ દૂર થાય છે અને 'वृत्तिमान्' પદના નિવેશથી આકાશભાવમાં આવતી અવ્યાપ્તિ દૂર થાય છે. તે આ પ્રમાણે.....

★ લક્ષણઘટક 'स्वविरोधि-अभाव' પદથી સંયોગાભાવાભાવને (= સંયોગને) ગ્રહણ નહીં કરી શકાય કારણ કે સંયોગાત્મક જે અભાવ છે તે સંયોગાભાવસ્વરૂપ પ્રતિયોગીનો વિરોધી નથી. સંયોગાભાવ અને સંયોગ બન્ને એક જ અધિકરણમાં વિદ્યમાન છે.

★ એવી જ રીતે લક્ષણઘટક 'वृत्तिमदभाव' પદથી ગગનાભાવાભાવને (= ગગનને) પણ ગ્રહણ નહીં કરી શકાય કારણ કે ગગન વિભુ હોવાથી ગગનમાં ઘટાદિ વસ્તુ રહે છે પરંતુ ગગન પોતે ઘટાદિમાં રહેતો નથી. આથી જ ગગન वृत्तिमद् નથી.

આ રીતે લક્ષણઘટક 'स्वविरोधिवृत्तिमद्' અભાવ પદ દ્વારા ગગન અને સંયોગસ્વરૂપ અભાવ ગ્રહણ નથી થતા પરંતુ ઉદાસીન ઘટાદ્યભાવ જ ગ્રહણ થાય છે, એનો પ્રતિયોગી ઘટાદિ અને અપ્રતિયોગી સંયોગાભાવ અને ગગનાભાવ. આ રીતે અવ્યાપ્તિનું વારણ સમજવું.

નવીન નૈયાયિકોના મતમાં તો 'એકજાતીય સંબંધથી' જે સર્વત્ર રહે તે કેવલાન્વયી છે. દા.ત. → વાચ્યત્વાદિ ધર્મ સ્વરૂપસંબંધથી સર્વત્ર વિદ્યમાન રહેવાથી તે કેવલાન્વયી કહેવાશે. (જાતિ ઈતર ધર્મોનો સ્વરૂપસંબંધ મનાય છે.) એવી જ રીતે ગગનાભાવ અને સંયોગાભાવ પણ અભાવીયવિશેષણતાત્મક સ્વરૂપસંબંધથી સર્વત્ર વિદ્યમાન હોવાથી કેવલાન્વયી કહેવાશે.

નોંધ : વાચ્યતાદિ ધર્મો જાતિથી ઈતર ધર્મ છે. કારણ કે વાચ્ય = પદજન્યજ્ઞાનનો વિષય, વાચ્યતા = પદજન્યજ્ઞાનીય વિષયતા. આ વિષયતા જ્ઞાનને સાપેક્ષ છે અને જે સાપેક્ષ ધર્મો હોય તે જાતિથી ઈતર ધર્મ કહેવાય.

શંકા : આકાશાભાવ અને સંયોગાભાવ કેવલાન્વયી પદાર્થ કેવી રીતે છે તે તો કહો?

સમા. : આકાશ ક્યાંય રહેતું ન હોવાથી વૃત્તિત્વની અપેક્ષાએ આકાશનો અભાવ સર્વત્ર મળશે તેથી આકાશાભાવ કેવલાન્વયી પદાર્થ છે. અને સંયોગ એ ગુણ છે તેથી દ્રવ્યને છોડીને બીજે ક્યાંય રહેશે નહીં. તેથી સંયોગાભાવ ગુણાદિ છ પદાર્થમાં તો મળશે. અને દ્રવ્યમાં પણ સંયોગાભાવ મળશે કારણ કે સંયોગ એ અવ્યાપ્યવૃત્તિ ગુણ છે. દા.ત.→ વૃક્ષસ્વરૂપ એક અધિકરણમાં ડાળી પર કપિનો સંયોગ છે અને થડની સાથે કપિનો સંયોગ નથી. આમ દ્રવ્ય, ગુણાદિ સાતેય પદાર્થમાં કપિસંયોગાભાવ મળવાથી કપિસંયોગાભાવ કેવલાન્વયી પદાર્થ છે.

(પ૦) केवलान्वयिनो लक्षणमाह-अन्वयेति। अन्वयेनैव व्याप्तिर्यस्मिन् स तथा। प्रमेयत्वाभिधेयत्वयोर्व्यतिरेकव्याप्तिं निराकरोति अत्रेति। अभिधेयत्वसाध्यकानुमान इत्यर्थः। ननु कुतस्तन्निषेधोऽतस्तत्र हेतुमाह-सर्वस्येति। पदार्थमात्रस्येत्यर्थः। तथा च सकलपदाभिधेयत्वस्येश्वरप्रमाविषयत्वस्य चात्यन्ताभावाप्रतियोगित्वरूपकेवलान्वयित्वेन तदभावाप्रसिद्ध्या तद्घटितव्यतिरेकव्याप्ति र्न संभवत्येवेति भावः॥

---

* પદકૃત્ય *

કેવલાન્વયીનું લક્ષણ કરે છે 'अन्वयमात्र...' ઈત્યાદિ પદદ્વારા. અન્વયથી જ જેમાં વ્યાપ્તિ છે તે અન્વયમાત્રવ્યાપ્તિક = કેવલાન્વયી કહેવાય છે. મૂલસ્થ 'अत्र '= અભિધેયત્વ સાધ્ય છે જ્યાં તે'घटोऽभिधेयः प्रमेयत्वात्' આ અનુમાનમાં, પ્રમેયત્વ તથા અભિધેયત્વની વ્યતિરેકવ્યાપ્તિનું નિરાકરણ કરે છે.

શંકા : પ્રમેયત્વાભિધેયત્વમાં વ્યતિરેકવ્યાપ્તિનો નિષેધ શા માટે કર્યો?

સમા. : सर्वस्यापि...અર્થાત્ દરેક પદાર્થ અભિધેય = પદવાચ્ય અને પ્રમેય = જ્ઞાનવિષય હોવાથી ક્યાંય પ્રમેયત્વ, અભિધેયત્વનો અભાવ મળતો નથી તેથી તે અત્યન્તાભાવના અપ્રતિયોગી બન્યા અને તેના કારણે પ્રમેયત્વાભાવ તથા અભિધેયત્વાભાવ ઘટિત વ્યતિરેકવ્યાપ્તિ સંભવતિ નથી.

કેવલવ્યતિરેકી હેતુ

मूलम् : व्यतिरेकमात्रव्याप्तिकं केवलव्यतिरेकि। यथा पृथिवीतरेभ्यो भिद्यते गन्धवत्त्वात्। यदितरेभ्यो न भिद्यते न तद् गन्धवत्। यथा जलम्। न चेयं तथा। तस्मान्न तथेति। अत्र यद् गन्धवत् तदितरभिन्नमित्यन्वयदृष्टान्तो नास्ति। पृथिवीमात्रस्य पक्षत्वात्।

જેમાં માત્ર વ્યતિરેકવ્યાપ્તિ જ હોય એવા હેતુને કેવલવ્યતિરેકી કહેવાય છે. દા.ત. → 'पृथिवी, इतरेभ्यो भिद्यते, गन्धवत्त्वात्'. અહીં 'यत्र यत्र स्वेतरभेदाभावः तत्र तत्र गन्धाभावः' यथा जलम्, આ પ્રમાણે માત્ર વ્યતિરેકવ્યાપ્તિ જ મળે છે. પરંતુ 'यत्र यत्र गन्धः तत्र तत्र स्वेतरभेदः' આ પ્રમાણેની અન્વયવ્યાપ્તિ મળતી નથી કારણ કે સકલ પૃથિવી 'પક્ષ' તરીકે હોવાથી પક્ષથી ભિન્ન અન્વયદ્રષ્ટાંત જ નથી. આમ અન્વયવ્યાપ્તિ સૂચક દ્રષ્ટાંત મળતું ન હોવાથી અહીં અન્વયવ્યાપ્તિનો અભાવ છે. न चेयं तथा → આ ઉપનયવાક્ય છે. અને तस्मान्न तथा → આ નિગમનવાક્ય છે. (જે મૂલની ન્યાયબોધિનીમાં સમજાવ્યું છે.)

(न्या०) केवलव्यतिरेकिणो लक्षणमाह-व्यतिरेकेति। अन्वयव्याप्तिशून्यत्वे सति व्यतिरेकव्याप्तिमत्त्वं केवलव्यतिरेकित्वम्। यथा पृथिवीति। अत्र पृथिवीत्वावच्छिन्नं पक्षः। पृथिवीतरजलाद्यष्टभेदः साध्यः। गन्धवत्त्वं हेतुः। अत्र यद् गन्धवत्तदितरभेदवदित्यन्वयदृष्टान्ताभावाद् गन्धव्यापकेतरभेदसामानाधिकरण्यरूपान्वयव्याप्तिग्रहासंभवात्, किंतु 'यत्र यत्र पृथिवीतरभेदाभावस्तत्र तत्र गन्धाभावो यथा जलादिक 'मिति व्यतिरेकदृष्टान्ते जलादावितरभेदाभावरूपसाध्याभावव्यापकता गन्धाभावे गृह्यते। इममेवार्थं मनसि निधाय 'यदितरेभ्यो न भिद्यते न तद् गन्धवत्, यथा जल 'मिति ग्रन्थेन मूलकारो व्यतिरेकव्याप्तिमेव प्रदर्शितवान्। एवं प्रकारेण व्यतिरेकव्याप्तिग्रहानन्तरम्-इतरभेदाभावव्यापकीभूताभावप्रतियोगिगन्धवती पृथिवीत्याकारकव्यतिरेकिपरामर्शात्पृथिवीत्वाव-

च्छिन्नोद्देश्यतानिरूपितेतरभेदत्वावच्छिन्नविधेयताका 'पृथिवी इतरभेदवती' त्याकारकानुमितिर्जायत इति तत्त्वम्। यथाश्रुतमूलार्थस्तु-यथा जलमिति। जलम् इतरभेदाभाववद् इतरभेदाभावव्यापकगन्धाभाववच्च। इत्येवंप्रकारेण गन्धाभावनिरूपिता व्याप्यता इतरभेदाभावे गृह्यत इत्यर्थः। न चेयं तथा। इयं=पृथिवी, तथा=इतरभेदाभावव्यापकगन्धाभाववती, न, किन्तु तदभावात्मकगन्धवती। तस्मान्न तथेति। तच्छब्देन गन्धाभावाभावरूपस्य गन्धस्य परामर्शेन 'तस्मादि'ति पञ्चम्यन्ताद् गन्धाभावाभाववत्त्वादित्यर्थोपलब्धिः। तथा=इतरभेदाभाववती, न इत्यस्याभावः। तथा च इतरभेदाभावाभाववती इतरभेदवतीत्यर्थः॥

* ન્યાયબોધિની *

केवलव्यतिरेकिणो..... प्रदर्शितवान्। કેવલવ્યતિરેકી હેતુનું લક્ષણ કરે છે 'વ્યતિરેકમાત્ર...' ઇત્યાદિ દ્વારા. જે હેતુ અન્વયવ્યાપ્તિથી શૂન્ય હોય અને વ્યતિરેકવ્યાપ્તિવાળો હોય તે હેતુને કેવલવ્યતિરેકી કહેવાય છે. દા.ત. → 'पृथिवी इतरेभ्यो भिद्यते गन्धवत्त्वात्' = 'પૃથિવી, ઇતરભેદવતી ગન્ધવત્ત્વાત્' આવો અર્થ થઇ શકે છે કારણ કે ભિદ્યતે = ભિન્ન છે = ભેદવાળી છે. આ અનુમાનમાં 'पृथिवीत्वावच्छिन्ना पृथिवी'= સકલપૃથિવી પક્ષ છે, 'पृथिवीतरजलादि-अष्टभेद' = 'પૃથિવીથી ઇતર જે જલાદિ છે તે બધાનો ભેદ' એ સાધ્ય છે અને 'गन्धवत्त्व' હેતુ છે.

આ સ્થળમાં 'જે જે ગન્ધવાળા છે તે તે પૃથિવીથી ઇતર જે જલાદિ છે તેના ભેદવાળા છે' એવું અન્વયદૃષ્ટાંત મળતું નથી અને અન્વયદ્રષ્ટાંત ન મળવાથી 'गन्धव्यापकस्वेतरभेदसामानाधिकरण्य' સ્વરૂપ અન્વયવ્યાપ્તિનું ગ્રહણ થતું નથી. (કહેવાનો આશય એ છે કે અન્વયવ્યાપ્તિમાં સાધ્ય અને હેતુનું સામાનધિકરણ્ય ક્યાંય ને ક્યાંય ગૃહિત થવું જોઈએ. પ્રકૃત સ્થળમાં તો સંપૂર્ણ પૃથિવી જ 'પક્ષ' તરીકે હોવાથી પક્ષથી ભિન્ન સામાનાધિકરણ્યનું ગ્રહણ થતું નથી, તેથી અહીં અન્વયવ્યાપ્તિ મળતી નથી.)

હા! અહીં વ્યતિરેકવ્યાપ્તિ મળે છે કારણ કે વ્યતિરેકદૃષ્ટાંત મળે છે. → 'જ્યાં જ્યાં પૃથિવીતરભેદાભાવ (જલાદિભેદાભાવ) છે ત્યાં ત્યાં ગન્ધાભાવ છે' યથા - જલાદિ. (સ્વનો ભેદાભાવ સ્વમાં જ મળે છે તેથી જલાદિભેદાભાવ જલાદિમાં જ મળશે અને ત્યાં ગન્ધનો અભાવ છે.) આ રીતે વ્યતિરેકદૃષ્ટાંતથી ગન્ધાભાવમાં જલાદિભેદાભાવની વ્યાપકતા ગ્રહણ થાય છે. અર્થાત્ જલાદિમાં જે ઇતરભેદાભાવ = પૃથિવીથી ઇતર જે જલાદિ છે તેનો ભેદાભાવ હોવાથી ઇતરભેદાભાવ સ્વરૂપ જે સાધ્યાભાવ છે તેની વ્યાપકતા ગન્ધાભાવમાં ગ્રહણ કરાય છે. આ ભાવને મનમાં રાખીને મૂલકારે 'यदितरेभ्यो न भिद्यते न तद् गन्धवत्' યથા जलम् એ પ્રમાણેના ગ્રન્થથી વ્યતિરેકવ્યાપ્તિ જ બતાવી છે.

एवं प्रकारेण..... इति तत्त्वम्। એતાદૃશ વ્યતિરેકવ્યાપ્તિના જ્ઞાનની પછી

'इतरभेदाभाव(=जलादिभेदाभाव) व्यापकीभूताभाव (गन्धाभाव) प्रतियोगिगन्धवती पृथिवी' ઇત્યાકારક વ્યતિરેકપરામર્શ થાય છે. અને તે પરામર્શાત્મક જ્ઞાનથી पृथिवीत्वावच्छिन्नोद्देश्य-तानिरूपितेतरभेदत्वावच्छिन्नविधेयता ની નિરૂપિકા 'पृथिवी इतरभेदवती' ઇત્યાકારક અનુમિતિ ઉત્પન્ન થાય છે.

यथाश्रुतमूलार्थस्तु.....इतरभेदवतीत्यर्थः ॥ (શબ્દાર્થ આ રીતે સમજવો...)

★ यथा जलमिति → જલ, ઇતરભેદના અભાવવાળું છે અને ઇતરભેદાભાવનો વ્યાપક ગન્ધાભાવવાળું પણ છે. આ રીતે 'ગન્ધાભાવનો વ્યાપ્ય ઇતરભેદાભાવ છે' એ ગૃહીત થાય છે.

★ न चेयं तथा → इयं = આ પૃથિવી, न तथा = ઇતરભેદાભાવની વ્યાપક ગન્ધાભાવવાળી નથી પરંતુ ગન્ધાભાવના અભાવવાળી છે અર્થાત્ ગન્ધવાળી છે. આ ઉપનયવાક્ય છે.

★ तस्मान्न तथा → મૂલોક્ત 'तद्' શબ્દદ્વારા ગન્ધાભાવના અભાવરૂપ ગન્ધનો સંકેત છે, માટે 'तस्मात्' આ પંચમ્યન્તથી 'गन्धाभावाभाववत्त्वात्' એવા અર્થની પ્રાપ્તિ થશે. न तथा = પૃથિવી ગન્ધાભાવના અભાવવાળી હોવાથી ઇતરભેદના અભાવવાળી નથી એટલે કે ઇતરભેદના અભાવના અભાવવાળી છે = ઇતરભેદવાળી છે. આ નિગમનવાક્ય છે.

(प०) केवलव्यतिरेकिणो लक्षणमाह-व्यतिरेकेति। व्यतिरेकेणैव व्याप्तिर्यस्मिंस्तत्तथा। अन्वयव्यतिरेकिण्यतिव्याप्तिवारणाय मात्रेति। न चेयं तथेति। इयं=पृथिवी, न तथा = न गन्धाभाववतीत्यर्थः। तस्मान्न तथेति। गन्धाभाववत्त्वाभावादितरभेदाभाववती नेत्यर्थः। नन्वत्र किमिति नान्वयव्याप्तिरित्याशङ्क्य परिहरति अत्रेति। इतरभेदसाधकानुमान इत्यर्थः। इदमुपलक्षणम्। जीवच्छरीरं सात्मकं, प्राणादिमत्त्वात्। यन्नैवं तन्नैवम्। यथा घटः। प्रत्यक्षादिकं प्रमाणमिति व्यवहर्तव्यं, प्रमाकरणत्वात्। यन्नैवं तन्नैवम्। यथा प्रत्यक्षाभासः। विवादास्पदम् आकाशमिति व्यवहर्तव्यं शब्दवत्त्वादित्यादिकमपि केवलव्यतिरेकीति द्रष्टव्यम् ।

---

* પદકૃત્ય *

केवलव्यतिरेकिणो..... नेत्यर्थः । 'व्यतिरेकमात्र.....' ઇત્યાદિ કહેવા દ્વારા કેવલવ્યતિરેકીનું લક્ષણ કરે છે. વ્યતિરેક દ્વારા જ વ્યાપ્તિ છે જેમાં તે હેતુને કેવલવ્યતિરેકી કહેવાય છે.

★ કેવલવ્યતિરેકી હેતુના લક્ષણમાં 'व्यतिरेकव्याप्तिकं केवलव्यतिरेकि' એટલું જ કહીએ તો 'वह्निमान् धूमात्' આ સ્થળે ધૂમ હેતુમાં પણ વ્યતિરેકવ્યાપ્તિ તો છે જ. આ રીતે આ લક્ષણ અન્વયવ્યતિરેકી એવા ધૂમમાં અતિવ્યાપ્ત થઈ જશે. પરંતુ લક્ષણમાં 'માત્ર' પદના નિવેશથી અતિવ્યાપ્તિનું વારણ થઈ જશે કારણ કે ધૂમ હેતુ તો અન્વયવ્યાપ્તિવાળો પણ છે.

न चेयं तथेति → इयं = આ પૃથિવી, न तथा = ગન્ધાભાવવાળી નથી तस्मान्न तथा → આ પૃથિવી, ગન્ધાભાવના અભાવવાળી હોવાથી ઇતરભેદના અભાવવાળી નથી. અર્થાત્ ઇતરભેદવાળી છે. (ન્યાયબોધિનીમાં જુઓ)

नन्वत्र..... द्रष्टव्यम् । અહીં અન્વયવ્યાપ્તિ કેમ મળતી નથી? આવી આશંકાના

પરિહારરૂપે મૂલકાર 'अत्र यद् गन्धवत्.....' ઇત્યાદિ દ્વારા સમાધાન આપે છે. ' अत्र' એટલે 'पृथिवी, 'इतरभेदवती गन्धवत्त्वात्' આ 'ઇતરભેદસાધક અનુમાનમાં' એવો અર્થ કરવો. આ જે ઇતરભેદસાધક અનુમાન છે તે ઉપલક્ષણ છે. (स्वबोधकत्वे सति स्वेतरबोधकत्वमुपलक्षणत्वम् = જે પોતાને પણ જણાવે અને પોતાના સદશ અન્ય પદાર્થોને પણ જણાવે તેને ઉપલક્ષણ કહેવાય છે.) અહીં 'पृथिवी इतरभेदवती गन्धवत्त्वात्' આ કેવલવ્યતિરેકિ અનુમાનથી અન્ય પણ કેવલવ્યતિરેકિ અનુમાનો જાણવા જેમ કે.....

(૧) 'जीवच्छरीरं सात्मकं प्राणादिमत्त्वात्' જીવતુ શરીર આત્મા સહિતનું છે કારણ કે પ્રાણાદિવાળું છે. અહીં 'જયાં જ્યાં પ્રાણાદિમત્ત્વ છે ત્યાં ત્યાં સાત્મકત્વ છે' આ પ્રમાણેની અન્વયવ્યાપ્તિને બતાવનારું પક્ષથી ભિન્ન દ્રષ્ટાંત મળતું નથી પરંતુ 'જે જે સાત્મક નથી તે તે પ્રાણાદિમત્ નથી' જેમ કે 'ઘટ' આ પ્રમાણે વ્યતિરેકવ્યાપ્તિ જ મળતી હોવાથી 'प्राणादिमत्त्व' હેતુ કેવલવ્યતિરેકી છે.

(૨) 'प्रत्यक्षादिकं प्रमाणमिति व्यवहर्तव्यं प्रमाकरणत्वात्' પ્રત્યક્ષાદિ ચાર 'પ્રમાણ છે' એ પ્રમાણે વ્યવહાર કરવા યોગ્ય છે કારણ કે તે પ્રમાનું કરણ છે. અહીં પણ ''જે જે પ્રમાનું કરણ છે તે તે 'આ પ્રમાણ છે' એ પ્રમાણે વ્યવહાર કરવા યોગ્ય છે'' આ પ્રમાણેની અન્વયવ્યાપ્તિસૂચક પક્ષથી ભિન્ન દ્રષ્ટાંત મળતું નથી. પરંતુ ''જે 'આ પ્રમાણ છે' એ પ્રમાણે વ્યવહાર કરવા યોગ્ય નથી, તે પ્રમાનું કરણ નથી.'' જેમ કે પ્રત્યક્ષાભાસ = ભ્રમાત્મક જ્ઞાન (= રંગમાં રજતનું જ્ઞાન થવું તે.) આ પ્રમાણેની વ્યતિરેકવ્યાપ્તિ જ મળતી હોવાથી 'प्रमाकरणत्व' હેતુ કેવલવ્યતિરેકી છે.

(૩) 'विवादास्पदम् आकाशमिति व्यवहर्तव्यं शब्दवत्त्वात्' વિવાદાસ્પદ જે છે તે 'આકાશ છે' એ પ્રમાણે વ્યવહાર કરવા યોગ્ય છે કારણ કે તે શબ્દવાળું છે. અહીં પણ જે જે શબ્દવાળું છે તે તે 'આ આકાશ છે' એ પ્રમાણે વ્યવહાર કરવા યોગ્ય છે. આ પ્રમાણેની અન્વયવ્યાપ્તિસૂચક પક્ષથી ભિન્ન દ્રષ્ટાંત મળતું નથી પરંતુ જે જે 'આ આકાશ છે' એ પ્રમાણે વ્યવહાર કરવા યોગ્ય નથી તે તે શબ્દવાળા નથી. જેમ કે 'ઘટ' આ પ્રમાણેની વ્યતિરેકવ્યાપ્તિ જ મળતી હોવાથી 'शब्दवत्त्व' હેતુ કેવલવ્યતિરેકી છે.

પક્ષ - નિરૂપણ

मूलम् : संदिग्धसाध्यवान् पक्षः। यथा धूमवत्त्वे हेतौ पर्वतः॥

જેમાં સાધ્યનો સંદેહ હોય તેને 'પક્ષ કહેવાય છે. જેમ કે → ધૂમ હેતુ તરીકે હોય ત્યારે 'પર્વત' એ પક્ષ છે. (અર્થાત્ ધૂમ હેતુને જોઈને વહ્નિરૂપ સાધ્યનો પર્વતમાં સદેહ થાય છે. તેથી 'પર્વત' એ પક્ષ છે.)

(न्या०) पक्षलक्षणमाह-संदिग्धेति। साध्यप्रकारकसंदेहविशेष्यत्वं पक्षत्वम्। इदं च

लक्षणमनुमितेः पूर्वं साध्यसंदेहो नियमेन जायत इत्यभिप्रायेण प्राचीनैः कृतम्। गगनविशेष्यक-मेघप्रकारकसंदेहाभावदशायामपि गृहमध्यस्थपुरुषस्य घनगर्जितश्रवणेन 'गगनं मेघवदि' त्याकारिकाया गगनत्वावच्छिन्नोद्देश्यता-निरूपितमेघत्वावच्छिन्नविधेयताकाया अनुमिते-र्दर्शनात्प्राचीनलक्षणं विहाय नवीनैरनुमित्युद्देश्यत्वं पक्षत्वमिति स्थिरीकृतम् ।

* ન્યાયબોધિની *

'साध्यप्रकारकसंदेहविशेष्यत्वम्' આ પક્ષનું લક્ષણ છે. (અહીં સંદેહ = સંશય એ અયથાર્થ જ્ઞાન છે. અને જ્ઞાન માત્ર સવિષયક જ હોય છે. પક્ષમાં સાધ્યનો સંદેહ હોવાથી સંદેહનો પ્રકાર સ્વરૂપ વિષય સાધ્ય અને વિશેષ્ય સ્વરૂપ વિષય પક્ષ બન્યો. તેથી) સાધ્ય જેમાં પ્રકાર બને છે એવા સંશયથી નિરુપિત વિશેષ્યતા જેમાં છે તે જ પક્ષ છે. દા.ત : 'पर्वतो वह्निमान् न वा' આ સંશયમાં વહ્ન્યાત્મક સાધ્ય પ્રકાર છે અને પર્વત વિશેષ્ય છે. આથી જ તાદૃશ વહ્નિપ્રકારક સંશયનો વિશેષ્ય પર્વત એ પક્ષ કહેવાશે.

અનુમિતિની પૂર્વે સાધ્યનો સંદેહ નિયમા થાય જ છે એમ સમજીને પક્ષનું આ લક્ષણ પ્રાચીનોએ કર્યું છે પરંતુ નવીનો પક્ષના આ લક્ષણને સ્વીકારતા નથી કારણ કે તેઓનું કહેવું છે કે 'गगनं मेघवत् घनगर्जितश्रवणात्' આ સ્થળમાં ઘરમાં રહેલા પુરુષને મેઘની ગર્જના સંભળાવાથી ગગનમાં મેઘનો નિશ્ચય થઈ જાય છે પરંતુ આ અનુમિતિની પહેલા ઘરમાં રહેલા વ્યક્તિને ગગન મેઘવાળો હશે કે નહીં? એવો બીલકુલ પણ સંશય થતો નથી. અર્થાત્ 'मेघनिष्ठप्रकारतानिरूपकसंदेहनिरूपितविशेष्यता નો આશ્રય ગગનરૂપ પક્ષ બનતો નથી. અને એ જ વ્યક્તિને 'गगनत्वावच्छिन्नोद्देश्यतानिरूपितमेघत्वावच्छिन्नविधेयताक' અનુમિતિ થઈ જાય છે.

માટે નવીનોએ 'संदिग्ध साध्यवान्' આ પક્ષના લક્ષણનો ત્યાગ કરીને 'अनुमित्युद्देश्यत्वं पक्षत्वम्' આવું લક્ષણ કર્યું છે. આ લક્ષણ ગગન અને પર્વત બંને પક્ષોમાં જશે કારણ કે અનુમિતિના ઉદ્દેશ્ય ગગન અને પર્વત બંને છે. સાધ્યનો પક્ષમાં સંશય હોય કે ન હોય તો પણ તે પક્ષ અનુમિતિમાં ઉદ્દેશ્યતયા તો ભાસિત થાય જ છે.

વિશેષાર્થ :

શંકા : 'गगनं मेघवत् ઇત્યાદિ અનુમિતિ સ્થળોમાં 'अनुमितिविशेष्यत्वं पक्षत्वम्' આ રીતે જ પક્ષનું લક્ષણ કરવું હતું ને કારણ કે 'मेघवत् गगनं' આ અનુમિતિમાં મેઘ પ્રકાર છે અને ગગન વિશેષ્ય છે.

સમા. : 'गगनं मेघवत्' આ અનુમિતિની જેમ 'गगने मेघः' આવા પ્રકારની અનુમિતિ પણ દેખાય છે. આ અનુમિતિમાં 'ગગન'એ પ્રકાર છે, વિશેષ્ય નહીં. આથી જ 'अनुमिति-विशेष्यत्वं पक्षत्वम्' આ પક્ષનું લક્ષણ અવ્યાપ્ત થઈ જશે. પરંતુ 'अनुमित्युद्देश्यत्वं पक्षत्वम्' આવું પક્ષનું લક્ષણ કરશું તો કોઈ દોષ નહીં આવે કારણ કે 'गगने मेघः' ઇત્યાકારક અનુમિતિમાં

'ગગન' પ્રકાર હોવા છતાં પણ ઉદ્દેશ્ય તો છે જ.

(પ૦) अथ पृथिवीमात्रस्य पक्षत्वादित्यत्र किं नाम पक्षतेत्यपेक्षायां तां निर्वक्ति-संदिग्धेति। सपक्षवारणाय संदिग्धेति।

* પદકૃત્ય *

કેવલવ્યતિરેકી હેતુના નિરૂપણ વખતે મૂળમાં 'पृथिवीमात्रस्य पक्षत्वात्' આ પ્રમાણે લખ્યું છે ત્યાં 'પક્ષતા' એ શું છે? એ પ્રમાણેની અપેક્ષા હોવાથી પક્ષતાને જણાવે છે 'संदिग्धसाध्यवान् पक्षः' એ પ્રમાણે કહેવા દ્વારા.

★ પક્ષના લક્ષણમાં 'જે સાધ્યવાળું હોય તે પક્ષ છે' આટલું જ કહીએ તો જેનો દ્રષ્ટાંત તરીકે ઉપયોગ કરીએ એવો સપક્ષ પણ સાધ્યથી યુક્ત હોવાથી સપક્ષને પક્ષ કહેવાની આપત્તિ આવશે. પરંતુ 'संदिग्ध' પદના ઉપાદાનથી આપત્તિનું વારણ થઈ જશે કારણ કે સપક્ષમાં સાધ્યનો નિશ્ચય હોય છે, સાધ્યનો સંદેહ હોતો નથી.

सपक्ष - निरूपण

मूलम् : निश्चितसाध्यवान् सपक्षः। यथा तत्रैव महानसम्।

સાધ્યનો નિશ્ચય જેમાં હોય તેને સપક્ષ કહેવાય છે. દા.ત. → ધૂમ હેતુ તરીકે હોય ત્યારે જ મહાનસ એ સપક્ષ છે કારણ કે મહાનસમાં સાધ્ય એવા વહ્નિનનો નિશ્ચય છે. (નિશ્ચયથી વિશિષ્ટ = નિશ્ચિત)

(न्या०) सपक्षलक्षणमाह-निश्चितेति। साध्यप्रकारकनिश्चयविशेष्यत्वं सपक्षत्वम्। निश्चयश्च 'महानसं वह्निमदि' त्याकारकः।

* ન્યાયબોધિની *

'निश्चितसाध्यवान् सपक्षः = साध्यप्रकारकनिश्चयविशेष्यत्वं सपक्षत्वम्' આ સપક્ષનું લક્ષણ છે. સાધ્યપ્રકારક = સાધ્યનિષ્ઠ પ્રકારતાનો નિરૂપક જે નિશ્ચય છે, તે નિશ્ચયથી નિરૂપિત વિશેષ્યતા જેમાં છે તે સપક્ષ છે. મહાનસમાં 'મહાનસ વહ્નિનવાળું છે' એ પ્રમાણેનો નિશ્ચય થઈ ગયો હોવાથી મહાનસ સપક્ષ છે.

(પ૦) निश्चितेति। पक्षेऽतिव्याप्तिवारणाय निश्चितेति। तत्रैवेति। धूमवत्त्वे हेतावेवेत्यर्थः॥

* પદકૃત્ય *

સપક્ષના લક્ષણમાં માત્ર 'साध्यवान् सपक्षः' એટલું જ કહીએ તો પક્ષમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે પક્ષ પણ (सन्दिग्ध) साध्यवान् તો છે જ. પરંતુ લક્ષણમાં 'निश्चित' પદનો

નિવેશ કરીએ તો પક્ષમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પક્ષમાં તો સાધ્ય સન્દિગ્ધ છે. મૂળમાં આપેલા તત્રૈવ પદનો અર્થ 'ધૂમ હેતુ તરીકે હોય ત્યારે જ' (મહાનસ સપક્ષ છે) એવો કરવો.

વિપક્ષ - નિરૂપણ

मूलम् : निश्चितसाध्याभाववान् विपक्षः। यथा तत्रैव ह्रदः॥

સાધ્યાભાવનો નિશ્ચય જેમાં હોય તેને વિપક્ષ કહેવાય છે. દા.ત. → ધૂમ હેતુ તરીકે હોય ત્યારે જ 'હ્રદ' વિપક્ષ છે કારણ કે હ્રદમાં સાધ્યાભાવ એવા વહ્ન્યભાવનો નિશ્ચય છે.

(न्या०) विपक्षलक्षणमाह-निश्चितसाध्याभावेति। साध्याभावप्रकारकनिश्चयविशेष्यत्वं विपक्षत्वम्। निश्चयश्च 'ह्रदो वह्न्यभाववानि' त्याकारकः।

* ન્યાયબોધિની *

'निश्चितसाध्याभाववान् विपक्षः = साध्याभावप्रकारकनिश्चयविशेष्यत्वं विपक्षत्वम्' આ વિપક્ષનું લક્ષણ છે એટલેકે સાધ્યાભાવનિષ્ઠ પ્રકારતાનો નિરૂપક જે નિશ્ચયાત્મક જ્ઞાન છે તેનાથી નિરૂપિત વિશેષ્યતા જેમાં છે તે વિપક્ષ છે. હ્રદમાં 'હ્રદ વહ્નિના અભાવવાળું છે' એ પ્રમાણેનો નિશ્ચય થઈ ગયો હોવાથી હ્રદ વિપક્ષ છે.

(प०) निश्चितेति। सपक्षेऽतिव्याप्तिवारणाय साध्येति। पक्षेऽतिव्याप्तिवारणाय निश्चितेति। तत्रैव = धूमवत्त्व एव ॥

* પદકૃત્ય *

★ વિપક્ષના લક્ષણમાં निश्चिताभाववान् विपक्षः આટલું જ કહીએ તો સપક્ષમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે સપક્ષ એવા મહાનસમાં પણ પર્વતત્વના અભાવનો નિશ્ચય છે. લક્ષણમાં 'साध्य' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સપક્ષમાં સાધ્યાભાવનો નિશ્ચય નથી.

★ જો 'સાધ્યના અભાવવાળો હોય તે વિપક્ષ છે' એટલું જ કહીએ તો પક્ષમાં આ લક્ષણ અતિવ્યાપ્ત થશે કારણ કે પક્ષમાં સાધ્ય છે કે સાધ્યનો અભાવ છે? એ પ્રમાણેનો સંદેહ થાય છે. લક્ષણમાં 'निश्चित' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પક્ષમાં સાધ્યાભાવનો નિશ્ચય હોતો નથી.

વિશેષાર્થ :

શંકા : સપક્ષ અને વિપક્ષના મૂલગ્રન્થમાં 'तत्रैव' = 'ધૂમ હેતુ તરીકે હોય ત્યારે' આ પદ લખવાનું શું પ્રયોજન છે ?

સમા. : અનુમાન બદલાતા સપક્ષ અને વિપક્ષ પણ બદલાઈ જાય છે. દા.ત.→ 'वह्निमान् धूमात्' અહીં ધૂમ હેતુ તરીકે હોય ત્યારે સાધ્યનો નિશ્ચય મહાનસમાં હોવાથી મહાનસ એ સપક્ષ છે અને સાધ્યાભાવનો નિશ્ચય હ્રદમાં હોવાથી હ્રદએ વિપક્ષ છે. જ્યારે

'धूमाभाववान् वह्न्यभावात्' અહીં = વહ્ન્યભાવ હેતુ છે ત્યારે સાધ્ય = ધૂમાભાવનો નિશ્ચય હ્રદમાં થતો હોવાથી હ્રદ એ સપક્ષ છે અને સાધ્યાભાવ = ધૂમાભાવાભાવ = ધૂમનો નિશ્ચય મહાનસમાં થતો હોવાથી મહાનસ એ વિપક્ષ છે. આમ સપક્ષ, વિપક્ષ એ હેતુ પર નિર્ભર છે. તેથી મૂલકારે મૂલગ્રન્થમાં 'तत्रैव' પદનો પ્રયોગ કર્યો છે.

હેત્વાભાસ - નિરૂપણ

પદાર્થતત્ત્વના બોધ માટે જેમ સદ્હેતુના જ્ઞાનની આવશ્યકતા હોય છે તેમ જ અસદ્ હેતુ (દુષ્ટહેતુ)ના જ્ઞાનની પણ આવશ્યકતા હોય છે. કારણ કે સદ્હેતુના જ્ઞાનથી સ્વાભિપ્રેત તત્ત્વોનું નિરૂપણ અને દુષ્ટહેતુના જ્ઞાનથી પરપ્રયુક્ત મિથ્યાહેતુઓનું ખંડન કરી શકાય છે. આ રીતે સદ્હેતુના નિરૂપણની પછી અસદ્હેતુનું નિરૂપણ કરવામાં અનુમિતિરૂપતત્ત્વનિર્ણયસ્વરૂપ 'એકકાર્યકારિત્વ' સંગતિ છે. માટે ન્યાયદર્શનમાં સદ્હેતુની પછી હેત્વાભાસનો વિસ્તારથી વિચાર કર્યો છે. હેત્વાભાસ શબ્દના બે અર્થ થાય છે. (૧) 'हेतोराभासाः' આ વ્યુત્પત્તિ દ્વારા હેતુગત દોષને હેત્વાભાસ કહેવાય છે અને (૨) 'हेतुवदाभासन्ते' આ વ્યુત્પત્તિ દ્વારા દુષ્ટહેતુને પણ હેત્વાભાસ કહેવાય છે.

અહીં મૂલકાર દુષ્ટહેતુ સ્વરૂપ હેત્વાભાસનું વિભાજન કરે છે.

मूलम् : सव्यभिचार-विरुद्ध-सत्प्रतिपक्षाऽसिद्धबाधिताः पञ्च हेत्वाभासाः॥

સવ્યભિચાર, વિરુદ્ધ, સત્પ્રતિપક્ષ, અસિદ્ધ અને બાધિત આ પાંચ હેત્વાભાસો છે.

(न्या०) एवं सद्धेतून्निरूप्य हेत्वाभासान्निरूपयति-सव्यभिचरेति। हेतुवदाभासन्त इति हेत्वाभासाः। दुष्टहेतव इत्यर्थः। दोषाश्च व्यभिचारविरोधसत्प्रतिपक्षासिद्धिबाधाः। एतद्विशिष्टा हेतवो दुष्टहेतव इत्यर्थः। यद्विषयकत्वेन ज्ञानस्यानुमितितत्करणान्यतर-प्रतिबन्धकत्वं तत्त्वं दोषसामान्यस्य लक्षणम्। हेतौ दोषज्ञाने सत्यनुमितिप्रतिबन्धो जायते व्याप्तिज्ञानप्रतिबन्धो वा। अतो वादिनिग्रहाय वादिनोद्भाविते हेतौ दोषोद्भावनार्थं दुष्टहेतुनिरूपणमित्यर्थः। पर्वतो वह्निमान्, प्रमेयत्वादित्यत्र प्रमेयत्वहेतौ वह्न्य-भाववद्वृत्तित्वरूपव्यभिचारे ज्ञाते वह्न्यभाववदवृत्तित्वरूपव्याप्तिज्ञानप्रतिबन्धः फलम्॥

---

* न्यायबोधिनी *

एवं..... इत्यर्थः। આ પ્રમાણે સદ્હેતુનું નિરૂપણ કરીને હેત્વાભાસ (= દુષ્ટહેતુ)નું નિરૂપણ કરે છે 'सव्यभिचार....' ઈત્યાદિ દ્વારા. જે હેતુ ન હોય પરંતુ હેતુ જવો દેખાય છે તેને હેત્વાભાસ = દુષ્ટહેતુ કહેવાય છે. વ્યભિચાર, વિરોધ, સત્પ્રતિપક્ષ, અસિદ્ધિ અને બાધ આ પાંચ હેતુના દોષ છે, આ પાંચ દોષોથી વિશિષ્ટ હેતુને દુષ્ટહેતુ કહેવાય છે.

વ્યભિચાર દોષવાળા હેતુને સવ્યભિચાર અથવા વ્યભિચારી કહેવાય છે, વિરોધ દોષવાળા હેતુને વિરોધી કહેવાય છે, સત્પ્રતિપક્ષ દોષવાળા હેતુને સત્પ્રતિપક્ષહેતુ કહેવાય છે, અસિદ્ધિ

દોષવાળા હેતુને અસિદ્ધહેતુ કહેવાય છે અને બાધ દોષવાળા હેતુને બાધિત કહેવાય છે.

વ્યભિચારી આદિ પ્રત્યેક દુષ્ટ હેતુની પરિભાષા તો મૂલકાર સ્વયં જ બતાવશે પરંતુ પાંચ દોષમાં જાય એવું સામાન્યરૂપથી દોષનું લક્ષણ ન્યાયબોધિનીકાર બતાવે છે. 'यद्विषयकत्वेन ज्ञानस्यानुमितितत्करणान्यतरप्रतिबन्धकत्वं दोषसामान्यस्य लक्षणम्' અર્થાત્ જે વિષયના કારણે જ્ઞાન, અનુમિતિ અથવા તત્કરણ વ્યાપ્તિજ્ઞાનાદિનું પ્રતિબંધક બને છે તે જ્ઞાનનો 'વિષય' દોષરૂપ કહેવાય છે. તે આ રીતે →

(૧) અહીં 'यद्' પદથી દોષને ગ્રહણ કરવું. દા.ત. → 'ह्रदः वह्निमान् धूमात्' આ બાધિત દુષ્ટહેતુના સ્થળમાં 'वह्न्यभाववान् ह्रदः' આ બાધ દોષ છે. આથી 'यद्' પદથી वह्न्यभाववान् ह्रदः એ દોષ પકડાશે. यद्विषयकज्ञान = वह्न्यभाववान् ह्रदः ઈત્યાકારક જ્ઞાન 'वह्निमान् ह्रदः આ અનુમિતિનું પ્રતિબંધક = વિરોધી છે. આથી પ્રતિબંધકીભૂત એવા જ્ઞાનનો વિષય वह्न्यभाववान् ह्रदः એ દોષ કહેવાશે. એવી જ રીતે.....

(૨) 'शब्दः गुणः चाक्षुषत्वात्' આ અનુમાનમાં 'गुणत्वव्याप्यचाक्षुषत्ववान् शब्दः' આવા પરામર્શજ્ઞાનનો પ્રતિબંધક 'चाक्षुषत्वाभाववान् शब्दः એવું જ્ઞાન છે. તેથી પ્રતિબંધકીભૂત આ જ્ઞાનનો વિષય 'ચાક્ષુષત્વના અભાવવાળો શબ્દ છે' તે સ્વરૂપાસિદ્ધિ દોષ છે.

(૩) 'पर्वतो धूमवान् वह्नेः' આ અનુમાનમાં 'धूमाभाववदवृत्तिवह्निः' આવી વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધક 'धूमाभाववद्वृत्तिवह्निः' એવું જ્ઞાન છે. તેથી આ જ્ઞાનનો વિષય 'ધૂમના અભાવવાળામાં વહ્નિની વૃત્તિ' એ વ્યભિચારદોષ છે.

(૪) 'शब्दः नित्यः कार्यत्वात्' આ અનુમાનમાં 'नित्यः शब्दः' આ અનુમિતિનો પ્રતિબંધક 'नित्यत्वाभावव्याप्यकार्यत्ववान् शब्दः' એવું જ્ઞાન છે. તેથી આ જ્ઞાનનો વિષય 'નિત્યત્વાભાવને વ્યાપ્ય કાર્યત્ववાળો શબ્દ' એ વિરોધદોષ છે.

(૫) 'महावीरस्वामी केवली घातिकर्मक्षयात्' 'महावीरस्वामी अकेवली कवलाहारवत्त्वात्' આ અનુમાનમાં 'महावीरस्वामी अकेवली' આવી અનુમિતિનો પ્રતિબંધક 'केवलित्वव्याप्यघातिकर्मक्षयवान् महावीरस्वामी' એવું જ્ઞાન છે. તેથી આ જ્ઞાનનો વિષય 'કેવલિત્વ-વ્યાપ્ય ઘાતિકર્મક્ષયવાળા મહાવીરસ્વામી છે' તે સત્પ્રતિપક્ષદોષ છે. જેનાથી 'महावीरस्वामी अकेवली' અનુમિતિ અટકી જાય છે.

આમાં વિશેષ શંકા સમાધાન મુક્તાવલી, દિનકરી, સામાન્ય નિરુક્તિ, ઈત્યાદિ ગ્રન્થોમાં જોવા મળે છે. લઘુપ્રાયઃ ગ્રન્થ હોવાથી સરળ રીતે આ પરિભાષાને ઘટાવી છે.

अतो वादि.....फलम्॥

શંકા : દુષ્ટ = અસદ્હેતુના જ્ઞાનનું પ્રયોજન શું છે?

સમા. : 'हेतौ दोषज्ञाने....' જ્યારે કોઈ વાદી (પ્રતિપક્ષી) દુષ્ટહેતુ દ્વારા જીતવાની ઈચ્છા રાખે છે ત્યારે વાદીનો પરાજય કરવા માટે વાદીએ જણાવેલા હેતુમાં દોષને ઉદ્ભાવન

= પ્રગટ કરવા માટે દુષ્ટહેતુનું નિરૂપણ કર્યું છે. આમ કરવાથી વાદીની અનુમિતિ અથવા વ્યાપ્તિજ્ઞાન પ્રતિબંધિત થઈ જશે. દા.ત. → કોઈ વાદીએ કહ્યું 'पर्वतो वह्निमान् प्रमेयत्वात्' ત્યારે પ્રમેયત્વ હેતુ સાધ્યાભાવવદ્ જલહ્રદાદિમાં વૃત્તિ હોવાથી આ અનુમાનમાં 'वह्न्यभाववद् (जलादि)वृत्तिप्रमेयत्व' સ્વરૂપ વ્યભિચાર દોષનું જ્ઞાન થવાથી 'वह्न्यभाववदवृत्तिप्रमेयत्व' સ્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબન્ધ થયો. એ જ ફલ છે.

વિશેષાર્થ :

શંકા : 'ह्रदः वह्निमान् धूमात्' આ અસત્સ્થળમાં જો 'वह्न्यभाववान् ह्रदः न वा' ઈત્યાકારક જ્ઞાન થવા છતાં પણ તાદૃશ જ્ઞાન 'ह्रदः वह्निमान्' આ અનુમિતિનો પ્રતિબંધક નથી બનતું તો પછી તમે 'यद्विषयकत्वेन ज्ञानस्य.... प्रतिबन्धकत्वम्' કેવી રીતે કહ્યું કારણ કે સંશય પણ તો જ્ઞાનાન્તર્ગત જ છે ને?

સમા. : અમે 'જ્ઞાન' પદથી નિશ્ચયાત્મક જ્ઞાન જ લઈશું. કારણ કે 'तद्वत्ताना નિશ્ચયની પ્રતિ તદભાવવત્તાનો નિશ્ચય પ્રતિબંધક હોય છે. તેથી 'वह्निमान् ह्रदः' આ અનુમિતિની પ્રતિ 'वह्न्यभाववान् ह्रदः' એવો નિશ્ચય પ્રતિબંધક બનશે પરંતુ સંશયાત્મકજ્ઞાન નહીં.

શંકા : આ સ્થળમાં 'वह्न्यभाववान् ह्रदः' એવો નિશ્ચય થયા પછી તરત જ એ જ્ઞાનમાં 'इदं ज्ञानमप्रमा' ઈત્યાકારક અપ્રામાણ્ય પ્રકારક બુદ્ધિ થાય તો દોષજ્ઞાન પ્રતિબંધક નહીં બની શકે.

સમા. : હા! તમારી વાત બરાબર છે તેથી જ દોષનું નિશ્ચયાત્મક જ્ઞાન, અપ્રામાણ્ય પ્રકારક જ્ઞાનનો અવિષય = અપ્રામાણ્યજ્ઞાનથી અનાસ્કંદિત પણ હોવું જોઈએ અર્થાત્ દોષજ્ઞાનમાં અપ્રામાણ્યનો નિશ્ચય ન થવો જોઈએ. દર્શિત સ્થળમાં તાદૃશ નિશ્ચય અપ્રામાણ્યજ્ઞાનથી અનાઆસ્કંદિત છે. તેથી દોષજ્ઞાન પ્રતિબંધક બનશે.

શંકા : આ જ સ્થળમાં 'वह्न्यभाववान् ह्रदः' આ આહાર્યજ્ઞાનમાં આપત્તિ આવશે. बाधकालीनेच्छाजन्यज्ञानमाहार्यज्ञानम् = કોઈક ધર્મીમાં કોઈક ધર્મના બાધનો નિશ્ચય થવા છતાં પણ સ્વેચ્છયા એ જ ધર્મીમાં એ જ ધર્મનું આરોપાત્મક જ્ઞાન કરવું તે આહાર્યજ્ઞાન કહેવાય છે. દા.ત. → ધનના બાધનો નિશ્ચય થવા છતાં પણ ધનવત્તાની બુદ્ધિ થવી તે આહાર્યજ્ઞાન છે. તેવી જ રીતે હ્રદમાં વહ્નિના અભાવનો નિશ્ચય છે છતાં પણ વહ્નિનો નિશ્ચય કરે છે, એ આહાર્યજ્ઞાન છે. એ આહાર્યજ્ઞાન પ્રતિબંધક નથી બનતું.

સમા. : તાદૃશ નિશ્ચય આહાર્યાત્મક પણ નહીં હોવો જોઈએ. અર્થાત્ અનાહાર્ય તાદૃશ નિશ્ચયને જ અમે સ્વીકારશું.

આ રીતે 'वह्न्यभाववान् ह्रदः' એવું જ્ઞાન અનાહાર્યસ્વરૂપ, અપ્રામાણ્યજ્ઞાન-અનાસ્કંદિતસ્વરૂપ અને નિશ્ચયાત્મક પણ છે માટે તાદૃશ દોષજ્ઞાન 'ह्रद्रो वह्निमान्' આ અનુમિતિની પ્રતિ પ્રતિબંધક બનશે. આમ 'જ્ઞાન' શબ્દનો પૂર્વોક્ત અર્થ કરવાથી, 'જ્ઞાન' પદ ઉત્તર ષષ્ઠીનો 'વૃત્તિત્વ' અર્થ કરવાથી અને 'यद्विषयकत्वेन' જે પદ આપ્યું છે, એમાં રહેલા તૃતીયાનો 'અવચ્છિન્નત્વ' અર્થ કરવાથી નવ્યભાષામાં આ રીતે લક્ષણ થશે→ 'अनाहार्याप्रामाण्यज्ञाना-

स्कं दितनिश्चयवृत्तिप्रकृतानुमितितत्करणान्यतरनिष्ठप्रतिबध्यतानिरूपितप्रतिबन्धकता यद्विषयकत्वावच्छिन्ना तत्त्वं दोषत्वम्'

(प०) हेतून्निरूप्य प्रसङ्गाद्धेत्वाभासानाह - सव्यभिचारेति। अत्रेदं बोध्यम् अन्वयव्यतिरेकि तु पञ्चरूपोपपन्नं स्वसाध्यं साधयितुं क्षमते। तानि कानीति चेच्छ्रूयताम्। १ पक्षधर्मत्वं २ सपक्षसत्त्वं ३ विपक्षाद् व्यावृत्तिः ४ अबाधितविषयत्वम् ५ असत्प्रतिपक्षत्वं चेति। अबाधितः साध्यरूपो विषयो यस्य तत्तथोक्तम् तस्य भावस्तत्त्वम्। एवं साध्याभाव-साधकं हेत्वन्तरं यस्य स सत्प्रतिपक्ष इत्युच्यते। स नास्ति यस्य सोऽसत्प्रतिपक्षस्तस्य भावस्तत्त्वमिति बोध्यम्। केवलान्वयि तु चतूरूपोपन्नमेव स्वसाध्यं साधयितुं क्षमते, तस्य विपक्षविपर्ययेण तद्व्यावृत्तिविपर्ययात्। केवलव्यतिरेक्यपि तथा, तस्य सपक्षविपर्ययेण तत्सत्त्वविपर्ययादिति। उपदर्शितरूपाणां मध्ये कतिपयरूपोपन्नत्वाद् हेतुवदाभासन्ते इति हेत्वाभासाः। तत्त्वं चानुमितितत्करणान्यतरप्रतिबन्धकयथार्थज्ञान- विषयत्वम्। बाधस्थले 'वह्निरनुष्ण' इत्यनुमितिप्रतिबन्धकं यज्ज्ञानमुष्णत्ववद्वह्ना- वनुष्णत्वसाधकं द्रव्यत्वमित्याकारकं तद्विषयत्वस्य विषयतासंबन्धेन द्रव्यत्वरूपहेत्वाभासे सत्त्वाल्लक्षणसमन्वयः। सद्धेतुवारणाय यथार्थेति। घटादिवारणाय अनुमितितत्करणेति । व्यभिचारिणि अव्याप्तिवारणाय तत्करणान्यतरेति ॥

* પદકૃત્ય *

हेतून्निरूप्य.....विपर्ययादिति। હેતુઓનું નિરૂપણ કરીને હવે પ્રસંગસઙ્ગતિથી હેત્વાભાસને જણાવે છે 'सव्यभिचार....' ઇત્યાદિ દ્વારા. અહીં એ જાણવું જોઈએ કે અન્વય-વ્યતિરેકિહેતુ પાંચરૂપથી યુક્ત થઈને અર્થાત્ પાંચધર્મથી યુક્ત થઈને જ પોતાના સાધ્યને સિદ્ધ કરવા સમર્થ બને છે.

તે પાંચરૂપ આ રીતે છે..... (૧) પક્ષધર્મત્વ = હેતુનું પક્ષમાં રહેવું. (૨) સપક્ષસત્ત્વ = હેતુનું સપક્ષમાં રહેવું. (૩) विपक्षाद् व्यावृत्तिः = હેતુનું વિપક્ષમાં ન રહેવું. (૪) अबाधितविषयत्व = જે હેતુનો સાધ્યરૂપ વિષય અબાધિત છે, એ હેતુને અબાધિતવિષયવાળો કહેવાય છે અર્થાત્ હેતુના સાધ્યનો બાધ ન હોવો. (૫) असत्प्रतिपक्षत्व = સાધ્યાભાવનો સાધક બીજો હેતુ છે જે હેતુને, તે હેતુ સત્પ્રતિપક્ષ કહેવાય છે અને જેના સાધ્યાભાવનો સાધક બીજો હેતુ નથી તે હેતુ અસત્પ્રતિપક્ષ કહેવાય છે.

દા.ત. → 'पर्वतो वह्निमान् धूमात्' આ અન્વયવ્યતિરેકિ સ્થળમાં ધૂમ હેતુ પર્વતરૂપી પક્ષમાં રહે છે, મહાનસાદિ સપક્ષમાં પણ રહે છે, જલાદિ વિપક્ષમાં નથી રહેતો, ધૂમહેતુના સાધ્ય = વહ્નિનું પ્રમાણાન્તર દ્વારા પર્વતમાં બાધ પણ નથી, ધૂમના સાધ્ય = વહ્નિના અભાવને સિદ્ધ કરનારો બીજો કોઈ હેતુ પણ નથી. આથી જ અન્વયવ્યતિરેકી ધૂમહેતુ પાંચરૂપથી યુક્ત થયો.

વળી કેવલાન્વયી હેતુ ચારરૂપથી યુક્ત હોય તો જ પોતાના સાધ્યને સિદ્ધ કરવા સમર્થ છે.

શંકા : કેવલાન્વયી હેતુમાં પાંચરૂપમાંથી કયું એક રૂપ નથી ઘટતું ?

સમા. : 'घटः ज्ञेयः वाच्यत्वात्' એતાદશ કેવલાન્વયિ સ્થળમાં સાધ્યાભાવ જ અપ્રસિદ્ધ હોવાથી વિપક્ષની જ અપ્રસિદ્ધિ થઈ જાય છે, માટે 'विपक्षव्यावृतत्व' કેવલાન્વયી હેતુમાં ઘટશે નહીં.

કેવલવ્યતિરેકી હેતુ પણ ચાર જ રૂપથી યુક્ત થઈને પોતાના સાધ્યને સિદ્ધ કરવા સમર્થ બને છે. દા.ત. → 'पृथिवीतरभेदवती गन्धवत्त्वात्' આ કેવલવ્યતિરેકિ સ્થળમાં નિશ્ચિતસાધ્યવાનરૂપ સપક્ષનો અભાવ છે. કારણ કે સમસ્તપૃથિવીનું પક્ષ તરીકે ગ્રહણ છે. તેથી 'सपक्षसत्त्व' કેવલવ્યતિરેકી 'गन्धवत्त्व' હેતુમાં ઘટશે નહીં.

उपदर्शितरूपाणाम्.....तत्करणान्यतरेति ॥ ઉપર બતાવેલા રૂપોમાંથી કેટલાક રૂપોથી યુક્ત હોવાથી દુષ્ટહેતુઓ પણ હેતુ જેવા દેખાય છે, તે હેતુઓને હેત્વાભાસ = દુષ્ટહેતુ કહેવાય છે.

આ દુષ્ટહેતુનું લક્ષણ શું? ' अनुमितितत्करणान्यतरप्रतिबंधकयथार्थज्ञानविषयत्वम् ' અનુમિતિ અથવા તેના કરણનું = વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક એવું જે યથાર્થજ્ઞાન છે, તે યથાર્થજ્ઞાનના વિષયને હેત્વાભાસ = દુષ્ટહેતુ કહેવાય છે. દા.ત. → 'वह्निः अनुष्णः द्रव्यत्वात्' અહીં બાધ સ્થલમાં દ્રવ્યત્વસ્વરૂપ હેતુથી 'वह्निरनुष्णः' આ અનુમિતિ કરવાની છે. પરંતુ તેનું પ્રતિબંધક 'उष्णत्ववद्वह्नावनुष्णत्वसाधकं द्रव्यत्वम्' = 'ઉષ્ણત્વવદ્ વહ્નિમાં અનુષ્ણત્વનું સાધક દ્રવ્યત્વ છે' આ જ્ઞાન થયું. તાદશ યથાર્થજ્ઞાનનો વિષય દ્રવ્યત્વ છે. તેમાં વિષયતા રહેલી છે. એટલે જ્ઞાનીયવિષયતા દ્રવ્યત્વસ્વરૂપ હેત્વાભાસમાં = દુષ્ટહેતુમાં રહેવાથી લક્ષણ સમન્વય થાય છે. (= દ્રવ્યત્વ દુષ્ટહેતુ છે એ સિદ્ધ થાય છે.)

(એવી જ રીતે 'पर्वतो धूमवान् वह्नेः' અહીં અનુમિતિનું કરણ 'धूमाभाववदवृत्तिर्वह्निः' ઈત્યાકારક વ્યાપ્તિજ્ઞાન છે. તાદશ વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક જે 'धूमाभाववद्वृत्तिर्वह्निः' ઈત્યાકારક જ્ઞાન છે, તે જ્ઞાનનો વિષય 'वह्नि' છે માટે એ વ્યભિચારી દુષ્ટહેતુ થયો.)

★ હેત્વાભાસના આ લક્ષણમાં 'यथार्थ' પદનો નિવેશ ન કરીએ અને 'अनुमितितत्करणान्यतरप्रतिबंधकज्ञानविषयत्व' આટલું જ લક્ષણ કરીએ તો આ લક્ષણ સદ્હેતુમાં પણ ઘટી જશે કારણ કે 'पर्वतो वह्निमान् धूमात्'

આ સ્થળે 'वह्न्यभाववदवृत्तिधूमः' ઈત્યાકારક વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક 'वह्न्यभाववदवृत्तिधूमः' ઈત્યાકારક અયથાર્થજ્ઞાન બને છે. એ અયથાર્થજ્ઞાનના વિષય તરીકે ધૂમ છે. આ પ્રમાણે હેત્વાભાસનું લક્ષણ સદ્હેતુમાં જવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે.

પરંતુ હેત્વાભાસના લક્ષણમાં 'यथार्थ' પદનો નિવેશ કરીએ તો સદ્હેતુમાં અતિવ્યાપ્તિ આવશે નહીં કારણ કે 'वह्न्यभाववदवृत्तिधूमः' ઈત્યાકારક વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક જે

'वह्न्यभाववद्वृत्तिधूमः' ઇત્યાકારક જ્ઞાન બને છે તે યથાર્થ નથી, અયથાર્થજ્ઞાન છે. અને 'ધૂમ' હેતુ અયથાર્થજ્ઞાનનો વિષય છે.

★ જો હેત્વાભાસના લક્ષણમાં 'अनुमितितत्करणान्यतर' પદનો નિવેશ ન કરીએ અને प्रतिबंधकयथार्थज्ञानविषयत्वम् ' = 'પ્રતિબંધકીભૂત યથાર્થજ્ઞાનનો જે વિષય હોય તે દુષ્ટહેતુ છે' એટલું જ કહીએ તો ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણકે 'घटाभाववद्भूतलम्' આ જ્ઞાનનું પ્રતિબંધક 'घटवद्भूतलम्' આ યથાર્થજ્ઞાન છે. અને આ યથાર્થજ્ઞાનનો વિષય ઘટ બનશે. માટે ઘટને દુષ્ટહેતુ કહેવાનો પ્રસંગ આવશે.

પરંતુ લક્ષણમાં 'अनुमितितत्करणान्यतर' પદના નિવેશથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ દોષ આવશે નહીં કારણ કે 'घटवद्भूतलम्' એ જ્ઞાન 'घटाभाववद्भूतलम्' આ જ્ઞાનનું પ્રતિબંધક છે, પરંતુ અનુમિતિતત્કરણાન્યતરનું પ્રતિબંધક નથી.

★ હવે જો લક્ષણમાં 'तत्करणान्यतर' પદનો નિવેશ ન કરીએ અને અનુમિતિપ્રતિબંધક-यथार्थज्ञानविषयत्वम् ' આટલું જ લક્ષણ કરીએ તો બાધિત, વિરૂદ્ધાદિ હેતુમાં વાંધો નહીં આવે પરંતુ વ્યભિચારાદિદોષવિષયકજ્ઞાન છે, તેના વિષયભૂત વ્યભિચાર આદિ દુષ્ટહેતુ, જે વ્યાપ્તિ જ્ઞાનના પ્રતિબંધક છે, તેમાં લક્ષણ જશે નહીં. માટે વ્યભિચાર આદિ દુષ્ટહેતુમાં અવ્યાપ્તિદોષ આવશે.

પરંતુ લક્ષણમાં 'तत्करणान्यतर' પદના નિવેશથી ઉપરોક્ત દોષ આવશે નહીં. કારણ કે વ્યભિચારાદિદોષવિષયકજ્ઞાન અનુમિતિનું પ્રતિબંધક ભલે ન હોય પરંતુ અનુમિતિના કરણભૂત વ્યાપ્તિજ્ઞાનનું પ્રતિબંધક તો છે જ.

★ અને લક્ષણમાં જો 'अनुमिति' પદનો નિવેશ ન કરીએ તો અનુમિતિના પ્રતિબંધક એવા બાધિત, સત્પ્રતિપક્ષ અને વિરૂદ્ધ હેતુમાં દુષ્ટહેતુનું લક્ષણ ન જતા અવ્યાપ્તિદોષ આવે છે તેથી લક્ષણમાં 'अनुमिति' પદનો નિવેશ કર્યો છે.

આ પાંચેય હેત્વાભાસમાંથી વિરુદ્ધ, બાધિત, સત્પ્રતિપક્ષ અને આશ્રયાસિદ્ધ હેત્વાભાસ અનુમિતિના પ્રતિબંધક છે. તથા વ્યભિચારી, સ્વરૂપાસિદ્ધ અને વ્યાપ્યત્વાસિદ્ધ હેત્વાભાસ તત્કરણ વ્યાપ્તિજ્ઞાનના પ્રતિબંધક છે.

साधारण अनैकान्तिक

मूलम् : सव्यभिचारोऽनैकान्तिकः। स त्रिविधः साधारणाऽसाधारणाऽनुपसंहारिभेदात्। तत्र साध्याभाववद्वृत्तिः साधारणोऽनैकान्तिकः। यथा पर्वतो वह्निमान् प्रमेयत्वादिति। प्रमेयत्वस्य वह्न्यभाववति ह्रदे विद्यमानत्वात् ।

સવ્યભિચાર હેતુને 'અનૈકાન્તિક' હેત્વભાસ પણ કહે છે. તે ત્રણ પ્રકારનો છે - સાધારણ, અસાધારણ અને અનુપસંહારી. જે હેતુ સાધ્યના અભાવમાં રહે તેને સાધારણ અનૈકાન્તિક કહેવાય છે. દા.ત. → 'पर्वतो वह्निमान् प्रमेयत्वात्' અહી પ્રમેયત્વ હેતુ વહ્નિરૂપ સાધ્યના

અભાવવાળા જલાદિમાં રહી જાય છે તેથી 'પ્રમેયત્વ' હેતુ સાધારણ અનૈકાન્તિક કહેવાય છે.

(પ૦) तत्रेति। साधारणादित्रितयमध्य इत्यर्थः। अथ विरुद्धेऽतिप्रसक्तिरिति मा स्म दृप्यः, सपक्षवृत्तित्वस्यापि निवेशात्। अथैवमपि स्वरूपासिद्धेर्दूषणं जागर्तीति मा वह गर्वं, पक्षवृत्तित्वस्यापि तथात्वात्।

* પદકૃત્ય *

અહીં 'तत्र' શબ્દનો અર્થ 'સાધારણાદિ ત્રણની મધ્યમાં' એવો કરવો.

શંકા : **'साध्याभाववद्वृत्तिः'** સાધારણ અનૈકાન્તિકનું આ લક્ષણ 'शब्दो नित्यः कार्यत्वात्' આ અનુમાનના વિરૂદ્ધ એવા 'કાર્યત્વ' હેતુમાં પણ અતિવ્યાપ્ત થશે. કારણ કે 'કાર્યત્વ' હેતુ પણ નિત્યત્વના અભાવવાળા ઘટાદિમાં રહે છે.

સમા. : લક્ષણમાં 'સપક્ષવૃત્તિત્વે સતિ' પદનો નિવેશ કરવાથી 'सपक्षवृत्तित्वे सति साध्याभाववद्वृत्तित्वम्' એવું સાધારણ અનૈકાન્તિકનું લક્ષણ વિરુદ્ધ એવા કાર્યત્વ હેતુમાં અતિવ્યાપ્ત નહીં થાય કારણ કે 'કાર્યત્વ' હેતુ સાધ્ય અભાવવદ્માં વૃત્તિ હોવા છતાં સપક્ષ જે પરમાણુ આદિ છે એમાં ક્યાંય પણ રહેતો નથી.

શંકા : 'सपक्षवृत्तित्वे सति साध्याभाववद्वृत्तित्वम्' સાધારણઅનૈકાન્તિક હેતુનું એવું લક્ષણ કરવા છતાં પણ 'शब्दः गुणः चाक्षुषत्वात्' અહીં 'ચાક્ષુષત્વ' સ્વરૂપાસિદ્ધ અસદ્હેતુ છે. તેમાં લક્ષણ જતું રહેશે કારણ કે સપક્ષ એવા ગુણત્વવાન્ રૂપમાં પણ 'चाक्षुषत्व' વૃત્તિ છે. અને સાધ્યાભાવવદ્ = ગુણત્વના અભાવવદ્ જે ઘટાદિ છે, તેમાં પણ 'ચાક્ષુષત્વ = ચક્ષુગ્રાહ્યત્વ' વૃત્તિ છે.

સમા. : લક્ષણમાં 'પક્ષવૃત્તિત્વે સતિ' આટલું અધિક નિવેશ કરવાથી સ્વરૂપાસિદ્ધમાં અતિવ્યાપ્તિ નહીં આવશે કારણ કે 'चाक्षुषत्व' હેતુ તો સપક્ષ તથા સાધ્યાભાવવદ્માં વૃત્તિ હોવા છતાં પક્ષ એવા શબ્દમાં રહેતો નથી.

આમ 'पक्षवृत्तित्वे सति, सपक्षवृत्तित्वे सति साध्याभाववद्वृत्तित्वम्' આ રીતે સાધારણઅનૈકાન્તિક હેતુનું નિર્દુષ્ટ લક્ષણ સંપન્ન થયું.

અસાધારણ અનૈકાન્તિક

મૂલમ્ : सर्वसपक्षविपक्षव्यावृत्तः पक्षमात्रवृत्तिरसाधारणः। यथा शब्दो नित्यः शब्दत्वादिति। शब्दत्वं सर्वेभ्यो नित्येभ्योऽनित्येभ्यश्च व्यावृत्तं शब्दमात्रवृत्तिः॥

જે હેતુ સર્વ સપક્ષ અને વિપક્ષથી વ્યાવૃત્ત થઈને પક્ષમાત્રમાં વૃત્તિ હોય તેને અસાધારણ અનૈકાન્તિક કહેવાય છે. દા.ત. → 'शब्दो नित्यः शब्दत्वात्' અહીં 'શબ્દત્વ' હેતુ સપક્ષ એવા સર્વ નિત્યપદાર્થમાં અને વિપક્ષ એવા સર્વ અનિત્યપદાર્થમાં રહેતો નથી પરંતુ પક્ષ એવા શબ્દ માત્રમાં જ રહે છે. તેથી 'શબ્દત્વ' હેતુ અસાધારણઅનૈકાન્તિક કહેવાય છે.

(न्या०) असाधारण इति। सर्वसपक्षव्यावृत्तत्वं निश्चितसाध्यवदवृत्तित्वम्। साध्यवदवृत्तित्वं च साध्यासामानाधिकरण्यम्। हेतौ साध्याऽसामानाधिकरण्ये निश्चिते साध्यसामानाधिकरण्यरूपव्याप्तिज्ञानप्रतिबन्धः फलम्॥

* ન્યાયબોધિની *

'सर्वसपक्षविपक्षव्यावृत्तत्वे सति पक्षमात्रवृत्तित्वम्' असाधारण अनैकान्तिकना आ लक्षणमां 'सर्वसपक्षव्यावृत्तत्वम्' नो अर्थ 'निश्चितसाध्यवद् अवृत्तित्वम्' थाय छे. एटले के 'જ્યાં પણ સાધ્યનો નિશ્ચય હોય ત્યાં હેતુ ન રહેવો જોઈએ' એવો અર્થ સમજવો. અને 'साध्यवद् अवृत्तित्वम्' એ 'साध्य-असामानाधिकरण्यम्' स्वરૂપ છે. દા.ત. → 'शब्दो नित्यः शब्दत्वात्' આ સ્થળમાં સાધ્ય નિત્યત્વવદ્ જે પરમાણુ, ગગનાદિ છે , તેમાં 'शब्दत्व' અવૃત્તિ છે. અર્થાત્ યત્ર યત્ર શબ્દત્વ તત્ર તત્ર નિત્યત્વ નથી. આમ શબ્દત્વ હેતુ સાધ્યવદ્ અવૃત્તિ = સાધ્ય-અસમાનાધિકરણ થયો, જ્યારે વ્યાપ્તિ તો 'साध्य-सामानाधिरण्य'= 'हेतुव्यापकसाध्यसामानाधिकरण्य' સ્વરૂપ છે. અહીં 'સાધ્ય નિત્યત્વને અસમાનાધિકરણ શબ્દત્વ હેતુ છે' એવો નિશ્ચય થવાથી 'સાધ્ય નિત્યત્વને સમાનાધિકરણ શબ્દત્વ છે' આવા પ્રકારની વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થઈ જશે. આ જ દોષજ્ઞાનનું ફળ છે.

નોંધ : વ્યાપ્તિ બે પ્રકારની છે (૧) સાધ્યસામાનાધિકરણ્ય સ્વરૂપ (૨) સાધ્યાભાવવદવૃત્તિત્વ સ્વરૂપ. આ બેમાંથી ગમે તે એકનો પ્રતિબંધક હેતુ બને તે અસદ્હેતુ કહેવાય છે. હેતુમાં 'साध्याभाववद्वृत्तित्व'નો નિશ્ચય થાય તો साध्याभाववदवृत्तित्व' સ્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય અને 'साध्यासामानाधिकरण्य' નો નિશ્ચય થાય તો 'साध्यसामानाधिकरण्य' સ્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ થાય. અહીં 'शब्दत्व' હેતુ साध्याभाववद्માં = अनित्यत्ववद् घटादिમાં વૃત્તિ નથી. તેથી 'साध्याभाववदवृत्तित्व'નું જ્ઞાન તો થાય જ છે. માટે 'साध्याभाववदवृत्तित्व' સ્વરૂપ વ્યાપ્તિ જ્ઞાનનો પ્રતિબંધ ન બતાવતા, 'साध्यसामानाधिकरण्य' સ્વરૂપ વ્યાપ્તિજ્ઞાનનો પ્રતિબંધ બતાવ્યો છે.

(प०) पक्षमात्रेति। सर्वे ये सपक्षा विपक्षास्तेभ्यो व्यावर्तत इति सपक्षविपक्षव्यावृत्तः। केवलव्यतिरेकिवारणाय 'तद्भिन्न' इत्यपि देयम्।

* પદકૃત્ય *

જેટલા પણ સપક્ષો છે અને જેટલા પણ વિપક્ષો છે એ બધાથી જે વ્યાવૃત્ત હોય, તેને 'सर्वसपक्षविपक्षव्यावृत्त' કહેવાય છે.

અસાધારણ અનૈકાંતિક હેતુનું આ લક્ષણ, 'पृथिवीतरभेदवती गन्धवत्त्वात्', 'सर्वे जीवा आत्मवन्तः प्राणादिमत्त्वात्' ઇત્યાદિ સ્થળોના 'गन्धवत्त्व', 'प्राणादिमत्त्व' એ કેવલવ્યતિરેકી હેતુમાં પણ અતિવ્યાપ્ત થઈ જશે કારણ કે એ કેવલવ્યતિરેકી હેતુ પણ પક્ષમાત્રવૃત્તિ છે. એના વારણ માટે લક્ષણમાં 'केवलव्यतिरेकिभिन्नत्वे सति' આ પદનો નિવેશ પદકૃત્યકારે કર્યો છે.

નોંધ : અહીં એ ચિન્તનીય છે કે 'पृथिवी स्वेतरभेदवती गन्धवत्त्वात्' ઇત્યાદિ કેવલવ્યતિરેકી સ્થળોમાં

તો સાધ્ય માત્ર પક્ષમાં જ ઘટે છે. તેથી સપક્ષ જ અપ્રસિદ્ધ છે માટે 'સપક્ષ-વ્યાવૃત્તત્વ' સ્વરૂપ અસાધારણ દુષ્ટહેતુનું લક્ષણ કેવલવ્યતિરેકી હેતુમાં અતિવ્યાપ્ત થશે નહીં છતાં પદકૃત્યકારે એવું કેમ કહ્યું તે વિચારણીય છે.

અનુપસંહારી અનૈકાન્તિક

મૂલમ્ : અન્વયવ્યતિરેકદૃષ્ટાન્તરહિતોઽનુપસંહારી। યથા સર્વમનિત્યં પ્રમેયત્વાદિતિ। અત્ર સર્વસ્યાપિ પક્ષત્વાદ્ દૃષ્ટાન્તો નાસ્તિ॥

જેમાં અન્વયદ્રષ્ટાંત અને વ્યતિરેકદ્રષ્ટાંત ન મળે તેને અનુપસંહારી હેત્વાભાસ કહેવાય છે. દા.ત. → 'સર્વમનિત્યં પ્રમેયત્વાત્' અહીં સર્વ પદાર્થોને પક્ષ તરીકે ગણ્યા હોવાથી પક્ષથી ભિન્ન અન્વયદ્રષ્ટાંત કે વ્યતિરેકદ્રષ્ટાંત મળતું નથી. તેથી 'પ્રમેયત્વ' હેતુ અનુપસંહારી છે.

(ન્યા૦) અનુપસંહારિણં લક્ષયતિ-અન્વયેતિ। ઉભયત્ર દૃષ્ટાન્તાભાવાદન્વયવ્યાપ્તિજ્ઞાન-વ્યતિરેકવ્યાપ્તિજ્ઞાનોભયસામગ્રી નાસ્તીત્યર્થઃ। સર્વસ્યૈવ પક્ષત્વાત્પક્ષાતિરિક્તાપ્રસિદ્ધેરિતિ ભાવઃ॥

* ન્યાયબોધિની *

'અન્વયવ્યતિરેક.....' આ પ્રમાણે કહેવા દ્વારા અનુપસંહારીનું લક્ષણ કરે છે. (ઉપસંહાર = સમાપ્તિ અને અનુપસંહાર = સમાપ્તિનું ન હોવું. અન્વયવ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિની ક્રમશઃ સમાપ્તિ અન્વયદ્રષ્ટાંત અને વ્યતિરેકદ્રષ્ટાંતમાં થાય છે.) 'સર્વમનિત્યં પ્રમેયત્વાત્' ઇત્યાદિ સ્થળોમાં ઉભયત્ર = અન્વયવ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિ બંનેમાં દૃષ્ટાંતનો અભાવ હોવાથી અન્વય વ્યાપ્તિજ્ઞાન અને વ્યતિરેક વ્યાપ્તિજ્ઞાન બંનેની સામગ્રી નથી. બંનેમાં દૃષ્ટાંતનો અભાવ કેમ છે ? સર્વ એટલે બધી વસ્તુ પક્ષ હોવાથી પક્ષથી ભિન્ન કોઈ વસ્તુ જ પ્રસિદ્ધ ન હોવાથી અન્વય કે વ્યતિરેકદ્રષ્ટાંત મળતું નથી. આથી જ 'પ્રમેયત્વ' હેતુ 'અનુપસંહારી' છે.

(પ૦) અન્વયેતિ। કેવલાન્વયિન્યતિવ્યાપ્તિવારણાય અન્વયેતિ। કેવલવ્યતિરેકિણ્ય-તિવ્યાપ્તિવારણાય વ્યતિરેકેતિ। અત્રેતિ। ઉપદર્શિતાનુમાન ઇત્યર્થઃ॥

* પદકૃત્ય *

★ 'અન્વયવ્યતિરેકદૃષ્ટાન્તરહિતત્વમ્' આ અનુપસંહારીનું લક્ષણ છે. તેમાં 'અન્વય' પદનું ઉપાદાન ન કરીએ અને 'વ્યતિરેકદ્રષ્ટાંતથી રહિત હેતુને અનુપસંહારી કહેવાય છે' આટલું જ લક્ષણ કરીએ તો 'ઘટઃ જ્ઞેયઃ વાચ્યત્વાત્' ઇત્યાદિ કેવલાન્વયી હેતુમાં પણ આ લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય છે કારણ કે કેવલાન્વયી હેતુ પણ વ્યતિરેકદ્રષ્ટાંતથી રહિત હોય છે. તેથી લક્ષણમાં 'અન્વય' પદનો નિવેશ છે. ★ જો 'અન્વયદ્રષ્ટાંતથી રહિત હેતુને અનુપસંહારી કહેવાય છે' આટલું જ કહીએ તો 'સ્વેતરભેદવતી ગન્ધવત્ત્વાત્' ઇત્યાદિ કેવલવ્યતિરેકી હેતુમાં પણ આ લક્ષણ અતિવ્યાપ્ત થઈ જાય છે કારણ કે કેવલવ્યતિરેકી હેતુ પણ અન્વયદ્રષ્ટાંતથી રહિત હોય છે. તેથી લક્ષણમાં 'વ્યતિરેક' પદનો નિવેશ છે.

અનુપસંહારી હેત્વાભાસ જ ઉભયદ્રષ્ટાંતથી રહિત હોય છે. કેવલાન્વયી અને કેવલવ્યતિરેકી હેતુમાં તો એક દ્રષ્ટાંત મળે જ છે.

વિરૂદ્ધ - હેતુ

मूलम् : साध्यभावव्याप्तो हेतुर्विरुद्धः। यथा शब्दो नित्यः कृतकत्वादिति। कृतकत्वं हि नित्यत्वाभावेनानित्यत्वेन व्याप्तम्।

જે હેતુ સાધ્યાભાવને વ્યાપ્ત છે એટલે જે હેતુ સાધ્યના અભાવમાં જ રહે છે તે હેતુને વિરૂદ્ધ હેત્વાભાસ કહેવાય છે. દા.ત. → 'शब्दो नित्यः कृतकत्वात्' અહીં 'જ્યાં જ્યાં કૃતકત્વ છે ત્યાં ત્યાં અનિત્યત્વ છે' જેમ કે ઘટાદિ. અહીં 'कृतकत्व' હેતુ નિત્યત્વાભાવ = અનિત્યત્વને વ્યાપ્ત છે. તેથી 'કૃતકત્વ' હેતુ વિરૂદ્ધ છે.

(न्या०) विरुद्धं लक्षयति - साध्याभावव्याप्त इति॥ साध्याभावव्याप्तिः साध्याभावनिरूपितव्यतिरेकव्याप्तिः साध्यव्यापकीभूताभावप्रतियोगित्वम्। तथा च पक्षविशेष्यकसाध्याभावव्याप्यहेतुप्रकारकज्ञानात् पक्षविशेष्यकसाध्यप्रकारकानुमितिप्रतिबन्धः फलम्। एवं सत्प्रतिपक्षेऽपि। विरुद्ध-सत्प्रतिपक्षयोर्विशेषस्तु विरुद्धहेतोरेकत्वेन सत्प्रतिपक्षहेतोर्द्वित्वेन च ज्ञातव्यः। सत्प्रतिपक्षे द्वौ हेतू, विरुद्धे एको हेतुरितियावत्। साध्याभावसाधकहेतुः साध्यसाधकत्वेनोपन्यस्त इत्यसामर्थ्यसूचनमपि॥

* न्यायबोधिनी *

विरुद्धं.....प्रतियोगित्वम्। 'साध्याभावव्याप्त.....' આમ કહેવા દ્વારા વિરુદ્ધનું લક્ષણ કરે છે. (સાચો હેતુ સાધ્ય દ્વારા વ્યાપ્ત હોય છે = સાધ્યનિરૂપિત વ્યાપ્તિવાળો હોય છે. સાધ્યનિરૂપિત વ્યતિરેકવ્યાપ્તિ 'साध्याभावव्यापकीभूताभावप्रतियोगित्व' સ્વરૂપ હોય છે. જ્યારે) વિરુદ્ધ હેતુ સાધ્યાભાવ દ્વારા વ્યાપ્ત હોય છે = 'સાધ્યાભાવથી નિરૂપિત વ્યાપ્તિવાળો હોય છે.' સાધ્યભાવ દ્વારા નિરૂપિત વ્યાપ્તિ 'साध्यव्यापकीभूताभावप्रतियोगित्व' સ્વરૂપ હોય છે.

ટૂંકમાં કોઈપણ વ્યતિરેક વ્યાપ્તિ.....સ્વ અભાવવ્યાપકીભૂતાભાવપ્રતિયોગી સ્વરૂપ હોય છે.

દા.ત. → 'वह्निमान् धूमात्' આ સત્સ્થળ છે. તેમાં સ્વ = સાધ્ય, તેનો અભાવ = સાધ્યાભાવ = વહ્ન્યભાવ, તેનો વ્યાપકીભૂતાભાવ ધૂમાભાવ થયો અને ધૂમાભાવનો પ્રતિયોગી ધૂમ થયો. પ્રતિયોગિત્વ ધૂમમાં હોવાથી વ્યાપ્તિ ધૂમમાં ઘટે છે.

'शब्दो नित्यः कार्यत्वात्' આ અસત્સ્થળ છે. આ અનુમાનમાં સ્વ = સાધ્યાભાવ = નિત્યત્વાભાવ, તેનો અભાવ = સાધ્યાભાવાભાવ = નિત્યત્વાભાવાભાવ = સાધ્યનિત્યત્વ, એનો વ્યાપકીભૂતાભાવ = કાર્યત્વાભાવ, એનો પ્રતિયોગી 'કાર્યત્વ' થયો. આમ સાધ્યાભાવ નિરૂપિત વ્યાપ્તિ કૃતકત્વમાં હોવાથી હેતુ વિરુદ્ધ છે.

ટૂંકમાં જો આ 'કાર્યત્વ' હેતુ સદ્ હોત તો એમાં 'साध्याभावव्यापकीभूताभावप्रतियोगित्व'

ઘટત પરંતુ અહીં 'સાધ્યવ્યાપકીભૂતાભાવપ્રતિયોગિત્વ' ઘટે છે. તેથી નિશ્ચય થઈ જાય છે કે આ 'કાર્યત્વ' હેતુ સાધ્યનો વ્યાપ્ત નથી પરંતુ સાધ્યાભાવનો વ્યાપ્ત છે. તેથી જ 'કાર્યત્વ' હેતુને વિરૂદ્ધ હેત્વાભાસ કહેવાશે.

तथा च.....सत्प्रतिपक्षेऽपि । 'शब्दो नित्यः कार्यत्वात्' આ સ્થળે (સાધ્યાભાવ = નિત્યત્વાભાવ =) 'અનિત્યત્વને વ્યાપીને રહેલો કાર્યત્વહેતુવાળો શબ્દ છે' તેવું જ્ઞાન થયું છે. આ જ્ઞાનમાં પક્ષરૂપે બતાવેલો 'શબ્દ' વિશેષ્ય બને છે અને 'સાધ્યાભાવવ્યાપ્યકાર્યત્વહેતુ' એ પ્રકાર બને છે. માટે પક્ષવિશેષ્યક સાધ્યાભાવવ્યાપ્યહેતુપ્રકારક જ્ઞાન થવાથી, પક્ષવિશેષ્યક સાધ્યપ્રકારક એ પ્રમાણેની અનુમિતિનો પ્રતિબન્ધ થાય છે. આ જ વિરોધદોષના જ્ઞાનનું ફળ છે. એ પ્રમાણે સત્પ્રતિપક્ષમાં પણ સાધ્યાભાવવ્યાપ્યવત્તાના જ્ઞાનથી સાધ્યવત્તાની અનુમિતિ પ્રતિબંધિત થાય છે.

નોંધ : અહીં સાધ્યાભાવવ્યાપ્યહેતુમાન્પક્ષ આ પ્રમાણેના જ્ઞાનથી સાધ્યવ્યાપ્યહેતુમાન્ પક્ષ આ પ્રમાણેના પરામર્શનો પ્રતિબંધ થવો જોઈએ તો પછી સાધ્યવાન્ પક્ષ = પક્ષવિશેષ્યક સાધ્યપ્રકારક અનુમિતિનો પ્રતિબંધ ન્યાયબોધિનીકારે કેમ દર્શાવ્યો તે વિચારણીય છે.

विरुद्ध.....सूचनमपि ॥

શંકા : જો વિરૂદ્ધ અને સત્પ્રતિપક્ષ બન્નેના દોષાકાર સમાન છે અને બન્ને જો અનુમિતિ પ્રતિ પ્રતિબંધક છે તો પછી પૃથક્ પૃથક્ દોષોનું વર્ણન કેમ કર્યું?

સમા. : વિરૂદ્ધ સ્થળે સાધ્યનો સાધક હેતુ જ સાધ્યાભાવનો સાધક (વ્યાપ્ય) હોય છે જ્યારે સત્પ્રતિપક્ષસ્થળે સાધ્યનો સાધક જે હેતુ છે, તેનાથી ભિન્ન હેતુ સાધ્યાભાવનો સાધક (= વ્યાપ્ય) છે. આમ, વિરૂદ્ધસ્થળે એક હેતુનો પ્રયોગ થાય છે અને સત્પ્રતિપક્ષસ્થળે બે હેતુનો પ્રયોગ થાય છે. બીજી વાત એ પણ છે કે વિરૂદ્ધસ્થળમાં જે હેતુ સાધ્યાભાવને સિદ્ધ કરી શકે છે એ જ હેતુ સાધ્યને સિદ્ધ કરવા માટે અનુમાનમાં મૂકાયો છે તે ઘણી મોટી ક્ષતિ છે. માટે અનુમાનકર્તાના અજ્ઞાનવિશેષનું પણ સૂચન થાય છે.

(प०) विरुद्धं लक्षयति-साध्येति। सद्धेतुवारणाय साध्याभावव्याप्त इति। सत्प्रतिपक्षवारणाय 'सत्प्रतिपक्षभिन्न' इत्यपि बोध्यम्। कृतेति। कार्यत्वादित्यर्थः। कृतकत्वमिति। अनित्यत्वेन व्याप्तमिति। यद्यत्कृतकं तत्तदनित्यमिति व्याप्तिर्भवत्येव तथेति भावः॥

* પદકૃત્ય *

'साध्यभाव...' ઇત્યાદિ દ્વારા વિરૂદ્ધનું લક્ષણ કરે છે.

★ 'हेतुः विरुद्धः' આટલું જ વિરૂદ્ધહેતુનું લક્ષણ કરીએ તો સદ્હેતુમાં પણ આ લક્ષણ અતિવ્યાપ્ત થશે કારણ કે સદ્હેતુ પણ હેતુ તો છે જ. 'साध्याभावव्याप्त' પદના નિવેશથી સદ્હેતુમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સદ્હેતુ તો સાધ્યનો વ્યાપ્ય છે, સાધ્યાભાવનો નહીં.

★ 'साध्याभावव्याप्तो हेतुर्विरुद्धः' આવું લક્ષણ કરવા છતાં પણ સત્પ્રતિપક્ષમાં અતિવ્યાપ્તિ આવે છે કારણ કે 'शब्दो नित्यः श्रावणत्वात्' 'शब्दोऽनित्यः कृतकत्वात्' ઇત્યાદિ સત્પ્રતિપક્ષ

સ્થળમાં બે હેતુમાંથી બીજો હેતુ સાધ્યાભાવનો વ્યાપ્ત હોય છે. એના વારણ માટે લક્ષણમાં 'સત્પ્રતિપક્ષભિન્નત્વે સતિ' આ પદનો નિવેશ પણ કરવો જોઈએ.

'कृतकत्वात्' નો 'कार्यत्वात्' એ પ્રમાણે અર્થ સમજવો. 'शब्दो नित्यः कार्यत्वात्' અહીં જે 'કાર્યત્વ' હેતુ છે તે સાધ્યાભાવ = અનિત્યત્વનો વ્યાપ્ત છે. અર્થાત્ 'જે જે કાર્ય છે તે તે અનિત્ય છે' એવી વ્યાપ્તિ થાય છે.

सत्प्रतिपक्ष हेतु

मूलम् : साध्याभावसाधकं हेत्वन्तरं यस्य स सत्प्रतिपक्षः। यथा शब्दो नित्यः श्रावणत्वाच्छब्दत्ववत्। शब्दोऽनित्यः कार्यत्वाद् घटवत्॥

જે હેતુના સાધ્યના અભાવને સિદ્ધ કરી આપે એવો જો બીજો હેતુ મળી જાય તો પહેલા હેતુને સત્પ્રતિપક્ષ કહેવાય છે. દા.ત. → 'शब्दो नित्यः श्रावणत्वात् शब्दत्ववत्' 'शब्दोऽनित्यः कृतकत्वाद् घटवत्' (અહીં 'श्रावणत्व' હેતુનું જે સાધ્ય 'नित्यत्व' છે, તેનો અભાવ અનિત્યત્વ છે, તેને સિદ્ધ કરી આપે એવો 'કાર્યત્વ' હેતુ વિદ્યમાન છે તેથી 'શ્રાવણત્વ' હેતુ સત્પ્રતિપક્ષ-હેત્વાભાસ કહેવાય છે.)

નોંધ : સત્પ્રતિપક્ષ સ્થળે બંને હેતુના પક્ષ એક જ હોય છે. જે બે હેતુઓ હોય છે, તેમાં એક સાધ્યનો સાધક અને બીજો સાધ્યાભાવનો સાધક હોય છે.

(प०) सत्प्रतिपक्षं लक्षयति-साध्येति। यस्य=हेतोः साध्याभावसाधकं=साध्याभावस्यानुमापकं हेत्वन्तरं=प्रतिपक्षो हेतुः विद्यते स हेतुः 'सत्प्रतिपक्ष' इत्यर्थः। अयमेव प्रकरणसम इत्युच्यते। विरुद्धवारणाय हेत्वन्तरं यस्येति। वह्न्यादिवारणाय साध्याभावेति ॥

* पदकृत्य *

अयमेव...પ્રાચીન ગ્રન્થોમાં આ સત્પ્રતિપક્ષને જ 'પ્રકરણસમ' કહ્યો છે.

★ જો 'साध्याभावसाधकं सत्प्रतिपक्षः' આટલું જ સત્પ્રતિપક્ષનું લક્ષણ કરીએ તો વિરૂદ્ધહેતુમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે વિરૂદ્ધહેતુ પણ સાધ્યાભાવને સિદ્ધ કરે છે.

એ અતિવ્યાપ્તિના વારણ માટે લક્ષણમાં 'हेत्वन्तरं यस्य' પદનો નિવેશ કર્યો છે. હવે અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે વિરૂદ્ધ હેતુ પોતે જ સાધ્યાભાવને સિદ્ધ કરી આપે છે. જ્યારે સત્પ્રતિપક્ષ સ્થળે તો સાધ્યાભાવનો સાધક બીજો હેતુ હોય છે.

★ આ લક્ષણમાં સાધ્યાભાવ ન લખીએ અને 'साधकं हेत्वन्तरं यस्य स सत्प्रतिपक्षः' અર્થાત્ 'જે સાધ્યનો સાધક બીજો હેતુ છે તે સત્પ્રતિપક્ષ કહેવાય' આટલું જ લક્ષણ કરીએ તો સાધ્ય વહ્ન્યાદિમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે 'पर्वतो वह्निमान् धूमात्' અહીં વહ્નિરૂપ સાધ્યને સિદ્ધ કરનારો હેત્વન્તર = બીજો હેતુ 'આલોક' પણ છે. પરંતુ લક્ષણમાં 'સાધ્યાભાવ' પદના નિવેશથી આ અતિવ્યાપ્તિ દૂર થઈ જશે કારણ કે ભલે ધૂમ, આલોકાદિ હેતુ વહ્નિસ્વરૂપ

સાધ્યને સિદ્ધ કરે છે પરંતુ સાધ્યના અભાવને નહીં.

નોંધ : લક્ષણમાં 'સાધ્યાભાવ' પદનો નિવેશ ન હોય ત્યારે 'यस्य' પદથી 'यस्य साध्यस्य'નો બોધ થાય છે. તેથી 'यस्य साध्यस्य साधकं हेत्वन्तरं स सत्प्रतिपक्षः' આ પ્રમાણે અર્થ થાય છે. તેથી વહ્ન્યાદિમાં અતિવ્યાપ્તિ આપી છે, પરંતુ લક્ષણમાં 'સાધ્યાભાવ' પદના નિવેશથી 'यस्य' પદથી 'यस्य हेतोः' નો બોધ થાય છે. તેથી 'यस्य हेतोः साध्याभावसाधकं हेत्वन्तरं स हेतुः सत्प्रतिपक्षः' આવો અર્થ થવાથી વહ્ન્યાદિમાં અતિવ્યાપ્તિનું વારણ થયું છે.

અસિદ્ધ હેતુ

मूलम् : असिद्धस्त्रिविधः-आश्रयासिद्धः स्वरूपासिद्धो व्याप्यत्वासिद्धश्चेति॥

અસિદ્ધહેતુ ત્રણ પ્રકારનો છે - આશ્રયાસિદ્ધ, સ્વરૂપાસિદ્ધ અને વ્યાપ્યત્વાસિદ્ધ .

(प०) असिद्धं विभजते-असिद्ध इति। आश्रयासिद्धाद्यन्यतमत्वमसिद्धत्वम्॥

* પદકૃત્ય *

આશ્રયાસિદ્ધ, સ્વરૂપાસિદ્ધ અને વ્યાપ્યત્વાસિદ્ધ આ ત્રણેયને અસિદ્ધ કહેવાય છે.

આશ્રયાસિદ્ધ હેતુ

मूलम् : आश्रयासिद्धो यथा गगनारविन्दं सुरभि, अरविन्दत्वात् सरोजारविन्दवत्। अत्र गगनारविन्दमाश्रयः स च नास्त्येव॥

જે હેતુનો પક્ષ (આશ્રય) જગતમાં વિદ્યમાન ન હોય તેને આશ્રયાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે. દા.ત. → 'गगनारविन्दं सुरभि, अरविन्दत्वात् सरोजारविन्दवत्' અર્થાત્ 'આકાશપુષ્પ સુગંધી છે કારણ કે એમાં પુષ્પપણુ છે' આ અનુમાનમાં 'અરવિન્દત્વ' હેતુનો આશ્રય 'ગગનારવિન્દ' જગતમાં પ્રસિદ્ધ નથી. તેથી *'અરવિન્દત્વ' હેતુ આશ્રયાસિદ્ધ હેત્વાભાસ કહેવાય છે.*

(न्या०) आश्रयासिद्ध इति। आश्रयासिद्धिर्नाम पक्षतावच्छेदकविशिष्टपक्षाप्रसिद्धिः। यथेति। अत्रारविन्दे गगनीयत्वाभावे निश्चिते गगनीयत्वविशिष्टारविन्दे सौरभ्यानुमितिप्रतिबन्धः फलम्॥

* ન્યાયબોધિની *

પક્ષતાવચ્છેદકથી વિશિષ્ટ પક્ષની અપ્રસિદ્ધિને 'આશ્રયાસિદ્ધિ' નામનો દોષ કહેવાય છે. દા.ત. → 'गगनारविन्दं सुरभि, अरविन्दत्वात्' આ સ્થળમાં 'ગગનારવિન્દ' એ પક્ષ છે, પક્ષતાનો અવચ્છેદક ગગનારવિન્દત્વ તથા ગગનીયત્વ છે. (ગગનીય = ગગનસંબંધી) અહીં પક્ષતાવચ્છેદક = ગગનીયત્વથી વિશિષ્ટ અરવિન્દરૂપ પક્ષની સર્વથા અપ્રસિદ્ધિ છે. એટલે કે પક્ષ અરવિન્દમાં પક્ષતાવચ્છેદક ગગનીયત્વનો અભાવ છે, એવો નિશ્ચય થયો હોવાથી 'ગંગનારવિન્દમાં સુરભિત્વ છે' આવી અનુમિતિનો પ્રતિબંધ થાય છે. આ જ આશ્રયાસિદ્ધિ દોષજ્ઞાનનું ફળ છે.

વિશેષાર્થ : અનુમિતિ 'સાધ્યવાન્ પક્ષ' ઇત્યાકારક હોય છે. પરંતુ આશ્રયાસિદ્ધિ દોષમાં જ્યારે પક્ષ જ અપ્રસિદ્ધ હોય તો એ પક્ષનું અવલમ્બન કરીને અનુમિતિ કેવી રીતે થઈ શકે?

શંકા : ગગનારવિન્દ રૂપ પક્ષમાં ગગનીયત્વ તો ગગનારવિન્દ સિવાય બીજે પણ હોવાથી અતિપ્રતિસક્ત ધર્મ છે. તેને પક્ષતાવચ્છેદક કેમ કહેવાય ?

સમા. : એવો નિયમ નથી કે અવચ્છેદક હંમેશા અનતિરિક્ત વૃત્તિ જ હોય. 'ઘટવદ્ભૂતલમ્' આ સ્થળમાં પ્રકાર તરીકેથી વિશેષ ઘટની વિવક્ષા હોવા છતાં પણ તે 'ઘટત્વ' રૂપી સામાન્ય ધર્મથી જેમ અવિચ્છન્ન હોય છે તેમજ વિષયતા વિશેષ જે પક્ષતા છે, તે પણ 'ગગનીયત્વ'થી અવચ્છિન્ન બની શકે છે.

(પ૦) આશ્રયાસિદ્ધત્વં ચ પક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષકત્વમ્। ભવતિ હિ અરવિન્દત્વે ગગનીયત્વરૂપપક્ષતાવચ્છેદકાભાવવત્પક્ષકત્વમ્, અરવિન્દરૂપપક્ષે ગગનીયત્વવિરહાત્। નનુ કિમરવિન્દે ગગનીયત્વવિરહોઽત આહ-અત્રેતિ। ઉપદર્શિતાનુમાન ઇત્યર્થઃ॥

* પદકૃત્ય *

આશ્રયાસિદ્ધ કોને કહેવાય ? પક્ષતાવચ્છેદકના અભાવવાળો પક્ષ છે જે હેતુનો, તે હેતુને આશ્રયાસિદ્ધ કહેવાય છે. **દા.ત.** → 'ગગનારવિન્દં સુરભિ, અરવિન્દત્વાત્' આ અનુમાન સ્થળમાં 'અરવિન્દત્વ' હેતુ આશ્રયાસિદ્ધ છે કારણ કે અરવિન્દાત્મક પક્ષમાં ગગનીયત્વનો અભાવ છે.

સ્વરૂપાસિદ્ધ હેતુ

મૂલમ્ : સ્વરૂપાસિદ્ધો યથા શબ્દો ગુણશ્ચાક્ષુષત્વાત્, રૂપવત્। અત્ર ચાક્ષુષત્વં શબ્દે નાસ્તિ, શબ્દસ્ય શ્રાવણત્વાત્।

'શબ્દો ગુણશ્ચાક્ષુષત્વાત્, રૂપવત્' અર્થાત્ 'શબ્દ એ ગુણ છે, ચક્ષુવડે ગ્રાહ્ય હોવાથી રૂપની જેમ.' અહીં 'ચાક્ષુષત્વ' = 'ચક્ષુગ્રાહ્યત્વ' હેતુ પક્ષ એવા શબ્દમાં રહેતો નથી કારણ કે તે શ્રોત્રથી ગ્રાહ્ય છે. માટે 'ચાક્ષુષત્વ' હેતુને સ્વરૂપાસિદ્ધ કહેવાય છે.

નોંધ : સ્વરૂપાસિદ્ધનું લક્ષણ મૂળમાં બતાવ્યું નથી. મૂળમાં સીધું ઉદાહરણ જ જણાવ્યું છે. લક્ષણ ટીકાકારે જણાવ્યું છે.

(ન્યા૦) સ્વરૂપાસિદ્ધ ઇતિ। સ્વરૂપાસિદ્ધિર્નામ પક્ષે હેત્વભાવઃ। તથા ચ હેત્વભાવ-વિશિષ્ટપક્ષજ્ઞાનાત્પક્ષવિશેષ્યકહેતુપ્રકારકપરામર્શાનુપપત્ત્યા પરામર્શપ્રતિબન્ધઃ ફલમ્॥

* ન્યાયબોધિની *

પક્ષમાં હેતુનો અભાવ એ સ્વરૂપાસિદ્ધિ નામનો દોષ છે. **દા.ત.** → 'શબ્દો ગુણશ્ચા-ક્ષુષત્વાત્' આ સ્થળમાં શબ્દરૂપ પક્ષમાં 'ચાક્ષુષત્વ' હેતુનો અભાવ છે. માટે 'હેત્વાભાવવાન્

पक्षः' આવું જ્ઞાન થવાથી 'हेतुमान् पक्षः' = પક્ષવિશેષ્યક હેતુપ્રકારક એવા પરામર્શ જ્ઞાનનો પ્રતિબંધ થાય છે. જોકે, સાધ્યવ્યાપ્ય હેતુમાન્ પક્ષ આવું જ્ઞાન પરામર્શ કહેવાય છે. પરંતુ પરામર્શના હેતુમાન્ પક્ષ = પક્ષધર્મતા આ અંશનો વિરોધ કરે છે. માટે પરામર્શનો પણ પ્રતિબંધ થાય છે.

નોંધ : સ્વરૂપાસિદ્ધિની આ વ્યાખ્યા ન્યાયદર્શન અનુસાર કરાઈ છે. જૈનન્યાયમાં તો પક્ષમાં હેતુ ન રહેવા માત્રથી તે હેતુ અસદ્ નથી કહેવાતો. **દા.ત.** → 'अयं ब्राह्मणः पित्रोः ब्राह्मणत्वात्' અર્થાત્ 'આ પુત્ર બ્રાહ્મણ છે કારણ કે તેના માતા-પિતા બ્રાહ્મણ છે', 'गवयो गोसदृशो गोः गवयसदृशत्वात्' અર્થાત્ 'ગવય એ ગોસદૃશ છે કારણ કે ગો ગવયસદૃશ છે.' અહીં માતા-પિતામાં રહેલો બ્રાહ્મણત્વ રૂપ હેતુ પુત્રાત્મક પક્ષમાં અવર્તમાન છે અને ગોમાં ગવયસદૃશત્વ નામનો હેતુ રહે છે, ગવયમાં નહીં. તેથી અહીં પણ હેતુ પક્ષમાં અવર્તમાન છે. છતાં પણ ઉપરોક્ત બન્ને સદ્હેતુ જ છે.

(પ૦) पक्षे हेत्वभावः स्वरूपासिद्धिः। सद्धेत्वभावेऽतिव्याप्तिवारणाय पक्षे इति। घटाद्यभाववारणाय हेत्विति। सोऽयं स्वरूपासिद्धः शुद्धासिद्ध-भागासिद्ध-विशेषणासिद्ध-विशेष्यासिद्धभेदेन - चतुर्विधः। तत्राद्यस्तूपदर्शित एव। द्वितीयो तथा - 'उद्भूतरूपादिचतुष्टयं गुणः, रूपत्वादि'त्यत्र रूपत्वहेतोः पक्षैकदेशावृत्तित्वेन तस्य भागे स्वरूपासिद्धत्वम्। तृतीयो यथा-'वायुः प्रत्यक्षः, रूपवत्त्वे सति स्पर्शवत्त्वादि' त्यत्र रूपवत्त्वविशेषणस्य वायाववृत्तेस्तद्विशिष्टस्पर्शवत्त्वस्यापि तथात्वेन तस्य स्वरूपासिद्धत्वं निर्वहति, विशेषणाभावे विशिष्टस्याप्यभावात्। तुरीयो यथा-अत्रैव विशेषणविशेष्यवैपरीत्येन हेतुः तस्य स्वरूपासिद्धत्वं तु विशेष्याभावप्रयुक्तविशिष्टाभावादिति बोध्यम्॥

---

* પદકૃત્ય *

पक्षे हेत्वभावः.....दर्शित एव। 'પક્ષમાં હેતુનું ન રહેવું' એ સ્વરૂપાસિદ્ધિ દોષ કહેવાય છે.

★ જો 'हेत्वभावः स्वरूपासिद्धिः' આટલું જ કહીશું તો 'पर्वतो वह्निमान् धूमात्' ઇત્યાદિ સ્થળના ધૂમાદિ સદ્હેતુને પણ સ્વરૂપાસિદ્ધ હેત્વાભાસ કહેવું પડશે કારણ કે ધૂમનો અભાવ જલમાં તો મળે જ છે. પરંતુ 'पक्षे हेत्वभावः' કહો તો પર્વતાત્મક પક્ષમાં ધૂમ હેતુ રહેતો હોવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ નહીં આવશે.

★ 'पक्षेऽभावः स्वरूपासिद्धिः' આટલું જ લક્ષણ કરીએ તો પૂર્વોક્તસ્થળના પક્ષ = પર્વતમાં ઘટાદિનો અભાવ મળવાથી સ્વરૂપાસિદ્ધિની આપત્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'હેતુ' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પર્વતમાં ઘટાદિનો અભાવ મળવા છતાં પણ હેતુ ધૂમનો અભાવ નથી મળતો.

આ સ્વરૂપાસિદ્ધ, 'શુદ્ધાસિદ્ધ, ભાગાસિદ્ધ, વિશેષણાસિદ્ધ અને વિશેષ્યાસિદ્ધ' ભેદથી ચાર

પ્રકારનો છે. એમાંથી જે હેતુ પક્ષમાત્રમાં ન રહે તે હેતુને શુદ્ધાસિદ્ધ કહેવાય છે. આ શુદ્ધાસિદ્ધનું દ્રષ્ટાંત તો મૂલકાર બતાવી ગયા છે.

द्वितीयो तथा.....स्वरूपासिद्धत्वम् । જે હેતુ પક્ષના એક ભાગમાં ન રહે તે હેતુને ભાગાસિદ્ધ કહેવાય છે. **दा.त.** → 'उद्भूतरूपादिचतुष्टयं गुणो रूपत्वात्' આ સ્થળમાં 'રૂપત્વ' હેતુ ઉદ્ભૂતરૂપમાં તો છે પરંતુ પક્ષ અન્તર્ગત ઉદ્ભૂતરસાદિમાં નથી. આથી 'રૂપત્વ' હેતુ ભાગાસિદ્ધ થયો.

तृतीयो यथा.....विशिष्टस्याप्यभावात् । જે હેતુનો વિશેષણભાગ પક્ષમાં ન રહે તે હેતુ વિશેષણાસિદ્ધ કહેવાય છે. **दा.त.** → 'वायुः प्रत्यक्षः, रूपवत्त्वे सति स्पर्शवत्त्वात्' આ સ્થળમાં હેતુમાં વિશેષણીભૂત જે 'રૂપવત્ત્વ' છે તે વાયુમાં નથી. તેથી તેમાં तद्विशिष्ट = 'रूपवत्त्वविशिष्टस्पर्शवत्त्व'નો પણ અભાવ છે. કારણ કે વિશેષણનો અભાવ હોય ત્યાં વિશિષ્ટનો પણ અભાવ કહેવાય છે. અહીં વાયુમાં હેતુના વિશેષણ અંશનો અભાવ હોવાથી હેતુ વિશેષણાસિદ્ધ નામક સ્વરૂપાસિદ્ધ કહેવાય છે.

तुरीयो यथा..... बोध्यम् ॥ જે હેતુનો વિશેષ્યભાગ પક્ષમાં ન રહે તે હેતુ વિશેષ્યાસિદ્ધ કહેવાય છે. ઉપરના જ અનુમાનમાં વિશેષણને વિશેષ્યના સ્થાને તથા વિશેષ્યને વિશેષણના સ્થાને મુકવાથી 'वायुः प्रत्यक्षः, स्पर्शवत्त्वे सति रूपवत्त्वात्' આવું અનુમાન બને છે. અહીં વાયુમાં 'રૂપવત્ત્વસ્વરૂપ વિશેષ્ય ન હોવાથી 'स्पर्शवत्त्वविशिष्टरूपवत्त्व' હેતુ પણ નથી. આમ વાયુમાં હેતુના વિશેષ્ય અંશનો અભાવ હોવાથી હેતુ વિશેષ્યાસિદ્ધ નામક સ્વરૂપાસિદ્ધ કહેવાય છે. અને વાયુમાં જે વિશિષ્ટાભાવ છે તે વિશેષ્યાભાવપ્રયુક્ત = વિશેષ્યના અભાવને કારણે થયેલો વિશિષ્ટાભાવ જાણવો.

(જેમ 'दण्डिपुरुषः' આ સ્થળમાં દંડ એ વિશેષણ છે, પુરુષ એ વિશેષ્ય છે અને દંડીપુરુષનું જ્ઞાન એ વિશિષ્ટનું જ્ઞાન છે. આ વિશિષ્ટનું જ્ઞાન બંનેની હાજરી હોય તો જ થાય છે. બંનેનો અથવા એકનો પણ અભાવ હોય ત્યારે થતું નથી ત્યારે વિશિષ્ટનો અભાવ જ કહેવાય છે. અર્થાત્ 'દણ્ડ' ન રહેવા છતા પણ 'दण्डिपुरुषः नास्ति' એવો વિશિષ્ટાભાવ મળી જાય છે અને દણ્ડ જો હોય અને પુરુષ ન હોય તો પણ 'दण्डिपुरुषः नास्ति' એવો વિશિષ્ટાભાવ મળી જાય છે. તેવી જ રીતે 'वायुः प्रत्यक्षः स्पर्शवत्त्वे सति रूपवत्त्वम्' આ અનુમાનના પક્ષમાં હેતુનો વિશેષણભાગ 'स्पर्शवत्त्व' છે અને વિશેષ્યભાગ 'रूपवत्त्व ' નથી. તેથી વિશેષ્યના અભાવને કારણે વિશિષ્ટનો = સ્પર્શવત્ત્વવિશિષ્ટ રૂપવત્ત્વનો અભાવ કહેવાશે. માટે સમગ્ર હેતુનો અભાવ પક્ષમાં કહેવાશે.)

વ્યાપ્યત્વાસિદ્ધ હેતુ

मूलम् : सोपाधिको हेतुर्व्याप्यत्वासिद्धः। साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वमुपाधिः। साध्यसमानाधिकरणात्यन्ताभावाप्रतियोगित्वं साध्यव्यापकत्वम्। साधनवन्निष्ठात्यन्ताभावप्रतियोगित्वं साधनाव्यापकत्वम्। पर्वतो धूमवान् वह्निमत्त्वादित्यत्रार्द्रेन्धनसंयोग उपाधिः। यत्र धूमस्तत्रार्द्रेन्धनसंयोग इति साध्यव्यापकता। यत्र

वह्निस्तत्रार्द्रेन्धनसंयोगो नास्ति, अयोगोलके आर्द्रेन्धनसंयोगाभावादिति साधनाव्यापकता। एवं साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वादार्द्रेन्धनसंयोग उपाधिः। सोपाधिकत्वाद्वह्निमत्त्वं व्याप्यत्वासिद्धम्।

જે હેતુ ઉપાધિવાળો હોય તેને વ્યાપ્યત્વાસિદ્ધ કહેવાય છે. **ઉપાધિ કોને કહેવાય**? જે સાધ્યની સાથે વ્યાપક હોય અને હેતુ = સાધનની સાથે અવ્યાપક હોય, તેની ઉપાધિ કહેવાય છે.

દા.ત. → 'पर्वतो धूमवान् वह्निमत्त्वात्' અહીં **'આર્દ્રેન્ધનસંયોગ' એ ઉપાધિ છે.** કેવી રીતે ?

(૧) આર્દ્રેન્ધનસંયોગ, સાધ્ય ધૂમનો વ્યાપક છે. કારણ કે 'જ્યાં જ્યાં ધૂમ હોય છે ત્યાં ત્યાં આર્દ્રેન્ધનસંયોગ છે જ' (આર્દ્ર = ભીના. ઈન્ધન = બળતણનો સંયોગ.) આ પ્રમાણેની વ્યાપ્તિથી સમજી શકાય છે કે આર્દ્રેન્ધનસંયોગમાં ધૂમનું વ્યાપકત્વ છે.

(૨) આર્દ્રેન્ધનસંયોગ, હેતુ વહ્નિનો અવ્યાપક પણ છે. કારણ કે 'જ્યાં જ્યાં વહ્નિ છે ત્યાં ત્યાં આર્દ્રેન્ધનસંયોગ નથી'. અયોગોલકમાં વહ્નિ છે, પરંતુ આર્દ્રેન્ધનસંયોગ નથી. તેથી આર્દ્રેન્ધનસંયોગમાં સાધન વહ્નિનનું અવ્યાપકત્વ છે.

આ રીતે સાધ્યધૂમનો વ્યાપક અને હેતુ વહ્નિનનો અવ્યાપક આર્દ્રેન્ધનસંયોગ હોવાથી આર્દ્રેન્ધનસંયોગ એ ઉપાધિ છે. અને વહ્નિ હેતુ ઉપાધિવાળો હોવાથી વ્યાપ્યત્વાસિદ્ધ છે.

આ જ વાતને ન્યાયની ભાષામાં કહીએ તો... साध्यसमानाधिकरणात्यन्ताभावाप्रतियगित्वं साध्यव्यापकत्वम्। साधनवन्निष्ठात्यन्ताभावप्रतियोगित्वं साधनाव्यापकत्वम्।

साध्यव्यापकत्व = 'साध्यसमानाधिकरणात्यंताभावाप्रतियोगित्व' અર્થાત્ સાધ્યના અધિકરણમાં રહેલો જે અત્યંતાભાવ છે તેનું અપ્રતિયોગિત્વ. તે આ રીતે.... સાધ્યધૂમના અધિકરણ પર્વતાદિમાં રહેનારો અત્યંતાભાવ ઘટાદિનો મળે છે પરંતુ આર્દ્રેન્ધનસંયોગનો અત્યંતાભાવ મળતો નથી. તેથી ઘટાદિ, અત્યંતાભાવના પ્રતિયોગિ બનશે અને અપ્રતિયોગિ આર્દ્રેન્ધનસંયોગ બનશે. તેથી આર્દ્રેન્ધનસંયોગમાં સાધ્યધૂમના સમાનાધિકરણ પર્વતાદિમાં રહેલ અત્યંતાભાવનું અપ્રતિયોગિત્વ ઘટશે.

साधनाव्यापकत्व = 'साधनवन्निष्ठात्यन्ताभावप्रतियोगित्व' અર્થાત્ સાધનવત્માં રહેલો જે અત્યંતાભાવ છે તેનું પ્રતિયોગિત્વ. તે આ રીતે.... સાધનવત્ = વહ્નિમત્ જે અયોગોલક છે તેમાં આર્દ્રેન્ધનસંયોગનો અત્યંતાભાવ મળે છે કારણ કે, અયોગોલકમાં આર્દ્રેન્ધનસંયોગ નથી. તેથી આર્દ્રેન્ધનસંયોગ અત્યંતાભાવનો પ્રતિયોગિ બનશે. અર્થાત્ આર્દ્રેન્ધનસંયોગમાં સાધનવત્ = વહ્નિમત્ અયોગોલકમાં રહેલ અત્યંતાભાવનું પ્રતિયોગિત્વ ઘટશે.

તેથી આર્દ્રેન્ધનસંયોગમાં 'साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्व = साध्यसमानाधिकरणात्यन्ताभावाप्रतियगित्वे सति साधनवन्निष्ठात्यन्ताभावप्रतियोगित्वम्।'આ ઉપાધિનું લક્ષણ

ઘટી જશે. માટે આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિ છે.

(ન્યા૰) व्याप्यत्वासिद्ध इति। प्रकृते धूमव्यापकत्वमार्द्रेन्धनसंयोगे गृहीतं चेद् धूमे आर्द्रेन्धनसंयोगव्याप्यत्वं गृहीतम्। एवं वह्नेरव्यापकत्वमार्द्रेन्धनसंयोगे गृहीतं चेद्वह्नौ तदव्याप्यत्वं गृहीतम्। तदेव व्यभिचरितत्वम्। तथा चोपाधिव्यभिचरितत्वं साधने गृहीतं चेदुपाधिभूतार्द्रेन्धनसंयोगव्याप्यधूमव्यभिचारित्वं गृहीतमेव। अनुमानप्रकारश्च पूर्वानुमानहेतुं पक्षीकृत्य 'वह्निर्धूमव्यभिचारी, धूमव्यापकार्द्रेन्धनसंयोगव्यभिचारित्वात्, घटत्वादिवत्। यो यो यत्साध्यव्यापकव्यभिचारी स सर्वोऽपि तत्साध्यव्यभिचारी 'ति। एवं प्रकारेण प्रकृतानुमानहेतुभूते पक्षे साध्यव्यभिचारोत्थापकतया दूषकत्वमुपाधेः फलम्। तथा च धूमाभाववद्वृत्तित्वरूपधूमव्यभिचारे गृहीते वह्नौ धूमाभाववदवृत्तित्वरूपव्याप्तिज्ञानप्रतिबन्धः फलम् ॥

* ન્યાયબોધિની *

व्याप्यत्वासिद्ध इति.....गृहीतमेव । પ્રકૃતે = 'પર્વતો ધૂમવાન્ વહ્નેઃ' આ વ્યભિચારી સ્થલમાં આર્દ્રેન્ધનસંયોગ ઉપાધિ છે. અહીં સાધ્ય ધૂમનો વ્યાપક આર્દ્રેન્ધનસંયોગ છે, તેથી ધૂમ પણ આર્દ્રેન્ધનસંયોગનો વ્યાપ્ય બની જશે. એવી જ રીતે જો વહ્નિનો અવ્યાપક આર્દ્રેન્ધનસંયોગ છે, તો વહ્નિ પણ આર્દ્રેન્ધનસંયોગની અવ્યાપ્ય થશે.

અવ્યાપ્યત્વ = વ્યાપ્તિનો અભાવ, જે વ્યભિચરિતત્વ = વ્યભિચારસ્વરૂપ છે. આમ વહ્નિ આર્દ્રેન્ધનસંયોગની અવ્યાપ્ય છે એટલે વહ્નિ, ઉપાધિરૂપ આર્દ્રેન્ધનસંયોગની વ્યભિચારી છે, અને જો વહ્નિ આર્દ્રેન્ધનસંયોગની વ્યભિચારી છે તો આર્દ્રેન્ધનસંયોગના વ્યાપ્ય એવા ધૂમની પણ વ્યભિચારી હોવી જોઈએ કારણ કે જે વ્યાપકનો વ્યભિચારી હોય તે વ્યાપ્યનો પણ વ્યભિચારી અવશ્ય હોય જ છે.

अनुमानप्रकारश्च.....तत्साध्यव्यभिचारी 'ति। પૂર્વોક્ત અનુમાનમાં = 'પર્વતો ધૂમવાન્ વહ્નિમત્ત્વાત્' આ અનુમાનમાં ઉપાધિ આર્દ્રેન્ધનસંયોગ હતી. અહીં વહ્નિમત્ત્વ હેતુને પક્ષ બનાવીને વહ્નિમાં ધૂમનો વ્યભિચાર સિદ્ધ કરવાનો છે. (જેથી 'વહ્નિ હેતુ અસદ્ છે' એવું સિદ્ધ થશે.) વહ્નિમાં ધૂમનો વ્યભિચાર સિદ્ધ કરનાર અનુમાનનો આકાર આ પ્રમાણે છે...

'વહ્નિ, ધૂમનો વ્યભિચારી છે, કારણ કે ધૂમનો વ્યાપક જે આર્દ્રેન્ધનસંયોગ
(પક્ષ) (સાધ્ય) છે તેનો પણ વ્યભિચારી હોવાથી,
(હેતુ) ઘટત્વની જેમ (ઉદાહરણ)

અહીં વ્યાપ્તિ આ પ્રકારે થશે. 'જે જે સાધ્યધૂમના વ્યાપક આર્દ્રેન્ધનસંયોગના વ્યભિચારી હોય તે બધા સાધ્યધૂમના પણ વ્યભિચારી બનશે.' જેમ કે ઘટત્વ.

જેવી રીતે ઘટત્વ, સાધ્યધૂમના વ્યાપક આર્દ્રેન્ધનસંયોગનો વ્યભિચારી હોવાથી સાધ્ય ધૂમનો

પણ વ્યભિચારી કહેવાય એવી જ રીતે વહ્નિન, સાધ્ય ધૂમના વ્યાપક આર્દ્રેન્ધનસંયોગનો વ્યભિચારી હોવાથી સાધ્ય ધૂમનો પણ વ્યભિચારી છે. (ઘટત્વમાં આર્દ્રેન્ધનસંયોગનો વ્યભિચાર છે. કારણ કે આર્દ્રેન્ધનસંયોગના અભાવવત્ જે ઘટાદિ છે તેમાં ઘટત્વ છે.)

एवं प्रकारेण..... प्रतिबन्धः फलम् ॥ આ રીતે વાદીદ્વારા પ્રયુક્ત 'पर्वतो धूमवान् वह्निमत्त्वात्' આ અનુમાનમાં જે વહ્નિન હેતુ છે, તેને પક્ષ બનાવીને વહ્નિનમાં સાધ્ય ધૂમના વ્યભિચારને જણાવવા દ્વારા વાદીના હેતુને દોષયુક્ત સિદ્ધ કરવો એ જ ઉપાધિનું ફળ છે. અને આ રીતે ઉપાધિનું જ્ઞાન થવાને કારણે વહ્નિનમાં 'ધૂમાભાવવદ્ વૃત્તિત્વ' સ્વરૂપ ધૂમનો વ્યભિચાર ગ્રહણ થવાથી 'ધૂમાભાવવદ્ અવૃત્તિત્વ' = 'સાધ્યાભાવવદવૃત્તિત્વ' સ્વરૂપ વ્યાપ્તિજ્ઞાન પ્રતિબંધિત થઈ જશે. આ ઉપાધિનું પરંપરયા ફળ છે.

(પ૦) व्याप्यत्वासिद्धं निरूपयति-सोपाधिक इति। ननु कोऽयमुपाधिरत आह-साध्येति। साधनाव्यापक उपाधिरित्युक्ते शब्दोऽनित्यः कृतकत्वादित्यत्र सामान्यवत्त्वे सत्यस्मदादिबाह्येन्द्रियग्रहणार्हत्वमप्युपाधिः स्यात्तदर्थं साध्यव्यापकत्वमुक्तम्। तावत्युक्ते सामान्यवत्त्वादिनाऽनित्यत्वसाधने कृतकत्वमुपाधिः स्यात्तदर्थं साधनाव्यापकत्वमुक्तम्। उपाधिभेदमादायासंभववारणाय व्यापकत्वशरीरेऽपि 'अत्यन्त' पदमादेयम्। साधनभेदमादाय साधनस्योपाधित्ववारणायाव्यापकशरीरेऽ'प्यत्यन्त'पदमावश्यकं देयम्। सोऽयमुपाधिस्त्रिविधिः - केवलसाध्यव्यापकः पक्षधर्मावच्छिन्नसाध्यव्यापकः साधनावच्छिन्नसाध्यव्यापकश्चेति। तत्राद्य उपदर्शितः। एवं क्रत्वन्तर्वर्तिनी हिंसा अधर्मजनिका हिंसात्वात्, क्रतुबाह्यहिंसावदित्यत्र निषिद्धत्वमुपाधिः। तस्य यत्राधर्मजनकत्वं तत्र निषिद्धत्वमिति साध्यव्यापकता। यत्र हिंसात्वं तत्र न निषिद्धत्वमिति निषिद्धत्वमुपाधिः साधनाव्यापकः। क्रतुहिंसायां निषिद्धत्वस्याभावात्। 'न हिंस्यात् सर्वा भूतानि' इति सामान्यवाक्यतः 'पशुना यजेत्' इत्यादिविशेषवाक्यस्य बलीयस्त्वात्। अतो हिंसात्वं नाधर्मजनकत्वे प्रयोजकमपि तु निषिद्धत्वमेवेत्यादिकमपि द्रष्टव्यम्। द्वितीयो यथा-वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वादित्यत्रोद्भूतरूपवत्त्वमुपाधिः। तस्य यत्र प्रत्यक्षत्वं तत्रोद्भूतरूपवत्त्वमिति न केवलसाध्यव्यापकत्वं, रूपे व्यभिचारात्। किंतु द्रव्यत्वलक्षणो यः पक्षधर्मस्तदवच्छिन्नबहिःप्रत्यक्षत्वं यत्र तत्रोद्भूतरूपवत्त्वमिति पक्षधर्मावच्छिन्नसाध्यव्यापकत्वमेव। आत्मनि व्यभिचारवारणाय 'बहिः' पदम्। यत्र प्रत्यक्षस्पर्शाश्रयत्वं तत्र नोद्भूतरूपवत्त्वमिति साधनाव्यापकत्वं च वायावुद्भूतरूपविरहात्। तृतीयो यथा-ध्वंसो विनाशी जन्यत्वादित्यत्र भावत्वमुपाधिः, तस्य यत्र विनाशित्वं तत्र भावत्वमिति न केवलसाध्यव्यापकत्वं प्रागभावे भावत्वविरहात्। किंतु जन्यत्वरूपसाधनावच्छिन्नविनाशित्वं यत्र तत्र भावत्वमिति साधनावच्छिन्नसाध्यव्यापकत्वमेव। यत्र जन्यत्वं तत्र न भावत्वमिति साधनाव्यापकत्वं च ध्वंसे भावत्वविरहात्।

एवं स श्यामो मित्रातनयत्वादित्यत्र शाकपाकजन्यत्वमुपाधिः श्यामत्वस्य नीलघटेऽपि सत्त्वान्न केवलसाध्यव्यापकत्वं किंतु साधनावच्छिन्नसाध्यव्यापकत्वमेव। अष्टमे पुत्रे शाकपाकजन्यत्वविरहेण साधनाव्यापकत्वं चेत्यादिकमपि द्रष्टव्यम्॥

* પદકૃત્ય *

व्याप्यत्वासिद्धं निरूपयति.....साध्यव्यापकत्वमुक्तम् । 'सोपाधिको हेतुः' આ પ્રમાણે કહેવા દ્વારા વ્યાપ્યત્વાસિદ્ધનું નિરૂપણ કરે છે. અહીં ઉપાધિ શું છે? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે 'साध्यव्यापकत्वे सति साधनाव्यापकत्वम्' એ ઉપાધિનું લક્ષણ છે.

★ ઉપાધિના આ લક્ષણમાં 'साधनाव्यापकत्वम्' = 'હેતુને અવ્યાપક હોય તે ઉપાધિ છે' એટલું જ કહીએ તો સાચો હેતુ પણ ઉપાધિવાળો બની જશે.

'शब्दः अनित्यः कार्यत्वात्'

सामान्यवत्त्वे सति अस्मदादिबाह्येन्द्रियग्रहणार्हत्वम्' આ ઉપાધિ છે.

તે આ રીતે.....'કાર્યત્વ' હેતુ સત્ છે. અને તે દ્વયણુક અને ધ્વંસ બન્નેમાં છે. દ્વયણુક ભલે સામાન્યવાન્ (જાતિમાન્) છે, પરંતુ બહિરિન્દ્રયથી ગ્રાહ્ય નથી અને ધ્વંસ બહિરિન્દ્રયથી ગ્રાહ્ય છે, પણ જાતિવાળો નથી કારણ કે અભાવમાં કોઈ જાતિ રહેતી નથી. માટે જ્યાં જ્યાં 'कार्यत्व' છે ત્યાં ત્યાં ઉપાધિ 'जातिमत्त्वे सति अस्मदादिबाह्येन्द्रियग्रहणयोग्यत्व' નથી. આમ ઉપાધિ સાધન = કાર્યત્વને અવ્યાપક બની. 'કાર્યત્વ' હેતુ સાચો હોવા છતાં ઉપાધિવાળો બની ગયો. પરંતુ લક્ષણમાં 'साध्यव्यापकत्व' પદનો નિવેશ કરશું તો અતિવ્યાપ્તિ આવશે નહીં. કારણ કે સાધ્ય અનિત્યત્વ, દ્વયણુક અને ધ્વંસ બન્નેમાં છે અને ત્યાં ઉપાધિ નથી. આમ ઉપાધિ સાધનને અવ્યાપક તો બની પણ સાધ્યને પણ અવ્યાપક બની. એટલે 'जातिमत्त्वे सति अस्मदादिबाह्येन्द्रियग्रहणयोग्यत्व' ઉપાધિ બનશે નહીં અને સાચા હેતુમાં અતિવ્યાપ્તિ આવશે નહીં.

तावत्युक्ते.....साधनाव्यापकत्वमुक्तम्।

★ ઉપાધિના લક્ષણમાં 'साधनाव्यापकत्व' પદનો નિવેશ ન કરીએ 'साध्यव्यापकत्व' = સાધ્યને વ્યાપક હોય તે ઉપાધિ છે' એટલું જ કહીએ તો 'शब्दोऽनित्यः जातिमत्त्वे सति, अस्मदादिबाह्येन्द्रियग्रहणयोग्यत्वात्' આ સત્સ્થળમાં 'કાર્યત્વ' ઉપાધિ બની જશે. તે આ પ્રમાણે → 'જ્યાં જ્યાં હેતુથી વિશિષ્ટ સાધ્ય છે ત્યાં ત્યાં કાર્યત્વ છે' અર્થાત્ જાતિમત્ત્વે સતિ અસ્મદાદિબાહ્યેન્દ્રિયગ્રહણયોગ્યત્વથી વિશિષ્ટ અનિત્યત્વ ઘટાદિમાં છે અને ત્યાં કાર્યત્વ પણ છે. માટે 'કાર્યત્વ' એ સાધ્યનું વ્યાપક થવાથી ઉપાધિ બની જશે.

શંકા : તમે 'સાધ્યને વ્યાપક હોય તે ઉપાધિ છે' એવું ન કહેતા 'હેતુ વિશિષ્ટસાધ્યને વ્યાપક હોય તે ઉપાધિ છે' એવું શા માટે કહ્યું?

સમા. : જો 'સાધ્યને વ્યાપક હોય તે ઉપાધિ છે' એવું કહીશું તો દોષ નહીં આપી

શકાય અર્થાત્ 'કાર્યત્વ'ને ઉપાધિ નહીં બનાવી શકાય કારણ કે 'જ્યાં જ્યાં અનિત્યત્વ છે ત્યાં ત્યાં કાર્યત્વ છે' એવું નથી, પ્રાગભાવમાં અનિત્યત્વ છે પરંતુ કાર્યત્વ નથી.

જ્યારે પદકૃત્યકારે તો 'तावत्युक्ते सामान्यवत्त्वादिनाऽनित्यत्वसाधने कृतकत्वमुपाधिः स्यात्' આ પંક્તિ લખવા દ્વારા 'કાર્યત્વ'ને ઉપાધિ બનાવી છે. આ પંક્તિને સંગત કરવા 'હેતુ વિશિષ્ટ સાધ્યને વ્યાપક હોય તે ઉપાધિ છે' એવું કહ્યું છે.

હવે લક્ષણમાં 'साधनाव्यापकत्व' પદનો નિવેશ કરશું તો અતિવ્યાપ્તિ દોષ નહીં આવે એટલે 'કાર્યત્વ' ઉપાધિ નહીં બની શકે કારણ કે 'કાર્યત્વ' એ 'જાતિમત્ત્વવિશિષ્ટ અમસ્મદાદિ-બાહ્યેન્દ્રિયગ્રહણયોગ્યત્વ' સ્વરૂપ હેતુનો વ્યાપક છે. કારણ કે 'જ્યાં જ્યાં જાતિમત્ત્વવિશિષ્ટ અમસ્મદાદિ-બાહ્યેન્દ્રિયગ્રહણયોગ્યત્વ છે ત્યાં ત્યાં કાર્યત્વ છે જ' **દા.ત.** → ઘટાદિ.

આમ કાર્યત્વ એ સાધ્યને વ્યાપક હોવા છતાં હેતુને અવ્યાપક ન હોવાથી ઉપાધિ નહીં બની શકે અને તેથી અતિવ્યાપ્તિ દોષ નહીં આવે.

उपाधिभेद.....पदमादेयम्।

★ સાધ્યવ્યાપકની પરિભાષામાં (= શરીરમાં) 'અત્યંત' પદનો નિવેશ ન કરીએ અને 'साध्यसमानाधिकरणाभावाप्रतियोगित्वम्' આટલું જ કહીએ તો 'पर्वतो धूमवान् वह्नेः' આ સ્થલમાં આર્દ્રેન્ધન-સંયોગ ઉપાધિ નહીં બની શકે, કારણ કે ધૂમના અધિકરણ પર્વતમાં આર્દ્રેન્ધનસંયોગનો અત્યંતાભાવ ભલે નથી મળતો પરંતુ એનો ભેદ તો મળે જ છે કારણ કે પર્વત એ આર્દ્રેન્ધનસંયોગરૂપે નથી. અને તાદૃશ ભેદનો પ્રતિયોગી આર્દ્રેન્ધનસંયોગ થઈ જશે, અપ્રતિયોગી નહીં બને. અર્થાત્ સાધ્યનો વ્યાપક નહીં બને. આમ દરેક જગ્યાએ સાધ્યના અધિકરણમાં ઉપાધિનો ભેદ તો મળશે જ માટે કોઈ પણ ઉપાધિમાં ઉપાધિનું લક્ષણ ન જવાથી અસંભવદોષ આવશે.

સાધ્યવ્યાપકની પરિભાષામાં અત્યંત પદના ઉપાદાનથી આપત્તિ નહીં આવે, કારણ કે પર્વતમાં આર્દ્રેન્ધન-સંયોગનો અત્યંતાભાવ નથી મળતો પરંતુ ઘટાદિનો અત્યંતાભાવ મળશે. તાદૃશ ઘટાદ્યભાવનો પ્રતિયોગી ઘટાદિ થશે અને અપ્રતિયોગી આર્દ્રેન્ધનસંયોગ થશે. તેથી આર્દ્રેન્ધન-સંયોગ ઉપાધિ બની જશે.

साधनभेदमादाय.....देयम् ।

★ એવી જ રીતે સાધનાવ્યાપકની પરિભાષામાં 'અત્યંત' પદનો નિવેશ ન કરીએ અને 'साधनवन्निष्ठाभावप्रतियोगित्व આટલું જ કહીએ તો 'पर्वतो धूमवान् वह्नेः' આ સ્થલમાં હેતુ વહ્નિના અધિકરણ અયોગોલકમાં વહ્નિનો ભેદ મળી જશે કારણ કે અયોગોલક એ વહ્નિ સ્વરૂપ નથી. અને તાદૃશ ભેદનો પ્રતિયોગી હેતુ વહ્નિ સ્વયં બની જવાથી હેતુનો અવ્યાપક વહ્નિ પોતે બનશે અને વહ્નિ, ધૂમનો વ્યાપક = સાધ્યનો વ્યાપક તો છે જ. માટે વહ્નિ પોતે જ ઉપાધિ બની જવાથી ઉપાધિનું લક્ષણ હેતુમાં જતું રહેશે.

તેથી 'સાધનાવ્યાપક'ની પરિભાષામાં 'અત્યંત' પદનો નિવેશ કર્યો છે. હેતુ-વહ્નિના અધિકરણ અયોગોલકાદિમાં વહ્નિનો અત્યંતાભાવ નહીં મળે. માટે વહ્નિ અત્યંતાભાવનો પ્રતિયોગી નહીં બને અપ્રતિયોગી બનશે. આ પ્રમાણે વહ્નિ સાધનને અવ્યાપક નહીં હોવાથી ઉપાધિ બનશે નહીં. (આર્દ્રેન્ધન-સંયોગ જ ઉપાધિ બનશે.)

ઉપાધિભેદ - નિરૂપણ

सोऽयमुपाधिस्त्रिविधः.....द्रष्टव्यम्॥ આ ઉપાધિ ત્રણ પ્રકારે છે. (૧) શુદ્ધસાધ્યની વ્યાપક (૨) પક્ષધર્મથી વિશિષ્ટસાધ્યની વ્યાપક (૩) હેતુથી વિશિષ્ટસાધ્યની વ્યાપક. એમાંથી

★ **શુદ્ધસાધ્યની વ્યાપકતાનું દ્રષ્ટાંત** મૂલકારે બતાવી દીધું છે. એનું જ બીજું દ્રષ્ટાંત.....
'क्रत्वन्तर्वर्तिनी हिंसा, अधर्मजनिका हिंसात्वात् क्रतुबाह्यहिंसावत्' 'वेदनिषिद्धत्व'
(પક્ષ) (સાધ્ય) (સાધન) (દ્રષ્ટાંત) (ઉપાધિ)

'જ્યાં જ્યાં અધર્મજનકત્વ છે ત્યાં ત્યાં વેદદ્વારા નિષેધ કરાયો છે' **દા.ત.** → યજ્ઞની બહાર થનારી હિંસા. આ રીતે આ ઉપાધિ શુદ્ધસાધ્યની વ્યાપક થઈ અને 'જ્યાં જ્યાં હિંસાત્વ છે ત્યાં બધે જ વેદદ્વારા નિષેધ કરાયો નથી. **દા.ત.**→ યજ્ઞની હિંસા. યજ્ઞની હિંસામાં હિંસાત્વ તો છે પરંતુ વેદ દ્વારા નિષિદ્ધ નથી. આ રીતે ઉપાધિ સાધનની અવ્યાપક થઈ.

અહીં 'वेदनिषिद्धत्व' એ શુદ્ધસાધ્ય અધર્મજનકત્વ છે, તેની વ્યાપક હોવાથી તે શુદ્ધ સાધ્યવ્યાપક ઉપાધિ કહેવાય છે.

શંકા : યજ્ઞીહિંસા વેદદ્વારા નિષિદ્ધ કેમ નથી? કારણ કે વેદમાં જ 'न हिंस्यात् सर्वभूतानि' એવું વાક્ય કહ્યું છે અર્થાત્ બધા પ્રકારની હિંસાનો નિષેધ કહ્યો છે....

સમા. : 'न हिंस्यात् .....' આ ઉત્સર્ગવાક્ય છે અને આ ઉત્સર્ગ વાક્યનો બાધ 'पशुना यजेत्' આ અપવાદ વાક્યથી થઈ જાય છે કારણ કે અપવાદ વાક્ય અલબ્ધાવકાશ હોવાથી ઉત્સર્ગ વાક્યની અપેક્ષાએ વધારે બલવાન છે, માટે હિંસાત્વ એ અધર્મની ઉત્પત્તિમાં પ્રયોજક નથી પરંતુ વેદનિષિદ્ધત્વ જ અધર્મની ઉત્પત્તિમાં કારણ છે.

★ **દ્વિતીયો યથા..... પક્ષધર્મથી વિશિષ્ટસાધ્યવ્યાપક ઉપાધિનું દ્રષ્ટાંત...**

'वायुः प्रत्यक्षः प्रत्यक्षस्पर्शाश्रयत्वात्' અહીં 'उद्भूतरूपवत्त्व' ઉપાધિ છે.

(પ્રાચીનોના મતમાં વાયુના સ્પર્શનું તો પ્રત્યક્ષ થાય છે પરંતુ વાયુનું પ્રત્યક્ષ નથી થતું તેમના મતે આ અનુમાન છે.)

જ્યાં જ્યાં પ્રત્યક્ષત્વ = પ્રત્યક્ષવિષયત્વ છે ત્યાં ત્યાં ઉદ્ભૂત રૂપવત્ત્વ નથી. દા.ત. રૂપ. રૂપ પ્રત્યક્ષ છે માટે તેમાં પ્રત્યક્ષત્વ = પ્રત્યક્ષવિષયત્વ તો છે પણ ઉદ્ભૂતરૂપ નથી. કારણ કે ગુણમાં ગુણ નથી રહેતો. આમ ઉદ્ભૂતરૂપવત્ત્વ જે ઉપાધિ છે તે શુદ્ધ = કેવલ સાધ્યની વ્યાપક નથી. તેથી પક્ષધર્માવચ્છિન્ન સાધ્ય લઈશું તો સાધ્યની વ્યાપક બનશે. તે આ પ્રમાણે.....

પક્ષ 'વાયુ' છે, 'દ્રવ્યત્વ' એ વાયુરૂપ પક્ષનો ધર્મ છે. પક્ષધર્મથી અવચ્છિન્ન સાધ્ય = દ્રવ્યત્વથી અવચ્છિન્ન પ્રત્યક્ષત્વ = દ્રવ્યત્વથી વિશિષ્ટ પ્રત્યક્ષત્વ. જ્યાં જ્યાં દ્રવ્યત્વથી વિશિષ્ટ પ્રત્યક્ષવિષયત્વ છે ત્યાં ત્યાં ઉદ્‌ભૂતરૂપવત્ત્વ છે. દા.ત. ઘટાદિ. ઘટાદિમાં દ્રવ્યત્વ વિશિષ્ટ પ્રત્યક્ષત્વ છે તથા ઉદ્‌ભૂતરૂપવત્ત્વ પણ છે. માટે ઉદ્‌ભૂતરૂપવત્ત્વ જે ઉપાધિ છે તેમાં પક્ષધર્માવચ્છિન્નસાધ્યવ્યાપકત્વ છે.

શંકા : આત્મામાં દ્રવ્યત્વવિશિષ્ટ પ્રત્યક્ષત્વ = પક્ષધર્માવચ્છિન્ન સાધ્યવ્યાપકત્વ છે. પરંતુ ઉદ્‌ભૂતરૂપવત્ત્વ નથી. માટે ઉપાધિના ઉપરોક્ત લક્ષણમાં વ્યભિચાર આવશે.

સમા. : દ્રવ્યત્વવિશિષ્ટ પ્રત્યક્ષત્વનો અર્થ દ્રવ્યત્વવિશિષ્ટ બહિર્ = બાહ્યેન્દ્રિયજન્ય-પ્રત્યક્ષત્વ કરશું. તેથી....."જ્યાં જ્યાં દ્રવ્યત્વવિશિષ્ટબહિર્પ્રત્યક્ષવિષયત્વ છે ત્યાં ત્યાં ઉદ્‌ભૂત-રૂપવત્ત્વ છે' આવી વ્યાપ્તિ થશે. આત્માનું પ્રત્યક્ષ મનથી થતું હોવાથી આત્મામાં દ્રવ્યત્વવિશિષ્ટ-બહિર્પ્રત્યક્ષત્વ નથી. માટે ઉદ્‌ભૂતરૂપવત્ત્વ ન હોવા છતાં વ્યભિચાર આવશે નહીં.

આમ ઉદ્‌ભૂતરૂપવત્ત્વમાં, પક્ષધર્માવચ્છિન્ન- સાધ્યવ્યાપકત્વ છે તથા ઉદ્‌ભૂતરૂપવત્ત્વમાં સાધનનું અવ્યાપકત્વ પણ છે. તે આ પ્રમાણે... જ્યાં જ્યાં સાધન-પ્રત્યક્ષસ્પર્શઆશ્રયત્વ છે (= પ્રત્યક્ષ એવા સ્પર્શનું આશ્રયત્વ છે.) ત્યાં ત્યાં ઉદ્‌ભૂતરૂપવત્ત્વ નથી. દા.ત. વાયુ. વાયુમાં પ્રત્યક્ષ એવા સ્પર્શનું આશ્રયત્વ છે પણ નિરૂપ હોવાથી ઉદ્‌ભૂતરૂપ નથી.

આમ ઉદ્‌ભૂતરૂપવત્ત્વ એ પક્ષધર્માવચ્છિન્ન સાધ્યવ્યાપક ઉપાધિ છે. અને એ ઉપાધિવાળો 'પ્રત્યક્ષસ્પર્શાશ્રયત્વ' હેતુ હોવાથી એ વ્યાપ્યત્વાસિદ્ધ છે.

★ તૃતીયો યથા..... સાધનથી વિશિષ્ટ સાધ્ય વ્યાપક ઉપાધિનું દ્રષ્ટાંત-૧

'ધ્વંસ: વિનાશી જન્યત્વાત્' આ સ્થલમાં 'ભાવત્વ' ઉપાધિ છે.

(આ સ્થલ વ્યભિચારી છે કારણ કે ધ્વંસ જન્ય તો છે પરંતુ ધ્વંસનો ધ્વંસ ન થતો હોવાથી ધ્વંસ વિનાશી નથી. જો કોઈ વસ્તુના ધ્વંસનો ધ્વંસ માનવામાં આવે તો તત્કાલીન વસ્તુની ફરી ઉત્પતિનો પ્રસંગ આવશે માટે ધ્વંસનો ધ્વંસ નથી મનાતો.)

ઉપરોક્ત અનુમાનમાં આ ઉપાધિ શુદ્ધસાધ્યની વ્યાપક નહીં બની શકે, કારણ કે 'જ્યાં જ્યાં વિનાશિત્વ છે ત્યાં ત્યાં ભાવત્વ છે' એવું નથી. પ્રાગભાવ વિનાશી છે પરંતુ પ્રાગભાવ અભાવ સ્વરૂપ હોવાથી એમાં ભાવત્વ નથી. જ્યારે હેતુવિશિષ્ટસાધ્ય = જન્યત્વવિશિષ્ટવિનાશિત્વ સાધ્ય લઈશું તો 'ભાવત્વ' ઉપાધિ બનશે. કારણ કે જ્યાં જ્યાં જન્યત્વસ્વરૂપ હેતુથી વિશિષ્ટવિનાશિત્વ છે ત્યાં ત્યાં 'ભાવત્વ' અવશ્ય છે. દા.ત. ઘટાદિ. આ ઉપાધિ હેતુની અવ્યાપક પણ છે કારણ કે જ્યાં જ્યાં જન્યત્વ છે ત્યાં ત્યાં ભાવત્વ નથી દા.ત. ધ્વંસ. ધ્વંસ એ જન્ય તો છે પરંતુ ભાવ સ્વરૂપ નથી. આમ ભાવત્વ કેવલ સાધ્યવ્યાપક નહીં પરંતુ સાધનાવચ્છિન્ન સાધ્યવ્યાપક ઉપાધિ છે.

એંવ સ.....૨જુ દ્રષ્ટાંત....."સ શ્યામો મિત્રાતનયત્વાત્' અહીં 'શાકપાકજન્યત્વ' ઉપાધિ છે. આ ઉપાધિ પણ શુદ્ધસાધ્યની વ્યાપક નહીં બની શકે કારણ કે જ્યાં જ્યાં શ્યામત્વ છે ત્યાં

ત્યાં શાકપાકજન્યત્વ નથી. કારણ કે 'શ્યામત્વ' શ્યામઘટમાં છે, પરંતુ ત્યાં 'શાકપાકજન્યત્વ' નથી. હા! સાધન-મિત્રાતનયત્વથી વિશિષ્ટ સાધ્ય-શ્યામત્વની = સાધનાવચ્છિન્ન સાધ્યની વ્યાપક આ ઉપાધિ જરૂર બનશે કારણ કે મિત્રાના સાત પુત્રો જે શ્યામ છે તે શાકપાકથી જન્ય છે.

આમ 'શાકપાકજન્યત્વ' ઉપાધિ સાધનવિશિષ્ટસાધ્યની વ્યાપક બની. એવી રીતે હેતુની અવ્યાપક પણ છે કારણ કે જ્યાં જ્યાં મિત્રાતનયત્વ છે ત્યાં ત્યાં શાકપાકજન્યત્વ નથી. દા.ત. મિત્રાનો આઠમો પુત્ર. મિત્રાનો આઠમો જે ગૌર પુત્ર છે તેમાં શાકપાકજન્યત્વ નથી. આમ શાકપાકજન્યત્વ એ કેવલ સાધ્યવ્યાપક નહીં પરંતુ સાધનાવચ્છિન્ન સાધ્યવ્યાપક ઉપાધિ છે.

('स श्यामो....' આ અનુમાનમાં એવી કલ્પના કરાઈ છે કે મિત્રા નામની ગર્ભવતી સ્ત્રીને શાક ખાવાથી સાત શ્યામપુત્ર ઉત્પન્ન થાય છે, માટે 'શ્યામત્વ'નો પ્રયોજક શાકપાકજન્યત્વ જ છે, મિત્રાતનયત્વાદિ નહિં.)

બાધિત હેતુ

मूलम् : यस्य साध्याभावः प्रमाणान्तरेण निश्चितः स बाधितः। यथा वह्निरनुष्णो द्रव्यत्वादिति। अत्रानुष्णत्वं साध्यं तदभाव उष्णत्वं स्पार्शन-प्रत्यक्षेण गृह्यत इति बाधितत्वम् ॥

यस्य = यस्य हेतोः = જે હેતુના સાધ્યનો અભાવ = સાધ્યનો બાધ, प्रमाणान्तर = અનુમાનપ્રમાણથી ભિન્ન પ્રત્યક્ષાદિ પ્રમાણથી નિશ્ચિત થઈ ગયો હોય તો તે હેતુને બાધિત કહેવાય છે. **દા.ત.** → 'वह्निरनुष्णो द्रव्यत्वात्' અહીં સાધ્ય જે અનુષ્ણત્વ છે, તેનો અભાવ = ઉષ્ણત્વ વહ્ન્યાત્મક પક્ષમાં સ્પાર્શનપ્રત્યક્ષથી નિશ્ચિત છે, તેથી 'દ્રવ્યત્વ' હેતુ બાધિત નામનો હેત્વાભાસ છે.

(न्या०) यस्येति। यस्य हेतोः साध्यस्याभावः साध्याभावः। स च प्रमाणान्तरेण प्रत्यक्षादिप्रमाणेन निश्चितः स बाधित इत्यर्थः। तथा च प्रात्यक्षिकसाध्यबाधनिश्चये जाते साध्यानुमितिप्रतिबन्धः फलम्। बाधितसाध्यकत्वाद् बाधितहेतुरित्युच्यते॥

इति न्यायबोधिन्यामनुमानपरिच्छेदः॥

* ન્યાયબોધિની *

પ્રત્યક્ષાદિ પ્રમાણવડે પક્ષમાં સાધ્યના બાધનો નિશ્ચય થવાથી સાધ્યાનુમિતિનો પ્રતિબંધ થઈ જાય છે. **દા.ત.** → 'વહ્નિ, અનુષ્ણ છે, દ્રવ્ય હોવાથી' આ સ્થલમાં સ્પાર્શન પ્રત્યક્ષ દ્વારા વહ્નિરૂપી પક્ષમાં જ્યારે સાધ્યાભાવનો અર્થાત્ 'વહ્નિ ઉષ્ણ છે' એવો નિશ્ચય થઈ જાય તો 'वह्निरनुष्णः' ઇત્યાકારક અનુમિતિનો પ્રતિબંધ થઈ જાય છે. આ બાધજ્ઞાનનું ફલ છે. જો કે બાધસ્થળે પક્ષમાં સાધ્ય જ બાધિત હોય છે, તો પણ સાધ્ય બાધિત હોવાથી ઉપચારથી હેતુને પણ બાધિત કહેવાય છે.

(प०) यस्येति। सद्धेतुवारणाय प्रमाणान्तरेणेति। घटादिवारणाय साध्येति।

इति पदकृत्यकेऽनुमानपरिच्छेदः ॥

* પદકૃત્ય *

★ 'यस्य साध्याभावः निश्चितः स बाधितः' જો આટલું જ કહીએ અને 'प्रमाणान्तर' પદનો નિવેશ ન કરીએ તો સદ્‌હેતુમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે 'पर्वतो वह्निमान् धूमात्' આ સ્થળમાં પણ 'વહ્નિના અભાવવાળો પર્વત છે' એવા ભ્રમાત્મક નિશ્ચયની સંભાવના થઈ શકે છે તેથી સદ્‌હેતુ ધૂમને પણ બાધિત કહેવો પડશે. પરંતુ 'प्रमाणान्तर' પદના નિવેશથી સદ્‌હેતુમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રમાણજ્ઞાન દ્વારા બાધિત હોવો જોઈએ, ભ્રમાત્મકજ્ઞાન દ્વારા નહીં. 'पर्वतो वह्निमान् धूमात्' માં તો ભ્રમાત્મક જ્ઞાનદ્વારા બાધિત બતાવ્યો છે, પ્રમાણદ્વારા નહીં.

★ જો બાધિત હેતુના લક્ષણમાં 'साध्य' પદ ન કહીએ અને 'यस्याभावः प्रमाणान्तरेण निश्चितः स बाधितः' આટલું જ કહીએ તો ઘટાદિને બાધિત કહેવો પડશે કારણ કે 'पर्वतो वह्निमान् धूमात्' આ સ્થળમાં પર્વતમાં ઘટાદિનો અભાવ પ્રમાણદ્વારા નિશ્ચિત છે. લક્ષણમાં 'साध्य' પદ આપવાથી તે આપત્તિ નહીં આવે કારણ કે પર્વતમાં ભલે ઘટાભાવનો પ્રમાણ દ્વારા નિશ્ચય હોય, પરંતુ સાધ્ય-વહ્નિનો સદ્‌ભાવ હોવાથી વહ્નિન અભાવનો પ્રમાણ દ્વારા નિશ્ચય નથી.

॥ इत्यनुमानपरिच्छेदः ॥

ઉપમાન - પરિચ્છેદ

मूलम् : उपमितिकरणमुपमानम्। संज्ञासंज्ञिसंबन्धज्ञानमुपमितिः, तत्करणं सादृश्यज्ञानम्। तथा हि-कश्चिद् गवयपदार्थमजानन्कुतश्चिदारण्यकपुरुषाद् गोसदृशो गवय इति श्रुत्वा वनं गतो वाक्यार्थं स्मरन्गोसदृशं पिण्डं पश्यति, तदनन्तरमसौ गवयपदवाच्य इत्युपमितिरुत्पद्यते॥

ઉપમિતિના કરણને ઉપમાનપ્રમાણ કહેવાય છે. સંજ્ઞા = પદ તથા સંજ્ઞીના = પદાર્થના સંબંધના જ્ઞાનને ઉપમિતિ કહેવાય છે. તેનું કરણ (અસાધારણ કારણ) સાદૃશ્યજ્ઞાન છે. તેને ઉપમાન કહેવાય છે. તે આ પ્રમાણે..... ગવયનામના પદાર્થને નહીં જાણતો કોઈ વ્યક્તિ, જંગલમાં રહેતા કોઈ પુરુષ પાસેથી 'ગાયના જેવો ગવય હોય છે' એવું સાંભળીને વનમાં ગયો, અને ત્યાં આરણ્યકપુરુષે કહેલા વાક્યના અર્થનું સ્મરણ કરતો ગાય જેવા પિંડને જુવે છે, જોયા પછી તરત જ તેને 'આ = નજરે સામે દેખાતો પિંડ 'ગવય' પદથી વાચ્ય છે' એવી ઉપમિતિ ઉત્પન્ન થાય છે. (ઉપમિતિની પૂર્વે થયેલું ગોસાદૃશ્યજ્ઞાન ઉપમિતિનું કરણ હોવાથી ઉપમાન કહેવાય છે.)

(न्या०) उपमानं लक्षयति-उपमितिकरणमिति। उपमितिं लक्षयति-संज्ञासंज्ञीति। संज्ञा नाम पदम्। संज्ञी=अर्थः। तयोः संबन्धः = शक्तिः। तथा च पदपदार्थसंबन्धज्ञानमुपमितिरित्यर्थः। उपमानं नामातिदेशवाक्यार्थज्ञानम्। अतिदेशवाक्यार्थस्मरणं व्यापारः। उपमितिः फलम्। 'गोसदृशो गवयपदवाच्य' इत्याकारकवाक्याद् गोसादृश्यावच्छिन्नविशेष्यकं गवयपदवाच्यत्वप्रकारकं यज्ज्ञानं जायते तदेव करणम्।

॥ इति न्यायबोधिन्यामुपमानपरिच्छेदः ॥

* ન્યાયબોધિની *

'उपमितिकरण....' ઇત્યાદિ દ્વારા ઉપમાનપ્રમાણનું લક્ષણ કરે છે. જે ઉપમિતિનું કરણ ઉપમાન છે તે ઉપમિતિ શું છે? संज्ञा = પદ, संज्ञी = અર્થ, તે બંનેના સંબંધનું જ્ઞાન થવું તે ઉપમિતિ છે. આશય એ છે કે પદ અને પદાર્થની વચ્ચે જે શક્તિનામક સંબંધ છે, એનું જ્ઞાન ઉપમિતિ છે અને આવા પ્રકારની ઉપમિતિનું જે કારણ છે તેને ઉપમાનપ્રમાણ કહેવાય છે. (ઉપમાનથી ઉપમિતિ થઈ તે શું થયું? ગવય શબ્દની શક્તિનું જ્ઞાન થયું. શક્તિ શું છે? એનું નિરૂપણ શબ્દખંડમાં આવશે) ઉપમાનપ્રમાણ અતિદેશવાક્યાર્થના જ્ઞાન સ્વરૂપ છે.

અતિદેશવાક્યાર્થનું જ્ઞાન (= સાદૃશ્યજ્ઞાન) એક જગ્યાએ જાણેલી વાતને બીજી જગ્યાએ આરોપ કરવો તે અતિદેશ કહેવાય. આવા આરોપસૂચક વાક્યના અર્થના જ્ઞાનને અતિદેશવાક્યાર્થ જ્ઞાન કહેવાય છે. કોઈ ગ્રામીણ માનવીને અરણ્યમાં પ્રથમવાર કોઈ પશુને જોઈને એ પશુમાં ગાયના સાદૃશ્યની જે બુદ્ધિ થાય છે તે ઉપમિતિનું કરણ ઉપમાન છે, ત્યાર પછી જંગલવાસીએ જે અતિદેશ વાક્ય કહેલુંકે 'જે ગાય સદૃશ પ્રાણી છે તે ગવય પદ વાચ્ય છે ' તેના અર્થનું સ્મરણ થાય છે. આ અતિદેશવાક્યાર્થની સ્મૃતિ એ વ્યાપાર છે અને 'असौ गवयपदवाच्यः' ઇત્યાકારક જ્ઞાનની ઉત્પત્તિ થવી તે ઉપમિતિ છે.

આ રીતે 'गोसदृशो गवयपदवाच्यः' ઇત્યાકારક અતિદેશવાક્યશ્રવણથી ગોસદૃશત્વથી અવચ્છિન્ન વિશેષ્ય છે જેમાં અને ગવયપદવાચ્યત્વ પ્રકાર છે જેમાં એવું 'गोसादृश्यावच्छिन्नविशेष्यकगवयपदवाच्यत्वप्रकारक' જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ્ઞાનને ઉપમાનપ્રમાણ કહેવાય છે અને તે જ ઉપમિતિનું કરણ છે.

(प०) अवसरसंगतिमभिप्रेत्यानुमानानन्तरमुपमानं निरूपयति-उपमितीति। उपमितेः करणमुपमानमित्यर्थः। कुठारादिवारणाय मितीति। प्रत्यक्षादिवारणाय उपेति। संज्ञासंज्ञीति। अनुमित्यादिवारणाय संबन्धेति। संयोगादिवारणाय संज्ञासंज्ञीति। असौ गवयपदवाच्य इति। अभिप्रेतो गवयो गवयपदवाच्य इत्यर्थः। तेन गवयान्तरे शक्तिग्रहाभावप्रसंग इति दूषणमपास्तम्। तथा च गोसादृश्यविशिष्टपिण्डज्ञानं करणम्। अतिदेशवाक्यार्थस्मरणमवान्तरव्यापारः। उपमितिः फलमितिसारम्। तच्चोपमानं त्रिविधं

सादृश्यविशिष्टपिण्डज्ञानमसाधारणधर्मविशिष्टपिण्डज्ञानं वैधर्म्यविशिष्टपिण्डज्ञानं च। तत्राद्यमुक्तमेव। द्वितीयं यथा-'खड्गमृगः कीदृगि'ति पृष्टे-'नासिकालसदेकशृङ्गोऽनतिक्रान्तगजाकृतिश्चे'ति तज्ज्ञातृभ्यः श्रुत्वा कालान्तरे तादृशपिण्डं पश्यन्नतिदेशवाक्यार्थं स्मरति। तदनन्तरं 'खड्गमृगः खड्गमृगपदवाच्य' इत्युपमितिरुत्पद्यते। अत्र 'नासिकालसदेकशृङ्ग' एवासाधारणधर्मः। तृतीयं यथा-'उष्ट्रः कीदृगि'ति पृष्टे-'अश्वादिवन्न समानपृष्ठो, न ह्रस्वग्रीवशरीरश्चे'ति आप्तोक्ते कालान्तरे तत्पिण्डदर्शनाद्वैधर्म्यविशिष्टपिण्डज्ञानं, ततोऽतिदेशवाक्यार्थस्मरणं तत 'उष्ट्र उष्ट्रपदवाच्य' इत्युपमितिरुत्पद्यते।

॥ इति पदकृत्यके उपमानपरिच्छेदः ॥

* પદકૃત્ય *

अवसरसंगति.....संज्ञासंज्ञीति। અનુમાનનું નિરૂપણ પૂર્ણ થયા બાદ અવસરસંગતિ દ્વારા ઉપમાનનું નિરૂપણ કરે છે કારણ કે અનુમાનની પછી ઉપમાનનો જ ક્રમ આવે છે.

ઉપમિતિના કરણને ઉપમાન કહેવાય છે.

★ માત્ર 'करणमुपमानम्' આટલું જ કહીએ તો કુઠારાદિમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે કુઠાર પણ છેદનક્રિયાની પ્રતિ કરણ તો છે જ. તેથી લક્ષણમાં 'મિતી' પદનો નિવેશ છે. કુઠારાદિ મિતિના = જ્ઞાનના કરણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

★ માત્ર 'मितिकरणमुपमानम्' આટલું જ લક્ષણ કરીએ તો જ્ઞાનના કરણ તો પ્રત્યક્ષાદિ પ્રમાણ પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી લક્ષણમાં 'ઉપ' ઉપસર્ગનો નિવેશ કર્યો છે. પ્રત્યક્ષાદિ ભલે પ્રત્યક્ષાદિજ્ઞાનના કરણ હોય પરંતુ ઉપમિતિના કરણ ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

સંજ્ઞા અને સંજ્ઞીના સંબંધના જ્ઞાનને ઉપમિતિ કહેવાય છે.

★ અહીં માત્ર 'संज्ञासंज्ञीज्ञानमुपमितिः' આટલું જ ઉપમિતિનું લક્ષણ કરીએ તો અનુમિત્યાદિમાં પણ અતિવ્યાપ્તિ આવે છે કારણ કે પરાર્થાનુમિતિ પણ શબ્દ દ્વારા ઉત્પન્ન થાય છે અને ત્યાં પણ સંજ્ઞા = વહ્ન્યાદિ શબ્દ અને સંજ્ઞી = વહ્ન્યાદિ અર્થનો બોધ તો હોય જ છે. પરંતુ લક્ષણમાં 'સંબન્ધ' પદના નિવેશથી અનુમિત્યાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઉપમાનપ્રમાણ દ્વારા મુખ્ય તરીકે ગવયપદની શક્તિનું= સંબંધનું જ્ઞાન કરાવાય છે. જે વ્યક્તિને ગવયપદની વાચ્યતા કયા પદાર્થમાં છે તે ખબર ન હોય તો તાદૃશ શક્તિજ્ઞાન ઉપમાનપ્રમાણ દ્વારા થાય છે પરંતુ અનુમિતિ તો વ્યાપ્તિજ્ઞાનથી ઉત્પન્ન થાય છે, પદ અને પદાર્થની વચ્ચેના સંબંધ દ્વારા નહીં.

★ જો 'संबन्धज्ञानमुपमितिः' આટલું જ લક્ષણ કરીએ તો સંયોગ, સમવાયાદિ પણ સંબંધ જ છે, તાદૃશ્ય જ્ઞાનને લઈને સંયોગાદિમાં પણ અતિવ્યાપ્તિ આવશે. પરંતુ

'संज्ञासंज्ञीसंबन्धज्ञानमुपमितिः' એવું કહીએ તો અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સંયોગ તો બે દ્રવ્યોની વચ્ચેનો સંબંધ છે, પદ અને પદાર્થની વચ્ચેનો નહીં.

असौ.....तत्राद्यमुक्तमेव।

शंका : મૂલકારે ઉપમિતિનું સ્વરૂપ 'असौ गवयपदवाच्यः' આવું લખ્યું. તેનાથી પૂરોવસ્થિતગવયમાં ગવયપદની શક્તિ જ્ઞાત થશે પરંતુ જગતના અન્ય ગવયોમાં ગવયપદની શક્તિ ગૃહિત નહીં થઈ શકે...

समा. : પદકૃત્યકાર એનો ઉત્તર આપતા કહે છે કે અહીં 'असौ गवयो...' નો અર્થ 'अभिप्रेतो गवयो...' એવો કરવો. એટલે કે ગવયત્વાવચ્છિન્ન બધા ગવયોમાં ગવયપદની શક્તિનું જ્ઞાન કરવું. આમ કરવાથી 'અન્ય ગવયોમાં ગવય પદની શક્તિનું જ્ઞાન નહીં થઈ શકે' એવું દૂષણ ખંડિત થઈ જાય છે.

અહીં 'गोसदृशो गवयः' આ પ્રમાણેનું સાદૃશ્ય વિશિષ્ટ પિંડજ્ઞાન એ ઉપમાન = કરણ છે. 'गोसदृशो गवयः' એ પ્રમાણે અતિદેશવાક્યાર્થની સ્મૃતિ એ વ્યાપાર છે અને 'गवयो गवयपदवाच्यः' આ પ્રમાણનું ઉપમિતિ જ્ઞાન એ ફળ છે.

तच्चोपमानं..... આ ઉપમાન ત્રણ પ્રકારે છે. (૧) સાદૃશ્ય = સમાનતા દ્વારા પિંડનું જ્ઞાન, (૨) કોઈ વસ્તુના અસાધારણધર્મ દ્વારા પિંડનું જ્ઞાન, (૩) વિરોધી ધર્મ દ્વારા પિંડનું જ્ઞાન.

આ ત્રણમાંથી પહેલાનું દૃષ્ટાંત તો મૂલકારે બતાવી જ દીધું છે. ત્યાં ગાયની સમાનતા દ્વારા જ ગવયરૂપ પિંડનો બોધ છે.

द्वितीयं यथा..... एवासाधारणधर्मः । ૨જા પ્રકારના ઉપમાનનું દૃષ્ટાંત → કોઈ વ્યક્તિ એ પૂછ્યું કે ખડ્ગમૃગ (ગેંડો) કેવો હોય છે? ખડ્ગમૃગના જ્ઞાતાએ કહ્યું કે 'જેની નાસિકા પર એક શિંગ હોય અને જે હાથીથી મોટો ન હોય તે ખડ્ગમૃગ છે'. અહીં ગેંડાનું સાધર્મ્ય = સમાનતા કોઈ અન્ય પશુથી નહીં કરી શકાય તેથી અસાધારણધર્મ દ્વારા ખડ્ગમૃગપદવાચ્યત્વનું જ્ઞાન કરાવાય છે. આવા પ્રકારના અસાધારણધર્મને જણાવનારું વાક્ય સાંભળ્યા પછી કાલાન્તરમાં એ પશુને જોઈને શ્રોતાને અતિદેશવાક્યાર્થની સ્મૃતિ થાય છે એ વ્યાપાર છે, અને ત્યાર પછી खड्गमृगः खड्गमृगपदवाच्यः ઈત્યાકારક ઉપમિતિ થાય છે. અહીં નાસિકાસંબદ્ધ એક શૃઙ્ગ જ અસાધારણધર્મ કહેવાશે.

तृतीयं यथा.....मितिरुत्पद्यते । ૩જા પ્રકારના ઉપમાનનું દૃષ્ટાંત → 'ઊંટ કેવો હોય છે?' એવા પ્રશ્નના ઉત્તરમાં આપ્તપુરુષોએ જણાવ્યું કે 'જે પશુની પીઠ ઘોડાની સમાન એક સરખી ન હોય, અને જેની ગ્રીવા અને શરીર હ્રસ્વ ન હોય એને ઊંટ કહેવાય છે.' તાદૃશ વિરુદ્ધ ધર્મને જણાવનારું પિંડનું જ્ઞાન થયા પછી કાલાન્તરમાં એ પશુને જોઈને શ્રોતાને આપ્તોકત અતિદેશવાક્યાર્થની સ્મૃતિ થાય છે અને ત્યાર પછી उष्ट्रः उष्ट्रपदवाच्यः ઈત્યાકારક ઉપમિતિ થાય છે. (પ્રત્યક્ષપ્રમાણથી તો માત્ર ગવયનો પિંડ દેખાય છે. પરંતુ એને ઓળખી ન શકીએ 'આ

કોણ છે?' અનુમાનથી પણ ન જણાય. એ માત્ર ઉપમાનપ્રમાણથી જણાય. માટે ઉપમાન એ સ્વતંત્ર પ્રમાણ છે.)

॥ इत्युपमानपरिच्छेदः ॥

શબ્દ પરિચ્છેદ

मूलम् : आप्तवाक्यं शब्दः। आप्तस्तु यथार्थवक्ता। वाक्यं पदसमूहः। यथा गामानयेति। शक्तं पदम्। अस्मात्पदादयमर्थो बोद्धव्य इतीश्वरसंकेतः शक्तिः॥

આપ્તપુરુષોવડે ઉચ્ચરિત વાક્યને **શબ્દપ્રમાણ** કહેવાય છે. જે યથાર્થ = સત્ય બોલે તેને **આપ્તપુરુષ** કહેવાય છે. પદોના સમુહને **વાક્ય** કહેવાય છે. દા.ત.→ 'गामानय' ઈત્યાદિ વાક્ય છે કારણ કે 'गाम्' અને 'आनय' બંને પદ એકી સાથે પ્રયુક્ત છે. પદાર્થનો બોધ કરાવવામાં જે શક્તિવાળું છે, તેને **પદ** કહેવાય છે. 'આ પદથી આ પદાર્થનો બોધ કરવો' એ પ્રમાણેનો જે ઈશ્વરસંકેત છે, તેને **શક્તિ** કહેવાય છે.

(न्या०)(शब्दं लक्षयति-आप्तेति। आप्तोच्चरितत्वे सति वाक्यत्वं शब्दस्य लक्षणम्। प्रमाणशब्दत्वं लक्ष्यतावच्छेदकम्। वाक्यत्वमात्रोक्तावनाप्तोच्चरितवाक्येऽतिव्याप्तिरत आप्तोच्चरितत्वनिवेशः। तावन्मात्रोक्तौ जबगडदशादावतिव्याप्तिरतो वाक्यत्वम्। आप्तत्वं च प्रयोगहेतुभूतयथार्थज्ञानवत्त्वम्। तथा च प्रयोगहेतुभूतयथार्थज्ञानजन्यशब्दत्वमिति पर्यवसन्नोऽर्थः।) पदज्ञानं करणम्। वृत्तिज्ञानसहकृतपदज्ञानजन्यपदार्थोपस्थितिर्व्यापारः। वाक्यार्थज्ञानं शाब्दबोधः फलम्। वृत्तिर्नाम शक्तिलक्षणान्यतररूपा। शक्तिर्नाम घटादिविशेष्यकघटादिपदजन्यबोधविषयत्वप्रकारकेश्वरसंकेतः। ईश्वरसंकेतो नाम ईश्वरेच्छा। सैव शक्तिरित्यर्थः। शक्तिनिरूपकत्वमेव पदे शक्तत्वम्। विषयतासंबन्धेन शक्त्याश्रयत्वं शक्यत्वम्। शक्यसंबंधो लक्षणा। सा द्विविधा-गौणी शुद्धा चेति। गौणी नाम सादृश्यविशिष्टे लक्षणा यथा 'सिंहो माणवक' इत्यादौ सिंहपदस्य सिंहसादृश्यविशिष्टे लक्षणा। शुद्धा द्विविधा-जहल्लक्षणा अजहल्लक्षणा चेति। लक्ष्यतावच्छेदकरूपेण लक्ष्यमात्रबोधप्रयोजिका लक्षणा जहल्लक्षणा। यथा 'गङ्गायां घोष' इत्यत्र गङ्गापदवाच्य-प्रवाहसंबन्धस्य तीरे सत्त्वात्तादृशशक्यसंबन्धरूपलक्षणाज्ञानाद् गङ्गापदात्तीरोपस्थितिः। लक्ष्यतावच्छेदकरूपेण लक्ष्यशक्योभयबोधप्रयोजिका लक्षणा अजहल्लक्षणा। यथा 'काकेभ्यो दधि रक्ष्यता' मित्यत्र काकपदस्य दध्युपघातके लक्षणा। लक्ष्यतावच्छेदकं दध्युपघातकत्वम्, तेन रूपेण दध्युपघातकानां सर्वेषां काकबिडालकुक्कुटसारमेयादीनां शक्यलक्ष्याणां सर्वेषां बोधात्। जहदजहल्लक्षणा वेदान्तिनां मते। (सा च शक्यतावच्छेद-

कपरित्यागेन व्यक्तिमात्रबोधप्रयोजिका। यथा 'तत्त्वमसी' त्यत्र सर्वज्ञत्वकिंचिज्ज्ञत्वपरित्यागेन व्यक्तिमात्रबोधनात्)

* ન્યાયબોધિની *

शब्दं..... पर्यवसन्नोऽर्थः । 'आप्तवाक्यं शब्दः' ઇત્યાદિ દ્વારા શબ્દનું લક્ષણ કરે છે. 'જે આપ્ત = વિશ્વસ્ત વ્યક્તિ દ્વારા કહેવાયું હોય અને જે વાક્ય હોય' તે શબ્દપ્રમાણનું લક્ષણ છે. અહીં લક્ષ્ય 'શબ્દપ્રમાણ' છે અને લક્ષ્યતાવચ્છેદક 'શબ્દપ્રમાણત્વ' છે.

★ 'જે વાક્ય હોય તે શબ્દપ્રમાણ છે' એટલું જ કહીએ તો અનાપ્ત વ્યક્તિદ્વારા ઉચ્ચરિત વાક્ય પણ શબ્દપ્રમાણ બની જશે. માટે 'आप्तोच्चरितत्व' પદનો પણ નિવેશ કર્યો છે. ★ માત્ર 'આપ્તવડે ઉચ્ચરિતને શબ્દપ્રમાણ કહેવાય' એટલું જ કહીએ તો વ્યાકરણના રચયિતા આપ્તપુરુષ પાણિની દ્વારા ઉચ્ચરિત 'જ, બ, ગ, ડ, દ, શ' વગેરે વર્ણોના સમૂહને પણ શબ્દ પ્રમાણ કહેવું પડશે માટે લક્ષણમાં 'वाक्यत्व' પદનો નિવેશ છે. 'જબગડદશ' તો વર્ણસંગ્રહસૂચક સૂત્ર છે, વાક્ય નથી.

એ શબ્દપ્રયોગના કારણભૂત જે યથાર્થજ્ઞાન છે, તે યથાર્થજ્ઞાનવાળાને આપ્ત કહેવાય છે. અને શબ્દપ્રયોગમાં કારણભૂત યથાર્થજ્ઞાનથી જન્ય શબ્દને શબ્દપ્રમાણ કહેવાય છે.

पदज्ञानं.....न्यतररूपा। શાબ્દબોધમાં પદનું જ્ઞાન કરણ છે, વૃત્તિ = સંબંધનું જ્ઞાન છે સહકારી કારણ જેમાં એવી પદથી જન્ય પદાર્થની ઉપસ્થિતિ તે વ્યાપાર છે અને વાક્યાર્થજ્ઞાન = શાબ્દબોધ તે ફળ છે. અહીં વૃત્તિ = શક્તિ અથવા લક્ષણા કોઈ પણ એકને ગ્રહણ કરવાનું છે. દા.ત→ 'ग्रामम्' આ સ્થલમાં 'ગ્રામ' પદની શક્તિ ગ્રામ પદાર્થમાં છે અને 'अम्' પદની શક્તિ કર્મતામાં છે. 'ग्रामम्' ઇત્યાકારક પદદ્વયના શ્રવણની પછી પદાર્થની સ્મૃતિ થાય છે તે વ્યાપાર છે અને તાદૃશ સ્મૃતિ દ્વારા 'ગ્રામીયકર્મતા' ઇત્યાકારક વાક્યાર્થબોધ થાય છે તે ફળ છે.

(કહેવાનો આશય એ છે કે, સામાન્ય રીતે બીજાના મુખે શબ્દ સાંભળીને આપણને તે પદાર્થનો બોધ થાય છે માટે કહી શકાય કે પદથી પદાર્થનો બોધ થાય છે. એક વાક્યમાં અનેક પદો હોય છે. પદ જ્ઞાન થાય પછી છુટા છુટા પદના અર્થનું જ્ઞાન થાય છે, તે તો પદાર્થની ઉપસ્થિતિ માત્ર છે, શાબ્દબોધ નથી. ત્યારપછી જુદા જુદા પદાર્થોનો સંકલિત થઈને નવો બોધ થાય છે તેને શાબ્દબોધ કહેવાય છે. શાબ્દબોધ એ પ્રમા છે. શાબ્દબોધ થવામાં પદજ્ઞાન = શબ્દજ્ઞાન એ કરણ છે. પદજ્ઞાન જન્ય પદાર્થની ઉપસ્થિતિ થાય છે તે વ્યાપાર છે અને શાબ્દબોધએ કાર્ય = ફળ છે.

પદથી પદાર્થનો બોધ થાય તેમાં કારણ કોણ? પદ અને પદાર્થ વચ્ચેનો સંબંધ. ઘટ પદથી કળશાકાર પદાર્થનો બોધ થાય છે કારણ કે બેની વચ્ચે સંબંધ છે. આ સંબંધને જ શબ્દ પરિચ્છેદમાં વૃત્તિ કહેવામાં આવે છે. વૃત્તિ = સંબંધ બે પ્રકારે છે. (૧) શક્તિ (૨) લક્ષણા.)

शक्तिर्नाम..... शक्यसंबंधो लक्षणा। પ્રત્યક્ષખંડમાં નૈયાયિકોએ જે મીમાંસકાભિમત શક્તિનું ખંડન કર્યું હતું તે 'કાર્યાનુકુલકારણગતસામર્થ્યવિશેષ' છે. દા.ત.→ 'દાહને અનુકુલ વહ્નિગત સામર્થ્યવિશેષ' એ શક્તિ છે. પરંતુ શબ્દખંડમાં તો 'શક્તિ' પદાર્થ 'ઈશ્વરેચ્છા'

સ્વરૂપ છે. 'घटादिपदात् घटाद्यर्थो बोधव्यः' આ પ્રમાણેની ઈશ્વરેચ્છા શક્તિ છે = ઘટાદિપદજન્ય બોધનો વિષય ઘટાદિ પદાર્થ બને એવી ઈશ્વરેચ્છા છે અર્થાત્ ઘટાદિપદજન્યબોધવિષયત્વ જેમાં પ્રકાર બને છે અને ઘટાદિ જેમાં વિશેષ્ય બને છે એવી ઈશ્વરેચ્છા = ઈશ્વર સંકેતને નૈયાયિકો શક્તિ કહે છે.

પદ અને પદાર્થ વચ્ચે શક્તિ નામક સંબંધ છે. સંબંધ હંમેશા દ્વિષ્ઠ હોય છે. પદ શક્તિનો નિરૂપક છે તેથી નિરૂપકતા સંબંથી શક્તિ પદમાં રહે છે અને પદ શક્ત = શક્તિમત્ કહેવાય છે. તથા વિષયતા સંબંધથી શક્તિ પદાર્થમાં રહે છે. શક્તિ જ્યાં વિષયતા સંબંધથી રહે છે, તેને શક્ય કહેવાય છે માટે પદાર્થ શક્ય થશે. અને આ શક્યના સંબંધને લક્ષણા કહેવાય છે.

(શંકા : પદની શક્તિ દ્વારા જ વાક્યાર્થ બોધ થઈ જાય છે તો લક્ષણા નામની વૃત્તિ માનવાની આવશ્યકતા શું છે?

સમા. : કોઈ વ્યક્તિએ પૂછ્યું હોય કે 'ગંગાનદીથી તમે કેટલા દૂર રહો છો?' એના ઉત્તરમાં તે વ્યક્તિ કહે છે કે 'अहं गंगायामेव निवसामि' અહીં 'ગંગા' પદની શક્તિ તો નદીવિશેષમાં જ છે પરંતુ નદીમાં નિવાસ કરવું સર્વથા દુષ્કર છે માટે વક્તાના તાત્પર્યને જાણીને 'ગંગા' પદનો શક્ય જે નદીવિશેષ છે એનો સંબંધ તટમાં કરવો પડશે અર્થાત્ 'ગંગા' પદનો અર્થ 'ગંગાતટ' કરવો પડશે. આને જ લક્ષણાવૃત્તિ કહેવાય છે.

આમ, શક્તિવૃત્તિ દ્વારા વક્તાનું તાત્પર્ય ન ઘટતું હોય ત્યારે 'લક્ષણા' કરાય છે.)

(કહેવાનો આશય એ છે કે, જો પદથી લોકમાં પ્રચલિત અર્થ સમજાય તો સમજવું કે પદ અને પદાર્થ વચ્ચે શક્તિનામનો સંબંધ છે. એટલે કે શક્તિ નામના સંબંધથી પદાર્થનો બોધ થયો છે. પરંતુ જો પ્રચલિત અર્થ લેવાથી વક્તાનું તાત્પર્ય ન જણાતું હોય તો પદ ઉપરથી વાસ્તવિક પદાર્થનો ત્યાગ કરીને પદની લક્ષણા કરવી પડે છે, લક્ષ્યાર્થ લેવો પડે છે. અહીં લક્ષણા નામના સંબંધથી લક્ષ્યાર્થનો બોધ થયો છે એમ જણાવું.)

લક્ષણા - નિરૂપણ

सा द्विविधा..... व्यक्तिमात्रबोधनात्। આ લક્ષણા બે પ્રકારની છે (૧) ગૌણી અને (૨) શુદ્ધા.

(૧) સાદૃશ્યવિશિષ્ટમાં કરાતી લક્ષણાને 'ગૌણીલક્ષણા' કહેવાય છે. દા.ત.→ 'सिंहो माणवकः' અર્થાત્ 'આ બાળક સિંહ છે' એવો શક્તિસંબંધ દ્વારા અર્થ નિકળશે પરંતુ એવા શક્યાર્થ દ્વારા અર્થઘટન અસંભવ છે કારણ કે બાળક તો મનુષ્યવિશેષ છે અને સિંહ તો પશુવિશેષ છે. તો પછી બંનેમા અભેદ તો કેવી રીતે થઈ શકે? અહીં વક્તાનું તાત્પર્ય 'સિંહના જેવો પરાક્રમી બાળક છે' એવું જણાવવાનું છે. તેથી અહીં સિંહ પદની સાદૃશ્યવિશિષ્ટમાં ગૌણી લક્ષણા કરવાથી 'સિંહસાદૃશ્યબાળક છે અર્થાત્ સિંહમાં જે શૂરતા, ક્રૂરતા આદિ ગુણ છે તે ગુણવિશિષ્ટ માણવક (બાળક) છે' એવા વક્તાનો આશય પ્રતીત થશે.

(૨) શુદ્ધાલક્ષણા બે પ્રકારની છે જહત્લક્ષણા અને અજહત્લક્ષણા

★ **જહત્લક્ષણા :** ત્યાગઅર્થક 'હા' ધાતુથી 'જહત્' શબ્દની નિષ્પત્તિ થઈ છે. આ

વ્યુત્પત્તિ અનુસાર અર્થ નિકળશે કે 'જ્યાં પણ શક્યાર્થનો ત્યાગ કરવામાં આવે અર્થાત્ લક્ષ્યતાવચ્છેદકત્વેન લક્ષ્યમાત્રનો બોધ કરાવે તે જહત્લક્ષણા કહેવાય છે. દા.ત.→ 'गङ्गायां घोषः' અહીં ગંગા પદનો શક્યાર્થ છે 'ગંગાપ્રવાહ' પરંતુ શક્તિ સંબંધ દ્વારા વાક્યાર્થબોધ સંભવ જ નથી, કારણ કે નદીમાં ઝુપડી અસંભવ છે. માટે અહીં શક્યાર્થને છોડીને લક્ષ્યાર્થને જ લેવું પડશે. અહીં લક્ષ્યાર્થ છે ગંગાતીર. લક્ષ્યતાવચ્છેદક ગંગાતીરત્વેન ગંગાતીરનો જ બોધ થાય છે અને ત્યારપછી 'गङ्गायां घोषः' આ વાક્યથી 'गंगातीरे घोषः' આ પ્રમાણેનો શાબ્દબોધ થાય છે. અહીં 'ગંગા' પદનો શક્યાર્થ 'ગંગાપ્રવાહ'નો સંપૂર્ણપણે ત્યાગ કર્યો છે માટે અહીં જહત્લક્ષણા કહેવાશે.

★ **અજહત્લક્ષણા :** જ્યાં કોઈ પદદ્વારા શક્ય અને લક્ષ્ય બંનેનો બોધ થાય અર્થાત્ લક્ષ્યતાવચ્છેદકત્વેન લક્ષ્ય અને શક્ય બંનેનો બોધ કરાવે તે અજહત્લક્ષણા કહેવાય છે. 'અજહત્' સંજ્ઞા એટલા માટે આપી છે કે ત્યાં શક્યાર્થનો ત્યાગ નથી કરાતો. દા.ત. → 'काकेभ्यो दधि रक्ष्यताम्' અહીં જે જે દધિના ઉપઘાતક છે તે બધાથી દધિનું રક્ષણ કરવું એ વક્તાનું તાત્પર્ય છે. હવે જો 'काक' પદથી શક્યાર્થ 'કાગડો' જ લઈએ તો વક્તાનું તાત્પર્ય અનુપપન્ન થાય. તેથી 'કાક' પદની દધ્યુપઘાતકમાં લક્ષણા કરવાથી 'લક્ષ્યતાવચ્છેદક દધ્યુપઘાતકત્વેન જેટલા પણ કાગડા સહિત બિલાડા, કૂકડા અને કૂતરા વગેરે દધિના વિનાશક છે, તે બધાથી દધિનું રક્ષણ કરવું જોઈએ' એવો બોધ થાય છે. આમ 'કાક' પદથી લક્ષ્યાર્થ બિલાડાદિને તો ગ્રહણ કર્યું પરંતુ સાથે શક્યાર્થ 'કાગડા'નો પણ ત્યાગ કર્યો નથી માટે અહીં અજહત્લક્ષણા કહેવાશે.

★ **જહદજહલ્લક્ષણા :** શક્યતાવચ્છેદકનો ત્યાગ કરવા વડે વ્યક્તિ માત્રના બોધને જણાવનારી જે લક્ષણા તે જહદજહલ્લક્ષણા છે.

આ લક્ષણા નૈયાયિકોને અભિમત નથી પરંતુ વેદાન્તદર્શન એને સ્વીકારે છે. વેદાન્તમતમાં જીવ 'અલ્પજ્ઞત્વવિશિષ્ટચૈતન્ય' છે અને ઈશ્વર 'સર્વજ્ઞત્વવિશિષ્ટચૈતન્ય' છે, એવું માનવા છતાં પણ 'અલ્પજ્ઞત્વ' અને 'સર્વજ્ઞત્વ' આ બંને ધર્મ ઔપચારિક જ છે, સ્વભાવથી તો ઈશ્વર અને જીવમાં એકતા જ છે. આ વાતને જણાવવા 'तत्त्वमसि' આ વેદાન્તવાક્ય પ્રવૃત્ત થયું છે.

'तत्त्वमसि' આ વાક્ય જહદજહલ્લક્ષણાથી બોલાયું છે. અહીં 'तत्' નો અર્થ પૂર્વોક્ત ઈશ્વર છે અને 'त्वम्' નો અર્થ પૂર્વોક્ત જીવ છે. બંને પદ પ્રથમાન્ત હોવાથી અભેદ સૂચિત થાય છે પરંતુ જીવ તો અલ્પજ્ઞ છે અને ઈશ્વર તો સર્વજ્ઞ છે તો પછી અભેદ કેવી રીતે થશે? માટે અહીં વિરુદ્ધાંશ અલ્પજ્ઞત્વ અને સર્વજ્ઞત્વ જે શક્યતાવચ્છેદક છે, તેનો ત્યાગ કરવો (જહત્) અને એ બંનેમાં વિદ્યમાન શુદ્ધચૈતન્યાંશનો ત્યાગ નહીં કરવો. (અજહત્) આ રીતે જહદજહલ્લક્ષણા દ્વારા શુદ્ધચૈતન્ય વ્યક્તિમાત્રનો બોધ થશે. આ લક્ષણાને વેદાન્તદર્શનમાં

'ભાગત્યાગ' લક્ષણા પણ કહેવાય છે કારણ કે અહીં 'तत्' પદના શક્યતાવચ્છેદક 'સર્વજ્ઞત્વ' અને 'त्वम्' પદના શક્યતાવચ્છેદક 'અલ્પજ્ઞત્વ'નો ત્યાગ કર્યો છે.

આ લક્ષણાનો 'જહત્'માં અન્તર્ભાવ નહીં કરી શકાય કારણ કે જહત્માં તો શક્યાર્થનો સંપૂર્ણપણે ત્યાગ કર્યો છે પરંતુ અહીં તો શકયાર્થ ચૈતન્યનો ત્યાગ નથી કર્યો. આ લક્ષણાનો 'અજહત્'માં પણ અન્તર્ભાવ નહીં કરી શકાય કારણ કે અજહત્માં તો શક્યાર્થ સિવાય અન્યોનું પણ ગ્રહણ કર્યું છે ('काकेभ्यो दधि रक्ष्यताम्' જુવો) પરંતુ અહીં તો કોઈ અન્ય પદાર્થનું ગ્રહણ કર્યું નથી.

(પ૦) अवसरसंगतिमभिप्रेत्योपमानानन्तरं शब्दं निरूपयति आप्तेति। शब्द इति। शब्दप्रमाणमित्यर्थः। भ्रान्तविप्रलम्भकयोर्वाक्यस्य शब्दप्रमाणत्ववारणाय आप्तेति। ननु कोऽयमाप्त इत्यत आह-आप्तस्त्विति। यथार्थवक्ता = यथाभूताबाधितार्थोपदेष्टा। वाक्यं लक्षयति-वाक्यमिति। घटादिसमूहवारणाय पदेति। शक्तमिति। निरूपकतासंबन्धेन शक्तिविशिष्टमित्यर्थः। अस्मादिति। घटपदाद् घटरूपोऽर्थो बोद्धव्य इतीश्वरेच्छैव शक्तिरित्यर्थः। अर्थस्मृत्यनुकूलपदपदार्थसंबन्धत्वं तल्लक्षणम्। शक्तिरिव लक्षणापि पदवृत्तिः। अथ केयं लक्षणा। शक्यसंबन्धो लक्षणा। सा च त्रिधा। जहद्-अजहद्-जहदजहद्भेदात्। वर्तते च 'गङ्गायां घोष' इत्यत्र गङ्गापदशक्यप्रवाहसंबन्धस्तीरे। लक्षणाबीजं च तात्पर्यानुपपत्तिः। अत एव प्रवाहे घोषतात्पर्यानुपपत्तेस्तीरे लक्षणा सेत्स्यति। 'छत्रिणो यान्ती' त्यादौ द्वितीया। 'सोऽयमश्व' इत्यादौ तृतीया ॥

* પદકૃત્ય *

અવસરસંગતિને જાણીને ઉપમાનની પછી હવે શબ્દનું નિરૂપણ કરે છે. 'आप्तवाक्यं शब्दः' આ મૂલોક્ત વાક્યમાં શબ્દનો અર્થ 'શબ્દપ્રમાણ' સમજવો.

★ માત્ર 'वाक्यं शब्दः' એટલું જ શબ્દપ્રમાણનું લક્ષણ કરીએ તો ભ્રાન્ત અને ઠગ દ્વારા ઉચ્ચરિત વાક્ય પણ શબ્દપ્રમાણ બની જશે માટે લક્ષણમાં 'આપ્ત' પદનો નિવેશ છે. ભ્રાન્તાદિ પુરુષ તો અનાપ્ત હોવાથી એમના દ્વારા ઉચ્ચરિત વાક્યમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

આપ્તપુરુષ કોને કહેવાય? યથાર્થવક્તાને આપ્તપુરુષ કહેવાય છે. યથાર્થવક્તા = જેનો ઉપદેશ એવો હોય કે જેમાં યથાભૂત અર્થનો બાધ ન થાય.

'वाक्यं पदसमूहः' ઇત્યાદિ દ્વારા વાક્યનું લક્ષણ કરે છે.

★ 'समूहः वाक्यम्' આટલું જ કહીએ તો ઘટ, પટાદિના સમૂહને પણ વાક્ય કહેવું પડશે માટે લક્ષણમાં 'पदसमूहः वाक्यम्' કહ્યું છે.

શક્તિનો નિરૂપક પદ છે, માટે નિરૂપકતાસંબંધથી શક્તિવિશિષ્ટને પદ = શક્ત કહેવાય

છે. 'ઘટપદથી ઘટ પદાર્થનો બોધ થાઓ' એવી ઈશ્વરઈચ્છાને શક્તિ કહેવાય છે. અર્થ = વાચ્યાર્થની સ્મૃતિના કારણીભૂત એવો જે પદપદાર્થની વચ્ચેનો સંબંધ તે જ શક્તિ છે. શક્તિની જેમ લક્ષણા પણ પદવૃત્તિ કહેવાય છે. શક્યનો સંબંધ લક્ષણા છે અને તે જહત્, અજહત્, જહદાજહત્ ભેદથી ત્રણ પ્રકારની છે.

+ 'गङ्गायां घोषः' અહીં જહલ્લક્ષણા સમજવી કારણ કે 'ગંગા' પદના શક્યાર્થ 'જલપ્રવાહ' વિશેષને છોડીને 'ગંગા' પદથી 'ગંગાતીર'નું ગ્રહણ કર્યું છે. લક્ષણા ક્યારે કરવી જોઈએ? જ્યારે વક્તાના તાત્પર્યની ઉપપત્તિ ન થતી હોય ત્યારે લક્ષણા કરાય છે. જેમ કે ગંગાપ્રવાહમાં ઘોષનું તાત્પર્ય અનુપપન્ન થવાથી 'તીર'માં લક્ષણા સિદ્ધ થાય છે.

+ 'छत्रिणो यान्ति' અહીં અજહલ્લક્ષણા છે કારણ કે અહીં એક સમુદાય અન્તર્ગતત્વેન શક્યાર્થ છત્રસહિત અને લક્ષ્યાર્થ છત્રરહિત બંનેનું ગમન જણાય છે. તેથી લક્ષ્ય અને શક્ય બંનેના બોધને જણાવનારી હોવાથી અજહત્ લક્ષણા છે.

+ 'सोऽयमश्वः' અહીં ત્રીજી લક્ષણા છે કારણ કે 'સો'નો અર્થ તદ્દેશ, તદ્કાલ વિશિષ્ટ અશ્વ છે અને 'अयम्'નો અર્થ એતદ્દેશ, એતદ્કાલ વિશિષ્ટ અશ્વ છે. 'સો' અને 'अयम्' આ બંને પદ પ્રથમાન્ત હોવાથી આ બંનેમાં અભેદ સૂચિત કરાય છે પરંતુ પદશક્તિ દ્વારા બંનેમાં અભેદ કેવી રીતે થઈ શકે? કારણ કે શક્યતાવચ્છેદક = વિશેષણ તદ્દેશકાલ અને એતદ્દેશકાલમાં વિરોધ છે માટે અહીં વિશેષણ એવું તદ્દેશ, તદ્કાલ અને એતદ્દેશ, એતદ્કાલનો પરિત્યાગ કરવાથી અને સમાન અંશ 'અશ્વ'ને ગ્રહણ કરવાથી જહદજહલ્લક્ષણા થઈ.

આકાંક્ષાદિ - નિરૂપણ

मूलम् : आकाङ्क्षा योग्यता संनिधिश्च वाक्यार्थज्ञाने हेतुः। पदस्य पदान्तरव्यतिरेकप्रयुक्तान्वयाननुभावकत्वमाकाङ्क्षा। अर्थाबाधो योग्यता। पदानामविलम्बेनोच्चारणं संनिधिः। तथा च आकाङ्क्षादिरहितं वाक्यमप्रमाणम्। यथा गौरश्वः पुरुषो हस्तीति न प्रमाणमाकाङ्क्षाविरहात्। वह्निना सिञ्चेदिति न प्रमाणं योग्यताविरहात्। प्रहरे प्रहरेऽसहोच्चारितानि गामानयेत्यादिपदानि न प्रमाणं संनिध्याभावात्॥

આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિ આ ત્રણેય શાબ્દબોધમાં કારણ છે. એક પદમાં બીજા પદના અન્વયનું અનનુભાવકત્વ = અજનકત્વ તે અર્થાત્ એક પદ બીજા પદ વિના અન્વયબોધ = શાબ્દબોધ ન કરાવી શકે તે આકાંક્ષા કહેવાય છે, અર્થનો બાધ ન હોય તે યોગ્યતા કહેવાય છે, પદોનું વિલંબ વિના જે ઉચ્ચારણ, તે સંનિધિ કહેવાય છે.

ઉપરોક્ત આકાંક્ષાદિથી રહિત વાક્ય અપ્રમાણ છે. દા.ત. → (૧) 'गौरश्वः पुरुषो हस्ती' આ વાક્ય અપ્રમાણ છે કારણ કે અહીં પદોમાં પરસ્પર આકાંક્ષા નથી. (૨) 'वह्निना सिञ्चेद्' આ વાક્ય પ્રમાણ નથી કારણ કે વહ્નિ દ્વારા સિંચનક્રિયાનો બાધ છે અર્થાત્ અર્થ બાધિત હોવાથી યોગ્યતા નથી. (૩) પ્રહર પ્રહરના અન્તરે સાથે નહીં બોલાયેલા 'गाम्' 'आनय'

ઇત્યાદિ પદો પ્રમાણ નથી કારણ કે આ પદોમાં સંનિધિ નથી.

(ન્યા૰) आकाङ्क्षां लक्षयति-पदस्येति। अव्यवहितोत्तरत्वादिसंबन्धेन यत्पदे यत्पदप्रकारकज्ञानव्यतिरेकप्रयुक्तो यादृशशाब्दबोधाभावस्तादृशशाब्दबोधे तत्पदे तत्पदवत्त्वमाकाङ्क्षा। यथा घटमित्यादिस्थलेऽव्यवहितोत्तरत्वादिसंबन्धेनाम्पदं घटपदवदित्याकारकाम्पदविशेष्यकघटपद-प्रकारकज्ञानसत्त्वे घटीयं कर्मत्वमिति बोधो जायते। अम् घट इति विपरीतोच्चारणे तु तादृशज्ञानाभावात्तादृशशाब्दबोधो न जायते। अतस्तादृशाकाङ्क्षाज्ञानं शाब्दबोधे कारणम्। अर्थाबाध इति। बाधाभावो योग्यतेत्यर्थः। 'अग्निना सिञ्चेदि' त्यत्र सेककरणत्वस्य जलादिधर्मस्य वह्नौ बाधनिश्चयसत्त्वान्न तादृशवाक्याच्छाब्दबोधः। संनिधिं निरूपयति-पदानामिति। असहोच्चारितानि विलम्बोच्चारितानि।

* ન્યાયબોધિની *

આકાંક્ષા : ન્યાયબોધિનીકાર નવ્યન્યાયની ભાષામાં આકાંક્ષાનું પરિષ્કૃત લક્ષણ કરે છે→ અવ્યવહિતોત્તરત્વસંબંધથી જે પદમાં યત્પદપ્રકારક જ્ઞાન ન હોવાથી યાદૃશ શાબ્દબોધ નથી થઈ શક્તો તો તાદૃશ શાબ્દબોધની પ્રતિ તે પદમાં તત્પદનું વૈશિષ્ટ્ય આકાંક્ષા છે. અર્થાત્ જે પદની અવ્યવહિત ઉત્તરમાં અથવા જે પદની અવ્યવહિત પૂર્વમાં જે પદ વિના વાક્યાર્થબોધ ન થાય, તો તે પદની તાદૃશ પદમાં આકાંક્ષા મનાય છે. દા.ત. → 'ઘટમ્' ઇત્યાદિ સ્થળમાં સ્વાવ્યહિતોત્તરત્વ સંબંધથી ઘટપદવદ્ 'અમ્' પદ છે અને સ્વાવ્યવહિતપૂર્વત્વસંબંધથી અમ્પદવદ્ 'ઘટ' પદ છે. હવે ઘટપદના અવ્યવહિત ઉત્તરમાં જો 'અમ્' પદ નહીં હોય અથવા અમ્પદના અવ્યવહિત પૂર્વમાં જો 'ઘટ' પદ નહીં હોય તો 'ઘટીયકર્મતા' ઇત્યાદિ વાક્યાર્થબોધ નહીં થઈ શકે માટે 'ઘટીયકર્મતા' આ વાક્યાર્થબોધની પ્રતિ 'ઘટ્' પદ 'અમ્' પદની આકાંક્ષાવાળો છે અને 'અમ્' પદ પણ અવ્યવહિતપૂર્વવર્ત્તિત્વ સંબંધથી 'ઘટ' પદ સાકાંક્ષ છે. અર્થાત્ અવ્યવહિતોત્તરત્વસંબંધથી 'અમ્' પદ છે વિશેષ્ય જેમાં અને 'ઘટ' પદ છે પ્રકાર જેમાં એવું 'ઘટપદવદમ્' જ્ઞાન થાય અથવા અવ્યવહિતપૂર્વવર્ત્તિત્વસંબંધથી 'ઘટ' પદ વિશેષ્યક અને 'અમ્' પદ પ્રકારક એવું 'અમ્પદવદ્ઘટ' જ્ઞાન થાય તો 'ઘટીયકર્મતા' ઇત્યાકારક શાબ્દબોધ થઈ શકે.

કહેવાનો આશય એ છે કે, ઘટ એ પ્રકૃતિ પદ છે, અમ્ એ પ્રત્યયપદ છે. પ્રકૃતિપદને પ્રત્યયપદની અને પ્રત્યયપદને પ્રકૃતિપદની આકાંક્ષા છે. એવી રીતે કારકપદ અને ક્રિયાપદ વિશેષણપદ અને વિશેષ્યપદ, કારણપદ અને કાર્યપદ, અભાવપદ અને પ્રતિયોગીપદ.... આ પદોને પણ પરસ્પર આકાંક્ષા છે.

(લક્ષણમાં માત્ર 'સ્વોત્તરત્વ' આટલું જ કહીએ 'અવ્યવહિત' પદ ન લખીએ તો चैत्रो ग्रामं गच्छति' આ સ્થલમાં ચૈત્રપદ પણ ગ્રામની ઉત્તરવર્ત્તિ 'અમ' પદથી સાકાંક્ષ થઈ જાય તે ઉચિત નથી. 'અવ્યવહિતોત્તરત્વ' કહેવાથી તે આપત્તિ નહીં આવે કારણ કે 'અમ્' પદ ગ્રામપદ દ્વારા વ્યવહિત છે = વ્યવધાનથી યુક્ત છે.)

योग्यता : જ્યાં અર્થનો બાધ ન હોય ત્યાં યોગ્યતા મનાય છે. દા.ત.→ 'जलेन सिञ्चति' આ સ્થલમાં સિંચનની કરણતા જલમાં અબાધિત છે પરંતુ 'वह्निना सिञ्चेत' ઇત્યાદિ સ્થલોમાં અર્થનો બાધ હોવાથી યોગ્યતા નથી કારણ કે સિંચન ક્રિયામાં વહ્નિ કારણ નથી. તેથી અહીં વાક્યાર્થબોધ નહીં થશે.

संनिधि : જ્યાં પદોનું વિલમ્બથી ઉચ્ચારણ કરાય છે ત્યાં સંનિધિ હોતી નથી. દા.ત. → 'ગ્રામ' પદ બોલ્યા પછી એક કલાકના વિલમ્બથી જો 'આનય' પદ બોલાય તો ત્યાં સંનિધિ ન હોવાથી વાક્યાર્થબોધ નથી થતો પરંતુ 'ગામ' પદ બોલ્યા પછી તરત જ વિલમ્બ વિના 'આનય' પદ બોલે તો બંને પદોમાં સંનિધિ મનાય છે.

(પ૰) असंभववारणाय पदान्तरव्यतिरेकप्रयुक्तेति। पुनरसंभववारणाय पदान्तरेति। अर्थेति। आकाङ्क्षावारणाय अर्थेति। पदानामिति। असहोच्चारितेष्वतिव्याप्तिवारणाय अविलम्बेनेति। आकाङ्क्षावारणाय पदानामिति। आकाङ्क्षादिशून्यवाक्यस्यात्र प्रमाणत्वं निषेधति-तथा चेति। आकाङ्क्षादिकं शाब्दहेतुरित्युक्ते चेत्यर्थः। अनाकाङ्क्षाद्युदाहरणं दर्शयति-यथेति।

* પદકૃત્ય *

★ *આકાંક્ષાના લક્ષણમાં 'पदस्याकाङ्क्षा' આટલું જ લક્ષણ કરીએ અને 'पदान्तरव्यतिरेक...'* ઇત્યાદિ ન આપીએ તો અસંભવદોષ આવે છે કારણ કે એક પદમાં આકાંક્ષા નથી હોતી.

★ અને જો 'पदस्य व्यतिरेकप्रयुक्तान्वयाननुभावकत्वमाकाङ्क्षा' આટલું જ લક્ષણ કરીએ અને 'पदान्तर' આ પદ નહીં આપીએ તો પણ અસંભવદોષ આવે છે કારણ કે આકાંક્ષા તો પદમાં જ હોય છે. દા.ત. → 'ઘટ' પદને પદાન્તર એવા 'अम्' પદની આકાંક્ષા છે એવી જ રીતે પદાન્તર જે 'अम्' પદ છે તે 'ઘટ' પદની અપેક્ષાવાળો છે. તેથી આકાંક્ષાના મૂળ લક્ષણમાં 'पदस्य पदान्तर...' બન્ને આપવું જોઈએ.

★ યોગ્યતાના લક્ષણમાં 'अबाधो योग्यता' આટલું જ કહીએ તો પણ 'वह्निना सिञ्चेत' ઇત્યાદિ સ્થળે પદોમાં આકાંક્ષાનો બાધ ન હોવાથી યોગ્યતાનું લક્ષણ આકાંક્ષામાં અતિવ્યાપ્ત થશે. પરંતુ 'अर्थाबाधो योग्यता' કહેવાથી તે આપત્તિ નહીં આવે કારણ કે સિંચન કરણત્વ સ્વરૂપ જે અર્થ છે, તેનો તો વહ્નિમાં બાધ જ છે.

★ *'पदानामुच्चारणं संनिधिः' આટલું સંનિધિનું લક્ષણ કરીએ અને 'अविलम्बेन' પદનો*

નિવેશ ન કરીએ તો 'असहोच्चरित' અર્થાત્ 'विलम्बोच्चरित' પદોમાં અતિવ્યાપ્તિ આવશે. એના વારણ માટે લક્ષણમાં 'अविलम्बेन' પદનો નિવેશ કર્યો છે.

★ સંનિધિના લક્ષણમાં 'पदानाम्' આ પદ નહીં આપીએ અને માત્ર 'अविलम्बेनोच्चारणं संनिधिः' આટલું લક્ષણ કરીએ તો 'घटम्' ઇત્યાદિ આકાંક્ષા સ્થળમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે આકાંક્ષા સ્થળમાં પણ પદોનું વિલમ્બ વગર ઉચ્ચારણ થાય છે. 'पदानाम्' કહેવાથી તે આપત્તિ નહીં આવે કારણ કે આકાંક્ષા તો એક પદની બીજા પદની સાથે હોય છે પરંતુ સંનિધિ ઘણા પદોમાં હોય છે.

पदानां संनिधिः, पदयोः आकाङ्क्षा, पदार्थयोः योग्यता અર્થાત્ ઘણા પદોની વચ્ચે સંનિધિ હોય છે, બે પદોની વચ્ચે આકાંક્ષા હોય છે અને બે પદાર્થોની વચ્ચે યોગ્યતા હોય છે.

'આકાંક્ષા, યોગ્યતાદિથી શૂન્ય 'વાક્ય' પ્રમાણ બનતું નથી' એને મૂલકાર 'तथा च' દ્વારા બતાવે છે. આકાંક્ષા યોગ્યતાદિ રહિતનું દ્રષ્ટાંત મૂલકાર 'यथा' દ્વારા બતાવે છે.

વાક્ય - નિરૂપણ

मूलम् : वाक्यं द्विविधम्-वैदिकं लौकिकं च। वैदिकमीश्वरोक्तत्वात्सर्वमेव प्रमाणम्। लौकिकं त्वाप्तोक्तं प्रमाणम्। अन्यदप्रमाणम्।

વૈદિક અને લૌકિક ભેદથી વાક્ય બે પ્રકારનું છે. વૈદિક વાક્યો ઈશ્વરદ્વારા ઉચ્ચરિત હોવાથી બધા જ પ્રમાણ છે પરંતુ લૌકિકવાક્યો જે આપ્તપુરુષવડે કહેવાયા છે તે જ પ્રમાણ છે અને શેષ (અનાપ્તપુરુષદ્વારા કથિત) વાક્યો અપ્રમાણ છે.

(न्या०) वैदिकमिति। वेदवाक्यमित्यर्थः। इदमुपलक्षणम्। तेन वेदमूलस्मृत्यादीन्यपि ग्राह्याणि। लौकिकं त्विति। वेदवाक्यभिन्नमित्यर्थः। आप्तत्वं च प्रयोगहेतुभूतयथार्थज्ञानवत्त्वम्।

॥ इति न्यायबोधिन्यां शब्दपरिच्छेदः ॥

---

* ન્યાયબોધિની *

મૂળમાં વૈદિકવાક્યને પ્રમાણ કહ્યું છે તે ઉપલક્ષણ છે અર્થાત્ માત્ર વેદવાક્ય જ પ્રમાણ છે એવું નથી પરંતુ વેદમૂલક સ્મૃતિ આદિ ગ્રન્થ પણ પ્રમાણભૂત સમજવું.

'स्वबोधकत्वे सति स्वेतरबोधकत्वमुपलक्षणत्वम्' કહેવાનો આશય એ છે કે મૂલસ્થ વૈદિક પદ એ, સ્વ = વેદ વાક્યોનું પણ જ્ઞાન કરાવશે અને સ્વેતર = વેદ આધારિત શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પણ બોધ કરાવશે માટે વેદ અને તન્મૂલક બધા ગ્રન્થો પ્રમાણભૂત કહેવાશે.

શબ્દપ્રયોગમાં કારણીભૂત જે યથાર્થજ્ઞાન છે તે યથાર્થજ્ઞાનના આશ્રયને આપ્તપુરુષ કહેવાય છે અને એમના દ્વારા ઉચ્ચરિત વાક્ય પ્રમાણ છે, અન્ય વાક્ય અપ્રમાણ છે.

વાક્યાર્થજ્ઞાન

मूलम् : वाक्यार्थज्ञानं शाब्दज्ञानम्। तत्करणं शब्दः॥

શબ્દથી જન્ય જ્ઞાનને વાક્યાર્થજ્ઞાન એટલે શાબ્દજ્ઞાન કહેવાય છે અને તેનું કરણ શબ્દ છે = પદજ્ઞાન છે.

(प०) नन्वेतावता शाब्दसामग्री प्रपञ्चिता। प्रमाविभाजकवाक्ये शाब्दस्याप्युद्दिष्टत्वेन तत्कुतो न प्रदर्शितमित्यत आह-वाक्यार्थेति। शाब्दत्वं च 'शब्दात् प्रत्येमी' त्यनुभवसिद्धा जातिः। शाब्दबोधक्रमो यथा-'चैत्रो ग्रामं गच्छती' त्यत्र ग्रामकर्मकगमनानुकूलवर्तमानकृतिमांश्चैत्र इति शाब्दबोधः। द्वितीयायाः कर्मत्वमर्थः। धातोर्गमनम्। अनुकूलत्वं च संसर्गमर्यादया भासते। लटो वर्तमानत्वमाख्यातस्य कृतिः। तत्संबन्धः संसर्गमर्यादया भासते। 'रथो गच्छती' त्यत्र गमनानुकूलव्यापारवान् रथ इति शाब्दबोधः। 'स्नात्वा गच्छती' त्यत्र गमनप्रागभावावच्छिन्नकालीनस्नानकर्ता गमनानुकूलवर्तमानकृतिमानिति शाब्दबोधः। क्त्वाप्रत्ययस्य कर्ता पूर्वकालीनत्वं चार्थः। एवमन्यत्रापि वाक्यार्थो बोध्यः।

॥ इति पदकृत्ये शब्दपरिच्छेदः ॥

* પદકૃત્ય *

હમણા સુધી વાક્યાર્થબોધની કારણ સામગ્રીનું વર્ણન કર્યું પરંતુ યથાર્થાનુભવના ચારભેદોમાંથી શાબ્દીપ્રમા ઉદ્દેશ્યતયા નિર્દિષ્ટ છે એને હમણા સુધી શા માટે બતાવી નથી? એવો પ્રશ્ન ઉપસ્થિત થતા મૂલકાર કહે છે...

વાક્યાર્થજ્ઞાનને જ શાબ્દજ્ઞાન કહેવાય છે. 'शब्दात् प्रत्येमि' અર્થાત્ 'આ જ્ઞાન મને શબ્દ દ્વારા થયું છે' એવો અનુભવબોધ પ્રાયઃ કરીને બધી વ્યક્તિઓને થાય છે, તાદૃશ વાક્યાર્થજ્ઞાનોમાં અનુગત જે 'શાબ્દત્વ' છે તે અનુભવસિદ્ધ જાતિ છે. આશય એ છે કે જેવી રીતે 'घटोऽयम्' 'घटोऽयम्' ઇત્યાદિ અનુભૂતિ સર્વસાધારણ હોવાથી 'ઘટત્વ' જાતિ અનુભવસિદ્ધ છે, તેવી જ રીતે વાક્યાર્થજ્ઞાન પણ જનસાધરણ દ્વારા અનુભૂયમાન હોવાથી 'શાબ્દત્વ' જાતિ પણ અનુભવસિદ્ધ છે.

હવે વાક્યાર્થબોધના ક્રમને બતાવે છે.... અહીં એ ધ્યાન રાખવું જેઈએ કે કર્તૃવાચ્ય અને કર્મવાચ્ય વાક્યોમાં નૈયાયિક પ્રથમાંતપદોપસ્થાપ્ય પદાર્થની પ્રધાનતા કરે છે તે આ રીતે.....

★ 'चैत्रो ग्रामं गच्छति' આ સ્થળના વાક્યાર્થબોધમાં 'चैत्र' પ્રથમાન્તપદ દ્વારા ઉપસ્થાપ્ય છે માટે ચૈત્રની જ પ્રધાનતા કરવી પડશે. અહીં દ્વિતીયાનો અર્થ 'કર્મતા' છે, ધાતુનો અર્થ 'ગમન' છે, 'તિ' પ્રત્યયનો અર્થ 'કૃતિ' છે, 'તિ'નો સ્થાની જે 'લટ્' પ્રત્યય છે તેનો અર્થ *'વર્તમાનકાલીનત્વ' છે. (જેના સ્થાનમાં જે પ્રત્યય મૂકવામાં આવે છે તેને સ્થાની કહેવાય છે.* 'લટ્'ના સ્થાનમાં 'તિ' પ્રત્યય થયો છે તેથી 'તિ'નો સ્થાની 'લટ્' કહેવાશે) ધાતુઅર્થ 'ગમન'નો

પ્રત્યયાર્થ 'કૃતિ'માં અનુકૂલત્વસંબંધ આકાંક્ષા (સંસર્ગમર્યાદા) દ્વારા ભાસિત થાય છે, કૃતિનો પણ ચૈત્રમાં આશ્રયત્વ સંબંધ આકાંક્ષાદ્વારા જ ભાસિત થાય છે. તેથી 'ग्रामनिष्ठकर्मतानिरूपकगमनानुकूलवर्तमानकालीनकृत्याश्रयश्चैत्रः' ઇત્યાકારક બોધ થશે.

★ 'रथो गच्छति' ઇત્યાદિ સ્થળોમાં 'તિ' પ્રત્યયનો અર્થ 'કૃતિ' નહીં થાય કારણ કે રથ જડ હોવાથી એમાં કૃતિનો સંભવ નથી. માટે 'તિ' પ્રત્યયનો અર્થ થશે 'વ્યાપાર'. તેથી 'गमनानुकूलवर्तमानकालीनव्यापारवान् रथ' ઇત્યાકારક વાક્યાર્થબોધ થશે.

★ 'स्नात्वा गच्छति' આ સ્થળમાં 'त्वा' પ્રત્યયનો કર્તા અને પૂર્વકાલીનત્વ અર્થ છે. 'પૂર્વકાલીનત્વ' એ ગમનની અપેક્ષાથી સમજવું અર્થાત્ ગમનક્રિયાની પૂર્વકાલમાં સ્નાનક્રિયા કર્તાને અભિષ્ટ છે. તેથી 'गमनप्रागभावविशिष्टकालवृत्तिस्नानकर्ता गमनानुकूलवर्तमानकृतिमांश्चैत्रः' ઇત્યાકારક વાક્યાર્થબોધ થશે.

આ જ પ્રમાણે અન્ય વાક્યોથી પણ તેવો તેવો શાબ્દબોધ સ્વયં વિચારવો.

॥ इति शब्दपरिच्छेदः ॥

પૂર્વે નવેય દ્રવ્યોનું નિરૂપણ કર્યા પછી ગુણના નિરૂપણમાં બુદ્ધિ (ગુણ) સુધી આવ્યા, ત્યાં બુદ્ધિના અનુભવ અને સ્મૃતિ એમ બે ભેદ પડ્યા, તેમાં અનુભવના યથાર્થ અને અયથાર્થ એમ બે ભેદમાંથી યથાર્થાનુભવના પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દ એમ જે ચાર ભેદ કહ્યાં તેનું નિરૂપણ પૂર્ણ થયું.

હવે અયથાર્થાનુભવનું નિરૂપણ શરૂ થાય છે....

સંશય - નિરૂપણ

मूलम् : अयथार्थानुभवस्त्रिविधः संशयविपर्ययतर्कभेदात्। एकस्मिन्धर्मिणि विरुद्धनानाधर्मवैशिष्ट्यावगाहि ज्ञानं संशयः। यथा स्थाणुर्वा पुरुषो वेति॥

અયથાર્થાનુભવના ત્રણ ભેદ છે સંશય, વિપર્યય અને તર્ક. (એમાં) એક ધર્મીમાં વિરુદ્ધ અનેક ધર્મોના વૈશિષ્ટ્યને (સંબંધને) જણાવનાર જ્ઞાનને સંશય કહેવાય છે. **દા.ત.** → 'આ સ્થાણુ છે કે આ પુરુષ છે' એવા પ્રકારના અનિશ્ચયાત્મક જ્ઞાનને સંશય કહેવાય છે.

(न्या०) यथार्थानुभवं निरूप्यायथार्थानुभवं विभजते-संशयेत्यादिना। एकेति। एकधर्मावच्छिन्नविशेष्यतानिरूपितभावाभावोभयनिष्ठप्रकारताकज्ञानं संशय इत्यर्थः, भावद्वयकोटिकसंशयाप्रसिद्धेः। स्थाणुर्वेत्यत्र स्थाणुत्वस्थाणुत्वाभावपुरुषत्वपुरुषत्वाभावकोटिक एव॥

* ન્યાયબોધિની *

યથાર્થાનુભવનું નિરૂપણ કરીને હવે 'સંશય...' ઇત્યાદિ દ્વારા અયથાર્થાનુભવનું નિરૂપણ કરે છે. એકધર્માવચ્છિન્ન જે વિશેષ્યતા છે, એનાથી નિરૂપિત જે ભાવાભાવમાં રહેલી પ્રકારતા છે, તાદૃશ પ્રકારતાશાલી જે જ્ઞાન છે, તે સંશય છે. અર્થાત્ એક જ ધર્મીમાં પરસ્પર વિરુદ્ધ એવા ભાવ અને અભાવને પ્રકાર તરીકે જણાવતું જ્ઞાન એ સંશય છે. **દા.ત.** → 'अयं स्थाणु न वा' અહીં 'इदम्' પદાર્થ વિશેષ્ય છે, તથા 'સ્થાણુત્વ' અને 'સ્થાણુત્વાભાવ' આ બંને 'इदम्' રૂપી ધર્મીમાં પ્રકાર છે માટે એક જ વિશેષ્યમાં ભાવાભાવરૂપ બે વિશેષણોનું જ્ઞાન હોવાથી આ જ્ઞાનને સંશય કહેવાય છે. આ રીતે સંશયમાં એક કોટિ ભાવની અને બીજી કોટિ અભાવની હોય છે. આથી 'अयं स्थाणुर्वा पुरुषो वा' ઇત્યાદિ સ્થળોમાં પણ સ્થાણુત્વ અને પુરુષત્વરૂપ ભાવદ્વયકોટિવાળો સંશય પ્રસિદ્ધ નથી પરંતુ 'સ્થાણુત્વ અને સ્થાણુત્વાભાવ', 'પુરુષત્વ અને પુરુષત્વાભાવ' એવી ચાર કોટિ સંશયમાં ભાસિત થાય છે.

(પ૰) अयथार्थानुभवं विभजते-अयथार्थेति। संशयं लक्षयति एकस्मिन्निति। एकस्मिन्धर्मिणि एकस्मिन्नेव पुरोवर्तिनि पदार्थे विरुद्धा व्यधिकरणा ये नानाधर्माः स्थाणुत्वपुरुषत्वादयस्तेषां वैशिष्ट्यं संबन्धस्तदवगाहि ज्ञानं संशय इत्यर्थः। घटपटाविति समूहालम्बनज्ञानस्य घटत्वपटत्वरूपविरुद्धनानाधर्मवैशिष्ट्यावगाहित्वादतिप्रसक्ति-वारणाय एकस्मिन्निति। 'घटः पृथिवी' तिज्ञानस्यैकस्मिन्धर्मिणि घटे घटत्वपृथिवी-त्वरूपनानाधर्मवैशिष्ट्यावगाहित्वादतिप्रसङ्गवारणाय विरुद्धेति। घटत्वविरुद्धपटत्ववान् पट इति ज्ञानेऽतिप्रसक्तिवारणाय नानेति॥

* પદકૃત્ય *

એક ધર્મીમાં પરસ્પર વિરૂદ્ધ અનેક સ્થાણુત્વ, પુરુષત્વાદિ જે ધર્મ છે, એના સંબંધને વિષય કરનારા જ્ઞાનને સંશય કહેવાય છે. ★ માત્ર 'विरुद्धनानाधर्मवैशिष्ट्यावगाहिज्ञानं संशयः' આટલું જ કહીએ અને 'एकस्मिन्' પદનો નિવશ ન કરીએ તો 'ઘટપટૌ' ઇત્યાકારક સમૂહાલંબન જ્ઞાનમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે આ જ્ઞાન પણ ઘટત્વ, પટત્વાદિ સ્વરૂપ વિરોધી અનેક ધર્મને વિષય કરે છે. 'एकस्मिन्' પદના નિવેશથી સમૂહાલંબનજ્ઞાનમાં લક્ષણ નહીં જાય કારણ કે ઘટત્વ, પટત્વ ધર્મ એક જ ધર્મીમાં રહેતા નથી પરંતુ ભિન્ન ભિન્ન ધર્મીમાં રહે છે.

★ સંશયના લક્ષણમાં જો 'વિરુદ્ધ' પદનો નિવેશ ન કરીએ તો 'घटः पृथिवी' ઇત્યાકારક નિશ્ચયાત્મક જ્ઞાનમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે આ જ્ઞાન પણ ઘટત્વ અને પૃથિવીત્વ સ્વરૂપ નાના ધર્મને એક જ ધર્મીમાં વિષય બનાવે છે. 'વિરુદ્ધ' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઘટત્વ અને પૃથિવીત્વમાં કોઈ પણ પ્રકારનો વિરોધ નથી.

★ સંશયના લક્ષણમાં જો 'નાના' પદનો નિવેશ ન કરીએ તો 'घटत्वविरुद्धपटत्ववान् पटः' ઇત્યાકારક નિશ્ચયાત્મક જ્ઞાનમાં પણ અતિવ્યાપ્તિ આવે છે કારણ કે આ જ્ઞાન પણ ઘટત્વથી વિરૂદ્ધ પટત્વાત્મક એક વિરૂદ્ધધર્મને જણાવે છે. લક્ષણમાં 'નાના' પદના નિવેશથી આપત્તિ નહીં આવે કારણ કે 'घटत्वविरुद्धपटत्ववान् पटः' આ જ્ઞાન એક જ વિરૂદ્ધધર્મને જણાવે છે, નાના વિરૂદ્ધધર્મને નહીં.

વિપર્યય - નિરૂપણ

मूलम् : मिथ्याज्ञानं विपर्ययः। यथा शुक्तौ 'रजतम्' इति ॥

મિથ્યાજ્ઞાનને વિપર્યય કહેવાય છે. **દા.ત.** → છીપમાં ચાંદીનું જ્ઞાન.

(न्या०) मिथ्याज्ञानमिति। अयथार्थज्ञानमित्यर्थः। विपर्ययो नाम भ्रमः॥

* ન્યાયબોધિની *

મિથ્યાજ્ઞાનને અયથાર્થજ્ઞાન પણ કહેવાય છે. મિથ્યાજ્ઞાન, અયથાર્થજ્ઞાન, ભ્રમ, વિપરીતજ્ઞાન અને વિપર્યય આ પર્યાયવાચી શબ્દો છે.

(प०) मिथ्येति। यथार्थज्ञानवारणाय मिथ्येति। अयथार्थवारणाय ज्ञानेति ।

* પદકૃત્ય *

★ 'ज्ञानं विपर्यय' આટલું જ કહીએ તો યથાર્થજ્ઞાનમાં અતિવ્યાપ્તિ આવશે. 'मिथ्या' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે યથાર્થજ્ઞાન મિથ્યાજ્ઞાન નથી.

★ 'मिथ्या विपर्ययः' આટલું જ કહીએ, તો મિથ્યાભૂત વસ્તુમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે મિથ્યાજ્ઞાનની વિષયભૂત વસ્તુ પણ મિથ્યા જ કહેવાય છે. લક્ષણમાં 'જ્ઞાન' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે મિથ્યાજ્ઞાનની વિષયભૂત વસ્તુ જ્ઞાનસ્વરૂપ નથી.

તર્ક - નિરૂપણ

मूलम् : व्याप्यारोपेण व्यापकारोपस्तर्कः। यथा-यदि वह्निर्न स्यात्तर्हि धूमोऽपि न स्यादिति॥

વ્યાપ્યના આરોપથી વ્યાપકનો આરોપ કરવો તેને તર્ક કહેવાય છે. **દા.ત.** → પર્વત પર જો વહ્નિ ન હોય તો ધૂમ પણ ન હોય. આ તર્કનો આકાર છે.

(न्या०) व्याप्यारोपेणेति। तर्के व्याप्यस्य व्यापकस्य च बाधनिश्चयः कारणम्। अन्यथा बाधनिश्चयाभाव इष्टापत्तिदोषेण तर्कानुत्पत्तेः॥

* ન્યાયબોધિની *

(ન્યાયદર્શનમાં તર્ક અને ઉપાધિ આ બન્નેનું ખુબ જ મહત્ત્વ છે. 'તર્ક' તલવારની ઢાલ સમાન છે અને ઉપાધિ તલવારસમાન છે. જેમ કોઈ શત્રુ આપણા ઉપર આક્રમણ કરવા માટે આવે તો ઢાલથી આપણે એ આક્રમણનો બચાવ કરીએ તેવી જ રીતે પ્રતિપક્ષી આપણા અનુમાનમાં વ્યભિચારાદિ દોષ આપીને અનુમાનને દૂષિત કરે તો આપણે તર્કથી આપણું રક્ષણ કરીએ અને ઉપાધિદ્વારા બીજાના અનુમાનને વ્યભિચારાદિ દોષો દ્વારા દૂષિત કરીએ, માટે ઉપાધિને તલવારની ઉપમા અપાઈ છે.)

પ્રકૃત 'पर्वतो वह्निमान् धूमात्' આ સ્થળમાં પ્રત્યક્ષ પ્રમાણવાદી ચાર્વાક ધૂમ પ્રત્યક્ષ હોવાથી તેને માને છે અને વહ્નિને માનતો નથી. તેથી 'धूमोऽस्तु वह्निर्न स्यात्' આ રીતે ચાર્વાક વ્યભિચાર શંકા ઉઠાવે છે ત્યારે સિદ્ધાંતી 'यदि वह्निर्न स्यात् तर्हि धूमोऽपि न स्यात्' એવો વ્યભિચાર શંકાને દૂર કરવા માટે અનુકૂલ તર્કનો પ્રયોગ કરે છે. ચાર્વાકને આ આપત્તિરૂપ છે. કારણ કે ધૂમ પ્રત્યક્ષ સિદ્ધ હોવાથી ધૂમાભાવ પર્વતમાં માનવાનું તેને ઈષ્ટ નથી તેથી વહ્નિને માન્યા વિના છુટકો જ નથી. અહીં વહ્ન્યભાવ વ્યાપ્ય છે અને ધૂમાભાવ વ્યાપક છે. વસ્તુતઃ તો સિદ્ધાંતીને પર્વત ઉપર વહ્ન્યભાવ = વ્યાપ્ય અને ધૂમાભાવ = વ્યાપકના બાધનો = અભાવનો નિશ્ચય છે જ . અર્થાત્ પર્વત ઉપર વહ્નિ અને ધૂમ બન્નેનો નિશ્ચય છે. એવો દ્રઢ નિશ્ચય હોવાથી જ તર્ક આપી શકે. જો સિદ્ધાંતીને પર્વત ઉપર વ્યાપ્ય-વ્યાપકના બાધનો નિશ્ચય ન હોય અને કહે કે 'पर्वते यदि वह्निर्न स्यात् तर्हि धूमोऽपि न स्यात्' તો પ્રતિપક્ષી 'અમને પણ વહ્ન્યભાવ પર્વતમાં અભિમત જ છે' એમ ઈષ્ટાપત્તિ કહીને વધાવી લેશે ત્યારે પૂર્વપક્ષીને તર્કની ઉત્પત્તિ જ નહીં થશે. પરંતુ સિદ્ધાંતીને બાધનો નિશ્ચય હોય તો એ મક્કમતાપૂર્વક કહી શકે કે, ભાઈ! 'વહ્નિ ન હોય તો ધૂમ પણ ન જ હોય' પર્વતમાં ધૂમ છે માટે વહ્નિ છે જ. આમ બાધના નિશ્ચયથી 'वह्निर्न स्यात् तर्हि धूमोऽपि न स्यात्' આવા તર્કની ઉત્પત્તિ થાય છે.

(પ૦) तर्कं लक्षयति-व्याप्यारोपेणेति। असंभववारणाय व्याप्यारोपेणेति। पुनरसंभववारणाय व्यापकारोप इति। अत्र वह्न्यभावो व्याप्यः धूमाभावो व्यापकः। यद्यपि तर्कस्य विपर्ययात्मकत्वेन पृथग्विभागोऽनुचितः, तथापि प्रमाणानुग्राहकत्वात् स उदित इति बोध्यम्। स्वप्नस्तु पुरीतद्बहिर्देशान्तर्देशयोः संधौ इडानाड्यां वा मनसि स्थितेऽदृष्टविशेषेण धातुदोषेण वा जन्यते। स च मानसविपर्ययान्तर्भूतः।

* પદકૃત્ય *

'व्याप्यारोपेण व्यापकारोपस्तर्कः' એ પ્રમાણે કહેવા દ્વારા તર્કનું લક્ષણ કરે છે. 'पर्वतो वह्निमान् धूमात्' અહીં વહ્ન્યભાવ વ્યાપ્ય છે અને ધૂમાભાવ વ્યાપક છે. 'व्यापकारोपस्तर्कः' આટલું જ કહીશું તો અસંભવદોષ આવશે અને માત્ર 'व्याप्यारोपेण तर्कः' કહીશું તો પણ

અસંભવદોષ આવશે કારણ કે તર્કનું સ્વરૂપ તો ઉભયદ્વારા બને છે. (તર્ક = આરોપ, જુઠ્ઠું જ્ઞાન, મિથ્યાજ્ઞાન.)

શંકા: વહ્નિવિશિષ્ટ પર્વતમાં વહ્ન્યભાવનો આરોપ એ જુઠ્ઠું જ્ઞાન છે. એટલે તર્ક પણ વિપર્યયજ્ઞાનની અંતર્ગત જ હોવો જોઈએ એને અયથાર્થજ્ઞાનના ત્રીજા ભેદ તરીકે કેમ બતાવ્યો?

સમા.: તમારી વાત ઉચિત છે. જોકે, તર્ક વિપર્યયથી ભિન્ન નથી. પરંતુ અનુમાન પ્રમાણનો અનુગ્રાહક = સહાયક છે માટે એને પૃથક્ કહ્યો છે.

શંકા: જો તર્કને અલગ બતાવ્યો તો સ્વપ્ન પણ જુઠ્ઠું જ્ઞાન છે, તેને પણ અલગ બતાવો.

સમા.: પૂરીતત્ નાડીની બહાર અને આન્તર પ્રદેશની મધ્યમાં = સંધિસ્થાનમાં અથવા ઈડાનાડીમાં જ્યારે મનની સ્થિતિ હોય છે ત્યારે પુણ્ય - પાપ વિશેષથી અથવા શરીરની સપ્તધાતુની વિષમતાથી સ્વપ્નની ઉત્પત્તિ થાય છે. આ સ્વપ્ન જ્ઞાન માનસવિપર્યયના અન્તર્ગત છે. માટે અલગ બતાવ્યું નથી.

વિશેષાર્થ:

શંકા : જો તર્કનો ઉદ્દેશ અનુમાનમાં પ્રમાણની ઉપસ્થાપના કરવી તે છે તો તેનો અયથાર્થજ્ઞાનમાં સમાવેશ કેમ કર્યો?

સમા. : જેવી રીતે જીવનું 'उपयोगवत्त्व' લક્ષણ દરેક મનુષ્ય, પશુ, વનસ્પત્યાદિ જીવોમાં ઘટે છે તેમ અયથાર્થજ્ઞાનનું 'तदभाववति तत्प्रकारकं ज्ञानम्' આ લક્ષણ પણ સંશય, વિપર્યય અને તર્કમાં ઘટે છે. તે આ રીતે...

★ સંશય :- 'શુક્તિમાં રજતનો સંશય' એ તદાભાવવદ્માં = રજતત્વાભાવવદ્ શુક્તિમાં તત્પ્રકારક = રજતત્વપ્રકારક અનુભવ તે અયથાર્થાનુભવ.

★ વિપર્યય :- 'શુક્તિમાં રજતનો ભ્રમ' એ ઉપર પ્રમાણે સમજવું.

★ તર્ક :- 'यदि वह्निर्न स्यात् तर्हि धूमोऽपि न स्यात्' અહીં तद् = વહ્ન્યભાવ, तदाभाववति = વહ્ન્યભાવાભાવવતિ = વહ્નિવતિ પર્વતમાં तद्प्रकारक = વહ્ન્યભાવવત્ત્વ પ્રકારક જે અનુભવ તે અયથાર્થાનુભવ છે. આ રીતે તર્કનો પણ અયથાર્થાનુભવમાં સમાવેશ કર્યો છે.

मूलम् : स्मृतिरपि द्विविधा-यथार्था अयथार्था च। प्रमाजन्या यथार्था। अप्रमाजन्या अयथार्था॥

સ્મૃતિ પણ બે પ્રકારની છે યથાર્થ અને અયથાર્થ. યથાર્થ અનુભવથી જન્ય સ્મૃતિને યથાર્થસ્મૃતિ અને અયથાર્થ અનુભવથી જન્ય સ્મૃતિને અયથાર્થસ્મૃતિ કહેવાય છે.

(યથાર્થાનુભવના ચાર ભેદ છે પ્રત્યક્ષ, અનુમિતિ, ઉપમિતિ અને શાબ્દબોધ. અયથાર્થાનુભવના ત્રણ ભેદ છે સંશય, વિપર્યય અને તર્ક. યથાર્થ અને અયથાર્થ અનુભવના જે ભેદ છે, તે સ્મૃતિના પણ પડશે.)

॥ इति तर्कसंग्रहे बुद्धिनिरूपणम् ॥

સુખ - નિરૂપણ

मूलम् : सर्वेषामनुकूलवेदनीयं सुखम् ॥

બધાને જે અનુકૂલ જણાય તેને 'સુખ' કહેવાય છે.

(न्या०) सुखं निरूपयति-सर्वेषामिति। इतरेच्छाऽनधीनेच्छाविषयत्वमिति निष्कर्षः। यथाश्रुते अनुकूलत्वप्रकारकवेदनाविशेष्यत्वस्य घटोऽनुकूल इत्याकारकज्ञानदशायाम-नुकूलत्वप्रकारकज्ञानविशेष्यत्वस्य घटादावपि सत्त्वाद् घटादावतिव्याप्तिरिति निष्कृष्ट-लक्षणमुक्तम्। भोजनादावतिव्याप्तिवारणाय इतरेच्छानधीनेतीच्छाविशेषणम्। सुखेच्छायाः सुखत्वप्रकारकज्ञानमात्रजन्यत्वात् ॥

* ન્યાયબોધિની *

'सर्वेषाम्.....' ઈત્યાદિ દ્વારા સુખનું નિરૂપણ કરે છે. ઇતરેચ્છાને અનધીન એવી ઇચ્છાનો જે વિષય છે એને સુખ કહેવાય છે. **दा.त.** → ધનથી વાહન, આભૂષણાદિ મળે છે તેથી ધનેચ્છા વાહનાભૂષણાદિની ઈચ્છાને અધિન છે, પરંતુ સુખની ઈચ્છા કોઈ અન્ય ઈચ્છાને અધીન નથી કારણ કે તે સુખની ઈચ્છા સુખત્વપ્રકારકજ્ઞાન માત્રથી જ ઉત્પન્ન થઈ જાય છે.

'यथाश्रुते.....'

शंका : મૂલમાં તો 'सर्वेषामनुकूलवेदनीयं सुखम्' એવું સુખનું લક્ષણ કર્યું છે તો પછી ન્યાયબોધિનીકારે 'इतरेच्छा...' એવું નવું લક્ષણ કેમ બનાવ્યું?

समा. : જો 'अनुकूलवेदनीयं सुखम्' = 'अनुकूलत्वप्रकारकज्ञानविशेष्यत्व' = 'અનુકૂલત્વ એ છે પ્રકાર જેમાં એવા જ્ઞાનનું વિશેષ્ય સુખ છે' એવું મૂલોક્ત = યથાશ્રુત લક્ષણ જ કહીએ તો 'घटो मेऽनुकूलः' આવું જ્ઞાન થવાથી અનુકૂલત્વપ્રકારકજ્ઞાનનો વિષય 'ઘટ' પણ બની જશે, આથી એમાં અતિવ્યાપ્તિ આવશે. પરિષ્કૃત = 'इतरेच्छानधीनेच्छाविषयत्वम्' એ પ્રમાણે લક્ષણ કહેવાથી ઘટાદિમાં અતિવ્યાપ્તિ નહીં થાય કારણ કે ઘટની ઈચ્છા ઇતરેચ્છા (જલાહરણાદિ ઈચ્છા)ને અધીન છે.

★ જો લક્ષણમાં 'इच्छाविषयत्व' આટલું જ કહીએ તો ભોજનાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે ભોજનાદિ પણ ઈચ્છાના વિષય જ છે. 'इतरेच्छानधीन' પદના નિવેશથી ભોજનાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ભોજનની ઈચ્છા તો સુખની ઈચ્છાને અધીન છે. જ્યારે સુખની ઈચ્છા અન્ય કોઈપણ ઈચ્છાથી જન્ય નથી, સુખના જ્ઞાનમાત્રથી જ જન્ય હોવાથી સુખેચ્છામાં ઇતરેચ્છાનધીનેચ્છાવિષયત્વ છે જ.

(ભોજનની ઈચ્છા કયારે થાય? તૃપ્તિની ઈચ્છા થાય ત્યારે, તૃપ્તિની ઈચ્છા ક્યારેય થાય? સુખની ઈચ્છા હોય ત્યારે. આ પ્રમાણે દરેક ઈચ્છા કોઈને કોઈ ઈચ્છાને અધીન હોય છે સિવાય સુખની ઈચ્છા.)

(प०) सुखं निरूपयति-सर्वेषामिति। सर्वात्मनामनुकूलमिति वेद्यं यत्तत्सुखमित्यर्थः।

'अहं सुखी' त्यनुभवसिद्धसुखत्वजातिमत्, धर्ममात्रासाधारणकारणो गुणो वा सुखम्। शत्रुदुःखवारणाय सर्वेषामिति ॥

* પદકૃત્ય *

બધા જીવોને અનુકૂલતયા જેનો અનુભવ થાય તેને સુખ કહેવાય છે. 'अहं सुखी' ઈત્યાકારક અનુભવથી સિદ્ધ સુખત્વ જાતિવાળું જે છે તે સુખ છે. (કહેવાનો આશય એ છે કે... દ્રવ્યત્વ જાતિની સિદ્ધિ તો અનુમાનથી કરવી પડે છે કારણ કે ત્યાં 'इदं द्रव्यम्' 'इदं द्रव्यम्' ઈત્યાકારક પ્રત્યક્ષથી પ્રતીતિ સાધારણ વ્યક્તિઓને નથી થતી. પરંતુ 'સુખત્વ' જાતિનું અનુમાન કરવાની આવશ્યક્તા નથી. કારણ કે જેવી રીતે 'ઘટત્વ' જાતિ બહિરિન્દ્રિય દ્વારા જણાઈ જાય છે, તેવી જ રીતે 'સુખત્વ' જાતિ પણ અભ્યન્તરિન્દ્રિય = મનદ્વારા જણાઈ જ જાય છે.) અથવા તો 'ધર્મ (= પુણ્ય) માત્ર જેમાં અસાધારણકારણ છે જેનું એવા ગુણને સુખ કહેવાય છે.'

★ મૂલોક્ત સુખના લક્ષણમાં જો 'सर्वेषाम्' પદનો નિવેશ ન કરીએ અને 'अनुकूलवेदनीयं सुखम्' આટલું જ કહીએ તો શત્રુના દુઃખમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે 'शत्रुदुःखं मदनुकूलम्' આ રીતે શત્રુનું દુઃખ ભલે શત્રુને પ્રતિકૂલ હોય પણ બીજી વ્યક્તિને તો અનુકૂલ જ છે. પરંતુ લક્ષણમાં 'सर्वेषाम्' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે શત્રુનું દુઃખ ભલે બીજા માટે અનુકૂલ હોય પરંતુ તેને પોતાને તો પ્રતિકૂલ જ જણાય છે.

દુઃખ - નિરૂપણ

मूलम् : प्रतिकूलवेदनीयं दुःखम् ॥

બધાને જે પ્રતિકૂલ જણાય છે તેને દુઃખ કહેવાય છે.

(न्या०) दुःखं निरूपयति-प्रतिकूलेति। अत्रापीतरद्वेषानधीनद्वेषविषयत्वमिति निष्कृष्टलक्षणम्। द्वेषविषयत्वमात्रोक्तौ सर्पादावतिव्याप्तिस्तत्रापि द्वेषविषयत्वसत्त्वाद-तस्तत्रातिव्याप्तिवारणायेतरद्वेषानधीनेति द्वेषविशेषणम्। सर्पजन्यदुःखादौ द्वेषात्सर्पेऽपि द्वेष इति सर्पद्वेषस्य सर्पजन्यदुःखद्वेषजन्यत्वादन्यद्वेषाजन्यद्वेषविषयत्वरूपदुःखलक्षणस्य सर्पादौ नातिव्याप्तिः। फलेच्छा उपायेच्छां प्रति कारणम्। अतः फलेच्छावशादुपायेच्छा भवति। एवं फले द्वेषादुपाये द्वेषः ॥

* ન્યાયબોધિની *

'प्रतिकूल.....' ઈત્યાદિ દ્વારા દુઃખનુંનિરૂપણ કરે છે. અહીં પણ 'इतरद्वेषानधीन-द्वेषविषयत्वम्' અર્થાત્ જે દ્વેષ કોઈ અન્ય દ્વેષને અધીન ન હોય એવા દ્વેષનો જે વિષય બને તે દુઃખ છે. આ પ્રમાણે દુઃખનું નિષ્કૃષ્ટ લક્ષણ છે.

★ દુઃખના લક્ષણમાં 'द्वेषविषयत्व' આટલું જ કહીએ તો સર્પાદિમાં અતિવ્યાપ્તિ આવશે

કારણ કે સર્પાદિ પણ દ્વેષના વિષય તો છે જ. પરંતુ 'इतरद्वेषानधीन' પદના નિવેશથી સર્પાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સર્પાદિમાં જે દ્વેષ છે તે દ્વેષ સર્પજન્ય દુઃખના દ્વેષને અધીન છે કારણ કે જો દુઃખ ઉપર દ્વેષ ન હોય તો સર્પ ઉપર પણ દ્વેષ ન થાય. આમ સર્વદ્વેષ, દુઃખદ્વેષને અધીન છે. તેથી દુઃખનું લક્ષણ 'इतरद्वेषानधीनद्वेषविषयत्व' સર્પાદિમાં ઘટતું નથી માટે નાતિવ્યાપ્તિ.

ઈચ્છા બે પ્રકારની છે (૧) ફલેચ્છા અને (૨) ઉપાયેચ્છા. ફલેચ્છા = સુખાદિની ઈચ્છા, ઉપાયેચ્છા = ધનાદિની ઈચ્છા. જેવી રીતે ફલેચ્છા ઉપાયેચ્છાની પ્રત્યે કારણ હોવાથી ફલેચ્છાથી ઉપાયેચ્છા ઉત્પન્ન થાય છે. એવી રીતે ફલના દ્વેષથી ઉપાયમાં પણ દ્વેષ થાય છે. **દા.ત.** → દુઃખના દ્વેષથી દુઃખના કારણીભૂત સર્પમાં પણ દ્વેષ થાય છે.

(પ૦) प्रतिकूलेति। दुःखत्वजातिमत्, अधर्ममात्रासाधारणकारणो गुणो वा दुःखम्। पदकृत्यं पूर्ववत् ॥

* પદકૃત્ય *

સર્વાનુભવસિદ્ધ 'દુઃખત્વ' જાતિવાળું જે હોય તેને દુઃખ કહેવાય છે, અથવા અધર્મ (પાપ) માત્ર છે અસાધારણ કારણ જેનું, એવા ગુણને દુઃખ કહેવાય છે.

★ અહીં પણ 'सर्वेषाम्' પદનો નિવેશ ન કરીએ અને 'प्रतिकूलवेदनीयं दुःखम्' આટલું જ લક્ષણ કરીએ તો શત્રુના સુખમાં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે શત્રુનું સુખ પણ બીજાને પ્રતિકૂલ લાગે છે. પરંતુ લક્ષણમાં 'सर्वेषाम्' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે શત્રુનું સુખ શત્રુને તો અનુકૂલ જ લાગે છે.

ઈચ્છા - દ્વેષ - પ્રયત્ન નિરૂપણ

मूलम् : इच्छा कामः। क्रोधो द्वेषः। कृतिः प्रयत्नः।

કામને ઈચ્છા કહેવાય છે, ક્રોધને દ્વેષ કહેવાય છે અને કૃતિને પ્રયત્ન કહેવાય છે.

(પ૦) इच्छां निरूपयति-इच्छेति। काम इति पर्यायः। इच्छात्वजातिमती इच्छा। सा द्विविधा-फलेच्छा उपायेच्छा च। फलं सुखादिकम्। उपायो यागादिः। द्वेषं निरूपयति-क्रोध इति। द्वेष्टीत्यनुभवसिद्धद्वेषत्वजातिमान् द्विष्टसाधनताज्ञानजन्यगुणो वा द्वेषः। प्रयत्नं निरूपयति-कृतिरिति। प्रयत्नत्वजातिमान्प्रयत्नः। स त्रिविधः-प्रवृत्ति-निवृत्ति-जीवनयोनिभेदात्। इच्छाजन्यो गुणः प्रवृत्तिः। द्वेषजन्यो गुणो निवृत्तिः। जीवनादृष्टजन्यो गुणो जीवनयोनिः। स च प्राणसंचारकारणम्॥

* પદકૃત્ય *

ઈચ્છાનો પર્યાયવાચી 'કામ' શબ્દ છે. 'ઈચ્છાત્વ' જાતિવાળું જે હોય તેને ઈચ્છા કહેવાય છે. આ ઈચ્છા બે પ્રકારની છે (૧) ફલવિષયિણી ઈચ્છા અને (૨) ઉપાયવિષયિણી ઈચ્છા. ફલ = સુખ,

સ્વર્ગ, મોક્ષાદિ છે માટે સુખાદિવિષયક ઈચ્છાને ફલવિષયકેચ્છા કહેવાય છે અને સુખાદિનું સાધન (ઉપાય) યાગાદિ છે માટે યાગાદિવિષયક ઈચ્છાને ઉપાયવિષયકેચ્છા કહેવાય છે.

દ્વેષનો પર્યાયવાચી 'ક્રોધ' શબ્દ છે. 'स द्वेष्टि' = 'તે દ્વેષ કરે છે' ઈત્યાકારક અનુભવથી સિદ્ધ થયેલી જે 'દ્વેષત્વ' જાતિ છે, તે 'દ્વેષત્વ' જાતિવાળું જે હોય તેને દ્વેષ કહેવાય છે. અથવા દ્વિષ્ટસાધનતાનું જ્ઞાન એ દ્વેષનું કારણ હોવાથી દ્વિષ્ટસાધનતાના જ્ઞાનથી જન્ય ગુણને દ્વેષ કહેવાય છે. કારણ કે 'इदं मम द्विष्ट-साधनम्' અર્થાત્ 'આ સર્પાદિ મારા દ્વિષ્ટ = દુઃખનું સાધન છે' આવું જ્ઞાન થવાથી સર્પ ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે.

'પ્રયત્નત્વ' જાતિવાળું જે હોય તેને 'પ્રયત્ન' કહેવાય છે. આ પ્રયત્ન પ્રવૃત્તિ, નિવૃત્તિ અને જીવનયોનિ આ ત્રણ પ્રકારનો છે. ઈચ્છાથી જન્યગુણને પ્રવૃત્તિ કહેવાય છે. (**દા.ત.** → ઘટની ચિકીર્ષા થવાથી ઘટ બનાવવા માટે કરેલો જે પ્રયત્ન તે પ્રવૃત્તિ છે.) દ્વેષથી જન્યગુણને નિવૃત્તિ કહેવાય છે. (**દા.ત.** → સર્પ ઉપર દ્વેષ થવાથી સર્પથી દૂર જવું તે નિવૃત્તિ છે.) જીવનાદૃષ્ટથી જન્યગુણને જીવનયોનિ પ્રયત્ન કહેવાય છે. જીવના આયુષ્ય ધારણની પ્રતિ કારણભૂત પુણ્યાદિને જીવનાદૃષ્ટ કહેવાય છે અને તેનાથી જીવનયોનિ પ્રયત્નની ઉત્પત્તિ થાય છે. જીવનયોનિ પ્રયત્ન ન્યાયમાં અતિન્દ્રિય મનાય છે. તાદૃશ પ્રયત્નથી શરીરમાં પ્રાણ, અપાન તથા શ્વાસોચ્છવાસાદિનો સંચાર થાય છે.

ધર્માધર્મ - નિરૂપણ

मूलम् : विहितकर्मजन्यो धर्मः। निषिद्धकर्मजन्यस्त्वधर्मः ।

વેદમાં જણાવાયેલી ક્રિયાથી જન્ય ગુણને ધર્મ કહેવાય છે અને વેદમાં નિષેધ કરાયેલી ક્રિયાથી જન્ય ગુણને અધર્મ કહેવાય છે.

(न्या०) धर्माधर्मौ निरूपयति-विहितेति। वेदविहितेत्यर्थः॥ निषिद्धेति। वेदनिषिद्धेत्यर्थः॥

સુગમ છે.

(प०) धर्ममाह-विहितेति। वेदविहितेत्यर्थः। अधर्मवारणाय वेदविहितेति। यागादिक्रियावारणाय कर्मजन्य इति। स च कर्मनाशाजलस्पर्शकीर्त्तनभोगतत्त्वज्ञानादिना नश्यति। अधर्मलक्षणमाह-निषिद्धेति वेदेनेत्यर्थः। धर्मवारणाय वेदनिषिद्धेति। वेदनिषिद्धक्रियावारणाय कर्मजन्य इति। स च भोगप्रायश्चित्तादिना नश्यति। एतावेव अदृष्टमिति कथ्यते वासनाजन्यौ च। वासना च विलक्षणसंस्कारः॥

* પદકૃત્ય *

★ 'कर्मजन्यो धर्मः' જો આટલું જ ધર્મનું લક્ષણ કરીએ તો અધર્મમાં પણ અતિવ્યાપ્તિ

આવશે કારણ કે હિંસાદિ નિષિદ્ધકર્મથી જન્ય તો અધર્મ પણ છે, પરંતુ 'વેદવિહિત' વિશેષણના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે હિંસાદિનિષિદ્ધ કર્મ તો વેદવિહિત નથી.

★ હવે જો 'वेदविहितो धर्मः' આટલું જ કહીએ તો યાગાદિક્રિયામાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે વેદમાં તો યાગાદિક્રિયાનું પણ વિધાન છે પરંતુ 'कर्मजन्य' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે યાગાદિક્રિયા ભલે વેદવિહિતકર્મ છે પરંતુ તાદૃશ કર્મથી જન્ય નથી.

કર્મનાશા નામની નદીના જલના સ્પર્શથી, પોતાના ગુણોનું વારંવાર કીર્તન કરવાથી, ધર્મ = પુણ્યથી જન્ય ફળના ઉપભોગથી અને તત્ત્વજ્ઞાનવગેરેથી ધર્મનો નાશ થાય છે. (તત્ત્વજ્ઞાનથી પુણ્યનો નાશ કેવી રીતે થાય? તત્ત્વજ્ઞાન બધા જ સંચિતકર્મોનો નાશક છે. પુણ્યકર્મ પણ સોનાની બેડીસ્વરૂપ બંધન છે માટે તેનો પણ નાશ થાય છે.)

★ હવે 'कर्मजन्योऽधर्मः' એટલું અધર્મનું લક્ષણ કરીએ તો ધર્મમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે ધર્મ પણ તો વેદવિહિતકર્મથી જન્ય છે. પરંતુ 'वेदनिषिद्ध' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ધર્મ એ વેદનિષિદ્ધકર્મથી જન્ય નથી.

★ જો 'वेदनिषिद्धोऽधर्मः' આટલું જ લક્ષણ કરીએ તો વેદનિષિદ્ધ-હિંસાદિક્રિયામાં પણ અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'कर्मजन्य' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે હિંસાદિ તો કર્મ છે, કર્મથી જન્ય નથી.

અધર્મનો નાશ ભોગ, પ્રાયશ્ચિત... આદિથી તત્ત્વજ્ઞાન, ગંગાસ્નાન વગેરેથી થાય છે. ધર્મ અને અધર્મ આ બન્નેને અદૃષ્ટ કહેવાય છે અને તે અદૃષ્ટ અનાદિવાસનાથી જન્ય છે, 'વાસના' એ એક પ્રકારનો વિલક્ષણ સંસ્કારવિશેષ છે.

मूलम् : बुद्ध्यादयोऽष्टावात्ममात्रविशेषगुणाः। बुद्धीच्छाप्रयत्ना नित्या अनित्याश्च। नित्या ईश्वरस्य। अनित्या जीवस्य ॥

બુદ્ધિ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, ધર્મ અને અધર્મ આ આઠ વિશેષગુણો આત્માના છે. અર્થાત્ તે માત્ર આત્મામાં જ રહે છે. આ આઠમાંથી બુદ્ધિ, ઈચ્છા અને પ્રયત્ન નિત્ય પણ છે, અને અનિત્ય પણ છે. ઈશ્વરના આ ત્રણ ગુણો નિત્ય છે અને જીવાત્માના અનિત્ય છે. (શેષ ૫ ગુણો તો જીવાત્માના હોવાથી અનિત્ય જ છે.)

(न्या०) बुद्ध्यादयोऽष्टाविति। बुद्धि -सुख-दुःखेच्छद्वेष-प्रयत्न धर्माधर्मा इत्यर्थः॥

સ્પષ્ટ છે.

संस्कार - निरूपण

मूलम् : संस्कारस्त्रिविधः-वेगो भावना स्थितिस्थापक श्चेति। वेगः पृथिव्यादिचतुष्टयमनोवृत्तिः। अनुभवजन्या स्मृतिहेतुर्भावना आत्ममात्रवृत्तिः। अन्यथाकृतस्य पुनस्तदवस्थापादकः स्थितिस्थापकः कटादिपृथिवीवृत्तिः।

॥ इति गुणाः ॥

સંસ્કાર ત્રણ પ્રકારનો છે - વેગ, ભાવના અને સ્થિતિસ્થાપક. 'વેગ' નામનો સંસ્કાર પૃથિવી, જલ, તેજ, વાયુ અને મન આ પાંચ મૂર્તદ્રવ્યમાં રહે છે. અનુભવથી જે જન્ય છે અને સ્મૃતિનું જે કારણ છે એને 'ભાવના' કહેવાય છે જે માત્ર આત્મામાં જ રહે છે. અન્યરૂપે થયેલી વસ્તુને મૂળ સ્થિતિમાં જે લાવે છે તેને 'સ્થિતિસ્થાપક' નામનો સંસ્કાર કહેવાય છે. તે સંસ્કાર ચટાઈ વગેરે સ્વરૂપ પૃથિવીમાં રહે છે.

(न्या०) संस्कारं विभजते-संस्कार इति। भावनां लक्षयति - अनुभवेति। अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वं भावनाया लक्षणम्। अत्रानुभवजन्यत्वे सतीति विशेषणानुपादाने आत्ममनःसंयोगेऽतिव्याप्तिरात्ममनःसंयोगस्य ज्ञानमात्रं प्रत्यसमवायि-*कारणत्वेन स्मृतिं प्रत्यपि कारणत्वादतस्तदुपादानम्। आत्ममनःसंयोगस्यानुभवजन्यत्वा-*भावान्नातिव्याप्तिः। तावन्मात्रे कृतेऽनुभवध्वंसेऽतिव्याप्तिः। अतः स्मृतिहेतुत्वोपादानम्। अनुभवध्वंसे स्मृतिहेतुत्वाभावान्नातिव्याप्तिः। (ननु 'विशिष्टबुद्धिं प्रति विशेषणज्ञानस्य कारणता सकलतान्त्रिकमतसिद्धा। यथा दण्डविशिष्टबुद्धिं प्रति दण्डज्ञानस्य। दण्डविशिष्टबुद्धिर्नाम दण्डप्रकारकबुद्धिः। सा च 'दण्डी पुरुष' इत्याकारिका। न हि दण्डमजानानो 'दण्डी पुरुष' इति प्रत्येति। एवं च यत्रायं दण्ड इति प्रत्यक्षं जातं तदनन्तरं 'दण्डी पुरुष' इत्याकारकप्रत्यक्षमुत्पन्नं, तत्र 'दण्डी पुरुष' इत्याकारकप्रत्यक्षेऽतिव्याप्तिः। तद्धि स्वाव्यवहितपूर्वक्षणोत्पन्नदण्डज्ञानात्मकानुभवजन्यं, जनिष्यमाणे 'दण्डी पुरुष' इत्याकारकस्मरणे कारणं च, स्मृतिं प्रत्यनुभवस्य कारणत्वादिति चेत्।) अत्र ब्रूमः- अनुभवजन्यत्वं हि अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वम्। तथा च दण्डप्रकारकबुद्धित्वावच्छिन्नकार्यतानिरूपितदण्डज्ञाननिष्ठकारणतायां न दण्डानुभवत्वमवच्छेदकं दण्डानुभवादिव दण्डस्मरणादपि दण्डप्रकारकबुद्धेरुत्पत्तेः। अतो दण्डप्रकारकबुद्धित्वावच्छिन्नं प्रति स्मरणसाधारणदण्डज्ञानत्वेनैव दण्डज्ञानस्य कारणतायाः स्वीकरणीयत्वेनानुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्व-स्योक्तप्रत्यक्षेऽभावान्नातिव्याप्तिः। भावनायां तु लक्षणमिदं वर्तते। तथा हि-अनुभवेनैव भावनाख्यसंस्कारोत्पत्त्या भावनात्वावच्छिन्नं प्रत्यनुभवस्यानुभवत्वेनैव कारणतया भावनात्वावच्छिन्न-कार्यतानिरूपितानुभव-निष्ठकारणतायामनुभवत्वमवच्छेदकम्। अतोऽनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वस्य भावनायां सत्त्वात्। नन्वेवं स्मृतिहेतुत्वविशेषणवैयर्थ्यम्। तद्ध्यनुभवध्वंसेऽतिव्याप्तिवारणाय प्रागुपात्तम्। न हि यथोक्तानुभवजन्यत्वविवक्षायामनुभवध्वंसेऽतिव्याप्तिः प्रसज्जते। तथाहि-ध्वंसत्वावच्छिन्नं प्रति प्रतियोगिनः कारणत्वं प्रतियोगित्वेन रूपेण, तत्तद्ध्वंसत्वावच्छिन्नं प्रति च तत्तत्प्रतियोगिव्यक्तेस्तद्व्यक्तित्वेनेत्येव ध्वंसप्रतियोगिनोः कार्यकारणभावः। तथा च

ध्वंसनिष्ठकार्यतानिरूपिता यानुभवनिष्ठा कारणता तस्यां प्रतियोगित्वमवच्छेदकं तत्तद्व्यक्तित्वं वा न त्वनुभवत्वमपीत्यनुभवध्वंसेऽनुभवत्वावच्छिन्नकारणता-निरूपितकार्यताश्रयत्वरूपानुभवजन्यत्वविरहादिति चेत्। न, स्मृतावतिव्याप्तिवारणायैव तदुपादानात्। तथा हि-स्मृतिं प्रत्यनुभव एव कारणं न तु स्मृतिरप्यतो घटस्मृतित्वावच्छिन्नं प्रति घटानुभवस्य घटानुभवत्वेनैव कारणत्वं न तु घटज्ञानत्वेन। इत्थं चानुभवत्वावच्छिन्न-कारणतानिरूपितकार्यताश्रयत्वस्य स्मृतौ विद्यमानत्वादतिव्याप्तिः। उक्तविशेषणदाने तु स्मृतेः स्मृतिहेतुत्वाभावात्तद्व्युदासः॥)

* ન્યાયબોધિની *

संस्कारं.....नातिव्याप्तिः। જે અનુભવથી જન્ય હોય અને સ્મૃતિનું કારણ હોય તેને ભાવના કહેવાય છે.

★ ભાવનાનું જો 'स्मृतिहेतुत्वम्' એટલું જ લક્ષણ કરીએ અને 'અનુભવજન્યત્વ' આ વિશેષણદલનો નિવેશ ન કરીએ તો આત્મ-મનના સંયોગમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે આત્મ-મનસંયોગ તો યાવત્ જ્ઞાનનું અસમવાયિ કારણ છે. તેથી સ્મૃત્યાત્મક જ્ઞાનનું પણ અસમવાયિકારણ થશે. 'અનુભવજન્યત્વ' પદના નિવેશથી તે અતિવ્યાપ્તિ નહીં આવશે કારણ કે આત્મમનઃસંયોગ અનુભવથી જન્ય નથી.

★ માત્ર 'अनुभवजन्यत्वे सति' આટલું જ કહીએ તો અનુભવધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે. જેવી રીતે ઘટધ્વંસની પ્રતિ 'ઘટ' કારણ છે કારણ કે 'ઘટ' વિના ઘટધ્વંસ નહીં થાય. એવી જ રીતે અનુભવધ્વંસની પ્રતિ અનુભવ કારણ છે માટે અનુભવધ્વંસ પણ અનુભવથી જન્ય થયો. એના વારણ માટે લક્ષણમાં 'स्मृतिहेतुत्व' પદનો નિવેશ છે. અનુભવધ્વંસ અનુભવજન્ય હોવા છતાં પણ સ્મૃતિનું કારણ નથી માટે હવે એમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

ननु.....कारणत्वात्। પૂર્વપક્ષ : 'अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वम्' આવું પણ ભાવનાનું લક્ષણ 'दण्डी पुरुषः' ઇત્યાકારક પ્રત્યક્ષજ્ઞાનમાં અતિવ્યાપ્ત થશે. તે આ પ્રમાણે → 'दण्डी पुरुषः' આ જ્ઞાનની પ્રતિ દંડનું જ્ઞાન કારણ કહેવાય છે. કારણ કે 'વિશિષ્ટજ્ઞાનની પ્રતિ વિશેષણજ્ઞાન કારણ હોય છે.' અનુભવથી પણ ખ્યાલ આવે છે કે જેને દંડનું જ્ઞાન નથી થયું તેને 'दण्डी पुरुषः' ઇત્યાકારક વિશિષ્ટજ્ઞાન નહીં જ થાય. આ રીતે દંડના અનુભવથી 'दण्डी पुरुषः' આ પ્રત્યક્ષાત્મક અનુભવ થયો અને ભવિષ્યમાં જે 'दण्डी पुरुषः' ઇત્યાકારક સ્મરણાત્મક જ્ઞાન થશે, એની પ્રતિ 'दण्डी पुरुषः' ઇત્યાકારક પ્રત્યક્ષાત્મક અનુભવ કારણ પણ છે. આ રીતે ભાવનાનું લક્ષણ 'दण्डी पुरुषः' ઇત્યાકારક પ્રત્યક્ષમાં પણ ઘટી ગયું.

अत्र ब्रूम..... नातिव्याप्तिः। ઉત્તરપક્ષ : 'अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वम्' ભાવનાના આ લક્ષણમાં 'અનુભવજન્યત્વ'નો અર્થ અનુભવત્વાવચ્છિન્ન અનુભવજન્યત્વ કરવો = અનુભવનિષ્ઠકારણતાનો અવચ્છેદક 'જ્ઞાનત્વ' અને 'અનુભવત્વ' આ બેમાંથી 'અનુભવત્વ'

માનવાથી ઉપરોક્ત અતિવ્યાપ્તિ નહીં આવે. એટલે ભાવનાનું લક્ષણ આ પ્રકારે થશે.....

'अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वे सति स्मृतिहेतुत्वम्'

(દંડપ્રકારક બુદ્ધિ = દંડવિશિષ્ટબુદ્ધિ = દંડીપુરુષની બુદ્ધિ.....)કહેવાનો આશય એ છે કે જ્યારે દંડઅનુભવથી 'दण्डी पुरुषः' ઈત્યાકારક જે વિશિષ્ટજ્ઞાન ઉત્પન્ન થયું તેમાં અનુભવનિષ્ઠ કારણતાનો અવચ્છેદક દંડ અનુભવત્વ નથી. કારણ કે વિશેષણના અનુભવથી જ વિશિષ્ટનો અનુભવ થતો નથી. વિશેષણની સ્મૃતિથી પણ વિશિષ્ટનો અનુભવ થાય છે. અર્થાત્ જેમ દંડાનુભવથી દંડીપુરુષ ઈત્યાકારક વિશિષ્ટ જ્ઞાન થાય છે. તેમ દંડના સ્મરણથી પણ દંડી પુરુષ ઈત્યાકારક અનુભવ થાય છે. 'જ્ઞાનત્વ' ધર્મ સ્મૃતિ - અનુભવ સાધારણમાં હોવાથી દંડજ્ઞાનથી દંડીપુરુષ એવું જે વિશિષ્ટ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમાં કારણતાનો અવચ્છેદક 'જ્ઞાનત્વ' છે, અનુભવત્વ નહીં. પરંતુ ભાવનાખ્ય સંસ્કાર તો અનુભવથી જ જન્ય છે, સ્મૃતિથી જન્ય નથી. માટે ભાવનાનું લક્ષણ દંડીપુરુષ ઈત્યાકારક જ્ઞાનમાં જતું નથી.

નિષ્કર્ષ આ નિકળ્યું કે દંડીપુરુષમાં દંડ અનુભવ કારણ છે. કિમ્ રૂપેણ ? જ્ઞાનત્વેન. અહીં કારણતાનો અવચ્છેદક જ્ઞાનત્વ છે. એટલે दण्डज्ञानत्वावच्छिन्नकारणतानिरूपित- कार्यताश्रयत्व 'दण्डी पुरुष ' ઈત્યાકારક અનુભવમાં છે. પરંતુ 'अनुभवत्वाच्छिन्नकारणतानिरूपित-कार्यताश्रयत्व' દંડી પુરુષમાં ન હોવાથી અતિવ્યાપ્તિ આવશે નહીં.

भावनायां.....सत्त्वात्। ભાવનામાં આ લક્ષણ ઘટે છે. તે આ પ્રમાણે..... ભાવના અનુભવથી જન્ય છે એટલે કે ભાવના પ્રતિ અનુભવ કારણ છે. કિમ્ રૂપેણ ? અનુભવત્વેન. એટલે કે ભાવનામાં રહેલી કાર્યતાથી નિરૂપિત અનુભવમાં રહેલી કારણતાનો અવચ્છેદક અનુભવત્વ થશે. માટે '**अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वे सति स्मृतिहेतुत्व**' ભાવનામાં હોવાથી ત્યાં લક્ષણ સમન્વય થાય છે.

नन्वेवं.....व्युदासः।

શંકા : 'अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वम्' ભાવનાના આ લક્ષણમાં અનુભવજન્યત્વ = 'अनुभवत्वावच्छिन्न अनुभवजन्यत्व' એવી વિવક્ષા કરશો તો પછી લક્ષણમાં આપેલું 'સ્મૃતિહેતુત્વ' એ વિશેષણ વ્યર્થ થઈ જશે. કારણ કે પૂર્વમાં 'સ્મૃતિહેતુત્વ' પદ અનુભવધ્વંસમાં આવતી અતિવ્યાપ્તિને દૂર કરવા માટે આપ્યું હતું. પરંતુ 'અનુભવત્વેન અનુભવજન્યત્વ' એવી વિવક્ષા કરીએ તો અનુભવધ્વંસમાં અતિવ્યાપ્તિ નહીં આવે. તે પ્રમાણે..... ધ્વંસ પ્રત્યે પ્રતિયોગી કારણ છે. કિમ્ રૂપેણ ? પ્રતિયોગિત્વેન. અથવા તો તદ્ તદ્ ધ્વંસ પ્રત્યે તદ્ તદ્ પ્રતિયોગી વ્યક્તિ, તદ્ તદ્ વ્યક્તિત્વેન કારણ છે માટે અનુભવધ્વંસની પ્રતિ પણ અનુભવ પ્રતિયોગિત્વેન કારણ છે. અથવા તદ્ તદ્ વ્યક્તિત્વેન જ કારણ છે, અનુભવત્વેન કારણ નથી.

જો અનુભવત્વેન જ અનુભવને ધ્વંસની પ્રતિ કારણ માનીએ તો અનુભવનો જ ધ્વંસ થવો જોઈએ, ઘટાદીનો નહીં. પરંતુ આવું થતું નથી. માટે ધ્વંસનિષ્ઠ કાર્યતાનિરૂપિત અનુભવનિષ્ઠ કારણતા, પ્રતિયોગિતા અથવા તદ્ તદ્ ઘટાદિવ્યક્તિત્વથી અવચ્છિન્ન હોય છે, અનુભવત્વથી

અવચ્છિન્ન નથી = 'अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्व અનુભવધ્વંસમાં નથી. અનુભવત્વાવચ્છિન્ન અનુભવથી જન્ય તો ભાવના જ થશે, તાદૃશ ધ્વંસ નહીં. આ રીતે અનુભવ ધ્વંસમાં અતિવ્યાપ્તિ આવતી નથી. તેથી તેના નિવારણ માટે આપેલું 'સ્મૃતિહેતુત્વ' પદ વ્યર્થ છે.

સમા. : તમારી વાત બરાબર છે, પરંતુ 'અનુભવત્વાવચ્છિન્ન અનુભવજન્યત્વ' આટલું આપવાથી પણ 'સ્મૃતિ'માં અતિવ્યાપ્તિ આવશે જ. કારણ કે સ્મૃતિ માત્ર અનુભવથી જ જન્ય હોવાથી અનુભવત્વાવચ્છિન્ન અનુભવજન્યત્વ સ્મૃતિમાં અક્ષુણ = અબાધિત છે. માટે 'अनुभवत्वावच्छिन्नकारणतानिरूपितकार्यताश्रयत्वे सति स्मृतिहेतुत्वम्' એવું લક્ષણ કર્યું છે જેથી સ્મૃતિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સ્મૃતિ ભલે અનુભવત્વેન અનુભવથી જન્ય હોય પરંતુ કોઈ અન્ય સ્મૃતિનું કારણ બનતી નથી.

વિશેષાર્થ :

શંકા : 'एक-संबन्धिज्ञानमपरसंबन्धिस्मारकं भवति' આ ન્યાયથી ઘટની સ્મૃતિથી તત્સંબંધી જલની સ્મૃતિ પણ થઈ શકે છે માટે પૂર્વે સ્મૃતિમાં અતિવ્યાપ્તિનું વારણ કર્યું હતું તે ઉચિત નથી = ન્યાયબોધિનીકારે स्मृतेः स्मृतिहेतुत्वाभावात्तद्व्युदासः આ જે પંકિત લખી છે તે ઉચિત નથી.

સમા. : ન્યાયબોધિનીકારની પૂર્વોક્તપંકિત સંગત જ છે કારણ કે જેવી રીતે ઘટાનુભવ, સજાતીય સંસ્કારને ઉત્પન્ન કરીને ઘટની સ્મૃતિ ઉત્પન્ન કરે છે અને આ રીતે સ્મૃતિ પ્રતિ કારણ બને છે એવી જ રીતે ઘટની સ્મૃતિ, સ્વસજાતીય સંસ્કારને ઉત્પન્ન કરીને સજાતીયસ્મૃતિની પ્રતિ કારણ નથી બનતી.

જલસ્મૃતિની પ્રતિ ભલે ઘટની સ્મૃતિ કારણ બને છે પરંતુ તાદૃશ ઘટસ્મૃતિ ઉદ્બોધકવિધયા જ કારણ બને છે, સજાતીય સંસ્કારને ઉત્પન્ન કરીને નહીં. કારણ કે સંસ્કાર, અનુભવમાત્રથી જન્ય છે. સ્મૃતિથી કોઈ પણ પ્રકારના સંસ્કાર ઉત્પન્ન નથી થતા.

(પ૦) संस्कारं विभजते-संस्कारेति। सामान्यगुणात्मविशेषगुणोभयवृत्ति-गुणत्वव्याप्यजातिमान्संस्कारः। घटादिवारणाय गुणत्वव्याप्येति। संयोगादिवारणाय सामान्यविशेषगुणोभयवृत्तिति। ज्ञानादिवारणाय सामान्येति। द्वितीयादिपतना-समवायिकारणं वेगः। रूपादिवारणाय द्वितीयादिपतनेति। कालादिवारणाय असमवायीति। भावनां लक्षयति अनुभवेति। आत्मादिवारणाय प्रथमदलम्। अनुभवध्वंसवारणाय द्वितीयदलम्। स्थितिस्थापकमाह-अन्यथेति। पृथिवीमात्रसम-वेतसंस्कारत्वव्याप्यजातिमत्त्वं स्थितिस्थापकत्वम्। गन्धत्वमादाय गन्धेऽतिव्याप्ति-वारणाय संस्कारत्वव्याप्येति। भावनात्वमादाय भावनावारणाय पृथिवीसमवेतेति। स्थितिस्थापकरूपान्यतरत्वमादाय रूपवारणाय जातीति। इति गुणा इति।

द्रव्यकर्मभिन्नत्वे सति सामान्यवान् गुणः। द्रव्यकर्मणोरतिव्याप्तिवारणाय विशेषणदलम्। सामान्यादावतिव्याप्तिवारणाय विशेष्यदलम्।

* પદકૃત્ય *

संस्कारं.....सामान्येति। 'संस्कारस्त्रिविधः ....' એ પ્રમાણે કહેવા દ્વારા સંસ્કારનો વિભાગ કરે છે. સામાન્યગુણ અને આત્માના વિશેષગુણ આ બંનેમાં રહેનારી ગુણત્વની જે વ્યાપ્ય જાતિ છે, તે જાતિમાન્ને સંસ્કાર કહેવાય છે. કહેવાનો આશય એ છે કે સંસ્કાર એ સ્થિતિસ્થાપક, વેગ અને ભાવનાના ભેદથી ત્રણ પ્રકારે છે. એમાંથી ભાવનાગુણ વિશેષગુણના અન્તર્ગત આવે છે અને શેષ બે સામાન્યગુણના અન્તર્ગત આવે છે. આ ત્રણેયમાં 'સંસ્કારત્વ' જાતિ રહેલી છે માટે 'સંસ્કારત્વ' જાતિ સામાન્યગુણ અને આત્મવિશેષગુણોભયમાં રહેનારી ગુણત્વની ન્યૂનવૃત્તિ જાતિ છે. અને તે જાતિમાન્ વેગાદિ ત્રણેય હોવાથી લક્ષણ સમન્વય થયું.

★ હવે 'ગુણત્વવ્યાપ્ય' પદ ન કહીએ અને માત્ર 'सामान्यगुणविशेषगुणोभयवृत्ति-जातिमान्संस्कारः' આટલું જ લક્ષણ કરીએ તો સામાન્યગુણ = સંખ્યા, પરિમાણાદિ અને વિશેષગુણ = રૂપાદિ એમાં રહેનારી 'સત્તા' જાતિ ઘટાદિમાં પણ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે, પરંતુ લક્ષણમાં 'ગુણત્વવ્યાપ્ય' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે 'સત્તા' જાતિ એ ગુણત્વની વ્યાપ્ય જાતિ નથી.

★ જો 'गुणत्वव्याप्यजातिमान्संस्कारः' આટલું જ કહીએ તો સંયોગાદિ ગુણમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે ગુણત્વની વ્યાપ્ય જાતિ તો સંયોગત્વાદિ પણ છે. તેમાં અતિવ્યાપ્તિના વારણ માટે લક્ષણમાં 'सामान्यगुणात्मविशेषगुणोभयवृत्ति' પદનો નિવેશ છે, 'સંયોગત્વ' જાતિ તો સામાન્યગુણ માત્રમાં વૃત્તિ છે, ઉભય ગુણવૃત્તિ નથી. માટે નાતિવ્યાપ્તિ.

★ જો 'आत्मविशेषगुणवृत्तिगुणत्वव्याप्यजातिमान्संस्कारः' આટલું જ લક્ષણ કરીએ અને 'सामान्यगुण' પદનો નિવેશ ન કરીએ તો આત્માનો વિશેષગુણ જે જ્ઞાનાદિ છે, તેમાં ગુણત્વની વ્યાપ્ય જાતિ 'ज्ञानत्वादि' રહેલી હોવાથી જ્ઞાનાદિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'सामान्यगुण' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે 'ज्ञानत्वादि' જાતિ આત્મવિશેષગુણ માત્રમાં વૃત્તિ છે, ઉભયગુણમાં રહેનારી નથી.

★ હવે જો લક્ષણમાં 'આત્મ' પદનો નિવેશ ન કરીએ અને માત્ર ' सामान्यगुणविशेष-गुणोभयवृत्ति-गुणत्वव्याप्यजातिमान् संस्कारः ' આટલું જ કહીએ તો 'द्रवत्व' ગુણમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે 'द्रवत्वत्व' જાતિ એ 'नैमित्तिकद्रवत्व' જે સામાન્યગુણ છે અને 'सांसिद्धिकद्रवत्व' જે વિશેષગુણ છે એ બંનેમાં રહે છે અને ગુણત્વની વ્યાપ્ય પણ છે. પરંતુ લક્ષણમાં 'આત્મ' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે 'द्रवत्वत्व' જાતિ આત્મવિશેષગુણમાં રહેતી નથી.

द्वितियादि..... હવે વેગનું લક્ષણ કરે છે → 'દ્વિતીયતૃતીયાદિક્ષણકાલીન પતનક્રિયાનું

જે અસમવાયિકારણ છે તેને 'વેગ' કહેવાય છે.

★ અહીં માત્ર 'असमवायिकारणं वेगः' આટલું જ લક્ષણ કરીએ તો તંતુરૂપ પણ પટરૂપનું અસમવાયિકારણ હોવાથી તંતુરૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ 'द्वितीयादिपतन' પદના નિવેશથી તંતુરૂપાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે તંતુરૂપાદિ, દ્વિતીયાદિક્ષણમાં થનારી પતનક્રિયાના અસમવાયિકારણ નથી. 'द्वितीयादिपतनकारणं वेगः' આટલું જ કહીએ તો કાલાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે 'કાલ' તો જન્યમાત્રની પ્રતિ કારણ છે જ. પરંતુ લક્ષણમાં 'असमवायि' પદના નિવેશથી 'કાલ'માં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે કાલ તો તાદૃશ પતનક્રિયાનું નિમિત્તકારણ છે. અસમવાયિકારણ નથી.

भावनां लक्षयति..... 'अनुभवजन्यत्वे सति स्मृतिहेतुत्वम्'

★ અહીં માત્ર 'स्मृतिहेतुत्वम्' આટલું જ કહીએ તો સ્મૃતિના સમવાયિકારણ આત્માદિમાં અતિવ્યાપ્તિ આવશે પરંતુ 'अनुभवजन्यत्व' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે આત્મા અનુભવથી જન્ય નથી. જો 'अनुभवजन्यत्व' આટલું જ ભાવનાનું લક્ષણ કરીએ તો અનુભવધ્વંસમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે અનુભવથી જન્ય અનુભવધ્વંસ પણ છે પરંતુ લક્ષણમાં 'स्मृतिहेतुत्व' પદના નિવેશથી અનુભવધ્વંસમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે 'અનુભવધ્વંસ' એ સ્મૃતિનું કારણ નથી.

स्थितिस्थापकमाह..... સ્થિતિસ્થાપકનું લક્ષણ કરે છે. → 'पृथिवीमात्रसमवेत-संस्कारत्वव्याप्यजातिमत्त्वं स्थितिस्थापकत्वम्' પૃથિવીમાત્રમાં જે સમવેત છે, તે સમવેતમાં સંસ્કારત્વની વ્યાપ્ય જાતિવાળું જે છે, તેને 'સ્થિતિસ્થાપકગુણ' કહેવાય છે. (દા.ત. → પૃથિવી માત્રમાં સમવેત જે સ્થિતિસ્થાપક ગુણ છે, એમાં રહેલી સંસ્કારત્વની વ્યાપ્ય જાતિ જે સ્થિતિસ્થાપકત્વ છે, તે જાતિવાળો સ્થિતિસ્થાપક ગુણ છે. આ રીતે લક્ષણ સમન્વય થયું.)

★ 'पृथिवीमात्रसमवेतवृत्तिजातिमत्त्वम्' આટલું જ સ્થિતિસ્થાપકનું લક્ષણ કરીએ તો ગંધત્વ જાતિમાન્ ગંધ પણ પૃથિવીમાત્રમાં સમવેત હોવાથી ગન્ધમાં અતિવ્યાપ્તિ આવશે. તેના વારણ માટે લક્ષણમાં 'संस्कारत्वव्याप्य' પદનો નિવેશ છે. 'गन्धत्व' જાતિ તો ગુણત્વની વ્યાપ્ય છે, સંસ્કારત્વની વ્યાપ્ય નથી.

★ જો માત્ર 'संस्कारत्वव्याप्यजातिमत्त्वम्' આટલું જ લક્ષણ કરીએ તો સંસ્કારત્વની વ્યાપ્ય જાતિ તો 'ભાવનાત્વ' પણ છે, માટે ભાવનામાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'पृथिवीमात्रसमवेत' પદના નિવેશથી ભાવનામાં અતિવ્યાપ્તિ નહીં આવે, કારણ કે 'ભાવના' પૃથિવીમાત્ર સમવેત નથી. આત્મામાં જ સમવેત છે.

★ અને જો 'पृथिवीमात्रसमवेतसंस्कारत्वव्याप्यधर्मवत्त्वं स्थितिस्थापकत्वम्' આવું ભાવનાનું લક્ષણ કરીએ અને 'जाति' પદનો નિવેશ ન કરીએ તો સ્થિતિસ્થાપક અને નીલરૂપ પૃથિવીમાત્રમાં સમવેત હોવાથી તાદૃશ સ્થિતિસ્થાપકનીલરૂપાન્યતરત્વને લઈને રૂપમાં

અતિવ્યાપ્તિ આવશે.

(વાસ્તવમાં જોવા જઈએ તો 'स्थितिस्थापकरूपान्य...' આ પાઠ ઉચિત લાગતો નથી. કદાચ 'રૂપ' પદથી 'નીલરૂપ'ની વિવક્ષા પણ કરીએ તો ભલે 'स्थितिस्थापकनीलरूपान्यतर' પૃથિવીમાત્રમાં સમવેત છે. પરંતુ તાદૃશવૃત્તિ જે 'स्थितिस्थापकनीलरूपान्यतरत्व' ધર્મ છે તે સંસ્કારત્વનો વ્યાપ્ય ધર્મ નહીં બની શકે. કારણ કે તાદૃશ 'અન્યતરત્વ' ધર્મ નીલરૂપમાં હોવા છતાં પણ ત્યાં 'સંસ્કારત્વ' નથી માટે 'यत्र यत्र तादृशान्यतरत्वं तत्र तत्र संस्कारत्वम्' આ રીતે સંસ્કારત્વની સાથે વ્યાપ્યવ્યાપકભાવ નહીં ઘટી શકે.

તેથી 'स्थितिस्थापकपृथिवीवृत्तिवेगान्यतरत्वमादाय वेगवारणाय जातीति' આ પાઠ સમુચિત લાગે છે કારણ કે પૃથિવીવૃત્તિવેગ અને સ્થિતિસ્થાપક આ બન્ને પૃથિવીમાત્રમાં સમવેત છે અને એમાં રહેનારો તાદૃશ 'અન્યતરત્વ' ધર્મ પણ સંસ્કારત્વને વ્યાપ્ય છે. કારણ કે વેગ અને સ્થિતિસ્થાપક આ બન્ને સંસ્કારના જ પ્રભેદ છે. આમ, તાદૃશાન્યતરત્વ ધર્મને લઈને વેગમાં અતિવ્યાપ્તિ આવે છે. તે અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'जाति' પદનો નિવેશ છે. 'स्थितिस्थापकपृथिवीवृत्तिवेगान्यतरत्व' ધર્મ, જાતિ સ્વરૂપ ન હોવાથી તેને લઈને વેગમાં અતિવ્યાપ્તિ નહીં આવે.)

હવે ગુણનું લક્ષણ કરે છે → द्रव्यकर्मभिन्नत्वे सति सामान्यवान् गुणः।

★ જો 'सामान्यवान् गुणः' આટલું જ ગુણનું લક્ષણ કરીએ તો દ્રવ્ય અને કર્મમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે સામાન્ય = જાતિ તો દ્રવ્ય અને કર્મમાં પણ રહે છે. જેથી સામાન્યવાન્ દ્રવ્ય અને કર્મ પણ થશે. તેથી લક્ષણમાં 'द्रव्यकर्मभिन्नत्वे सति' પદનો નિવેશ છે.

★ જો 'द्रव्यकर्मभिन्नत्व' આટલું જ ગુણનું લક્ષણ કરીએ તો સામાન્યાદિ પણ દ્રવ્ય અને કર્મથી ભિન્ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'सामान्यवान्' એવા વિશેષ્યદલના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સામાન્યાદિમાં જાતિ રહેતી નથી. (સામાન્યાદિમાં જાતિ કેમ નથી રહેતી? એનું વિવરણ જીજ્ઞાસુઓએ મુક્તાવલી આદિ ગ્રન્થોમાંથી જાણવું.)

કર્મ - નિરૂપણ

मूलम् : चलनात्मकं कर्म। ऊर्ध्वदेशसंयोगहेतुरुत्क्षेपणम्, अधोदेशसंयोगहेतुरपक्षेपणं, शरीरस्य संनिकृष्टसंयोगहेतुराकुञ्चनं, विप्रकृष्टसंयोगहेतुः प्रसारणम्, अन्यत्सर्वं गमनम्॥

ચલનાત્મક ક્રિયાને કર્મ કહેવાય છે. તે કર્મ પાંચ પ્રકારના છે ઉત્ક્ષેપણ, અપક્ષેપણ, આકુંચન, પ્રસારણ અને ગમન. એમાં ઉર્ધ્વદેશના સંયોગનું જે કારણ છે તેને ઉત્ક્ષેપણ કર્મ, અધોદેશના સંયોગનું જે કારણ છે તેને અપક્ષેપણ કર્મ, શરીરની પાસે રહેલી વસ્તુની સાથે સંયોગનું જે કારણ છે તેને આકુંચન કર્મ, શરીરથી દૂર રહેલી વસ્તુની સાથે સંયોગનું જે કારણ છે તેને પ્રસારણ કર્મ, આ ચાર કર્મથી અતિરિક્ત ભ્રમણ, રેચન, સ્યન્દન, ઉર્ધ્વજ્વલન, તિર્યગ્ગમન વગેરે ક્રિયાઓને 'ગમન' કહેવાય છે.

(प०) चलनेति। संयोगभिन्नत्वे सति संयोगासमवायिकारणं कर्म। हस्तपुस्तकसंयोगवारणाय सत्यन्तम्। घटादिवारणाय विशेष्यदलम्। ऊर्ध्वेति। अपक्षेपणवारणाय ऊर्ध्वेति। कालादिवारणाय 'असाधारणे'त्यपि बोध्यम्। अधोदेशेति। उत्क्षेपणवारणाय अधोदेशेति। कालादिवारणाय 'असाधारणे'त्यपि देयम्। शरीरेति। प्रसारणादिवारणाय संनिकृष्टेति। कालादिवारणाय 'असाधारणं' देयम्। विप्रकृष्टेति। उत्क्षेपणादिवारणाय विप्रकृष्टेति। कालादिवारणाय 'असाधारण'मप्यावश्यकम्॥

* પદકૃત્ય *

જે સંયોગથી ભિન્ન હોય અને સંયોગનું અસમવાયિકારણ હોય તેને કર્મ કહેવાય છે. નિયમ છે કે 'સમવાયસંબંધથી ઉત્પદ્યમાન કાર્યની પ્રતિ જે સમવાયસંબંધથી કારણ હોય, તેને અસમવાયિકારણ કહેવાય છે.' **દા.ત.** → આદ્યપતનની પ્રતિ ગુરુત્વ. કહેવાનો આશય એ છે કે કર્મ (ક્રિયા) વિભાગ અને પૂર્વસંયોગના નાશ દ્વારા ઉત્તરદેશસંયોગને ઉત્પન્ન કરે છે અને સંયોગસ્વરૂપ કાર્યની સાથે સમવાયસંબંધથી દ્રવ્યમાં રહે છે તેથી તે ક્રિયા અસમવાયિકારણ કહેવાશે.

★ જો 'संयोगासमवायिकारणं कर्म' આટલું જ કહીએ તો હસ્તપુસ્તકના સંયોગમાં પણ અતિવ્યાપ્તિ આવશે. કારણ કે અવયવીમાં રહેલા ગુણની પ્રતિ અવયવમાં રહેલા ગુણને અસમવાયિકારણ કહેવાય છે. જેમ પટરૂપની પ્રતિ તન્તુનું રૂપ. એવી જ રીતે શરીરપુસ્તકના સંયોગાદિનું અસમવાયિકારણ હસ્તપુસ્તકનો સંયોગ હોવાથી તેમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'संयोगभिन्नत्व' પદના નિવેશથી હસ્તપુસ્તકસંયોગમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે હસ્તપુસ્તકસંયોગ એ સંયોગથી ભિન્ન નથી.

★ જો માત્ર 'संयोगभिन्नत्व' આટલું જ કહીશું તો ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે ઘટાદિ પણ સંયોગથી ભિન્ન તો છે જ માટે 'संयोगासमवायिकारण' પદનો નિવેશ કર્યો છે. ઘટાદિ સંયોગનું અસમવાયિકારણ નથી માટે એમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

હવે ઉત્ક્ષેપણનું લક્ષણ કરે છે → 'ऊर्ध्वदेशसंयोगहेतुरुत्क्षेपणम्'

★ જો 'ऊर्ध्व' પદનો નિવેશ ન કરીએ તો 'અપક્ષેપણ'માં અતિવ્યાપ્તિ આવશે. કારણ કે અધોદેશસંયોગનું કારણ તો અપક્ષેપણ પણ છે. તેથી અતિવ્યાપ્તિના વારણ માટે લક્ષણમાં 'ऊर्ध्व' પદનો નિવેશ કર્યો છે.

★ અહીં 'હેતુ' પદથી 'असाधारणहेतु' સમજવું, નહીં તો કાલાદિ પણ જન્યમાત્રની પ્રતિ કારણ હોવાથી ઉર્ધ્વદેશસંયોગની પ્રતિ પણ કારણ બની જશે.

(વસ્તુતઃ જોવા જઈએ તો ઉર્ધ્વદેશસંયોગનું સમવાયિકારણ અને નિમિત્તકારણ ક્રમશઃ પાષાણાદિ અને પાષાણાદિને ફેંકનારો બન્ને બની શકે છે અને આ બન્ને અસાધારણકારણ

પણ છે. માટે એમાં અતિવ્યાપ્તિ આવશે. તેથી અહીં 'असाधारण' પદથી 'असमवायिकारण' જ સમજવું. અપક્ષેપણ, આકુંચન અને પ્રસારણનું પદકૃત્ય ઉત્ક્ષેપણમાં કહેવાયેલા રીતિ પ્રમાણે જ સમજવું. 'ગમન'નું લક્ષણ મૂલકારે જણાવ્યું નથી. એનું લક્ષણ → 'उत्क्षेपणादिभिन्नत्वे सति संयोगासमवायिकारणं गमनम्' એવું સમજવું.)

सामान्य - निरूपण

मूलम् : नित्यमेकमनेकानुगतं सामान्यम्। द्रव्यगुणकर्मवृत्ति। परं सत्ता। अपरं द्रव्यत्वादि॥

જે નિત્ય હોય અને અનેકમાં સમવાયસંબંધથી રહેતું હોય, તેને 'સામાન્ય = જાતિ' કહેવાય છે. આ સામાન્ય દ્રવ્ય, ગુણ અને કર્મમાં રહે છે. તે પર અને અપર એમ બે પ્રકારનું છે. તેમાં 'सत्ता' જાતિ પર સામાન્ય અને 'द्रव्यत्वादि' જાતિ અપર સામાન્ય કહેવાય છે.

(न्या०) सामान्यं निरूपयति-नित्यमेकमिति। नित्यत्वे सत्यनेकसमवेतत्वं सामान्यलक्षणम्। नित्यत्वविशेषणानुपादानेऽनेकसमवेतत्वस्य संयोगादौ सत्त्वात्तत्रातिव्याप्तिस्तद्वारणाय नित्यत्वविशेषणम्। अनेकसमवेतत्वानुपादाने नित्यत्वमात्रोपादाने आकाशादावतिव्याप्तिस्तद्वारणायानेकसमवेतत्वम्। अनेकसमवेतत्वानुपादाने नित्यत्वविशिष्टसमवेतत्वमात्रोक्तावाकाशगतैकत्वपरिमाणादौ जलपरमाणुगतरूपादौ चातिव्याप्तिः। जलपरमाणुगतरूपादेराकाशगतैकत्वपरिमाणादेर्नित्यत्वात् समवेतत्वाच्च। अतः 'अनेके'ति समवेतविशेषणम्॥

* न्यायबोधिनी *

★ 'नित्यत्वे सति अनेकसमवेतत्वम्' સામાન્યના આ લક્ષણમાં જો માત્ર 'अनेकसमवेतत्व' એટલું જ કહીએ તો સંયોગ, વિભાગ અને દ્વિત્વાદિ સંખ્યામાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે આ બધા પણ સમવાયસંબંધથી અનેકમાં રહે છે. 'नित्यत्व' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સંયોગાદિ જન્ય હોવાથી નિત્ય નથી.

★ જો માત્ર 'नित्यत्व' આટલું જ સામાન્યનું લક્ષણ કહીએ તો આકાશાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે આકાશાદિ પણ નિત્ય છે. તેના વારણ માટે લક્ષણમાં 'अनेकसमवेतत्व' પદનો નિવેશ છે. આકાશ, પરમાણુ વગેરે તો નિરવયવ હોવાથી સમવેત જ નથી તો એમાં 'अनेकसमवेतत्व' કેવી રીતે ઘટશે.

★ જો 'नित्यत्वे सति समवेतत्वम्' આટલું જ લક્ષણ કરીએ તો આકાશગત એકત્વ, પરિમાણાદિ અને જલીયપરમાણુગત રૂપાદિમાં અતિવ્યાપ્તિ આવશે કારણ કે તાદશ એકત્વ અને રૂપ નિત્ય પણ છે અને સમવેત પણ છે. પરંતુ લક્ષણમાં 'अनेक' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે આકાશગત એકત્વ, પરિમાણાદિ તથા જલીયપરમાણુગત રૂપાદિ એકમાં જ સમવેત છે.

વિશેષાર્થ :

શંકા : આકાશ અને કાલનો સંયોગ નિત્ય પણ છે અને અનેકસમવેત પણ છે તેથી સામાન્યનું લક્ષણ તાદૃશ સંયોગમાં પણ અતિવ્યાપ્ત થશે તેના વારણ માટે લક્ષણમાં 'संयोगभिन्नत्वे सति' પદ પણ આપવું જોઈએ.

સમા. : 'अप्राप्तस्य प्राप्तिः संयोगः' એવું સંયોગનું લક્ષણ ન્યાયગ્રન્થોમાં કર્યું છે. આકાશ અને કાલ વિભુ અને નિત્ય હોવાથી 'अप्राप्तस्य प्राप्तिः' સ્વરૂપ જે સંયોગ છે તે ઘટશે નહીં. માટે ત્યાં અનાદિઅનંત સંયોગને જ સ્વીકારવો પડશે. એતાદૃશ સંયોગને મતાન્તરે સ્વીકાર્યો નથી તેથી જ 'संयोगभिन्नत्व' પદ આપવાની આવશ્યકતા નથી.

શંકા : નાના જલીયપરમાણુમાં રહેનારું રૂપ તો નિત્ય પણ છે અને અનેક પરમાણુઓમાં સમવેત પણ છે માટે તાદૃશ રૂપમાં પણ અતિવ્યાપ્તિ આવવી જોઈએ...

સમા. : અહીં 'अनेकसमवेतत्व'નો આશય 'तद्व्यक्तित्वेन अनेकसमवेतत्व' છે. જલીયપરમાણુરૂપ ભલે રૂપત્વેન અનેક પરમાણુઓમાં સમવેત છે પરંતુ એક વ્યક્તિસ્વરૂપ જે રૂપ છે તે તો એક જ પરમાણુમાં રહેશે, જ્યારે ઘટત્વાદિ સામાન્ય તો તદ્વ્યક્તિત્વેન અનેકમાં સમવાયસંબંધથી રહેશે એવો ભેદ સમજવો.

(પ૦) नित्यमिति। संयोगादिवारणाय नित्यमिति। कालादिपरिमाणवारणाय अनेकेति। अनेकानुगतत्वं च समवायेन बोध्यम् तेन नात्यन्ताभावेऽतिव्याप्तिः।

* પદકૃત્ય *

સંયોગાદિમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'નિત્ય' પદનો પ્રવેશ છે. કાલાદિના પરિમાણમાં અતિવ્યાપ્તિને દૂર કરવા માટે લક્ષણમાં 'અનેક' પદનો નિવેશ છે. તેથી કાલાદિપરિમાણમાં અતિવ્યાપ્તિ નહીં આવે. કારણ કે કાલપરિમાણ માત્ર કાલમાં જ સમવેત છે, અનેકમાં નહીં. સામાન્યના લક્ષણમાં 'અનેકવૃત્તિત્વ' સમવાયસંબંધથી જ સમજવું, નહીં તો ઘટાત્યન્તાભાવ પણ નિત્ય છે અને અનેક જગ્યાએ અભાવીયવિશેષણતાસંબંધથી વૃત્તિ છે. 'સમવાય' પદના નિવેશથી તે અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઘટાભાવ કોઈપણ જગ્યાએ સમવાયસંબંધથી નથી રહેતો. (જો કે ઘટના આવવાથી ઘટાત્યન્તાભાવનો નાશ પ્રત્યક્ષ દૃષ્ટ છે તો પણ ઘટાત્યન્તાભાવને નિત્ય માન્યો છે તેની યુક્તિઓ મુક્તાવલી આદિ ગ્રન્થોમાં આપી છે. જીજ્ઞાસુઓએ ત્યાંથી જાણી લેવી.)

વિશેષ - નિરૂપણ

મૂલમ્ : नित्यद्रव्यवृत्तयो व्यावर्तका विशेषाः॥

જે નિત્યદ્રવ્યમાં સમવાયસંબંધથી રહે અને પરમાણુ આદિના પરસ્પરના ભેદને સિદ્ધ કરે તેને વિશેષ કહેવાય છે.

(**દા.ત.** → જેમ ઘટમાં ઘટત્વ રહે તેમ નિરવયવ પરમાણુમાં તથા આકાશાદિમાં વિશેષ સમવાયસંબંધથી રહે છે અને 'એક પરમાણુથી બીજો પરમાણુ જુદો છે' એવું જણાવે છે.)

(પ૦) नित्यद्रव्यवृत्तय इति। घटत्वादिवारणाय नित्यद्रव्यवृत्तय इति। आत्मत्वमनस्त्ववारणाय 'आत्मत्वमनस्त्वभिन्ना' इत्यपि बोध्यम्।

* પદકૃત્ય *

★ 'व्यावर्तका विशेषाः' આટલું જ જો વિશેષનું લક્ષણ કરીએ તો ઘટત્વ, પટત્વાદિમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે ઘટત્વ, પટત્વાદિ જાતિ પણ ઘટાદિને મઠાદિથી વ્યાવૃત્ત તો કરે જ છે માટે 'नित्यद्रव्यवृत्तयः' પદનો નિવેશ છે. ઘટત્વાદિ તો અનિત્યમાં જ રહેતા હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

★ મૂલોક્ત આખું લક્ષણ કહીશું તો પણ 'આત્મત્વ' 'મનસ્ત્વ'માં અતિવ્યાપ્તિ આવશે કારણ કે આત્મત્વાદિ જાતિ નિત્યદ્રવ્ય એવા આત્માદિમાં રહે પણ છે અને ઘટાદિથી આત્માનું વ્યાવર્તન પણ કરે છે. માટે વિશેષના લક્ષણમાં 'आत्मत्वमनस्त्वभिन्नाः'પદનો પણ નિવેશ કરવો, તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે આત્મત્વ અને મનસ્ત્વ એ આત્મત્વમનસ્ત્વથી ભિન્ન નથી.

નોંધ : પદકૃત્યમાં 'आत्मत्वमनस्त्ववारणाय' ના સ્થાને 'आत्मत्वमनस्त्वादिवारणाय' આ પંક્તિ વધારે ઉચિત લાગે છે. આદિ પદથી 'પરમાણુત્વ'ને લેવું.

સમવાય - નિરૂપણ

मूलम् : नित्यसंबन्धः समवायः। अयुतसिद्धवृत्तिः। ययोर्द्वयोर्मध्य एकमविनश्यदवस्थमपराश्रितमेवावतिष्ठते तावयुतसिद्धौ। यथा अवयवावयविनौ गुणगुणिनौ क्रियाक्रियावन्तौ जातिव्यक्ती विशेषनित्यद्रव्ये चेति ।

નિત્યસંબંધને સમવાય કહેવાય છે. આ સંબંધ અયુતસિદ્ધ પદાર્થોમાં રહે છે. અયુતસિદ્ધ પદાર્થ કોને કહેવાય? જે બે પદાર્થોમાં એક પદાર્થ પોતાનો વિનાશ ન થાય ત્યાં સુધી બીજા પદાર્થને આશ્રયીને રહે તો તે બંને પદાર્થો અયુતસિદ્ધ કહેવાય છે. (૧) અવયવ-અવયવી :- ઘટ નાશ ન પામે ત્યાં સુધી કપાલને આશ્રયીને રહે છે તેથી કપાલ અને ઘટ = અવયવ અને અવયવી, (૨) ગુણ-ગુણી :- ઘટરૂપ નાશ ન પામે ત્યાં સુધી ઘટને આશ્રયીને રહે છે તેથી ઘટરૂપ અને ઘટ = ગુણ અને ગુણી, (૩) ક્રિયા-ક્રિયાવાન્ :- નર્તનક્રિયા નાશ ન પામે ત્યાં સુધી નર્તકને આશ્રયીને રહે છે તેથી નર્તનક્રિયા અને નર્તક = ક્રિયા અને ક્રિયાવાન્, (૪) જાતિ-જાતિમાન્ :- એવી જ રીતે અવિનશ્યત્ અવસ્થાને પામેલું ઘટત્વ ઘટને આશ્રયીને રહે છે તેથી ઘટત્વ અને ઘટ = જાતિ અને જાતિમાન્, (૫) વિશેષ-નિત્યદ્રવ્ય : - એવી જ રીતે અવિનશ્યત્ અવસ્થાને પામેલો વિશેષ પરમાણુને આશ્રયીને રહે છે તેથી વિશેષ અને પરમાણુ = વિશેષ

અને નિત્યદ્રવ્ય અયુતસિદ્ધ પદાર્થ છે અને આ અયુતસિદ્ધ પદાર્થોનો પરસ્પરનો જે સંબંધ છે તે સમવાય છે.

(न्या०) समवायं निरूपयति-नित्येति। संबन्धत्वं विशिष्टप्रतीतिनियामकत्वम्। तावन्मात्रोक्तौ संयोगेऽतिव्याप्तिः, अतो नित्य इति विशेषणम्। ययोर्द्वयोर्मध्य इति। (यन्निष्ठकालनिरूपिताधेयतासामान्यं यदवच्छिन्नं तदुभयान्यतरत्वमयुतसिद्धत्वमित्यर्थः)॥

* न्यायबोधिनी *

विशिष्टप्रतीतिनो = विशिष्टज्ञाननो जे नियामक छे तेने संबंध कहेवाय छे. अर्थात् विशेषण सहित वस्तुना ज्ञानने विशिष्टज्ञान कहेवाय छे. (दा.त. → दंड अने पुरुष बंने भूतल ઉપર હોવા છતાં દંડીપુરુષ ઈત્યાકારક દંડ વિશિષ્ટ પુરુષની પ્રતીતિ થતી નથી પરંતુ એ દંડનો પુરુષની સાથે જ્યારે સંયોગ થાય છે ત્યારે જ દંડવિશિષ્ટ પુરુષની પ્રતીતિ થાય છે. તેથી જ આ વિશિષ્ટ પ્રતીતિના કારણભૂત સંયોગને સંબંધ કહેવાય છે. આ જ પ્રમાણે'ઘટવદ્ ભૂતલમ્', 'ઘટાભાવવદ્ભૂતલમ્', 'જ્ઞાનવાનાત્મા' ઈત્યાદિ જ્ઞાનને વિશિષ્ટજ્ઞાન કહેવાય છે. અહીં સંયોગ, સમવાયાદિ સંબંધ ભાસિત થાય છે, એ સંબંધ વિના વિશિષ્ટજ્ઞાનની કલ્પના પણ નહીં કરી શકાય માટે 'સંબંધ' એ વિશિષ્ટજ્ઞાનની પ્રતિ કારણ કહેવાય છે.)

★ જો લક્ષણમાં 'संबन्धः समवायः' આટલું જ કહીએ તો સંયોગાદિમાં અતિવ્યાપ્તિ આવશે. પરંતુ લક્ષણમાં 'નિત્ય' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે સંયોગાદિ સંબંધ નિત્ય નથી.

હવે અયુતસિદ્ધ = અપૃથક્સિદ્ધની વ્યાખ્યા નવ્યન્યાયઘટિત શૈલીમાં કરે છે. → વૃક્ષમાં કપિ રહેવા છતાં પણ સંપૂર્ણ વૃક્ષમાં રહેતો ન હોવાથી 'वृक्षे शाखावच्छेदेनैव कपिसंयोगः' એવી પ્રતીતિ થાય છે. અહીં શાખા એ અવચ્છેદકતયા અને વૃક્ષ એ અધિકરણતયા ભાસિત થાય છે. તેવી જ રીતે બધી વસ્તુઓનું કાલિકસંબંધથી અધિકરણ કાલ છે પરંતુ ઘટ, પટાદિ વસ્તુ અમુક અવચ્છેદેન જ કાલમાં રહેશે. તેથી ઘટ કપાલાવચ્છેદેન કાલમાં છે તન્ત્વવચ્છેદેન નહીં, પટ તન્ત્વવચ્છેદેન કાલમાં છે કપાલાવચ્છેદન નહીં આવું કહેવાશે. આ રીતે 'अस्मिन् काले तन्तौ पटः' આ પ્રતીતિમાં કાલ અધિકરણ તરીકે જણાય છે અને તંતુ અવચ્છેદક તરીકે જણાય છે.

'यन्निष्ठकालनिरूपिताधेयतासामान्यं यदवच्छिन्नं तदुभयान्यतरत्वमयुतसिद्धत्वम्' અયુતસિદ્ધનું આ જે લક્ષણ છે તે કાલને અધિકરણ અને દેશને અવચ્છેદક માનીને કર્યું છે.અહીં પ્રથમ 'यद्' પદનો અન્વય આધેયતા-સામાન્યમાં કરવો અને પ્રથમ 'यद्' પદથી ઘટ, પટાદિને ગ્રહણ કરવું. દ્વિતીય 'यद्' પદથી અવચ્છેદકતયા ભાસિત કપાલ, તન્ત્વાદિને ગ્રહણ કરવું તેથી લક્ષણ સમન્વય આ રીતે થશે → કાલથી નિરૂપિત ઘટપટાદિમાં રહેલી જે યાવદ્ આધેયતા છે તે કપાલ, તન્ત્વાદિથી અવચ્છિન્ન છે માટે ઘટ અને કપાલ, પટ અને તંતુ આ

બધા અયુતસિદ્ધ પદાર્થો કહેવાશે.

(પ૦) नित्येति। आकाशादिवारणाय संबन्ध इति। संयोगवारणाय नित्येति। स्वरूपसंबन्धवारणाय 'तद्भिन्न' इत्यपि बोध्यम् ॥

* પદકૃત્ય *

★ 'नित्यः समवायः' આટલું જ સમવાયનું લક્ષણ કરીએ તો આકાશાદિ પણ નિત્ય હોવાથી એમાં અતિવ્યાપ્તિ આવશે માટે લક્ષણમાં 'संबन्धः' પદનો નિવેશ છે. આકાશાદિ સંબંધસ્વરૂપ ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે.

★ માત્ર 'संबन्धः समवायः' આટલું જ લક્ષણ કરીશું તો સંયોગ પણ સંબંધ હોવાથી એમાં અતિવ્યાપ્તિ આવશે તેથી લક્ષણમાં 'नित्य' પદનો નિવેશ કર્યો છે.

★ હવે 'नित्यसंबन्धः समवायः' આવું પણ સમવાયનું લક્ષણ કરશું તો સ્વરૂપસંબંધમાં અતિવ્યાપ્તિ આવશે. તે આ રીતે → પરમાણુમાં ઘટત્વનો અભાવ અભાવીયવિશેષણતા (સ્વરૂપ) સંબંધથી રહે છે. નિયમ છે કે 'સ્વરૂપસંબંધની સત્તા સંબંધીઓથી ભિન્ન હોતી નથી અર્થાત્ સ્વરૂપસંબંધ સંબંધ્યાત્મક જ હોય છે'. તેથી પરમાણુમાં ઘટત્વાભાવ જે સ્વરૂપસંબંધથી રહે છે તે સ્વરૂપસંબંધને ચાહે ઘટત્વાભાવસ્વરૂપ માનીએ અથવા ચાહે પરમાણુસ્વરૂપ માનીએ, એ બંને નિત્ય હોવાથી સ્વરૂપસંબંધ પણ નિત્ય કહેવાશે. તેથી લક્ષણમાં 'स्वरूपसंबन्धभिन्नत्वे सति' પદનો નિવેશ પણ આવશ્યક છે.

નોંધ : બધા જ સ્વરૂપસંબંધ નિત્ય નથી હોતા. જો સંબંધી અનિત્ય હોય તો એનો સ્વરૂપસંબંધ પણ અનિત્ય થશે. દા.ત. → ભૂતલવૃત્તિ ઘટાભાવનો સ્વરૂપસંબંધ જો અધિકરણસ્વરૂપ = ભૂતલસ્વરૂપ માનીએ તો તે સ્વરૂપસંબંધ અનિત્ય જ કહેવાશે માટે દ્રષ્ટાંતમાં અમે પરમાણુવૃત્તિ ઘટત્વાભાવને બતાવ્યું છે.

અભાવ - નિરૂપણ

प्रागभाव

मूलम् : अनादिः सान्तः प्रागभावः। उत्पत्तेः पूर्वं कार्यस्य ॥

જે અભાવની ઉત્પત્તિ નથી પણ નાશ છે (= અનાદિ સાંત છે) તે અભાવને 'પ્રાગભાવ' કહેવાય છે. આ 'પ્રાગભાવ' કાર્યની ઉત્પત્તિ પહેલા હોય છે.

(દા.ત. → ઘટકાર્યની ઉત્પત્તિ પહેલા 'इह घट उत्पत्स्यते' આવી પ્રતીતિ થાય છે તેના વિષયભૂત ઘટના અભાવને 'ઘટપ્રાગભાવ' કહેવાય છે.)

(પ૦) प्रागभावं लक्षयति-अनादिरिति। घटादिवारणाय प्रथमदलम्। परमाणुवारणाय द्वितीयदलम्। पुनः प्रागभावः कस्मिन्कालेऽस्तीत्यत आह - उत्पत्तेरिति। कार्यस्योत्पत्तेः प्राक् स्वप्रतियोगिसमवायिकारणे वर्तत इत्यर्थः ॥

* પદકૃત્ય *

★ 'सान्तः प्रागभावः' આટલું જ પ્રાગભાવનું લક્ષણ કરીએ તો વિનાશી એવા ઘટાદિમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે લક્ષણમાં 'અનાદિ' પદનો નિવેશ કર્યો છે, ઘટાદિ વિનાશી હોવા છતાં ઉત્પત્તિમાન્ હોવાથી અનાદિ નથી તેથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

★ 'अनादिः प्रागभावः' આટલું જ પ્રાગભાવનું લક્ષણ કરીએ તો પરમાણુ વગેરે નિત્ય પદાર્થમાં અતિવ્યાપ્તિ આવશે તેથી લક્ષણમાં 'सांत' પદ આપ્યું છે. પરમાણુ અનાદિ હોવા છતાં વિનાશી ન હોવાથી અતિવ્યાપ્તિ નહીં આવે.

આ પ્રાગભાવ કયા કાલમાં હોય છે? કોઈ પણ કાર્યનો પ્રાગભાવ કાર્યની ઉત્પત્તિ પહેલા સ્વપ્રતિયોગિના (ઘટાદિના) સમવાયિકારણમાં રહેશે. ઘટનો પ્રાગભાવ ઘટની ઉત્પત્તિની પહેલા ઘટનું સમવાયિકારણ જે કપાલ છે તેમાં રહેશે.

ધ્વંસાભાવ

मूलम् : सादिरनन्तः प्रध्वंसः। उत्पत्त्यनन्तरं कार्यस्य ॥

જે અભાવની ઉત્પત્તિ છે પણ નાશ નથી (= સાદી અનંત છે) તે અભાવને પ્રધ્વંસાભાવ કહેવાય છે. આ પ્રધ્વંસસ્વરૂપ અભાવ કાર્યની ઉત્પત્તિ પછી ઉત્પન્ન થાય છે. દા.ત. → ઘટ ફૂટી ગયા પછી 'इह घटो ध्वस्तः' આવી પ્રતીતિ થાય છે, તેના વિષયભૂત ઘટના અભાવને 'ઘટપ્રધ્વંસાભાવ' કહેવાય છે.

(प०) ध्वंसं लक्षयति- सादिरिति। घटादिवारणाय अनन्त इति। आत्मादिवारणाय सादिरिति। उत्पत्तीति। कार्यस्योत्पत्त्यनन्तरं स्वप्रतियोगिसमवायिकारणवृत्तिरित्यर्थः। स च 'ध्वस्तः' इति प्रत्ययविषयः॥

* પદકૃત્ય *

★ જો 'सादिः प्रध्वंसः' આટલું જ પ્રધ્વંસનું લક્ષણ કરીએ તો ઘટાદિ પણ ઉત્પત્તિવાળા હોવાથી એમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે લક્ષણમાં 'अनन्त' પદનો નિવેશ કર્યો છે. ઘટાદિ ઉત્પત્તિવાળા હોવા છતાં અનંત નહીં હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

★ માત્ર 'अनन्तः प्रध्वंसः' આ રીતે પ્રધ્વંસનું લક્ષણ કરીએ તો નિત્ય એવા આત્માદિમાં અતિવ્યાપ્તિ આવશે તેના નિવારણ માટે 'सादि' પદનો નિવેશ કર્યો છે. આત્માદિ અનંત હોવા છતાં તેની ઉત્પત્તિ ન થતી હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

જેવી રીતે ઘટાદિ પ્રાગભાવ ઘટાદિના સમવાયિકારણમાં રહે છે તેવી જ રીતે ઘટાદિનો ધ્વંસ પણ ઘટાદિના સમવાયિકારણમાં રહે છે. ફરક એટલો જ છે કે પ્રાગભાવ કાર્યની ઉત્પત્તિની પૂર્વે, સ્વપ્રતિયોગી ઘટાદિના સમવાયિકારણમાં રહે છે અને ધ્વંસ કાર્યની ઉત્પત્તિ

પછી સ્વપ્રતિયોગિના સમવાયિકારણ કપાલાદિમાં વૃત્તિ હોય છે. જે વ્યવહારદશામાં 'ધ્વસ્ત' ઈત્યાકારક પ્રતીતિનો વિષય બને છે.

અત્યન્તાભાવ

મૂલમ્ : ત્રૈકાલિકસંસર્ગાવચ્છિન્નપ્રતિયોગિતાકોઽત્યન્તાભાવઃ। યથા ભૂતલે ઘટો નાસ્તીતિ ॥

જે અભાવ નિત્ય હોય = ત્રૈકાલિક હોય, અને જેની પ્રતિયોગિતા સંસર્ગથી અવચ્છિન્ન હોય તે અભાવને અત્યન્તાભાવ કહેવાય છે. દા.ત. → 'ભૂતલે ઘટો નાસ્તિ' આવી પ્રતીતિના વિષયભૂત ઘટના અભાવને 'ઘટાત્યન્તાભાવ' કહેવાય છે. ટૂંકમાં અત્યંતાભાવનું લક્ષણ આ પ્રમાણે છે.....'ત્રૈકાલિકત્વે સતિ સંસર્ગાવચ્છિન્નપ્રતિયોગિતાકત્વમ્'

(ન્યા૦) અત્યન્તાભાવં નિરૂપયતિ-ત્રૈકાલિકેતિ। (પ્રાગભાવાપ્રતિયોગિત્વે સતિ ધ્વંસાપ્રતિયોગિત્વે સત્યન્યોન્યાભાવભિન્નત્વે સત્યભાવત્વમત્યન્તાભાવસ્ય લક્ષણમ્। ધ્વંસપ્રાગભાવાન્યોન્યાભાવાકાશાદીનાં વારણાય યથાક્રમં વિશેષણોપાદાનમ્। વસ્તુતસ્તુ સંસર્ગાભાવત્વં તાદાત્મ્યભિન્નસંબન્ધાવચ્છિન્નપ્રતિયોગિતાકાભાવત્વમ્। ધ્વંસપ્રાગભાવયોશ્ચ ન સંસર્ગાવચ્છિન્નપ્રતિયોગિતાકત્વમિતિ તેનૈવ તદ્વારણે 'ત્રૈકાલિકે'તિ સ્વરૂપાખ્યાનમેવેતિ બોધ્યમ્।)

* ન્યાયબોધિની *

'ત્રૈકાલિક.....' ઈત્યાદિ દ્વારા અત્યંતાભાવનું નિરૂપણ કરે છે. જે પ્રાગભાવનો અપ્રતિયોગી છે, ધ્વંસનો અપ્રતિયોગી છે અને અન્યોન્યાભાવથી ભિન્ન છે, તે અભાવને અત્યન્તાભાવ કહેવાય છે. અત્યન્તાભાવના આ લક્ષણમાં

★ 'પ્રાગભાવાપ્રતિયોગિત્વ' પદનો નિવેશ ન કરીએ અને ધ્વંસાપ્રતિયોગિત્વે સતિ અન્યોન્યાભાવભિન્નત્વે સતિ અભાવત્વમ્ આટલું જ કહીએ તો ધ્વંસમાં પણ અતિવ્યાપ્તિ આવે કારણ કે ધ્વંસનો ધ્વંસ ન થતો હોવાથી ધ્વંસ એ ધ્વંસનો અપ્રતિયોગી પણ છે અને ધ્વંસ એ અન્યોન્યાભાવથી ભિન્ન પણ છે. પરંતુ 'પ્રાગભાવાપ્રતિયોગિત્વ' પદના નિવેશથી ધ્વંસમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ઘટધ્વંસની ઉત્પત્તિ થતી હોવાથી ઘટધ્વંસ એ પ્રાગભાવનો પ્રતિયોગી બને છે, અપ્રતિયોગી નથી.

★ જો 'ધ્વંસાપ્રતિયોગિત્વ' પદનો નિવેશ ન કરીએ અને પ્રાગભાવાપ્રતિયોગિત્વે સતિ અન્યોન્યાભાવભિન્નત્વે સતિ અભાવત્વમ્ આટલું જ કહીએ તો પ્રાગભાવમાં લક્ષણ જતું રહેશે કારણ કે પ્રાગભાવની ઉત્પત્તિ થતી ન હોવાથી પ્રાગભાવ પણ પ્રાગભાવનો અપ્રતિયોગી છે, અને અન્યોન્યાભાવથી ભિન્ન પણ છે. પરંતુ લક્ષણમાં 'ધ્વંસાપ્રતિયોગિત્વ' પદના નિવેશથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રાગભાવનો ધ્વંસ = નાશ થતો હોવાથી પ્રાગભાવ ધ્વંસનો

પ્રતિયોગી બને છે, અપ્રતિયોગિ બનતો નથી.

★ જો 'अन्योन्याभावभिन्नत्व' પદનો નિવેશ ન કરીએ તો અન્યોન્યાભાવ નિત્ય હોવાથી પ્રાગભાવાપ્રતિયોગિત્વવિશિષ્ટધ્વંસાપ્રતિયોગિત્વવિશિષ્ટાભાવત્વ અન્યોન્યાભાવમાં પણ રહે છે. તેથી એમાં અતિવ્યાપ્તિના નિવારણ માટે લક્ષણમાં 'अन्योन्याभावभिन्नत्व' પદનો નિવેશ કર્યો છે.હવે અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે અન્યોન્યાભાવ અન્યોન્યાભાવથી ભિન્ન નથી.

★ જો 'अभावत्व' પદ ન કહીએ તો નિત્યભાવાત્મક આકાશ, પરમાણુ વગેરે વસ્તુઓ પણ નિત્ય અને અન્યોન્યાભાવથી ભિન્ન હોવાથી તેમાં લક્ષણ જતું રહેશે તેના નિવારણ માટે લક્ષણમાં 'अभावत्व' પદનો નિવેશ કર્યો છે જેથી આકાશાદિમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે આકાશાદિ અભાવ સ્વરૂપ નથી.

વાસ્તવિક રીતે જોઈએ તો મૂલોક્ત અત્યન્તાભાવની પરિભાષામાં જે 'संसर्गावच्छिन्न' પદ છે એનો અર્થ 'तादात्म्यभिन्नसंबन्धावच्छिन्न' કરવો. તેથી અત્યન્તાભાવનું 'तादात्म्यभिन्नसंबन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वम्' આવું લક્ષણ થશે. આથી ધ્વંસ અને પ્રાગભાવમાં લક્ષણ જશે નહીં. કારણ કે ધ્વંસ અને પ્રાગભાવની પ્રતિયોગિતા કોઈ પણ સંબંધથી અવચ્છિન્ન હોતી નથી. અન્યોન્યાભાવની પ્રતિયોગિતા જો કે તાદાત્મ્યસંબંધથી અવચ્છિન્ન હોય છે, પરંતુ અત્યન્તાભાવના લક્ષણમાં 'तादात्म्यभिन्न' પદનું ગ્રહણ કરવાથી અન્યોન્યાભાવનું પણ વારણ થઈ જશે. આથી યદ્યપિ મૂલસ્થ 'त्रैकालिक' (નિત્ય) પદની લક્ષણમાં આવશ્યકતા નથી તો પણ 'અત્યન્તાભાવ નિત્ય છે' એવું અત્યન્તાભાવનું સ્વરૂપ જણાવવા માટે જ 'त्रैकालिक' પદ મૂલકારે આપ્યું છે.

(प०) अत्यन्ताभावं लक्षयति-त्रैकालिकेति। त्रैकालिकत्वे सति संसर्गावच्छिन्न-प्रतियोगिताकोऽत्यन्ताभावः। ध्वंसप्रागभाववारणाय त्रैकालिकेति। भेदवारणाय संसर्गेत्यादि॥

* પદકૃત્ય *

જે અભાવ નિત્ય હોય અને જે અભાવની પ્રતિયોગિતા સંબધથી અવચ્છિન્ન હોય તે અભાવને અત્યન્તાભાવ કહેવાય છે.

★ જો અત્યન્તાભાવના આ લક્ષણમાં 'त्रैकालिक' પદ આપવામાં ન આવે તો ધ્વંસ અને પ્રાગભાવમાં પણ અતિવ્યાપ્તિ આવશે કારણ કે ધ્વંસની પ્રતિયોગિતા પૂર્વકાલીનત્વ અને પ્રાગભાવની પ્રતિયોગિતા ઉત્તરકાલીનત્વથી અવચ્છિન્ન છે. 'त्रैकालिक' પદ આપવાથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ધ્વંસ અને પ્રાગભાવ અનિત્ય હોવાથી ત્રૈકાલિક નથી.

(પૂર્વમાં ન્યાયબોધિનીકારે 'ध्वंसप्रागभावयोश्च न संसर्गावच्छिन्नप्रतियोगिताकत्वम्' એવું જે કહ્યું, તે મતાન્તરની અપેક્ષાએ કહ્યું છે. મતાન્તરમાં બન્નેની પ્રતિયોગિતા સંબંધાવચ્છિન્ન હોય છે. ધ્વંસનો પ્રતિયોગી પૂર્વકાલમાં હતો તેથી એની પ્રતિયોગિતા પૂર્વકાલીનત્વથી અવચ્છિન્ન

છે અને પ્રાગભાવનો પ્રતિયોગી પછીના કાલમાં આવશે માટે એની પ્રતિયોગિતા ઉત્તરકાલીનત્વથી અવચ્છિન્ન છે.)

★ જો લક્ષણમાં 'संसर्गावच्छिन्नप्रतियोगिताक' પદનો નિવેશ ન કરીએ તો ત્રૈકાલિક એવો અભાવ તો ભેદ = અન્યોન્યાભાવ પણ છે. 'संसर्गावच्छिन्नप्रतियोगिताक' કહેવાથી ભેદમાં અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે ભેદની પ્રતિયોગિતા સંબંધાવચ્છિન્ન નથી.

વિશેષાર્થ :-

શંકા : આગળ જ મૂલકારે 'तादात्म्यसंबन्धावच्छिन्नप्रतियोगिताकाभावत्वमन्योन्याभावत्वम्' એવું ભેદનું લક્ષણ કર્યું છે માટે ભેદની પ્રતિયોગિતા ભલે સંયોગાદિસંબંધાવચ્છિન્ન નથી પરંતુ મૂલકારાનુસાર તો તાદાત્મ્યસંબંધાવચ્છિન્ન છે જ, માટે 'संसर्गावच्छिन्न' આપવાથી ભેદમાં અતિવ્યાપ્તિનું વારણ કેવી રીતે થશે?

સમા. : મતાન્તરમાં 'તાદત્મ્ય'ને સંબંધ નથી માન્યો. તે આ પ્રમાણે (૧) 'तादात्म्यमेकमात्रवृत्तिधर्म एव' (કિરણાવલી). આ અભિપ્રાયથી ભેદની પ્રતિયોગિતા તાદાત્મ્યાવચ્છિન્ન હોવા છતાં પણ સંબંધથી અવચ્છિન્ન નહીં કહેવાશે. (૨) 'संबन्धो द्विष्ठः' અર્થાત્ સંબંધ બે વસ્તુની વચ્ચે હોય છે. **દા.ત.** → સંયોગાદિ સંબંધ પુરુષ અને દણ્ડની વચ્ચે વિદ્યમાન રહે છે પરંતુ તાદાત્મ્યમાં તો બે વ્યક્તિ ન હોવાથી સંયોગાદિની જેમ તે દ્વિષ્ઠ નથી. તેથી પણ 'તાદાત્મ્ય' તે સંબંધ નથી. (૩) વિશિષ્ટપ્રતીતિના નિયામકને સંબંધ કહેવાય છે. સ્વમાં સ્વના સંબંધને તાદાત્મ્ય કહેવાતો હોવાથી વિશિષ્ટજ્ઞાન થતું નથી. દા. ત. → પટો પટવાન્ તેથી પણ તાદાત્મ્ય એ સંબંધ નથી.

અન્યોન્યાભાવ

मूलम् : तादात्म्यसंबन्धावच्छिन्नप्रतियोगिताकोऽन्योन्याभावः। यथा घटः पटो नेति॥

જે અભાવની પ્રતિયોગિતા તાદાત્મ્યસંબંધથી અવચ્છિન્ન છે તે અભાવને અન્યોન્યાભાવ કહેવાય છે. **દા.ત.** → 'घटः पटो न' અર્થાત્ 'ઘટ એ પટસ્વરૂપ નથી' આવી પ્રતીતિના વિષયભૂત અભાવને અન્યોન્યાભાવ કહેવાય છે.

આશય એ છે કે → 'येन सबन्धेन यन्नास्तीत्युच्यते तन्निष्ठप्रतियोगितायां स संबन्धोऽवच्छेदकः' અર્થાત્ 'જે સંબંધથી પદાર્થનો નિષેધ કરાય તે સંબંધ, તેમાં રહેલી પ્રતિયોગિતાનો અવચ્છેદક સંબંધ કહેવાય છે.' અહીં 'ઘટ એ પટ નથી' અર્થાત્ ઘટ એ ઘટમાં જ તાદાત્મ્ય સંબંધથી રહે છે, પટાદિમાં નહીં આથી જ પટમાં જે ઘટનો ભેદ = અન્યોન્યાભાવ જણાય છે, તેની પ્રતિયોગિતા 'तादात्म्यसंबंधावच्छिन्न' કહેવાશે.

(न्या०) अन्योन्याभावं निरूपयति-तादाम्येति।

સ્પષ્ટ છે.

(પ૦) अन्योन्याभावं लक्षयति-तादात्म्येति। प्रागभावप्रध्वंसाभाववारणाय संबन्धेति। अत्यन्ताभाववारणाय तादात्म्यत्वेन संबन्धो विशेषणीयः।

* પદકૃત્ય *

★ અન્યોન્યાભાવના લક્ષણમાં જો 'संसर्गावच्छिन्न' પદનો નિવેશ ન કરીએ અને માત્ર અભાવને જ અન્યોન્યાભાવ કહીએ તો પ્રાગભાવ અને ધ્વંસાભાવ પણ અભાવ હોવાથી એમાં અતિવ્યાપ્તિ આવશે. 'संसर्गावच्छिन्न' કહેવાથી અતિવ્યાપ્તિ નહીં આવે કારણ કે પ્રાગભાવ અને ધ્વંસની પ્રતિયોગિતા મતાન્તરમાં કોઈ પણ સંબંધથી અવચ્છિન્ન નથી.

★ માત્ર 'संसर्गावच्छिन्नप्रतियोगिताकाभाव' ને અન્યોન્યાભાવ કહીશું તો અત્યન્તાભાવમાં પણ અતિવ્યાપ્તિ આવશે. કારણ કે અત્યન્તાભાવ પણ સંસર્ગાવચ્છિન્નપ્રતિયોગિતાક અભાવ છે. તેના વારણ માટે લક્ષણમાં 'तादात्म्यसंबन्धावच्छिन्न' પદ કહ્યું છે. અત્યન્તાભાવની પ્રતિયોગિતા સંયોગાદિસંબંધાવચ્છિન્ન હોવાથી તેમાં અતિવ્યાપ્તિ નહીં આવે.

વિશેષાર્થ :-

શંકા : 'संयोगसंबंधावच्छिन्नसंयोगीनिष्ठप्रतियोगिताकाभाव' માં પણ એતાદૃશ લક્ષણની અતિવ્યાપ્તિ આવશે કારણ કે સંયોગીનિષ્ઠપ્રતિયોગિતા પણ તાદાત્મ્યસંબંધથી અવચ્છિન્ન છે.

પ્રતિશંકા : સંયોગીમાં રહેલી પ્રતિયોગિતા તો સંયોગસંબંધથી અવચ્છિન્ન છે, તાદાત્મ્યસંબંધથી નહીં...

પ્રતિસમા. : 'तादात्म्यत्वं तद्गतोऽसाधारणधर्मः' (રામરુદ્રી) અર્થાત્ વસ્તુનું તાદાત્મ્ય એ વસ્તુનો અસાધારણધર્મ હોય છે, માટે સંયોગીનો અસાધારણધર્મ સંયોગ હોવાથી 'સંયોગ' તાદાત્મ્યસ્વરૂપ થયો, માટે એની પ્રતિયોગિતા સંયોગાત્મક તાદાત્મ્યસંબંધથી અવચ્છિન્ન થઈ. યુક્તિથી પણ જોઈએ તો 'नीलो घटः' અહીં નીલનો ઘટની સાથે તાદાત્મ્યસંબંધ સૂચિત થાય છે. તદાત્મ્ય = અભેદ, અભેદ = ભેદાભાવ માટે 'नीलो घटः' = 'नीलभेदाभाववान् घटः', નીલભેદાભાવ = નીલત્વ (ભેદાભાવ એ પ્રતિયોગિતાના અવચ્છેદકસ્વરૂપ હોય છે.) તુલ્યયુક્તિથી સંયોગી-ભેદાભાવ = સંયોગ હોવાથી સંયોગીનું તાદાત્મ્ય પણ સંયોગસ્વરૂપ કહેવાશે.

સમા. : 'तादात्म्यत्वेन तादात्म्यसंबन्धावच्छिन्न-प्रतियोगिताकाभावोऽन्योन्याभावः' અર્થાત્ तादात्म्यत्वधर्मावच्छिन्नतादात्म्यनिष्ठसंसर्गता तन्निरूपकप्रतियोगिताकाभावोऽन्योन्याभावः' એવું કહેવાથી સંયોગીના અત્યન્તાભાવમાં અતિવ્યાપ્તિ નહીં આવશે. ભલે સંયોગીનું તાદાત્મ્ય સંયોગસ્વરૂપ હોય પરંતુ સંયોગમાં રહેલી જે સંસર્ગતા છે તે 'સંયોગત્વ' ધર્મથી અવચ્છિન્ન છે, 'તાદાત્મ્યત્વ' ધર્મથી અવચ્છિન્ન નથી. અર્થાત્ તાદૃશ અભાવમાં સંબંધવિધયા ઉપસ્થિત જે સંયોગ છે તે ભલે તાદાત્મ્યસ્વરૂપ છે પરંતુ એનું ભાન સંયોગત્વેન જ થાય છે, તાદાત્મ્યત્વેન નહીં.

શંકા : જો સંયોગીમાં રહેલો સંયોગ તાદાત્મ્યસ્વરૂપ છે તો પછી એનું ભાન *'તાદાત્મ્યત્વેન' કેમ નથી થતું, સંયોગત્વેન જ કેમ થાય છે?*

સભા. : જેવી રીતે 'નીલો ઘટઃ' અહીં અભેદ સંબંધનું ભાન હોવા છતાં 'નીલ' પદાર્થ ઘટાત્મક હોવા છતાં પણ એ 'નીલ'નું ભાન 'નીલત્વેન' જ થશે, ઘટત્વેન નહીં. તેવી જ રીતે 'સંયોગ' એ તાદાત્મ્યસ્વરૂપ હોવા છતાં પણ એનું ભાન સંયોગત્વેન જ થશે, તાદાત્મ્યત્વેન નહીં.

પદાર્થોનો ઉપસંહાર

મૂલમ્ : सर्वेषां पदार्थानां यथायथमुक्तेष्वन्तर्भावात्सप्तैव पदार्था इति सिद्धम्।
कणादन्यायमतयोर्बालव्युत्पत्तिसिद्धये।
अन्नंभट्टेन विदुषा रचितस्तर्कसंग्रहः॥
इति श्रीमहामहोपाध्यायान्नंभट्टविरचितस्तर्कसंग्रहः समाप्तः॥

ન્યાયદર્શનમાં કહેલા જે સોળ પદાર્થો છે તે બધાનો સમાવેશ આ સાતમાં જ થઈ જતો હોવાથી 'પદાર્થો સાત જ છે' એ સિદ્ધ થાય છે. કણાદ (વૈશેષિક) અને ન્યાયદર્શનના મતનું બાલ જીવોને જ્ઞાન થાય તે માટે વિદ્વાન અન્નંભટ્ટે તર્કસંગ્રહની રચના કરી છે.

(न्या०) सर्वेषामिति। 'प्रमाणप्रमेयसंशयप्रयोजनदृष्टान्तसिद्धान्तावयवतर्क-निर्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छल-जाति-निग्रहस्थानानां तत्त्वज्ञानान्निःश्रेयसाधिगमः' इति न्यायस्यादिमसूत्र उक्तानां प्रमाणप्रमेयादीनामित्यर्थः। विस्तरस्त्वन्यत्रानुसंधेयः।

इति श्रीमौनिगोवर्धनविरचिता तर्कसंग्रहस्य न्यायबोधिनीव्याख्या समाप्ता॥

* ન્યાયબોધિની *

પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતણ્ડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાન આ સોળ પદાર્થનો અન્તર્ભાવ વૈશેષિકદર્શન માન્ય સાત પદાર્થમાં થઈ જાય છે. દા.ત. → 'પ્રમાણ' નામનો પ્રથમ પદાર્થ દ્રવ્ય અને ગુણમાં અન્તર્ભાવિત થઈ જાય છે. કેવી રીતે? ન્યાયદર્શનને પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શબ્દ એમ ચાર પ્રમાણ માન્ય છે. એમાંથી પ્રત્યક્ષપ્રમાણ ઇન્દ્રિયાત્મક હોવાથી અને ઇન્દ્રિયો પૃથિવ્યાદિ અન્યતમસ્વરૂપ હોવાથી 'પ્રત્યક્ષપ્રમાણ'નો અન્તર્ભાવ દ્રવ્યમાં થઈ જાય છે અને અનુમાનાદિ પ્રમાણ ક્રમશઃ વ્યાપ્તિજ્ઞાન, સાદૃશ્યજ્ઞાન અને પદજ્ઞાન સ્વરૂપ હોવાથી એનો અન્તર્ભાવ જ્ઞાનાત્મક ગુણમાં થશે. બીજા પંદર પદાર્થોનો અન્તર્ભાવ કેવી રીતે થશે ? એનું વિવરણ કિરણાવલી, દિનકરી વગેરે ટીકા ગ્રન્થોમાંથી સમજવું. આ ૧૬ પદાર્થોના તત્ત્વજ્ઞાનથી નિઃશ્રેયસ્ = મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ પ્રમાણે ન્યાયદર્શનમાં આદ્યસૂત્રથી વર્ણન કરાયું છે.

(प०) पदार्थज्ञानस्य परमप्रयोजनं मोक्ष इत्यामनन्ति। स च आत्यन्तिकै-कविंशतिदुःखध्वंसः। आत्यन्तिकत्वं च स्वसमानाधिकरणदुःखप्रागभावासमान-कालीनत्वम्। दुःखध्वंसस्येदानीमपि सत्त्वेनास्मदादीनामपि मुक्तत्वापत्तिवारणाय

कालीनान्तम्। मुक्त्यात्मकदुःखध्वंसस्यान्यदीयदुःखप्रागभावसमानकालीनत्वाद्वामदेवादीनां मुक्तात्मनामप्यमुक्तत्वप्रसंगात्स्वसमानाधिकरणेति प्रागभावविशेषणम्। दुःखानि चैकविंशतिः-शरीरं षडिन्द्रियाणि षड्विषयाः षड्बुद्धयः सुखं दुःखं चेति। दुःखानुषङ्गित्वाच्छरीरादौ गौणदुःखत्वम्। तथा च 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्य' इति श्रुतेरात्मज्ञानसाधननिदिध्यासनसाधनमननसाधनत्वं पदार्थज्ञाने संजाघटीति। एवं च तत्त्वज्ञाने सति शरीरपुत्रादावात्मत्वस्वीयत्वाभिमानरूपमिथ्याज्ञानस्य नाशः। तेन दोषाभावः। तेन प्रवृत्त्यनुत्पत्तिः। ततस्तत्कालीनशरीरेण कायव्यूहेन वा भोगतत्त्वज्ञानाभ्यां प्रारब्धकर्मणां नाशः। ततो जन्माभावः। 'नित्यनैमित्तिकैरेव कुर्वाणो दुरितक्षयम्। ज्ञानं च विमलीकुर्वन्नभ्यासेन च पाचयेत्॥ अभ्यासात्पक्वविज्ञानः कैवल्यं लभते नरः।' इत्यादिवचनात् 'तमेव विदित्वाऽतिमृत्युमेति' इति श्रुतेश्च, सगुणोपासनकाशीमरणादेरपि तत्त्वज्ञानद्वारा मुक्तिहेतुत्वम्। अत एव परमेश्वरः काश्यां तारकमुपदिशतीति सारम् ॥

चक्रे चन्द्रजसिंहो हि पदकृत्यमिदं शुभम्।
परोपकारकरणं माधवो वीक्षतामिदम्॥

इति श्रीमत्तत्रभवद्गुरुदत्तसिंहशिष्यश्रीचन्द्रजसिंहविरचितं पदकृत्यं समाप्तम् ॥

* પદકૃત્ય *

पदार्थज्ञानस्य..... विशेषणम्। 'પદાર્થજ્ઞાનનું પરમ પ્રયોજન મોક્ષ છે' એ પ્રમાણે મનાય છે. મોક્ષ કોને કહેવાય? એકવીશ પ્રકારના દુઃખોના આત્યન્તિક ધ્વંસને મોક્ષ કહેવાય છે.

'આત્યન્તિકત્વ'ની શાસ્ત્રોક્ત પરિભાષા આ રીતે છે → દુઃખધ્વંસને સમાનાધિકરણ જે પ્રાગભાવ છે, તે પ્રાગભાવને સમાનકાલીન જે દુઃખધ્વંસ નથી તે દુઃખધ્વંસને આત્યન્તિક દુઃખધ્વંસ કહેવાય છે. મુક્તાત્માઓમાં જે દુઃખધ્વંસ છે તે આત્યન્તિક છે કારણ કે જે કાલમાં મુક્તાત્માઓમાં દુઃખનો ધ્વંસ થયો છે એ જ કાલમાં મુક્તાત્માઓમાં દુઃખનો પ્રાગભાવ નથી કારણ કે દુઃખનો પ્રાગભાવ એ જ બદ્ધાત્માઓમાં રહેશે કે જેને ભવિષ્યમાં દુઃખ આવવાની સંભાવના છે. મુક્તાત્માઓમાં તો લેશથી પણ આવી સંભાવના નથી.

★ જો માત્ર દુઃખધ્વંસને જ મોક્ષ કહીએ તો આપણને સહુને પણ યત્કિંચિત દુઃખનો ધ્વંસ તો છે જ તો આપણને સહુને પણ મુક્ત કહેવાની આપત્તિ આવશે માટે દુઃખપ્રાગભાવાસમાનકાલીનત્વમ્ દુઃખધ્વંસનું વિશેષણ આપ્યું છે. હવે આપત્તિ નહીં આવશે કારણ કે આપણા બધાના આત્માઓમાં યત્કિંચિત દુઃખનો ધ્વંસ હોવા છતાં પણ ભાવી દુઃખનો પ્રાગભાવ વર્તમાન હોવાથી આપણો દુઃખધ્વંસ, દુઃખપ્રાગભાવને સમાનકાલીન થઈ જાય છે.

★ જો માત્ર દુઃખપ્રાગભાવને અસમાનકાલીન દુઃખધ્વંસને જ આત્યન્તિક દુઃખધ્વંસ (મોક્ષ) કહીશું તો વામદેવાદિ બધા મુક્તાત્માઓને પણ અમુક્ત કહેવાની આપત્તિ આવશે કારણ કે જે

કાલવિશેષમાં વામદેવાદિ મુક્તાત્માઓને આત્યન્તિક દુઃખધ્વંસ છે એ જ કાલવિશેષમાં આપણા બધાના આત્મામાં દુઃખનો પ્રાગભાવ પણ છે. આ રીતે મુક્તાત્માઓનો દુઃખધ્વંસ પણ આપણા આત્મામાં રહેનાર દુઃખ પ્રાગભાવને સમાનકાલીન થઈ જશે. 'સ્વસમાનાધિકરણ' પદના નિવેશથી તાદેશ દોષ નહીં આવે કારણ કે વામદેવાદિના આત્મામાં રહેનાર આત્યન્તિક દુઃખધ્વંસ ભલે દુઃખપ્રાગભાવને સમાનકાલીન હોય પરંતુ દુઃખપ્રાગભાવને સમાનાધિકરણ નથી.

(પૂર્વોક્ત ચર્ચાને જો સંક્ષેપથી કહીએ તો એનો આશય એ નીકળશે કે સ્વસમાનકાલીનત્વ અને સ્વસમાનાધિકરણત્વ એ બંને સંબંધથી દુઃખપ્રાગભાવથી વિશિષ્ટ જે જે દુઃખધ્વંસ છે, તે તે દુઃખધ્વંસથી ભિન્ન જે દુઃખધ્વંસ થશે તેને આત્યન્તિક દુઃખધ્વંસ કહેવાશે. એતદ્ ઉભયસંબંધથી દુઃખપ્રાગભાવથી વિશિષ્ટ દુઃખધ્વંસ બદ્ધ જીવાત્માઓનો થશે, એનાથી ભિન્ન મુક્તાત્માઓનો દુઃખધ્વંસ થશે. આ રીતે આ લક્ષણને સમન્વય કરવું.)

दुःखानि..... દુઃખ એકવીશ પ્રકારના હોય છે. શરીર, ચક્ષુરાદિ છ ઈન્દ્રિય, રૂપાદિ છ વિષય, ચાક્ષુષાદિ છ પ્રકારના પ્રત્યક્ષ, સુઃખ અને દુઃખ. શરીરાદિ દુઃખનું સાધન હોવાથી શરીરાદિને પણ ઉપચારથી દુઃખ કહેવાય છે અર્થાત્ શરીરાદિમાં પણ દુઃખનો ઉપચાર કરાય છે.

तथा च 'आत्मा.....' ઈત્યાદિ દ્વારા પદાર્થજ્ઞાનની ઉપયોગિતા જણાવે છે. અર્થાત્ 'પદાર્થજ્ઞાન મોક્ષનો સાધક છે' એને આગમપ્રમાણ દ્વારા બતાવે છે → આત્માને જાણવું જોઈએ, શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ, અને નિદિધ્યાસન કરવું જોઈએ એ પ્રમાણેની શ્રુતિથી, આત્મજ્ઞાનનું સાધન નિદિધ્યાસન, નિદિધ્યાસનનું સાધન મનન અને મનનનું સાધન પદાર્થજ્ઞાન છે. આ રીતે પરંપરાસંબંધથી 'પદાર્થજ્ઞાન' એ આત્મજ્ઞાનનું સાધન છે.

एवं च.....અને આ રીતે તત્ત્વજ્ઞાન થવાથી શરીરમાં 'સ્વત્વ' અને પુત્રાદિમાં 'સ્વીયત્વ'ના અભિમાન સ્વરૂપ મિથ્યાજ્ઞાનનો નાશ થાય છે અને તેનાથી રાગ દ્વેષાદિદોષોનો નાશ થાય છે અને આવું થવાથી પ્રવૃત્તિ થતી નથી. એટલે નવા કર્મ બંધાતા અટકી જાય છે. એના પછી તત્કાલીન શરીરથી અથવા કાયવ્યૂહથી (નાના શરીરથી) ભોગ અને તત્ત્વજ્ઞાનથી પ્રારબ્ધ = પૂર્વ સંચિત કર્મોનો નાશ થાય છે. એનાથી જન્મનો અભાવ થાય છે. કહેવાયું પણ છે 'સંધ્યાવંદનાદિ નિત્ય કર્મ અને યાગાદિ નૈમિત્તિક કર્મોથી પાપના ક્ષયને કરતો અને જ્ઞાનને વિમલ કરતો અભ્યાસથી જ્ઞાનને પરિપક્વ બનાવે છે, અને આ રીતે અભ્યાસ દ્વારા જેનું જ્ઞાન પરિપક્વ થયું છે એવી વ્યક્તિ મોક્ષને પ્રાપ્ત કરે છે. ઈત્યાદિ વચનથી અને 'એ પરમ તત્વને જાણીને જ મૃત્યુને ઓળંગી શકાય છે' આ પ્રમાણેની શ્રુતિથી પણ આત્મજ્ઞાન જ મોક્ષનું સાધન છે એ સ્પષ્ટ થાય છે. સગુણ ઉપાસના - કાશી મરણાદિ પણ તત્વજ્ઞાન દ્વારા જ મુક્તિના પ્રયોજક છે. તેથી જ કહ્યું છે કે, 'પરમેશ્વર કાશીમાં તારક એવા માર્ગનો ઉપદેશ આપે છે.'

ચંદ્રજસિંહે પરોપકારને કરનારું આ શુભ પદકૃત્ય બનાવ્યું છે. શ્રી કૃષ્ણ ભગવાન એના પર દૃષ્ટિ કરે. **शुभं भवतु.....**

॥ न्यायबोधिनी-पदकृत्यसमेततर्कसंग्रहविवरणं समाप्तम् ॥

તર્કસગ્રહનું પેપર

પૂર્ણાંકઃ ૧૦૦ માર્કસ સમયઃ દોઢ કલાક

નોંધ : (૧) ૧થી ૩૮ સુધીના પ્રશ્નોના દરેકના '૨' માર્કસ છે. તથા ૩૯થી ૪૨ સુધીના પ્રશ્નોના માર્કસ તે તે પ્રશ્નોની બાજુમાં જ લખ્યા છે. (૨) જો જવાબ ખોટો હશે તો જે પ્રશ્નોના જેટલા માર્કસ હશે, તેટલા માઈનસ માર્કસ મૂકવામાં આવશે.

(૧) ન્યાયમાં અંધકારનો સમાવેશ....

(a) ભાવમાં કરવામાં આવ્યો છે. (b) અભાવમાં કરવામાં આવ્યો છે. (c) ક્વચિત્ ભાવમાં અને કવચિત્ અભાવમાં કરવામાં આવ્યો છે. (d) સ્વતંત્ર પદાર્થ માનવામાં આવ્યો છે.

(૨) નિમ્નલિખિતમાંથી કયો વિકલ્પ સંપૂર્ણ સત્ય છે.

(a) દ્રવ્ય એ સમવાયિકારણ અને અસમવાયિકારણ, એમ બંને બની શકે છે. (b) દ્રવ્ય એ સમવાયિકારણ અને નિમિત્તકારણ એમ બંને બની શકે છે. (c) દ્રવ્ય એ ન તો સમવાયિકારણ બની શકે, ન તો અસમવાયિકારણ બની શકે. (d) દ્રવ્ય એ માત્ર નિમિત્તકારણ જ બની શકે.

(૩) 'પર્વતો વહ્નિમાન્ ધૂમાત્' આ અનુમાન વાક્યમાં પંચાવયવ વાક્યમાંથી કયા કયા અવયવો છે?

(a) પ્રતિજ્ઞા - નિગમન. (b) પ્રતિજ્ઞા - દૃષ્ટાંત. (c) પ્રતિજ્ઞા - હેતુ. (d) પ્રતિજ્ઞા - ઉપનય.

(૪) 'ગંધવતી પૃથ્વી' આ સ્થળમાં લક્ષણતાવચ્છેદક અને લક્ષ્યતાવચ્છેદક નિમ્નલિખિત છે.

(a) લક્ષણતાવચ્છેદક - ગુણત્વ અને લક્ષ્યતાવચ્છેદક - પૃથ્વીત્વ. (b) લક્ષણતાવચ્છેદક - ગંધત્વ અને લક્ષ્યતાવચ્છેદક - પૃથ્વીત્વ. (c) લક્ષણતાવચ્છેદક - ગંધવત્ત્વ અને લક્ષ્યતાવચ્છેદક - દ્રવ્યત્વ. (d) લક્ષણતાવચ્છેદક - ગંધવત્ત્વ અને લક્ષ્યતાવચ્છેદક - પૃથ્વીત્વ.

(૫) નિમ્નલિખિતમાંથી અવ્યાપ્તિનું સૌથી શુદ્ધ લક્ષણ કયું છે?

(a) જે લક્ષણ લક્ષ્યના એકભાગમાં રહે, બીજા ભાગમાં ન રહે. (b) જે લક્ષણ લક્ષ્યના એકભાગમાં ન રહે. (c) જે લક્ષણ લક્ષ્યથી ઈતરમાં રહે. (d) જે લક્ષણ યાવત્ લક્ષ્યમાં ન રહે.

(૬) ન્યાયમાં અનિત્યની સાચી પરિભાષા કઈ છે?

(a) જે માત્ર ઉત્પત્તિશીલ છે, તે અનિત્ય છે. (b) જે માત્ર વિનાશી છે, તે અનિત્ય છે. (c) જે ઉત્પત્તિશીલ અને વિનાશી બંને છે, તે અનિત્ય છે. (d) જે ઉત્પત્તિશીલ હોય અથવા વિનાશશીલ હોય.

(૭) નિમ્નલિખિત કથનમાંથી કયું કથન એકદમ સાચું છે?

કોઈપણ વસ્તુના અધિકરણમાં તે વસ્તુનો ભેદ.... (a) મળે જ છે. (b) ક્યારેય પણ મળતો નથી. (c) ક્યારેક મળી શકે, ક્યારેક નહીં મળી શકે (d) ત્રણે કથન ખોટા છે.

(૮) ન્યાયમતમાં દ્રવ્ય અને ગુણની વચ્ચે કયો સંબંધ મનાય છે.
(a) સર્વથા ભેદ. (b) સર્વથા અભેદ. (c) ભેદાન્વિતાભેદ. (d) અભેદાન્વિતભેદ.

(૯) પુષ્પ અને પુષ્પગત ગંધની વચ્ચે...
(a) માત્ર કાર્યકારણ ભાવ છે. (b) માત્ર આધાર-આધેયભાવ છે. (c) આધાર-આધેયભાવ અને કાર્ય-કારણભાવ બંને છે. (d) ન તો કાર્ય-કારણભાવ છે, ન તો આધાર-આધેયભાવ છે.

(૧૦) વાયુનું સૌથી શુદ્ધ લક્ષણ નિમ્નલિખિત છે...
(a) રૂપપ્રાગભાવવત્ત્વે સતિ સ્પર્શવત્ત્વમ્ (b) રૂપભેદવત્ત્વે સતિ સ્પર્શવત્ત્વમ્ (c) રૂપ-અત્યંતાભાવવત્ત્વે સતિ સ્પર્શવત્ત્વમ્ (d) રૂપધ્વંસવત્ત્વે સતિ સ્પર્શવત્ત્વમ્

(૧૧) નીચેમાંથી કયો અભાવ નિત્ય છે?
(a) અત્યંતાભાવ - અન્યોન્યાભાવ - ધ્વંસ - પ્રાગભાવ. (b) અન્યોન્યાભાવ - અત્યંતાભાવ. (c) માત્ર અન્યોન્યાભાવ. (d) અત્યંતાભાવ અને ધ્વંસ.

(૧૨) પ્રાગભાવના વિષયમાં કયું કથન સર્વાધિક સાચું છે?
(a) પ્રાગભાવ અનિત્ય છે પરંતુ કાર્ય નથી. (b) પ્રાગભાવ કાર્ય છે પરંતુ અનિત્ય નથી. (c) પ્રાગભાવ કાર્ય પણ છે અને અનિત્ય પણ છે. (d) પ્રાગભાવ નિત્ય છે અને કાર્ય નથી.

(૧૩) વિશેષપદાર્થને અનંત માનવાની પાછળ સર્વાધિક સત્યતર્ક નિમ્નલિખિત છે...
(a) તેના આશ્રય અનંત છે. (b) તેઓ સ્વભાવથી જ અનંત છે. (c) તેઓ નિત્ય છે. (d) તેઓ ઘટાદિમાં રહેતા નથી.

(૧૪) ધ્વંસ અને પ્રાગભાવના વિષયમાં નિમ્નલિખિત વાક્યમાંથી કયું વાક્ય સર્વાધિક સત્ય છે.
(a) પ્રાગભાવ વસ્તુની ઉત્પત્તિની પશ્ચાત્ રહે છે. કિન્તુ ધ્વંસ વસ્તુની ઉત્પત્તિની પૂર્વમાં રહે છે. (b) બંને વસ્તુની ઉત્પત્તિની પૂર્વમાં રહે છે. (c) પ્રાગભાવ વસ્તુની ઉત્પત્તિની પૂર્વમાં રહે છે. પરંતુ ધ્વંસવસ્તુની ઉત્પત્તિની પશ્ચાત્ રહે છે. (d) બંને વસ્તુની ઉત્પત્તિની પશ્ચાત્ રહે છે.

(૧૫) ન્યાયમતમાં પ્રત્યક્ષપ્રમાણ કોને કહેવાય છે?
(a) ઘટાદિનું જ્ઞાન. (b) ચક્ષુ આદિ ઈન્દ્રિયો. (c) ઘટાદિ પદાર્થ. (d) પ્રમાતા.

(૧૬) ન્યાયમતમાં મૂર્તપદાર્થ નિમ્નલિખિતને કહેવાય છે.
(a) પૃથ્વી, જલ, તેજ, વાયુ અને મન. (b) પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ. (c) પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આત્મા. (d) પૃથ્વી, જલ, તેજ, વાયુ અને કાલ.

(૧૭) अतीतादिव्यवहारहेतुः कालः। આ કાલના લક્ષણમાં, અતીતાદિવ્યવહારનું કાલ...
(a) નિમિત્તકારણ છે. (b) સમવાયિકારણ છે. (c) અસમવાયિકારણ છે. (d) સમવાયિ અને નિમિત્તકારણ બંને છે.

(૧૮) ન્યાયમતમાં આત્માનું સ્વરૂપ કેવા પ્રકારનું છે?
(a) આત્મા નાના, વિભુ અને અનિત્ય છે. (b) બધા આત્મા એક, વિભુ અને નિત્ય છે. (c) આત્મા નાના, વિભુ અને નિત્ય છે. (d) આત્મા નાના, અવિભુ અને નિત્ય છે.

(૧૯) જ્ઞાન અને આત્માના વિષયમાં કયું કથન સર્વાધિક સત્ય છે?
(a) આત્મા વિભુ છે, અને તેનું જ્ઞાન પણ વિભુ છે. (b) આત્મા વિભુ છે અને તેનું જ્ઞાન અવિભુ છે. (c) બંને અવિભુ છે. (d) જ્ઞાન વિભુ અને આત્મા અવિભુ છે.

(૨૦) સવિકલ્પક અને નિર્વિકલ્પક જ્ઞાનમાં નિમ્નલિખિત ભેદ હોય છે....
(a) સવિકલ્પકજ્ઞાનમાં પ્રકાર, વિશેષ્ય અને સંસર્ગ ત્રણે ભાસિત થાય છે. પરંતુ નિર્વિકલ્પકજ્ઞાનમાં ત્રણમાંથી એકપણ ભાસિત નહીં થાય. (b) સવિકલ્પક જ્ઞાનમાં માત્ર પ્રકાર ભાસિત થાય છે. પરંતુ નિર્વિકલ્પકજ્ઞાનમાં કોઈપણ ભાસિત થતું નથી. (c) સવિકલ્પકજ્ઞાનમાં ત્રણે ભાસિત થાય છે. પરંતુ નિર્વિકલ્પકજ્ઞાનમાં માત્ર સંસર્ગ જ ભાસિત થાય છે. (d) સવિકલ્પકજ્ઞાનમાં ત્રણે ભાસિત થાય છે. પરંતુ નિર્વિકલ્પકજ્ઞાનમાં પ્રકાર જ ભાસિત થાય છે.

(૨૧) સુખનું માનસપ્રત્યક્ષ કયા સંનિકર્ષથી થાય છે?
(a) સંયુક્તસમવાય. (b) સંયોગ. (c) સમવાય. (d) સંયુક્તસમવેતસમવાય.

(૨૨) ઈશ્વર અને જીવના વિષયમાં નિમ્નલિખિતમાંથી કયું કથન સર્વાધિક સત્ય છે?
(a) ઈશ્વર સૃષ્ટિકર્તા, સર્વજ્ઞ, વિભુ અને અનેક છે. પરંતુ જીવ સૃષ્ટિનો કર્તા નથી. (b) ઈશ્વર સર્વજ્ઞ, સૃષ્ટિકર્તા, અવિભુ અને અનેક છે. પરંતુ જીવ વિભુ છે. (c) ઈશ્વર સર્વજ્ઞ, સૃષ્ટિકર્તા, વિભુ અને એક છે. પરંતુ જીવ વિભુ અને અનેક છે. (d) ઈશ્વર અસર્વજ્ઞ, સૃષ્ટિકર્તા, વિભુ અને એક છે. પરંતુ જીવ અનેક છે.

(૨૩) કાલનું સ્વરૂપ નિમ્નલિખિત છે.....
(a) નિત્ય, વિભુ, અનેક. (b) નિત્ય, વિભુ, એક. (c) અવિભુ, એક, નિત્ય. (d) વિભુ, એક, અનિત્ય.

(૨૪) નીચેનામાંથી ચક્ષુમાત્રથી ગ્રાહ્ય કોણ છે?
(a) માત્રરૂપ. (b) રૂપ અને ઘટત્વ. (c) રૂપ, ઘટત્વ, પ્રભાઘટનો સંયોગ. (d) રૂપ અને પ્રભાઘટનો સંયોગ.

(૨૫) નીચેમાંથી ત્વગેન્દ્રિય ગ્રાહ્ય કોણ નથી?
(a) સ્પર્શ. (b) ગુરૂત્વ. (c) સ્પર્શાભાવ. (d) ઘટત્વ.

(૨૬) 'જલમાં પાકજરૂપાદિની ઉત્પત્તિ થાય છે' આ કથન સત્ય છે કે અસત્ય?
(a) સત્ય છે. (b) અસત્ય છે.

(૨૭) પૃથ્વી પરમાણુમાં પાકજ રૂપાદિ....
(a) નિત્ય હોય છે. (b) અનિત્ય હોય છે.

(૨૮) આમ્રાદિ સ્વરૂપ પૃથ્વીમાં પાકપ્રક્રિયા દ્વારા રૂપ, રસ, ગંધ, સ્પર્શ આ ચારની હંમેશા સાથે જ ઉત્પત્તિ થાય છે. આ કથન...
(a) સત્ય છે. (b) અસત્ય છે.

(૨૯) અસમવાયિકારણ હંમેશા....
(a) દ્રવ્ય અને ગુણ બને છે. (b) દ્રવ્ય, ગુણ અને ક્રિયા બને છે. (c) ગુણ અને ક્રિયા જ બને છે. (d) ક્રિયા અને દ્રવ્ય બને છે.

(૩૦) પટનું રૂપ અસમવાયિકારણ બને છે. આ કથન.....
(a) સત્ય છે. (b) અસત્ય છે.

(૩૧) જો પટનું સમવાયિકારણ તન્ત્વાત્મક દ્રવ્ય છે તો આત્માનું સમવાયિકારણ કોણ બનશે?
(a) દ્રવ્ય. (b) ગુણ. (c) આત્મા-મનનો સંયોગ. (d) આત્માનું સમવાયિકારણ જ હોતું નથી.

(૩૨) ન્યાયમતમાં મોક્ષની પ્રાપ્તિ થાય, ત્યારે જીવનું સ્વરૂપ કેવા પ્રકારનું હોય છે?
(a) જીવ અનંતજ્ઞાન અને અનંતસુખાત્મક હોય છે. (b) જીવ સંપૂર્ણપણે સુખાભાવ અને જ્ઞાનાભાવવાળો હોય છે. (c) જીવ દુઃખથી યુક્ત હોય છે. (d) જીવ લૌકિક સુખવાળો હોય છે.

(૩૩) અનુમિતિનું કરણ....
(a) વ્યાપ્તિજ્ઞાન છે. (b) વ્યાપ્તિ છે. (c) પક્ષજ્ઞાન છે. (d) પક્ષધર્મતાજ્ઞાન છે.

(૩૪) तज्जन्यत्वे सति तज्जन्यजनकः व्यापारः। વ્યાપારના આ લક્ષણને અનુસારે ભ્રમિક્રિયા જો વ્યાપાર છે, તો પ્રથમ અને દ્વિતીય 'तद्' પદથી કોનું ગ્રહણ થશે?
(a) પ્રથમ 'तद्' પદથી દંડનું અને દ્વિતીય 'तद्' પદથી ઘટનું ગ્રહણ થશે. (b) પ્રથમ 'तद्' પદથી દંડનું અને દ્વિતીય 'तद्' પદથી દંડનું ગ્રહણ થશે. (c) પ્રથમ 'तद्' પદથી ઘટનું અને દ્વિતીય 'तद्' પદથી

દંડનું ગ્રહણ થશે. (d) પ્રથમ 'तद्' પદથી દંડનું અને દ્વિતીય 'तद्' પદથી ભ્રમિક્રિયાનું ગ્રહણ થશે.

(૩૫) **महावीरस्वामी अष्टप्रातिहार्यवान् घातिकर्मक्षयात्।** અહીં કયો હેત્વાભાસ છે?
(a) વ્યભિચારી. (b) વિરુદ્ધ. (c) સ્વરૂપાસિદ્ધ. (d) બાધિત.

(૩૬) સ્વરૂપાસિદ્ધિ દોષનું જ્ઞાન કોનું પ્રતિબંધક બને છે?
(a) વ્યાપ્તિજ્ઞાન. (b) પરામર્શ. (c) અનુમિતિ. (d) ઘટજ્ઞાન.

(૩૭) स्थूलिभद्रः साधुः पंचमहाव्रतधारित्वात्। આ અનુમાનમાં વિપક્ષ કોણ છે?
(a) માત્ર શ્રેણિક રાજા. (b) સાધુ ઈતર બધી વસ્તુ. (c) માત્ર શ્રાવક. (d) ગૌતમસ્વામી.

(૩૮) ન્યાયદર્શનના શબ્દખંડમાં યોગ્યતાનું નિમ્ન અંકિત સ્વરૂપ છે....
(a) યોગ્યતા ઘણા પદોની વચ્ચે રહે છે. (b) યોગ્યતા બે પદની વચ્ચે રહે છે. (c) યોગ્યતા બે પદાર્થોની વચ્ચે રહે છે. (d) યોગ્યતાનું લક્ષણ જ કરી શકાય નહીં.

(૩૯) જોડકા જોડો. (૫ માર્ક)

(a) તર્ક	દ્રવ્ય
(b) ધ્વંસ	અયથાર્થજ્ઞાન
(c) સમવાયિકારણ	અભાવ
(d) અસમવાયિકારણ	ગુણ અને ક્રિયા
(e) રૂપનું અસમવાયિકારણ	રૂપ

(૪૦) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? તે જણાવો . સાચા હોય તો ' √ ' આવી નિશાની કરવી અને ખોટા હોય તો ' **X**' આવી નિશાની કરવી.
(a) આત્માનું અસમવાયિકારણ જ્ઞાન છે. (b) ન્યાયમતમાં વનસ્પતિનો પૃથ્વીમાં સમાવેશ થતો નથી. (c) ન્યાયમતમાં જ્ઞાન વ્યાપ્યવૃત્તિ છે. (d) ન્યાયમતમાં દ્રવ્ય અને ગુણની યુગપત્ ઉત્પત્તિ થાય છે. (e) જડ એવી ઈન્દ્રિય પ્રત્યક્ષપ્રમાણ છે. (f) સંસ્કાર નામના ગુણનો સમાવેશ સામાન્યગુણ અને વિશેષગુણ બંનેમાં થાય છે. (g) દ્રવત્વનો સમાવેશ સામાન્યગુણ અને વિશેષગુણ બંનેમાં થતો નથી.

(૪૧) હેત્વાભાસનું લક્ષણ વ્યાખ્યા સહિત લખો. (દ્રષ્ટાંત દ્વારા સમજાવો) (૬ માર્ક)

(૪૨) અસમવાયિકારણનું લક્ષણ વ્યાખ્યા સહિત સવિસ્તાર લખો. (૬ માર્ક)

ઉત્તર પેપર૨

(૧)	b	(૧૮)	c	(૩૫)	a
(૨)	b	(૧૯)	b	(૩૬)	b
(૩)	c	(૨૦)	a	(૩૭)	b
(૪)	b	(૨૧)	a	(૩૮)	c
(૫)	a	(૨૨)	c	(૩૯)	c
(૬)	d	(૨૩)	b		a
(૭)	a	(૨૪)	d		b
(૮)	a	(૨૫)	b		d
(૯)	c	(૨૬)	b		e
(૧૦)	c	(૨૭)	b	(૪૦)	a x
(૧૧)	b	(૨૮)	b		b x
(૧૨)	a	(૨૯)	c		c x
(૧૩)	a	(૩૦)	b		d x
(૧૪)	c	(૩૧)	d		e √
(૧૫)	b	(૩૨)	b		f √
(૧૬)	a	(૩૩)	a		g x
(૧૭)	a	(૩૪)	b		